પ્રતિઅંગના માપ, પ્રતિઅંગનું ચલાગુ વલાગુ સાથે નિત્ય ચરિત્ર અને પછી સંપુર્ણ શ્રીઅંગનુ નિત્ય ચરિત્ર વાર્ણન

શ્રી
સ્વરૂપ રસાવલી

—વ્યારાના ગોપાલદાસજી

માંગલ્ય ૧ થી ૮

પ્રકાશક

રમણીકભાઈ સોનેચા

સંપાદક

શુદ્ધાદ્વૈત

C/o. કટપીસ એમ્પોરીઅમ, ઘી કાંટા રોડ, રાજકોટ.

૨૦૪૫ મહા વદ-૭

શ્રી નાથજીનો પાટોત્સવ

ગ્રંથ સમજવા માટે પહેલા તો ગ્રંથ કર્તાનું સ્વરૂપ સમજવું જોઇએ અને તે પછી ગ્રંથનુ કથા વસ્તુ પણ જાણવુજ જોઈએ. આ બન્નેની જાણકારી મારા અધિકાર બહારની છે તેથી બીજા પુસ્તકમાં આની ટુંકમાં સમજણ આપણા તંત્રીશ્રી આપશે. જો કે આ જાણકારી પહેલા પુસ્તકમાંજ આપવી જોઇએ. પરંતુ તેમ શક્ય નથી બન્યું તે માટે આપ સહુની માફી માગું છું.

રાજકોટ.
૨૦૪૫ મહા વદ-૭
શ્રીનાથજીનો પાટોત્સવ

રમણીકભાઇ સોનેચા - રાજકોટ
સંપાદક
'શુદ્ધાદ્વૈત'

અનુક્રમણીકા

માંગલ્ય	વિષય સુચી	પાના
	પુર્વ પીઠીકા	૧
૧	પ્રતિ અંગના માપ અને કેશથી ઠોડી સુધી પ્રતિ અંગનું નિત્ય ચરિત્ર વર્ણન	૫
૨	ગ્રીવા અને શ્રી હસ્તનુ નિત્ય ચરિત્ર વર્ણન	૫૩
૩	હૃદય કમલથી શ્રી ચરણારવિંદ સુધી પ્રતિ અંગનું નિત્ય ચરિત્ર વર્ણન.	૬૪
૪	ત્રણેય માંગલ્યનું ફરીથી સંક્ષિપ્ત વર્ણન	૧૩૪
	હવે સંપુર્ણ શ્રીઅંગની નિત્ય લીલા પ્રાતઃથી પોઢયા લગી	
૫	એકાંત મંદીરથી પધારી નાહી શ્રીનાથજીની મંગલા આરતી સમય વર્ણન	૧૫૪
૬	બીજીવાર બહાર પધારી રાજભોગ આરતી સમય વર્ણન	૧૮૧
૭	ચટાઇ, ભોજન વર્ણન	૨૨૧
૮	ભોજનાંતર પોઢીએ બીરાજી ભોમી સેજ્યાએ બીરાજ્યા વર્ણન	૨૬૧

શ્રી શ્રી શ્રી ગોકુલેશો જયતી

શ્રી સ્વરૂપ રસાવલી

પૂર્વ પીઠીકા

અથ સ્વરૂપ રસાવલી ગ્રંથની પુર્વ પીઠીકા લખીયે છીએ

શ્રી મહારાજ રાજેશ્વર, રસીકરાય મુગટ મણી, રસાનંદભર સદા પ્રસન્ન, રસોમય રસાવેસ, રસભાવ ભાવીત, રસાનંદ દાયક માહા નાયક વરેશ, કામાભીરામ, કામો ચ્છાહ પુરક, કામ કેલી રતિ, અગણીતાનંદ મુરતીવંત, આનંદ દાયક, આનંદ વિવર્ધન, આનંદ નિગ્રહ ગુણાતીત, ગુણાલય ગુણ વીસારદ પ્રેમ પુંજ પ્રેમાશકત, પ્રેમારત, ભાવ મારગ પ્રણીત, રસદાયક, ભાત્ર ભાવીત સ્વરૂપ, ભકત જીવન, ભકત પ્રાણ પ્રીય, ભકતનું સર્વ સાધન, ભકત ઇચ્છા પુરક, શ્રી ગોકુલ પ્રાણ પ્રીય, ગોકુલાધાર, શ્રી ગોકુલનું જીવન, શ્રી વીઠલેશ કુમાર, શ્રી ગોકુલેશજી જે જે જે જે જે. એહવા પ્રાણવલ્લભના આનંદ માત્ર કરપાદ મુખોદરાદી રસમય રસાવેશ શ્રી અંગ, તે તે અંગ મધ્યે એક એક અંગ પ્રતીઅંગ સ્વરૂપાત્મીક, સ્વરૂપ રસદાયક સ્વરૂપાનંદ, મનોરથ પુરક, વિપ્રયોગ આરત ચુરક, એહવા જે એક એક અંગ પ્રતીઅંગ એહવે અંગે સદ વર્તમાન સોહતે જગતને મોહતે એહવા, શ્રી અંગ મહા અસાધારણ પ્રતાપેક સ્વરૂપે નિજ ભકત વૃંદ સહિત, શ્રી ગોકુલમાંહાં નિજ બેઠકે બેઠા જલકતે મુખારવીંદે દરશન આપે, ત્યાંહાં મહા ભકતરાજ મુગટ મણી સ્વરૂપ, રસીક સ્વરૂપ, રસ વેધી, ગુઢ ભાવ ભરનિ, ગુઢ ભાવ ભાજન, સ્વરૂપ નેષ્ટીક સ્ત્રીય પુરૂષ ભગવદી રસીક રસપાત્રની અગાધી અસાધારણ ભીડ રહે, તે સોભાગ્ય સભામાં તે ભકતની કરૂણાને બલે તેહોના હિતનો આર્કસ્યો હું પણ પ્રાણવલ્લભને નીકટ સનમુખ બેસું, તેમના ભાગ્યવાન ભગવદીઓની કૃત્ય આચરણ જોઇ તેહોના દાનને સામર્થે, તેહોના બાહય અનુકરણે મેં પણ શ્રી મુખ જોયું. તે જોયાને સામર્થે ભાવા-ધીન થકી શિખથી નખ પર્યંત માહારી દ્રષ્ટી રહે. કેસ પાસાદી અંગ પ્રતીઅંગ તેહોના ચીન્હ રગ તીલ મસ લછનાદીક સર્વ જોતો રહું. વલી કો દીવસે ઉદરાર્થ વેહેવારને અનુરોધે ગામાંતર જાઉં ત્યારે મહાભાગ્ય સમયની સહાયે કરી અંગ અંગની સુરતી કરૂં, તો કો ચીન્હ લગાર ભુલી જવાએ તે મહારા ભાગ્યના ઉદયે વલી જ્યારે આવી નયણાભીરામ પ્રાણ પ્રભનું દરશન કરૂં, ત્યારે જે

અંગના ભાવ ભુલ્યો હોઉં તે જોઇ લેઉં. એમ કરતા કરતા કેા એક દીવસે માહારે અભાગ્યે, માહારેા માહા ભાગ્ય સમય વીતીત થયેા. તેણે સ્વરૂપ પર દ્રશ્યમાન નહીં, તે અભાવે કરી માહારા દુરભાગ્ય દિવસ ભરૂ. પણ પ્રથમ સૌભાગ્યની કણીકાની સહાએથી સ્વરૂપે રતિ રહે, તે માહારા સ્વકીય ભગવદીયની કરૂણાયે કરી, કેાઇક સમય એહવેા આવે જે એ સ્વરૂપને અંતર રમણે હૃદયમાંહાં હોઇ આભ્યંતર નેત્રે અવીલેાકુ.

એમ અવીલેાકતાં અવીલેાકતાં એણે સાધને કરી એમ ઉપનું જે, એ સ્વરૂપના અનુભવ અનુસારે કાંઇક સ્વરૂપ વરણન કરૂં ને તે જોઈ માહારેા કાલ વીતીત કરૂં. એહવેા ઉદેશ કીધેા ત્યાંહાં મન પેાતાની જોગ્યતા ને બુધ્ધીનું બલ હવે એહ વિચારતા અસકયતા ઉપજી ને જે સંયેાગને અભાવે મહાતમ અંગ સ્ફુરૂં, જે એ પુરૂષેાતમ અનાદી અગમ્ય એ જેહ શ્રી ગેાકુલાધીશ જેહનું શ્રી અંગ સહીત સ્વરૂપ વર્ણન તે કયેમ થાએ ? એણે વીચારે તેા જોગ્યતા ને બુધ્ધીને અસામર્થ ઉપનું. ત્યારે મને અનુભવસું આલેાચ કીધેા 'જે તાહારે એહવું સામર્થ છે ? જો તાહારે વિષે કાંઇ સામર્થ હેાય તેા તાહારી સહાએ કરી કાંઈ સુચનીકા માત્ર લખીને એણે આલુટને શેષ કાલ વિતીત કરીએ' ત્યારે અનુભવે કહ્યું 'જે હાં મેં અનુભવ કર્યેા છે તે બલે કરી હું કાંઇ કહીશ પણ મુહને માહારા ભેાગ કલેશને અનુરેાધે સુરતી બલ ઘટયું છે, તેણે કેા કેા અંગ પ્રતીઅંગના ચિન્હ અલંકૃત આચર્યું નું વીસ્મર્યું થયું છે' એ સાંભલી મન આદે સર્વને અસામર્થ ઉપનું જે તેા કયાંથી લખાએ ભુલી વસ્તુ આજ કયાંથી જડે, તેણે પશ્ચાતાપે મનને કલેશ ઉપનેા, પરીતાપ અસહી પ્રગટ હવેા, નેત્ર ચુઇ ચાલ્યા. તે અવસ્તા જોઇ ભકત ભાવ પુરક, મનેારથ દાતા, સ્વજસ પ્રગટીત કરણ, કીર્તી વલ્લભ અનુભવાધીસ, અનુભવ પ્રગટી કરણે, અનુભવે કરી સમે વિરૂધે સ્વપ્ન અવસ્તાએ, સનમુખ આવી નીજ સ્વરૂપનું દરશન કરાવ્યું ને આજ્ઞા દીધી જે 'કાહેકું કલેશ પાવત હે ? અપની વસ્તુ દેખી લે' એ કરૂણાએ કરી વસ્તુ સાંપ્રત્યે દેખાડીને અનુભવની સુરતીનું બલ પ્રબલ કરી સહાય કીધી, વસ્તુ સ્ફુર્ણનું દાન કીધુ, પણ બુધ્ધીનેા અનુરેાધ રહે, અનુભવે પાગ્યેા જે ભાવાત્મીક અક્ષર તેહેાને ઉપની બુધ્ધીનું સામર્થ ન હેાએ. તે વીચાર માંહાં એહવી પ્રાણ પ્રભુની કરૂણા મેં દીઠી. તેણે કરી અંતઃકર્ણ વ્રત જાણ પ્રભુએ હારંદ્રતા સ્વરૂપાનંદ રસ પાત્રા, સ્વરૂપ અપેક્ષીત રસદાતા ભેાકતા મહેાત્કર્ષ મને સ્વતહ કરૂણા કરી કાંઇક માહારા ભાગ્યની સુઘડી માહારી વિચારીને સ્વતહથી દલણી કરી નિદ્રામાંહા જાગ્રત અવસ્તા પ્રગટાવીને પેાતાના નિજ ચરણારવિંદની રેણું કેહેવી છે ? માહા ઉજવલ, જગત કૃતારથ રૂપ, ભજનાનંદ દાયક, પુરૂષેાતમેાત્તમ

અલીલાષીત સર્વ કરણ સામર્થ, કેવલ સ્વરૂપાત્મીક એહવી જે રેણું, તેહનું મુહને દાન કરાવ્યું. તે મેં શીષ ચઢાવી છાતીસું દેઈ માહારા મુખાવીંદ માંહાં મેહેલી. મુખાવીંદ એટલા માટે કહ્યું જે એ પાદાંબુજ રેણુ પામ્યું માટે મુખારવીંદ કહ્યું. એણે સામર્થે એ ઉભય સ્વરૂપની કરૂણાએ કરી મેં સ્વરૂપ વર્ણનનો ઉદ્દેસ કીધો. તો એમ અસાધારણ કરૂણાની વૃષ્ટી હવી, આગાધીતાનો પાર નહીં પણ જેહવું પાત્ર હું તે પાત્ર પ્રમાણે રસ ભરાયો. જેમ મધુ મિશ્રનો માહા અગાધી સમુદ્ર તે લેઈ પપીલકાને મુખ રાખ્યો, તે પપીલકા પોતાના મોંહ સાદ્રસ્ય પાન કરે, ને ઉદર સાદ્રસ્ય ભરે પણ અધીક સંચય કેમ થાય? જેટલો એક માહારા હૃદય રૂપી પાત્ર પ્રમાણે ભરાખ્યો, પાત્ર પ્રમાણે ભરાયો તે માંહેં માહા અવ્યકત માધુરીનો સ્વાદ રહી ગયો છે તે સ્વાદમાંહાં જે અનુભવાત્મક ભાવ અક્ષરે ચઢયો તે સુચનીકા માગ લખીસ.

ત્યાંહાં પ્રથમ માહારા સ્વકીય મહદ માહા માંગલ્ય રૂપ, સૌભાગ્ય સમયના સ્વરૂપાત્મીક, સ્વરૂપે વેધી, સ્વરૂપ સનમુખના બેસનારાને ચરણે લાગીને, મંગલા ચરણે કાંઇ સ્વરૂપનો પ્રકાર કહીશ, પછે મહેદને પ્રાર્થના કરી મહદના સ્વરૂપ લખીસ.

સ્વરૂપ અનુભવી પાત્રના તારતમ્યની કાંઇ શ્રષ્ટી ભેદની સુચનીકા લખીસ. શ્રી આચાર્યજીના પ્રાગટયનું કારણ લખીસ. પરસ્પરના મીલાપ ખાનપાનના સ્વરૂપ લખીસે, ભગવદીયના સ્વરૂપ લખીસે ભકતની સેવા અનન્ય ધર્મ આચરણ, વૈશ્નવ થયાના દ્વાર લખીસ, સ્વરૂપના શીષના મેરૂ શીખરથી ચરણ તલ લગી માંગલ્યે માપી પ્રમાણે લખીસ, જે આટલા મંગલ જે અંગુલ તે આટલા મંગલ સ્વરૂપ ઉંચું, એમ સનમુખ ને પ્રષ્ટ ભાગનું ઉભય પ્રમાણ લખીસ, પછે કેસથી તે નખ પર્યંત એક એક અંગ પ્રત્યંગ ચિન્હ લાંછન અલંકાર સહીત લખીસ. તે અંગ અંગનું જથા જોગ્ય કૃત્ય સા દ્રસ્ય ચરીત્ર સંપુરણ દીવસનું જેહનું જયાંહાં લક્ષણ રૂચસે, તે ભાવે સંચલીત લખાસે એણી રીતે 'સ્વરૂપ રસાવલી' એહવે નામે ગ્રંથે કરી, સ્વરૂપ વર્ણન સહીત નિત્ય ચરીત્ર પ્રાત : કાલથી પોઢયા ઉપરાંત લગણનો આરંભ કીધો છે. એણી સુચનીકાએ જે કોઇ સ્વરૂપ રસના અનુભવી પાત્ર છે તેહને પોતે પોતાના અનુભવ રસનો સમુથ થાસે.

પ્રથમ સ્વરૂપ વર્ણન મહદ અંતઃકરણ વેસી, તથા એ મહેદ ભગવદીએ એ ભાવાત્મીક, સ્વરૂપાત્મીક, રસાત્મીક પોતાના અનુભવને અનુસારે

દાન સામર્થ્ય, તથા સ્વતહ સૌભાગ્ય ગલે લગ્યા છે, તો હું શું લખું ? પણ ઇચ્છાને ઉદ્દેસે મુહુને એમ ઉપનું ને તેહોની પ્રાર્થના કરી ચરણે લાગી, મેં એ સુચનીકા કરી. જેહને એતનમારગી મહેદની કૃપા હશે, ને જે કો એ ગ્રંથને હૃદયારૂઢ કરી અનુભવ કરસે, તેહને એ સ્વરૂપ, એ ભકત ને એ પ્રસીદ્ધ લીલાનું સ્વરૂપ જાણ્યા માંહાં અવસિષ્ઠ ન રહે, એ સ્વરૂપ રસાવલી ગ્રંથને સાંભલવાની સ્વરૂપ મારગીય ને સ્વરૂપ રસ પ્રાંત સ્વરૂપ નેષ્ટીકને જોગ્યતા છે, અન્યને નથી. એ ગ્રંથનો અનુભવ કર્ણ રસે સાંભલસે તેહને નહીં થાય, તેહને કૃતારથતા થાસે, પણ સ્વરૂપાનંદ રસાવેસે આવિર્ભાવ ન થાએ. આવિર્ભાવ તે ત્યારે થાસે, જ્યારે પોતાનું મન બુધ્ધી ચીત અંતઃકરણ એકત્ર કરી અમનાત્મક કર્ણદ્વારા સ્વરૂપને લેઈ અંતર રમણે, હૃદય માંહાં રાખી અને નેત્રે જોઇ પોતાના અનુભવને માહારા વચનની પાછલ રાખીને સાક્ષાત સ્વરૂપનો અનુભવ કરે તે એ રસનુ પાન કરસે. ને પાન કીધે, જે દાન હસે, તે તો કહેવા માહારા વચનને જોગ્યતા નથી. તે એ માહારી સી ચાલી જે દાનના કરનાહાર અતી ઉદાર રસોમય પ્રભુ તેહને પણ એ દાન જાણવાનું સામર્થ નથી, જે તો હું જેહોની ફલશ્રુતિ શું લખું ? એણે પ્રકારે માહારા સ્વકીય સમાજ સૌભાગ્ય સમયના અનુભવી પાત્રને ચરણે નમન કરી અને લખું છું.

પુર્વ પીઠીકા સમાપ્ત

શ્રી સ્વરૂપ રસાવલી

માંગલ્ય – ૧

રાગ :– ધન્ય ધન્ય માતા શ્રી રૂક્ષમણી જેણે શ્રી વલ્લભ રાય જાયાજી

શ્રી વીઠલ ગ્રહ પ્રગટીયા નવલ વલ્લભ રસ રૂપજી
સ્વતહ સ્વતંતર હીત સ્વકીયને અદભુત એહ સ્વરૂપજી ।૧।

શ્રી વલ્લભ જગ વલ્લભ વલ્લભાનો છે જેહ આધારજી
પરમ સુંદર ગુણ પુરણ સાર તણું જે સારજી ।૨।

દ્વિજ વર વપુ દ્વિજોતમ કુલે પ્રગટીયા અવની અણીલ સનાથજી
કયાં લગી કહું કેને ગમ્ય નહિં તેહ એ શ્રી ગોકુલ નાથજી ।૩।

મારગ ફલ રૂપ પ્રગટ કરી સાધન રહીત કીધી એ શ્રષ્ટીજી
નીજ સ્વરૂપ દાન સ્વતઃ કર્યું રાખ્યું નહીં એકો અવસીષ્ટજી ।૪।

હવે શ્રષ્ટી તારતમ્ય પ્રકાર કહું જેથી એ વીગત જણાયેજી
એથી સર્વ જણ્યું પડે મનમાંહાં સંદેહ ન થાયેજી ।૫।

શ્રષ્ટી તે ત્રણ પ્રકારની શ્રી આચાર્યજીએ કહીયજી
તેહ પ્રમાણ કરીયને સર્વ અંતરમાં લહીયેજી ।૬।

એક ઈચ્છાએ પ્રગટ હવી બીજી વચને સીધ્ધ કરીયજી
ત્રીજી શ્રીઅંગ થકી પ્રગટી તે તો છે માહા રસ ભરીયજી ।૬।

ઈચ્છાએ જે પ્રગટ હવી તેહનો કહું પ્રકારજી
આસુરી શ્રષ્ટી તે જે હવી જેહનો નહિં અંગી કારજી ।૮।

વચનથી જે પ્રગટ હવી તેહ મર્યાદી કેહેવાયજી
મર્યાદી જેહ પુરૂષોતમને સનમુખ તેહ થાયજી ।૯।

અંગથી જે પ્રગટ હવી રમણ સિદ્ધને કાજજી
પુષ્ટી રસ માંહે પાગી પ્રગટ તેહવા રસના કરી સાજજી ।૧૦।

શ્રી આચાર્યજીનું પ્રાગટય પુષ્ટીની શ્રષ્ટીને અર્થજી
પણ શરણ આવ્યાને અંકાર તે કરવાવે પોતાને સામર્થજી ।૧૧।

પુષ્ટી રસમાંહાં ભળી બીજી શ્રષ્ટી જે કોએ આવે છે શરણુજી
જે જેહવી તેહનું તેહવું જાણી પોતે કરે વરણુજી ।૧૨।

જેવી જેહની જહાં જોગ્યતા તેહ ત્યાંહાં જઇ અને ઠેહેરાયેજી
પણ પુષ્ટી માંહાં આવી શકે નહિં પુષ્ટીનું ત્યાંહાં કોઇ નવી જાયેજી ।૧૩।

ઇશ્વર જીવના સ્વરૂપને જાણે છે કરીઅ નિદાનજી
જે જેવો તેને તેહવો જાણીને કર્યું દાનજી ।૧૪।

તેહવો અંગીકાર તેહવું વરણ કરીઅ આવ્યા છે તે મન ભાયેજી
એ પુષ્ટીનો સંગ આવી કરે પણ તે નિજ વરણે જઇયને ઠેહેરાયેજી ।૧૫।

વીસ દશ એકઠા બેસીને એક સમે કરે નીવેદનજી
જે જે શ્રષ્ટીનો તેહનું તેહવું વરણ કર્યું છે ભિન્ન ભિન્નજી ।૧૬।
તે તેહવી દસા ભાવ લેઈને તે કરે છે આચરણજી
જેહવી કૃત્ય ત્યાંહાં દ્રષ્ટે પડે તેહવું જાણવું વરણજી ।૧૭।
અંહી કેહને પુર્વપક્ષ એમ ઉપજસે એણે ઠામજી
અહીં જે કેા શરણ આવ્યા ને કર્યું નિવેદન પામ્યા નામજી ।૧૮।
તેહને આસુરી શ્રષ્ટીનેા કેાણ ભાંત્યે રહયેા દેાષજી
શરણ પુરૂષેાતમને અનુસર્યેા કાં ન હવેા નિરદેાષજી ।૧૯।
તાંહાં કહું છું શ્રષ્ટી ભેદની જોગ્યતાએ કીધું વરણજી
જેહ જે શ્રષ્ટીનેા જીવ છે તેહને તેહવું આપ્યું શરણજી ।૨૦।
જેને એ મારગે અધીકાર નહિ પુષ્ટી સંગે આવ્યેા અહીંયજી
તેહ કૃતારથ થયેા સર્વથી પણ પુષ્ટે પેાષણ નહીંયજી ।૨૧।
ત્યાંહાં સમાધાન શ્રી આચાર્યજીના વચન સહીત કર્યું એહજી
સેવાફલ ગ્રંથ માંહે લખ્યું સિધ્ધાંત કરીયને તેહજી ।૨૨।
જે સેવક થઈ સેવામાં જેહને અનુરેાધ ન થાયજી
સહેજ અપરાધ આવે થઇ સેવા કરી ન જાયજી ।૨૩।
ચીંતા ઉદવેગ અંતર રહે સેવામાં રૂચી નહીંયજી
ભાવ જુત થઈ આવે નહીં વ્યાસંગ ઉપજે અહીંયજી ।૨૪।
તેહને આસુરી શ્રષ્ટીનેા કરીયને જાણવેા નિરધારજી
એહ આસય જોઇને લખ્યું એહ સિધ્ધાંત અનુસારજી ।૨૫।
એ શરણથી સેવા અધીકાર થયેા ને સેવા થઇ ન આવેજી
તેહને આચાર્યજીએ આસુરી કરીય કહયેા હીત ભાવેજી ।૨૬।
તેા જેહને પ્રભુના ગુણ જસ પર દેાષ રહે આઠેા જામજી
ને એ પ્રભુના પરમ ભગવદી જે પ્રભુનું અભીરામજી ।૨૭।
પરમ અનન્ય નેષ્ટિક નિપુણ કેવલ સ્વરૂપને જાણેજી
એહેાના ગુણ જસ ચરીત્ર વીનુ બીજું ઉરમાંહાં નવ આણેજી ।૨૮।
જેહેાને વેદાદીકે અનન્યતા કરી કહીય છે તે પ્રમાણજી
શ્રી મુખે એહવા ભકતનું જણ કહયું મધુરી વાણજી ।૨૯।
એહવાનેા દ્રોહ કરે અને દ્વેષ એહેાસું રહે જેહનેજી
એહવાના અવગુણ કહે આસુરી કાં નવ કહીએ તેહનેજી ।૩૦।
મામકાના દ્રોહ કૃતાચ જસ સામેત થઇ વચન સમેતજી
નંતં તારૈ નુશકતેા પ્રીય મન્યથા બ્રહ્મહથી ચેતજી ।૩૧।

માહારા સ્વકીયના દ્રોહ ને માહારા જસનો દ્રોહ કરેજી
બ્રહ્મ ઘાતી તો જ્યથી તરે પણ તે હુંથી ન તરેજી ।૩૨।

એ ભગવદ વચન શ્રી ગુસાંઇજીએ કહ્યું છે સ્વકીયને અર્થજી
પણ સૃષ્ટી તારતમ્યનો ધણીય તે દ્રોહ કરે અહીં વ્યર્થજી ।૩૩।

આસુરીને તે નિરંતર દ્રોહ રહે મન માંહેંજી
દ્વેષ કરે તે ઉતમ તણો કહયો જ્યાંહાં નવ જોયે ત્યાંહેંજી ।૩૪।

આસુર અંસીને સ્ફુરે છે નિરદોષ વસ્તુ માંહાં દોસજી
સ્વચ્છ મન તેહોનું હોય નહિ સર્વદા ન નિરદોષજી ।૩૫।

અસુરાવેસતે કો સમય આવેસ આસુરનો થાયેજી
ત્યારે તે દોષ આવે સ્ફુરી સદ્ય વલી નીસરી જાયેજી ।૩૬।

એ ત્રણ પ્રકાર એહના કહયા તે માંહેં છે વરણના ભેદજી
તે આપુ પ્રભુજી પોતે લહે અવર કો નવી જાણે વેદજી ।૩૭।

જાત વિજાતી વીન એ કૃત સર્વથા ઉપજે નહીંયજી
નીવેદનનો નહીં દોષ નહીં દોષ પ્રભુનો કહીંયેજી ।૩૮।

એ પ્રભુ પરમ વીચીત્ર સર્વજ્ઞ છે ચતુર સુજાનજી
એ તારતમ્ય ભુલે નહીં એહવી એહોને જે છે જાણજી ।૩૯।

લુણના પાત્ર માંહાં દ્રવીય રસ સોંઘો મુકે નહિ કહીંયજી
જે જેહવું પાત્ર ત્યાંહાં તે રસ ભરીઅ સાંચે અહીંયજી ।૪૦।

પાત્ર ભેદે રસ ભેદ ભરાય છે એણી પેરજી
સૃષ્ટીનો ભેદ એણી પેરે લખ્યો અતીસય ઉલટ ભેરજી ।૪૧।

હવે પ્રાગટય કારણ કહું શ્રી આચાર્યજીનું સારજી
મારગનું સ્વરૂપ ને વલી મારગ પ્રગટયાનું કરી નિરધારજી ।૪૨।

પ્રભુનું સ્વરૂપ ગોપન કહું કાંઇ એક છાયા તે માત્રજી
અન્ય એમાં સમુજે નહિં સમુજે જે રસ તણાં પાત્રજી ।૪૩।

ભકતનું સ્વરૂપ ને રસ તણું સ્વરૂપ કહું સ્નેહ જુકતજી
સૃષ્ટીનો ભેદ વિસદ કર્યો જેહવી માહારી યુકતજી ।૪૪।

રમણ હીત સ્વતહ પ્રાગટય કર્યું જે સૃષ્ટી લઇને સાથજી
તેહનું શુભ અશુભ સાધન ફલ સર્વ પોતા તણે હાથજી ।૪૫।

આધુનીક એ પ્રાગટય હવું કેવલ સ્વકીયને અર્થજી
કોટી કલા રસ પુરણ ને લેઇ સકલ સામર્થજી ।૪૬।

સન્યાસ નિર્ણય માંહાં લખ્યું ટિકાને આરંભે મહા નિધજી
વીઠલ નામનો અર્થ તે કર્યો મહારે વિષે સિધજી ।૪૭।

વિ તે જ્ઞાન ને સુન્ય ઠુલ તે અનુગ્રહ વાચીજી
જ્ઞાન સુન્યનો અનુગ્રહ તે મેં કર્યો કહયું રાચીજી ।૪૮।

નિજ સ્વરૂપ આપુ વિસદ લખ્યું કૃપા કરીને સ્વતહ સામર્થજી
સાધન રહીત કેવલ ફલ વિઠ્ઠલ નામનો એ અર્થજી ।૪૯।

એ ટિકાને અંતે વલી લખ્યું ભકતી મારગે પુરૂષારથ જેહજી
તેહ સર્વથા સિધ્ય માહારે વિસે એહવું એ પ્રાગટય એહજી ।૫૦।

વલી ભકતી સિધ્ધાંતની ટીકાએ લખ્યું છે કરીય સિધ્ધાંતજી
પ્રથમ પ્રાગટય હવું કરવાને સ્વકીયના મનોરથ અંતજી ।૫૧।

આધુનીક એ પ્રાગટય તે સ્વમનો અભિલાસીત પ્રકારજી
પોતાના મનોરથ પુરવા ભકત દ્વારા મહા સારજી ।૫૨।

દસમ માંહાં તામસ પ્રકરણને આરંભે તામસ પ્રત્યેજી
શ્રી આચાર્યજીએ કારિકા લખી છે થઇયને તેહ નિવર્તજી ।૫૩।

તેહનો અર્થ શ્રી ગુંસાંઇજીએ વીસદ ટીપણી માંહેં કર્યોજી
તેહ લખુંછું સ્વરૂપના પ્રાબલ્ય માંહાં રસ ભરીયોજી ।૫૪।

પરમ દયાલ પ્રભુ ભકતને સહીત સ્વભાવે અનુસરીયાજી
ભકતના સ્વભાવ ફેરીઆ નહિ સહીત સ્વભાવે તે વરીયાજી ।૫૫।

ફેરે સ્વભાવ તો તેહને સ્વભાવ ફેરતા કષ્ટ થાયજી
અને પ્રભુ તો અકલીષ્ટ કર્મા માટે દુઃખ સહયું ન જાયજી ।૫૬।

કદાચીત આપ સામર્થે કરી કષ્ટ વિન ફેરવે જો સ્વભાવજી
તો લીલાની રસાલતા હોય નહિ સીધ થાયે નહિં રસ ભાવજી ।૫૭।

સર્વરસ સિધ્ય થાવા અર્થ ભકતના ત્રિવિધી સ્વભાવ સંયુકતજી
ત્રિવીધી સ્વભાવ સરખા થઇ લીલા કરે રસ જુકતજી ।૫૮।

એણે કરી એક તાં પ્રભુ વિષે પરમ દયાલતા આવીજી
ભકતનો ઉતકૃષ્ટ સિધ્ધ થાએ લીલાની રસાલતા મન ભાવીજી ।૫૯।

ને પ્રભુનું સ્વ સામર્થ સીધ થયું એહ તણાઅ અર્થ માંહેંજી
બીજે માર્ગે ત્યાંહાંના ભકતનો સ્વભાવ ફેરવે ત્યાંહેંજી ।૬૦।

સ્વભાવ ફેરયા ઉપરાંતને સ્વરૂપને આરાધના કરેજી
ત્યારે તેહને તે પ્રાપ્તી હોય ને આંહાં સ્વભાવ ન ફેરેજી ।૬૧।

છતે સ્વભાવે સ્વરૂપાનંદ દાન આપ્યું રસ ભરીયજી
સ્વભાવ સહીત અંગીકૃત કર્યા ભકતની આરત હરીયજી ।૬૨।

બીજે મારગે પ્રભુ ભકતને પોતા સરખા કરી રમયજી
આણે મારગે પ્રભુ ભકત સરખા થઇ રમય તે ગમયજી ।૬૩।

એ લીલા મારગી સત્વાદ્વીક છે ને અપ્રાકૃત છે એહજી
પરમ અલૌકીક નીર્ગુણ સદા સર્વદા પરતર જેહજી ૧૬૪।
એહવું પ્રાગટ પરમ સુખદ ભકતને અર્થ તે કર્યું જી
ભકતને સુખે સુખ કરી લહ્યું અનુભવ સિધ્ધ રસ ભર્યું જી ૧૬૫।
મુલ ભુત શુદ્ધ પુરૂષોતમ અનાદ્યથી અનાદ્ય છે જેહજી
ભકત સંયુકત નિરાવર્ણ કેવલ રસ રૂપ એહજી ૧૬૬।
આનંદ માત્ર કર પાદ મુખ ઉદર આદી દેઇ સ્વરૂપજી
રમણ લીલા અખંડ લીલા સહીત પ્રગટીયા ગોકુલ ભુપજી ૧૬૭।
જીવને હેત જગદીસે ઉધ્યમ કર્યો આવડો જ્યારેજી
સાધન તેહ સંબંધીને કહીં હવે શું રહ્યું ત્યારેજી ૧૬૮।
નિઃસાધન ફલ આત્મા આપ પ્રગટ હવા અહીં યજી
એહ સંબંધીની સૃષ્ટીને સાધન રહ્યું કાંઇ નહીંયજી ૧૬૯।
કેવલ ફલ અનુભવ કરે રસ ભર્યું પ્રગટ સ્વરૂપજી
આવરણ રહીત આનંદમેં નિરખે ગોકુલ કેરો ભુપજી ૧૭૦।
સાધન કોએ રહ્યું નહીં અર્થ સહુ સિદ્ધ થયા સુભાવીજી
એહોની કરૂણાએ સનમુખ થઇ જે અહીં અનુસરયા આવીજી ૧૭૧।
અદ્ભુત અતુલ પ્રાગટય કર્યું ભોમી તલ પ્રગટીઆ આવીજી
સ્વાર્થી સૃષ્ટી સાથે લેઇ જે મન માંહાં નિત્ય ભાવીજી ૧૭૨।
સ્વતહ કૃપાથી પ્રાગટય કર્યાનું કારણ કહું જેહજી
આગમ શ્રી આચાર્યજીનું કહું પ્રથમ વિસદ કરી તેહજી ૧૭૩।
રમણ મંડલ મધ્ય રમણ માંહાં રસાવેસે રસ ભોગજી
આનંદે આનંદ મઇ થઇ ભકતનો નિત્ય સંયોગજી ૧૭૪।
તેહ મધ્યેથી સમાજ એક માન હઠથી કર્યો ન્યારોજી
આસુરી માંહાં તે આવી મલ્યો પણ છે તે પ્રાણેસને પ્યારોજી ૧૭૫।
ભજન આનંદથી વીષય આનંદ માંહેં પડયો તેહજી
સૃષ્ટી વિજાતીમાંહાં તે મલ્યો પુત્ર પૌત્રાદિકે એહજી ૧૭૬।
કો સમય સુરતે આવી ચઢયો કૃપા સહાયતે કરીયજી
આપુથી આપુ કરૂણાલ થયા દ્રષ્ટી કરીઅ કરૂણાએ ભરીઅજી ૧૭૭।
રસીક વર રસીક શીરોમણીને મહા રસ તણા જાણુજી
રસ વીના ક્ષણુ એક નવ રહે ને રસ વીલસ્યાની જેહને કાનજી ૧૭૮।
દાન આતુર દયા સીંધુ એ રસ વસથી આણ્યું મનજી
કોણ પ્રકારે કોણ પેરે કોણથી હોય એ રસ સંપન્નજી ૧૭૯।
મધ્ય પાતી વીના મધ્ય રસ અન્યથા કહ્યો ન જાયેજી
કારજ રસનું રસીક વિના એકથી નવ થાએજી ૧૮૦।
શ્રષ્ટી માંહાં મલ્યો તે માંહાંથી ન્યારા કરવા એક એકજી
તે અંતરંગ વીનુ વીગતસું કોણ કરી શકે તે વિવેકજી ૧૮૧।

ત્યાંહાં આત્મરૂપે શ્રી આચાર્યજીનું પ્રગટ કરાવ્યું અવની પ્રાગટયજી
એમ રસ પાંતી કરે પરમ પ્રીય રમણ મંડલ માંહે ઉદભટયજી ૧૮૨।
મુક્ષ રસ રસ ભર્યો અતી સુખદ તે એહોથી સીધ્ધ થાયજી
એહો વીના પ્રાણપ્રભુને ક્ષણું તે અલગા નહીં રહેવાયજી ૧૮૩।
સ્વરૂપ સંજીવન મુલ એ ઉભયતા એણી પેરે ભાસેજી
ગુઢરસ એહોના અતી ઘણા પ્રગટ ન થાયે એ આસેજી ૧૮૪।
એહોનું પ્રાગટય લોભી તલે પ્રેમ જુત પ્રગટ કરાવ્યુંજી
સ્વકીય સનમુખ એહોથી થસે એહ જાણી મન ભાવ્યુંજી ૧૮૫।
અસાધારણ અલૌકીક સ્વરૂપે લોકવતે કર્યું પ્રાગટયજી
લોક મધ્યે જીવ છે તેહ હીત લોકમાંહાં પ્રાગટય ઉદ ભટજી ૧૮૬।
એણે પ્રયોજને લોકવત થઇ લોકમાંહાં પ્રાગટય કીધું જી
લોક વીનું લૌકીક રીજે નહીં લોકનું કારજ સીધું જી ૧૮૭।
સ્વમનો અણીલાસીત પ્રકાર મારગ પુષ્ટજી
એહવું મન આપુ કર્યું ત્યારે શ્રી આચાર્યજીને આજ્ઞા દીધી ઉતકૃષ્ટજી ૧૮૮।
અસાધારણ લીલા અવની તલ કરવાને ઇચ્છા મનમાંહાં ધરીયજી
એ અંતર અભીલાખા કરી શ્રી આચાર્યજીને આજ્ઞા કરીયજી ૧૮૯।
આગ્યાથી અવની તલ આવી જે મારગ પ્રગટ કર્યો રસ રૂપજી
સ્નેહની જ્યાંહાં પરમીત નહીં તાપ પરીવસાઇ પરમ અનુપજી ૧૯૦।
સંગથી આપુ અલગા થયા તે વીપ્રયોગના પરીતાપજી
તે પરીતાપ લીધે પ્રગટ અગ્ની વત પ્રગટીયા આપજી ૧૯૧।
નિત્ય રમણમાંહાંથી પ્રગટયા માટે એહોને સ્વરૂપનો વિપ્રયોગજી
અગ્નિ સ્વરૂપ એથી કહ્યા વિપ્રયોગ અગ્નિ સંયોગજી ૧૯૨।
જેહવા પોતે તેહવો મારગ ને તેહવા ભકત તે આરતવાનજી
આરતી વીના મારગ સંબંધ નોહે સંબંધ વિન દુર છે દાનજી ૧૯૩।
એ સ્નેહ માર્ગ તે પરીતાપ જુત પરીતાપ પરીવસાઇ હોયજી
પરીતાપ ત્યાંહાં સ્નેહ જાણવો સ્નેહ વીના પરીતાપ ના હોયજી ૧૯૪।
સ્નેહ સ્વરૂપે સ્નેહ હીતે સ્નેહી કને જે પ્રગટ કરાવ્યોજી
તે સ્નેહનો પુંજ પ્રગટ હવો સ્નેહી જનને મન ભાવ્યોજી ૧૯૫।
કેવલ સ્વરૂપાત્મીક ફલ રૂપ મારગ પ્રગટ કર્યો સિધ્ધજી
લૌકીક માંહે લોકોતર અલૌકીકની માહા નિધ્ધજી ૧૯૬।
વાંછીત કલ્પતરૂ સર્વ રસ દાતા ભોકતા રસ રૂપજી
રસે પુરીત રસ દાન દાયક રસાવેસે પરમ અનુપજી ૧૯૭।
સૃંગાર આત્મીક અનેક રસે પુરણ પુરીત પાત્રજી
વીપ્રયોગારતે ભરીત એ જનીત અંગ આનંદ માત્રજી ૧૯૮।
સર્વ ઇન્દ્રીય આસ્વાદીત અને દાયક ભજન આનંદજી
પ્રભુના હૃદયનું હારંદ્ર સ્વકીય મન મોહક કંદજી ૧૯૯।

સ્વકીયના ભાગ્યનું ફલ ઉદય ભાગ્ય સોહાગે તે ભરીયજી
પરમ અનન્ય ને નેષ્ટા નિપુણ અન્ય આવરણ તે રહીતજી ૧૧૦૧
સ્વરૂપ નીરોધક બોધક આકર્ષણ મન ધર્મજી
રસ તણો ગુઢ એ માર્ગ મહેદ ભાવભર અનેક છે મર્મજી ૧૧૧
વીવીધી વરણ વીવીધી ભાવ પોષક વિવિધી જ્ઞાનનો દાતાજી
વીવીધ રસ ભુષણ અલંકૃત સોભાગ્યને મદે માતાજી ૧૨૧
એતન જગતનું આભરણ શ્રંગારનો એ છે શ્રીંગારજી
સ્વરૂપ અપેક્ષીત સર્વદા સ્વરૂપ વસ કરણીય સારજી ૧૩૧
સ્વરૂપ અભિલાષીત આરતી સહીત પ્રણયનું પુરણ રૂપજી
સ્વારથ રહીત કેવલ ફલ એહવો એ મારગ પરમ અનુપજી ૧૪૧
જ્યાંહાં એ મન તણી ગમ્ય નહીં ભાવ પોહોંચે નહીં જ્યાંહાંજી
એહવો એ મારગ એ સુક્ષમતર વીસદ કરી કહીએ તે કયાંહાંજી ૧૫૧
ધર્મ સહીત એ ધર્મી રૂપ એહનું સ્વરૂપ અગાધજી
એહની પદરજ કણીકા પરસેથી એકો રહે નહીં આધજી ૧૬૧
નીચ જાતે કોઉ કાં ન હોએ અધમથી અધમ તે દેહજી
જેહને એ મારગ રૂચે કૃતારથ સર્વથા તેહજી
એણે મારગે જેકો અનુસર્યા તેહની શત શાખે કો સંતત માંહેંજી
તે કૃતારથ કરે અન્યને તો વીસદ કહું તે કયાંહેંજી ૧૮૧
કિરાંત હુણાંધ્ર એણે શ્લોકે કહ્યો પરંપરા ચારે અંગીકારજી
પ્રમાણે એ કહ્યું આ તો આચાર્યજીના મારગ મહા સારજી ૧૯૧
જ્યાંહાં પુરૂષોતમ સાથે સંભાષણ સેવા સંગ મનોરથ અનેકજી
એહવા માર્ગ તણુ પ્રાબલ્ય કયાંહાં લગી કરી કહું વિવેકજી ૧૧૦૧
નરસિંહનો અવતાર પ્રહલાદને અર્થ તે લીધોજી
ભકતનો દ્રોહી જાણી અને હિરણ્યકશ્યપ વધ કીધોજી ૧૧૧૧
ત્યારે પ્રહલાદે વીનતી કરી પીતા માહા દુષ્ટ એહજી
એહનો દંડ એહને હવો છે ઘણો એણી દેહજી ૧૧૨૧
હવે એહને કૃતારથ કરો કૃપા કરી અને રાજજી
ત્યારે નરસિંહજીએ એમ કહ્યું એ કહ્યાનું શું કાજજી ૧૧૩૧
જેહોના કુલમાંહાં કો વૈશ્નવ હોય તેહના પર્યા એકવીસેજી
કૃતારથ થાય છે સહેજ માંહાં આગલ પાછલા બેહુ દિસેજી ૧૧૪૧
આ તો તમારો પીતાજ છે એહની કૃતારથતાનું શું કહીયેજી
એ સહેજ કૃતારથ આપથી એહ વચને સહુ લહીયેજી ૧૧૫૧
કુલ માંહે એક વૈશ્નવ થાય એહવા રાક્ષસ દ્રોહી દુષ્ટજી
તે કૃતારથ હોય સહેજ માંહાં આ તો મારગ માહા પુષ્ટજી ૧૧૬૧
શ્રી આચાર્યજી દ્વારા એ શ્રી પુરૂષોતમે પ્રગટ કરાવ્યોજી
ત્યાંહાં પ્રાગટય પોતે કર્યું પોતા તણે મન ભાવ્યોજી ૧૧૭૧

એહના સેવકની પાર પર્યા તો કાંઇ પાસ લહીજી
કૃતારથ થઇ કરે વિસદ્દ કરી કયાંહાં લગી કહીયેજી ।૧૧૮।
એહવો માર્ગ કૃતારથ રૂપ સ્વરૂપ સંવલીત અપારજી
અંગીકૃત વિનુ કહેનો ગમ્ય નહીં ઇતર કો નવ જાણેજી ।૧૯।
મુકિત અવારી દાન માંહાં કૃતારથ કીંહે લેખેજી
અગાધીતા કેહેને ગમ્ય નહીં કેવલ કૃપાએ કો દેખેજી ।૨૦।
સુગમ સુખ સાધ્ય આરાધ્ય જ્યાંહાં શ્રી ગોકુલ કેરા ભૂપજી
કેવલ સ્વરૂપ ભજનીય એ અનુભવી અનુભવ જુત લખ્યું છે અનુપજી ।૨૧।
સ્વરૂપ ઇતીરિકત વિસ્મૃતીતા તદા આયુર્ભાવ ભવતેવજી
આયુર્ભાવ તે દરશન ઇક્ષણ ભાષણ સ્વરૂપમાંહાં તદૈવજી ।૨૨।
એહ સહુ એ માર્ગ અનુશરણ થકી સિધ્ધ થાયજી
એ માર્ગ વિના એ સ્વરૂપ અનુશરણનો નહીં અવર ઉપાયજી ।૨૩।
એહ માર્ગ પ્રગટાવીને જ્યાંહાં કર્યું પોતે સ્વતઃ પ્રાગટયજી
તેહનું વર્ણન કોણ કરી શકે એહવો એ માર્ગ ઉદ્દભટજી, ।૨૪।
ભાવી ભુતો એહવો નહીં વર્તમાને પુષ્ટ પુષ્ટજી
સર્વો પરતર શીખર એ સર્વ થકી ઉતકૃષ્ટજી ।૨૫।
જે માર્ગ સનમુખ માગથી વરણ હોય ભર નેહેજી
લીલા સંયુકત સ્વરૂપનું દર્શન હોય એણી દેહેજી ।૨૬।
દિવ્યતા ચક્ષુ હોય પ્રગટ સમૃધ્ધી અલૌકીકને દેખેજી
પ્રભુ સતકાર પ્રેમે કરે સ્વકીય માંહાં કરી લેખેજી ।૨૭।
એહવો અલૌકીકત્તર માર્ગ એહવા અલૌકીક કૃત્ય અપારજી
એ માર્ગ અને માર્ગની કૃત્ય તણો કો જાણે નહીં પારજી ।૨૮।
એ માર્ગે અનુશરણ માગથી સ્વરૂપની હોય વૃષ્ટીજી
સ્નેહ વાત્સલ્યે માર્ગે ફલ એકો રહે નહીં અવીસીષ્ટજી ।૨૯।
એ માર્ગનો કો એક સેવક થઇ જેહને અહીં સનમુખ કરેઅજી
સ્વકીય કાને તેહને માર્ગ એ માર્ગ ફલને રસ ભરેઅજી ।૩૦।
એહવું એ સ્વરૂપ તાપાત્મીક શ્રી આચાર્યજીનું સારજી
તેહવો માર્ગ તાપાત્મીક અને આરત જુતનો કર્યો વિસ્તારજી ।૩૧।
તાપ સાધન છે સ્વરૂપનું તાપે હોય સ્વરૂપ સંપન્નજી
તાપ વીન અન્ય ઉપાય તે નાવે પ્રભુજીયને મનજી ।૩૨।
તાપાત્મીક સ્નેહ જાણવો તે તાપનું રૂપજી
ભાવ તદ્દપરિવસાઇ તેહ રસ પરમ અનુપજી ।૩૩।
સંયોગ માંહાં વીપ્રયોગ વિપ્રયોગ તાપાત્મીક સંયોગજી
એહ દ્વીદલાત્મીક મધ્ય થઇ સ્વરૂપે જે કરે છે રસ ભોગજી ।૩૪।
અતી અસાધારણ વીપ્રયોગે કરી સ્વરૂપ માંહાં તનમયતા થાયજી
તે માંહેંથી સ્વરૂપ પ્રગટ હોય તે કાંઇ કહ્યું ન જાયેજી ।૧૩૫।

એહ સ્વરૂપને જાણવા કેહેનો નહિ અધીકારજી
અગોચર અવાગ વીસેક છે કોએ ન પામે તે પારજી ૧૧૩૬૫
કેવલ રસ તણું સ્વરૂપ એ પ્રતીઅંગ આનંદ માત્રજી
લીલા રસ રમણ અખંડ હોયે સુખદ સંગે રસ પાત્રજી ૧૩૭૫
તે આરત તાપાત્મીક પરીતાપ જુત જેહવું આચાર્યજીનું સ્વરૂપજી
એહવો મારગ ફલ રૂપ અહીં એક ફલ નથી પરમ અનુપજી ૧૩૮૫
દ્વીદલાત્મીક મધ્ય પાતીયનો રસ ભાવે ભરી ભરીયજી
ભાવે ભાવાત્મીક થઈ થઇ પ્રતીક્ષણ નૌતન ફરી ફરીયજી ૧૩૯૫
આરતે અધીક અધીક ઉભય રસ તણું કરે છે પાનજી
એહ સ્વરૂપ એહ રસ એહ ફલ ચેતનમારગે એહ દાનજી ૧૪૦૫
એહવો એ શ્રી આચાર્યજી દ્વારા એ મારગ પ્રગટ કરાવીજી
ત્યાંહાં પધાર્યા આરત હીતે પોતા તણે મન ભાવીજી ૧૪૧૫
એહવો પ્રભુ જોગ્ય રસ અને દાન અનુસારે જે કાજજી
સ્વતહ કરે તે કાંઈ એક કહું જેહવો એ રસીક સમાજજી ૧૪૨૫
એક એહવો જે સ્વરૂપથી અધીક ભાવે ભર આપજી
રસ ભાવે રસીકને રીઝવે ને હરે રસ તણો પરીતાપજી ૧૪૩૫
જેહના ભાગ્ય તે ભાવ ભર પ્રભુ સરાહે છે ઘણુંયજી
નિરવીધી દાન પ્રીયને કરે વિસદ કયાંહાં લગી કહું તેહ તણુયજી ૧૪૪૫
એક વાછલ્યે ભરી રહ્યા સદા સુખ વાહાલાનું ઇચ્છેજી
નીશદીન એહ વીચાર રહે બીજું કાંઈ નવ પ્રીછેજી ૧૪૫૫
ફલ અપેક્ષા ને રસ વાંછના એહોને ઉપજે નહીં મનજી
ઇચ્છે સુખ પ્રાણ વલ્લભ તણું એહ સર્વસ્વ ને એહ ધનજી ૧૪૬૫
એમ વાછલ્યે વાહાલાજીને આપુ અનુસંધાન નહીંયજી
નિશદીન વાંછે સુખ પ્રભુ તણું અન્યથા રતિ નહીં કહીંઅજી ૧૪૭૫
વાંછના આપુ સુખની નહીં પ્રીય સુખે સુખ કરી લેખેજી
સ્વરૂપ ફલ લગીય અભીલાખ નહીં એક પ્રીયનું સુખ પેખેજી ૧૪૮૫
એક વદન નીહાલે વિવસ થઇ રૂપ માંહે રહયા પાગીજી
અંગ અંગે એક મગ્ન થયા એક ચરણે રહયા લાગીજી ૧૪૯૫
એક વચનામૃત માધુરી પાત કરે રસ માંહે જી
એક શોભા રસે લીન થયા એક આશ્ચર્યા તે ત્યાંહે જી ૧૫૦૫
એણી પેરે સ્વરૂપરસ અનુભવે ભાવ પ્રગટ કરીઅ અનેકજી
તેહ ગીણુના કયેમ ગણી શકું વીસદ કરી અને વિવેકજી ૧૫૧૫
એક દાનીક પાનીક ઘણા વિવીધી પ્રકારે તે કરે પાનજી
ન્યારો ન્યારો રસ અનુભવે ન્યારા ન્યારા હોય દાનજી ૧૫૨૫
ભકત અનેક પ્રતી ભકતને ભાવ તણો નહીં પારજી
ભાવ સમ જોગ્યતાએ કરી દાનનો અનેક વિસ્તારજી ૧૧૫૩૫

એકને દાન પોતે કર્યું જોગ્યતા કરીઅ સમાનજી
જેહવો રસ આપુ અનુભવ કરે તેહવા કર્યા ભાગ્યવાનજી ૧૫૪૫

જે ધર્મ સ્વરૂપ માંહ્યાં રસ તણા તે ધર્મ ભકતમાં ધરીયાજી
રસે પ્રોજીને પુરણ કરી રસીક ભાવે સહુ ભરીયાજી ૧૫૫૫

આનંદ માત્ર કરપાદ મુખ સ્વરૂપ તેમ ભકત તે તેહવાજી
પ્રાણ વલ્લભે પ્રાણ સમ કરી રસ હીતે કીધા તે એહવાજી ૧૫૬૫

અગણીતાનંદ સ્વરૂપ એ અગણીતાનંદ છે એહના ભકતજી
ઉભય રસ અનુભવે પ્રતીક્ષણે ઉભયતાએ અનુરકતજી ૧૫૭૫

એક સમાજને જોઇ અને બીજા ઉપર કરે શુભ દ્રષ્ટીજી
અનુભવ્યાને આરત ઘણી અનુભવે તેહને રસ વૃષ્ટીજી ૧૫૮૫

એમ ઉભય આરત હરે એણી પેરે, હોય રસ ભોગજી
પ્રભુને એહની આરત રહે સુખ લહે કરીયને સંયોગજી ૧૫૯૫

ભકતને વિપ્રયોગે કરી વિપ્રયોગારતી ઘણીજી
અંતર અસહી પરીતાપે વીહવલ ગોકુલ ધણીજી ૨૨ ૧૬૦૫

એમ નીમીષ માંહે ઉભયને રસ ભાંતે હોય રસ રીતજી
ભકતને હૃદય એ ભકત જુત આવી બેસે છે ફરીને પ્રીતજી ૧૬૧૫

ભકત દ્વારા રસ પ્રગટ હોય જ્યાંહાં ઉભય સંયોગજી
તેહ રસ સર્વનો આપ પ્રભુજી પોતે કરે ભોગજી ૧૬૨૫

ભકતને સુખે સુખ કરી લહે ભકત સંતુષ્ટે હોય સંતુષ્ટજી
તે પ્રાણ વલ્લભે કરૂણા કરી એહવા કીધાં એ ઉતકૃષ્ટજી ૧૬૩૫

બીજે અવતારે અવતરીને કારજ રસ તણું કીધુંજી
પણ ભકત દ્વારા આપુ અનુભવે તેહ તેહોથી નહીં સીધુંજી ૧૬૪૫

એ સામર્થ મહા પ્રભુ વિના બીજે કહીં નહીં હોયજી
આજ્ઞા થકી જે અવતર્યા તે કેમ કરી શકે કોયજી ૧૬૫૫

એમ અગણીતાનંદે અગણીત કર્યો ભકત દ્વારા સહુ વિસ્તારજી
કયાંહાં લગી તેહ વીસદ કરૂં કહેતા પામું નહીં પારજી ૧૬૬૫

એહવું પ્રાગટય પરમાનંદ વીરલ રસ એહ સ્વરૂપજી
શ્રી ગોકુલનાથ ગોકુલ ધણી ગોકુલ કેરો ભુપજી ૧૬૭૫

સુક્ષ્મ થકી તે સ્થુલ સમુલ પોતા તણે સામર્થજી
લીલા ચરીત્ર પ્રગટ કરે ભકત નિરોધને અર્થેજી ૧૬૮૫

કાજ અનેક અદભુત કરે લૌકીક અલૌકીક તે રસ ભેદજી
પુરણતા એ પ્રભુની તેહને જાણે નહીં તે વેદજી ૧૬૯૫

અનુભવી માત્ર સદપાત્ર જે તેણે ઉર માંહે આણ્યાજી
તેહની કરૂણા કટાક્ષથી મેં કાંઇ અનુસારે જાણ્યાજી ૧૭૦૫

વેદ ગીતા શ્રી ભાગવત તણું દોહન કાઢીઉં એકાંતજી
સત્વ એક સ્વરૂપ અનન્યતા ભજનીય એ સિધ્ધાંતજી ૧૭૧૫

અહીં પુર્વ પક્ષ કેહેને હોય તેં એ કેમ કરી કહ્યું નિરધારજી
અનેક મતે અનેક સિદ્ધાંતનો કીધો છે બહુ વિસ્તારજી ૧૭૨।
ત્યાંહાં સીધ્ધાંત કરીને કહું એ શ્રી આચાર્યજીએ કહ્યું જી
શુદ્ધ આસય તે વીસદ કર્યા ભાગ્યવાને તે લહ્યું જી ૧૭૩।
ને એહ દોહન કર્યું તેહનો કરૂં વિસ્તાર તે સત્યજી
ભગવદ વચને કરી કહ્યું તેહ લખ્યું છે મેં તત્વજી ૧૭૪।
"વરો વૈસવણ તે તેન લભ્ય" એહ છે વેદની તે વાણીજી
તે માંહેં કેવલ સ્વરૂપ કહ્યું વેદ વચને કરીઅ પ્રમાણજી ૧૭૫।
જેહનું હું વરણ કરી કહું તેહ મુહને પોતે પામેજી
એમ સ્વતંતર એહ સ્વરૂપ કહયું બાકી નાંખ્યું સહ ભામેજી ૧૭૬।
ગીતાએ અનેક સમંત કહયા અર્જુને પુછા છે જેહજી
પણ સ્વતહ વચને કરી જે કહયું સીધ્ધ કર્યું મેં તેહજી ૧૭૭।
સર્વ માન પરિત્યાજ મામેકં શરણું વ્રજ એ શ્લોકજી
એ વચને અનન્યતા સીધ્ધ કરી અને કહયું વચન પરમ અલોકજી ૧૭૮।
શ્રી ભાગવત વિસે દસમ તે દ્વાદસ સ્કંધનું સારજી
તે માંહેં ભકત જે શ્લોકે કરી કર્યા છે વિસ્તારજી ૧૭૯।
તેથી અધિક એક શ્લોક માંહેં શ્રીમુખે પ્રગટ જે કીધું જી
ભકતનો સ્નેહ ઉપકાર જોઇ પોતેથીય માની લીધું જી ૧૮૦।
સત જન્મ લગી દાસત્વપણુ કરૂં તમારૂં હું અહીં અજી
તોએ તમારી સ્નેહ કૃત્યને હું અઋણી થાઉં નહીં અજી ૧૮૧।
એ માંહાં સ્વરૂપ અનન્યતા સ્નેહ તણો નહીં પારજી
એ મહા ફલ તણુ ફલ પ્રસીધ્ધ કર્યાંહાં લગી કરૂં એ વીસ્તારજી ૧૮૨।
એહ સમંત એ સ્વરૂપનો જોઇ લખ્યું છે મેં સીદ્ધાંતજી
કેવલ સ્વરૂપ અનન્યતા ભજનીય એ વરતાંતજી ૧૮૩।
એહથી અન્ય ઉપાય કો જાણે પુરૂષારથ તેહજી
તેહ વૃથા કરી જાણવા તેહના ધર્મ સમેત તેહજી ૧૮૪।
એહવું સ્વરૂપ એ લોકમાંહાં નહીં ભુતો ન ભાવીજી
ભકત હીત સ્વતઃ કરૂણા કરી ભુતલ પ્રગટીઆ આવીજી ૧૮૫।
કારણ અર્થ કારજ ઠરે કારજ કારણ રૂપ પોતેજી
અંતરમાંહાં મહારસ ભર્યા બાહાજય મર્યાદાની ઓટેજી ૧૮૬।
લીલા નીરવીધી નવલ નીત કરે છે આનંદની નીધીજી
ભાવ ભર ભકતના કાર્ય મનોરથ અંત થાએ છે સીધજી ૧૮૭।
સ્વતઃ ધરમી અને ધર્મ જુત ધર્મ ધુરંધર આપજી
જેહને જેહવો અભીલાખ છે તેહના તેમ હરે પરીતાપજી ૧૮૮।
હવે કેવલ ધરમીનું સ્વરૂપ કહું નીરાવરણ ને નિરૂપાધ્યજી
અંગ અંગ સર્વ અતિ અભિનવા રૂપ સયુંકત તે રસે સાધ્યજી ૧૮૯।

એહના ધર્મ પ્રમેય પ્રગટ નહીં'અ પ્રમાણ પ્રસીદ્ધજી
આધુનીક જે અનુભવ કર્યો સાંપ્રત્ય સનમુખે મહા નિદ્ધજી ૧૯૦।
પ્રાચીન ધર્મ પ્રમાણે જે ઐશ્વર્ય આદે છે જેહજી
તેહનું કારણ શ્રી મુખે કહયું ધર્મીથી અલગા છે તેહજી ૧૯૧।
સર્વ ધર્માન પરિત્યાજ મામેકં શરણં વ્રજ એ શ્લોકજી
એહ વચને એ ન્યારા કર્યા ભાવ એ કહીએ પરમ અલોકજી ૧૯૨।
એ ધર્મે જેકો અનુસરે તેહને ધર્મસુંજ સબંધજી
કેવલ ધરમી સ્વરૂપ છે ત્યાંહાં સબંધની ન ગંધજી ૧૯૩।
તેહ માટે મેં અલગા કર્યા પરમ પ્રાગટયના ધર્મજી
કેવલ સ્વરૂપ સમંધીઆ તેહ વીસદ કરૂં મર્મજી ૧૯૪।
જે ધર્મને અનુશરણથી પ્રાણ વલ્લભ રહે સાથજી
સ્વરૂપ રસ દાન મહા ગુઢ તે સર્વએ ધર્મને હાથજી ૧૯૫।
જે ધર્મને અવીલોકતા ને વલી અનુભવ કરતાંજી
સ્વરૂપનું સુખ તે સાંપ્રત્ય હોય સનમુખ થઇ અનુસરતાજી ૧૯૬।
જેહ ધર્મથી ધર્મી સુખી મહા ધર્મે હોય સંતુષ્ટજી
તેહ કાંઇ એક સુચન કરૂં અતી રસીક મહા પુષ્ટ પુષ્ટજી ૧૯૭।
નયણની કોર કટાક્ષથી સુચવે અનેક પ્રકારજી
રાજસ ને કરૂણા કરી સયન માંહે સતકારજી ૧૯૮।
મુસકનીએ મન વસ કરે કોએ ધરે નહીં ધીરજી
ત્રીયજન રસીક સમાજને વાધે અંગ અંગની પીરજી ૧૯૯।
મધુરવાણી મુખ ઉચરે અવ્યકત માધુરી એહજી
શ્રવણ પંથ અનુપમ અમીય રસ વૃષ્ટી હોય વલી તેહજી ૨૦૦।
કુટીલ ભ્રકુટી ભાવે ભરી ભાવ ઉપજાવતી ભારીજી
રસીક રસપાત્ર વેધી અને આકર્ષણ કરે નારીજી ૧।
અધર અધરામૃત પાનને દાન કરવા અતી સુરજી
નમી નૌતન ગતી એ રહ્યો વાધે પ્રતી ક્ષણું રસ પુરજી ૨।
સુભગ વક્ષ સ્થલ રાજતું ને ત્યાંહાં ઉંચ ઉરોજજી
એહની શોભા સહજ માંહાં વસ કરે કોટી મનોજજી ૩।
અંગ ચલણ વિલક્ષણ અને પ્રતીઅંગ ચંચલતાએજી
વેધી જે રસના જુએ તે સુખ કહ્યું નવ જાએજી ૪।
ક્ષણું ક્ષણું નવલ નૌતન છબી એક અંગ માંહાં બહુ ભાવજી
મન નયણે એક ટક જુએ તે લહે જે ભર્યા ચાવજી ૫।
એહ આદે દેઇ અનેક છે રસીક મહા રસ તણાં કોસજી
પ્રતીક્ષણું રતી ઉપજાવતા ઉભય આનંદના પોસજી ૬।
અગણીત અનુપમ અભિનવ જે માંહે બહુઆ છે વિસ્તારજી
જે ધર્મ તણા અતી ધર્મનો ધર્મી જાણે નહીં પારજી ૨૦૭।

ધર્મીથી અધીક બલવાન છે જે માંહે ધર્મી તે થાય મગનજી
રસીકને રસ માંહે રીઝવે જે માંહે મન રહે લગનજી ૧૨૦૮
એ ધર્મનેા જે ધર્મીય ધર્મતે છે માહા ફલવાનજી
જેહ એ ધર્મે સાધન કરીઅ કરે છે ફલ તણુ જ્ઞાનજી ૧૯
તે ધર્મનું ધર્મીય સ્વરૂપ માહા સુખ તણી રાસજી
અગણીતાનંદ પુરણ સદા રૂપ રસ તણેા જયાંહા નીવાસજી ૧૧૦
આક ચક્ષ રૂપ અંગેાઅંગ તણી અચલ સૌભાગ્યની માહા નીધ્યજી
પાન હેાય દાન સામર્થેથી તેહને સમુગ્ર એ સહુ સીધ્યજી ૧૧૧
એહવું ધર્મીય ધર્મ જુત કેવલ રસમઇ સ્વરૂપજી
એહના શીખ નખ વર્ણન તણેા મનમાંહાં મનેારથ અનુપજી ૧૧૨
માહારેા મનેારથ સિધ્ય તેા હેાય જો કરે કરૂણાનુ દાનજી
તે હીત મહેદને પારથું ચરણે લાગી માગુ માનજી ૧૧૩
પરમ રસીક અતી રસ ભર્યાં જે છે રસના સ્વતઃ સ્વરૂપજી
ભાવ આત્મીક જે ભાવે ભર્યાં કેવલ ભાવના રૂપજી ૧૧૪
સનમુખ રહી શ્રીમુખ જુએ અન્ય અનુસંધાન રહીતજી
સ્વરૂપ રસ પાન પ્રેમે કરે આરત્યા અનુભવ સહીતજી ૧૧૫
જેહના અંગઅંગ પ્રીય અંગની જોગ્યતાને અનુસારજી
મન ગમતા અલીલાખ તે કરેઅ છે બહુ પ્રકારજી ૧૧૬
શ્રીખ નખ નખ શીખ નિરખતાં પલક અલગી નવ થાયજી
અંગ વીચીત્ર જોઇ જોઇ અને ઉલટ અંગ ન માએજી ૧૧૭
વદન કમલ વલી વલી જુએ રૂપ રસ ઉરમાંહે સાંચેજી
નયણ ભ્રંગી રસ ઘુંટતા દ્રષ્ટી અલગી નવ ખાંચેજી ૧૧૮
તારતમ્ય એહ જોયા માંહાં મર્યાદી પુષ્ટી ને પુષ્ટ પુષ્ટજી
જોગ્યતાએ રસ અનુભવે તે જાણે એ જેહના ભાવ ઉતકૃષ્ટજી ૧૧૯
એહવું તારતમ્ય કરી સ્વરૂપમાં ભાવસું જે કરે છે પાનજી
ભજવદીયેાના સ્વરૂપ સંબંધીઆ જે છે માહા ભાગ્યવાનજી ૧૨૦
સ્વરૂપ અપેક્ષીત જે રસ તે તણા છે એ ભંડારજી
વાંછીત અર્થ પુરે સદા પ્રીયને જે રસ સારજી ૧૨૧
જેહના સ્વરૂપ સ્વરૂપથી અધીક અતુલી બલ રાસજી
જેહના રસ તણી રસીક વર પ્રતીક્ષાણુ પ્રેમસું કરે આસજી ૧૨૨
અહનીસ એહ અલીલાખસું આરત્યા અનુભવી અલીલાખેજી
એહ પ્રસન્ને પ્રસન્ન રહે ક્ષણુ ન રહે એહેા પાખેજી ૧૨૩
જીવન ધન ને પરમ પ્રીય પ્રીયને સર્વસ્વ જેહજી
જેહ વીનું અન્ય રૂચે નહીં સદા નીરંતર નેહજી ૧૨૪
જેહ અનન્ય પેાતે થકી સ્વતઃ સામર્થે પ્રભુ સમાનજી
દ્રીદલાત્મીક સ્વરૂપે પ્રગટ જે ને અપેક્ષીત દાનજી ૧૨૫

અંગ સમ પ્રાણ પ્રભુએ કહ્યા પુષ્ટી કાએન કહ્યા જેહજી
એક ૨સ ઉભય વીલસે સદા નીત નૌતન પેરે તેહજી ।૨૨૬।
જેહનો વી૨હ વ્હાલાજીને ધ્યાન જેહનું કરે આપજી
નામ ગીણના જેહની કરે આ૨ત જુત સહીત પ૨ીતાપજી ।૨૭।
જે ૨સમાંહે પાગ્યા પ્રથમ પ્રાણ વલ્લભ તણે નેહજી
તે સુખ સહેજ લીધે પ્રગટ પ૨મ આનંદીત એહજી ।૨૮।
કરૂણા કટાક્ષે કરીને જુવે તો હોય પ્રીયને સંતોષજી
એહવા પ્રકા૨ અનેક છે ગુઢ મહા ૨સ તણા કોસજી ।૨૯।
એહ વીસદ કયાંહાં લગી કહું થાય નહિં તે વિસ્તા૨જી
એહ ૨સ અનુપમ અભિનવો કહેતા પામું નહીં પા૨જી ।૩૦।
જેહનું વ૨ણ વ્હાલાજીએ કર્યું હોય ૨સ રીતજી
તેહ એ જાણવા જોગ્ય હોય ગુઢ માહા ૨સ તણી નીતજી ।૩૧।
એહવા સ્વરૂપને એણી પેરે અનુભવે જે ભાગ્યવાનજી
તે મહેદ માહા૨ે સર્વદા ચ૨ણે લાગી માગી માનજી ।૩૨।
સ્વપ્ન માંહે સાનુભાવે કરી દયા કીધી દેઇ માનજી
સ્વતહથી કરૂણા કરી કર્યું મહદ પદ ૨જ તણુ મુહને દાંનજી ।૩૩।
એહ બલેથી બલ સુચવી મનો૨થ મનમાંહે ધરીઅજી
સ્વરૂપ વર્ણન માહા પ્રભુનું કરૂં તે ઉલટ ભરીઅજી ।૩૪।
જેહ છે સ્વરૂપ ૨સમા૨ગી સ્વરૂપ ૨સ ભોગીયા જેહજી
સ્વરૂપ ૨સમાંહે પાગ્યા પ્રગટ એહ ૨સ જાણસે તેહજી ।૩૫।
અનુભવ સર્વ એકત્ર કરી કહયો ઉપની બુધી સા૨જી
ગ્રંથ એમ નામ ધરી અને કીધો પ્રગટ વિસ્તા૨જી ।૩૬।
સ્વરૂપ ૨સ તણી શ્રેણી એ સ્વરૂપ ૨સાવલી ગ્રંથ નામજી
સ્વરૂપ નેષ્ટીકનું સર્વસ્વ અને સ્વકીયનું પુરણ કામજી ।૩૭।
એ ગ્રંથનો અનુભવ તે કરે જે મન બુધી ચિત અંતઃકર્ણજી
એકત્ર કરી સાવધાન થઇ નેત્ર મઇ કરી કર્ણજી ।૩૮।
સ્વરૂપ સર્વાત્મ ઉ૨માંહાં ગ્રહી અંત૨ ૨મણ માંહાં ધરી ધ્યાનજી
નેત્ર માંહાં સ્વરૂપ રાખે પ્રગટ તે કરે ગ્રંથનું ૨સ પાનજી ।૩૯।
શીખ થકી નખ પ૨જંત જે સુચનીકા અંગ તણીઅજી
સમય સમયની વીસદ કરી કહું તે અતિશય સોહામણીજી ।૪૦।
પ્રગટ પ્રમેય સાંપ્રત્ય મેં અનુભવ્યું સનમુખ ૨હીઅજી
છાયા માત્ર હું સુચન કરૂં બુધ અનુસા૨ે તે કહીઅજી ।૪૧।
પ્રથમ પ્રમાણ કહું સ્વરૂપનું સ્વરૂપને ઉ૨માંહે ધરીયજી
ચ૨ણ તલથી શીખ૨ મે૨ લગી રાખ્યું છે જે મંગલે ભરીજી ।૪૨।
જેણે એ સ્વરૂપ અવીલોકતા દ્રષ્ટી અલગી ન ખાંચીજી
અંગ આ૨ત જુત જોઇ જોઇ રાખ્યું જે ઉ૨માંહે સાંચીજી ।૪૩।

તેહ કાંઇ એક વિસદ્ધ કરૂં તેહની કરૂણાએ કરીયજી
અનુભવી માત્ર સદ્ધપાત્ર જે તેહને ચરણે અનુસરીયજી ।૨૪૪।
માહારૂં સામર્થ એકેા નહીં ને નહિં બુધીનેા તે પ્રવેસજી
ભાવ સમ સ્વકીયને અનુસરી અને કર્યો મનમાંહે ઉદ્દેસજી ।૪૫।
સમુચ્ચ ઉંચુ ચેારાસી મંગલ નિજકર મંગલે કરીઅજી
એકસેા તેર લખ્યું છે ઉંચા નીચા અંગ ભરીઅજી ।૪૬।
ચરણ તલથકી ઉંચાઇ એ ઉપરે શીખરનેા મેરજી
મેરૂથી ચરણ લગી થાય છે મંગલ એકસેા તેરજી ।૪૭।
પૃષ્ટ ભાગે તે પ્રમાણ મંગલ એકસેા ચારજી
તે સનમુખથી હવે વીસદ્ધ કરૂં પ્રથુક કરી અંગનેા વિસ્તારજી ।૪૮।
મસ્તક ઉપરથી શીખર તે થાએ છે મંગલ એકજી
હવે ઉતરતું તે પ્રમાણ કહું પ્રથુક કરીને વિવેકજી ।૪૯।
શીખરથી સુભગ લેલાટ લગી એહ નવ મંગલ થાયજી
કરણ પુટથી ને ચેાહેા ભાગથી શીખર નવ મંગલ ગિણાયજી ।૫૦।
શ્રીમુખ સુખદ સાડા દસ સેાલતે મંડલા કારજી
ભ્રુકુટી થકી ઠેાડી લગી એહનેા અનુપમ પ્રકારજી ।૫૧।
અહીં લગી વીસ સાડા થયા મંગલ ગિણુનાએ કરીયજી
મંગલ છ તે શ્રી કંઠ એ કહું છું ઉલટ ભરીયજી ।૫૨।
કંઠથી હૃદય સાડા દસ ચૌડાઇ મંગલ સેાલજી
એહ સ્થલ નીરખી ભાવે ભર્યા ઉપજે રંગના રેાલજી ।૫૩।
હૃદયથી ઉદર લંબાઇ તે નાભિ લગી મંગલ બારજી
રેામ ધારા થકી બેહુ પાસ નવ નવ મંગલ વીસ્તારજી ।૫૪।
નાભી થકી રસ સ્થલ લગીઅ સાડા દસ મંગલ હેાયજી
વર્તુલાકાર સેાડષ હેાય વીસદ્ધ નહીં કહી શકે કેાયજી ।૫૫।
સાડા એગણુ સાઠ મંગલ અહીં પરજંત તે કહીયેજી
આગલ કહું અર્ધ ભાગ જે તે અનુક્રમ થકી લહીયેજી ।૫૬।
જંધા મંગલ તે સતર સવા દિસે સુંદર સેાહામણીજી
મંગલ ચાર સાડા હેાય ઢાંપણી ઘુંટણ તણીયજી ।૫૭।
જાનુ મંગલ પેાણા એગણીસ ચરણ તે મંગલ તેરજી
એમ સમુચ્ચ એકસેાતેર ચરણથી શીખનેા મેરૂજી ।૫૮।
હવે પૃષ્ટ ભાગ પાછલ પ્રમાણ તે કહું છું મંગલ તે ભરીજી
વિવીધી પ્રકારે રચના કરી રાખ્યું મનમાંહે ધરીજી ।૫૯।
શીખ પાછલ મણી શીખથી ગ્રીવા લગી મંગલ નવજી
એહ સંકેત તેહજ લહે જેહને અતી અનુભવજી ।૬૦।
સુભગ ગ્રીવા છ મંગલ અને પીઠ તે મંગલ ચેાવીસજી
પીઠ પ્રનાલી મંગલ સવા ને વલી પેાહેાણી વીસજી ।૨૬૧।

જંઘન મંગલ સવા સતર નિતંબ તે મંગલ બારજી
ઘુંટણની કલા પાછલી સોહતી મંગલ ચારજી ।૨૬૨।
જાનુ ઓગણીસ પોણા તે એડી સુધી તે અનુપજી
તેર મંગલ ચરણાવીંદ મુજલગી મંગલ રૂપજી ।૬૩।
એકસો ચાર મંગલ પૃષ્ટ ભાગના તે એણે પ્રકારજી
હવે મધે મધ્યે અંગ પ્રમાણનો કહયો અને કહું વિસ્તારજી ।૬૪।
કરણ પુટ ચાર મંગલ ને ચોડાઇએ પાંચ તે થાયજી
કરણ મુલેથી ભુજ દંડ મુલ લગી મંગલ સાત તે ગણાયજી ।૬૫।
ભાવતાના ભુજ દંડ તે થાય છે મંગલ તેત્રીસજી
ભુજ મુલથી કોહોણી લગી સોલ સાડા બેહુ દીસજી ।૬૬।
પાંચ મંગલ હથેલી અને અંગુષ્ટ મંગલ ચારજી
અંગુલી મધ્ય તણીજે મંગલ સાડા તે ચારજી ।૬૭।
કક્ષપુટ મંગલ ત્રણ ત્રણ બેહુ પાસાની જે ઘેરજી
છત્રીસ મંગલ સોહીએ કટી પાખલનો તે ફેરજી ।૬૮।
ચરણારવીંદની પ્રપદ ચૌડાઇ સવાં પાંચ છે પાહાનીજી
એડીઅ સવાચાર ચૌડાઇ એ ઉપમા દીજીયે સાહાનીજી ।૬૯।
એણી પેરે અંગ પ્રતી અંગ મનોહર માહા મંગલે માપ્યુંજી
એહ અનુભવ કરવાવી અંતરંગને અતિ સુખ આપ્યુંજી ।૭૦।
પ્રાણ વલ્લભ પ્રાણ પ્રભુ પ્રાણેશ્વર પ્રાણ આધારજી
પ્રાણજીવન ધન પ્રાણ પ્રીય પ્રાણનુ સર્વ સારજી ।૭૧।
નિત્ય નૌતન છબી સુંદરતાની જે રાસજી
એહના સ્વરૂપ વરણન તણી મનમાંહેં ધરી છે આસજી ।૭૨।
નખથકી શીખ લગી નીરખીને શીખથકી નખ લગી નીરખુંજી
જોઇ જોઇ અંગ પ્રતીઅંગને અંતરમાંહાં ઘણુ હરખુંજી ।૭૩।
એક એક અંગ સ્વરૂપાત્મીકજે જે સુખ સ્વરૂપથી સીધ્ધ થાએજી
તેતે સુખનો શ્રી અંગઅંગ અનુભવ કરવાવે સુખદાયજી ।૭૪।
જે અંગ ભકતના અંગનો સ્વાદ લેઇ કરવાવે પાનજી
રસે સંતુષ્ટ પ્રીયને કરે એહવા પોતે રસવાનજી ।૭૫।
અંગથી સુખ અનુભવ હોય અંગથી રસ તણો ભર ભોગજી
અંગે આરતી મનની ટલે જયારે હોય અંગ સંયોગજી ।૭૬।
એહવા અવ્યકત માધુર્ય અંગ એકથી એક વીશેષજી
રસીક તણુ એ જીવન સદા સુંદર પરમ વરેસજી ।૭૭।
નિરખતાં પાર પામું નહીં એક એક અંગમાંહાં બહુ ભાવજી
સમય સમય તણા રૂપનો હૃદય અંતરમાંહાં ન સમાવજી ।૭૮।
એક શોભા એક સમયની તે ગ્રહી શકી ન જાયેજી
તો વચન માંહાં આણી લેખન માંહાં કેહી પેરે લખાયેજી ।૨૭૯।

સામર્થ એકો આણુ માત્ર નહીં કયેમ કરી શકું ઉચારજી,
જ્યાંહાં અંતરંગ વીન ગમ્ય નહિં તેહ કેમ થાય વિસ્તારજી ૧૨૮૦
ભગવદ્દી ભાવે પુરા પ્રગટ સ્વરૂપ વેધી મહા રસીક સુજાણુજી
પ્રાર્થું અંગપ્રતી સ્વાદના એહ ગુણ ગણ તણી ખાણુજી ૧૮૧
તેણે વર્ણન કર્યા સ્વરૂપના અનેક ભાંતે ને વિધીથી પ્રકારજી
પ્રગટ મહા ગુઢ ભાવે ભરીત વિસદ કીધો છે બહુ વિસ્તારજી ૧૮૨
તેહ ભગવદ્દી મેં પ્રાર્થ્યા માગી કરૂણા તણુ દાનજી
તેહની ચરણ રજ શીષ ધરી જે રજ માહા ભાગ્યવાનજી ૧૮૩
ને અંગ વરણને જે અંગને પ્રારથી લહી માહા કરૂણા વાનજી
તેહજ અંગ પ્રસન્ન થઈ કરસે નિજ સ્વરૂપનું મુહને દાનજી ૧૮૪
સ્વરૂપે નીજ સ્વરૂપ દેખાડીઉં આજ્ઞા સનમુખ રહી દીધીજી
મારા અંતર તણી આત પ્રાણુ જીવને માની લીધીજી ૧૮૫
એણે અનુભાવે ઉદ્યમ કર્યો છે માહા કારણ સહીતજી
કેવલ શ્રી અંગ વર્ણન કરૂં સાંપ્રત્ય શ્રંગારે જે રહીતજી ૧૮૬
વર્ણન એહ સ્વરૂપનું એક કરી કહ્યુ ન જાયજી
વયક્રમ ભેદે અંગના ભાવ ભિન્ન તે વિસદ ન થાયજી ૧૮૭
મેં શ્રીમુખ જોયું જે સમે પરમ સુંદર માહા સારજી
તે સમયનું સ્વરૂપ સુચન કરૂં બુધ્ધી તણે અનુસારજી ૧૮૮
પ્રથમ વર્ણન કરૂં કેશ સુદેશ માહા રસ તણુ રૂપજી
ઘન અને વિરલ રસ એહ મહા શૃંગાર પરમ અનુપજી ૧૮૯
મુલ થકી અગ્ર સમુગ્ર લગી સુખદ સોહામણા રાજેજી
શ્રંગારનો તે શ્રંગાર એ નીરખી શોભા લાજેજી ૧૯૦
ફરતા કુંતલ અને પુર્ણ દીર્ઘ મનોહર મન હરતાજી
એક એક વીરલ અતિ અભિનવા ન્યારી ન્યારી શોભા ધરતાંજી ૧૯૧
પાતલા પરમ સોહામણા નિર્ણીદ્ર નૌતન શોભા ધરતાંજી ઘાડા-જથોવધારે
તેજના પુંજ ઝલકી રહ્યાં રસ ઉદબોધના કરંતાજી ૧૯૨
શ્યામ માંહે શ્વેત સોહે સુભગ કોઇ કંચન કેરે વર્ણજી
તેહની આભા અલીનવી હોય એકનું એક આભરણુજી ૧૯૩
એક એક ન્યારા ન્યારા તણુ વર્ણન કરૂં વિસ્તારજી
એકને ભાવે અરૂજી રહ્યું કહેતાં પામું નહીં પારજી ૧૯૪
સંક્ષેપ માંહે કહીને કરૂં છું સુચન માત્રજી
એહ સાંભલતા અનુભવ થસે જેહ છે અનુભવી પાત્રજી ૧૯૫
શ્યામ સચીકણુ સરલ દીર્ઘ અતી સુંદર દીસેજી
સમય સમય તણુ રૂપ ન્યારૂં જોઇ હૈયડું હીસેજી ૧૯૬
પાછલી રાત્રે સેજયા થકી પોહોઢી ઉઠે માહારો નાથજી
મુડબંધો તે ઉતારીયો કેશ નીરખે સહુ સાથજી ૧૨૯૭

મરગળા રૂક્ષ કુંજલક જુત પેચ લપેટીયા છે જેહજી
પાગે પરાગ લાગી રહયેા અંતર સચીકણા તેહજી ।૨૯૮।
વલતેા તે ઝટકીને અંબેાડલેા વાલીએા સુંદર સારજી
તેહ સમય કેશ અભિનવ સુભગ શેાભા તણેા નહિં પારજી ।૯૯।
ઉપરેણેા અનુપમ ભાંતીસું કેશ પર બાંધીએા શીષજી
પ્રાંતનેા પેચ બેાસે નહીં છુટેા નાખ્યેા વામ દીસજી ।૩૦૦।
ચરણારવીંદ ક્ષાલણ કરી દંત ધાવન કીધું જયાંહાંજી
મસ્તકથી તે ઉપરેણેા છેાડીએા શ્રી હસ્તે ત્યાંહાંજી ।૧।
શ્રીમુખ પુંછતા સહેજ અંબેાડેા જુત વિથુર્યા તે કેશજી
તેહની શેાભા કેહી પેરે કહું રાજતા પરમ સુદેશજી ।૨।
તેલ લગાવવા પાંએાધારતા ઉપરેણેા શ્રી હસ્તે ધરીયજી
આડેા અવલેા નાખ્યેા શ્રીમસ્તકે રહ્યેા ભૂજ પર અનુસરીયજી ।૩।
તેલ બીછાવણે આવી ઉપરેણેા અલગેા કર્યેા ત્યારેજી
કેશની શેાભા સહીત અંબેાડલેા છેાડે છે જ્યારેજી ।૪।
તેલ લગાવવાને ગાદીએ બેસે છે પ્રાણ આધારજી
છેાડી અંબેાડેા વીરલા કર્યા કેશ તે તેણી વારજી ।૫।
રૂક્ષ રસ જુકત કુંતલ માંહે સરલ સુદેસજી
પ્રથમ નીરવાર્યા શ્રી કરે કરી રાજે અનુપમ વેસજી ।૬।
પછે કરમાંહાં ગ્રહી કાંકસીએ કરીઅ નીરવાર્યા કેશજી
અંગ મેાડીને આગલ ગ્રહયા એ છબી પરમ વરેસજી ।૭।
કેશના અણી કાંકસીએ નિરવારે છે ભૂપજી
એ સમયની છબી અભીનવી બીરાજતી પરમ અનુપજી ।૮।
વલતા સંપૂર્ણ કેશ અલવે તે બેાહેાલે માહારેા નાથજી
એ શેાભાને એક ટક રહી નિરખે છે જુવતીનેા સાથજી ।૯।
તેલ મહેલાવી મસ્તક માંહાં નિજ કરે મરદે છે જ્યારેજી
તે સમય કેશને નીરખતાં ત્રિપતી ન પામીએ કયારેજી ।૧૦।
તેલ લલાટે આવી ઢલીયું છે કચસું કરી કરીઅજી
એહ શેાભા કાંઇ અભીનવી નીરખું નયણાં ભરી ભરીઅજી ।૧૧।
વલતા સમુચ સંકેલીને તેહ મુઠી માંહાં લીધાજી
તેલ કટેારામાંહાંથી લેઇ અને એ મચમચતા કીધાજી ।૧૨।
ભીડી ભીડીને એકત્ર કરી મેહેલીઆ ઢલતા જેણી વારીજી
પીઠી પ્રનાલે જાહે વહે શ્રંગાર રસની ધારજી ।૧૩।
તેલ સંજેગે કચ જે જયાંહાં અટકી રહ્યા જે અંગેજી
તેહનેા ભાવ નીરખે નીપુણ સનમુખ રહી મન રંગેજી ।૧૪।
વલતેા અંબેાડેા તેલે ભર્યેા વાલીયેા કર તણે વલણેજી
ચુચુતેા ને તેલે ટપકતેા શ્રી મસ્તક કેરે ઢલણેજી ।૩૧૫।

ટપટપે ટીપાં પીઠે પડે ને આવે કટી લગી તે ઢલીયજી
એ શોભા અતી અભીનવી જોઇ પહોંચે મન રલીયજી ।૩૧૬।
વલતાં ઉઠીને નાહવા પાએોધારીઆ પ્રાણ આધારજી
નાહાતાં કેશ સુવેસ શોભા જોઉં તેણી વારજી ।૧૭।
શીષ કસેડી ઢોલે થકી કોઇ વીરલા થયા બાલજી
અંગુલીએ કરી નીરવારીઆ પીઠ ઉપર રહ્યા સુઢાલજી ।૧૮।
કુંતલ કચ લપટાયા જલ પરસથી સરસ તે થઇયજી
કોઇ સરલા ને કોઇ વગતી નીરખતા થયા સુખ મઇયજી ।૧૯।
નાહીને ઉઠી અંગવસ્ત્ર માંહાં લેઇ સંકેલ્યા તે જ્યારેજી
મીડી મરડીને પેચ દે શોભા પ્રગટ હોય ત્યારેજી ।૨૦।
બસીય અંગવસ્ત્ર પાછલ ગયું આગલ પ્રગટી તે શોભાજી
તેહ સમય કેશ કમનીયને નીરખી માનીનીના મન લોભ્યાજી ।૨૧।
છોડી અંગવસ્ત્ર ન્યારૂ કર્યું બેહુ કરે ઉકસીઆ કેશજી
શીષ થરકાવી ઉંચું કર્યું એ છબી પરમ વરેસજી ।૨૨।
પાછા નીહોરાઇ લટકે કરી ઉપરેણો ઓઢીએા જ્યારેજી
ઉપર કેશ પ્રસારીયા શોભા પ્રગટ હવી ત્યારેજી ।૨૩।
ઝટકી કર ફેરી અંબોડો વાલીયેા વલણ સુઢાલજી
લટકતો ને વલી ચલકતો રૂપરસે દ્રવીત રસાલજી ।૨૪।
પેચ બે દેઇ ત્રીજે પેચ ત્રજની અંગુલીયે તે કરીયજી
નીચેા કાઢીને સુખદ પેરે ખેંચીયેા બેહુ પાસે ફરીઅજી ।૨૫।
છોગેા ઉપર રહ્યો લટકતો એ છબી કહી ન જાયજી
અંબોડલેા નીરખીને એ સુખ ઉરમાંહે ન સમાયજી ।૨૬।
તીલક કીધેથી ચંદન ચીકુરે જઇ ચોંટયું તે અનુરાગજી
ભકત ભાગ્યવાન ભેદસું નીરખે પોતા તણેા સોહાગજી ।૨૭।
સુભગ અંબોડલેા ઢલકે ને ચલકે તે ચતુર વરેસજી
જગમોહને થઇ જગમોહને ભીતર કીધેા છે પ્રવેશજી ।૨૮।
કાજ ભીતર તણું કરી અને ફરે તીબારી માંહેજી
તે સમય અંબોડલાની છબી કોણ વીસદ કરે ત્યાંહેજી ।૨૯।
વાર બીજી બાહેર પાયેાધાર્યા છે દેહ કૃત્ય કાજજી
તે સમય અંબોડલાની છબી જુએ છે સકલ સમાજજી ।૩૦।
ઉભા રહી નાહાવા અંબોડલેા છોડીયેા જેણે તે સમયજી
તેહ લટકા પર વારણે જઇ સર્વને મન ગમયજી ।૩૧।
નિજ કરે તેલ મેહેલી નાહે તે શોભા કાંઇ ન્યારીજી
તેહ સમય કેશ નીરખી સુંદરી સરવસ રહી વારીજી ।૩૨।
ભીતરની તીબારી માંહાં બેઠા છે પરમ આધારજી
તેહ સમય કેશ પ્રસારીયા શોભા તણેા નહીં પારજી ।૩૩૩।

ધામ સનમુખ પીઠ દેઇ તીરછા થઈ ફેરવી વામ અંગજી
નીપુણ નીરવારે તેણે સમે નીરખી મનસા થઇ પંગજી ।૩૩૪।
પીઠ ઉપર કેશ કાંઇ રહયા વામ ભુજ પર ખસી આવ્યાજી
કાંઈ એક કરણ આછાદી મુખ પર રહયા તે ઘણુ ભાવ્યાજી ।૩૫।
જનમાષ્ટમીના ઉછવ માંહાં પીતદધી મસ્તકે ઢોલેજી
દધી માંહાં કેશ લપટાયા તે શોભા કહું કેહેને તોલેજી ।૩૬।
નાહયા પછી પણ પીત અનુરાગે કેશ રહે પાગીજી
કો એક દીવસ શોભા એ રહે તે નીરખે અનુરાગીજી ।૩૭।
શ્રી જમુનાજી નાહાવા પાયોધારે વાહાલોજી તે જયારેજી
અંબોડલો તે પાછલ થકી લટકતો નીરખીએ ત્યારેજી ।૩૮।
છોડી અંબોડલો જમુનાંજી માંહાં નાહાવા પધારે છે પોતેજી
ડુબકી દે ને બાહીર ઠાડા રહે ભકત મોહ્યા શોભા જોતેજી ।૩૯।
જલને સંમંધે ચંહુ ઓરે મુખ પર લપટાયા કેશજી
એ શોભા તેહ સમયની સુંદર પરમ વરેસજી ।૪૦।
કેશને અગ્રે ગાંઠ દેઇ બાકી વીરલા રાખ્યા સર્વજી
ચાલ ચાલે અતી ચપલ ગતી મુદીત મન કામને ગર્વજી ।૪૧।
લટકાસું લહેકે બેહુ ઓર ભુજ પર ખસી આવી ઢલીજી
પાછલ થકી નીરખે તેહની પહોંચે મનોરથ તણી રલીજી ।૪૨।
શ્રી મહાઓછવોછવ વર વરેંદ્ર વિવિધી સુખ દાતાજી
સુદી સપ્તમીએ નાહે નીપુણ આનંદભર રંગે રાતાજી ।૪૩।
કેશર ઢોલે તે કેશ કેશર માંહેં લપટાયા તે સોહેજી
તેહ રંગ રંગે મન માનીનીના ને વલી જગતને મોહેજી ।૪૪।
મારકંડ પુજા સમે જેહ અવીલોકયા છે કેશજી
તેહ જોઈ અન્ય શોભા આવે ઉરમાંહેં નહીં લેસજી ।૪૫।
અનુપમ સુંદર સુખદ ચટાઇ બેઠા તણે સમયજી
મુદીત મન માનીની મલીય ઉભા તેહોને ઘણુ ગમયજી ।૪૬।
તેહ સમય કેશ પ્રસારીયા પરમ સુંદર સુખરાસજી
કો બાંધી લટ કો વીરલ કોએ આરંદ્ર ને કોએ પ્રકાસજી ।૪૭।
ન્યારી શોભા એક એકની નવલ નૌતમ છબી છાજેજી
મુલ થકી અગ્ર અવીલોકતા કોટીક મનમથ મન લાજેજી ।૪૮।
ચલકતા ઢલકતા લલકતા ઢલતા દીસે સુઢાલજી
લસન માધુરી જુકત લહલહે શોભા તે પરમ રસાલજી ।૪૯।
પાતલા પરમ સોહામણા નીવીડ નૌતમ શોભા ધરતાજી
તેજના પુંજ જલકી રહયા રસ ઉદબોધના કરતાજી ।૫૦।
તેહ નીરર્વાયા કરકમલદલ કરી ફરી ફરી નીરખે છે નરનારજી
એહ સમયની શોભા જોઇને શોભા પામે નહીં પારજી ।૩૫૧।

અંગુલીદલ નખમણી મૃદલ જુત કેશ માંહેં કર્યો પ્રસારજી
તેહ શોભા અનુભવી લહે વચને થાય નહીં વીસ્તારજી ૧૩૫૨
ખસી આવ્યા જે કરમાંહેં કેશ તે બેહુ કરમાંહેં ધરીયજી
દોહોરા ચોહોરા કરીને વળ દે તે શોભા ભાવે ભરીયજી ૧૫૩૩
વલતા એકત્ર કરીને જુડો જુગતે કરી દીધોજી
સુંદરી એ સુખ જોઇ જોઇ મનમાંહાં મનોરથ બહુ કીધોજી ૧૫૪૪
ભોજન કરીય પધારીયા ચતુરવર ચોકીએ બેઠાં આવીજી
જુડો છોડી વીરલા કીધા કેશ આરંદ્ર લહી સુભાવીજી ૧૫૫૫
શોભા અવ્યકત તે સમયની અનુભવીને મન ભાવેજી
તેહ સમય કેશ વર્ણન તણો કહેતાં કાંઇ પાર ન આવેજી ૧૫૬૬
અર્ક આવીને પાછલ રહ્યો કીરણે સુખદ સેવા કરવાજી
આરંદ્ર કેશ સુદેશ કરી શીતનો પરીચાર હરવાજી ૧૫૭૭
કેશની જ્યોત કીરણે મલી આભા અનુપમ ઝલકેજી
ઢલકતા નિતંબ પરસીય ગાદી થકી નીચે લલકેજી ૧૫૮૮
કર અંગુલીએ નિવારીને વધલટ વીરલ તે કરીયજી
તે લટકાનો અનુભવ કરે અનુભવી ઉરમાંહેં ભરીયજી ૧૫૯૯
વિવીધ પ્રકારનેા પ્રગટ મરકંદ ફેલ્યેા ચોંહોં પાસજી
જેહનું નામ ન્યામીક નહીં એવેા પ્રગટયેા સુવાસજી ૧૬૦૧
વલતા સંકેલી એકત્ર કરી અંબોડલેા ત્યાંહાં વાલ્યેાજી
રૂપ રસનેા તે આગર સહુ સુંદરી મલી નીહાલ્યેાજી ૧૬૧૧
વલતા અંબોડલે જલકતે સેજ ઉપર બેઠા આવીજી
ક્ષણુ એક બેસી અંબોડલેા છોડયેા તે સુભાવીજી ૧૬૨૨
એક સમય એણે સમય પધારતા ઠાકુરદ્વારજી
શોભા દીઠી છે મેં કેશની તે રહી નયણા મંજારજી ૧૬૩૩
તેહ સમય લટકતે કેશ સિરાહણે રહયે કર ટેકીજી
પોઢયા અધ ભાગ મુખકનીય જુત એ સમય શોભા પરમ વિસેખીજી ૧૬૪૧
કાંઇ એક કેશ કરસું દબ્યા કાંઇ લટ છુટી તે ચોંહોં પાસજી
કેા લટ દોહે રી કેા વીરલ રહી પ્રજટી તે શોભાની રાસજી ૧૬૫૫
કરકમલે કેશ આછાદીને રહયા સીરાહણે પરસીજી
તે સમય જોઇ જોઇ વલી જુએ રૂપે શોભા રહી વરસીજી ૧૬૬૬
પોઢવાને સમય કેશ સંકેલી ઉપરેણા માંહાં લીધાજી
અવલા સવલા પેચ જુગતીસું કરી ચતુરાઇએ દીધાંજી ૧૬૭૭
કાંઇ ઉપરેણા તે માંહેંથી જલકે છે સુંદર સારજી
એહને પટંતર દેવા કેા નહીં એહની એ અનુહારજી ૧૬૮૮
પોઢી ઉઠયા પ્રાણ પ્રભુ ઉથાપને અલવસું જ્યારેજી
શીવથી ઉપરેણા અલગેા કર્યો કેશ અવીલેાકીએ ત્યારેજી ૧૩૬૯૯

મરગજ અદુલ મનોહર લસન પરમ માધુરી શોભા ધરતાંજી
વીવીધ રસ રસીક અનુભવીને અમીત ભાવે બહુ ભરતાજી ।૩૭૦।
વલતો જુડો દેઇ જુગતીસું જેમ દેવાની છે બાણુજી
સ્કંધ ઉપર તે જલકી રહયો રૂપરસ કેરીઅ બાણુજી ।૭૧।
ગાદી તકીયે તે ગોકુલ ધણી બેસે ઉત્થાપને આપજી
તેહ સમય કેશ અવીલોકતા હરે અંતર તણા પરીતાપજી ।૭૨।
પંખો કરે છે પ્રમુદીત થઇ ભકત અનુમોદને કરીઅજી
કુંતલ કેશ વયાર જુત ફરહરે અતી સુખ ભરીયજી ।૭૩।
મારગ પ્રણીત સેવા મીષે દર્શન આપવા જાએજી
પાછલ થકી અંબોડલો નીરખી કેા રૂપે નહીં અઘાયજી ।૭૪।
અંબોડલા માંહે પુષ્પ કેા સમય લટકી રહી માલજી
ઢલકતી ચાલે લલકતી ઘણુ શોભા તે પરમ રસાલજી ।૭૫।
અશ્વે અસવાર થઇ કે રથ પાલખી બેસે જયારેજી
રંજીત રજ સહીત રાજતા કેશ અવીલોકીએ ત્યારેજી ।૭૬।
નાહે ઉથાપને પ્રાણ પ્રીય તેહ સમય કેશનું જે ચરીત્રજી
તેહ શોભાને અવીલોકતા જાણે અનુભવીની મન વૃતજી ।૭૭।
આરતી કરતા પાછલથી અંબોડલાની અનુપમ કાંતજી
જગમગે જયોતી ન્યારી નવલ શોભા કાંઇ અદભુત ભાંતજી ।૭૮।
બંટો સમારતા નીપુણ નિહોરાઇ ઘુંટે જેમ ફેરેજી
તેહ સમય લલકે અંબોડલો જુવતી તણા મન ઘેરેજી ।૭૯।
સંધ્યાને સમય તે છોડી ઝટકી ફરી વાલ્યો આપજી
તૃષીત આરતે અવીલોકે છે તેહના હરે તે પરીતાપજી ।૮૦।
સેન આરતી કરીઅ લટકતા પાયોધારે બેઠકે નાથજી
દીપક જયોતી આગલ ધરી સંગ સ્વકીયનો સાથજી ।૮૧।
જયોતી જુત કેશની ઝલકની ચલકની ચતુરા જે નીરખેજી
એહ શોભા અલીનવીને જોઇ જોઇ ઉરમાંહે હરખેજી ।૮૨।
ગાદીએ બેસી તકીયા પરે વીરલા કરે તે છબી ન્યારીજી
વલી નીરવારે તેણે સમય તેહ શોભા પર વારીજી ।૮૩।
તેલ સેજ્યા પર તેલે પોંહોંચીને બેસે માહારો નાથજી
મુડબંધો તે ખવાસે લેઇ આપીયો માહાપ્રભુ હાથજી ।૮૪।
પ્રથમ ઉપરેણો બાંધ્યો તે જમણે કરે લેઇ મેહેલ્યો સેજજી
કેશ પીઠે તે પ્રસારીયા નીરખે નવલા ભરી હેજજી ।૮૫।
મુડબંધાનો પાલવ પ્રસારીને લઇ મેહેલ્યો શીષજી
ફેરવી પેચ દેઇને સાહ્યો જમણી દીશજી ।૮૬।
અંગ મોડીને આગલ કર્યા કેશ જમણે કર ગ્રહીજી
સ્કંધ પર થઇ ઉર પરસીયા તે છબી જાએ ન કહીજી ।૩૮૭।

વલતા કરસું ગ્રહી પેચમાંહાં ભરીને પેચ તે દીધાજી
પેચમાંહાં આભા અનુપમ જોઇ સર્વના મનોરથ સીધાજી ૧૩૮૮
પોઢયા ઉપરાંત એકાંત રસ લીલા તણો છે જેહ વીસ્તારજી
તેહ સમય કેશ સુદેસ સુખ કેમ કહું પામું ન પારજી ૧૮૯
દ્રષ્ટીને એ અનુભવ નહીં જીભ્યા હારી રહી અહીંજી
અનીરવચનીયને ભાવે કરી સુચવું શું તે કહીજી ૧૯૦
એણી પેરે કેશ કારણ મઇ દર્શન આપે છે બહુ રીતજી
ભાવ સમ જોગ્યતાએ કરી સ્વકીય નીરખે કરી પ્રીતજી ૧૯૧
કેશ અવલોકન તણી લીલા કહી પરમ રસાલજી
હવે ઉતરતે ક્રમે કહું ઉચસ્થલ સોહે ભાલજી ૧૯૨
લલીત લેલાટ મધ્યે ઉચસ્થલ ત્રપત્રપે તેજની રાસજી
સ્વકીય સૌભાગ્ય ઉદય તણો પ્રગટ દીસે છે એહ પ્રકાસજી ૧૯૩
ઝલકતો ઉચ તેજે કરી ઉચસ્થલ પરમ રસાલજી
અખીલ બ્રહ્માંડ માંહાં જ્યોતી વીસ્તીર્ણ છે એહની સહુ કાલજી ૧૯૪
એહ ઉદ્યોત અવીલોકતા જ્યોતી જ્યોતે અતિ ભરીજી
જોઇ જોઇ જગત મોહામણુ નવ શકે ધીરજ ધરીજી ૧૯૫
તેજનો પુંજ એ ઉચસ્થલ ભાગ્યના ભાગ્યનું રૂપજી
શોભા કહેવા કો સામર્થ નહીં એહવો સ્થલ પરમ અનુપજી ૧૯૬
પ્રાત ઉઠે પ્રભુ પ્રેમ ભર રંગમગ્યા પરમ રસાલજી
સહેજ શુભ તેજે અતી ઝલકતો ઉચસ્થલ સુભગ સુભાલજી ૧૯૭
મંગલ નીધી મંગલ સમેનુ દેઇ દર્શન દાનજી
તેહ સમય ઉચસ્થલની શોભા જુએ મહા ભાગ્યવાનજી ૧૯૮
એકાંત સ્થલે પાએાધારીને ફરી પાએાધારે છે જયારેજી
તેજ માંહાં ઝલકતો ઉચસ્થલની તે શોભા જોઇએ ત્યારેજી ૧૯૯
ચરણ ક્ષાલણ કરતાં ને જે ફરી પધારતા તેલગાદીજી
અનેક શોભા તેજ મય તે ઉચસ્થલને તેજે આછાદીજી ૨૦૦
તેલ લગાવતા સમયે તે ચાક ચક્ષ શોભા તે ઝલકેજી
મુગ્ધીત થઇ મોહે મન મુગ્ધાના ભાવે પુરીત થઇ ઢલકેજી ૨૦૧
તેજ મય જલકે તે ઉચસ્થલ નાહ નાહવા પધાર્યાજી
તેહ સમય ઉચસ્થલની શોભા જોઇ ભકત ઓવાર્યાજી ૨૦૨
નાહાતા અંગવસ્ત્ર કરતાં ને પધારતા નવ નવી ભાંતજી
પીઠે બેસીને તીલક કરે રાજે અનુપમ કાંતજી ૨૦૩
અનુપમ અભિનવે ઉચસ્થલે તીલક મહા તેજની રાસજી
તે મેંડ રેખા માને નહીં ફેલી ચાલે ચોહોં પાસજી ૨૦૪
આરસી કરીને ફરી જુએ આરસી હસ્ત માંહાં લેઇજી
તેહ સમય ઉચસ્થલ જોઇને થાએ સહુ આનંદ મઇજી ૨૦૫

શ્રી જમુનાજીએ નાહીને પધારે મંદિર ભણીયજી
સુર્યના કીરણ સનમુખ હોય તેહ શોભા સોહામણીજી ।૪૦૬।
બીજી વાર બાહર પધારી ઉભા રહે ભીંતે અટકીજી
તે સમય ઉચસ્થલનું તેજ રહ્યું ત્રૈલોકય માંહાં ચટકીજી ।૭।
તે જોઇ ભકત સૌભાગીયા ઉચસ્થલ ઉરમાંહેં રાખેજી
એ તેજની જયોતી જોઇ જોઇ અંતરમાંહાં અભિલાખેજી ।૮।
વલતા ગડુએ પધારીને ચરણ ક્ષાલણ કરે ફરીજી
નાહી ભીતર પધારે છે તેહ શોભા તેજે ભરીજી ।૯।
બેસે ચટાઇ તેણે સમય દર્શન આપે ઉચભાગજી
અનુભવીયના અનુભવ તણો સાંપ્રત્ય એહ સોહાગજી ।૧૦।
ભોજનને પધારીને ફરી પધારે છે જયારેજી
સનમુખ રહી અવીલોકીએ ઉચસ્થલ ઝલકતો ત્યારેજી ।૧૧।
ચોકીએ બેસે ચતુરવર શીત નીવારણ કાજજી
તેહ સમય ઉચસ્થલની જયોતી નીરખે તે સર્વ સમાજજી ।૧૨।
વલતાં આવી બેઠા સેજે હેજે જે જોઇ જોઇ હરખેજી
ઉચસ્થલની તે જયોતી આવી નયણા માંહાં વરખેજી ।૧૩।
ઉથાપને શોભા અભીનવી તે કાંઇ કહી ન જાયજી
ગાદી મુઢે બેઠા તેહ સમયની જયોતી નયણા માંહાં ન સમાયજી ।૧૪।
ભીતર જઇ પધારતા આગલ દીપકની જયોતીજી
ઉચસ્થલની તે જયોતીનો પ્રગટ થયો અધીક ઉદ્યોતજી ।૧૫।
તેલ સેજયાથી ઉઠીને પાગ બાંધે છે તે જયારેજી
સનમુખ દીપે અવીલોકીએ ઉચસ્થલની શોભા ત્યારેજી ।૧૬।
સનમુખ સેન સુખસેજે બેસે પ્રભુ સનમુખે ઉભા છે ભકતજી
તેહ સમય નિરખે એ ઉચસ્થલ પ્રહસીત થઇ અનુરકતજી ।૧૭।
હવે સુંદર સુભગ લેલાટની શોભા પ્રગટ દીસે ભારીજી
સમય સમય તણાં રૂપની આભા અવીલોકીએ ન્યારીજી ।૧૮।
પ્રાત પ્રભુજી પોઢી ઉઠયા તે શોભા કાંઇ ભીનજી
લલીત લેલાટ પર ચીન્હ નિસીના તે રાજે છે પરમ નવીનજી ।૧૯।
મુડબંધ તણા પેચની આભા ઉપટી ઘણુ રાજેજી
તીલકની રેખા કયાંહું એક રહી તેહ અપરમીત ભ્રાજેજી ।૨૦।
કુંતલ કેશ લેલાટે ઉપટયા તેહની શોભા નીરખુંજી
જોઇ જેઇ જગત મોહામણી ને ઉરમાંહાં ઘણુ હરખુંજી ।૨૧।
એકાંત પાઓધારતા સમય ચોતરીએ ઉભા આવીજી
તેહ સમય શોભા લેલાટની અંતરમાંહાં ઘણુ ભાવીજી ।૨૨।
ફરી પાઓધારીયા ચરણ ક્ષાલણની ચોતરી છે જયાંહાંજી
મુખ પ્રક્ષાલણે દંત ધાવનને લેલાટ નીરખીએ ત્યાંહાંજી ।૪૨૩।

તેલ લગાવાની ચાક ચક્ષ તેહ જોઇ મન મોહેજી
કુંતલ તેલ ભીના તેહની સુભગ કણીકા બુંદ સોહેજી ।૪૨૪।
તેલ શીષે મેહેલતા ઢલી આવ્યું જે લેલાટને ઠામજી
વેગ લીધું સમેટી તે શોભા નીરખે રહી વામજી ।૨૫।
નાહાતાં લેલાટે આરકતતાની છબી અભીનવી દીસેજી
કુંતલ કેશ લપટાયા તે શોભા જોઇ હૈયડું હીસેજી ।૨૬।
અંગવસ્ત્ર કીધે જે રૂક્ષતા તેહ નૌતન શોભા ધરેજી
તીલક કીધે થકી તીલક ને એહ અભીનવ રૂપે ભરીજી ।૨૭।
રાગ સાંભલવા તે સુરત દે કુંજલક લલાટે તે સમયજી
ફરી ફરીને અવીલોકીએ શોભા તે ઉરમાંહે રમયજી ।૨૮।
નાહાતા રગ સુભગ લેલાટની તે ફુલી આવે ચિન્હજી
હરીત આભા સોહે અરૂણ માંહાં તેહ શોભા કાંઇ ભિનજી ।૨૯।
તીલક કરવાને લેલાટ ઉંચું કરે સહેજ સુભાવીજી
રેખા ત્રીવલી તે એહ સમય એકત્ર થઇ રહી આવીજી ।૩૦।
આરતી સમય ભગવદી તીલક કુમકુમ કરે તે જ્યારેજી
સનમુખ લાવે લેલાટ નીહોરાઇને નીરખીએ ત્યારેજી ।૩૧।
હોમ ઘરથી હોમ કૃત કરી બાહેર પાઓધારે છે પોતેજી
શ્યામ બિંદુકી લેલાટ પર ભકત મોહી રહ્યા જોતેજી ।૩૨।
તેહ શોભા જોઇ સુંદરી નીરખતાં નયણા ન ખાંચેજી
સુંદર રૂપ સોહામણુ જોઇ જોઇ ઉરમાંહે સાંચેજી ।૩૩।
બીજીવાર નાહાવાને પધારી ભીંતે રહયા અટકીજી
સનમુખે તેજનો પુંજ લેલાટ જયોતે રહયું ચટકીજી ।૩૪।
મૃદુલ ચટાઇએ ચતુરવર ચતુરાઇ કરી બેસે પોતેજી
તેહ સમય શોભા લલાટની સર્વ મુદીત થયા જોતેજી ।૩૫।
ભોજનને પાયોધારે ને ફરી પાયોધારે છે જ્યારેજી
ચોકીએ બેઠાએ ઝલકતું સોહે લેલાટ તે ત્યારેજી ।૩૬।
સેજ બેઠા તે ઉથાપને ગાદીએ શોભા તે ન્યારીજી
તેહ સમય સુભગ લેલાટની આભા જોઇ જોઇ વારીજી ।૩૭।
સેન આરતી કરી આવતા સનમુખે દીપક જયોતજી
તેહ સમય લેલાટની શોભાનો અદભુત ઉદ્યોતજી ।૩૮।
તેલ સેજયા થકી ઉઠીને મુડબંધો બાંધે નાથજી
લલીત લેલાટની લાલીમાને તે નિરખે સહુ સાથજી ।૩૯।
તેલ સેજયા થકી ઉઠીને ચરણ ક્ષાલણ કેરે કાજજી
દીપક જયોતિ સનમુખ રહે લટકતાં પાયોધારે રાજજી ।૪૦।
તેહ સમય એ લેલાટની તેજમય ઝલકે તે કાંતજી
સુંદરી સુંદરતા લેલાટ તણી નીરખતા પામે ન પ્રાંતજી ।૪૪૧।

સુખદ સુંદર સુખસેજ પર સનમુખે બેઠાં છે આવીજી
લેલાટની એ શોભા જુએ જેહવી જેહને મન ભાવીજી ૧૪૪૨।
હવે સહેજ તીલક અનુહારની રગ બેહુ રાજે ઉર્ધ અનુપજી
તેહ કરાવે કેા એક સમય દર્શન ગુઢ અતિ નિજ રૂપજી ૧૪૩।
નાસીકા મુલ થકી અને ઉરધ લેલાટ થઇજી
કેશ લગી જઈય રપસીં રહી બેહુ રગ મહા રસ મઇજી ૧૪૪।
કેા સમય સહેજ પ્રકુલીત રહે નાહાતા ઉપટી રહે એ વીસેસજી
એ શોભા સ્વરૂપ વેધી લહે અન્ય સમુજે નહીં લેસજી ૧૪૫।
એ તીલકવત બેહુ રગ મધ્યે તે શ્યામ રેખા છે પરમ અનુપજી
મધ્ય લલાટે અતી અલીનવી એક અંગુલ છે તેહનું રૂપજી ૧૪૬।
પાતલી પરમ સેાહામણી વંક કાંઇ ડાબી પાસેજી
એહને ઉપમાં કેહેની દીજીએ પરમ સૌભાગ્યની રાસજી ૧૪૭।
કેશર તીલકની રેખા માંહાં વેશ અદભુત મહા રાજેજી
કેા સમય સુક્ષ્મ દરશ દે કેા સમય પ્રગટ એ બ્રાજેજી ૧૪૮।
નાહાતાં નવલ છબી એહની અંગવસ્ત્ર કરતાં પરમ અનુપજી
તેહ સમય સનમુખ નીરખીએ શ્યામ રેખા તણુ રૂપજી ૧૪૯।
ભકતે ભાવતી રેખા જોઈ ચુંબન રસમાંહાં ત્યાંહાં દીધુ જી
અધરથી પીક રસનું પ્રાગટ સહેજ માંહાં અલંકૃત કીધું જી ૧૫૦।
શ્રંગાર રસને વિજય તીલક કીધું અનુરાગે તે ભરીજી
તેહ શેાભાને સનમુખ રહી રસીક નીરખે ફરી ફરીજી ૧૫૧।
એ ગુઢ આસય અનુભવી લહે આપુ સમજાવે તે જયારેજી
તેની કરૂણાએ એણી ભાંતીનું હેાય દર્શન સુખ ત્યારેજી ૧૫૨।
નીરખી નીરખી સુખ પામીએ એ શેાભા તે પરમ રસાલજી
શ્રંગાર રસને સ્વરૂપે તે ઉદય કીધેા છે એણે ભાલજી ૧૫૩।
જમણી પાસા ભ્રકુટી નીકટ રગ રહી મુડી ને જેહજી
તેહનું અનુકરણ શું કહીને વચને વિસદ કરૂં તેહજી ૧૫૪।
જેહવેા હકારનેા અંક હેાય સ્વરૂપ છે તેહનું તેહવું જી
સમેાવડે કેાણ કરીને કહી સમુજાવું જે આ જેહવું જી ૧૫૫।
ડાબી પાસા લમણે થકી તીલ પરજંત તે રહીજી
ઉંચી નીચી રગ શ્રેણી વર્ણવું તેહને શું કહીજી ૧૫૬।
આડે પરવતને આકારે ને ભ્રકુટી પરસી રહી એક ટેકજી
એહનેા ભાવ હું શું કહું અલપમતી કરીને તે વીવેકજી ૧૫૭।
એક એક માંહે મલતી અને જેહવી હેાય છે જંજીરજી
શીષના કેશને પરસતી આવી રહી તીલકને તીરજી ૧૫૮।
નાહાતા અંગવસ્ત્ર કરતાં અને બીડું આરેાગતા શ્રમ થાયજી
વલી જેજે શ્રમ તણા સમય માંહાં ત્યાં પ્રગટ જણાયેજી ૧૪૫૯।

કો સમય કુલી પ્રગટ રહે કો સમય સુક્ષ્મ ભાસેજી
એમ અંતરંગને દાન દે અન્ય સમજે નહીં આસેજી ૧૪૬૦
વંક ભ્રકુટીનું વર્ણન કરૂં કરીયને એહની આસજી
સમય સમય શોભા અભીનવી સુચનીકા કરૂં પ્રકાસજી ૧૬૧
આદ્ય એ ઉભય સનમુખ પણ પ્રાંતે અણીઆલીજી ૧૨મ
વંક જે ધનુષ આકારની નીરખતાં પરમ રસાલજી ૧૬૨
નીબીડ નવ નૌતન ભાંતીના રાજે સચીકણ બાલજી
પરમ શોભા ભરી શ્યામતા માધુરી પરમ રસાલજી ૧૬૩
છેટા છેટા એક એક પર રહયા રસે ભર મલીયજી
લીકવત થઇ એકત્ર રહયા પ્રાંત ભાગે ઢલી ઢલીયજી ૧૬૪
નાહાતા જલ અટકી એણે સ્થલે રહે કણીકા બુંદ પાંત્યજી
તેહની શોભા કયાંહાં લગી કહું સોહતી અભીનવી ભાંત્યજી ૧૬૫
ભાવ સુરતે ભેદ ગુણીને શીખવે રાગનું રૂપજી
તેહ સમય ઉચ ભ્રકુટી કરે રાજતી પરમ અનુપજી ૧૬૬
મુસકાતા ને વલી હંસતા શોભા હોય શું કહું એહજી
તીરછું અવીલોકતા વલણ ભ્રકુટીનું અભીનવું તેહજી ૧૬૭
ભોંહે કરી સેન સીક્ષા સેને વાત સનકારથી જયારેજી
તીલક કરતાં જે ઉંચી કરે ભ્રકુટી શોભા જોઉં ત્યારેજી ૧૬૮
સ્વર દે કો એક સમય આપથી ગાવા લાગે ગુણી સંગજી
હાસ્ય કટાક્ષ કરતા માંહાં ઉપજે અભિનવ રંગજી ૧૬૯
પ્રણયનો કોપ કો પર કરે ભુકુટી ચઢાવીને જયારેજી
તેહ શોભા કાંઇ અભીનવી નીરખીએ સનમુખ ત્યારેજી ૧૭૦
ભ્રકુટીમાં મુસકાવું ને ભ્રકુટીમાંહાં ઉતર દીજેજી
ભાવ રસના બહુ સુચવે શોભા તે કેની સમ કીજેજી ૧૭૧
ભોંહ મોડયાની લાઘવમાં સમુજે રસીક રસ ભોગીજી
જેણે એ સ્વરૂપ અનુભવ કર્યો જે શ્રી અંગના સંજોગીજી ૧૭૨
પ્રાતથી ઉઠી પોઢયા લગણ નીત્ય ચરીત્ર તેહનું કહ્યુંજી
ભાવ ગુઢ રસ પોષક તેહનો પાર ન લહું અજી ૧૭૩
હવે ભ્રકુટી બેહુનુ મધ્ય સ્થલ નાસિકા તણુ જે સમુલજી
તીલક સમુહ જયાંહાંથી કરે તે કહું થઇ અનુકુલજી ૧૭૪
બેહુ ભ્રકુટીના કેશની બેહુ પાસા સોહે પ્રાંતજી
નીચે નાસા ને ઉપર ભાલ મધ્ય એ અભીનવ ભાંત્યજી ૧૭૫
પ્રસન્ને પ્રસન્ન દીશે ઘણુ પ્રણય કોપે થાયે સંકોચજી
તીરછું જોતાં કુંજલક પડે તે મહા સુખ તણી લોચજી ૧૭૬
ભુકુટીના ભાલ રસાલ બેહુ ઓર કો કો રહયા નમીજી
તેહની શોભાએ સુંદરીને સીંચે મહા સુખ તણી અમીયજી ૧૪૭૭

નાહાતા કસેડી જલ તણી ઢોલે તે શીયે જેણી વારજી
ભ્રકુટી મેંડે જે જલ અટકી એ મધ્ય સ્થલે ઉતરે તેણી વારજી ૧૪૭૮।
એ શોભા અભીનવ પણ સુક્ષ્મ ગતી છે એહનીજી
એહ ૨સ પાન તેહજ કરે દ્રષ્ટી સુક્ષ્મ હોય જેહનીજી ૧૭૯।
તીલક કરતાં તે દક્ષણ કર આણે લેલાટને પાસજી
રાખી અધ ભાગ તીલક કરે તેહ લટકો સુખ રાસજી ૧૮૦।
ભ્રકુટી લેલાટ અને ઉચસ્થલે તેહ સમય ત્યાંહાંથીયજી
અનુભવી તેહ અનુભવ લહે કહેતાં સમજયું નહીં જાયજી ૧૮૧।
લલીત લમણા બેહુ ઓરના લસે લેલાટની પ્રાંતજી
એહની શોભા અભીનવી રાજતી અનુપમ કાંતજી ૧૮૨।
બીડું આદે જે આરોગતા તેહ પુલકીત થાય ઠામજી
તેહ શોભા અભીનવી જોઇ મનમાંહે ઉપજે અભિરામજી ૧૮૩।
હાસ્ય પ્રસન્તા ને વલી આંતરીકની જે કુલજી
ઉભય લમણા માંહાં સુચન હોય એહના સ્વરૂપ સમુલજી ૧૮૪।
કર્ણ શ્રી અંગ વર્ણે સુભગ સુખદ શોભા કેરા રૂપજી
જુવતી જન રસીક રસ વાકય સંચય તણા ઉભય એ કુપજી ૧૮૫।
વર્તુલાકાર કમનીય એ રાજતા પરમ રસાલજી
ફરતા જેજે સ્થલે સોહીએ તે સ્થલે સોહતા બાલજી ૧૮૬।
ચાંપુઆ પરમ કોમલ અને ઉભય ત્યાંહાં અભીનવા તેહજી
તેહ વેધે મન ત્રીય તણા પ્રતીક્ષણ પ્રગટાવે નેહજી ૧૮૭।
નાહાતા તીરછા નિહોરાઇ જલ છીટકે બેહુ કરણને ફરી ફરીએજી
તેહ સમયની શોભા સુખદ મેં નીરખી નયણા ભરી ભરીએજી ૧૮૮।
કર્ણ છીટકેથી કણીકા ઝરે ફરી ફરી પડે જે ધારજી
તેહ શોભા અવીલોકીએ પણ નહીં પામીએ પારજી ૧૮૯।
પોઢી ઉઠે જયારે પ્રાણ પ્રીય ન્યારી શોભા કાંઇ તેહજી
કર્ણ આરકત વરણે હોય મરગજા મૃદુત્ન જેહજી ૧૯૦।
કવીત સંગીત શ્રવણે સુણે ને વલી સુણે ગાનજી
સન્મુખ કરીને ધરે છે તે જુએ છે મહા ભાગ્યવાનજી ૧૯૧।
ભકતનો સુજસ સુણી અને પરમ પ્રફુલીત થાએ કર્ણજી
એક ચીત એતદપર થઇને રહે જગત આભર્ણજી ૧૯૨।
રસમાંહે રસીક રસભકત જે વાત કરે કાને લાગીજી
તેહ સાંભલવા એ કર્ણને કુલ તે અતી અનુરાગીજી ૧૯૩।
દક્ષણ કર્ણ ચાંપુઆ નીચે મસ પરમ સોહાયજી
શ્યામ આરકત શોભા ધરે તે છબી કહીય ન જાએજી ૧૯૪।
એહવા એ જસ રસે પુરીત કર્ણ તે પરમ સુદેશજી
રાજતા રસીક સોહામણા મૃદુલ મહા મનોહર વેશજી ૧૯૫।

વરૂણીના બાલ રસાલ બેહુ બોરના અભિનવ ભાંત્યજી
એક એક મુલથી અગ્ર લગી સુભગ અનુપમ પાંતજી ૧૪૯૬।
શ્યામ અતી સુખદ સચીકણુ વંક વીરલા ન્યારા સોહેજી
એક પ્રતી એક અનુસરી રહ્યા એક એકનું મન મોહેજી ૧૯૭।
પોઢી આલસ જુત જેહ સમય ઉઠે છે પ્રાણ આધારજી
નેત્ર અર્ધ ખોલીને જુએ તે સમય શોભા અપારજી ૧૯૮।
તેલ લાગેથી અતિ સ્નિગ્ધ શોભા ભર્યા વરૂણીના કેશજી
કેા વીરલા કેા લપટી રહયા રાજતા પરમ સુદેશજી ૧૯૯।
નાહાતાં જલ શીષથી ઢોલતા નયણા મુંદે વાહાલેા જ્યારેજી
વરૂણીએ થઈ કણીકા ઝરે તે શોભા જોઇએ ત્યારેજી ૧૫૦૦।
નયણાની સયણ પલકે કરે વરૂણી થાએ ત્યાં સંગજી
એકત્ર થઈ ક્ષણે કરી વેધે જુવતી જન તણા સર્વાંગજી ૧૧૮
પલકે વરૂણી શોભા ધરે વરૂણી તે પલકનેા શ્રીગારજી
ઉભય અભિનવ રૂપે રાજતા શોભા તણેા નહિં પારજી ૧૨।
પલકના ભાવ પલ પલ માંહાં ન્યારી ન્યારી શોભા ધરતાંજી
સનમુખ રહી અવીલેાકતા રસીકને આનંદ ભરતાજી ૧૩।
પલક કરી બેાલાવવું કહેવું કરી પલકની સેનજી
પલક માંહેં સમજાવવું પલક જાણે બેાલે છે વયણજી ૧૪।
પલક માંહેંજ ઉતર કરે પલક માંહાં રીઝે આપજી
પલકની કેાર પ્રણય જુત હરે તે રસીકના પરીતાપજી ૧૫।
નિંદ્રા માંહેંથી ઉઠે ત્યારે પલકની અભિનવી શોભાજી
પલકની હસની મનેાહર પરમ અનુપજી બેાભાજી ૧૬।
પલકમાં ભાવ સુચન કરે પલક માંહેં રસની રીતજી
પલકમાં રસીકને રીઝવે પલકસું પ્રગટાવે પ્રીતજી ૧૭।
પલક માંહેં પ્રેમે પુરીત કરે અધીક વધે રસ બેાપજી
પલક માંહેં ઢલણી ઢલે પલમાંહેં પ્રણયનેા કેાપજી ૧૮।
ગુણીનું ગાન સુણીને તાન શીખવે જ્યારેજી
તાન સંગ પલક ઉંચી કરે તેહ શોભા જોઇએ ત્યારેજી ૧૯।
ચિતવની ચારૂ ચંચલ તણી ઘણી ઘણી ભાંતીની શોભાજી
પ્રતીક્ષણ નૌતન વાધતી નીરખી માનીનીના મન લેાભ્યાજી ૧૧૦।
સકલ વશીકરણ બે ચીતવની ચિતવની રસતણુ મુલજી
ચીતવની માનમેાચન કરીને કરે સ્વરૂપાનુકુલજી ૧૧૧।
ભકત હારંદ્ર લહે મનગ્રહી ચીતવનીએ કરીજી
તેહ સમય પ્રાણ બેાવારીએ જોઇએ નયણ ભરી ભરીઅજી ૧૧૨।
ચીતવનીએ પ્રેમ પુરીત કરે ચીતવનીએ માહારસ પાનજી
ચીતવનીએ રસ વસ કરે ચીતવનીએ હેાય દાનજી ૧૫૧૩।

ચીતવનીએ ૨સ સંપજે ચીતવનીએ ૨સ ઉદ્બોધજી
ચિતવની મુગ્ધાને વશ કરીને કરે ૨સ તણો પ્રબોધજી ।૫૧૪।
ચીતવની માંહે નવ ૨સ તણા ભેદના હોય છે આસેજી
શ્રંગાર હાસ્ય કરૂણા રૌદ્ર વીર ભયાનક ભાસેજી ।૧૫।
સૌંદર્ય પોષણ ને વલી ૨સ ઉદ્બોધને ભારીજી
એહવા અનેક ૨સ પ્રગટ હોય એહ ચીતવની પર વારીજી ।૧૬।
ચીતવની વેધે સર્વાંગ ચિતવની મહા૨સ જાણુજી
મોહક ઉચાટન આદે દેઇ વારી નાખું પંચ બાણુજી ।૧૭।
પ્રેમ પુરીત ચીતવની કરી કોર કટાક્ષની મોડેજી
કોણ એહવું તે સાહસવાન સનમુખ રહી દ્રષ્ટી જોડેજી ।૧૮।
નયણ પ્રાંતેથી ચીતવની તે સુખદ ૨સીલી મુખ સમ છુટેજી
હૃદય ૨સપાત્રના માંહેંતે સનમુખ સોંસરી કુટેજી ।૧૯।
પ્રાત મંગલ સમય પ્રભુને નીરખવા આવે છે ભકતજી
ઉઠ્યા વાહાલોજી ઉનીંદ્રીત તેહ સમે ચીતવની અનુરકતજી ।૨૦।
ચરણ ક્ષાલણ સમય ચીતવની શોભા કાંઇ ન્યારીજી
તીરછી દ્રષ્ટે અવીલોકન તેહ ૨સ પ્રગટે છે ભારીજી ।૨૧।
તેલ લગાવતા નાહાતાને સમય સમય જોણી વારજી
સંભ્રમ્ય સંકોચની ચીતવની તે ૨સનો નહીં પા૨જી ।૨૨।
સ્વકીયના ભાગ્ય વીસ્તારવા બાહેર પાયોધારે છે બીજી વારજી
સનમુખે આવી ઉભા રહે ભીતસું અટકીને આધા૨જી ।૨૩।
આસપાસ ને તીબારી સનમુખ જલધર દ્વારે ભકતજી
છજે અટાલી મુંડેરીએ રહીને નીરખે છે અનુરકતજી ।૨૪।
તેહ સમય પ્રણય અવીલોકની માંહાં હોય અભિનવા દાનજી
ભાવ સમ જેહને જોગ્યતા તેહવા હોય સનમાનજી ।૨૫।
નાહાવા પાયોધારે જમુનાજીએ નાહી કરે નિત્ય કૃત્યજી
ભકત ૨સ પાત્ર નાહે ત્યાંહાં સનમુખે લહી મન વૃત્યજી ।૨૬।
તે પરસ્પરની અવીલોકનીએ કૃત્ય ભુલી ભુલી જાએજી
એ ૨સને જે નિરખે ત્યાંહાં હરખ હૈયડે ન સમાએજી ।૨૭।
જમુનાજી પોતે પધારવા આવે જ્યારે નીજગલી માંહેંજી
વહુજી જમુનાજીથી આવતા મહ્યા વાહાલાજીને ત્યાંહેંજી ।૨૮।
સંકુચ જુત વંક વીલોકની ઉભય અભિનવ ૨સ રૂપજી
અનુભવી સમય લહી જુએ એ છબી પરમ અનુપજી ।૨૯।
જલધરેથી બાહેર પાયોધારે છે પ્રાણ આધા૨જી
ભીતર થકી બેઠક લગી ભીડ તણો નહીં પા૨જી ।૩૦।
મધ્યે મધ્યે નાયક આવતા ચપલ ચીતવની બહુ રીતજી
એહ ૨સ અનુભવી તે લહે જે પુરણ ભર્યા પ્રીતજી ।૫૩૧।

ગાદીએ બેઠાં ગોકુલ ધણી ઓટે ઉભા રસ પાત્રજી
દુરી દ્રષ્ટે રસ ભરી ચીતવની માંહેં સુખ માત્રજી ।૫૩૨।
આરત કરી કરી ચીતવની તેહ રસ છે કાંઇ ભિન્નજી
એ રસ વેધી તેહજ લહે અણુ સમુઝે નહીં અન્યજી ।૩૩।
હિંડોલા સમય નાહીને ચોકમાંહાં ઉભા છે મારો નાથજી
છજે મુંડેરી ચોંહેાં ફેર આવી રહયેા ભકતનેા સહુ સાથજી ।૩૪।
વિવિધી વસ્ત્ર ભુષણ શોભીતા ભાવ તણુ નહીં માનજી
એહ સમય સનમુખ રહી વાહાલાને નીરખે ભાગ્યવાનજી ।૩૫।
ત્યાંહા પ્રાણ પ્રભુની ચીતવની ઉંચી દ્રષ્ટે ફરી ફરીઅજી
પ્રેમ પુરીત રસ પુરણે મધ્યે કરૂણા ભરી ભરીયજી ।૩૬।
તેહ સમય ચીતવનીનેા રસ અનુભવે જે રસ પાત્રજી
ન્યારેા ન્યારેા વીગતે કરી કહેવા માટ નહિં ગાત્રજી ।૩૭।
એક સેજ્યાએ એકાંત રસ ભકતસું ચીતવની ન્યારીજી
સંકેાચ રહીત સેાહામણી શેાભા પ્રગટ હેાય ભારીજી ।૩૮।
તેહ વિસદ કરી જાએ નહીં જ્યાંહાં નહીં દ્રષ્ટી પ્રવેસજી
અનુભવી પાત્ર તેહજ લહે જેહના ભાગ્ય વરેસજી ।૩૯।
એ કારણ રૂપ કટાક્ષને સાક્ષી અનુભવીનું મનજી
ભાવના અંગ જે માંહેં છે તે કયેમ કહી શકીયે તે વચનજી ।૪૦।
ક્ષણુ ક્ષણુ પ્રતી ભાવ જુજૂવા કરે કટાક્ષની કેારેજી
અવ્યકત માધુરી તે માંહાં હેાય એ રસ છે શીર મેારજી ।૪૧।
રસીકને રસે વેધી અને ભેદે ઉરમાંહાં બેહુ બેારજી
તીક્ષણ વંક શેાભા ભરી એહ કટાક્ષની કેારજી ।૪૨।
નયણુને નૃત્ય કરાવે કટાક્ષ બહુ કૌતીક કરીજી
લાહસ્ય તાંડવ તણા ભેદે ભેદ કરે તે ભાવ ભરીયજી ।૪૩।
એહ સ્વરૂપ ને એહ કટાક્ષનું અતી ઘણુ સામર્થજી
એહ બલથી સહુ રસીકને વસ કરી સાધે છે અર્થજી ।૪૪।
એહ કટાક્ષ કારણમઈ કારણ સમુઝયું ન જાયજી
નીમીષ માંહાં નવલ છબી ઉપજે તેહ કેહી પેરે કહી જાયજી ।૪૫
એ કુટીલ કટાક્ષના રસ ભર્યા અભિનવા અનેક છે ધર્મજી
વેધી એ રસ તણા તેહ લહે અન્ય ન જાણે કેા મર્મજી ।૪૬।
શ્યામતા મધ્ય ગેાલક તણી ચલણની ચંચલતાજી
રસ તણા ભેદ સુચન કરે કહી ન જાએ તે ચતુરાઇજી ।૪૭।
શ્યામ ગેાલક મધ્યે શ્યામ તીલ તેજ તણેા નહીં પારજી
નીરખતાં દ્રષ્ટી ઠેહેરે નહીં કેા નહીં એ અનુહારજી ।૪૮।
તેહ ગેાલક શુભ સેત માંહાં વલણ કરે વારંવારજી
ભાવમાંહાં ભેદ અભીનવ હેાય તેહ શેાભાનેા નહીં પારજી ।૫૪૯।

નેત્ર સમુચે બેહુ અર્થથીનું વરણુન કેમ થાયજી
પ્રગટ ને એ ગુઢ ૨સે ભર્યા વિસઢ કહયા નવ જાયજી ૧૫૫
પરમ વિસાલ ૨સાલ ૨સ ભર ૨સે ચુચુતા ચારૂજી
સુંદર સુભગ કમનીય ૨મણીય જોઇ વારીએ મારજી ૧૫૬
શોભાએ ભરીત સુશોભીત સુખઢ સોહામણા દીસેજી
જુવતી જુથ જગત મોહામણા જોઇ જોઇ હેયડું હીસેજી ૧૫૭
નીર્મલતા નીર્વીધી અને ઉજવલ અમલ ઉદ્યોતજી
તેજના પુંજ પ્રબલ મહા પ્રગટ જલહલતીય જયોતજી ૧૫૮
ચંચલ ચપલ અણીઆલા ગંભીરતા ને ૨સે પુરજી
સનમુખે કો મીટ માંડે નહીં એહવા એ સુરજી ૧૫૯
મીન મૃગ ખંજન મધુપ કમલદલ કામના બાણુજી
ઉપમા અનેક ઓવારીએ એહવા એ પરમ સુજાણુજી ૧૫૫
ઉપમા જેહની દીજીએ તેહની ૨સના અચેતનજી
આરસ પુંજ ગણુ અગણુ વિચીત્ર ભાવે ભર સંપનજી ૧૫૬
ઘુમતા ઘુણીતવાન સચીકણુ વિચીક્ષણુ રાજેજી
પ્રેમદાને પ્રેમે ઉનમતતા પ્રણુય સુચન જુત ભ્રાજેજી ૧૫૭
સ્વેતતા ઉભય ખુણા લગી સ્વચ્છ સુંદરતાની રાસજી
અરૂણુ ડોળા મધ્યે રાજતાં નીરખતા પરમ હુલાસજી ૧૫૮
પોઢયા પ્રેમદાસું પરીરંભણે નેત્રની છણી હોય ભારીજી
સુરતી માંહે સુરતાંત માંહાં એહ શોભા ન્યારી ન્યારીજી ૧૫૯
પ્રાત ઉનિંદ્રીત ઉઠીયા તેહ શોભા કાંઇ ભીન્નજી
પીક પરાગ પલકે રહયેા રાજે ચુંબન તણા ચીન્હજી ૧૬૦
નિંદ્રાવસ સરસ ઉજાગર અરૂણુ અધ મીડીત શોભેજી
એહ શોભાને નીરખે થકી ધીરાનું ધીરજ ન થોભેજી ૧૬૧
ચરણુ ક્ષાલણુ કરે જેહ સમય ફરી ફરી નીરખે છે નયણજી
તેહ શોભા કાંઇ અભીનવી કહેતાં નાવે તે વયણેજી ૧૬૨
તેલ લગાવતા તેલ કાંઇ ઢલી આવ્યું નેત્ર માંહેંજી
પુંછી ઉપરેણે અલગુ કર્યું કરસું લેઇ મીડયા તે ત્યાંહેંજી ૧૬૩
તેહ છણીની છણી અભીનવી રાજતી લુંછયા તે નયણુજી
એહને શોભા કેહેની દીજીએ રીઝીયે વારીએ મયણુજી ૧૬૪
નાહી અંગવસ્ત્ર કરે જેહ સમય તેહ સમયની અરૂણુતાઇજી
તેહ શોભા મન ભાવતી અંતરમાંહાં સુખદાઇજી ૧૬૫
નાહી ધોતી પહેરી અને પીઢા નીકટ બેસે નાથજી
આચમન કરતાં અનુકણ હોય નીરખે સહુ સાથજી ૧૬૬
અંજુલીએ જલ મુખ માંહેં ગ્રહે વિકસી વિકસીને નયણેજી
તે શોભા મારૂં મન લહે કહેતાં આવે નહીં વયણેજી ૧૬૭

હોમઘરે હોમતણે સમય ધુમનો હોય પરીચારજી
નેત્ર આરકત જલપુરીઆ એહવા અવીલોકીએ તેણી વારજી ।૫૬૮।
અશ્વે અસવાર થઇને રાસમેં ફેરવે જયારેજી
તીક્ષણુતા કેા એક ભાંત્યની નયણા માંહે નીરખીયે ત્યારેજી ।૬૯।
કોપે કરૂણાએ કારણ જુત પ્રણય પરભાવીધી સોહેજી
હાસ્ય કટાક્ષ વત રસમાંહ્યાં નીરખી સહુના મન મોહેજી ।૭૦।
વામ નેત્રની કોર નીચે તે ચિન્હ એ સુંદર રાજેજી
અભીનવી અનુપમ શોભા ધરે બિંદુ સરખા બેહુ બ્રાજેજી ।૭૧।
એક એક ધર્મ એ નેત્રનો તેહનો પાર ન લહું અજી
એહવે અનેક ધર્મે જુત તેહને ઉપમા કેની કહું અજી ।૭૨।
ભાવ ગલ સ્થલનો લખું શોભા કહીય ન જાય એહનીજી
પ્રતીક્ષણ છબી નૌતન હોય સુક્ષ્મ ગતી છે એહનીજી ।૭૩।
ગૌરતાની ગૌરાઇ અને હાસ્ય રસ સુચન ઠામજી
શૃંગારનો એ શ્રંગાર ને અનુભવીનુ સુખ ધામજી ।૭૪।
વાત કહેવાને વાહાલાજીનો રસ ઉછલીત હોયે ત્યાંહાંજી
આગમને મોદ સુચન કરે જે પ્રભુના મનમાંહે જી ।૭૫।
તેહ સમયની શોભા નીરખીએ જે અનુપમ અરૂણાઇજી
રસ ક્ષીરણાવલી જ્યોતી પ્રગટ હોય કહી ન જાયજી ।૭૬।
તેજના પુંજ ઉલ્લસી લસે ઉભય આનંદના રૂપજી
ઉભરી ઉભરી ભરે હાસ્યરસ શોભા એ પરમ અનુપજી ।૭૭।
ચોઢી ઉઠયાની ઉનિંદ્રીતાના જે કાંઇ અનુરાગજી
તેહ આભા વિલસી રહી દેખીએ પ્રગટ પરાગજી ।૭૮।
તેલ શ્રીમુખ અલંકૃત કરે તેહ સમય જે જે જ્યોતી ઝલકેજી
ગલ્લ સ્થલ જગમગે કાંતી અતી અભીનવી ચલકેજી ।૭૯।
નાહાતા કસેડી શીષ ઢોલતાં જલ જે ઢલી ઢલી જાએજી
તેહ સમય એ સ્થલની શોભાનું નીર્માણ ન થાયજી ।૮૦।
નાહી અંગવસ્ત્ર કરે જે સમય તેહ સમયની શોભા ન્યારીજી
સચીકણ માંહે રૂખાઇ દ્વીદલ દર્શન પર વારીજી ।૮૧।
કોઇ એક મોદ મનમાંહાં વસે હસે ગલસ્થલ વહેલાજી
અંતર ભાવ નીરૂપણ કરે એહ આગમથી પહેલાજી ।૮૨।
સ્વરૂપ રસ વેધી એ રસ લહે જેહ તેહ અંગમાંહાં મગ્નજી
અંગઅંગ રૂપરસ અનુભવે જેહના મન એ અંગે લગ્નજી ।૮૩।
ગાલ ગોલક ગુણ નીધી ભર્યા અનેક ગુણના એ છે ભંડારજી
એહની શોભા રૂપ નીરખતા કોઇ પાવે નહીં પારજી ।૮૪।
ગૌરતા માંહે આરકતતા આભા અંતર તણી ઝલકેજી
તાંબોલ તણી જાંઇ પડે તેજ પુંજે ઘણુ ચલકેજી ।૮૫।

પ્રાતઃ સેજેથી પોઢીઆ પ્રાણ વલ્લભ ઉઠે જયારેજી
ગાલ મંડલની શોભા સુખદ પ્રગટ અવીલોકીએ ત્યારેજી ૧૮૬।
જે જે સમય વાહાલોજી કોગલા પોતે કરે જેણી વારજી
ગાલ મંડલ કુલી ઉભરે તે અવીલોકીએ તેણી વારજી ૧૮૭।
બીડાં આરોગતા સમયની છબી અનુપમ રાજેજી
આવતા આંદુલમાન હોય શોભા ભાવે ભરી બ્રાજેજી ૧૮૮।
એ ગાલ ને ગાલમસુરીઆ સુંદરીના સુખ ધામજી
સેજે એકાંત પોઢયા સમય આવે એહોને નીત્ય કામજી ૧૮૯।
કોમલ કમલના પત્રથી મૃદુલ મનોહર મન હરતાંજી
સુખ મકરંદે પુરીત સદા ભામીનીના રસ ભરતાંજી ૧૯૦।
કો સમય વારતાને રસે કુલી આવે મુખ ભરીજી
તેહ શોભાને સંભારીએ પણ નવી શકીએ તે ધરીઅજી ૧૯૧।
રૂપ ને રસ તણા કીરણ તે સહેજ પ્રગટી રહયા ઉદ્યોતજી
અવ્યકત અનુપમ અમીત માધુરીની પ્રસરી રહી જ્યોતજી ૧૯૨।
હંસતા પ્રસન્ન મુખ વીકસતા ગલ તે પડે કપોલજી
તેહ શોભાને જોઇ જોઇ અને ઉપજે રંગના રોલજી ૧૯૩।
કો સમય પીક અલતો કે રદછદનું રહયું ચિન્હજી
કુંજલક કંચુકીની ઉપટી તે શોભા કાંઇ ભિન્નજી ૧૯૪।
કયારેક ચિન્હ રસ ભઠતે જે કરી રાખ્યું રસ માંહેંજી
પ્રાત ઉઠીને સનમુખ રહયા તેહ અવીલોકે છે ત્યાંહેંજી ૧૯૫।
પરસ્પર મીલતી પાણે કરી સખીયને સમુજાવે તેહજી
ઉભય આનંદ માએ નહીં શોભા રસમાં પાગી જેહજી ૧૯૬।
નાસીકાના વામ ભાગે તે ગાલ કપોલને મધ્યજી
મસ બેહુ પરમ સોહામણા છોટા મોટા માહા નિધ્યજી ૧૯૭।
હવે નાસીકા નવલ નિરૂપમ છબી કોઇ ન એ અનુહારજી
સૌંદર્ય સુભાગ શોભા અને કાંતી કમનીય નીરધારજી ૧૯૮।
મુલથી મૃદુલ ફણા લગી અમીત અનુપ વેસજી
અંગ સકલનો સંગાર એ રાજે છે પરમ સુદેસજી ૧૯૯।
તેલ લગાવાની ચાક ચક્ષ તેહ કાંઇ કહીય ન જાયજી
તેજના પુંજ લસી રહે વાણીએ વીસદ ન થાયજી ૨૦૦।
નાહી અંગવસ્ત્ર કર્યાં સમયની શોભા કાંઇ ન્યારીજી
ફણા ઉપર બેહુ રેખા તે છબી જોઇ જોઇ વારીજી ૧।
અંગવસ્ત્ર કરતાં અંગવસ્ત્ર લેઇ નાસીકા પુંછે છે જયારેજી
નીચા નીહોરાઇ અંગુલીસું એ છબી નીરખીએ ત્યારેજી ૨।
નાસીકા સ્વરે સુવાસ ફેલી રહયેા પ્રગટ અપારજી
તે જુવતીના અંગ મકરંદનેા સ્વાદ અનુભાવ કરે સારજી ૩।

કે૦ સમય ચપંક પાંખડી આડી નાસા પર રાખેજી
તેહ શોભાને અવીલોકવા માનીની મન અભિલાખેજી ।૬૦૪।
કેતકી કુસુમ કરમાંહાં લેઇ નાસા ઉપર રાખે આપજી
તેહ શોભા સુંદરીને પ્રગટ કરે કામનો પરીતાપજી ।૫।
કામ આવેસે રસને સમે કૃણા મંડલ કુલે એહજી
એહ એકાંત રસ અભિનવો જાણે જે અનુભવે તેહજી ।૬।
સોંધા સુવાસ બહુ ભાંત્યના કુસુમ સૌરભ જુત જેહજી
નાશીકા નવલ પ્રકાર હોય મઠરંદ લેતા તેહજી ।૭।
સંધ્યા કરતા જે નાસા ગ્રહે અંગુલી અંગુષ્ટ તે કરીજી
તેહ સમય શોભા અવીલોકીએ પરમ આનંદે ભરીજી ।૮।
વાર બીજી પાએોધારીને ભીંતે અટકી રહે ત્યાંહાંજી
સ્વરૂપનુ દાન સમુગ્ર હોય નાસીકા નીરખતા માંહેંજી ।૯।
પ્રણયનો કોપ કરતાં માંહાં નાસીકાની અરૂણાઇજી
પ્રગટ આભા અનુપમ હોય ભકતને અતિ સુખદાઇજી ।૧૦।
રીઝયા બીજયા રસમાંહેં હરખાયે એ શોભા તે ભારીજી
અભીનવી સુંદરતા હોય એહવા એ અંગ પર વારજી ।૧૧।
એહવું એ મહા ભાગ્યવાન અંગ અંગ સકલ તણુ સારજી
રૂપ શોભા ને સૌંદર્યતા કહેતા પામું નહીં પારજી ।૧૨।
મુછની શોભા જોઇને અન્ય આવે નહીં મનજી
જેહની શોભા શ્રીમુખે કહી સભામાંહાં થઇ થઇ પ્રસનજી ।૧૩।
તેહને ઉપમા કેની દીજીયે શું કહી વર્ણન કીજેજી
શોભા સમતાને કોઇ નહીં ફરી ફરી ભામડા લીજેજી ।૧૪।
મોહોસરની રેખા સરસ સંગાર રસનું જે રૂપજી
સોહતી શ્યામ શુભ્ર સુખદ રાજતી અનુપજી ।૧૫।
જોમનમાંહેં જુવાભરે મુછની ગુછતા ભારીજી
વર્ણન કરવા સામર્થ નહીં અમીત શોભા કાંઇ ન્યારીજી ।૧૬।
નાસીકા ઓષ્ટ થકી તે ગલ મંડલ રહે પરસીજી
શ્યામ સચીકણુ બાલ તે રૂપ સુધા રહયા વરસીજી ।૧૭।
મુલથી સ્થુલ ને મધ્યે મનોહર અગ્રે અણીઆલા સોહેજી
ગલ્લ મંડલે વંક વળી રહ્યો નીરખતા જગતને મોહેજી ।૧૮।
નિખીડ નીરૂપમ નવલ રાજતા બાલ વરણુન નવી થાયેજી
તેજના પુંજ જલકી રહયા કહેતાં કહ્યું ન જાએજી ।૧૯।
પોઢી ઉઠયા થકી પોઢવા લગી જેહ સમય છે સારજી
અનુભવ વિન તે સમય સમયનો કેમ કરૂં વિસ્તારજી ।૨૦।
મારા અનુભવનો સમે કહું મુછ જે કતરી રાજેજી
બેઠી બેહુ પાસે શોભતી પરમ પરમ અનુપમ ભ્રાજેજી ।૬૨૧।

મધ્યે મધ્યે બાલ રસાલ સોહામણા શ્વેત તે સોહેજી
રૂપ શોભાની પંગતી પ્રગટ જોઇ જોઇ મન મોહેજી ।૬૨।
નખ ઉતરાવ્યા તણીઆ શોભા કાંઇ દીસે છે ન્યારીજી
વિણ ઉતરાવે નખે જોઇ શોભા ઉપર બલીહારીજી ।૨૩।
બેહુ પાસે મુછ મધ્યે લીક પીક સાથે આવી ભળીયજી
ઓષ્ટ કેરની બેહુ ઓરની શ્રેણી સાથે રહી મલીઅજી ।૨૪।
બાહેર બીજીવાર વાહાલોજી પાઓધારે છે જ્યારેજી
તેહ સમય સુર્ય તણુ તે તેજ પ્રસરી રહ્યું ત્યારેજી ।૨૫।
મુછના બાલ તે તેજથી અધીક ચલકે મહા સારજી
પીત અરૂણ શ્યામ રંગની આભા તણો નહીં પારજી ।૨૬।
તેલ લગાવતા નાહાતા અંગવસ્ત્ર કરતા શોભા ભિન્નજી
અનુભવી તેહ એ પેર લહે અવર ન જાણે કેા અન્યજી ।૩૭।
ઓષ્ટ સંતુષ્ટ કરે સ્વકીયાને સુક્ષ્મ ગતી છે એહનીજી
અધરસું મલીય અનુભવ કરે શોભા કેહી પેરે કહું તેહનીજી ।૨૮।
મુછની સંધે સંમંધ કરી લીક રહે જે લસીયજી
રાજતી બેહુ ખુણા લગી તેહ શોભા ઉર વસીયજી ।૨૯।
ઓષ્ટ ને અધરના મીલણથી સંજોગે મહાસુખ થાયજી
એહ સંયેાગ અનુભવ કરે તેહ સુખ કહ્યું નવ જાયેજી ।૩૦।
છોટી છોટી રેખા રસ ભરી અમૃત ભરી ઉદારજી
પાન કરતાંના અભિલાષે દાન કરતા નહીં વારજી ।૩૧।
અધરની ઉપમા જે કહું તેહમાં એહ સંજોગજી
અધરને સંગ સંગે રહે સંગ આવે ઉપયેાગજી ।૩૨।
બીડતા વીકસીત કરતા અને નાહાતા નૌતન ગતી ઘણીઅજી
સમય સમય શોભા અભીનવી અનુપમ અતી સોહામણીયજી ।૩૩।
સહેજ અરૂણતા સોહતી બીડા આરોગ્યાનેા અનુરાગજી
રંગમાંહાં રંગ પાગી રહ્યો સકલ સુંદરીનેા એહ સોહાગજી ।૩૪।
મુખ સુખ દાયક તણુ વર્ણન કાંઇ કહ્યું ન જાયજી
અહનિસે રસ ઉમડયા કરે તેહ સુખ વિસદ્ન થાએજી ।૩૫।
વિકસ્યું અરવીંદ વંદીત સકલ કુલ તે સર્વાંગને કરતું જી
મુદીત મંકરંદે શીતલ સુખદ ભકત મન મધુપને ભરતું જી ।૩૬।
સકલ કલાનેા નિવાસ અને હાસ્ય મુસકનીનુ ધામજી
વાણી વિલાસનેા સ્થલ માહા સૌંદર્યતા કેરૂં ઠામજી ।૩૭।
આનંદનુ એ આલય સદા સુખનું અપરમીત રૂપજી
એ મુખની મનેાહરતા મૃદુલ નિરખતાં પરમ અનુપજી ।૩૮।
જંભા મિસે વીકસીત કરે તેહ સમયની શોભા નીરખું જી
ઉલટેા કર લેઇ મુખ પર ધરે રંધ્ર દ્વારા મુખ પરખું જી ।૬૩૯।

રસ તણો સાગર ઉલટે જંભા આવે મુખ જ્યારેજી
અંગ આભ્યંતરના તણુ દર્શન થાય છે ત્યારેજી ।૬૪૦।
સહેજ આરકતતા અભિનવી સૌંદર્યતા નહીં પારજી
તેહમાં તાંબોલ રસે ભર્યું એહ શોભા મહા સારજી ।૪૧।
વારતા કરતાં વાણી સહીત મુખ જે આવે ભરી ભરીજી
તેહ શોભાને સકલ હું કરી નાખું નોછાવરીજી ।૪૨।
બીડું આરોગતાને સમય વિકસી વિકસી આવે વદનજી
તેહ શોભાની બાનીક જોઇ ભુલે સુંદરીઓનો સદનજી ।૪૩।
એકાદસીએ ફલાહાર કરી મુખવાસ લે છે જ્યારેજી
લવંગ ચુર લીધેથી તીક્ષણતા તે ઉપજે ત્યારેજી ।૪૪।
તેહ સમય વદન વીકસીત કરી સ્વાસ મુખમાં જ્યારે તાણેજી
નયણ મુદ્રી ને મુખ મુદ્રી લે તેહ અનુભવી સહુ જાણેજી ।૪૫।
પાઠ કરતાં જે ફરકે અધર ઓષ્ટ સાથે મલી મલીયજી
તેહ સમય મુખ અવીલોકતા પોહોંચે પ્રેમદા તણી રલીયજી ।૪૬।
સ્વાસ સુવાસ વદને થકી નીશ્રીત નવ મકરંદજી
તેહ મકરંદે માતા સહુને ઉપજે અભિનવો આનંદજી ।૪૭।
વાણીએ વદન વીકસીત હોય તેહ શોભા કાંઇ ન્યારીજી
નિહોરી નિહોરી કરે કોગલા તે છબી પર વારીજી ।૪૮।
વાત કરતા વિકસીત કરે વદન તે શોભા છે ભિન્નજી
જેણે અવીલોકયું તેહજ લહે અવર ન સમજે કોઇ અન્યજી ।૪૯।
રસના રસ પુરણ રસરાસની આસ કરી વર્ણન કરીયેજી
શુદ્ધ પ્રકાર છે એહોના અનુભવી ઉરમાંહે ધરીજી ।૫૦।
એહ રસનાનો રસ અભીનવો ગોપ્ય અને માહા સુરજી
રસનાએ રસને પોષણ કરે અધિક વાધે રસ પુરજી ।૫૧।
રસનાએ રસનો સ્વાદ લે રસીક ભોગી મહા જાણુજી
રસના રસનાને રસ દાન દે એ રસનું નહીં પ્રમાણુજી ।૫૨।
એ મીઠી રસના મૃદુલ બોલની બોલે મૃદુ વચન રસાલજી
રસનાએ રસીકને રીઝવે રહે નહીં દેહ સંભાલજી ।૫૩।
સહેજ આરકત અભિનવી તેહમાં તાંબોલે જે પાગીજી
આરકતતા અભિનવી હવી રહે અહરનીસે અનુરાગીજી ।૫૪।
વાત કરતાં જે રસના તણી ચપલતા ચમકતી દીસેજી
નિરખતાં દ્રષ્ટી ઠહેરે નહીં જોવાને જોયડું હીસેજી ।૫૫।
એ જીભની જુગતી કેહી કેહી કહું વાત કીધા માંહાં જે વલણુજી
લાઘવતાના લટકામાંહાં સહેજ એ સુચવે મીલણુજી ।૫૬।
દંત ધાવન કરે તેહ સમય ઉલ ઉતારે તે જ્યારેજી
રસના અધર પરસી રહે એ છબી નીરખીએ ત્યારેજી ।૬૫૭।

વાત સાંભલવાને સુરતી દે વિકસીત કરે વદનજી
લોલ રસના હોય તેહ સમય એહ શોભા જાણે મનજી ૧૬૫૮।
લહેજય પહેજય ખાન પાનાદીક મીશ્રીત મધુર રસ ભોગજી
પ્રથમ એ સ્વાદ રસના લહે ત્યારે આવે વિનિયોગજી ૧૬૯।
એહવી રસના રસીક રસ ભરી રસે પુરીત મહા સુરજી
નિરગલીત વાણી રસ પ્રગટ હોય વાધે નિત સત ગણુ પુરજી ૧૬૦।
હવે રૂપ પંગતી દતાંવલી સુભ્ર સૌરભ જુત દીસેજી
એક એકની અનુપ છણી જોઇ જોઇ હૈયડલું હીસેજી ૧૬૧।
ચમકતા ચપલ આભા ધરે તેજ તણો નહીં પારજી
જગતમાંહાં જ્યોતી જગમગ કરે કોઇ નહીં અનુહારજી ૧૬૨।
આગે અનુપમ એ ઉજવલ અને પાગ્યા તાંબોલને રંગેજી
તેહ શોભા અનુપમ હવી નીરખી મનસા હોય પંગજી ૧૬૩।
દંતક્ષત અધર દાન દે અધર રસ પાનના પાત્રજી
સ્પરશતા સરસ રસ સંપજે માહામુખ માત્રજી ૧૬૪।
દંત ધાવને દંત પંગતીની શોભા કાંઇ ન્યારીજી
વિકસીત વદને વીલસી રહે નીરખી નીરખી જાઉં વારીજી ૧૬૫।
વચન વીલાસે વીલસી રહે દસન દુતી ચમકતી પાંતજી
એક એકથી આભા અધીક નવલ નીરૂપમ દીસે કાંતજી ૧૬૬।
શ્વેત માંહાં અરૂણતા પીકની શ્યામ આભા ઘણુ ચલકેજી
વદન વીકસિત કરે જેહ સમય તેહ સમય તેજ મય ઝલકેજી ૧૬૭।
બીડું આરોગવાને સમય પ્રગટ દંતાવલી રાજેજી
મુકતા મણી વિદ્રુમ વિવીધી એહ શોભા જોઇ લાજેજી ૧૬૮।
ભોજન કરી પાએોધારતા વાત રસે અટકતા આવેજી
તેહ સમય દંત તણી છણી સનમુખે નીરખી ભાવેજી ૧૬૯।
હાસ્ય કરતાના હુલ્લાસમાંહાં દંત દે દર્શન દાનજી
એહ શોભા સનમુખ રહી નીરખે છે મહા ભાગ્યવાનજી ૧૭૦।
ભકતના અધરનો સ્વાદ લે શ્રીમુખ માંહાં સ્થીતી જેહનીજી
અધર વસને આછાદયા રહે શોભા શી પેરે કહું એહનીજી ૧૭૧।
વાણી તણો રસ અભીનવો તે કાંઇ કહ્યો ન જાએજી
વીવીધી પ્રકારના ભાવ તે માંહે બહુ સુચન થાયજી ૧૭૨।
ભકત સહુ ભાવ આપાપણા મનોરથ કરી રહે મન માંહેંજી
એક વચને સમાધાન તે સર્વ કેહેના હોય ત્યાંહેંજી ૧૭૩।
એક વચન માંહાં અનેક રસ અનેકના હોય સમાધાનજી
જોગ્યતાએ અનુભવ કરે ભાવ સમ હોએ દાનજી ૧૭૪।
મોહ ભર ભાવ હાસ્ય કૌતીક રસે મધુર વાણી ઉચારેજી
સ્વરૂપ વેધી સુખ જોઇ જોઇ પ્રાણ આપાપણા ઓવારેજી ૧૭૫।

વાણીએ વીશ્વને વસ કરે સુણી ધરે નહીં ધીરજી
કામીની કામ અભિલાષે કરી વાધે અંગ અનંગની પીરજી ૧૬૭૧।
કૃત્ય કૃતારથ રૂપ વાણીએ હોય અંગીકારજી
વાણી સાધન એ વાણી ફલ પામે નહીં કો એહનો પારજી ૧૭૭।
ધર્મ અર્થ કામ ને મોક્ષ સ્વરૂપાત્મીક છે મહા સારજી
પણ એ વાણીના વીલાસને કોએ નાવે અનુહારજી ૧૭૮।
એહ વાણી સ્વરૂપાત્મીક સ્વરૂપ રસે પાગી જે સુરજી
ગાઢ ઉચ્ચારે કરે ગર્જના ઉદધિ વાધે રસ પુરજી ૧૭૯।
સમય સમયના ઉચ્ચારની પ્રગટ શોભા દીસે ન્યારીજી
અગણ ગુણ એહ વાણી તણા એહ વાણી પર વારીજી ૧૮૦।
સકલ સીધ્ધાંત એ વાણીમાંહાં સકલ રસ વાણીમાંહાં લહીએજી
સકલ કારણ તણ મુલ વીસદ કેહી પેરે કહીએજી ૧૮૧।
હાસ્યરસ ગાનરસ ભકતરસ વચનરસ વિવીધી ઉચ્ચારજી
એહ વાણીના વિલાસનો કોએ પામે નહીં પારજી ૧૮૨।
પ્રાતઃ મંગલ સમે ઉઠીને વાણી ગંભીર જે બોલેજી
તેહ અનુકરણ કહેવા કરૂં કોણ આવે સમતોલેજી ૧૮૩।
તેલ ગાદીએ તેલ મેહેલતા તેલ જે અધીક મેહેલાએજી
હુંહુંહુંહું કરે તે સમય સુણી સુખ કહ્યું ન જાયજી ૧૮૪।
નાહાવાને સમય તે જલ તણો વિલંબ હોય જેણી વારજી
કયારે હોવેંગ હોવેંગ એણીપેરે ઉચરે આધારજી ૧૮૫।
બીજી વાર વાહાલોજી તે ભીતરથી પધારેજી
ભીંતે અટકી અને ઉભા રહે સુખદ વાણી ઉચારેજી ૧૮૬।
બેસે ચટાઇ જેણે સમય સનમુખ ઉભા છે દાસજી
તેહ સમય બહુ પ્રકારના હોય છે વચન વીલાસજી ૧૮૭।
કોઇ મહાભાગ્યવાન સુણી સુણી રસ તણો વીસ્તારજી
તેહ સમય ઉછલીત વચન રસ કહેતાં પામું નહીં પારજી ૧૮૮।
દ્રાવીડીઆ કે પંડીત અન્ય ભણે આશીર્વાદ જેહજી
સાથે ઉચાર પોને કરે તેહ સમય નીરખીએ ભર્યા નેહજી ૧૮૯।
મધ્યાહનની સેજથી પોઢી ઉઠે મારો નાથજી
તેહ સમય વાણીનો રસ અનુભવે અનુભવી સાથજી ૧૯૦।
ગાદી તકીએ શ્રી ગોકુલ ધણી આવી બેઠા તેણે સમયજી
તે શોભા સુખ ભરી સુંદરીના ઉરમાંહે રમયજી ૧૯૧।
સહેજની વાકય માધુરી માંહાં સુચવે અભિનવા મર્મજી
જોગ્યતા પાત્ર સમ દાન દે એહના અનેક છે ધર્મજી ૧૯૨।
રસમાંહે રસીકને રીઝવે કામીનીને કામ ઉદબોધજી
મુગ્ધાને વાકય માંહાં વસ કરીને કરે રસ તણો તે પ્રબોધજી ૧૯૩।

જ્ઞાનીને જ્ઞાન સુચન કરે ધર્મરતને ધર્મ પ્રબોધજી
ભાવ મારગીને ભાવ જુત વચનમાંહાં હોય નિરોધજી ૧૬૯૪।
સંદેહીના તે સંદેહ મીટે સિદ્ધાંતનો એ મહા સિદ્ધાંતજી
પ્રશ્ન કરતા તે પ્રસન્ન હોય ભ્રમીઓની ભાજે ભ્રાંતજી ૧૬૫।
કો એક પોતા તણે ભાવ વિચારી બેઠા મન ધરીજી
એક વચને સમાધાન હોય પછે પુછે નહીં ફરી ફરીજી ૧૬૬।
એણી પેરે એક વચનમાંહાં સર્વના હોય સમાધાનજી
જુજુવે રસે સંતુષ્ટ થઇ કરે તે માધુરી પાનજી ૧૬૭।
વાહાર્થ વચન કો એક સમય ગાઢ ઉચારે તે બોલેજી
કથા પ્રસંગે વાણી વદે એ કોએ નહીં સમતોલેજી ૧૬૮।
કોપે કરૂણાએ શિક્ષારથ સુખદ વાણી શુભ સારજી
ગાઢ મધ્ય મૃદુ બોલની કોઇ નાવે અનુહારજી ૧૬૯।
ભકતસું મલી એકાંત રસ વચન જે બીવીધ રસાલજી
સાંભલે અમીત સુખ ઉપજે કર્ણને ન રહે સંભાલજી ૧૭૦।
ભીતર થકીય બાહેર પધારે છે વાહાલો જયારેજી
ઉકસી પેંડો કરીને રહ્યા ભકત એહુ ઓર તે ત્યારેજી ૧૧।
એક આગલ ધસમસી ચાલ્યા ને જુએ ફરી ફરીજી
પાછલ ભકત સમાજ બહુ ચાલ્યો આવે અનુસરીયજી ૧૨।
સર્વના કર્ણ ને દ્રષ્ટી રસ વૃષ્ટી એ સ્વરૂપની ઓરજી
આરત્યા એક ચીત થઇ રહ્યા ભાવે ભર્યા બહું ઓરજી ૧૩।
કો એક ભાગ્યવાન સંગ વચન રસ વિલસતા આવેજી
રૂપ મુસકની નયણ અનુભવે વયણરસ કર્ણને ભાવેજી ૧૪।
તેહ સમય તણો જે વાણી રસ મુસકતા સહીત ઉચ્ચારજી
કહેવા કેનું સામર્થ નહીં કોએ પામે નહીં પારજી ૧૫।
એમ સમય સમય તણી વાણી વીલાસનું અભીનવું રૂપજી
ધારણા શકયે ધર્યું જાએ નહીં એહવું પરમ અનુપજી ૧૬।
કરૂણા કરીને જેહને આપુ કરે મહા દાનજી
તેહ કાંઇ વચન રસમાંહે લહે અનુભવી મહાભાગ્યવાનજી ૧૭।
આસ અધર તણી કરીને વર્ણન કરૂં મહા સારજી
રસ ભર્યાં રસીકને દાન દે અતી અમીત પરમ ઉદારજી ૧૮।
રસ તણા પુંજ રસમય રસીક રસ તણુ પરમ નિધાનજી
નીરગ્રંથીત રસ રૂપ એ ભકતનું એ મહા દાનજી ૧૯।
જીવન સંપન્ન એહ કરે વીરહીના ટાલે એ વ્યાધજી
પ્રેમદાને એ પાને કરી એકો રહે ન આધ્યજી ૧૧૦।
રસ ઉદબોધક આદથી શ્રવણે રહી નહીં ધીરજી
આતુરતા અસહી હોય વાધે અંગ અનંગની પીરજી ૧૧૧।

અધરના એ સ્વાદનો સ્વાદ તે કહ્યો કેણે નવ જાયજી
સ્વાદે રસીક રસ ઘુંટતા કેમે કો તૃપ્તી ન થાયજી ૧૭૧૨૧
અધરનું નામ લોભાત્મીક તેહ લોભાત્મીક એહજી
એ જોઇ લોભે મન રસીકના સંધાન રહે નહીં દેહજી ૧૭૩૧
અધર અધરામૃત રસીક તણુ ઘુંટી ઘુંટી કરે પાનજી
એ અધર અધરસું મલીને સ્વતઃ કરે મહા દાનજી ૧૭૪૧
ભકતના ભાવનું એહ ફલ ભકતનું સરવસ એહજી
સકલ સામર્થ એ અંગમાંહાં દાતા લોકતા ભકત ભર નેહજી ૧૭૫૧
સહેજ આરકત સોહામણા મૃદુલ મહા મનોહર દીસેજી
અવ્યકત માધુરી રસ વૃષ્ટી હોય ચાખવા હૈયડું હીસેજી ૧૭૬૧
અધર અતી અદભુત રસ ભર્યો નમી રહયો મન ભાવ્યોજી
દાન કરવાને આતુર થઇ ઘસીને સનમુખ આવ્યોજી ૧૭૭૧
એહવો ઉદાર એ અધર પુટ રસીકની જીવન મુલીજી
વાંછીત અર્થ પુરક પ્રગટ આતુર ને અનુકુલજી ૧૭૮૧
રૂપા રસીલી રસ પુટ તણી ખુણા જે કરૂણાનું રૂપજી
એહના ધર્મ કયાંહાં લગી કહું પ્રતીક્ષણ પરમ અનુપજી ૧૭૯૧
પ્રાત ઉઠે પ્રાણ પ્રભુ તેણે સમે અધરની શોભાજી
પીક પરાગ પાગી રહયો તેહની અદભુત ઓભાજી ૧૨૦૧
પીકની લીક બાજી રહી બેહુ ખુણા લગી ફરતીજી
રસ ઉદબોધ ઉપજાવતી ઉભય આનંદે ભરતીજી ૧૨૧૧
કયાંહું કયાંહું ચીન્હ નીશી રમણના તેહ ન્યામીક ન થાએજી
વેધી એ રસ તણા તેહજ લહે અનુભવથી સમુજાયેજી ૧૨૨૧
વલતા ઉઠીને અલગે સ્થલે દંત ધાવન કરે જયારેજી
તેહ સમય શોભા અધર તણી નયણ ભરી નીરખીએ ત્યારેજી ૧૨૩૧
ચીપ ઉતારવાને સમય ડોલતા અધર જે ડોલેજી
તેહ શોભાને સોચી રહયો કરૂં કેહેને સમતોલેજી ૧૨૪૧
નીચા નિહોરાઇ કરે કોલગા તેહ સમય અધરને નીરખું જી
જલ અંજુલીથી ચુસી લે તેહને કહું કોણ સરખું જી ૧૨૫૧
ફરી બેસીને શ્રી મુખ પુંછન કર્યું જેહજી
પીક પરાગ અલગો હવો અનીરવચનીય શોભા એહજી ૧૨૬૧
ત્યાંહાંથી પધારી તેલગાદી પર આવ્યાજી
તેલ લગાવાની ચાક ચક્ષ અધર મધુર મન ભાવ્યાજી ૧૨૭૧
પાઠ પ્રેમદા જણનો કરે અધર ફરકે તેણી વારજી
તેહ સમયની શોભા જોઉં જોતાં પામું નહીં પારજી ૧૨૮૧
નાડાતાં કસેડી ઢોલતાં અધર બીડે બેહુ લેલીજી
તેહ શોભાને અવીલોકીએ નયણ મનોરથ મન મેલીજી ૧૭૨૯૧

ઉરધ મુખ કરી ઉકસી અને કેશ ઝટકે જેણે સમયજી
તે સમય અધર વીકસીત હોય તેહ શોભા મન ગમયજી ।૭૩૦।
ધોતી ધરી ઉપરેણો ઓઢીને પીઢે નીચે બેઠાં નાથજી
સંધ્યા કરવા તણા કાજને ગડુઓ જલનો લીધો હાથજી ।૩૧।
આચમન કરે તે ભાવસું જલ હથેલીથી ઉછલેજી
અધરે લાઘવ કરીને ગ્રહે શોભા તે કોણ સંભાલેજી ।૩૨।
બીજી વાર પધારી ભીંતે અટકી રહે ઉભાજી
વારતા કરે મહા મોદસું તેહ સમય અધરની શોભાજી ।૩૩।
પાંચોધારતા જે પ્રમુદીત થઇ ચરણ ધરણી પર ધરેજી
અધર થરકે તે તેણે સમય નીરખી ઉર ઉલટ ભરેજી ।૩૪।
ચરણ ક્ષાલણ કરી ફરી પધાર્યા નાથજી
તે સમયની અધરની અનુપમ ગતી નીરખે તે સ્વકીયનો સાથજી ।૩૫।
બેસે ચટાઇ તેણે સમય ફરકતા અધર જે દીસેજી
લાલીમા લલીત લસી રહી જોઇ જોઇ હૈયડું હીસેજી ।૩૬।
ભોગ સામગ્રી માંહાં સ્વાદ લે તેહ કાંઇ અભિનવી ભાંતજી
તેહ સમય શોભા અધર તણી નીરખીએ કરી કરી ખાંતજી ।૩૭।
ભોજન કરી ઉઠીને આવે અચવવાને જ્યારેજી
અધરે ગેારસ તણા બુંદ લાગ્યા હોય નીરખીયે ત્યારેજી ।૩૮।
અચવતા અભિનવ ભ્રાંતી હોય તેહ શોભા કાંઇ ન્યારીજી
ચોકમાં ચોકીએ આવી બેઠા તેહ શોભા પર વારીજી ।૩૯।
બીડાં આરોગતા પીક રસ પ્રગટ જે અધરમાંહાં પાગ્યેાજી
લીક લીકે થઇ રસ ઢલ્યેા ઉછલીત થઇ અનુરાગ્યેાજી ।૪૦।
તેહ સમય અધરની અરૂણતા ને વલી વીલસ્યાનાં ધર્મજી
રસીક અનુભવી હોય તે લહે એ રસ ગુઢનેા મર્મજી ।૪૧।
સેજે પેાઢીને પેાઢી ઉઠે ઉથાપને જ્યારેજી
પીક રસ લીકે ઢલી રહ્યો શોભા તે નીરખીયે ત્યારેજી ।૪૨।
અધરની રેખા રલીયામણી નીરખતા અતી સુખ દેનીજી
શોભાનેા પાર ન પામીએ સુંદરતા તણી શ્રેણીજી ।૪૩।
પીક પરાગે પાગી સદા રહે અંતર અનુરાગીજી
સ્વાદ લે અથ ભાગે અમીત એહવી એ માહા બડ ભાગીજી ।૪૪।
બેસે ઉથાપને પ્રાણ પ્રીય અધર નીરખું તેણી વારજી
નીરખતાં નયણા અટકી રહે શોભા પામે નહીં પારજી ।૪૫।
બીડું આરોગે જેણે સમય તેહ શોભા ઉર વસીજી
ભામીની ભાવે અભીલાખ જુત અધર નીરખે છે હુલસીજી ।૪૬।
રેખા દ્વારા રસ ઢલી આવ્યેા જે અધર તણી કોરજી
લીક લીકે પ્રસર્યેા પીક રસ પ્રગટ દીસે બેહુ ઓરજી ।૭૪૭।

અધરની મેંડ મેટીને ઢલી આવ્યેા રસ ભરીજી
ભામીની ભાવ પુરીત થઇ તેહ નીરખે ફરી ફરીજી ।૭૪૮।
પેંડે વયાર લાગે થકી અધરે બાધા એ પડીયજી
તેહ શેાભા જોણે સમય જોઉં ધન્ય સેાહાગની ઘડીયજી ।૪૯।
વાત સાંભલવા એક ચીત થઇ શ્રવણ ધરે જેણી વારજી
અધર વિકસીત કરે તેહ સમય નિપુણ નીરખે તેણી વારજી ।૫૦।
તેલ સેન્યા થકી ઉઠીને મુડબંધેા બાંધે રાજજી
દીપક જોત સનમુખ હેાય ઉભેા છે ભકત સમાજજી ।૫૧।
તેહ સમય અધર અવીલેાકીએ મન મનેારથ કરી કરીજી
આરત સહીત અભિલાખ જુત રસીક નયણે ભરી ભરીજી ।૫૨।
સેજસુખ સેનમાંહાં મેન રસ વીલસવાનેા જે વીસદ પ્રકારજી
તેહ સમય અધરના ભાવનેા કહેતાં પામું નહીં પારજી ।૫૩।
અધર એણે વચને એ રસ તણુ નામમાં ધર્યું ન જાએજી
કેા એક માધુરી રસ અલીનવેા વાણીએ બીસદ ન થાએજી ।૫૪।
એહવા એ અધરની ઉપમા શેાભા સહુ જગત માંહાં જેહજી
કહેવા આણી સમેાવડ કરૂં પટંતરે નાવે કેા તેહજી ।૫૫।
તેહને માહા દાન રસ ભર કર્યું એહવા જે માહા ભાગ્યવાનજી
અનુભવી જેહ એ અંગના તેહ અનુભવે કરે પાનજી ।૫૬।
ઢાઢી ઠેાડી લગી રંગમગી તેહ સેાહે સેાહામણીજી
સુંદરતાનેા સમુહ એ રૂપ શેાભા માંહે સણીજી ।૫૭।
વિવિધી શેાભા ભર્યા બાલ તે રસ રૂપે ચુચુતા સેાહેજી
નીરખી નીરખી નવ માધુરી યુવતી જનના મન મેાહેજી ।૫૮।
કેશ ઉતરાવ્યા તણી શેાભા કાંઇ અભિનવી ભિન્નજી
વિણ ઉતરાયે કેશે જોઉં રાજતી પરમ નવીનજી ।૫૯।
છેાટા છેાટા બાલ ચલકતા ઝલકતા સુંદર રાજેજી
રૂપરસ તણી પગતી પરમ પ્રગટ સેાહામણી બ્રાજેજી ।૬૦।
ચાર પાંચેક દીવસ થયા હેાય તે કેશ ઉતરાવ્યાજી
તેહ સમયની શેાભા સેાહતી નીરખે બાલ મન ભાવ્યાજી ।૬૧।
દસબાર દિવસ ઉપરાંતની તેહ શેાભા કાંઇ ભિન્નજી
પ્રતીક્ષણ નૈાતન વાધતી પ્રગટ દીસે દિન દિનજી ।૬૨।
મધ્યે મધ્યે શ્વેત સેાહામણા બાલ તે પરમ રસાલજી
શ્યામતા મધ્યે શેાભા ધરે તેહ નીરખી રહયા બાલજી ।૬૩।
તેલ લગાવાની ચાક ચક્ષ નાહાતા જે જલ વહે ઝરીયજી
અંગવસ્ત્ર કાંધે રૂખાઇ દે એહ શેાભા સુખ ભરીજી ।૬૪।
આચમન કરીને ત્રજની અંગુલી જે ઠેાડીએ ફેરેજી
વાર બેત્રણ એણી પેરે કરે અનુભવીના મન હેરેજી ।૭૬૫।

સમય સમય શોભા અભિનવ પ્રગટ કઇ પેરે કહી કહીએજી
સુક્ષમ ભાવ છે એહના અનુભવી ઉરમાંહે લહીએજી ।૭૬૬।
ઠોડીનો સ્થલ અતી સોહતો મોહતો નિરખે જે ધરી મનજી
સ્વરૂપનુંદાન સનમુખ કરે એહવો સૌભાગ્યે સંપનજી ।૬૭।
રસ તણો પુંજ એ ચીબુક શોભા અનીરવચની એહનીજી
કોણ એહવું તેને સુંદર સુભગ ઉપમા દીજયે તેહનીજી ।૬૮।
અધરનું પાન પ્રેમદા કરે કરીયને ચીબુકે વિશ્રામજી
અવીલોકવાનું અવીલંબન સનમુખે સુખ તણુ ધામજી ।૬૯।
રૂપ રસ સાગરમાંહે એ ભર રસ તણો કુપજી
નીરખી નીરખી સુખ પામીએ શોભા એ પરમ અનુપજી ।૭૦।
વદનારવીંદ અંગ વીવરણ કર્યા નવલી ભાંતજી
સુંદરતાની શ્રેણી અને । અભીનવ શોભાની પાંતજી ।૭૧।
સર્વ શોભાનું ભુષણ મુખ અંગનું ભુષણ તે મુખ અંગજી
એહને ઉપમા કેહેની દીજીએ જોતા થાય મન પંગજી ।૭૨।
એહવું વદન કલાત્મીક અંગ અંગ મહા ફલ રૂપજી
સકલ મનોરથ એક અંગથી પુરણ હોય ભકતના તે અનુપજી ।૭૩।
એક એક અંગના રૂપ ગુણ શોભાનો પાર ન લહીએજી
એહવા એ અંગનું ધામ મુખ શોભા કયાંહાં લગી કહીએજી ।૭૪।
શશીવદન રૂપ કીરણાવલી અમીય અનુપમ હોએ વૃષ્ટીજી
વનીતા વિવિધી રસ સહીત હોય સીંચન સઘલી સૃષ્ટીજી ।૭૫।
અમીત પુરણ કલા એહની તેજ જનીત પ્રગટ ઉદ્યોતજી
અચલ અવની પર રાજતી સકલ બ્રહ્માંડ માંહાં જયોતજી ।૭૬।
વદન એ સદન સુખનુ સદા રૂપ રસ કેરી ખાણુજી
આનંદનું આલય રસાલય રસ નહીં પ્રમાણુજી ।૭૭।
જગત કૃતારથ રૂપ એ સકલ ભુવન તણુ સારજી
સનક શીવ સુર બ્રહ્મા આદી દેવ કોએ પામે નહીં પારજી ।૭૮।
પ્રેમદાનું પ્રાણ સંપન્ન અને જુવતીનું જીવન રૂપજી
અબલા તણુ એ આધાર મુખ સુંદર સુખદ સ્વરૂપજી ।૭૯।
સ્વકીયાનું એ સરવસ અને પરકીયાને એહ જીવનજી
જુવતી જન અગણ સમુહને એહ આનંદ મહા ધનજી ।૮૦।
વીપ્રયોગનું વીરામ એ આરત્યાનું અભિરામજી
પરીતાપના પરીતાપ હારક કામના પુરક કામજી ।૮૧।
સુભગાનું પરમ સૌભાગ્ય એ નેત્રનું જીવન દાનજી
આસાની આસ પુરક સદા મહા ભાગ્યનું સનમાનજી ।૮૨।
આનનાબ્જની ઉદ્યોતતા ઝલકતું સુભગ કપોલજી
તેજને પુંજે વરસી રહ્યું નીરખે પ્રગટે રંગરોલજી ।૭૮૩।

એહવી શોભાએ સુશોભીતું શ્રીમુખ સુખદ સુચારજી
અવ્યક્ત રસ માધુરી ભર્યું જે રસનો નહીં પારજી ૧૭૮૪।
એહ મુખ સુખને અવીલોકવા લોક લોકાર્ધિષ ઇછેજી
અણુ અધીકાર નહિં તેહને તો કયાંહાં લગી પ્રીછેજી ૧૮૫।
એહ મુખ સુખને અવીલોકવા ભાવ બહુ ભાંતીના સાધેજી
અંતર માંહેં આતુર થઇ મહદ પદ રજ આરાધેજી ૧૮૬।
એહ મુખ સુખ વિના સુંદરી બીજું કાંઇ નવ પ્રીછેજી
પ્રાણ તૃણવત કરી ત્રેવડે એહ દર્શન નીત્ય ઇચ્છેજી ૧૮૭।
એહ મુખ સુખ અવીલોકવા જે જહાં તે ત્યાંહાંથી સહુ ધાયેજી
રસ ભર્યા રોકયા રહે નહીં સહે નહીં અંતરાયજી ૧૮૮।
એહ મુખ સુખને અવીલોકવા મેહેલી કુલ મરજાદા લાજજી
દેહ અનુસંધાન ભુલી ગયા એહ મુખ સુખ તણે કાજજી ૧૮૯।
એહ મુખ સુખ અવીલોકીને એહ મુખ ફરી ફરી પેખેજી
મહા ભાગ્યવાન સૌભાગ્ય ભર બીજું તૃણવત કરી લેખેજી ૧૯૦।
ઇશ્વરેશ્વર ને ઉતમોત્તમ જે રસીકવર રાયજી
એહવા શ્રી ગોકુલપતીનું શ્રીમુખ તે વર્ણન કેમ થાયજી ૧૯૧।
જેહને દાન પોતે કર્યું તે કરે એ રસ પાનજી
સનમુખે એ સુખ અનુભવે અનુભવી ભાગ્યવાનજી ૧૯૨।
એહવું શ્રીમુખ સુખાર્ણવ રસીક એહના અગણીત ધર્મજી
સમય સમય શોભા અભીનવી વીસદ કહેવાય ન મર્મજી ૧૯૩।
પ્રાત મંગલ સમે પ્રાણ પ્રભુ ઉઠીયા આલસ ભેરજી
વિલસીત વદન અવીલોકીએ રાજે નીત નૌતન પેરજી ૧૯૪।
જંભા વિકસીત વદને હોય ઉલટો કર મુખ પર રાખેજી
તેહ શોભાને અવીલોકવા માનીનીના મન અભિલાખેજી ૧૯૫।
નમન કરતા સમય નમીત મુખ અમીત શોભા રાજે તેહજી
નીચી દ્રષ્ટે તે અવીલોકીએ અંતરમાંહાં ભરી નેહજી ૧૯૬।
ત્યાંહાંથી એકાંત પધારવા વેદીની ચોતરી જ્યાંહાંજી
મુસકાતા આવી ઉભા રહ્યાં મુખ અવીલોકીએ ત્યાંહાંજી ૧૯૭।
બાહેર પધાર્યા વેગા થઇ ભકતની આરત હરવાજી
શ્રી મુખ સુખનું દાન દેઇ પરમ આનંદે તે ભરવાજી ૧૯૮।
ચરણ ક્ષાલણ તણી ચોતરી ત્યાંહાં બેઠા ચરણ ક્ષાલેજી
તેહ સમય શ્રી મુખ ઉદયને ભામીની ભાવ ભરી નીહાલેજી ૧૯૯।
ફરી ફરી કરે કોગલા નમીત મુખ વીકસીત કરીજી
તેહ સમય મુખ સુખ નીરખીએ નયણા હરખાંસુએ ભરીજી ૨૦૦।
દંત ધાવન કરે તે સમય વદન વિકસીત શોભા ન્યારીજી
ફરીય બેસીને મુખવસ્ત્ર લે તેહ સમય પર વારીજી ૨૦૧।

ચરણામૃત થેલી ચરણામૃતની થકી લે છે જનશીક્ષાને હેતજી
તેહ સમય વદન શોભા જોઇ વારૂ તન મન પ્રાણ સમેતજી ૧૮૦૨।
ત્યાંથી ઉઠીને પધારીયા અટકતા મુસકતા જ્યારેજી
નીરખીએ શોભા વદનની મદન મોહામણી ત્યારેજી ૧૩।
તેલ ગાદીએ તેલાભ્યંગ હોય તેહ સમયની ચાકચક્યજી
જલકતું વદન શોભા ધરે તે કહેવા નહીં શકયજી ૧૪।
નાહાતાં નૌતન છબી ઉપજે શોભાના અમીત તરંગજી
ન્યારો ન્યારો રસ સર્વનો જેજે શ્રીમુખ તણા અંગજી ૧૫।
શીષ કસેડી ઢોલતાં જલ જે મુખ પર વહી ચાલેજી
નયણ ને અધર મુદ્દી રહયા શોભા તે કોણ સંભાલેજી ૧૬।
અંગવસ્ત્ર કરી અંશુછો જ્યારે બેહુ કરે મુખ પર ફેરેજી
તેહ સમય વદન સુખસદનની શોભા સુંદરી સહુ હેરેજી ૧૭।
આચમન લેતા શ્રી મુખ સુખદ નીચું જે લલી લલી આવેજી
તેહ શોભા સહુ સખીને ફરી ફરી નીરખી ભાવેજી ૧૮।
તીલક કરતાં જે શ્રીમુખ તણી શોભા કાંઇ અભિનવી ભાસેજી
નાસીકા નયણ ભ્રકુટી અધરનો સમુઝાએ નહીં આસેજી ૧૯।
ઉઠી ભીતર પાએોધારીયા રસીકવર કરૂણા તે વાનજી
તેહ સમય મુદ્રીત મુખ માધુરીનું કરે સહુ પાનજી ૧૧૦।
તે સમય આભા ઝલકી રહી શોભા અતી અનુપમ દીસેજી
ભાસે પ્રતીબીંબ માંહે ભકતના નીરખતાં હૈયલડું હીસેજી ૧૧૧।
એકાંત પધારી ચરણ ક્ષાલણ કરી ભીતર જઇજી
મુખ સુખાર્થવનુ હેતાં દાન બાહેર પધાર્યા છે રસ મઇજી ૧૧૨।
બેસે ચટાઇ જેણે સમે તેહ સમયની શોભા ન્યારીજી
નીરખી નીરખી મુખ ભાવતું સુંદરી રહી વારીજી ૧૧૩।
ભોજન કરતાં જે ભાવ શ્રીમુખ તણો અનીરવચનજી
તે કહેવાનું સામર્થ નહીં જાણે અનુભવીનું મનજી ૧૧૪।
અચવતા અનુપમ ભાંતીની શ્રીમુખ તણી જે શોભાજી
સનમુખ રહી રહીને જુએ નીરખી માનીની મન લોભ્યાજી ૧૧૫।
ભોજન કરી પધારતા ભકત આગલ સ્થલ રોકેજી
દુરથી દ્રષ્ટી માંહાં લેઇને આનનાબુંજ અવીલોકેજી ૧૧૬।
ચોકીએ બેઠા ચતુરવર વદનાવીંદ જે સોહેજી
તેહ સમયની શોભા નીરખતા જગત સકલના મન મોહેજી ૧૧૭।
બીડું આરોગતાની છબી વિસદ કરી કહી ન જાયજી
વિકસીત વદન સોહામણુ આનન પર અરૂણાઇજી ૧૧૮।
ચોકીથી ઉઠીને સેજયા પર બેઠા રસીકવર રાયજી
વદનની શોભા નીહાલીએ એ સુખ કહયું ન જાયજી ૧૧૯૧।

પોઢી ઉઠયાની પ્રસન્નતા ને અલસાણુ જે શ્રી મુખજી
નીરખી નીરખીને નીરખીએ અનીરવચની સુખજી ।૮૨૦।
ઉથાપને અધીક આનંદભર બેઠા રસીકવર આપુજી
ઝલકતું વદન દર્શન કરાવી હરે ભકતના પરીતાપજી ।૨૧।
હંસી હંસી હરખ ભર વારતા કરે કારણ મઇ જયારેજી
શ્રીમુખ સુખદ પરમાવીધી પ્રગટ અવીલોકીએ ત્યારેજી ।૨૨।
છાની વાત કે કેા પાત્રને જયારે અપાવે તે દાનજી
ઉલટો કર મુખ પર દેઇ નિહોરાધને લાગે છે કાનજી ।૨૩।
ત્યારે એ વદન વાહાલાજીનું અનીરવચની શોભા ધરેજી
ભકતના ભાગ્ય વીસતારીને પરમ આનંદે તે ભરેજી ।૨૪।
ઘોડા વાહેંણી કે રથે રસીક વાહાલેા બેસે સુખપાલજી
મારગે રેણુ પરસી તે શોભા હવી પરમ રસાલજી ।૨૫।
વસંત બેલાવે વાહાલાજીને જેહ સમય ભાવતા ભકતજી
સોંઘેા અલંકૃત કરે ગાલ ગુલાલ છીરકે અનુરકતજી ।૨૬।
તેહ સમય વદન રસની અવ્યકત માધુરીએ હેાય દાનજી
ભકત ભાવે ભર્યા રસીક લાવણ્ય નિધીનુ કરે પાનજી ।૨૭।
આરતી કરે આરત સહીત થાલમાંહાં ધરી દીપ માલજી
વદન માંહાં દિપતું પ્રતીબીંબ શોભા પરમ રસાલજી ।૨૮।
જનમાષ્ટમીના ઉછવ માંહાં ગાન કરે ગાઢે કરીજી
દધી ઢોલ્યું શ્રીમસ્તક પરે રહ્યું શ્રીમુખ પર ભારીજી ।૨૯।
તેહ શોભા નખ શીખ લગી નીરખતા નયણા નવ ખાંચેજી
ભકત ભાવે ભર્યા ભાવતાને લેઇ ઉરમાંહે સાંચેજી ।૩૦।
ચંદન પહેરી અને પેાહેાઢીઆ નીરખતાં નયણા ન મટકેજી
ભામીની ભાવ પુરીત થઇ વારી ફેરી કર ચટકેજી ।૩૧।
આરસી માંહે અવીલેાકે શ્રીમુખ જયારે બેસીને સેજજી
તેહ શોભાને સૌભાગીયા નીરખે સનમુખ ભર્યા હેજજી ।૩૨।
ચુનાવટીથી ચુનેા લેઇ દાબ્યેા ઉપરેણાને સાથજી
કેારેા કરી વજની અંગુલીસું ગેાલી વાલી ગ્રહે હાથજી ।૩૩।
વદન ઉંચુ વિકસીત કરી તેહ મેહલે મુખ માંહેંજી
તેહ સમય વદનારવીંદની શોભા અવીલેાકીએ ત્યાંહેંજી ।૩૪।
બરાસની ફાંક કર ગ્રહી ઉછાલી નાખે જેણી વારજી
વદન વીકસીત કરીને ગ્રહે તેહ નીરખું તેણી વારજી ।૩૫।
ઉથાપને એણી પેરે દર્શન દેઇ ભીતર પધાર્યા રાજજી
શ્રીમુખ જોઇ જોઇ તેહ સમય ભકતના સરીયાં તે સહુ કાજજી ।૩૬।
વલતા પધાર્યા ભીતરથી ભીતરના કૃત્ય કરીજી
ભકતને કરૂણા કરીને આનનાનંદ રસે ભરીજી ।૩૭।
જલઘરે આવી બેઠા કર્યેા તબકડીનેા સાજજી
મેવા મીઠાઇ બહુ મેાલના આણે વાહાલાજીને કાજજી ।૮૩૮।

શ્રીમુખ કરીને સ્વાદ લે અને આરોગે જે પ્રીતેજી
અનુભવીયા તે સુખને લહે વિસદ્દ ન થાએ જથારથ રીતેજી ૧૮૩૯।
ત્યાંહાંથી અચવીને ઉઠયા આગલ દીપક ઉદ્યોતજી
તેહ સમય ઝલકતા વદનની પ્રગટ દીસે બહુ જોતજી ૧૪૦।
મુસકતા અટકતા લટકતા બેઠક માંહાં પધારેજી
ભકતના જુથ જે જે કરી ફરી મુખ પર તન વારેજી ૧૪૧।
ગાદીએ બેઠા ગોકુલ ધણી તેહ સમે ઘણી શોભાજી
મુખડું નીરખી એ ભકતને પ્રગટે ઉર આનંદ ગોભાજી ૧૪૨।
તેલ સેજયાએ પધારીને પરદની પહેરે છે જયારેજી
વલતા પોઢે તેલસેજયા પર વદન સુખ નીરખીયે ત્યારેજી ૧૪૩।
તેલથી ઉઠી અનુરાગ્યું મુખ આલસ ભર્યા જે નયણુજી
વીચ જંભા આવે કે। સમે બોલે ગંભીરતા વયણુજી ૧૪૪।
તેલસેજયા થકી ઉઠીને મુડબંધો બાંધે જયારેજી
સનમુખ દીપ અજુઆલીએા વદન અવીલોકીએ ત્યારેજી ૧૪૫।
બડી સેજયાએ વાહાલોજી તે પોહોઢવાને બેઠા જેણી વારજી
આગમન રસને ઉછાહા જુત વદન અવીલોકીએ તેણી વારજી ૧૪૬।
એહવું એ વદન વાહાલાજીનું નીરખતાં પાર ન લહીયેજી
વાણીએ બુધ્ધી વીલસે નહીં વીસદ્દ એ કેમ કરી કહીએજી ૧૪૭।
બુધ્ધીની જોગ્યતા નહીં અને વાણીનેા નહીં પ્રચારજી
એહ શ્રીમુખની શોભા તણેા કેાઇ પામે નહીં પારજી ૧૪૮।
એહવું શ્રીમુખ સુઆનંદ ભર પ્રગટ રસ વીરલ સ્વરૂપજી
પરમ આનંદમય રૂપ એ પ્રતીક્ષણુ નવલ અનુપજી ૧૪૯।
એહવા એ ધર્મ સહીત અંગ શ્રીમુખ સંગે જે દીદાજી
અંગ શ્રીમુખ બેહુ ભાવતા ઉભય રસ માંહાં લાગ્યા મીઠાજી ૧૫૦।
અંગથી શ્રીમુખ સેાહીએ શ્રીમુખે અંગને શોભાજી
સમતા કરવાને બીજું નહીં એહ પરસ્પર રસ લેાભ્યાજી ૧૫૧।
શ્રીમુખ સહીત જે અંગ પ્રતીઅંગનું નીત્ય ચરીત્રજી
ભાવ સુચવે તેમ સુચવ્યું બુધ્ધી અનુસાર પરમ વીચીત્રજી ૧૫૨।
એણી પેરે કેશથી લેઇને ઠેાડી લગી મહા રસ ભર્યું જી
તે માંહે અંગ વીચીત્રનું ચરિત્ર કાંઇ સુચન કર્યું જી ૧૫૩।
હવે આગલ કહું ગ્રીવા થકી ઉતરતા સહુ અંગજી
અનુભવી ભાવ અનુસારથી બીજા માંગલ્યમાં એહ પ્રસંગજી ૧૫૪।
સ્વરૂપ આનંદ માધુરી મીષ્ટ પરમ અગાધ સમુદ્રજી
દાસગોપાલ અહીં અનુસર્યો થઇ પપીલીકા ક્ષુદ્રજી ૧૮૫૫।

ઇતિ શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ
વ્યારાના ગોપાલદાસ વીરચીત
અંગ અંગનું ચરીત્ર વર્ણનેા નામ
પ્રથમ માંગલ્ય સમપુર્ણ

માંગલ્ય – ૨

રાગ :– સખી બીજેરડુ છોલતીરે હોતી પેઠી સુવાવડ માંહ્યાં

પ્રથમ પ્રાણ વલ્લભને પ્રારથી નમન કરૂં નવ વીધીયે
જે વીધી સર્વ થકી સર્વોપર છે જે વીલસી રસ નીધીએ ।૧।
જે વીધી રસીક તણું સર્વસ્વ છે રસીયાનું જીવન
જે વીધી મહેદ કૃપાને સાંધ્ય સ્નેહે હોયે સંપન્ન ।૨।
જે વીધી લેખનથી અતીરીકત જે ઉકત છે રતી રસ માંહાં
આસ વીલાસ તણી કરીને મન અરૂજયું છે ત્યાંહાં ।૩।
જે વીધી અવર જગતને અલભ્ય છે એતનભાગીૅ જાણે
તે વીધી ભાવે નમન કરૂં છું મહા મહેદની કાણે ।૪।
એ વીધી નમન કરે નવ આનંદ પ્રગટયેા અતી ઉરમાંહાં
પુલકીત રેામાંચીતે હરખાંસુએ નયન ભર્યાં ત્યાંહાં ।૫।
એ વીધી જોગ્ય શરીર નથી પણ ભાવે કર્યા સતકાર
ભાવ દાન દાયક જે ભાવ પ્રીય પ્રીતમ પ્રાણ આધાર ।૬।
એ નવ વીધી નૌતન નવ નવ રસ નીત્ય કરીને કહેવાએ
પ્રતીક્ષણ ભાવ તણા સ્વાદે રસ વીલસતા વાધતેા જાએ ।૭।
તે વીધી પુર્વક નમન કરીને પ્રાણવલભને આરાધું
પ્રતી અંગનું નીત્ય ચરીત્ર કહું ને આગલ કાજ સાધુ ।૮।
જે જે મહા રસ પુંજ રસાત્મક રસભર રસીક સ્વરૂપ
રસનીધી રસરૈીય રસ ઉપકારી રસવસ મહા સ્વરૂપ ।૯।
રસ ઉદબેાધક રસાવેસ રસમેાઈ રસસું આશકત
રસ ભેાકતા દાતા રસના શ્રીંગાર રસે અનુરકત ।૧૦।
અણીલ કામ પુરક નીત્યે કામી રૂચે કામનું ધામ
કામ કેલી કામેાછવ કર્તા કામ તણુ અભીરામ ।૧૧।
કામ રસે વસ કામ કૌતકી કામ ભાવના ભાવે
કામે વસ ને કામ વસ એહને કામે રતી ઉપજાવે ।૧૨।
ભાવ ગ્રહી ભાવાત્મક ને વલી સદા ભાવ સંયેાગી
ભાવ મારગી ને ભાવ વસ ભાવ રસે રસ ભેાગી ।૧૩।
સુંદરતાનેા નીધાન સુશેાભીત સુંદર પરમ વરેશ
સુંદરતા વીલસે શ્રીઅંગે અંગ અંગ પરમ સુદેશ ।૧૪।
એક એક પ્રતીઅંગની સુંદરતાનેા કાંઇ નાવે પાર
તેા એ શુભ અંગ તણી સુંદરતા કેમ થાએ વીસ્તાર ।૧૫।
એહવેા શ્રી વીઠલેશકુમાર મહાસકુમાર અનુપ
ગેાકુલમણી ગેાકુલનુ ભુષણ ગેાકુલ કેરેા ભુપ ।૧૬।

એહનું સ્વરૂપ વર્ણન કરવાને મનમાંહાં ઉદ્યમ કીધો
તે મહેદ તણી કરૂણા ગલે મનોરથ પ્રભુજીએ માની લીધો ।૧૭।
એ સ્વરૂપનું ને શ્રી અંગનું વર્ણન કોણ કરી શકે કેમ થાએ
પણ લખવા સમે જેહવું સ્વરૂપ મારી દ્રષ્ટે પડયું સમુદાએ ।૧૮।
અને જેહવા સ્વરૂપનું સ્વતઃ થકી મુને કીધું મહા દાન
તેહવું મેં મારી બુધી અનુસાર લખ્યું છે ભાવ સમાન ।૧૯।
અભીનવ પરમ અગાધી અપરમીત થાએ નહીં વીસ્તાર
અનુભવને અનુમોદને એ રસ પ્રગટ હવો સાર ।૨૦।
પ્રથમ પ્રસંગે મનોરથ પુરકે મનોરથ કીધો સીધ
ને વલી મનોરથનો આગમ તે પ્રગટ કર્યો નીર્વીધ ।૨૧।
મંગલાચરણે મહેદ તણી તે સ્તુતી પ્રાર્થના કરી
વલતું સ્વરૂપ કહ્યું મહાપ્રભુનું એની પદ રજ ઉર ધરીય ।૨૨।
પછે પ્રમાણ કહ્યું એ સ્વરૂપનું અનુભવી મંગલે માપી
શીખથી લેઇ ચરણતલસું સીધ કર્યું તે સ્થાપી ।૨૩।
વલતું શ્રીઅંગને ઉદ્દેસે શ્રીમુખ વર્ણન કર્યું
કેશથકી આરંભી ને તે ઠોડી લગી રસે ભર્યું ।૨૪।
તેમાંહે અંગઅંગ સુચનીકા પ્રથક પ્રથક કરી કહીય
એક એક અંગ તણે ચરીત્રે જુત જેહવી અનુભવે લહીય ।૨૫।
હવે એણે માંગલ્યે શ્રીવાથી આરંભીને કહું છું
અંગ ચરીત્ર તણી સુચનિકા જેહવી કાંઇ એક લહું છું ।૨૬।
ઇચ્છાને અનુસાર અને ભગવદીયેાને ચરણે લાગી
એહની કરૂણાનું બલ જાચીને કહું અતી અનુરાગી ।૨૭।
શ્રીવા ગુણનીધીની ગુણ પુરણ ગુણભર ગુણનું ધામ
શેાભાએ સવંલીત સુધા કર કેાટી કામ અભીરામ ।૨૮।
જહાં વીલાસ વચન માધુરીનેા પરસ્પર સુભગ નિવાસ
રસ પેાષક રસાનંદ મહા રસ ભર્યો રસ ઉદબેાધક હુલાસ ।૨૯।
એહની પ્રાત ઉઠયા થકી કૃત્ય તે પેાઢવા પરજંત
વીસદ કરી કહેવાયે નહીં અને કહેતા ન આવે અંત ।૩૦।
પણ કાંઇ એક મનોરથ કરીને કહું છું સુચન માત્ર
એહથી તેહનેા અનુભવ થાસે સહુ જે છે અનુભવી પાત્ર ।૩૧।
પાછલી રાત્રે રસે ભરીઆ વહાલેાજી ઉઠે જ્યારે
શ્રીવા ગુણ સમેાહની શેાભા ફરી ફરી નીરખીએ ત્યારે ।૩૨।
ઉઠીને આલસભર જંભા જુત શ્રીવા લટકાવી
તે લટકનીએ લાલચ લાગ્યું મન ફરી શકે નહીં આવી ।૩૩।
પછે નીચા થેઇ નમન કરે શ્રીવાની લટકનીયે કરી
નીકટ રહી અવીલેાકીએ ઉલટે એ શેાભા રસ ભરી ।૩૪।

વલતાં ચરણ ક્ષાલણને આવી બેઠા ભાંત રસાલી
દંતધાવન ને કોગલા કરે તે ગ્રીવા વાલી વાલી ૧૩૫।
કોગલામાંહાં કુલી આવે અને વલી રહે યથા રીત
ભાવ ભર્યા શોભા નીરખે પ્રેમદા કરી કરી બહુ પ્રીત ૧૩૬।
વલતો ઉપરેણાનો પાલવ શીષથી લીધો ઉતારી
મુખ પુંછન કરતાં ગ્રીવાની છબી સોહે કાંધ ન્યારી ૧૩૭।
વલતાં ગ્રીવાની લટકનીએ પધાર્યા મહારાજ
આવીને ગાદીએ. બેઠા તે તેલાભ્યંગને કાજ ૧૩૮।
તેલ લગાવતાંની લટકની ગ્રીવાની સોહે જેહ
અનુભવી ભાગ્યવાન નીહાલે એ સુખ જાણે તેહ ૧૩૯।
તેલ તણી આરદ્રતાએ કચ અટકી રહ્યા જે સુભાવી
તેહ સમે ગ્રીવાની શોભા અતીસે મનમાંહાં ભાવી ૧૪૦।
કંગી કરતાં ગ્રીવાની લટકનીનું હોએ દર્શન દાન
તે સનમુખ રહી સોહાગી ઉભા નીરખે ભાગ્યવાન ૧૪૧।
વલતો અંબોડો વાલ્યો તે ફરતી ગ્રીવા ફેરી
તે શોભા નીરખી નીરૂપમ રહ્યા સહુકો હેરી ૧૪૨।
નાહાવાને ચોકી આગલ જઇ ઉભા પ્રાણ આધાર
ગ્રીવાને લટકે અંબોડો છોડી તેણી વાર ૧૪૩।
વલતાં લેઇ કસેડી કરમાંહાં નાહ્યા તે અર્ધભાગ
તેહ સમે ગ્રીવાની લટકની નીરખે ભર્યા સોહાગ ૧૪૪।
ચોકીએ બેસી કસેડી બેહુ ભુજા પર ઢોલે
તેહ સમે ગ્રીવા ડોલે તે કોણ કરૂં સમતોલે ૧૪૫।
પછે અંગવસ્ત્ર કરે જ્યારે ત્યારની શોભા ન્યારી
ગ્રીવા પુછન કરે કરમું તે શોભા ઉપર વારી ૧૪૬।
ધોતી ઉપરણો અંગી કરી પીઢે બેઠા આવી
તીલક કરે તે સમે ગ્રીવાની લટકની હોય સુભાવી ૧૪૭।
વલતા ચાલ ઢલકનીએ લલકની ગ્રીવાની સોહતા
મંદીર માંહાં પધારતા પોતે જગત તણા મન મોહતા ૧૪૮।
ભીતર જઇ આરતી કરી ફરી નીરખે ગ્રીવા વાલી
તે શોભા ભામીની નીરખે છે ભાવે ભરી રસાલી ૧૪૯।
ઘંટાને બેસે વહાલોજી જ્યારે હલવે ઘુંટો ફેરે
ત્યારે ગ્રીવાની લટકનીએ માનીનીનાં મન ઘેરે ૧૫૦।
બાહેર બીજી વાર પધારીને ભીંતે અટકી ઉભા
ગ્રીવાની લટકનીએ મૃદુ બોલે તે નીરખે સહુ શોભા ૧૫૧।
પરમ ચતુર ચટાઇએ બેઠા બોલે ચારૂ વચન સુખરાસ
નીહોરાઇ નીરુપમ ગ્રીવાની શોભા નીરખે છે દાસ ૧૫૨।

ભોજનને પધારતા હોએ ગ્રીવાની લટકની જેહ
શોભના સાગર પ્રગટે એ કહી શકે કોણ તેહ ૧૫૩
ભોજન કરતાં વલી આરોગતાં ગલતાં ગુણ ગહેરાઇ
તેહ સમેની ગ્રીવાની લાવણ્યતા કહેતાં કહી ન જાય ૧૫૪
અચવતાં અભીનવ ભાંતી કોગલા કરે તે ભાંતી અનુપ
તેહ સમે ગ્રીવાની લાવણુનું કોણ કહી શકે રૂપ ૧૫૫
ચોકીએ આવી બેઠા કે સેજે બેઠા નાથ
બીડું આરોગતા ગ્રીવાની શોભા નીરખે સહુ સાથ ૧૫૬
તાંબોલ ચર્વણે કુલી આવે અતીશે આરકત થેઇ
રસ ગલતા રસ અંતર ભાવે નીરખે અતી રસ મઇ ૧૫૭
ઉથાપને આનંદ ભર્યા સુંદરવર બેસે જ્યારે
તેહ સમે ગ્રીવાની શોભા નીરખે સ્વકીય ત્યારે ૧૫૮
ભગવદ્ગી કોઇ નમન કરે આવી તેનો કરે સતકાર
તેહ સમે ગ્રીવાની લટકની શોભાનો નહીં પાર ૧૫૯
વારતાને રસે વાહાલોજી ગ્રીવાની લટકની કરે
તે શોભા શોભા કર અતીસે ઉરમાંહાં આનંદ ભરે ૧૬૦
પહેરામણી પેરે પ્રાણેશ્વર પોતા કેરી ઢલણે
બાંધે પાગ લટકની ગ્રીવા ચારે પાસને વલણે ૧૬૧
જેમ જેમ પેચ ફેરે તેમ ફરતી ગ્રીવા સુંદર દીસે
તે શોભા જોતા સુંદરીના હીત જેર હોડા હીસે ૧૬૨
આરતીને સમે તીલક કરીને ગ્રીવાએ કુમકુમ પરસે
તે શોભા સૌભાગ્યવંતી સનમુખ રહી રહીને દરસે ૧૬૩
આરતીનો સતકાર કરે ગ્રીવાની લટકની કરી
તે શોભા મહા ભાગ્યવંતી ઉરમાંહે લેઇ ધરી ૧૬૪
ગાન કરે કીર્તનીયા સુંદર તેહને શીખાવે ગાન
ગ્રીવા ઉંચી કરે તે શોભા નીરખે ભાગ્યવાન ૧૬૫
કોઇ સમે કથા કહે રસ ભર્યા કે કોઇ બાલકને પઢાવે
ગ્રીવા પરમ આરકત થઇને અતીસે કુલી આવે ૧૬૬
માલા તુલસીની ગુંજનો મુઠતા હેમની માલા
ગ્રીવાએ પહેરી રાજે તે શોભા પરમ રસાલ ૧૬૭
ઔસધ લે અલવે શ્રીમુખમાંહાં ગ્રીવા નીચી કરે
વલતી ઉંચી કરી લેહકાવે તે શોભા સુખ ભરે ૧૬૮
સંધ્યાવંદનને સમે વાહાલો આચમન લે જ્યારે
તે સમે ગ્રીવાની લટકની શોભા નીરખીયે ત્યારે ૧૬૯
સેજ્યા પર મહા સુખદ શીરોમણી બેસે અતી સુખદાઇ
તે સમે ગ્રીવા ગુણગીધીની શોભા કહી નવ જાઇ ૧૭૦

અતી એકાંત સમે અનુભવીસું જે રસ લીલા થાએ
તે સમે ગ્રીવાનું ચરીત્ર તે કહેતા કહ્યું ન જાયે ।૭૧।
ગ્રીવા મધ્યે મેરૂ મનોહર ઘાટી ઘાટ સુઘાટ
રસ ગલવા અંતર ઉતારવાની એ ઉતમ વાટ ।૭૨।
તે ઉપર તીલ શ્યામ મનોહર રાજે રૂડી રીત
સ્વરૂપ રસીક હોય તે લહે જે નીરખે કરી કરી પ્રીત ।૭૩।
જાવદ સામગ્રી આરોગતા ગલતાં એ તીલ શ્યામ
ઉંચો આવીને વલી નીચો રહે તે તેણે ઠામ ।૭૪।
એ શોભા સુંદરી સનમુખ એક ટક નયણે નીરખે
કૌતીક એહ જોઇ જોઇ મનમાંહાં ઉલટ ભરીભરી હરખે ।૭૫।
હૃદયથી ઉંચો કંઠ નીચે બેહુ સાંકલ મધ્યે ગાડ
તે માંહે તીલ લીલો એક નીરૂપમ દ્રીગ ગોચરની આડ ।૭૬।
જે કેવલ સ્વરૂપને રૂપે અટકયા દ્રષ્ટી નવ અલગી ખાંચે
તે એ અંગ તણા લક્ષણને લે લે ઉરમાંહાં સાંચે ।૭૭।
એણી પેરે ગ્રીવા ગુણ સમોહની રાજે રૂચી સુદેશ
ભાગ્યવાન ભાવે ભરીયા તે નીરખે પરમ વરેશ ।૭૮।
હવે ખંભા ભુજ ભુજાદંડ મનોહરનું વર્ણન કરીએ
નમન કરી નવ નવ મનોરથ સુંદર અંતરમાંહાં ધરીયે ।૭૯।
એહોના કૃત્ય ચરીત્ર અનેક વીવેક કરીને કહેવાયે
અગણ્ય અપાર અપરમીત લક્ષણ વચને કહ્યા નવ જાએ ।૮૦।
તે માંહે ખંભા ભુજ ભુજાદંડ ને અંગુલી દલના જોહ
પ્રાત થી પોઢયા લગી ન્યારા ચરીત્ર વિસદ્ન થાએ તેહ ।૮૧।
તે માટે એ સમગ્ર બાહુનું સમુદાય એકત્ર કરીય
સુચનીકા માત્રે કરી વર્ણન કરૂં છું ઉલટ ભરીય ।૮૨।
એ બાહુ બહુ રસના ભોગી સંયોગ કરણ સુખરૂપ
પરસે પ્રેમ પ્રગટે પ્રેમદાને રસ પોષક એ અનુપ ।૮૩।
સ્પર્શી સુખ સંપન્ન કરે વાહાલાજીને રસ ભરે
ઉભય સ્વરૂપને ઉદબોધક રસ એ કર પલવ કરે ।૮૪।
ગોરા ગોલ ગેહેરી શોભા ભર ઉતરતા અતી રાજે
ખંભા ભુજા ભુજદંડ અંગુલીદલ ન્યારી શોભા ભ્રાજે ।૮૫।
જમણા અંગુઠાનો નખ લાંબેરો રાખે રાજ
ભામીનીના ભુષણ છોડે કંચુકીબંધ છોડવા કાજ ।૮૬।
અંગુલીદલ નખમણી મનોહર શોભાનો નહીં પાર
એક એક રેખા રોમ પ્રતીરોમનો થાએ નહીં વિસ્તાર ।૮૭।
સુભગ હથેલીની રસીલી રેખા સુંદર રાજે
ભાંતી ભાંતી અનુકર્ષ અનુપમ ભાવે ભરી બીરાજે ।૮૮।

કોઇ અકેલી કોઇ દોહરી કો ત્રીવલી રેખા સોહે
કો ચોહોરી કો મલી મલી રહી કો છોટી અવીરોહે ૧૮૯।
રેખામાં લલીત લાલીમા રાજે ન્યારી ન્યારી
મધ્યે મધ્યે ગૌર અરૂણ આભા તે કોણ કરૂં અનુહારી ૧૯૦।
જમણે કરે હથેલીમાંહાં અંગુઠાને નીચે ભાગ
શ્યામ બુંદ એક સુક્ષ્મ સોહે નીરખીયે કરી અનુરાગ ૧૯૧।
સુર સુભટ રતી રસ સંગ્રામે કામ કેલીના કરતા
પ્રથમ ગાઢ આલીંગને કરીને ઉભયની આરત હરતા ૧૯૨।
પરમ ઉદાર અભય દાતા રસદાન તણા દ્વારપાલ
એહો વડે રસ વીલસે તે રસીકવર મહા રસાલ ૧૯૩।
દક્ષીણ ભુજદંડે કોપરથી નીચેરો તીલ શ્યામ
તે પૃષ્ટ ભાગથી પ્રગટ દેખીએ નીરખતા અતિ અભીરામ ૧૯૪।
અંગ સમંધી ને ઉપયોગી જાવદ કારજ માત્ર
તેહ કરે સહુ અનુભવ કરીને એહવા એ હીતપાત્ર ૧૯૫।
અગણ અપાર અનેક એહવા ગુણ ગિણુનામાં નવ આવે
અનુભવીને જાપીત છે સહુ એ અનુદીન દીઠા ભાવે ૧૯૬।
એહનું ચરીત્ર પ્રાતઃ ઉઠયા થકી પોઢયા લગી કહીએ
પ્રગટ કરે પુરમીત નહિં આવે કહેતાં પાર નવ લહીએ ૧૯૭।
સુચનીકા માત્ર કહું છું અનુભવ સુરતીને કાજ
સાંભલતા સર્વે અનુભવ થાસે અનુભવી જેહ સમાજ ૧૯૮।
પ્રાતઃ પ્રાણવલ્લભ ઉઠે જ્યારે સેજ થકી રસ ભરીઆ
અનુભવને મોઢે પ્રમુદીત થઇ આનંદે પરવરીઆ ૧૯૯।
આલસ વીવસ જંભાજુત વદને પ્રથમ આલસ મોડી
અંગડાઇ લેઇ ઉંચા કર કરીને અટકાવે બેહુ જોડી ૨૦૦।
એ શોભા કરની જોતા અનુભવી ધરે નહીં ધીર
રસીયા રસ વીહવલ થાએ અંગ વાધે અનંગની પીર ૨૦૧।
પછે ઉઠી પરદની પહેરી તનીયે તે ઉતારી રાખ્યે।
તેહ સમે કરની શોભા કહેવાને અતી અભીલાખ્યે। ૨૦૨।
મુડબંધે। મસ્તકથી લઇને સજ્યા ઉપર ધરીયે।
તે સમે કરનો લટકે। જોઇ અંગ અંગ ઉલટ ભરીયે। ૨૦૩।
ઉપરણે। મસ્તક પર રાખ્યે। દઇ અવલા સવલા પેચ
તેહ સમે કર અંબુજ શોભા શી કહું દીધા સુપેચ ૨૦૪।
પછે ઉઠી અલગે સ્થલે આવી નમન કરે છે જ્યારે
ભુજા અને બાહુદંડના વલણ તે સનમુખ નીરખીએ ત્યારે ૨૦૫।
ઉભા રહી અંગુઠી ઉતારી આપી ખવાસને હાથ
ખવાસે પાગના પેચ માંહાં દઇને બાંધી પોતાને માથ ૨૦૬।

ઉપવીત લેઇ જમણે કરસું ગ્રહી જમણે કરણે ધરીયું
તે કરનો લટકો જોઇને ઉર અતી આનંદે ભરીયું ।૧૦૭।
વલતાં કરને લટકે પધાર્યા સ્થલ એકાંતે પોતે
શોભા કોઇ વીલક્ષણ અદભુત મુદીત થયા સહુ જોતે ।૮।
ત્યાંહાંથી ચરણ પ્રક્ષાલણની ચોતરીએ પધાર્યા આધાર
તેહ સમે કર અંબુજની શોભા કહેતાં નાવે પાર ।૯।
જમણે કર લટકે લટકાવે ડાબો ભીંતે પરસે
નવલ રસીક નવવધુને નીરખે ઉરમાંહાં આનંદ વરસે ।૧૦।
પ્રથમ પીઠે બેસીને જમણે કરસું મૃતીકા જોઇ
અધીક હોયે અલગી મહેલે રાખે સમાન જે હોયે ।૧૧।
સનમુખ એક તાકી તેમાંહાંથી સીક જોઇ લે આછી
આવશ્યક રાખે વાધતી જોઇને મહેલે પાછી ।૧૨।
તે સીકે નખમણી સુધારે ને નામે જલધાર
તેહ સમે કર અંબુજની શોભાનો પામું નહીં પાર ।૧૩।
બેહુ ચરણ વચે નીચો ગડુઓ ધરી કોપર ટેકી
જલધારા નામે કર ઉપર શોભા બેહ વીસેખી ।૧૪।
એણીપેરે પ્રાણપ્રભુ આવીને કર પ્રક્ષાલણ કરે
મૃતીકા લેઇ લેઇ અને જલ નામે મીંડતા ભાવે ભરે ।૧૫।
જમણે કરે લેઇ લેઇ મૃતીકા નાખે ડાબા કરમાંહાં
પ્રથમ વામ કર ત્યારો પ્રક્ષાલે જલ નામે છે ત્યાંહાં ।૧૬।
મૃતીકા લેઇ બેહુ કરની હથેલી ભીડે મારા નાથ
ઉભય કરની અંગુલી એક એકમાં મહેલી મરદે સાથ ।૧૭।
વામ કરની અંગુલી દોહોરી કરી જમણી હથેલી માંહાં
મૃતીકા લેઇ નખમણી મરદે તે શોભા નીરખીએ ત્યાંહાં ।૧૮।
દક્ષીણ કરની હથેલી નીચે રાખી વાહાલો પોતે
વામ કરનું કરતલ મરદે તે વીસ્મય થયા સહુ જોતે ।૧૯।
ઉલી હથેલી કરીને ફરી હથેલીમાંહાં નખમણી
મરદે મૃતીકા લેઇને એ શોભા કેમ કહું તે તણીય ।૨૦।
લેઇ વલી અંગુલી દલમાંહાં અંગુલી દલ તે ભરાવ્યા સીધા
મીડી જલધારા નામી અને કર અંબુજ સુધ કીધા ।૨૧।
પછે ચરણ પ્રક્ષાલણ કીધા ઉભય અનુપમ જોડ
તે શોભા શોભાએ પુરીત કર જોવાના કોડ ।૨૨।
આચમન લેઇ ઉપવીત ઉતાર્યું કર્ણ થકી જેણીવાર
તે જમણા કરનાં લટકાને નીરખીયે તેણીવાર ।૨૩।
શેષ મૃતીકા રહી તે કર જમણે જલ નામી ધોઇ
વામ કરે તે વીસુધ કર્યો સ્થલ આશ્ચર્યા સહુ જોઇ ।૧૨૪।

દંતધાવન કરતાં દક્ષીણ કરનો જે લટકો સાર
કોગલા કરતાની છબી જોઇ વારીએ કોટીક માર ।૧૨૫।
દાતણ કેરી ચીપે ફરી ફરી ઉલ ઉતારે જ્યારે
તે લટકો શ્રીમસ્તક ને બેહુ કરનો નીરખીએ ત્યારે ।૧૬।
વામ કરે ગડુઓ ગ્રહી નામે શીતલ જલ સુબરાસ
જમણે કર અંગુલીયે લેઇ લેઇ છીરકે નયણ બેહુ પાસ ।૧૭।
શ્રીમસ્તક કેરો લટકો અને કર તણી લાઘવતાઇ
ઉભય ચરીત્ર વીચીત્ર નીહાળ્યું ઉરમાં રૂપ સમાઇ ।૧૮।
ફરી બેસી ઉપરેણાનો પાલવ શીષથી કરસું લીધો
મુખ પુંછન કરીને કર પુંછયા ફરીને પેચ દીધો ।૧૯।
તેહ સમે કરનાં લટકાની શોભા શોભાએ ભરીય
નીરખી નયણા સમજે પણ કેમ કહેવાય વચને કરીય ।૧૦।
આણી બવાસે આગલ રાખી ચરણામૃતની થેલી
સ્વકીયને શીક્ષા અર્થે લીધું ભીતર શ્રીકર મેહેલી ।૧૧।
ઔષધ કાંઇ તેણે સમે લીધું ને કીધું જલપાન
તે સમે કર ચતુરાઇની શોભા નીરખે મહા ભાગ્યવાન ।૧૨।
વલતા કર લટકાની લાવણ્યે પધાર્યા તેલગાદ્દી
જે રીતે જેણે સમે જ્યાંહાં જોઇએ ત્યાંહાં બીછાવી સાદી ।૧૩।
શીષ થકી ઉપરેણો લેઇને રાખ્યો બવાસને હાથ
તે લટકો અવલા કરનો નીરખે છે સઘલો સાથ ।૧૪।
ગાદ્દી પર આવી બેઠા તે કાછ પરદનીનો વાલી
તેહ સમે કરની શોભાને કોણ શકે સંભાલી ।૧૫।
ઉપવીત લેઇ કટીસું લપેટી પરદની ઉપર ધરીયું
તે સમે કરની લાવણ્ય જોઇ ઉર આનંદે ભરીયું ।૧૬।
વલતા ગાદ્દીએ બેસી કર વામ તે અવલો વાલી
અંબોડો છોડયો અલવે કરી અભીનવ ભાંતી રસાલી ।૧૭।
ઉર ઉંચુ કરી ઉકસીને અંબોડો છોડી ઝટકે
જમણે કરે કરી કેશ સમારે જે જે અંગુલી માંહાં અટકે ।૧૮।
જ્યાંહાં અંગુલી અટકે ત્યાંહાં બીજે કરે કરીને સુધારે
સરલા કરી સોહતા રાખે બેણી ભાંતે કરી નીરવારે ।૧૯।
કોઇ બેક કેશ બસી આવે તે બેહુ કરે કરી ધરે
વલ દેઇ ન્યારા રાખે શોભા જોઇએ ઝલટ ભરે ।૧૦।
કોઇ બેક કેશ કર વામ અંગુલીદલે બેકત્ર કરી લપેટે
બેણે સમે બેહુ કરની શોભા અંગ અંગ આરત મેટે ।૧૧।
વલતાં કેશ વામ કરે ગ્રહીને ઉકસી આગલ લીધા
દક્ષીણ કરે કાંકસી લેઇને બેહુ કર સનમુખ કીધા ।૧૨।

કર માંહે કેશ ગ્રહી કાંકસીએ પ્રથમ સમારે અણી
તેહ સમે જોઈ જોઈ અને જોઇએ શોભા બેહુ કર તણી ।૧૪૩।
કાંકસીને વીરલે દાંતે કરી પ્રથમ સમાર્યા કેશ
તેહ સમે કરનો લટકો તે સુંદર પરમ સુદેશ ।૧૪૪।
વલતાં કેશ કરે ગ્રહી પાછલ રાખ્યા પીઠ પ્રનાલ
કાંકસીને નાને દાંતે તે ઓલી સુધાર્યા ણાલ ।૧૪૫।
કાંકસીએ વલગ્યાં આવે જે કેશ સુદેશ ખસી
તે સમે કાંકસીયે લપેટે તે નીરખીએ કર હુલસી ।૧૪૬।
કાંકસી લેઇ ગાદી પર મેહેલે બેહુ કર ધોતીએ લોહે
તેહ સમે શોભા જોઈજોઈને સુંદરીના મન મોહે ।૧૪૭।
વલતાં શીષ ઉપર કર અંબુજ રાખ્યા ઉભય તે મેહેલી
જેમ તાલુમાંહાં તેલ મેહેલતાં સનમુખ આવે ઢલીય ।૧૪૮।
ભુજદંડ બેહુ ઉંચા કરીને મસ્તકે રાખ્યા જેહ
ઉર ઉતંગ અવીલોકીએ કે કરને અવીલોકીએ તેહ ।૧૪૯।
વલતું તેલ અવાસે ચાંગલા ભરી ભરી મેહેલ્યું શીષ
પુરણ થયે હુંહું કરે અને મીંડે ગોકુલ ઇશ ।૧૫૦।
કર અવલે સવલે કરીને ભીડે સુંદર કેશ
કરઅંબુજ ભુજદંડ સહીત હાલે તે પરમ સુદેશ ।૧૫૧।
પછે કેશ પાછલ સરકાવી વલી તેલ નિજ કરે કરી લીધું
પાછલ કેશ રહ્યા છટકી તેહને આરંદ્ર કરીને દીધું ।૧૫૨।
તેહ સમે કર વલણની લાવણ્ય ચોપડયાની ચતુરાઇ
અનુભવીઆ દ્રષ્ટે અનુભવે પણ કહેતાં કહ્યું નહીં જાય ।૧૫૩।
કાંઇ એક તેલ લસી આવે લલાટ ઉપર તે ઢલી
નીજ કરે કેશ ગ્રહી સમેટે નીરખીએ અતી હુલસીય ।૧૫૪।
કર વલણે કરીને વાલ્યેા અંબોડો સુભગ સુઢાલ
તે શોભા કરના લટકાની સોહે પરમ રસાલ ।૧૫૫।
તે કર પરદનીમાં મેહેલીને અભ્યંગે રસઅંગ
તેહ સમે નીરખી સુંદરીઓને પ્રગટે અંગ અનંગ ।૧૫૬।
કર અંબુજ અલગા ત્યાંથી કરી સંકુચાવે તે ત્યાંહે
પ્રગટ કરી પરદનીએ ફેર્યા આરંદ્ર રાખ્યા માંહે ।૧૫૭।
વલતાં તે કરદલ જુગતે કરી ભીડી મુખ પર ફેરે
તે શોભા જુવતી જન જોઇ હંસીહંસી પરસ્પર હેરે ।૧૫૮।
ત્યાંહાં સેવક બે અવલા સવલા રહી તેલ લગાવે
તેહ સમે કરની શોભાનો કહેતાં પાર ન આવે ।૧૫૯।
તેલાભ્યંગ કરી પોંહોંચ્યા પછી ઉઠયા પ્રાણઆધાર
ઉપવીત સવ્ય કર્યું પરદનીની સુધી કરી કીનાર ।૧૬૦।

તેહ સમે કરઅંબુજની તે કોઇ એક અદભુત ભાંત
નેહ ભર્યા નીરખે નયણા ભરી શોભા કેરી પાંત ।૧૬૧।
જયારે લટકતે વામ કરકમલે નાહવાને પધારે
પરદનીની કસવટનો ખુંટ તે દક્ષીણ કરે સુધારે ।૬૨।
ખેંચીને ઉપર લાવે જેમ સરકી ન જાએ ધોતી
તેહ સમે અંગુલીના વલણ તે નીરખે પરમ પનોતી ।૬૩।
વલતાં નાહવાને સ્થલે જઇને ચોકી આગલ ઉભા
કર ઉંચો કરી માગે કસેડી તે ત્રીયા નીરખે શોભા ।૬૪।
લેઇ કસેડી કર જમણે અધ ભાગે નાહે પહેલા
અવલે કર કટી ઉપરે નામે ઉષ્ણોદક વહેલા વહેલા ।૬૫।
બંક રહીને વામ કરે પ્રથમ ભીંજે કાછ
વલી આડો અવલો કર ફેરવી પરદની કરે તે સ્વચ્છ ।૬૬।
વલતાં ઉભા રહીને આગલ જલ ઢોલે પ્રેમ સમુદ્ર
ડાબે કરે કરી કોર પરદનીની કરે તે સહુ આરંદ્ર ।૬૭।
તે લટકો ચહું ઓરની પરદની ભીંજાવ્યાનો જે સુઢાલ
તેહ સમે કરની શોભાને નીરખે પરમ રસાલ ।૬૮।
ચોકીએ બેસીને કર અવલે તે અંબોડો છોડે
મુકલીત લટકાસું કરીને ઉર આનંદ અંગ મોડે ।૬૯।
વલતાં ચોકીએ બેઠા કર લાંબે કસેડી ધરે
વેગલેથી વાછલ્ય જુત તે ખવાસ તેહમાં જલ ભરે ।૭૦।
તે સમે થરહરણી કરની ને જલ ઉજલાઇ આવે
એ શોભા જોઇ કરની તે સુરતી કરેથી સાલે ।૭૧।
વલતાં લેઇ કસેડી ઢોલે ડાબે જમણે અંગે
તે લટકો જોઇ મન સહુના ફરે તે કર સંગસંગે ।૭૨।
જમણે કર જલ નામે અને ડાબે કરે છીરકે કર્ણ
વામ કરે કસેડી ગ્રહી જમણે કરે છીરકે જગ આભરણ ।૭૩।
જલે અંગુલી આરંદ્ર કરી અને મહેલે નાસીકા માંહાં
વલતી સધ્ય પખાલી લીધી કોરૂં રહે નહીં ત્યાંહાં ।૭૪।
ડુંટી પર જલ ધારા નામે એક કર આડો રાખી
તે શોભા મારૂં મન જાણે કે અનુભવીનું મન સાખી ।૭૫।
વલતાં ચરણ કમલ ચોકી પર ઉભય તે અલગા ધરે
તે ઉપર જલ ધારા નામે ને બીજો કર ત્યાંહાં ફેરે ।૭૬।
તે ઉભય અંબુજદલની શોભા દલમલય કામનુ કામ
સ્વરૂપ નેષ્ટીક નીપુણ હોએ તે કરે એ રસનુ પાન ।૭૭।
વલતાં મસ્તક પર કસેડી ઢોલે ભરીભરી
વામ કરે કરી કેશ સુધારે નીરખીએ ફરી ફરી ।૧૭૮।

ડાબો કર ઉત્તાનો કરીને અંગુલીઓ ઉભી રાખે
જમણે કરે કસેડીએ કરીને તે ઉપર જલ નાખે ૧૭૯।
વલતી ડાબે કર કસેડી ગ્રહી તે તેણી રીતે
જમણા કર ઉપર જલ નાખ્યું જેમ સદાની નીતે ૧૮૦।
ઉભય કરાંબુજ ઉભા કરી જલ નાખ્યુ છે જેહ
નખ આભ્યાંતર માંહાં કોરૂં રહે આરંદ્ર કર્યું તે તેહ ૧૮૧।
તે શોભા કરકમલ તણી તે અદ્ભુત અનુપમ દીસે
ભાવ ભર્યા ભામીનીઓ નીરખે નીરખતાં દેડું હીસે ૧૮૨।
છેલી કસેડી શીષ પર ઢોલી કરના લટકા સંગ
અંગ સંકોડી એક કર્યું તે જેમ ભીંજે સર્વે અંગ ૧૮૩।
તે કસેડી જમણે કરસું લેઠી રાખી નાથે
ભોમી ઉપર ફરવા લાગી જે મેહેલી લટકા સાથે ૧૮૪।
શુભ લલાટ ઉપર કેશ આરંદ્ર લપટાયા છે જેહ
ઉભય કરે બેહુ દીસ નીરવાર્યા અંગુલીદલસું તેહ ૧૮૫।
એમ નાહ્યા કરની લાવણ્ય જુત શોભા કહી નવ જાએ
સ્વરૂપ સંયોગી ધર્મ એ કરના વીસદ કેમ કરી થાએ ૧૮૬।
બીજી ચોકી આગલ રાખી તે ઉપર પટુની થેલી
ધોતી ઉપરેણા અંગવસ્ત્ર તેમાંહાં તે ત્યાંહાં મેલી ૧૮૭।
બેહુ કરનો પ્રસાર કરીને તેહમાંથી અંગવસ્ત્ર લીધું
વળી બાંજી દોહરૂ કરીને શ્રીમુખ ઉપર કીધું ૧૮૮।
બેહુ કરસું નેત્ર મુખ ઉપર દાણી રહ્યા આધાર
વલતું મીડીને મુખ પુંછન કીધું તેણીવાર ૧૮૯।
એક કરે અંગવસ્ત્ર ગ્રહી ચોકીથી ઉઠયા નાથ
અધએવડું કીધું અંગવસ્ત્ર તે નીરખે છે સહુ સાથ ૧૯૦।
આડું મસ્તક ઉપર મેહેલી કરસું કોર સંભાલી
મધ્યે કેશ પાસ મેહેલી એકત્ર કર્યું પેચ તે વાલી ૧૯૧।
વળ દેઇ વાધતે પાલવે કરી પુંછે કંઠ સુદેશ
પછે કરણ બાહાજ્ય આભ્યાંતર સુંદર પરમ વરેસ ૧૯૨।
વલતો વળ દેઇ અમલાવી પેચ તે દ્રઢ કરી દીધો
જમણે કર વલે કરીને બેંચી ઉપર બોસી લીધો ૧૯૩।
અંગવસ્ત્ર બીજું લેઇ થેલીથી તે પણ દોહોરૂ કીધું
જટકીને ભોકળું કરીને હૃદયસું દીધું ૧૯૪।
હૃદય પુંછન કરીને માલા માંહાં વસ્ત્ર જે આરંદ્ર ભાસે
અંગુલી અંગુઠે અંગવસ્ત્ર માંહાં લેઇ દાબે તેણે આસે ૧૯૫।
ભુજ બાહુ એમ કરે પુંછન કરી પૃષ્ટ ભાગે લેઇ ધર્યું
ઉલટે બેહુ કરે સાહીને પીઠે અંગવસ્ત્ર કર્યું ૧૯૬।

તે લટકો બેહુ કર અવલાનો ને અંગ મોડયાનો ભાવ
રસનાએ કહેવાએ નહીં અને વાણી માંહાં ન સમાવ ।૧૯૬।
ઉપવીત લેઇ અંગવસ્ત્રમાંહાં આણી ઉભય કરે સરકાવી
પુછયું પ્રગટ લલીત લટકાસું તે શોભા મન ભાવી ।૧૯૭।
વલતું તે અંગવસ્ત્ર લેઇ પહેર્યું આરંદ્ર પરદની છોડી
છોડીને ખસતી મેહેલી જંધા કટી હલવે મોડી ।૧૯૮।
વલતાં બેહુ કર અંગવસ્ત્ર ઉપર જંધા નીતંબે ફેરે
રસીકઅંગ અંતર લોહે તે મુસકાઇ ત્રીય હેરે ।૧૯૯।
એક પાલવ અંગવસ્ત્ર તણો લેઇ ઉભય ચરણ જુગ લોહ્યા
તેહ સમે બેહુ કરની શોભાએ ભકત તણા મન મોહ્યા ।૨૦૦।
ઉપરનો પાલવ લેઇ નીચા થઇને કર જમણાસું
ત્રજની અંગુલીએ નાસીકા પુંછે આભ્યંતર લટકાસું ।૧।
વલતાં નીચા થઇને થેલી લીધી મારે નાથ
ઉપરેણો સ્કંધે રાખ્યો અને ધોતી ગ્રહી તે હાથ ।૨।
બેહુ કરે ધોતીનો પેચ તે છોડીને વીરલી કીધી
જટકીને કટી પાછલ સાહી બેહુ કરે આગલ લીધી ।૩।
અવલા સવલા લેઇ બેહુ કુંએ પેચ તે બોસવા કાજ
પ્રથમ પ્રમાણું કછ તણું લે નીચા થઇ મહારાજ ।૪।
પાલવ નીચો કછ તણો હોએ બેંચે ઉંચો કરી
ઉંચો હોયે ત્યારે સરકાવી રાખે પ્રમાણે ભરી ।૫।
વલતાં પેચ તે બોસીને હથેલી વડે ન્યારા વળ દીધા
છુટવાને સંકોચે કરીને એણી પેરે તે દ્રઢ કીધા ।૬।
ધોતી કાંધ લાંબી હોએ ત્યારે કોપર ઉપર ધરે
તે કોપર કર બંકનો લટકો જોઇજોઇ ઉલટ ભરે ।૭।
ઉપરનો પાલવ લેઇ આંઠ તે સરકાવી તેણીવાર
વળ ભાંજી ઉલટો સુલટો જોઇ બેહુ કરે ગ્રહ્યો આધાર ।૮।
વામ કરે પાલવની ચીપ ગ્રહી દક્ષીણ કરે ગ્રહી કોર
છેલપણે છોગા લટકાવ્યા ઉતરતા બેહુ ઓર ।૯।
કરપલવના લટકાને તે સમય જોઇ જોઇ જોઇએ
ભાવ સુચન કઇ પેરે કરીએ જો નીરખતા મારો મોહીયે ।૧૦।
વલતો બેહુ કરે કરી ધોતીનો પાલવ ખોસ્યો જ્યારે
છોગા સમારી ચુણીયને રાખ્યા શોભા નીરખીએ ત્યારે ।૧૧।
વલતું કાછના પાલવનું નીચા થઇ સટકણ છોડયું
તે પાલવ પાછલ લીધો અભીનવ ભાંત્યે અંગ મોડયું ।૧૨।
તે પછે બેહુ કરે ગ્રહી કાછ તે વળ દેઇને દીધો
ધોતીનો પેચ બેહુ પાસાનો બેહુ કરે સુધો કીધો ।૨૧૩।

નીહોરાઇ ધોતીનો પાલવ વામ કરે ગ્રહી લીધો
વામ અંગે કસવટ ધોતીનીએ ખોસીને રાખ્યો લીધો ।૧૧૪।
પછે ઉપરેણો સ્કંધેથી લેઇને બેહુ કરે કરી પ્રસાર્યો
અવલો સવલો ઓઢી અભીનવ ભાંતે કરી સુધાર્યો ।૧૫।
કો સમે શીષ ઉપર ઓઢીને ગાંઠ દે હૂકયા વાર
તેહ સમે કરની શોભા જોતાં નવ પામું પાર ।૧૬।
કોઇ સમે તોશ પામરી ઓઢે ઉભય કર કમલે કરી
તે શોભાની સુરતી કરે આવે અંતર ઉર ભરીય ।૧૭।
કોઇ સમે પટુનો નીમો કે પટુ ઓઢે ભુપ
કરના વલણ તે સમે નીરખીએ સુંદર પરમ અનુપ ।૧૮।
કોઇ સમે નીમો પેહેરીને ટોપી બાંધે સુંદર રીત
તેહ સમે કરના લટકાને નીરખીયે કરી બહુ પ્રીત ।૧૯।
ભાંતીભાંતી શ્રીંગાર કરે તે સોપાધીક અનુસાર
શ્વેત ધોતી ઉપરેણાંનો વાહાલે નીત કીધો અંગીકાર ।૨૦।
તે માટે ધોતી ઉપરણા સહીત હું વર્ણન કરૂં
નીરૂપાધી નીરાવર્ણ સ્વરૂપ તે ઉરમાંહાં ધરૂં ।૨૧।
પણ રીતુ ભેદે કરે શ્રીંગાર તે કર ઉભય અનુપ
ઉપયોગી સર્વાંગ તણા સુખ પામે ગોકુલ ભુપ ।૨૨।
મસ્તકનું અંગવસ્ત્ર તે પાલવ સરકાવીને છોડયું
બેહુ કર ઉંચા કરી ઉકસ્યું ઉર ઉંચુ કરી અંગ મોડયું ।૨૩।
વલતું અંગવસ્ત્ર સહીત કેશ મીડીને અલગુ કીધું
અલગુ કરીને કેશ મુકલીત કરી જમણા કરમાંહાં લીધું ।૨૪।
લેઇ નીચું નાખીને કેશ તે આરંદ્ર વીકસીત કીધા
જટકીને પીઠે પ્રસાર્યા કર બેહુ ન્યારા લીધા ।૨૫।
કેશપાસ કરમાંહાં ગ્રહીને સુદ્રઢ અંબોડો વાલ્યો
પેચ દઇ છોગો મેહેલ્યો તે ભાવે ભરી નીહાલ્યો ।૨૬।
વલતા પીઢાસું અટકીને નીચા બેઠા નાથ
વામ કરે ગડુઓ ગ્રહી આચમન લીધું જમણે હાથ ।૨૭।
તે જલ નામ્યાની લાવણ્ય અને કરતલની ચપલાઇ
એહ શોભા તેહજ જાણે જેના નેત્રમાંહાં રહી સમાઇ ।૨૮।
આચમન લેઇ કર પ્રક્ષાલન કરી જમણે કરણે પરસે
સનમુખ નીકટ રહયા જે સોહાગી તે એ શોભા દરશે ।૨૯।
પછે પાછલ ઉકસીને પીઢા ઉપર બેઠા ભુપ
વામ કરે ગ્રહી સીપ તીલકની તે શોભા પરમ અનુપ ।૩૦।
દક્ષીણ કર ત્રજની અંગુલીયે ચંદન ત્યાંહાં ઓગાલ્યું
ઇક્ષ જોઇ જલ બુંદ નમાવી ફેરવી કર્યું રસાલું ।૩૩૧।

જલ કરમાંહાં લેઇ અંગુલીદલે તે ઉલટા કરે ચુવાવે
સુધો કર કરી લોહે સીપમાંહાં એ શોભા મન ભાવે ૧૨૩૨।
ઉલટો કર મસ્તક પર ટેકી પોંહોંચા કેરે લટકે
તીલક કર્યું ત્રજની અંગુલીયે તે શોભા ઉરમાંહાં ખટકે ૧૩૩।
વલતો કર સનમુખે કરીયને ફરીને તીલક સુધાર્યું
શેષ ભાગ અંગુલીએ રહ્યું તે કરણને મુલે ધાર્યું ૧૩૪।
ઉર ઉપરેણે આછાદી રહ્યો જે કનીષ્ટ અંગુલીએ કરી
સરકાવી અલગો કીધો એ નીરખીએ નયણા ભરી ૧૩૫।
પછે લઇ હૃદય રચ્યું ફીરતે કરે ઉર પર તાણી લીક
બેહુ ભુજ ઉપરે રચ્યું તે શોભા પ્રગટી અધીક ૧૩૬।
મસ્તક તાલુવે કર પરસાવી પાછલ ગ્રીવાએ પરસે
એહ ચપલતા કર જમણાની નીરખતાં શોભા વરસે ૧૩૭।
વલતી શીપ મહેલીને કર લઇ ક્ષાલ્યો ગડુએ કરી
ઉપરેણે લોહયા તે બેહુ કર નીરખીએ ઉલટ ભરી ૧૩૮।
સમયને અવકાશે પધારવું ભીતર કેરે કાજ
સૌકર્યે સંધ્યાવંદન કરવા વેગા પધારે રાજ ૧૩૯।
બીજી વાર પધારીને બેહુ સંધ્યા કરસે જેહ
તેહ સમે કરનુ ચરીત્ર કાંઇ વીસદ કરીસ તેહ ૧૪૦।
ખવાસે ઉપરથી અંગુઠી મેહેલી જે કરમાંહાં
પ્રેમે પ્રહસીત થઇ પ્રાણેશે પહેરી પોતે ત્યાંહાં ૧૪૧।
હવે અહીંથી વેગા વેગા થઇ ઉઠયાનો જે પ્રકાર
વાણીએ વીસદ ન થાએ કે। જાણે અનુભવને અનુસાર ૧૪૨।
દક્ષીણ કર દક્ષણ ધુંટણે દેઇ વામ દે ગડુઆ ઉપર
કર બલે કરી અલવે ઉઠે તે નીરખીએ ઉલટભેર ૧૪૩।
વેગા થઇ પધારે ભીતર મંદીર માંહાં જ્યારે
કરના વલણ અને લટકાની શોભા નીરખીએ ત્યારે ૧૪૪।
ભંડારની આગલ ગલી ભીતર પેસતાં જગ આભરણ
જલની કસેડી આગલથી લેઇ ખવાસે ઢોલી ને ક્ષાલ્યા ચરણ ૧૪૫।
જલઘરને દ્વારેથી પધાર્યા ભીતર તીણારી માંહાં
અહીંનુ કૃત ચરીત્ર જે કર્યું કોણ વીસદ કરે ત્યાંહાં ૧૪૬।
બહુ ભાંતે બહુ ચલણ વલણ અને ચંચલતાના કાજ
ભાંતી ભાંતીના ચરીત્ર એ કરના કરે શ્રી મહારાજ ૧૪૭।
તે કહેવા સામર્થ નહીં મારી દ્રષ્ટીએ ગોચર નહિ જેહ
અનુભવ્યું છે ત્યાં પણ ગમ્ય નહીં તો કેમ કહેવાએ એહ ૧૪૮।
આરતી કરે આરતહર પોતે આરતના આધાર
મંગલનીધી મંગલ સમે મંગલ કરે તેણી વાર ૧૨૪૯।

દક્ષીણ કરે આરતી ગ્રહી બીજે ફેરકે ત્યાંહાં અનુહારી
બેહુ કરને લટકે ફેરે તે લટકા પર ઓવારી ૧૨૫૭
પાછું ફરી પ્રણય જુત નીરખીને દે દરશન દાન
તેહોના ભાગ્ય સરાહું કયાંહાં લગી જે કરે એ રમ પાન ૧૫૧
ભીતરથી પોંચીને બાહેર પધાર્યા છે ભુપ
તેહ સમે કરના લટકાની શોભા પરમ અનુપ ૧૫૨
પધાર્યા પ્રમુદીત થઇ પોતે કર અંબુજને લટકે
ભાગ્યવાનસું વાત તણે રસે મારગે કયાંહું કયાંહું અટકે ૧૫૩
કર અંબુજ કેરા લટકા ને સેન માંહાં સમજાવે
તેહ સમે કરના વલણ ને ભાવ તે કહેતા ના આવે ૧૫૪
દુવાર તણી શાખાએ કર પરસાવી ભીતર આવ્યા
જેજેકાર હવો સહુ ઠામે નીજજનને મન ભાવ્યા ૧૫૫
આવીને ભીંતે અટકી ઉભા રહયા પ્રાણ આધાર
મુસકાઇ કરના લટકાસું વાત કરે તેણી વાર ૧૫૬
શીતકાલમાંહા શ્રીસાફ તણો નીમો સુંદર માહા સાર
તોસ તણું અસ્તર અતી અનુપમ કોમલ પરમ સુચાર ૧૫૭
કોઇ સમે નીમો પટવસ્ત્રનો ભાંતી નાના અનુપ
કો સમે અંગી રંગ રંગની તે પેહેરે ગોકુલ ભુપ ૧૫૮
અંગીઠી આગલ રાખે ત્યાંહાં બેહુ કર નીચા કરીય
નીમાની દામણ સંકેલી ઉભય જાનુ મધ્યે ધરીય ૧૫૯
ભીંત થકી કાંઇ એક નીહોરાઇ અંગીઠી દીસે થઇ
કર બેહુ સનમુખ કરીયને તાપે નીરખે આનંદ મઇ ૧૬૦
વલતી નીમા ભીતરથી ઉપરેણાની ગાંઠ તે છોડી
બેહુ કરે સરકાવીને અલગો કીધો અંગ તે મોડી ૧૬૧
તે ઉપરેણો શ્રીમસ્તકે ધરીયો પેચ તે બેહુ કરે દેઇ
વલતો તે નીચો ઉતારીને બીજો પહેર્યો લેઇ ૧૬૨
વર્ષામાં પટુ અલવે કરી ઓઢે અલવે આધાર
દોરતા માંહાં દતો પેહેરે કે દોહોરી ચાદર સાર ૧૬૩
ગરમી માંહાં ધોતી ઉપરેણો આસાનાં અંગી કરીયા
રીતુ ભેદે બીજા શણગાર પણ એ નીત્યે અંગી કરીયા ૧૬૪
એણી પેરે એમ રીતુ ભેદનો અનુભવ કરી કરાવે પાન
સમય સમય કરની શોભાને નીરખે ભાગ્યવાન ૧૬૫
એહવી શોભીત શોભાએ સુંદર ઉભા ભીંતે અટકી
સનમુખ સ્વકીય સમુહ નીહાલે તે આશીષ દે કર ચટકી ૧૬૬
કોઇ સમે ઉપરણાનો પાલવ કર ગ્રહયો પ્રાણ આધાર
ઉલટે અંગુઠાને નખે કરી મુખી કરે કીનાર ૧૨૬૭

વામ કરને ઉલટે અંગુઠે કે૦ સમે શીષ ખુઝાલે
તેહ સમે એ કરની શોભા સનમુખ કોણ સંભાલે ૧૨૬૮।
કે૦ સમે ભીંતે કરતલ સ્પર્શી ફેરે નીજ કર નાથ
તે ઉલટા કરની શોભાને નીરખે નીપુણ સહુ સાથ ૧૬૯।
જોતશીનું પતડું સાંભણીને પુછે વલી દિનમાન
દીવસ શુદ્ધ અશુદ્ધ પુછે તે કરની કરી કરી સાન ૧૭૦।
વલતું ઉપવીત જમણે કરે થકી રાખ્યું જમણે કર્ણે
તેહજ કરે વલી નીચું થકી રહે ઉપવીત જગ આભરણ ૧૭૧।
ઉપરણાના પેચ શીષ પર દીધા અવલા વાલી
છુટો પેચ રહ્યો તે શોભા કોણ શકે સંભાલી ૧૭૨।
ક્ષણ એક એમ ત્યાંહાં ઉભા રહીને પધાર્યા મહારાજ
સત્વરતાએ સ્થલ એકાંતે દેહ કૃત્ય કરવા કાજ ૧૭૩।
ત્યાંહાંથી ફરી પધાર્યા વેગા કરઅંબુજ લલકનીએ
ડગમગતા ડગલા ભરતાં તે ચાલે ચાલ ઢલકનીએ ૧૭૪।
આવીને પીઢે બેઠા તે ચરણ લાક્ષણને કાજ
જાનુ મધ્યે ગડુઓ રાખ્યો ત્યાંહાં કર ટેકી મહારાજ ૧૭૫।
જમણે કર મૃતીકા લેઇ ડાબા કર પર નાખે
પ્રથમ ડાબો કરકમલ પખાલે તે જોવા સહુ અભીલાખે ૧૭૬।
મૃદુલ મૃતીકા લેઇ કર કમલે તે બેહુ કર માંહાં ધરીય
બેહુ મૃદુલ કરે કરતલ મરદે અને મૃતીકા લે ફરી ફરીય ૧૭૭।
સીક લેઇ નખમણી મધ્ય તે સુધ કરે ભલી રીત
વલી મૃતીકા લેઇ પખાલે તે નીરખે ત્રીય કરી પ્રીત ૧૭૮।
જમણે કરે ઉઠાવીને ગડુઓ રાખ્યો દક્ષણ ભાગ
કે કોઇ ખવાસે કે ભગવદીએ લીધો ભરી અતી અનુરાગ ૧૭૯।
વામ પાદાંબુજ વામ કરે કરી પ્રથમ પખાલે આપ
મૃતીકા લેઇ લેઇને ક્ષાલન કરે હરે સકલ પરીતાપ ૧૮૦।
વલતા દક્ષીણ પાદ પ્રક્ષાલણ કીધા વેગા થઇ
કોગલા કરે કરઅંબુજ જમણે ફરી ફરી આનંદ મઇ ૧૮૧।
આચમન પહેલા કરણેથી ઉપવીત ઉતાર્યું તેણીવાર
આચમન કરી કર સહેજે પ્રક્ષાલ્યો પોતે પ્રાણઆધાર ૧૮૨।
અધર ઉપર કર અંબુજ ફેરે ફરી પખાલે ત્યાંહાં
ચાંગલે કરી જલ ઉપરથી મહેલે કે૦ સમે મુખમાંહાં ૧૮૩।
કર ઉંચો કરી અંગુલીદલે જલ બુંદ ચુવાવે વલી વલી
ઉતાનું મુખ વીકસીત કરીને ગ્રહે તે મનની રલી ૧૮૪।
તેહ સમે મુખ વીકસીતની અને કરઅંબુજની શોભા
નીરખી નીરખી અનુભવીને ઉર પ્રગટે આનંદ ગોભા ૧૨૮૫।

એણી પેરે એમ ક્રીડા જલની કરી બેઠા વાહાલેા ફરીય
મસ્તકથી ઉપરણાનેા પાલવ લીધેા શ્રીકરે ધરીય ૧૨૮૬।
મુખ પુંછન કરીને કર પુંછ્યા વલતેા પાલવ લેઇ
કરકમલે કરીને ફરી લટકે રાખ્યેા મસ્તકે દેઇ ૧૨૮૭।
એહ સમે કેા પ્રદેશ જાવાને કે નીકટ પારને ગામ
ત્યાંહાંને કાજ વીદાય થાએ તેહનાં નીકટવર્તી લેઇ નામ ૧૨૮૮।
તે જઈને ચરણે પરસે તેહના શીષ બેહુ કરે કરીય
ચરણાંબુજ રપરસેથી ઉઠાવે વચન કહે રસ ભરીય ૧૨૮૯।
કેા કેા ભાગ્યવાનને બીડું આપે જમણે કરસું
બીવીધ વીલાસ વચન માધુરીએ વીદાય કરે હીત ભરસું ૧૨૯૦।
વલતાં અહીંથી પેાંહેાચીને પધાર્યા નાહવા કાજ
ગરમીયે ચેાકમાંહાં નાહે શીતે હેામઘરે મહારાજ ૧૨૯૧।
એકાદશી દ્વાદસી અમાસ્યા શ્રાદ્ધને દીન શ્રીઅંગ
જન્માષ્ટમી નરસિંહ રામનવમીએ ન કરાવે તેલાભ્યંગ ૧૨૯૨।
નાહાવાને ચેાકી રાખી ત્યાંહાં નીકટ ઉભા રહ્યા આવી
નાનકડા તેલ કટેારે લેઇ ખવાસ તે આવ્યા અતી મન ભાવી ૧૨૯૩।
સત્કાર કરતાં તેલ કટેારેથી પેાતે લીધું હાથ
શ્રીહસ્તે કરી અંગે લગાવે ને વલી મહેલે માથ ૧૨૯૪।
મધ્યે મધ્યે ખવાસ લગાવે જંઘા જાનુ પાદ પીઠે
સત્વરતાએ જલ સમેાવાવે તે સુખ હેાયે શેાભા દીઠે ૧૨૯૫।
ઉભા ઉભા તેલ લગાવીને ગ્રહી કસેડી હાથ
ઉપરથી ખવાસ જલ નાખે નાહે તે મારેા નાથ ૧૨૯૬।
પ્રથમ નીતંબ કટી જલ નાખી વલતા નાભી સુદેશ
ક્ષીરતી કટીએ આરંદ્ર ધેાતી કરે તે સુંદર સુવેસ ૧૨૯૭।
વામ કરે ધેાતીનેા પાલવ ગ્રહી ઉપર જલ નાખે
તેહ સમે બેહુ કરની શેાભા જોઇ જોઇ શેાભા શેાભા પાખે ૧૨૯૮।
વલતાં પાછલ સરકીને ચેાકી પર બેઠા રાજ
નાહે નીપુણ નવલ ક્રીડા કરી નીરખે રસીક સમાજ ૧૨૯૯।
લાંબેા કર કરી ધરે કસેડી જલ નાખે તે ખવાસ
ધારાએ કુજે કર છેલી જલ ચાલે ચેાંહપાસ ૧૩૦૦।
કર ઉપર ઉજલી ચાલે જલ તે શેાભાનેા નહીં પાર
તે શેાભા અનુભવી લહે જે નયણે નીરખણહાર ૧૧।
ભરી કસેડી લેઇ બેહુ સ્કંધે લટકા સાથે ઢોલે
ડાબેા કર સંગ સંગ ક્ષીરે તે લેઇ અંગે જલ રેલે ૧૨।
વલતી કસેડી ઘુંટણ પર ઢાળી બેહુ કરે સાથ
ધાર નાખે બેઠે ઉપરથી આડેા રાખે હાથ ૧૩૦૩।

ડાબે કરે કસેડી ગ્રહીને જમણે છીરકે કર્ણ
નાસીકા માંહાં અંગુલી સ્પરસીને ધુએ જગ આભરણ ।૩૦૪।
ચોકી પર ચરણારવીંદ ઉભા કરી નખમણી ક્ષાલે
અંગુલીદલ પર જલ નામે તે ભાગ્યવાન નીહાલે ।૫।
વલતાં મસ્તક ઉપર ઢોલે કસેડી વારંવાર
તેહ સમે કરના લટકાને કોણ કરૂં અનુહાર ।૬।
કરણ ઉભય છીરકે તે કરની શોભા પ્રગટે ન્યારી
તેહ સમે ભુજવલણને ચંચલતા ઉપર ઓવારી ।૭।
તેહ કસેડી શીષ પર ઢોલે સંકોડી સર્વાંગ
સ્કંધ પીઠ કટી નીતંબ સંકોડે જેમ ભીંજે અંગઅંગ ।૮।
છેલી કસેડી ઘુંટણ ઉપર રાખી અને પુરી ભરાવે
વલતી શ્રીકરે કરીને ઉઠાવે તે શોભા મન ભાવે ।૯।
એક સમે સહુ અંગ આરંદ્ર થાએ એણી પેરે
વલતી કસેડી કરથી ફીરતી મહેલી ઉલટ ભરે ।૧૦।
ધોતી અપરસની થેલી તે ખવાસે આગલ ધરી
બેહુ કરે ગ્રહી એક અંગવસ્ત્ર લીધું પોતે પરસ કરી ।૧૧।
અંગવસ્ત્ર લેઇ મોકળું કરી બેહુ કરે ગ્રહી સનમુખ રાખ્યું
પલ એક રહી એકત્ર કરીને લેઇ શ્રીમુખ પર નાખ્યું ।૧૨।
બેહુ કરે નેત્ર ઉપર દાબી વલી મીડીને મુખ પુંછે
કંઠ હરદય સ્થલસું લેઇ દાબે કરબલે કરી અંગુછે ।૧૩।
ત્યાર પછી ચોકી ઉપરથી ઉઠયા પ્રાણાધાર
તેહ સમે કરના લટકાની શોભાનો નહીં પાર ।૧૪।
વલતું અધબેવડું કરીને શીષે રાખ્યું બેહુ કરે કરી
આગલ કોર સુધારીને કેશના દીધા પેચ વલ ભરી ।૧૫।
બીજું અંગવસ્ત્ર લેઇ કર પુંછી અલવે બેહુ કરે ધરી
આગલ નીહોરાઈ પીઠ પુંછન કરે બાહુ બલે ફરી ફરી ।૧૬।
ત્યાંહાંથી અંગવસ્ત્ર લેઇને એક કરે ઉપવીત સાહે
સરકાવી સરકાવીને અંગને લહેકે કરી કરી લોહે ।૧૭।
વલતું એકવડું કરી અંગવસ્ત્ર તે બેહુ કરે કરીને પેહેર્યું
ઉપરનો પાલવ ઓછો કરી નીચે રાખ્યું ગેહેર્યું ।૧૮।
ધોતી જે નાહયા કેરી તે જમણે કરે છોડી
અલવે કરીને ખસતી મેહેલી જંઘા જાનુ કટી મોડી ।૧૯।
તે પાલવ બેહુ કરસું ગ્રહીને પોતે નીચા થઇ
જંઘા જાનુ પીંડુરી પુંછે પદ પલવે લેઇ ।૨૦।
આગલ રસીક સ્થલે કર ફેરી નીતંબે ફેરવે હાથ
નીહોરાઇને નાસીકા પુંછે અંગુલીદલે કરી નાથ ।૩૨૧।

તેહ પ્રકારે વલી વાહાલેાજી પેાતે નીચા થઈ
ચેલીથી પેાતી ઉપરેણેા લીધેા આનંદ મઇ ।૩૨૨।
કેાઇ સમે ચેલીથી પેાતી જ્યારે કેવલ આવે હાથ
તે લઈ જમણે કરે ભુજદંડે ઉરસું ચાંપે નાથ ।૨૩।
વલી ચેલી માંહાં કર મેહેલી ઉપરેણેા અલગેા કીધેા
પેાતી ઉપરેણેા લેઇ જમણા કરમાંહાં એકત્ર કીધેા ।૨૪।
વામ કરે ઉપરેણાનેા પેચ તે છેાડીને મુકલીત કીધેા
જટકી વળ ભાંજી અને પેાતે જમણે સ્કંધે દીધેા ।૨૫।
પેાતી કેરેા પેચ સુધારી વળ ભાંજીને જટકી
બેહુ કરે કરીને પેહેરી તે જોવા નયણ રહયા ત્યાં અટકી ।૨૬।
કાછ તણેા પાલવ પ્રમાણ કરી રાખે ઘુંટણ નીચેા
જો કાંઇ અધીક નીચેરેા હેાએ હાથે સરકાવી કરે ઉંચેા ।૨૭।
બેહુ કુંખે કસણા તે સુધારીને કરસું વળ દીધેા
વલતેા ઉપરનેા પાલવ તે શ્રી કરમાંહાં લીધેા ।૨૮।
છેાડી સટકણુ કર જમણાસું ચીપ ગ્રહી કર વામ
બેહુ પાસે છેાગા રાખે તે જોતા અતી અભીરામ ।૨૯।
બેહુ કરે બેાસીને સુધાર્યા છેાગા રૂડી ભાંત
ઉલય દીશે અનુપમ દીસે નીરખીએ કરી કરી ખાંત ।૩૦।
વલતેા કાછ તણેા પાલવ ગ્રહી વેગે સટકણુ છેાડી
નીહેારાઇ પાછલ ગ્રહયેા પાલવ અંગ અનુપમ મેાડી ।૩૧।
વળ દેઇ બેહુ કરસું બેાસી સુધી કરે કીનાર
તે સમે કરની શેાભાનેા પામે નહીં કેા પાર ।૩૨।
સ્કંધેથી ઉપરેણેા લેઇને બહુ કરે વીરલેા કરીય
જેમ બેાઢયાની બાણ સદા તે બેાઢયેા બેહુ કર ધરીય ।૩૩।
ત્યાર પછી મસ્તકનું અંગવસ્ત્ર છેાડયું બેહુ કરે કરી
ઉકલાવી કેશ વીરલા કીધા બેહુ કરે કેાલી ભરી ।૩૪।
જટકીને અંબેાડેા વાલી બેસે પીઠે અટકી
પુર્વદીશ સનમુખ થઇને પશ્ચિમ પીઠ કરે કર લટકી ।૩૫।
વામ કરે ગડુએા ગ્રહીને દક્ષીણ કર વેગે ક્ષાલી
જલધારા નામીને આચમન કરે તે વાલી વાલી ।૩૬।
વલતા પાછલ સરકીને પીઠે બેઠા મહારાજ
ચંદન સીપ વામ કરમાં ગ્રહી તીલકને ધરવા કાજ ।૩૭।
દક્ષીણ કર ઉલટેા મસ્તકે ધરી રાખ્યેા આણી લલાટ
ત્રજની અંગુલીએ તીલક કરે તે રચી રચી પરમ સુઘાટ ।૩૮।
પછે સનમુખ કર કરી સુધારે તીલક અંગુલીએ કરી
કર્ણ મુલ અને હૃદય રચ્યું વલી વીધી પુર્વક આચરી ।૩૩૯।

મુદ્રીકા લેઇ બવાસે આપી તે લીધી શ્રી કરમાંહાં
વલતી તેહ સમે લેઇ પહેરી વાહાલાજીએ ત્યાંહાં ।૧૩૪૦।
હવે સંધ્યાવંદનના સમે માંહાં કહું કાંઇ કરનું ચરીત્ર
અલ્પ બુધ્ધીએ કહેવાએ નહિં પણ છે મહા પરમ વીચીત્ર ।૧૪૧।
કે૦ સમે અહીંથી નાહીને સંધ્યા કરે તે જલઘર માંહાં
કે૦ સમે નાહીને ત્યાં સંધ્યા કરે હોમઘર માંહાં ।૧૪૨।
ગડુઓ ગ્રહી કર ક્ષાલણ કરી અને આચમન પહેલા કીધું
લટકે હથેલીથી જલ ઉછાલીને અધરથી અધરે લીધું ।૧૪૩।
કરતલ જલ ઉછાલ્યાનો લટકે૦ ને અંગુલીદલની ભાંત
એક એકથી એક અનુપમ શોભા કેરી પાંત ।૧૪૪।
આચમન કરીને બેહુ પદ કમલે ને વલી ધુંટણે સાંગ
નાભી હૃદય મુખ મસ્તકે એમ કરી પરસે દ્વાદસ અંગ ।૧૪૫।
ગડુઆ ઢાંપણ ઉપર જલ લેઇ રાખે વીધોગત કાજ
દક્ષીણ કર પલ્લવ લેઇને પોતે ઉછાલે મહારાજ ।૧૪૬।
કર બેહુ એકત્ર કરીને પ્રથમ દે ત્યાં તાલી
વલતો કર મસ્તક પર ફેરી નાસીકા ગ્રહે કર વાલી ।૧૪૭।
ક્ષણ એક સ્મરણ કરે તે ફરકતો અધર નીરખવા કે૦ ડ
એ કરની શોભા કે૦ સમ કરવી એ કર અનુપમ જોડ ।૧૪૮।
વલતા બેહુ કરકમલ પ્રસારી ઉભા હૃદય સાથ
બેહુ કર બેહુ ભુજાએ પરસ કરી રાખ્યા ક્ષણ એક નાથ ।૧૪૯।
પીઢેથી ઉઠી પીઢાની આગલ વાહાલો ફેરા ફરે
ફેરા દેઇ ફરી પીઢે બેસે કર શોભા સુખ ભરે ।૧૫૦।
વામ શુભ કર નીચે રાખે જમણો કપર ધરે
એણીપેરે અભીનવ ભાંતે બેહુ કરનું સંપુટ કરે ।૧૫૦।
વામ પાણ તે વામ સ્કંધે દેઇ કોપર ધુંટણે દેઇ
જમણો કર હૃદયસું રાખી ઉપરણા માંહાં લેઇ ।૧૫૧।
સ્મરણ કરે તે સહેજની રીતે પ્રીતે પ્રેમદા નીરખે
ઉભય કરનું કૃત્ય ચરીત્ર નીહાલી આખ્યાંતર અતી હરખે ।૧૫૨।
એણીપેરે સંધ્યા પુરણ કરીને લોમી પરસ કરે હાથ
કર જમણાની અનામીકા અંગુલી તે લેઇ પરસે માથ ।૧૫૩।
પરસીને કર ઉભય ઉલટા કરી કરતલ ગાલે પરસી
કર પલ્લવ કરણે સ્પર્શાવે તે શોભા રહી મુખ વેરસી ।૧૫૪।
વલતો બવાસે આણી રાખ્યો ત્યાંહાં તર્પણનો સાજ
વાહાલોજી સંધ્યાથી પોંચી બેઠા તર્પણ કાજ ।૧૫૫।
ઉપવીત સવ્ય જમણી દીશ રાખ્યું તે શુભ રીતે કરી
પસલીએ જલપાત્રથી લેઇને મેહેલે ફરી ફરીય ।૧૩૫૬।

દેવ ઋષી અને પીતૃને પસલી આપી ગોકુલ કશ
પ્રથુક પૃથુક ન્યારી રીતે કરી એકસો ને બત્રીસ ।૩૫૭।
એમ વીધોગત પસલી બેહુ કરનીએ તર્પણ વીધીસું કીધું
એક પસલી જમણે દીશ નાખી તર્પણનું કૃત્ય સીધું ।૫૮।
જેમ જ્યાંહાં જોઇએ તેમ ત્યાંહાં કરીયુ સવ્ય અપસવ્ય ઉપવીત
મધ્યે મધ્યે કરે કરકમલે જેમ એ વીધીની રીત ।૫૯।
પરદની જે નાહ્યાની આરંદ્ર મેહેલી છે જમણે પાસ
તે જમણે કર ઉલટે ગ્રહી પાલવ નીચોવ્યેા સુખ રાસ ।૬૦।
વલતા બેહુ કર એકત્ર કરીને આગલ રાખ્યા ઘસાવી
ઉષ્ણોદકે ધોવરાવ્યા ખવાસે સનમુખ ઉભા આવી ।૬૧।
ઉપરેણાનો પાલવ લેઇને ઉભય અનુપમ સાર
કરણા ભરે બેહુ કરકમનીય લોહ્યા તેણીવાર ।૬૨।
મુદ્રીકા ગડુઆ ઢાંપણ ઉપર રાખી ખવાસે લેઇ
વામ દીસે ગડુએા ને વામ કર ગડુઆ ઉપર દેઇ ।૬૩।
મુદ્રીકા મુઠી માંહે લેઇને ઉઠયા પ્રાણ આધાર
ભકત જુથ જ્યાંહાં જ્યાંહાં ઉભા ત્યાંથી કરે જૈજૈકાર ।૬૪।
બેહુ કર અંબુજને લટકે અટકે સ્વકીયના મન
ખટકે તે લટકની ઉરમાંહે ને વેધાયે છે તન ।૬૫।
એણીપેરે પધાર્યા પ્રમુદીત થઇ પ્રેમદા પ્રાણઆધાર
અટકતા કરઅંબુજની સેને કરતા મૃદુલ ઉચ્ચાર ।૬૬।
ભંડાર નિકટ ગલી અને મુખ્ય દેહેરી ઓલંઘન કરેય
ત્યાંહાં ખવાસ સનમુખ જલ નામે ચરણાંબુજ પ્રભુ ધરેય ।૬૭।
ચરણ ક્ષાલણ કરીને ભીતર પધાર્યા તીબારી માંહાં
ખાંભી નીકટ ગાદી સાદી વાહાલેાજી બેઠા ત્યાંહાં ।૬૮।
પુર્વ પીઠ કરી પશ્ચિમ મુખ તીરછા ખાંભીએ અટકી
વામ સ્કંધ પર કેશ પ્રસાર્યા તે રહ્યા ભુજા પર લટકી ।૬૯।
બેહુ કરે અંબેાડા છેાડી જટકીને વીરલા કીધા
ઉકસાવી અધભાગે રાખીને છીટકાવી દીધા ।૭૦।
વામ કરનેા કેાપર ઘુંટણસું ટેકીને ટેકયેા ગાલ
ઉપર કેશ આછાદી રહયા તે શેાભા પરમ રસાલ ।૭૧।
એક કરે કરીને નીરવારે બીજે સુધારે કેશ
તેહ સમે બેહુ કરની શેાભા રાજે પરમ સુદેશ ।૭૨।
કાંધ મુકલીત અને આરંદ્ર અતીસે વેગ સંકેલ્યા લેઇ
સમયને અવકાસે સત્વર થઇ ઉઠયા જુઠેા દેઇ ।૭૩।
ભેાગ સરે ભીતરનું કારજ કર તણે લટકે કરે
તે કહેને વચને શકય કહેવાની નહીં કેમ ઉરમાંહે ધરે ।૩૭૪।

ભીતર શૃંગારને આગમને બેસે જલઘરા માંહાં
અપરસ સાજ ગાદી તકીયો મખમલના ધરીયા ત્યાંહાં ।૩૭૫।
અહીં એકાંત સમે એકાંતી ભાવ ભગવદી જેહ
વીરલા કો આવી બેસે કર ચરીત્ર નીહાલે તેહ ।૭૬।
પ્રશ્ન કરે કોઈ ગુઢ ભાવના ગુઢ રસે તેહને પાગી
ભાવાત્મિક થઇને તેને સમજાવે અંતર માંહાં અનુરાગી ।૭૭।
જેહવો ભાવ તેહવા કર ચલણ ને વલણની જે ચતુરાઇ
અંગુલીદલ પોંહોંચો ફર્યાની કૃત્ય કાંઇ કહી ન જાય ।૭૮।
નામ નીવેદને નૌતન રસે અંગીકૃત નૌતન વરણ
તેહ સમે એકાંત લઇને કરવાવે ચીત હરણ ।૭૯।
ત્યારે કર ઉંચો કરી તુલસી આપી તેહોને હાથ
વલતો કર નીચો ઓડીને તુલસી દલ લે નાથ ।૮૦।
નામ કહી કર સનમુખ કરીને પુછે કયોંરે તોકું આયો
ના કહે તો ફરી શીખવે વાહલો તે લટકો પરમ સોહાયો ।૮૧।
તેહ સમે ઔસધ માગે તે લેઇને વેગે ખવાસ
ચુરણ મહેલી રજત સીપમાંહાં ને લાવે ત્યાંહાં પાસ ।૮૨।
સીપ લેઇ શ્રીકરમાંહાં આપી વામ કરે તે ગ્રહીઅ
જમણે કરે જોઇ રંચેક પાછું આપ્યું અધકું લેઇ ।૮૩।
વલતી બેહુ કરે સીપ ગ્રહીને શ્રીમુખ વીકસત કરી
જુઠ તણે સંકોચે ઉપરથી તે મુખમાંહાં ધરી ।૮૪।
સીપ ભોમી ઉપર મેહેલી ગડુઓ જલ પાનનો લીધો
જલ લેઇ શ્રીમુખ નીચું કરી અને ઉંચો લહેકો કીધો ।૮૫।
વલી એક ઘુંટ જલ લેઇ અને ગડુઓ નીચે રાખ્યો
એહ સમે કરની શોભા જોવા હું અતી અભીલાખ્યો ।૮૬।
કોઇ સમે સીપમાંહાં અવલેહ તે લે કરી એક ઉપાય
અંગુલીને ફેરવે જુગતે કરી સીપ ન જુંઠી થાએ ।૮૭।
પ્રથમ તર્જની અંગુલીએ ચુસે અલગી રાખે એહ
વલતી મધ્યમા અંગુલીયે લે ન્યારી રાખે તેહ ।૮૮।
શેષ રહ્યું તે અનામીક અંગુલીયે સર્વ સમેટી લીધું
શીપ લેઇ અછુતી મેહેલી અંગુલીદલે ચરીત્ર એ કીધું ।૮૯।
શીપ અને સીપ ગ્રહ્યા તણો કર જુઠો કર્યા નહીં રંચ
દક્ષણ કર પ્રક્ષાલી લે એવો કર્યો વીચીત્ર પ્રપંચ ।૯૦।
ગુટીકા લે ત્યારે તર્જની અંગુઠે ગ્રહી અને મેહેલે મુખમાંહાં
એ શોભા કરઅંબુજની જોઇ વીવસ થયા ત્યાં સહુ સુખમાંહાં ।૯૧।
એમ ઔસધ લીધાની બાણ તે જાણે નીત્ય અનુભવી
એ શોભા અહીં દીઠી નવ હસે નવ એવી હવી ।૩૯૨।

વલતા આરતી જોઇ પધાર્યા બેઠકે પ્રાણુઆધાર
તેહ સમે કરના લટકાને કોણ કરૂં અનુહાર ।૩૯૩।
કેા સમે ઉપરેણાનેા પાલવ ગ્રહી સુધારતા આવે
કેા સમે ભીંતે કર પરસાવતાં આવે તે મનમાંહાં ભાવે ।૯૪।
ઉપરેણાની કેાર વામ કરે ગ્રહે તે પ્રાણુઆધાર
જમણા અંગુઠાના ઉલટા નખસું સુધી કરે કીનાર ।૯૫।
કેા સમે ધેાતીની કસવટ કેરેા પેચ સુધારતા ચાલે
કર લટકાસું વાત કરે તે શેાભા ઉરમાં સાલે ।૯૬।
કર લટકાવતાં અંગુલીદલે અંગુઠી ચમકે ઘણુ
અનુભવીયા અનુભવથી લહે હું શું કહું શેાભા તણુ ।૯૭।
પધારતા આગલ પાછલ બહુ ભગવદ્દીઓની ભીડ
એહ સમેની સુરતી કરેથી વાધે અંગઅંગ પીર ।૯૮।
કેા સમે ધેાતીનેા પાલવ ગ્રહીને બેાસે કસવટે આણી
કેા સમે કર પાલવ ગ્રહી ચાલે તે શેાભા નાવે વાણી ।૯૯।
કેા સમે દ્વાર તણી શાખાએ પરસાવે કર આપ
પરસ જોઇ પરસીત અભીલાષીને પ્રગટે પ્રણય પરીતાપ ।૪૦૦।
કેા સમે બેહુ કર છુટા લટકે જંઘા જુગલ પરસી
બેહુ અંબા મેાડયાની મ્રટકની લહે સ્વરૂપના દરશી ।૧।
એકને ઉતર દે કર સેને ચતુરાઇની જુગતે
તે માંહેં ભાવ સહીત સમજાવે ભાવતાને અન્ય ઉગતે ।૨।
બહુ પેરે કર ચરીત્ર પ્રગટાવતા પધાર્યા બાધાર
કહેવાને કયાંહાં લગી કહીયે કહેતાં નવ આવે પાર ।૩।
ભાગ્યવતી બેઠક માંહાં ભાગ્યવાનને સંગે થઇ
સૌભાગ્યવાન તણે ભાગ્યે પધાર્યા ભાગ્ય મઇ ।૪।
ઉપરેણેા લેઇ એકત્ર કરીને બેહુ કરે કરી સુધાર્યેા
વલતેા શ્રીમસ્તકે બાંધ્યેા અને આડેા પેચ વધાર્યેા ।૫।
તેહ પેચ છુટેા મસ્તક પર નાખે જમણા કરસું
કયારે સ્કંધ ઉપર લટકી રહે સેહેજે લટકા ભરસું ।૬।
સ્થલ એકાંતે બાધાને અનુરેાધ નીવારણ કાજ
દ્વાર તણી સાખા કર ગ્રહી ભીતર પધાર્યા રાજ ।૭।
ત્યાંહાંથી પેાહેાંચીને વેગા થઇ આવ્યા બહાર ફરી
આવીને પીઢે બેઠા ચરણાંબુજ નીચા ધરી ।૮।
પ્રથમ કર કમલ પ્રક્ષાલણ કરી પછે પ્રક્ષાલ્યા ચરણ
ફરી બેસી મુખ પુંછન કરીને ઉઠયા જગત આભરણ ।૯।
શીતકાલમાં તીબારીનુ ત્રીજું બાર તે ઉતર પાસ
ત્યાંહાં ચટાઇ બીછાવી સુકેામલ અતી સુંદર સુબરાસ ।૪૧૦।

આંબીની સાથે એક ગાદી સુંદર મખમલ કેરી
ચારે ખુણે ચાર પડછીયા બાંધી પાછલ ફેરી ।૪૧૧।
નીચી ચટાઇ ઉપર એક ગાદી તે પણ મખમલ તણી
તે લેઇ આંબીસું ઈછાવી રાજે સોહામણી ।૧૨।
એક બાલીસ્ત ધર્યો મખમલનો તે માંહે કાષ્ટનો તખતો
રૂપમાંહાં રચી કર્યો કોમલ જેવો જોઇએ અહીં જુગતો ।૧૩।
જંઘા પર મેહેલી કર ટેકે દાણતાં નમી ન જાય
ટેકો દેઇ બેસે વાહાલો ત્યારે પરમ સુખાવહ થાય ।૧૪।
તે આણીને ત્યાંહાં રાખ્યો નીકટ ગાદીની પાસ
માખી નીવારણને મુઠો લેઇ સીધ થઇ રહે દાસ ।૧૫।
ચરણુવસ્ત્ર ને જુલીયો કોમલ અતી સુંદર સકલાતી
અપરસ તેહ ચટાઈને નીકટ ણીછાવી પરમ સોહાતી ।૧૬।
જલ કસેડીમાંહાં ભરીને રાખ્યું કર પ્રક્ષાલન કાજ
ભાગ્યવાન લેઇ બેઠા દાન હીત દ્રવ્ય સામગ્રીના સાજ ।૧૭।
પુર્વ દીશેથી કીરણ સુર્યના સેવા કેરે કાજ
આવી ચટાઇ ઉપર રહ્યા છે લેઇ સુખદ સહુ સાજ ।૧૮।
અલીલાખા સેવાની કરી અને શીત નીવારણ હેત
કેશની આરંદ્રતા હરવાને રહ્યા વાછલ્ય સમેત ।૧૯।
ભીડ ભગવદ્દીની અતી મચી રચી અતી અલીલાખી
વીસદ કરી કહાં લગી કહેવાએ અનુભવીનું મન સાખી ।૨૦।
એહવી પરમા વીધી શોભા જુત રચી ચટાઇ જ્યાંહાં
કરઅંબુજને લટકે વહાલોજી પધારીયા ત્યાંહાં ।૨૧।
પુર્વ પીઠ કરી પશ્ચિમ મુખ બાંબી કેરે પાસ
ચરણ પુંછી ચટાઇએ બેઠા ત્યાંહાં કર ચરીત્ર જુએ દાસ ।૨૨।
શીષ થકી ઉપરેણો અલવે છોડી બેહુ કરે કરીને
તે વલતો વીસ્તરણ કરીને ઓઢયો આપ તે ફરીને ।૨૩।
એણે સમે આંહી તોષ પામરી હોયે તે અલગી મહેલે
સઘ બવાસ લેઇને તેહને હાથો હાથ સંકેલે ।૨૪।
ઉપરેણો ઓઢીને વલતાં બેહુ કર પાછા વાલી
અંબોડો છોડયો જુગતે કરી સુંદર ભાંત સુખાલી ।૨૫।
જમણા કરસું કેશ ઉઠાવીને મસ્તક થરકાવી
બેહુ કરસું જટકીયા જે કેશ તે શોભા કહેતા નાવી ।૨૬।
ઉપરેણા પર વીસ્તરણ કરી કેશ પ્રસાર્યા પીઠે
તે લટકા ને કરની ચંચલતાનું સુખ હોયે શોભા દીઠે ।૨૭।
જે લટ બધ થઇ તે બેહુ કરે ફરીને બીરલી કીધી
આરંદ્ર ભાવે બંક રહી તે સરલ કરીને લીધી ।૪૨૮।

તેહ નીવારી બેહુ કરે કરીને વીરલા કીધા કેશ
તે કરની શોભા કહું કે અંગુલીદલની પરમ વરેસ ।૪૨૯।
કે। સમે શ્રીકર જંધા ઉપર પરસાવીને બાંહે
બેસે તીરછા થઇ તે શોભા અવીલોકીયે કેશ માંહે ।૩૦।
કે। સમે ઉભો ઘુંટણ કરીને કર ઘુંટણસું ટેકી
બાલ રસાલ વીસાલ કરે તે શોભા પરમ વીસેકી ।૩૧।
કે। સમે એક કર ભીતરથી અંગુલીદલ વીકસીત કરી
કેશમાંહે અંગુલી પ્રસારે તે શોભા સુખનીધી ભરી ।૩૨।
કેશ પ્રસારતા અંગુલીદલ નીકસી અને બહાર આવે
સચીકણ નખમણી મનોહર જોઇ જોઇ ઉરમાંહાં ભાવે ।૩૩।
કે। સમે કર જમણે કરી વાહાલો સુંદર કેશ પ્રસારે
કે। સમે ઉભય કરે કરી અટકયા કેશ સુદેશ સુધારે ।૩૪।
તેહ સમે કરકમલની શોભા અંગુલીદલના વલણ
માનવતીને મોહ ઉપજાવે સદ્ય સુચવે મીલણ ।૩૫।
કેશ નીવારતા કેશ બસે તે કરમાંહાં અલગો લહીય
દોહરો ચોહરો કરીને રાખે અંગુલીસું વલ દેઇ ।૩૬।
કોઇ એક કેશ કરમાંહાં છુટો ગ્રહી બેહુ અગ્રે બેહુ કરસું
મધ્ય થકી ગ્રહીને કો નીકટવર્તી લે વાછલ્ય ભરસું ।૩૭।
મુલ થકી સમુલ અગ્ર લગી કરકમલે તે સુધાર્યા
આરંદ્ર વીરલા કરી વીવીધ પેરે કેશ સુદેશ સમાર્યા ।૩૮।
વલતો અંબોડો જુગતે કરી દીધો રૂડી રીત
તેહ સમય કર ઉભયના વલણ તે નીરખે ત્રીયા કરી પ્રીત ।૩૯।
પછે બેહુ કર ક્ષાલણ કરીને સહેજ સુભાવે જટકી
ઉપરેણે પુંછીને સરકી બેઠા બાંભીએ અટકી ।૪૦।
એ કેશ પ્રસારણી લીલા અનુપમ અનુભવીને જ્ઞાત
એ માંહે ગમ્ય નહિં કેહનો એ વેદ વેદાતીત અજ્ઞાત ।૪૧।
સુર મુની નારદાદીક ને વલી ઇશ્વર કહે છે જેહને
અવતારા અવતારીમાંહાં પણ એ જ્ઞાપીત નહિં કેહને ।૪૨।
એ લીલા અસાધારણ અલીનવી એહ ભકતને કાજ
સ્વરૂપ રસીકને હીત પ્રગટાવી પ્રેમ સહીત માહારાજ ।૪૩।
એ લીલા અવગાહન કરે તેહના ભાગ્ય તણો નહીં પાર
તે ઉપર મારા પ્રાણ ને સરવસ વારૂં વારંવાર ।૪૪।
એહવે દ્રાવીડીયા પંડીત આવી કરે વેદ ઉચ્ચાર
સાંભલી કર ઉંચો કરીને તેહનો કરે વાહાલો સતકાર ।૪૫।
કે। પંડીતની સાથે વાહાલોજી તે ભણવા લાગે
સ્વર ઉચ્ચાર તણે વલણે કર ફેરે અતી અનુરાગે ।૪૪૬।

કે૦ અશુદ્ધ અક્ષર ભણતા માંહાં બોલે જેણીવાર
હાંહાં કરી કર ઉંચો કરીને બરજે તેણીવાર ૧૪૪૭૦
તેહને દાન તણે હીતે દ્રવ્ય મંગાવે વાહાલો જ્યારે
ભાગ્યવાન ઉપરથી મેહેલે બેહુ કરમાંહાં લે ત્યારે ૧૪૮૦
વલતો શ્રીકર ઉંચો કરીને આપે તેહોને દાન
તે ઉંચા કરના લટકાને નીરખે ભાગ્યવાન ૧૪૯૦
કેહને વસ્ત્ર કેહેને પાત્ર અપાવે ત્યાં ઉંચો કર કરી
તે કરની શોભા જોઈ જુવતી જન ઉર આનંદ ભરી ૧૫૦૦
ગરમીમાં મીસરી દુરાવીને આપે અવાસજી ત્યાંહાં
કરકમલે કરી ઓટ કરીને મેલે શ્રીમુખમાંહાં ૧૫૧૦
કોઇ એક પ્રશ્ન કરે તેનો ઉતર કરને લટકે દીજે
સ્વતઃથી વાત કરે ત્યારે કરની શોભા કે૦ સમ કીજે ૧૫૨૦
લેઇ બાલીસ્ત વામ જંઘા પર ટેકીને ભુજ ત્યાંહાં ટેકે
કર અંબુજ ગલસ્થલ દે તે શોભા કોણ વીસેકે ૧૫૩૦
કયારે તે બાલીસ્ત ગોદમાંહાં રાખે ઉભો કરી
તે ઉપર બેહુ ભુજ દંડ તે આડા અવલા ધરી ૧૫૪૦
હૃદયસું ટેકીને શ્રી અંગનો તે ઉપર દે ભાર
બેહુ કોપર બેહુ દીશ લટકી રહે શોભાનો નહીં પાર ૧૫૫૦
કયારે અંગુલીદલમાંહાં અંગુલીદલ ઉભય કરની મેલી
બાલીસ્ત ગોદમાંહાં રાખ્યો બાલીસ્તસું ટેકી હથેલી ૧૫૬૦
કરતલ ઉપર ઠોડી દેઇને એમ બેઠા આધાર
તેહ સમે કરની શોભાને કોણ કરૂં અનુહાર ૧૫૭૦
કયારે બાલીસ્ત ઘુંટણ હેઠલ રાખે ભાંતી સુખાલી
એહ કાજ કારણ તણુ અનુપમ નીરખીયે વાલી વાલી ૧૫૮૦
તેહવે સમય થયો ભોજનને પધારવાને કાજ
સરકી ચટાઇથી આગલ આવ્યા કર પ્રક્ષાલવા રાજ ૧૫૯૦
અંગુઠીયો કરથી ઉતારી લેઇ ઉપવીત માંહાં ધરીય
તે ઉપવીત જમણી દીશે કસવટે રાખ્યું ખોસી કરીય ૧૬૦૦
એહવે અનેક ચરીત્રે બીરાજતા ભોજનને પધારે
કરઅંબુજ કરૂણા ભર લટકે રવકીયના ભાગ્ય વીસ્તારે ૧૬૧૦
કે૦ સમે કહેના કર ઉપર કર ટેકી અને ચાલે
કે૦ સમે કર છુટા લટકે તે શોભા કોણ સંભાલે ૧૬૨૦
પધાર્યા પ્રમુદીત થઇ પોતે કરતાં વચન વીલાસ
કરઅબુજ લટકાની લાવણ્ય તે નીરખે સહુ દાસ ૧૬૩૦
ડોઢીની દેહેરી ઓલંધન કરી બારસાખે કર પરસી
સનમુખ ભગવદી રહયા ભરાઇ જોવા રૂપ રસ તરસી ૧૪૬૪૦

ભાગ્ય સોહાગ ભરી એ ગલી ત્યાંહાં પધારે મહારાજ
આગલ પાછલ ને સંગે ચાલે છે અનેક સમાજ ૧૪૬૫।
ભોજનશાલાયે પધારી ચરણ ક્ષાલણ તે કરીયા
ભીતરના બહુ ભેરી પરોસણહારના ભાગ્ય વીસ્તારીયા ૧૬૫।
પીઢો પરમ સુંદર ધરીયો ને તકીયો ટેકવા કાજ
થાલ તે આણી ધરી ચોકી ઉપર આરોગવા મહારાજ ૧૬૬।
ભકત પ્રસાદ લેવા આવે તે બેસે તીબારીમાંહાં
પ્રથમ તેહોને આજ્ઞા આપે કર ઉચે કરી ત્યાંહાં ૧૬૭।
ભગવદીને આગલથી લેવરાવી વલતું કરે ભોજન
હાસ્ય વીનોદ સહીત આરોગે શૌ શૌ આપ પ્રસન્ન ૧૬૮।
ખટરસ સ્વાદનો ભોગ કરે છે લહેજ પહેજ અને ચોસ
તેહ સમે કર ચરીત્ર જોઇ જોઇ ઉપજે અતી સંતોષ ૧૬૯।
વ્યંજન વીવીધ તણા તે કટોરા રોટી ઘૃત મુગ ભાત
મુખ્ય મીઠાઇ ને કઢી મીરચની સંધાણા બહુ જાત ૧૭૦।
તે સહુમાં શ્રીકર મહેલી લે ન્યારો ન્યારો સ્વાદ
એહ સમે કરની શોભાની તે થાયે નહીં મરજાદ ૧૭૧।
એણે સમે ભાણેજ ગોવર્ધન સનમુખ બેસે આવી
સ્વાદ સરાહે ને પુછે વલી વાત કરે મન ભાવી ૧૭૨।
મધ્યે મધ્યે જલપાન કરે ગડુઓ કર વામે ગ્રહીઓ
જમણે કર પોંચાસું ટેકે તે શોભા જાય ન કહીય ૧૭૩।
એમ કરના તે અનેક ચરીત્રસું ઉઠયા ભોજન કરી
ભાત ને મઠે અલંકૃત કરસું આવ્યા બાહેર ફરી ૧૭૪।
જમણો કર અધમુઠી વાલી ઉંચો રાખ્યો આપ
ડાબા કરને લટકે પધાર્યા હરણ નેત્ર પરીતાપ ૧૭૫।
ત્યાંહાના ચોક માંહાં એક પીઢો ધરીયો અચવવા કાજ
ત્યાંહાં આવી લટકાસું બેઠા સુંદર શ્રી મહારાજ ૧૭૬।
તપ્ટી બડો ગડુઓ ને સીક ખલી લેઇ ખવાસજી વહેલા
આગલથી અચવાવાને કાજ આવી રહયા છે પહેલા ૧૭૭।
તપ્ટી લેઇ આગલ મહેલી અને ગડુએ કરી જલ નામે
ખલી સહીત કર મીડતા જોઇજોઇ સ્વકીય સહુ સુખ પામે ૧૭૮।
સુધ કરી કર સીક લેઇ અને સીક સંબંધી કાજ
કર વલણે નખ સોધન કીધાં તે નીરખે સર્વ સમાજ ૧૭૯।
કોગલા કર જમણાસું કરે જોઇ ભરે આનંદે ભકત
લાવણ્ય નીપુણ તણી અવીલોકે થઇ અંતર અનુરકત ૧૮૦।
વલી સીક દોહોરી તોહોરી ચોહોરી ધરે તે કરમાંહાં
દંત અવાલું તેણે સમારે તે નીરખે છે સહુ ત્યાંહાં ૧૪૮૧।

એહવે પ્રકારે કરી અચવ્યા તે શોભા કહેતા નાવે
એહુ કરતલ મરદીને નેત્ર ઉપર તે જલ ચુવાવે ।૪૮૨।
તે લટકો કર મરડયાનો ઉંચો કરી અંગુલી નમાવી
અંગુલીને અગ્રે થઇ નેત્રમાં બુંદ પડે જલ આવી ।૮૩।
વલતા ડુટીએ પરસી કર ઉદર ફેરવે નાથ
મંત્ર ઉચાર કરે ક્ષણુ એક તે શોભા નીરખે સાથ ।૮૪।
એહવે બવાસજી લેઇ કટોરો ચરણામૃતને કાજ
ભીતર વહુ બેટીઓને અર્થે આવ્યા જયાંહાં મહારાજ ।૮૫।
જમણા ચરણનું ચરણામૃત તેહોને આપ્યું સુખ રાસ
ધર્મને અનુકરણે તેહોને હીત દાન કર્યું ઉલાસ ।૮૬।
ઉપરેણાનો પાલવ લેઇને મુખ પુંછન વહાલો કરે
એહુ કર પુંછન કરીને ઉઠયા જોઇ સહુકો રસ ભરે ।૮૭।
શીતકાલને સમે તે ચોકમાંહાં ચોકી આણી ધરી
પરમ વીચીત્ર જાલીની શુભ શોભાએ ભરી ।૮૮।
ઉપર ગાદી મખમલની ચોંહ ખુણે ચોકી સરખી
હોંદ લાલ હાંસીયા હરીતની ભરી છે કોમલ હરખી ।૮૯।
હોમઘર આગલની તીબારી ડોઢી કેરે પાસ
ચોકમાંહાં ચોકી રાખી તે મહા સુંદર સુખ રાસ ।૯૦।
પીઢો અતી સુંદર આણીને ચોકી આગલ ધર્યો
ત્યાંહાં ગડુઓ જલપાન તણો આણી રાખ્યો હીત ભર્યો ।૯૧।
કપુરદાની ચુનવટી અને બીડું પરમ રસાલ
એ રાખ્યું પીઢા પર ને લેઇ રાખી પુષ્પની માલ ।૯૨।
ચરણવસ્ત્ર ચતુરઇ કરી ચોંહો ખુટ સમારી ધરીયું
આગલથી સીધ કરી અને રાખ્યું એ સહુ ઉલટ ભરીયું ।૯૩।
જલ ગડુઓ તપ્ટી લેઇને ઉભા રહ્યા છે કોઇ
છાંયા લેઇ કોઇ ભકત રહે સુખ દાયક સમયો જોઇ ।૯૪।
ભગવદી ભાગ્ય પુરા સુરા નેહે હીત ભરતાં
કોઇ અટાલી છજા ને તીબારી કોઇ રહયા ત્યાં ફરતાં ।૯૫।
કો સીંધદ્વાર તણે દ્વારે કો ઉભા ઉભી ગલીએ
કોઇ ભોજનશાલા ભીતર કો સનમુખ ઉભા મલી ।૯૬।
ત્યાંહાંથી લટકતા કરકમલે પધાર્યા મહારાજ
આગલના ફરી જોતા ચાલે પાછલ બહુય સમાજ ।૯૭।
આગલથી બવાસ ગડુઓ લેઇ ધસીને આવ્યા પહેલા
તે જોઇ તત્પર થયા સહુકો જોવાને હીતે વહેલાં ।૯૮।
કો દુર રહયા સનમુખ નીરખે કો ભીતર ગયા ધસી
ભીતરના સાવધાન થયા બહુ ભીડ થઇ રસમસી ।૪૯૯।

ઉભી ગલીયે ઉલટ ભર વાહાલોજી પધારે પોતે
એ કરના લટકાની લાવણ્ય થકીત થયા સહુ નેતે ।૫૦।
જમણેા કર ભીંતે પરસાવે ને બેાલનાં મધુર વયણ
વાત તણે રસે વીલસતાં આવે રસ એ જીવન નયણ ।૧।
લટકતા આવે ને લટકતા ભાવે લટકતી ચાલ સેાહાયે
લટકની એ લટકાસું જોઇ અને મનમાંહાં અતીસે ભાવે ।૨।
ભીડ સહીત ભીતર પધાર્યા ણારસાએ ભુજ અટકી
જેજેકાર હવેા સહુ ઠામે આશીષ દે કર ચટકી ।૨।
ચરણવસ્ત્રસું ચરણ પુંછી અને ચેાકીએ બેઠા આવી
પશ્ચીમ મુખ પુર્વ પીઠ જેમ ણાણુ છે સદા સુભાવી ।૩।
એહ સમે કરના લટકાનેા કહેતાં પાર ન આવે
નીરખી નીરખી નયણા રીઝે ફરીફરી 'નયણાને ભાવે ।૪।
ઉપરણેા એહુ કરસું અલગેા કરી અને રાખ્યેા પીઠે
તે ઉપર લેઇ કેશ પ્રસાર્યા તે સુખ હેાએ શેાભા દીઠે ।૫।
ધેાતીસું કર પુંછી અને પછે બીજું લીધું હાથ
કર જમણે અંગુલીદલે ગ્રહીને મુખમાંહાં મેલ્યું નાથ ।૬।
તર્જની મધ્યમાં અનામીકા અંગુલી મધ્યે બીજું ધરે
કનીષ્ટ અંગુલી અલગી ઉચી રહી શેાભા આનંદ ભરે ।૭।
તે અંગુલીદલનેા લટકેા અને લીધું પેાંહેાંચેા વાલી
મુખ વીકસીત કીધાની શેાભા શી કહું પરમ રસાલી ।૮।
વલતું કપુરદાનીથી કપુર તે લીધું ચીમટી ભરી
અલગેથી નાખ્યું તે લીધુ શ્રીમુખ વીકસીત કરી ।૯।
વલી ચુનેાટી આગલ રાખી લેઇ ખવાસે ત્યાંહાં
ચુનેા જુગતે કરીને લીધેા કર મુકી તે માંહાં ।૧૦।
ચુનેા અંગુલીયે કરી લીધેા તે આરંદ્ર હેાય જયારે
વસ્ત્ર ઉપર દાણીને તેહને રૂક્ષ કરે છે ત્યારે ।૧૧।
રૂક્ષ કરી ગુટીકા વાળી અને શ્રીમુખ ઉંચુ કરી
તર્જની અંગુઠાની મધ્યે ગ્રહી સદ્ય તે મુખ માંહે ધરી ।૧૨।
તે કર જંધા પર ધેાતીસું લેાહે પ્રાણ આધાર
વલતા કેશ સુદેશ સુધારે સુંદર પરમ સુચાર ।૧૩।
કર અંબુજે કરી આરંદ્ર વીરલા કીધા કેશ સુદેશ
તે કર અંગુલીદલના વલણ તે સેાહે અનુપમ વેશ ।૧૪।
કેા સમે કેશના અણી મુઠીમાં ગ્રહી અને ઉંચા રાખે
ઉલટા કરી સુકવે સેાહતા તે રસ અનુભવી ચાખે ।૧૫।
એણે સમે માલા તે પ્રસાદી કરાવવા કેા લાવે
તે સહુ કરમાં ગ્રહીને પેાતે શ્રી મસ્તકે પરસાવે ।૫૧૬।

પરસાવી અને પોતે કરસું થઇ અને આપે પાછી
તે લટકની કરની જોઇએ કે લાવણ્ય જોઇએ આછી ।૫૧૭।
હંસીહંસી વાત કરે કર લટકે પ્રમુદીત થઇને નાથ
ઉલટે નખ અંગુઠાને કરીને ખુજલે વલી માથ ।૧૮।
ધામ વીસેસ લઇને સેવક છાંયા ઉપર ધરે
તેહને કર ઉંચો કરી વરજે તે નીરખતાં ઉલટ ભરે ।૧૯।
વારતા શીત તણી વીશેસે કરે તે વાલી વાલી
મુસકાઇ કર લટકનીએસું અભીનવ ભાંતી રસાલી ।૨૦।
વલતી બીડી શ્રીમુખમાંહાંથી મેહેલે થઇ અનુરકત
તેહ સમે અનુમોદન કરી અને લે કરમાંહાં ભકત ।૨૧।
વલી બીડી બીજી આરોગે પ્રથમ તણી જેમ રીત
તે કરના વલણ તણી શોભાને નીરખીએ કરીને બહુ પ્રીત ।૨૨।
બીડા તણુ પાત કરમાંહાં લેઇ ફેરવે અંગુલીએ કરી
ફીરતા કરનુ વલણ અલીલોકતાં ઉર આવે રસ ભરી ।૨૩।
કોક સમે હાસ્ય વીનોદે વીરમ્યા ક્ષણ એક કરી અવાર
ધામ તણે રસે સુખદ સોહાતે બેસે પ્રાણ આધાર ।૨૪।
કોક એક ક્ષણ અહીં એણીપેરે બેસી વાલ્યો અંબોડો કરસું
બેહુ કર ચોકી ઉપર ટેકી અને ઉઠયા ઉલટ ભરસું ।૨૫।
ઉતર દીશ હોમઘરને સનમુખ જયાંહાં તીબારીનું પ્રાત
પશ્ચીમ સીરહાણુ રચ્યું સુંદર પુર્વ પંગત કરી બાત્ય ।૨૬।
અભીનવ ભાંતી રસાલી ભોમી સેજ સુખદ રચી રાખી
તે વીસદ કરી નીત્ય ચરીત્રમાંહાં કહીસ અનુભવીનુ મન સાખી ।૨૭।
ત્યાં વાહાલો વેગા પધાર્યા રસીક તણા સુખદાઇ
ગ્રીવા કર કટી ચરણ લટકની કહેતા કહીય ન જાય ।૨૮।
પધારીને સેજ ઉપર બેઠા વાહાલોજી પ્રમુદીત થઇ
ટેકી સીરહાણે લાંબા ચરણ કરી એમ બેસે રસ મઇ ।૨૯।
કોઇ સમે દક્ષીણ દીશે સનમુખ થઇ બેસે પ્રાણઆધાર
તેહ સમે કર અંબુજની શોભા કહેતા નાવે પાર ।૩૦।
વારતાને રસે વીવીધ વીનોદે કરના કરે ચરીત્ર
તેહ શોભા જોવાને સૌભાગી ઉભા પરમ વીચીત્ર ।૩૧।
કોક સમે કર સીરાહણે ટેકીને પોઢે અધ ભાગ
તે કર ટેકયાના તે ભાવને જોઇએ કરી અનુરાગ ।૩૨।
એણીપેરે કોઇ એક ક્ષણ બેસી શ્રીમુખથી બીડી મેહેલી
વલી ફરીને બીજી લીધી જેમ રીત કહી છે પહેલી ।૩૩।
પછે શ્રીકરે અંબોડો છોડી કેશ મોકલા કીધા
બેહુ કરે ઉપરણો તે સુધારી તેહ પેચમાંહાં લીધા ।૫૩૪।

ઉલટે કર ઉપરેણો પીઠે રાખ્યો રૂડી ભાંતી
તેહ વલણ કરકમલ તણાને નીરખીએ કરી કરી ખાંતી ।૫૩૫।
વલતાં બેહુ કર સેજે ટેકી આસન ઉચું કરીય
પંગતી દીશ સરકીને વાહાલો પોઢે ઉલટ ભરીય ।૩૬।
શીતકાલમાંહાં સુપેતી ઓઢે નહીં તો ચાદર સાર
દુરતામાં દોહોરી ચાદર તે ઓઢે પ્રાણ આધાર ।૩૭।
ક્ષણ એક ઉતાના પોઢીને પોઢે ડાબી પાસ
એક કર સીરાહણે રાખે એક સેજ્યા ઉપર સુખરાસ ।૩૮।
એ સમે નીંદ્રા માંહાંના ચલણ અને વલણની શોભા ભારી
રસના કાજ સીધ હોએ કરથી કોણ શકે વીસ્તારી ।૩૯।
અધ નીંદ્રા વીલસી અને વાહાલોજી કરે જલપાન
તે સુક્ષ્મ સમે આવી કો વીરલા નીરખે ભાગ્યવાન ।૪૦।
બેહુ કર ઓટીને ગડુઓ લેઇ જલ આરોગ્યા રીતે
રાખી રાખી સુક્ષ્મ ધારાએ ફરી ફરી લે કરી પ્રીતે ।૪૧।
વલતાં ગડુઓ સેવકને કર આપ્યો તેણીવાર
બીડું બરાસ સહીત આરોગી ફરી પોઢયા આધાર ।૪૨।
પોઢી પ્રાણવલ્લભ ઉથાપન સમયનો સમયો જાણી
આપ થકી જાગ્યા એ જગત હીત સવત:થી કરૂણા આણી ।૪૩।
કર બલે નીહોરાઇ અને બીડી મેહેલ્લી તષ્ટી માંહાં
ઉકસી અને અલવેસું બેઠા રસભર વાહાલો ત્યાંહાં ।૪૪।
શીષ થકી ઉપરેણો લઇને કરસું અલગો કીધો
બેહુ કરે કેશ સુધારી સુખસું સુભગ અંબોડો દીધો ।૪૫।
જંભાએ મુખ વીકસીત કરી ઉલટો કર મુખ પર રાખે
વલતો જમણે કરણે પરસે તે જોવા સહુઅ અભીલાખે ।૪૬।
ઉપવીત બરી આવ્યું તે સમાર્યું માલા સુધારી સાર
કસવટ ધોતી તણી સુધારી ઉઠયા પ્રાણાધાર ।૪૭।
શ્રી મસ્તકે ઉપરેણાના પેચ તે દીધા અવલા વાલી
ડગમગતા તે લટકાભર ચાલે તે ચાલ પરમ રસાલી ।૪૮।
અંગુઠી કરથી ઉતારીને ધોતીની કસવટે રાખે
તે શોભા કર અંબુજની જોવાને જગ અભીલાખે ।૪૯।
ઉપવીત જમણે કરસું ગ્રહી અને જમણે કરણે ધરીયું
મરીયાદ હીત મુદીત થઇ અને એ ચરીત્ર આચરીયું ।૫૦।
લટકતાં અટકતાં વેદીએ કર પરસાવતા આગલ આવ્યા
સ્થલ એકાંતે પધાર્યા પોતે નીજજનને મન ભાવ્યા ।૫૧।
ક્ષણ એક રહી પધાર્યા બાહેર સુંદર કર લટકનીએ
મુસકાતા મૃદુ વચન ઉચારતા સુખદ ચાલે અટકનીએ ।૫૫૨।

ચરણ ક્ષાલણની ચોતરીએ પધાર્યા આંબીએ કર પરસાવી
બેહુ ચરણ મધ્યે ગડુએા કરી પીઠે બેઠા આવી ।૫૫૩।
કર બેહુ પ્રક્ષાલણ કરીને પછે પ્રક્ષાલ્યા ચરણ
કોગલા કરી કરના લાવણ્યસું કર પુંછે જગત આભરણ ।૫૪।
પુંછીને ફરી બેઠા વાહાલેા કરે મુખ પુંછન કરે
કસવટથી અંગુઠી લેઇને શ્રીકર આંગુલીએ ધરે ।૫૫।
એહવે તીણારીમાંહાં મહા શુભ મધ્ય સેાહાગી ઠામ
વાહાલાજીને વીરામ તણેા સ્થલ જગત તણુ વીશ્રામ ।૫૬।
ત્યાંહાં જાજમ ઉપર જુલીચેા તે પર ગાદી ધરી
બાસાની મખમલની સુંદર કેામલ પટસું ભરીય ।૫૭।
બાસતા મીહીન મૃદુલની ચાદર દેાહેારી ત્યાંહાં બીછાવી
ચારે ખુંટ સુધારીને દાબી જેમ વાછલ્યે ભાવી ।૫૮।
બાછલ તકીયેા ટેકે રાખ્યેા ઉતમ મખમલ તણેા
કુંદણા જુત ગલેફ ગાદા તણેા રાજે સેાહામણેા ।૫૯।
વામ ભાગ છેાટેા તકીયેા તે પાસે ચેાકી ધરી
નેવરા જુત ગડુએા ત્યાંહાં રાખ્યેા શીતલ જલસું ભરી ।૬૦।
બીડાં કપુરદાની ને ચુનેાટી પુષ્પ તણી ત્યાંહાં માલ
ચરણુવસ્ત્ર વાછલ્યે બીછાવ્યું ધરી મન ભાવ રસાલ ।૬૧।
ગડુએા તષ્ટી દક્ષણ ભાગે રાખ્યા રૂડી રીતે
માખી વરજણુ ને મુઠેા લેઇ ભકત રહયા છે પ્રીતે ।૬૨।
ભગવદ્દીની ભીડ અને ઉથાપનનેા સાજ
નીત્ય ચરીત્ર માંહાં વીસદ કહીસ અહીં કહયું સુચન કાજ ।૬૩।
પ્રાણ પ્રીય પીઠેથી ઉઠી કર લટકાવતા આવ્યા
સનમુખ ફરી તકીયે કર ટેકી ગાદીયે બેઠા ભાવ્યા ।૬૪।
અહીં બેઠાં કરનું ચરીત્ર તે કહેતાં કહયું ન જાએ
અનુભવને અનુહારે સુચન માત્રે કાંઇ કહેવાએ ।૬૫।
અવાસજી બીડી લાવ્યાં લીધી કર ઉંચેા કરી
ગ્રીવાની લટકની કર કમલે શ્રી મુખમાંહાં ધરી ।૬૬।
કપુરદાનીમાં કર મેહેલી ફાંક બરાસની લીધી
ચાંપુએ ચતુરાઇ કરી અને શ્રીમુખ માંહાં કીધી ।૬૭।
ચુનાવટી માંહેંથી ચુનેા લેઇ કરસું ગેાલી કરી
રૂચતેા લેઇ બાકી બીજે કરે લેઇને આપે ફરી ।૬૮।
આરંદ્ર હેાએ ધેાતીસું દાબી રૂક્ષ કરીને રાખે
વલતેા શ્રીમુખમાંહે લે તે જોવા સહુ અભીલાખે ।૬૯।
બીડા તણુ પાત લેઇને તર્જની આંગુલી પર રાખે
ફેરવી ફેરવીને લટકાસું લઇને અલગું નાખે ।૫૭૦।

પાત લેઇ મુઠી ઉપર રાખે જમણે કરે દે થાપ
ત્યાંહાંથી શબ્દ હોએ તે સુણી અને રસમાંહાં રીજે આપ ૧૫૭૧।
છોટા તકીયાની નીવાર દોરી કોમલ સુખદાઇ
તે અંગુલીદલ માંહાં ભરાવી બેસે છે મન ભાઇ ૧૭૨।
વલી દોહોરી નીવાર બેહુ કરમાંહાં ગ્રહી અને છંદ વજાડે
બેહુ કરના ચરીત્ર જોઇ ભકતને ઉર આનંદ પમાડે ૧૭૩।
નીમાની દરીયાઇ તણો બંધ ગ્રહી વજાડે પોતે
બે બંધ એકઠા કરીયને વજાડે મુદીત થયા સહુ જોતે ૧૭૪।
માલા પુષ્પ તણી આણી શ્રી કરમાંહાં આપે જ્યારે
નેત્રસું દાબીને છોટા તકીયા પર રાખે ત્યારે ૧૭૫।
કેતકી પત્ર લેઇ તેમાંથી તે નાસા પર રાખે
જુઇ સમારે અંગુલી ઉપર શોભા જોવા સહુ અભીલાખે ૧૭૬।
ચંપકની પાંખડી લેઇ નાસા પર રાખી આડી
અંગુલી અંગુઠાની રચનાએ બહુ ભાંતે તે રમાડી ૧૭૭।
બીડી તષ્ટીમાંહાં મેહેલી કે લીધી કોઇ ભકતે
કર ઉંચા કરીને ગડુઓ જલનો માંગ્યો એણી જુગતે ૧૭૮।
વામ કરે ગડુઓ તે ગ્રહ્યો અને જમણે કરે તે ગ્રહી ટોટી
અધ નાલવે અંગુઠો રાખ્યો ધાર પડે જેમ છોટી ૧૭૯।
મધુર ધારે જલપાન કર્યું ગડુઓ રાખી રાખી
માધુરમાં શીતલતા જલના સ્વાદ તે ચાખી ૧૮૦।
એહ સમય કર કમલની શોભા કહું કે અંગુલીદલની
કે ભુજદંડ તણી શોભા કહું કે પોહોંચા બલની ૧૮૧।
બીજી બીડી તેહ સમે આવી કર વલણે કરી લીધી
એ લાવણ્ય કર અંગુલીદલની જાએ નહીં કોઇ સમ કીધી ૧૮૨।
સ્વતઃ વારતા કરતા માંહાંથી કરનો લટકો ભાસે
એ સેન તણો રસ રસીયા સમજે અન્ય ન સમજે આસે ૧૮૩।
પંડીત કે કોઇ રાજસી આવે તેહનો કરે સતકાર
ઉંચો કર કરી સ્થલ દેખાડે એ લટકો મહા સાર ૧૮૪।
કો પંડીત કે કો દ્રાવીડી વેદની રૂચા ભણે જ્યારે
સ્વર સાધી કરને વલણે કરી સાથે ભણે વાહાલો ત્યારે ૧૮૫।
રાગનું રૂપ સાધના સ્વરની શીખવે ગુણીને તાન
કરની લાવણ્યનો લટકો તે નીરખે ભાગ્યવાન ૧૮૬।
નયણ કટુ કરી આવે ત્યારે કરની મુઠી વાલે
તે મુઠીએ કરી મીટે એણીપેરે કરી નયણ સુજાલે ૧૮૭।
જમણે કર અધ મુઠી વાલે ઉલટે અંગુઠે કરી
કર ઉંચો કરી શીષ ખુજલે એ શોભા રસ ભરીય ૧૫૮૮।

માલા વા ગુંજના મણીકા ગીણે તે અંગુલીની સેને
તે કર અંબુજની શોભા કાંઇ કહેતા નાવે વયણે ૧૫૮૯।
તર્જની અંગુઠો આડા કરીને ફરી ફરી મુછના ગાલ
તાણ્યા કરે સુગદ્ગ રીતે તે શોભા પરમ રસાલ ૧૯૦।
જમણો ઘુંટણ ઉભો કરી બેસે મારો નાથ
સેહેજ સુભાવી તે ઉપર રાખે છે જમણો હાથ ૧૯૧।
કરપલ્લવે મુદ્રીકા મનોહર જલકતે નંગ અમોલ
શ્યામ નંગ સોહે શુભ અંગુલી અનામીકાએ ગોલ ૧૯૨।
જમણા ચરણારવીંદની પાટલી તે ઉપર કર ફેરે
અંગુલીદલ ઉપર અંગુલીદલ રાખે તે અનુભવી હેરે ૧૯૩।
સેહેજ ભાવ સુચન ઉર અંતર કરતામાંહે પોતે
ભાવ સહીત કર વલણ કરે તે થકીત થયા સહુ જોતે ૧૯૪।
ધોતીની કીનાર ઘુંટણ પર બેહુ કરે કરી ઐંચે
ઘુંટણ તલેથી પાલવ કાઢે તે જમણે કર ઐંચે ૧૯૫।
તે પાલવ કાઢી અને પોતે તે સંઘાતે રમે
અંગુઠામાંહાં ભરાવી વલ દેઇ ઐંચે જેમ મને ગમેય ૧૯૬।
ઉપરેણાનો પાલવ બેહુ કરે ગ્રહી કોર અમલાવે
દીવેટ સરખી કરી કરણ માંહાં મેહેલીને તે હલાવે ૧૯૭।
કો સમે સીકે રૂધ લપેટી મેહેલે કરણ માંહાં
સુખદ રીતે કટુ મીટાવે નીરખીએ કરને ત્યાંહાં ૧૯૮।
કો કાંઇ શ્લોક કવીત ભણે ત્યારે તેહનો કરે સતકાર
તે ઉંચા કરના લટકાની શોભાનો નહીં પાર ૧૯૯।
શ્લોક તણા ઉચારમાંહાં કે વચનમાંહાં કો ચુકે અન્ય
તેહને કર લટકાસું વરજે તે લટકો કાંઇ ભીન્ન ૨૦૦।
કોઇસું ગોપ્ય વારતા કરવી કે કાંઇ ગોપ્ય મંગાવે
ઉલટો કર મુખ ઉપર રાખે તે શોભા મન ભાવે ।૧।
અધરથી પીક અસી આવે તે કરકમલે કરી લોહે
તે કર તષ્ટી માંહે પખાલે જે નીરખે તે મોહે ।૨।
ડુંટીએ કર પરસ કરીને તે કર સદ્ય પખાલે
એ લાઘવતા સુક્ષ્મ અતીસે વેધી તેહ સંભાલે ।૩।
અસીય દબાઈ રહયું જમણે કરસું સીધું કરે જનોઇ
એ સમે આશ્ચર્ય પામી રહયા સહુ કો કરની શોભા જોઇ ।૪।
ભગવદી નૌતન આવે કે કોઇ દેશાંતરથી આવે
તેહને સમાધાન જુત પુછે કરની લાવણ્ય અભીનવ ભાવે ।૫।
આવકાર માંહાં ભાવ સહીત નીચો કર કરીય દેખાડે
સમાધાન માંહાં ઉંચો કર કરી ઉર આનંદ પમાડે ૨૦૬।

ભગવદીય ચરણે રપરસે તેહનું બેહુ કરે શીષ ઉઠાવે
એ લાવણ્ય કરકમલ તણી તેહની શોભા કહેતા નાવે ।૬૦૭।
કૌતીક હાસ્ય વીનોદ વારતા કરતા માંહે દે તાલી
તે સમે કરતાં ચલણ વલણને કોણ શકે તે સંભાલી ।૮।
અરથે અંબોડો કેશ સંકેલી બેહુ કરે દીધો ફેરી
કર ફરતાં સહુના મન ફેર્યા રાખ્યા છે ત્યાંહાં ઘેરી ।૯।
જંભાએ વીકસીત મુખ કરતાં ઉલટો કર મુખ પરસે
વલતો તે જમણો કર લેઇને જમણે કરણે રપરસે ।૧૦।
ડાબો કર ટેકી તકીએ અંગુલીદલ દેહોરા વાલી
તે કર મસ્તકે ટેકી બેઠા સુંદર ભાંતી રસાલી ।૧૧।
વાત રસમાંહાં મુખની કણીકાની સંભાવના હોએ જયારે
ત્યાંહાં કર ફેરી સઘ પખાલે શોભા નીરખીએ ત્યારે ।૧૨।
ગુણીજન ગાન કરે તેહોને સાથે ગાવા લાગે પોતે
ચુટકી વજાડે તાન બતાવે થકીત થયા સહુ જોતે ।૧૩।
પહેરામણી કો ભકત કરે તેણે સમે કરનું ચરીત્ર
કયાંહાં લગી વીસદ થાયે વીગતે કરી એક એક પરમ વીચીત્ર ।૧૪।
જેહનું કૃત્ય કાંઇ ન્યામીક નાંહીં અને નીત્ય કરી કહયું ન જાએ
પ્રતીક્ષણે ચરીત્ર નવનવું કરનુ વીસદ ન કહેવાએ ।૧૫।
એહવે અનેક પ્રકારે અભીનવ ભાંત્યે કરે ચરીત્ર
ગાદી તકીયે બેઠા વાહાલો સુંદર પરમ વીચીત્ર ।૧૬।
સમે સમે નૌતન કરનું કૃત્ય વચને આવે નહીં
અનુભવ માંહાં જે સુરત આવ્યું તે લખ્યું છે આંહીં ।૧૭।
તેહવે સેન આરતીનો આગમ લહીને ઉઠે રાજ
ગડુઓ ભરવાની આજ્ઞા દેઇ દેહ કૃત્ય કરવા કાજ ।૧૮।
સિથિલ અંબોડો દ્રઢ કરવાને જટકીને ફરી વાલ્યો
કસવટ ધોતીની તે સુધારીને ઉપરણો સંભાલ્યો ।૧૯।
દક્ષીણ કર ઉલટો તકીયે દેઇ ઉઠયા પ્રાણઆધાર
ગાદી પર ડગમગતે ચરણે ઉભા તેણી વાર ।૨૦।
વામ કરે ધોતીનો પાલવ ગ્રહી અને વીરલો કરે
દક્ષીણ કરે ઉપવીત ગ્રહી રહયા એ શોભા સુખ ભરે ।૨૧।
એમ કરી આગલ ડગલું ભરીયને ઉભા વાહાલો ત્યાંહાં
ભટ જાણ્યાને આજ્ઞા દીધી કરના લટકામાંહાં ।૨૨।
જમણે કર નીચું ઉપવીત સાહી રહયા મુઠી વાલી
વલતું જમણે કરણે ધરીયું જમણે કરસું વાલી ।૨૩।
ઉપરેણાના પેચ બેહુ કરે અવલા સવલા વાલી
ચાલે ચાલ ઢલકતી સુંદર સોહે પરમ રસાલી ।૨૪।

મુદ્રીકા ઉતારીને આવાસને આપે તેણે સમય
તે શોભા કર અંગુલીદલની ઉર અંતરમાંહાં રમય ।૧૨૫।
એમ એકાંત સ્થલે પધારીને બાહેર પધાર્યા નાથ
ચરણ ક્ષાલણની ચોતરીએ આવ્યા તે નીરખે સહુ સાથ ।૧૨૬।
કરકમલે કરકમલ પખાલી ચરણ પખાલ્યા રીતે
કોગલા કરે કર અંબુજ વલણે નીરખીએ કરી બહુ પ્રીતે ।૧૨૭।
આચમન લેઇ કરણથી ઉપવીત ઉતાર્યું તેણીવાર
વલી આચમન કર્યું તે કરની શોભા નીરખીએ વારંવાર ।૧૨૮।
ફરી બેસી ઉપરેણાનો પાલવ શીષથી કરમાંહાં લીધો
મુખ પુંછન કરી કર પુંછી ને ફરીય શીષ પર દીધો ।૧૨૯।
અંગુલી દલમાંહાં મુદ્રીકા પેહેરી ગેહેરી શોભા રાજે
એ કરકમલ તણી દ્યુતી દીપે મધ્યે મણી મુદ્રીકા બ્રાજે ।૧૩૦।
વલતાં ત્યાંહાં થકી ઉઠી પધારે ભીતર ભણીય
તેહ સમે લટકાની લાવણ્ય પ્રગટે ઉભય કર તણીય ।૧૩૧।
પ્રથમ સંધ્યા આરતીને આગમ વાહાલેાજી પેાતે નાહે
તેહ સમે કરકમલનું કૃત્ય તે ભાગ્યવાન અવગાહે ।૧૩૨।
નાહી ભીતર પધારીને બંટાનું કરે કાજ
તેહ સમે કરના લટકાને નીરખે સકલ સમાજ ।૧૩૩।
એણે સમે સેન આરતી આગમ સંધ્યાને ઉદ્દેશ
કયારે ગાદીથી સુધા પધારે કયારે ચરણ ક્ષાલી પ્રાણેશ ।૧૩૪।
ગાદીથી સુધા પધારે ત્યારે ગદીએ બેઠા ત્યાંહાં
કોગલા કરે કર ટેકીને તષ્ટી ધરી તેહમાંહાં ।૧૩૫।
જમણેા કર ગાદી પર ટેકી નીહોરાવીને અંગ
ડાબે દાબે માલા ઉર સાથે જોનારાના મન રંગ ।૧૩૬।
એણીપેરે કરી કોગલા મુખ પુંછી કર પુંછી કરૂણાલ
અહીં થકી પધાર્યા ભીતર કર લટકનીએ રસાલ ।૧૩૭।
ભીતર જઇ જલઘરામાં સંધ્યાવંદનનેા કર્યેા સાજ
ત્યાંહાં આવી પીઢે બેઠા સંધ્યા કરવા માહારાજ ।૧૩૮।
વામ કરે ગડુએા ગ્રહી જમણેા કર તે પ્રથમ પ્રક્ષાલે
વલતું આચમન લે તે ચપલતા કરની સર્વ નીહાલે ।૧૩૯।
આચમન કરતામાંહાં હથેલી ઉછાલ્યાનેા જે પ્રકાર
તે લઘુલાઘવતાની લટકની કહેતા નાવે પાર ।૧૪૦।
દક્ષીણ કરની અંગુલી દલે કરીને પરસે છે સર્વાંગ
તેહ ચપલતાનેા લટકેા જોઇ જોનારાના મન રંગ ।૧૪૧।
ગડુઆ ઢાંપણ ઉપર જલ રાખીને જમણા કરસું
ઉછાલે અંગુલીને લટકે નીરખીએ ઉલટ ભરસું ।૧૪૨।

બેહુ કરે થાપડી દેઇને જમણેા કર મસ્તક પર ફેરે
વલતી નાસીકા બહે નીરૂપમ ભાગ્યવાન રહયા હેરે ।૧૪૩।
મધ્યે મધ્યે આચમન કર પ્રક્ષાલણ ને કરે સવ્ય અપસવ્ય
દશે દીશાએ ફરી ફરી બેસે તે શેાભા અતી ભવ્ય ।૧૪૪।
જમણેા કર ઉપરેણા મધ્યે રાખ્યેા રૂદયાવાર
વામ સ્કંધ પર ભુજદંડ ધરી તે શેાભા નહીં પાર ।૧૪૫।
અનામીકા અંગુલી ભેામે સ્પર્શી અને સ્પર્શી લેલાટ
સંધ્યાથી પેાંહેાંચી અને બેઠા જયાંહાં ગાદી સુધાટ ।૧૪૬।
વારતનેા રસ વીવીધ પ્રકારે ચાલે છે બહુ પેર
તેહ સમે કરનું ચરીત્ર જોઇ જોઇ જોઇએ ઉલટ ભેર ।૧૪૭।
કૌતીક હાસ્ય ને ગુઢ રસ ગેાપ્યની જે વાત
સ્થલ એકાંત સમે જોઇ ચાલે અદભુત નાના ભાંત ।૧૪૮।
તેહ સમે કરઅંબુજ અદભુત ગતી વલણ વીવીધ પેરે સેાહે
એક એક લટકાની લાવણ્ય માંહાં જગત તણા મન મેાહે ।૧૪૯।
એહવે આરતીનેા સમય ભીતર થયેા ત્યાંહાં વેગે કરી
પધારી કરની લાવણ્ય જુત વેગે પધાર્યા ફરી ।૧૫૦।
ભકતને આગ્રહે કરી ફરીને બેઠા તે સ્થલે આવી
અંગસેવક મનેારથ કરી તબકડી લાવ્યા અતી મન ભાવી ।૧૫૧।
તે તબકડી રાખી આગલ વહાલાજીને વીનતી કરી
તે માંહેં કર મેહેલીને સ્વાદ લે પેાતે ઉલટ ભરી ।૧૫૨।
એક સામગ્રી લેઇ શ્રીમુખમાંહાં મેહેલે જેમ રૂચી આવે
વીનય કરી સામગ્રી બીજી વાછલ્યે લેવરાવે ।૧૫૩।
તેહ સમે કરઅંબુજ અંગુલીદલ ભુજદંડ જે રાજે
વલણ વીચીત્ર મનેાહર ભાંતે પરમ સુશેાભીત ભ્રાજે ।૧૫૪।
અચવી અને બેઠકે પધારે આગલ દીપક જ્યેાત
અંગુલીદલથી અંગુઠીનાં ચલકે સુંદર નંગ ઉદ્યેાત ।૧૫૫।
વારતાને રસે રસભર આવે કરઅંબુજને લટકે
સુભગ બાણ વાહાલાજીને નીતની મધ્યે કયાંહું અટકે ।૧૫૬।
અટકતા લટકતા લટકા સાથે જગમેાહનમાં થઇ
જગમેાહન બેઠકે પધાર્યા પરમ સુખદ રસ મઈ ।૧૫૭।
પધારી ગાદી પર બેઠા તકીયે ટેકેા દેઇ
ઉપરેણેા અલગેા કીધેા તે ઉલટે કરસું લેઇ ।૧૫૮।
એહવે બીડી બરાસ ચુનેાટી લાવ્યા બવાસજી વેગ
કરકમલે કરીને લીધી જેમ નીત લેવાનેા નેગ ।૧૫૯।
વારતાને રસે વીવીધ પ્રકારે વચન તણા જે વલણ
તેમ કરકમલ તણી શેાભા જુત કરે ભાવ ભર ચલણ ।૧૬૦।

દક્ષીણ દીશ નીહારાઈને બીડી મહેલી તષ્ટીમાંહાં
દક્ષીણ કર તકીયા પર રાખ્યેા તે નીરખે સહુ ત્યાંહાં ૧૬૧।
તૃષા સમે જલપાનને અર્થે બેહુ પસારે હાથ
ગડુએા લેઇ જલપાન કરે તે નીરખે છે સહુ સાથ ૧૬૨।
ને વલી બીડા સદ્ય આરેાગ્યા કરઅંબુજને લટકે
એ શેાભા સુખ સમયની દીઠી સુરતી કરેથી ખટકે ૧૬૩।
એણીપેરે અનેક વીનેાદ હાસ્ય કરકમલને લટકે કરી
વીવીધ વીલાસે ચરીત્ર એ કરનુ કીધું ઉલટ ભરી ૧૬૪।
એહવે અવાસ પરદની લાવ્યા તેલાભ્યંગને કાજ
છેાટા તકીયા પર કર ટેકી ઉઠયા શ્રી મહારાજ ૧૬૫।
કર ઉંચેા કરી લાવણ્યસું ભટ પંડીતને આજ્ઞા દીધી
તે લાવણ્ય કરકમલ તણી ભગવદીયે ઉરમાંહાં લીધી ૧૬૬।
વલતાં તેલ સેજયાને નીકટ જઇ ઉભા રહે આધાર
બેહુ કરની લાવણ્ય જુત પરદની પેહેરે તેણીવાર ૧૬૭।
કેા સમે હાંસી તણે રસે પરદની ગ્રહે તે એક કરમાંહાં
જમણા કરસું ભાવ સુચવી હંસીહંસી બેાલે ત્યાંહાં ૧૬૮।
ધેાતીની કસવટ સરકાવી કર અંગુલીની સયણે
જંઘાએ અસતી મેહેલી તે શેાભા નાવે વયણે ૧૬૯।
એણીપેરે પરદની પહેરીને પછી ઉપવીત કટીસું લપેટે
એ ચરીત્ર કરઅંબુજનું પ્રતીક્ષણની આરત મેટે ૧૭૦।
ઉપરેણેા મસ્તક પર બાંધીને પેાઢયા તેલ સેજ
બેહુ ભુજદંડે તેલ લગાવે ભાગ્યવાન ભર હેજ ૧૭૧।
ભુજદંડ કરકમલનાં વલણ તે જોઇ જોઇ મેાદ ન માએ
પ્રતીક્ષણે ભાવ અનેક સુચવે વાણીયે વીસદ ન થાએ ૧૭૨।
ઉતાના પેાંહેાંચી અને પીઠે તેલ લગાવા સમય
એક કરે મસ્તકે ઉપરેણેા ગ્રહયેા જેમ ફરતા નહીં નમય ૧૭૩।
બીજા કરને બલે ઉલટા થેઇ પેાઢયા પ્રાણઆધાર
સેજ ઉપર ઉલટા કર લાંબા કીધા તેણીવાર ૧૭૪।
ઉલટેા કર વાલી તેલ લગાવે તે શેાભા કાંઇ ભીન
નીકટ રહીય નીહાલે તે જાણે અવર ન જાણે અન્ય ૧૭૫।
કયારેક કર બેહુ કેાહેાણીયે વાલી રાખે સીરાહણે ધરી
તે શેાભા કાંઇ ન્યારી દીસે નીરખીયે નયણા ભરી ૧૭૬।
એણીપેરે તેલ થકી પેાંહેાંચી અને બેઠાં વાહાલેા ફરી
નીચા ચરણ કર્યા તે ચરણ તલે ચેાકી આણી ધરી ૧૭૭।
બેહુ કરે ઉપવીત સરકાવી સવ્ય કર્યું શુભ રીતે
તે કરઅંબુજના લટકાને નીરખીએ કરી બહુ પ્રીતે ૧૬૭૮।

એક કરે ઉપરણેા શીષથી લેઇને અલગેા કીધેા
શ્રીકરમાંહાંથી ભગવદી ભાગ્યવાન કરમાંહાં લીધેા ૧૬૭૯
વામ કરે અ ખેાડેા છેાડી કેશ તે જટકી દીધા
જમણે કર અંગુલીને વલણે તે સહુ વીરલા કીધા ૧૮૦
શ્રીમસ્તક ઉંચું કરી પાછલ નીહેારાવી થરકાવે
પ્રથમ ગાદી બેહુ કરસું શીષ રાખે તે રૂડા ભાવે ૧૮૧
પછે બવાસે મુડબ ધેા લેઇ ચુણીને આગલ કીધેા
બેહુ કરની તર્જની અંગુઠે બેહુ પાલવ ગ્રહી લીધેા ૧૮૨
તે પેાહેાળેા પાલવ કરી મસ્તકે રાખે પ્રાણ આધાર
વલતાં પેચ વામ ભાગે તે દીધા તેણીવાર ૧૮૩
વલતું અંગ આગલ મેાડીને જમણા કરસું કેશ
અભીનવ ભાંતે ઉપર લીધા સુંદર પરમ સુદેશ ૧૮૪
જમણે કર જમણી પાસા લેઇ પાલવ ત્યાંહાં પ્રસાર્યેા
કેશ સુદેશ કર્યા પાલવમાંહાં શેાભા પર હું વાર્યેા ૧૮૫
તેમાંહાં વલી એક પીત વસ્ત્ર ધરી દીધા પેચ સુધારી
પેચ પેચે કરકમલની શેાભા દીસે ન્યારી ન્યારી ૧૮૬
એક પેચમાંહાં પુષ્પના હારની લર રાખી ભલી રીત
તે કરઅંબુજના લટકાને નીરખીએ કરી બહુ પ્રીત ૧૮૭
એણીપેરે મુડબંધેા બાંધીને ઉપર પેચ તે પીત
દરીયાઇની દેાહેારી ગાંઠે કરી બાંધ્યેા નીતની રીત ૧૮૮
વલતેા ઉપરણેા લેઇ કરમાંહાં બેહુ ભુજા પર ધરી
મસ્તકે અવલા સવલા પેચ તે દીધા બેહુ કરે કરીય ૧૮૯
પરદનીની કસવટ સંભાલી ઉપવીત સુધુ કર્યું
ચેાકી ચરણ તલેથી લીધી ઉડયા ઉલટ ભરીય ૧૯૦
નીચા નીહેારાઇને કરસું કુંજલક પરદની તણી
નીરવારી સુધી કરે સેાહતી તે શેાભા સેાહામણી ૧૯૧
શીતકાલે નીમેા પેહેરે દુરતામાંહાં ચાદર દેાહેારી
ગરમી માંહાં એણીપેરે પધારે વર્ષામાં ઓઢે એકહેારી ૧૯૨
મુસકાતા અટકતા કર લટકાવતા વચન રસાલા કહીય
સેવકે ચરણત્રાણ આગલ ધર્યા પહેર્યા ઉભા રહી ૧૯૩
સનમુખ દીપક જયેાતી જલહલે મુખની જયેાતી અનુપ
શ્રીઅંગ જયેાતી જગમગે ન્યારી કરનું અભીનવ રૂપ ૧૯૪
શું શું કહી સરાવું હું શેાભા સુંદરતાની બાબુ
બુધી બલે ને વાગ વીલાસે થાય નહીં નીર્માણ ૧૯૫
ભગવદીઓની ભીડ અને આતુરતા જેવાની જેહ
ભાવ સમય જુત નીત્ય ચરીત્રમાં વીસદ કહીસ તેહ ૧૯૬

૨થલ એકાંતે પધારીને બહાર પધાર્યા વેગ
હસ્ત ચરણ ક્ષાલણ કીધા જેમ નીત્ય કર્યાના નેગ ૧૬૭૭
સુંડ મીસરી ઉસ્નોદકે કરીયને આણ્યું કટોરી માંહાં
જમણા કરમાંહાં લેઇ કટોરી વાહાલોજી લે છે ત્યાંહાં ૧૬૮૮
તે લેઇ કોગલા કરી અને વાહાલો પીઢે બેઠા ફરીય
કર મુખ પુંછન કરીને કરસું ઉઠયા ઉલટ ભરીય ૧૬૯૯
કર લટકાવતા લટકા સાથે સેજયા આગલ ઉભા આવી
તનીયો ખવાસે આગલ રાખ્યો તે બેહુ કરે ગ્રહયો સુભાવી ૧૭૦૦
તે તનીયો પેહેરવાની લાઘવતાનો નહીં કાંઇ પાર
કોણ પ્રકારે વર્ણન કરૂં અને કહું કેહેની અનુહાર ૧૧
તનીયો પહેરવાને સમે ભગવદ્દી એક ટક જોઇ રહયા ત્યારે
કરની લાઘવતામાં ન સમજયા જે પરદની મહેલી કયારે ૧૨
એમ કર કૌતીકે તનીયો પેહેરીને વાહાલો બેઠા પરજંક
ચાદર લેઇ કટી પાછલ રાખી નીરખે ભકત નીશંક ૧૩
તેહવે ખવાસજી બીડી લેઇ આવ્યા તે કર જમણે લીધી
કોમલ અંગુલીદલમાં ગ્રહીને શ્રીમુખમાં કીધી ૧૪
કપુરદાનીમાં કર મહેલી લીધી ફાંક બરાસ
ઉછાલી નાખી શ્રીમુખમાં આરોગ્યા સુખ રાસ ૧૫
વલતાં ચુનાવટીમાંથી ચુનો લેઇને ગોલી વાલી
શ્રીમુખ ઉંચું કરીયને પોતે લીધી ભાંતિ રસાલી ૧૬
તે કર ચાદરસું પુંછયો બેઠા કો ક્ષણ એણી પેર
હાસ્ય વીનોદ વારતાનો રસ વીલસે લટકા ભેર ૧૭
ઉપરેણાનો પાલવ લેઇને અંગુલીદલે કરી કરીય
નીહોરાઇ અને નાસીકા પુંછે વાહાલોજી ફરી ફરીય ૧૮
વલતો પંગતી દીશ કર લાંબો કરીને તે કર ક્ષાલે
ભાગ્યવાન જલ નામે અને માહા ભાગ્યવાન તે નીહાલે ૧૯
તે લટકા કરના ઉપર જગત તુચ્છ કરી વારૂ
સુરતે સુરત ભુલે અંગ અંગની જયારે તેહ સંભાલુ ૧૧૦
વલતાં ચરણ ચોકી પરથી લેઇ સેજયા ઉપર ધરીયા
સેજ મધ્યે સરકીને બેઠા સોહાગી ઉલટ ભરીયા ૧૧૧
ઉલટે કરે સીરાણું તપાસી જોયું પ્રાણાધાર
સુખસું સુખસેજયાએ પોઢયા હવો તે જૈજૈકાર ૧૧૨
બેહુ કરસું ચાદર સરકાવી રૂદયા ઉપર રાખી
ઉતાના પોઢીને વલતી જમણી કરવટ લીધી ૧૧૩
ચોક દીશે સનમુખ થેઇ પોઢયા કર સીરાહણે દેઇ
નંગ અંગુઠીના ઝલકે માહા સુંદર તેજ મઇ ૧૭૧૪

ભકત વીવીધ આશીષ દેઈ વલીયા કરી કરી જેજેકાર
પ્રાતઃ વેગ ઉઠજો વાહાલેાજી પ્રાણ તણા આધાર ।૭૧૫।

સમે એકાંતે ભકત અવીલેાકવા આવ્યા રસ સંજોગી
ઉભય આરતી ને આનંદ દાતા ઉઠયા મહારસ ભેાગી ।૧૬।

રસ સમે કર કૌતીકનું ચરીત્ર તે કહેતાં કહયું નવ જાએ
શેષ તણે સામર્થ કહું પણ એ રસ કહયેા ન જાએ ।૧૭।

એ ચરીત્ર કરનું કારણ મઈ પ્રતીક્ષણું નૌતન ભાસે
ન્યામીક નહીં ભાવે વીલસે નીત્ય સમજયેા જાએ નહીં આસે ।૧૮।

એ કરકમલ સેાહાગ બલે કરી કહયું નીત્ય પ્રભુનું નીત્ય કૃત્ય
તેમાં ભાવ અનેક સુચવે ને કરે અધીક ચરીત્ર ।૧૯।

એહવા ભુજદંડ કરકમલ ને અંગુલીદલ નખમણીય
નમન કરીને કરૂણા જાચીને પ્રણપ્રતી કરી ઘણી ઘણીય ।૨૦।

એહ મહા અતી ઉદાર કરકમલે વીનતી માની લીધી
એહેાની કરૂણાને બલે કાંઈ એક સુચનીકા મેં કીધી ।૨૧।

હવે આગલ ઉતરતે અંગે પ્રાર્થના કરી કરીય
આગલને માંગલ્યે કહીસ અતીસે ઉલટ ભરીય ।૨૨।

તેમાં ઉર ઉતંગ હરદયનું ચરીત્ર સુખદ મહાસાર
જેહવું જયાંહાં સુચવસે તેહવું કહીસ ભાવ અનુસાર ।૨૩।

દાસ ગેાપાલે કૃપાબલથી ભગવદીએાને ચરણે લાગી
એ સ્વરૂપ વીસે નખશીખ મન મારૂં રહેા એવી બુધ્ધી માગી ।૭૨૪।

ઈતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ
વ્યારાના ગેાપાલદાસ વિરચીંત
માંગલ્ય-૨-બીજુ સમાપ્ત

માંગલ્ય – ૩

॥ શ્રી ગોકુલેશો જયતિ ॥

શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનું માંગલ્ય ત્રીજું લખીએ છીએ.

એ મધે હૃદયથીતે શ્રી ચરણારવિંદનું વર્ણન નીત ચરીત્ર ધ્યાનુસારે કહેવાસે

એ ગાવાને અનુકરણ લૌકીક ગીત છે જે

સુરત રાનેર કેરી બડકી તેા આંગણુ ઓટલાએ

એણી જાતે ગવાસે

સુખદ શીરોમણી સાર કુમાર વિઠલ તણેા એ
જેહનું રૂપ અપાર જગતને મેાહામણેા એ ।૧।
અંગ અંગ સુંદરતા પ્રતિ અંગનું શું કહું એ
વાણીએ વિસદ ન થાય ને પાર હું નવ્ય લહું એ ।૨।
શેાભા સકલનેા સમેાહ સૌભાગ્યતા શિરોમણી એ
ઉપમા દેવા નહિ કેાઇ એહવેા જો ગોકુલ ધણી એ ।૩।
એહના સ્વરૂપ વર્ણનમાં એક એક અંગનુ એ
નિત્ય ચરિત્ર કહયું નિરૂપમ કર લગી સંગનું એ ।૪।
જેહ અંગેથી જે પ્રગટ તે તે અંગે લેાભીયા એ
તેહજ અંગ સેાહાગથી નિજ મહેદે શેાભીયા એ ।૫।
સહુ અંગે ભાવ સમાન આરત્ય નિરખ્યા તણી એ
પણ જેહ અંગેથી ઉતપન્ન જીવન રતિ ત્યાંહાં ઘણી એ ।૬।
તેહજ રહે મન માહાં ને રૂચી તેહસું રહે એ
તે અંગ છે અભિરામ વિરામ તેથી લહે એ ।૭।
એહવેા એ અંગ અંગનાઓનેા રસ અતિ અભિનવેા એ
એ સ્વરૂપે પ્રગટ કહયેા હશે ન એહવેા હવેા એ ।૮।
એહવા પ્રકાર છે અંગના ને જે અંગજ તણાએ
વેધી વિગતે લહે સ્વાદ છે ભાવ વિસદ ઘણા એ ।૯।
એમ અંગ અંગનેા વિસ્તાર પ્રથમથી આવ્યા કહીએ
મહદ ચરણ ઉર ધરીય આગલ કહું ઉમહી એ ।૧૦।
હવે કહું હૃરદય વિસાલ રસાલ રસે ભર્યું એ
આનંદદાયક તણીઅ સામગ્રીએ પરવર્યું એ ।૧૧।
સુંદરતાનેા સમેાહ મેાહક ને મેાહામણું એ
શેાભા સકલનેા નિવાસ ને પરમ સેાહામણું એ ।૧૨।
આરંદ્ર અતિ કરૂણાલ કૃપાનું આલય સદાએ
દાન સમેાહનુ દક્ષ વક્ષ : સ્થલ એ મુદા એ ।૧૩।

એ હૃદય ઉદય કર કામ વિરામનો સ્થલ એહ એ
પ્રેમ રસે ભરપુર એ પ્રેમે પુરીત નેહ એ ।૧૪।
વિરહીનું વિરહ મોચન ને રોચન રૂચી નયણનુએ
નીરખતા અતિ અભિરામ વિરામ એ મયણનું એ ।૧૫।
મોહે મુદિત ને પ્રમોદે સદા પ્રફુલિત રહેએ
સદા પ્રસન્ન ઉલ્લાસ આનંદે આનંદ એ લહે એ ।૧૬।
સકલ ધર્મનો નિવાસ ને પુષ્ટ રસે ભરએ
રસિક તણો શુભ ઠામ એ કામ પુરણ કર એ ।૧૭।
સ્વચ્છ વિમલ નિર્મલ અતિ અમલ વિશુધ્ધતાએ
કહીય ન જાય વિસદ એ રૂદય તણી શુધ્ધતા એ ।૧૮।
ધર્મને ધીરજ સાહસ સુરત્વ શું લહું એ
દ્રઢતા ટેક સત્ય સંકલ્પતા કયાંહાં લગી કહું એ ।૧૯।
પુનીત પવિત્રતા પ્રગટ ઉદારતા અભિનવીએ
એહ રૂદય તણી કિત્ય હસે ન એહવી હવી એ ।૨૦।
ભકતના મન હરી સાંચ્યાનો એહ રૂદય સ્થલએ
સુંદરીને પરિરંભણ તણું એ માહા ફલ એ ।૨૧।
ભકતના રૂપ રસાલ આધિદૈવીક પણેએ
તેહની સ્થિતિ નિરંતર છે એ રૂદય સોહામણે એ ।૨૨।
શુદ્ધ ભાવના વચન એ વિવિધ જેજે રસ તણાએ
બંધ વિશેસના સુચન એ ઉરમાંહાં ઘણા એ ।૨૩।
ધીરાઈ ધીર દ્વારા સમાન ઉદાસી અપારતાએ
સહન ક્ષમા તણા સહજની અગિણ વિસ્તારતા એ ।૨૪।
વિવિધ ભકત તણા વિધીધી ભાવ એ રૂદય માંહાંએ
અનેક પ્રકારનું આલય તેહ કહીએ કયાંહાં એ ।૨૫।
ત્યાંહાં ઉભય અનુપ ઉરોજ મનોજનું મન હરેએ
જુવતીયના કુચ કુંભનો ગર્વ મોચન કરે એ ।૨૬।
વર્તુલાકાર ને સ્થુલ સમુલથી સોહતાએ
અગ્રથી સુભગ સમુગ્ર સુંદરીયને મોહતા એ ।૨૭।
નિબીડ નિકટ અતિ નિપુણ રાતા રહે નેહ માંહાંએ
ઉરવતીના ઉર સંગમું પાગીયા રસ માંહાં એ ।૨૮।
પોષણ કર્યું પ્રેમદાએ પોતાને રૂદય ધરીએ
તેહ સંગે સલુણા સોહાગે આવ્યા ભરી એ ।૨૯।
સૌભાગ્ય મદે રસ આપ લે ગાઢ આલિંઘનેએ
નિકટ નહીંય દે આવવા રૂદયને રૂદય કને એ ।૩૦।
રૂદય રસીકને એ અતિ ઉતંગ ઉરોજ એહવાએ
પ્રેમદા પ્રેમે પ્રમુદિત થઈ ઇચ્છે આલિંગવા એ ।૩૧।

એહવા ગૌરવ ગુણે ગર્વિત રહે નીત ઉમંગીએ
એહનું વર્ણન વિસદ્દ કહીએ તે કયાંહાં લગી એ ।૩૨।
ઉપર ચાકય ચારૂ અસેત ને અરૂણ મદ્ધીએ
ડીંટડી બહુ રસ રૂપ નિરખતાં પોહોંચે રદ્ધી એ ।૩૩।
ત્યાંહાં શુભ સુક્ષ્મ બાલ રસાલ અતી રાજતાએ
વીરલા વંક કો નમી રહયા અસેત બીરાજતા એ ।૩૪।
અગ્ર ભોગી ભામિનીઅના નિર્ભય રસ તણાએ
રૂદય પરસે પ્રમુદીત થઈ પરમ સોહામણા એ ।૩૪।
મધ્ય પ્રનાલ પરમ શુભ ઉભય ઉરોજનેએ
દીશે છે પાન આકાર જીતે એ મનોજને એ ।૩૫।
ત્યાંહાં ઘન વિરલા વિસાલ રસાલ સોહામણાએ
સુખદ્દ સચીકણ બાલ તે વિશ્વ મોહામણા એ ।૩૬।
ગૌર આરકતતાએ જુત અદ્દભુત રાજતું એ
એહવું ઉરોજ ને ઉર એ સર્વોપર બ્રાજતું એ ।૩૮।
દક્ષિણ દિસના ઉરોજ નીચે એક તિલ ભલોએ
સુક્ષ્મ શ્યામ આકાર તે રાજે છે એકલો એ ।૩૯।
ડાબી પાસા કુચ ઉપર તિલ એક સોહીએ એ
કક્ષ પુટ થકી નીચેરો તે દેખીને મોહીયે એ ।૪૦।
એહવા રૂદયનુ ચરિત્ર પ્રાતથી પોઢયા લગીએ
જયાંહાં જયાંહાં સુચવે ભાવ ત્યાંહાં કહીશ તે ઉમંગી એ ।૪૧।
પ્રાત પ્રાણપ્રભુ ઉઠે પરમ પ્રણય ભર્યાએ
રૂદય મોદે મદ્દમાતા તે આનંદે પરવર્યા એ ।૪૨।
ઉર ઉરોજના ચિન્હ નવીન રસે ભર્યાએ
પ્રેમદાએ પ્રમુદિત થઇ ને જે જે અલંકૃત કર્યા એ ।૪૩।
સુરત અંતને આલિંગને કેશ દબી રહ્યાએ
અનુભવી એ રસ જાણે બીજે ન જાએ કહ્યાં એ ।૪૪।
ચંદન તણીઅ જે રેખ મરગજી અહીં રહીએ
માલા દબીઅના ચિન્હ ઉપટી રહ્યા કહીં કહીં એ ।૪૫।
ઉપવિત આડું આવીને જે સ્થલે રોકી રહ્યુંએ
રૂદય વિલોકની બાલ તે જાય નહીં સહયું એ ।૪૬।
માલા તુલસી ગુંજા હેમની મુકતામણી તણીએ
એ રૂદય પરસે થકી રાજે છે પરમ સોહામણી એ ।૪૭।
મેહેલી તનીયે પેહેરી પરહની મુડબંધો તે ધર્યોએ
શીષથી સુખસું લેઇયિને સેજ ઉપર કર્યો એ ।૪૮।
ઉપરણો લેઈ અવલે સવલે કરે પેચસું એ
બાંધીયો શીષ સુઢાલ સોહે છે સુપેચસુ એ ।૪૯।

નમન કર્યું નવવધુના પ્રણયને પ્રેમસું એ
ભોગી રસિક વરરાય એમ નિત્ય કરે નેગસું એ ।૫૦।
નીચા ઉંચા થયા માંહે ને કર વલણે કરીએ
થરકે છે ઉર ને ઉરોજ તે નીરખીએ ફરી ફરી એ ।૫૧।
હૃદયની શોભા દેખાડતા સ્થલ એકાંત છે જ્યાંહાંએ
ઉરના લટકાસું આધાર પધાર્યા પોતે ત્યાંહાં એ ।૫૨।
ક્ષણ એક રહી અને ચોતરી ચરણ ક્ષાલણ તણીએ
પીઢો ગડુઓ ને મૃતિકા બહુ સાજ જે સોહામણો એ ।૫૩।
ત્યાંહાં પધાર્યા રાજ કાજ કૃત્ય નિત્યને એ
હૃદય વિલોકવા ભકત ઉભા એ નિમિતને એ ।૫૪।
કર જુગ ચરણ પ્રક્ષાલી ને દંત ધાવન કરેએ
તેહ સમે ઉર અવિલોકતા અતિસે આનંદ ભરે એ ।૫૫।
ત્યાંહાંથી પોહોંચી કર પુંછીને મુખ પુંછન કર્યું એ
તેહ સમે હૃદય નિહાલ્યું તે પરમ ઉલટ ભયું એ ।૫૬।
વલતા ઉડી પધાર્યા તેલ ગાદી જ્યાંહાંએ
કાછ વાલીને બેઠા વાહાલોજી પોતે ત્યાંહાં એ ।૫૭।
ભકત બે આવી બેહુ કરે તેલ લગાવતાએ
ઉર ને ઉરોજના ભાવ તે નિરખે છે ભાવતા એ ।૫૮।
કેશ સુદેસ આગલ રહ્યા ઉર પરસીયનેએ
તેહ સમે ઉર તણી શોભા રૂપે રહી વરસીયને એ ।૫૯।
તેલ લગાવવાની ચાક ચક્ષ ને જે ચલકનીએ
ઉંચા નીચા કર થાતાં ઉરોજની લલકની એ ।૬૦।
હૃદયને તેલ લગાવતા માલા કણે ધરેએ
નિરાવરણ હૃદે નિરખીને પ્રેમદા ઉલટ ભરે એ ।૬૧।
નાહવા ઉઠયા નાહો નિપુણ નવલ ગત્યે લટકતાએ
તેહ સમે નિરખ્યા ઉરોજ રહે ઉર ખટકતા એ ।૬૨।
ચોકી આગલ ઉભા રહી નીહોરાઈને નાહાતાએ
થરકરે ઉર ને ઉરોજ તે નિરખે છે ભાવતા એ ।૬૩।
નાહે કસેડીએ કરી કરી અવલે સવલે કરેએ
તેહ સમે હૃદયના ભાવને નિરખીએ રસ ભરે એ ।૬૪।
નાહી લીધું અંગવસ્ત્ર તે લેઈ હૃદય ધર્યું એ
દાખી અલગું તે કરીને હૃદય પુંછન કર્યું એ ।૬૫।
ઉપરણો ધોતી નવી કો ધરાવે પ્રેમે કરીએ
તે શ્રીકરે કરીને લેઇયને પેહેરે હૃદય ધરી એ ।૬૬।
ઉપરણો અલવે કરીયને ઓઢયો વિરલો કરીએ
હૃદય ઉરોજ આછાદી રહયો તે પાછલ ફરી એ ।૬૭।

પીઠે બેસીને તિલક કર્યું ફિરતું હૃદય વિસેઓ
તેહ સમે હૃદયની શોભા જોઈ ઉર ઉલસે એ ૧૬૮।
હૃદયને બાલ રસાલે ચંદન જે લાગી રહયું ઓ
તેહ તણુ અનુકર્ષ ન જાયે કોણે કહયું ઓ ૧૬૯।
પછે પાયોધારીયા ભીતર હૃદય સોહાવતાઓ
નિરખી નિરખી નવવધુને ઉર અતિ ભાવતા ઓ ૧૭૦।
ભીતરના સહુ કાજ તે કીધા ઉલટ ભરેઓ
તેહ સમે ઉર ને ઉરોજ તે પરમ શોભા ધરે ઓ ૧૭૧।
ત્યાંહાંથી પોહોંચીને પાયોધારીયા બાહેર વેગા થઇઓ
સનમુખ નિરખે છે ભકત હૃદય જે આનંદ મઈ ઓ ૧૭૨।
ભાવસું ભીંતે અટકીને ઉભા રહયા આવીનેઓ
સનમુખ હૃદયને નિરખે છે ત્રીય મન ભાવીને ઓ ૧૭૩।
કર ઉંચા નીચાના વલણસું હલણ ઉરોજનું ઓ
તેહ જોઈ જોઈ મોહ પામે છે મન તે મનોજનુ ઓ ૧૭૪
ત્યાંહાંથી ચોતરીઓ પધારીને ચરણ ક્ષાલણ કર્યાઓ
ઉર ને ઉરોજ ઉભય શુભ લેઈ ઉરમાંહાં ધર્યા ઓ ૧૭૫।
નાહાવા પધારતા ચાલ તે ચાલે છે અટકતીઓ
બાલા હૃદય પર બેહુ દિશે દીસે છે લટકતી ઓ ૧૭૬।
ઉભા લગાવે છે તેલ કયાંહું નિજ કરે કરીઓ
હૃદયના ભાવને ભકત નિહાલે ભાવે ભરી ઓ ૧૭૭।
નાહાવા બેસીને કસેડી જે ઢોલે છે ઢલકતીઓ
હૃદય ઉરોજની શોભા જે રાજે છે લલકતી ઓ ૧૭૮।
ઉર જલે આરંદ્ર બાલ ઉપર કણિકા રહીઓ
તેહ શોભાને જોઇ રહ્યા પણ ન જાએ કહી ઓ ૧૭૯।
ઉસ્ન જલેથી અરૂણતા જે ઉરને અધિક હવીઓ
શોભા કહી નવ જાય જાણે છે જે અનુભવી ઓ ૧૮૦।
અંગવસ્ત્રે હૃદય પુંછન કર્યું ધર્યું તિલક રચીઓ
તુલસી ચુંબ તણી બાલ રસાલ શોભા સચી ઓ ૧૮૧।
શોભાએ જુત ઉપરેણો હમેલે જે સોહતો ઓ
હૃદય પરસી રહયો પ્રગટ તે જગતને મોહતો ઓ ૧૮૨।
બીજીવાર ભીતરે પાયોધારીયા નેમસું ઓ
હૃદય ઉદયાચલ કટી શોભા પ્રેમદા જોએ પ્રેમસું ઓ ૧૮૩।
ભીતરના કરી કાજ પોહોંચીને પધાર્યા ઓ
પ્રમુદીત થઈ પ્રેમદા તણા પ્રેમ વધાર્યા ઓ ૧૮૪।
દેહ કૃત્ય કરી ચિત ધરીઅ ચટાઈએ આવીયા ઓ
હૃદયની અભિનવી શોભા જોઇ મન ભાવીયા ઓ ૧૮૫।

અહીંના વિચિત્ર ચરિત્ર હૃદયના સોહામણા એ
નિરખીએ નવલ અનુપ ને લીજીએ ભામણા એ ૧૮૬।
ભોજનને પાએોધારતા સમયની ઉર તણી એ
રાજે છે શોભા વિલક્ષણ પરમ સોહામણી એ ૧૮૭।
ભોજનશાલાએ નિહોરી નિહોરીને ભોજન કરેએ
ઉર ને ઉરોજની શોભા નિરખી ઉરમાંહાં ધરે એ ૧૮૮।
અચવતા શોભા અપરમિત ને વલી આવતાએ
ભાવતી શોભાને નિરખે છે પ્રભુજીના ભાવતા એ ૧૮૯।
સેજ સોહાતીએ વાહાલેાજી બેઠા છે આવીનેએ
હૃદયની શોભાને નિરખે છે સહુ મન ભાવીને એ ૧૯૦।
ચંદન અરગજે હૃદય લેપન કર્યું આણીનેએ
હૃદયની શોભા કહેવાને શકય નહીં વાણીને એ ૧૯૧।
વલતા પેાઢયા પ્રભુ પ્રમુદિત ઉતાના થઇએ
હરદય ઉરેાજની શોભા પ્રગટ હવી એ રસમઈ એ ૧૯૨।
કરવટે કારણ મઇ શોભા ધરે ઉર ઘણુએ
વરણન કયેમ કરી થાય વિસદ કરી એહ તણુ એ ૧૯૩।
ઉડયા ઉથાપને અલવસું તે શોભા અભિનવીએ
કેા એક અનુપમ ભાંત્ય ન હેાસે એહવી હવી એ ૧૯૪।
ગાદી તકીયે બેઠા આવી સેાહાવી સેાહાગસું એ
હરદય ચરીત્રને નિરખે નયણ અનુરાગસું એ ૧૯૫।
કેા સમે માલા ગ્રહી ઉર પર કર ધરીયનેએ
મણિકા ગિણે તે શોભા નિરખું ફરી ફરીયને એ ૧૯૬।
ઉપવીત આડું રહ્યું હૃદય પર પરસીને એ
તેહ સમે હૃદય ઉરેાજ રૂપ રહ્યા વરસીને એ ૧૯૭।
કેા સમે ઉપરેણેા હમેલે જે છેલપણે રહયેા
હૃદય પરસ્યા તણેા ભાવ ન જાય કેણે કહયેા એ ૧૯૮।
અંગરાગ તણી છીંટ જે સુભગ ચંદન તણી એ
કયાંહું કયાંહું રહીય રસાલ તે રાજે સેાહામણી એ ૧૯૯।
એહ સમે કરે જલ પાન ઉંચેા ગડુએા કરી એ
તેહ સમે પ્રગટ ઉરેાજને નિરખું નયણ ભરી એ ૧૦૦।
માલા તુલસી અને ગુંજની હેમ તણી વલીએ
નીચા ઉંચા થાતા આવે તે ઉરસું ઢલી ઢલી એ ૧૧।
બાલ હૃદયના ફરહરે પંખેા તે કીધા થકીએ
તેહ શોભા નવ્ય જાએ વચને તે કહી શકી એ ૧૨।
કેા સમય હૃદયના બાલ કેા લપટી રહયા હૃદયે
કેાઇ ઠાડા ને કેા બંક શોભાનેા કીધેા ઉદય એ ૧૦૩।

એણી પેરે ચરીત્ર હૃદય તણુ જોઉં ઉથાપને એ
જોઈ જોઇ ને જોઇએ પણ બીજું નાવે મને એ ।૧૦૪।
ઉઠીને દેહ કૃત કરીય ચરણ ક્ષાલણ કર્યા એ
ઉરની શોભાને સૌભાગીયા નિરખે ઉલટ ભર્યા એ ।૫।
ભિતર પધાર્યા પધારીને સંધ્યા વંદન કરીએ
સંધ્યા વંદન કરી આવે છે સુખદ બેઠકે ફરી એ ।૬।
આવતા ઉર અવિલોકે છે પરમ સૌભાગીયાએ
નિરખી નિરખી મુસકાય પરમ અનુરાગીયા એ ।૭।
પ્રીયના ઉરોજ નિરખી હરખી સખીને કહે એ
તાહારાથી અધિક એ ભાસે આસે લહીને રહે એ ।૮।
સખીય સખીયને બોલે એ તોલે ન આપણા એ
સર્વથી શોભાયમાન ને પરમ સોહામણા એ ।૯।
એણી પેરે દરશન આપતા બેઠકે આવીયા એ
જૈજૈકાર હવો તેહ સમે સર્વને ભાવીયા એ ।૧૦।
આવી આસન બેઠા રાજ રાજેશ્વર રસ ભર્યા એ
ભકત સમુહને સંગે રંગે ભર પરવર્યા એ ।૧૧।
ત્યાંહાં હૃદય રસિકને નાર રસાલ રસે ભરી એ
સનમુખ રહી અવિલોકે છે મોદસું ફરી ફરી એ ।૧૨।
હાસ્ય વિલાસ વિવિધી પેર બીડા આરોગતા એ
હૃદયનું ચરિત્ર વિચિત્ર નિહાલે છે ભાવતા એ ।૧૩।
અહીંથી ઉઠીને પધાર્યા તેલ સેજયા જયાંહાં એ
સેજ નિકટ ઉભા રહી પરદનીય પહેરે ત્યાંહાં એ ।૧૪।
નિહોરાઈ પરદની પહેરતાં ઉર રહે લલકતું એ
જોતા દીપક તણી જયોતે તે દીસે છે ચલકતું એ ।૧૫।
તેલ લગાવાને પોઢયા ને સેવક બે મલી એ
હૃદય ઉરોજે લગાવે છે સનમુખ મલી મલી એ ।૧૬।
તેહ સમે ઉર ને ઉરોજ મનોજને મોહતા એ
સકલ શોભાના સમુહથી એ અતિ સોહતા એ ।૧૭।
તેલથી પોહોંચી પરમ પ્રીય સેજે બેઠા ફરી એ
હૃદયને રસ ભર નિરખે છે પ્રેમદા પ્રેમે ભરી એ ।૧૮।
ઉઠી પેહેરી ચરણત્રાણ પ્રાણપ્રભુ રસ ભર્યા એ
ઝલકતે હૃદય પધાર્યા પ્રેમદા ગણે પરવર્યા એ ।૧૯।
ચરણ ક્ષાલણ કરી ફરીય પાઓધાર્યા સેજ બડીએ
હૃદય અવિલોકીએ ધન્ય સોહાગની ઘડી એ ।૨૦।
પોઢયા પછીના ચરીત્ર વિચિત્ર શોભા ભર્યા એ
ગુઢ રસિક સુખદાય ન જાય વિસદ કર્યા એ ।૧૨૧।

હવે કહું ઉદર અનુપનું રૂપ રસે ભર્યું એ
વાણીય માંહાં ન સમાય ન જાય વિસઢ કર્યું એ ।૧૨૨।
ઉતરતું કટી લગી સુંદર ભાજતુ એ
મનોહર અદુલ ત્રીવલીય રેખા જુત રાજતું એ ।૧૨૩।
ગૌરતા ગુણ તણુ ધામ ને શ્યામ રોમાવલી એ
ઉર થકી લીક સુભાવી આવીને નાભીએ મલી એ ।૧૨૪।
ગંભીરતા ગુણ અવધિ ઉદધીને ઓવારીએ એ
શોભા સકલ તણુ રૂપ એ જોઈને વીસારીએ એ ।૧૨૫।
નાભિ નિરૂપમ ભાંત્ય એ નવલ શોભા ધરે એ
ગર્વિત શોભાનો ગર્વ તે સેહેજે મોચન કરે એ ।૧૨૬।
વર્તુલાકાર વિમોહક એ મોહની એ
ઉદર ઉદધી રસે અવધિ એ શોભા સોહની એ ।૧૨૭।
મહા રસ તણો છે કુપ ઉપમા કેમ શકું કહી એ
નિરખતા મન હોય મગ્ન નીસરી શકે નહીં એ ।૧૨૮।
નાભિ કુપ ને ઉદર જે ઉપર છે રોમાવલી વલી એ
વિરલ ઘની રસ જાલ રાજે છે રસાવલી એ ।૧૨૯।
એક એક રોમ ફંદમાંહાં મન અરૂજી રહે એ
રસિક પડે રસ ફંદ અવર કોઈ નવ્ય લહે એ ।૧૩૦।
ડુંટીએ નિકટ બેહુ ઓર વામ દક્ષણ દિશે એ
સીપ તણા તે આકાર ઉભય અનુપમ લસે એ ।૧૩૧।
ભોજન કરી ચોકીએ તે વાહાલોજી બેસે જયારે એ
તેહ સમે એ બેહુ સીપ તે દર્શન દે ત્યારે એ ।૧૩૨।
તેહના ભાવ મલી રહ્યા થઈ સ્વરૂપ મઇ એ
વેધી જે એ અંગ તણા તે વિલોકે વિહવલ થઈ એ ।૧૩૩।
એ ઉદરને ત્રિયના ઉદરસું મિલણુનો મનોરથ ઘણો એ
એ મનોરથ મનોરથ પુરે રસિક ભકત તણો એ ।૧૩૪।
ઉચ્ચ ઉદર શોભા અભિનવી મનમાંહાં રાખી ધરી એ
નાયકાના ઉદરની કૃસતામાંહાં થુંદ બેસે ભરી એ ।૧૩૫।
નાભી તે નાભિ સંયોગની અભિલાખા અતિ ધરે એ
અનુભવીના અભિલાખની સદ્ય આરત હરે એ ।૧૩૬।
કોમલતા કોઇ ભાંત્યની કમલના પત્રથી એ
મૃદુલ મૃનાલથી અધિક શોભા સર્વગ્રથી એ ।૧૩૭।
એહવા ઉદર નાભિ તણુ નિત્યચરિત્ર કહું વલી એ
જયાંહાં જયાંહાં સુચવે ભાવ ત્યાંહાં કહું મન રલી એ ।૧૩૮।
પોઢી ઉઠયા પ્રભુ સેજથી હેજ ભર્યા ભકત એ
ઉદર નાભીને નિરખે ત્યાંહાં થઇ થઇ અનુરકત એ ।૧૩૯।

અરૂણતા અનિવરચની કોઇ એક વિલરચા તણી એ
શ્રમને આકરસણે કરીયને શોભા સોહામણી એ ।૧૪૦।
નમન કરે ત્યારે નૌતન ભાવ ઉદર તણો એ
લચકી થરહરે એ સ્થલ શુભ લાગે સોહામણો એ ।૪૧।
વલતા એકાંત પધાર્યા ને ચરણ ક્ષાલણ જ્યાંહાં એ
પધારતા એ ઉદર તણી શોભા જોઉં ત્યાંહાં એ ।૪૨।
કરને પ્રક્ષાલણ કરીયને ચરણ પ્રક્ષાલીયા એ
તેહ સમે ઉદર ને નાભી તે ભકતે નિહાલીયા એ ।૪૩।
દંતધાવન કરતાં તે ડોલે છે ઉદર ઘણુ એ
નાભિની લચકની જોઈ અને લાગે સોહામણુ એ ।૪૪।
ત્યાંહાંથી પોંહોંચીને પધારીયા તેલ ગાદી જ્યાંહાં એ
કાછ પરદનીને વાલીને વહાલો બેઠાં ત્યાંહાં એ ।૪૫।
તેલ લગાવાની ચાકચક્ષ જે ઉદરે સોહે એ
નિરખનહાર નિપુણ તણા મન તે સમે મોહે એ ।૪૬।
નાહાવા પધારીને નાહે છે બેઠા તે ચોકીયે એ
ઢોલે કસેડી લટકતી ભાંત અનોખી એ ।૪૭।
ઉદર ઉપર જલધાર ઉંચે કર નાખતાં એ
નાભી ઉપર જલ ચાલે તે નિરખે છે ભાવતાં એ ।૪૮।
કુંટીએ કર આડો રાખીને ધારા દે જલ તણી એ
તે પરસી કણિકા પ્રસરે બહુ લાગે સોહામણી એ ।૪૯।
ઉદનોદકેથી આરકતતા જે ઉદરે હવી એ
તેહની શોભા સોહામણી દીસે છે અભીનવી એ ।૫૦।
અંગવસ્ત્ર લેઈ ઉર ધરીયને ઉદર પુંછન કર્યું એ
નાભી ઉપર કર ફેરી આરંદ્રપણુ હર્યું એ ।૫૧।
ઉદર નાભી તટે ધોતી ધરીય સુધારીને એ
તેહ શોભા જોઈ તન પ્રાણને નાખીએ વારીને એ ।૫૨।
નિત્ય ધોતી પેહેર્યાનો સ્થલ જે એ સ્થલમાં ઉપટી રહ્યું એ
નાભી ઉપર અધભાગે જાએ તે નહીં કહ્યું એ ।૫૩।
ધોતી જે નાભી આછાદન કરીય કરી ફરી રહી એ
તેહ સમે શોભા પ્રગટ હવી જાય ન તે કહી એ ।૫૪।
તિલક કરતાં ઉકસી અંગ મોડી તિલક કરે એ
તેહ સમે ઉદર નાભી જે નિરખે તે ઉલટ ભરે એ ।૫૫।
વલતા પધારીયા ભીતર ચાલ તે લટકતી એ
ઉદર નાભી તણી શોભા તે દીસે છે લલકતી એ ।૫૬।
ભીતર જઈ ભીતર તણા કાજ કરે બહુ એ
ઉદર નાભી તણી શોભા તે નિરખે સ્વકીય સહુ એ ।૧૫૭।

બંટો સમારતાં ઉદર નાભી લચકે ઘણુ એ
તેહ સમે શોભા સર્વોપર શું કહું તેહ તણુ એ ૧૫૮।
ભીતરથી ફરી વેગ પધાર્યા બેઠક ભણી એ
ઉદર નાભી તણી શોભા તે લાગે સોહામણી એ ૧૫૯।
સનમુખ ભીંતે અટકીને ઉભા રહ્યાં ભાવસું એ
ભગવદી ભાગ્યવાન તે નિરખે છે ચાવસું એ ૧૬૦।
બીજીય વાર નાહ્યા તણી કૃત અતિ અભિનવી એ
અન્ય ન જાણે તે કોઈ જાણે જે છે અનુભવી એ ૧૬૧।
બેઠા ચટાઈ ચતુરવર પરમ ચંચલપણે એ
નિરખે છે નવલા નયણુ ભરી ભાવ સોહામણે એ ૧૬૨।
ભોજન કરીય અચવવાને બેસે વાહાલેા જયારે એ
થુંદ ઉપસી રહે અનુપમ તે નિરખીએ ત્યારે એ ૧૬૩।
અચવીયને નાભી ઉપર તે પ્રથમ ધરે નિજ કર એ
કાંઈ એક મંત્રનેા પાઠ કરે છે રસ ભર એ ૧૬૪।
ત્યાંહાંથી પધારીને ચોકીએ બેઠા ગેાકુલ ધણી એ
ઉદર નાભીને નીરખવા તે સૃષ્ટી મલી ઘણી એ ૧૬૫।
તેહ સમે ઉદર ઉકસીને જે પ્રફુલ્લીત રહે એ
ભાવે સમુજે મનમાંહાં વચને કોઇ કેમ કહે એ ૧૬૬।
નાભિ નિકટ તણા સીપ તે લાગે સોહામણા એ
દર્શન આપે અનુપ તે પરમ મોહામણા એ ૧૬૭।
ત્યાંહાંથી ઉઠીયને પોઢયા પરમ પ્રમુદિત થઈ એ
હવું ઉથાપન ત્યાંહાં લગીય તે શોભા રસ મઈ એ ૧૬૮।
ઉથાપને બેઠા આવી ગાદીએ ગેાકુલ મણી એ
ઉદર નાભિને નિહાલે છે પ્રેમદા પ્રેમે સણી એ ૧૬૯।
ઉપવીત આડું આવીયને ઉદરે પરસી રહ્યું એ
તેહ શોભા કાંઇ ભિન્ન ન જાય વિસદ કહ્યું એ ૧૭૦।
થુંદ થરકતી થરહરતી જોઇને જોવા સહુ એ
આનંદ ઉર ન સમાય અને તે રીજે બહુ એ ૧૭૧।
નાભી ઉપર કર ફેરવીને તે પખાલે છે એ
શોભા એ સમય તણીને સર્વ નિહાલે છે એ ૧૭૨।
આલસ મોડતા કર જે ઉભય તે ઉંચા કરે એ
તેહ સમે ઉદર ને નાભીનું સહુ દર્શન કરે એ ૧૭૩।
પ્રતિક્ષણુ ઉદર નાભીનું ચરીત્ર તે અભીનવું એ
ભાવે ભર્યું બહુ ભાંત્યનું ઉત્થાપને હવું એ ૧૭૪।
વલતા ચરણ ક્ષાલીને ભીતર પેાતે પધારીયા એ
ત્યાંહાંથી પેાહેાંચી ફરી વેગે બેઠક માંહાં સિધારીયા એ ૧૭૫।

સંધ્યા વંદન કૃત કરતા તે વાહાલોજી તેહ સમે એ
ઉદર નાભી કર પરસે તે સુખ સહુને ગમે એ ।૧૭૬।
ત્યાંહાંથી પોહોંચીયને બેઠકે આવીયા રસ ભર્યા એ
તેલ સેજયાએ પધારીયા સ્વર્કાયસું પરવર્યા એ ।૭૭।
પેહેરી પરહની કસીયને કાછ તે વાલીયે। એ
નાભી ઉદર નિરખવા તણે। સમય સંભાલીયે। એ ।૭૮।
વસ્તા પોઢયા તેલ સેજ ને હેજસું ભગવદી એ
ઉદર લગાવે છે તેલ તે ભાવે થઈ તદી એ ।૭૯।
મુડબંધો બાંધતાં કર ઉંચા નીચા વલે એ
તેહ સમે ઉદરની શોભા નિરખી ભાવ સહુ ફલે એ ।૮૦।
ત્યાંહાંથી પોહોંચી પ્રાણપ્રભુ પાયેાધારે છે લટકતા એ
નખ શીખ દર્શન આપતા ચાલે છે અટકતા એ ।૮૧।
સનમુખ દીપક જ્યોતે ચાકચક્ષ રાજતી એ
ઉદર નાભિ તણી શોભા તે પરમ વિરાજતી એ ।૮૨।
ચરણ ક્ષાલણ કરી કરીયને સેજ જે સુખ તણી એ
સેજ્યા રૂચિ રૂચિ રચિ સમારી છે પરમ સોહામણી એ ।૮૩।
અડીં પધારીને પોઢીયા ત્યાંહાં જે શોભા હવી એ
એહ ચરીત્ર અગોચર જાણે જે અનુભવી એ ।૮૪।
હવે પૃષ્ટ ભાગે પ્રણામ કરીને પ્રણય ભરી એ
એહેાના પ્રતિઅંગ અંગને હૃદયમાંહાં ધરી એ ।૮૫।
વર્ણન કરૂં વિનય કરી કરૂણા જાચીયને એ
સુચનિકા કાંઈ એક કરૂં મનમાંહાં રાચીયને એ ।૮૬।
ગ્રીવા તણે। પૃષ્ટ ભાગ બેાચી બહુ ગુણ ભરી એ
ત્યાંહાં લીલે। તિલ તે સેાહાય નિરખીએ તે ફરીફરી એ ।૮૭।
મસ બે છેાટા બહુ સેાહતા ઉંચેરડા રહે એ
અંગના અંગ અવિલેાકે તે એ અલંકૃત લહે એ ।૮૮।
માલા તુલસી ગુંજ હેમની શુભ્ર મુકતા તણી એ
સમય સમય શુભ અભિનભી રાજે સેાહામણી એ ।૮૯।
મસ્તકના કચ કુંતલ વલણે વલી રહ્યા એ
તે શોભા તણા ભાવ ન જાય કેણે કહ્યા એ ।૯૦।
મેાર મુદ્રીત મન હરણી ભુજા ભર ભાવતી એ
પાછળ પારશ્વ પીઠ પ્રનાલિકા પરમ સેાહાવતી એ ।૯૧।
પીઠે સુપડવટી ભુજા તણી ઉભય બીરાજતી એ
કરને વલણે કરે વલણ તે સુંદર બ્રાજતી એ ।૯૨।
દક્ષણ દિશાની સુપડવટી ઉપર મસ ભલા એ
બહુ બહુ ગુણે ભરીયા તે રાજે છે એકલા એ ।૧૯૩।

મોટો તે મધ્ય સોહાયે વરણુ તેહનો અંગનો એ
છેટો નિકટ રહે સીધો અરૂણુ અતિ રંગનો એ ।૧૯૪।
ઉંચો કરે કર વાહાલો ત્યારે એ નીચો વસે એ
નીચો કરે તે સુભાવી સીધો એ સેહેજે લસે એ ।૧૯૫।
એમ એ ઉભય મસ અભિનવ દર્શન દે સદાએ
કરને વલણે હોય વલણ તે નિરખીએ સર્વદાએ ।૧૯૬।
પીઠે સુક્ષ્મ તિલ શ્યામની છીંટ કયાંહું રહી એ
સ્થલ તણુ ન્યાયિક કરીય ન જાયે વિસદ કહી એ ।૧૯૭।
મૃદુલ મનોહર કોમલ કમલના પત્રથી એ
અમલ અનુપમ કાંત શોભા સર્વત્રથી એ ।૧૯૮।
પીઠ ઉપર જે સુક્ષ્મ સુખદ રોમાવલી એ
નયણ તણુ અભિરામ રૂપ રસાવલી એ ।૧૯૯।
કટિ તણા લંક સુદેસ સુવેસને શું કહું એ
એહોના ચરિત્ર અગાધિનો પાર નવ લહું એ ।૨૦૦।
એહનું વર્ણન કરીયને વર્ણન શું કરૂં એ
એ મહા રસિક રસાલને લેઇ ઉરમાંહાં ધરૂં એ ।૧।
રસિકનું રસ એ પોષણ ને આરતની આરત હરે એ
રસના અભિલાષીને સદા રસે ભરે એ ।૨।
માહા રસનો ભર ભોગ સંયોગ એથી લહે એ
તે મહા ભાગ્યે પુરા જેહને અભિલાખ એ રહે એ ।૩।
એહ બલે બલવંત નાહ ઉમાહ ભર્યા રસે એ
સુંદરીને કરી દાન કરે છે રસવસ એ ।૪।
ભરણીય ભામીનીનો સ્થલ રસ તે વિલક્ષણ એ
લક્ષણ વિલક્ષણે ઉભય ભરણીય તતક્ષણે એ ।૫।
સુખદ સામર્થ તે વાનસું જાયે કરે છે દાનને એ
એ અંગ પરમ ઉદાર કરાવા રસ પાનને એ ।૬।
ધોતી પેહેર્યાનો આકર જે કોમલ કટિ પર એ
ઉપટી રહ્યો શુભ શ્યામ તે નિરખીએ રસ ભર એ ।૭।
મસ કટિને ડાબે તે પાસ છે રાજતો એ
જમણે પાસે બરડા પર એક બીરાજતો એ ।૮।
કટિ નીચે નિતંબ ઉપર ગાઢ નિરખે છે ભાવતા એ
કટિ મોડતા દર્શન દે ને તેલ લગાવતા એ ।૯।
કોમલ કમનીય સાર રસાલ રોમાવલી એ
અભિનવ અનુપમ ભાંત્યની રસ તણી આવલી એ ।૧૦।
એક એક રોમ કુપે રૂપામૃત રહે વરસતું એ
પાન કરે રસપાત્ર ને મન રહે તરસતું એ ।૨૧૧।

એ પૃષ્ટ ભાગના અંગ અંગનું નિત્ય કૃત્ય કહું એ
પણ કહેતાં કહ્યું ન જાએ ને પાર હું નવ લહું એ ।૨૧૨।
પ્રાત ઉઠયા પ્રાણ પ્રભુજી સેજે થકી સોહતા એ
પૃષ્ટ ભાગની શોભાએ સહુ કેહને મોહતા એ ।૧૩।
કંઠે કંકણ તણા ચિન્હ તે પીઠે પ્રગટે લસે એ
માલા ઉપટીના અલંકૃત જોઇ જુવતી હંસે એ ।૧૪।
ત્યાંહાંથી પધારીયા ચોખંડી દંતધાવન કરે એ
પાછલ રહી પૃષ્ટ ભાગ નિહાલી ઉલટ ભરે એ ।૧૫।
ઉપવીત આડું પીઠ પર જે ઢલકી રહ્યું એ
ડોલતા ડોલે છે અંગ સંગ ન જાય કેણે કહ્યું એ ।૧૬।
તેલ લગાવતા સમય જે પીઠની ઝલકની એ
ઉંચા નીચા થાતા રાજે છે કંઠની લલકની એ ।૧૭।
કાછ પરદનીનો વાલી કટિએ ઉપવીત ધર્યું એ
કટિ તણુ દરસન પૃષ્ટથી દેખીયે રસ ભર્યું એ ।૧૮।
કેશ આવી લટકી રહયા પીઠ ઉપર ઘણુ એ
તેહ સમે નિરખણહારને લાગે સોહામણુ એ ।૧૯।
માલા જે કર્ણ ચઢાવી ભુજાએ લટકી રહી એ
સુરત આવે થકી શોભા એ ઉરમાંહાં ખટકી રહી એ ।૨૦।
કટિ નીચેરડો ગાડ તે એ સમે દેખીયે એ
મનમાંહાં ધરી અભિલાખ જો એ સ્થલ પેખીયે એ ।૨૧।
પીઠે લગાવતા તેલ મસ બે સુપડવટી તણા એ
કર બલે લચકી લચકી આવે રાજે સોહામણા એ ।૨૨।
કેશ ઓલી તેલ ભરીયને મચમચતા કર્યા એ
ઢલકતા પીઠે પ્રસારીયા બહુ સુવાસે ભર્યા એ ।૨૩।
તેહ સમે શોભા એ પીઠની મીટ માંડીને એ
નીરખી શકે નહીં દીઠ કો સંકોચ છાંડીને એ ।૨૪।
વલતો અંબોડો વાલ્યો અવલા કર વાલીને એ
પૃષ્ટ ભાગે પ્રમુદીત થઇ રહયા નિહાલીને એ ।૨૫।
તેલે ચુચુતી અનુપ જે પરમ રસાલિકા એ
અટકી રહયો કયાંહું કેશ એ પીઠ પ્રનાલિકા એ ।૨૬।
રૂપ ભરી રસ ભરીય સચિકણ રાજતી એ
સુક્ષ્મ ગતીએ સલુણી રોમાવલી ભ્રાજતી એ ।૨૭।
પારસ્વે તેલ લગાવતા પરમ શોભા ધરે એ
નિરખતા નયણા સૌભાગીયા પ્રણય ભાવે ભરે એ ।૨૮।
એહવી શોભાએ શોભા ભર્યા નાહવા પધારીયા એ
પૃષ્ટ ભાગ જોઇ પ્રમુદીત થઇ ભકત વારીયા એ ।૨૨૯।

ચોકી આગલ ઉભા રહી કસેડી કરે ધરી એ
પાછલના પૃષ્ટ ભાગ નિહાલે નયણ ભરી એ ૧૨૩૦।
ઢોલે કસેડી અવલે સવલે કરે જેહ સમે એ
ડોલતી ગ્રીવા ને પીઠ પારસ્વ કટિ તેહ સમે એ ૧૩૧।
શીષ ઢોલે જલધાર ઉતરે તે પીઠે થઇ એ
કેશે લપટી જલ ચાલે શોભા મહારસ મઇ એ ૧૩૨।
ભુજે પરસી પીઠે પ્રસરી પ્રનાલે વહીને એ
પારસ્વે પરસી કટિએ વહે શકું કેમ કહીને એ ૧૩૩।
અંગવસ્ત્ર કરે અવલે કરે કાંઇ નિહોરીયને એ
સરકાવે વસન પીઠ પર નિરખું ફરીયને એ ૧૩૪।
વલતો જુએ દીધો જુગત્યસું પીઠ પ્રગટ હવી એ
પૃષ્ટ ભાગને નિરખી નિરખી રીઝે અનુભવી એ ૧૩૬।
ધોતી ધરી ઉપરેણો ઓઢયો અંગ વાલીને એ
કટિ તણા વલચ નિરખીએ ભાંતિ રસાલીને એ ૧૩૭।
આચમન લેઇ પીઠે બેસીને તિલક ભાલે કર્યું એ
તેહ સમય પાછલ રહી અવિલોકતા મન હર્યું એ ૧૩૮।
ભીતર વેગ પધાર્યા ને ભકત પાછલ રહયા એ
પૃષ્ટ ભાગ અવિલોકે તે સુખ ન જાય કહયા એ ૧૩૮।
ફરી પધારી સહુ કૃત્ય કરી સંધ્યાવંદન કરે એ
પૃષ્ટ ભાગ તણી શોભા તે પરમ આનંદ ભરે એ ૧૩૯।
આચમન કરતાં ગ્રીવા તણી લટકની સોહતી એ
પાછલ રહી અવિલોકતા સર્વને મોહતી એ ૧૪૦।
ઉઠી ઉભા થઇ ફરીયને કરે સંધ્યા કૃત એ
ફરી પૃષ્ટ ભાગ દેખાડે સહુ કેહને ધરી હિત એ ૧૪૧।
તર્પણ કરતા ડોલે અંગ પૃષ્ટ ભાગ તણુ એ
ગ્રીવા ભુજ પીઠ પારસ્વ કટિલંક ઘણુ એ ૧૪૨।
મસ તિલ જયાંહાં જયાંહાં અલંકૃત દીસે ચલકતા એ
સુપડવટી અને પીઠના રાજે છે ઝલકતા એ ૧૪૩।
ઉપરેણો રાખ્યો હમેલે તે ઉપવીતની પેર એ
સ્કંધથી પીઠ પારસ્વે રહયો છે રસ ભેર એ ૧૪૪।
એવી શોભાએ સોહાવતા પધાર્યા ભીતર એ
દાન પાત્રસું દર્શન દાન દેતા સુંદર વર એ ૧૪૫।
ભીતરના ભગવદીય ભાવે ભર્યા તેહને એ
પૃષ્ટનું દર્શન દાન દે અભિલાખા જેહને એ ૧૪૬।
ફરીય પધારતા બેઠકે મારગે આવતા એ
પૃષ્ટ ભાગ તણા ભાવ તે નિરખે છે ભાવતા એ ૧૨૪૭।

ચાલતા સ્કંધની મટકની ગ્રીવાની લટકની એ
પીઠની ચટકની ચમકતી ચાલમાંહાં અટકની એ ।૨૪૮।
કટીનું વલણ અનુપમ કહેતા આવે નહીં એ
જોઇ જોઇને ફરી જોઇયે બીજું ભાવે નહીં એ ।૪૯।
દેહ કૃત્ય કરી ફરી આવી ચટાઇએ સોહીએ એ
કેશ નિવારતા પૃષ્ટને જોઇ સહુ મોહીયે એ ।૫૦।
કેશ અલંકૃત પીઠ પ્રનાલે લસી રહયા એ
કટિથી ઉતરતા અનુપ નીચેરા ધસી રહયા એ ।૫૧।
પૃષ્ટ ભાગ તણા અલંકૃત કેશ આછાદીયા એ
તે નિરખવા ભક્ત સમુહ રહયા છે આરાધીયા એ ।૫૨
કેશ પ્રસારણ કરીય સંકેલી જુડો કર્યો એ
તેહ સમે ભકતનો મનોરથ નિરખી ઉલટ ભર્યો એ ।૫૩।
વલતા પધાર્યા ભોજનને ભોજન કરી આવીયા એ
ચોકીએ બેઠા ચતુરવર સર્વને ભાવીયા એ ।૫૪।
પીઠ પ્રનાલ તણીય રસાલતા તેહ સમે એ
પારસ્વ ને કટિલંક શોભા ઉરમાંહાં રમે એ ।૫૫।
પીઠ તે તરણીને તેજે ઝલમલી રહી ઘણી એ
તરણીથી અધિક ઉદ્યોત રાજે છે સોહામણી એ ।૫૬।
ઉકસતા અંગ મોડયા માંહાં ભાંત્ય એહવી જડે એ
ભકતને અંગે આભા હોય ભોમી ઝાંઈ પડે એ ।૫૭।
એણીપેરે પૃષ્ટનું સ્પષ્ટ તે દર્શન આપીને એ
નિજ ઇછાએ નિજ સ્વરૂપ ભકત ઉર સ્થાપીને એ ।૫૮।
પધારીને પોઢયા સેજ હેજ ભર નિરખતા એ
કરવટે પૃષ્ટ નિહાલી પરસ્પર હરખતા એ ।૫૯।
એમ પોઢયા પરમ વરેશ સુદેશ ચરીત્ર કરે એ
આરત્યાને આનંદે દાન દેઇને આરત હરે એ ।૬૦।
વલતા ઉઠીયને બેઠા તે વાહાલોજી સેજડી એ
પૃષ્ટ ભાગ અવિલોકું સોહાગની એ ઘડી એ ।૬૧।
ગુંજા મુકતા અને હેમની માલ દબી રહી એ
તેહની આભા ઉપટી અંગ જાય ન તે કહી એ ।૬૨।
ખસીય છે સુભગ સુભાલથી રેખ તિલક તણી એ
તે સેજેથી પીઠે પરસી રહી લાગે સોહામણી એ ।૬૩।
ઉપવીત પીઠ પરસ્યું તેહનું ચિન્હ સુખદ હવું એ
રાજે છે રૂચિર સુદેશ શોભા ભર અભિનવું એ ।૬૪।
કેશ સહિત ઉપરેણો જે સેજ અંતર રહયો એ
તેહની આરકતતા ભાસે ન આસે જાયે કહયો એ ।૨૬૫।

ચાદર કુંજલક કંદીય ચોહોંટી રહી અંગ માંહાં એ
અંગ વેખી અવિલોકે તે દ્રષ્ટે પડે ત્યાંહાં એ ૧૨૬૬।
ગડુએ કર્યું જલપાન પાછલ નિહોરાઈને એ
ગ્રીવા પીઠ કટિ વલણ નિરખું સુખપાઈને એ ૧૬૭।
તકિયે બેઠા આવી સોહાવી સમાજને એ
ઉપધાને અંગ દુરાવીયું મનોરથ કાજને એ ૧૬૮।
નવલ નીશાથી વિયોગ હવો હતો એહને એ
વચન વિના અવસ્થા તણા દુખ કહેને એ ૧૬૯।
આતુર ઉત્કંઠા એહોની જાણી જીવન ધણીએ એ
આવી ઉથાપને બેઠા સ્વ કરૂણા કીધી ઘણી એ ૧૭૦।
તે ફરી થયો રે સંયોગ સોહાગ બલે થકી એ
અંગ રૂદયસું દેઈ રહ્યું અન્ય રહયા તકી એ ૧૭૧।
એહવો એ લાભ અલભ્ય થયો ઉપધાનને એ
અંગસું રપર્સી રહયું એ જોવા ન દે આનને એ ૧૭૨।
એહવું કો ભાગ્યવાન નહીંય આજ ત્યાંહાં એ
શ્રીઅંગ પરસનો ભોગ કરે છે સમાજ માંહાં એ ૧૭૩।
ઉકસી આવીને તંબોલ તણીય બીડી ગ્રહી એ
તેણે સમે પૃષ્ટ ભાગ ભામીનીયો જોઈ રહી એ ૧૭૪।
બીડું લેતા માંહાં જે લહેકો લલિત શુભ અંગનો એ
ગ્રીવા પારસ્વ ને પીઠ અને કટિ સંગનો એ ૧૭૫।
વલી અટકયા ઉપધાને બીડીય ચર્વણ કરે એ
વારતાને રસે વિવસ કરીયને રસે ભરે એ ૧૭૬।
બીડી મેહેલી તષ્ટીમાંહાં કે આપી કો ભકતને એ
તિરછા દક્ષીણ દિશ નિહોરયા નિરખે અનુરકતને એ ૧૭૭।
કટિયનો બક વલી રહયો કહયો તે જાય નહીં એ
પીઠ પ્રનાલિ નિહાલીને મન અટકયા અહીં એ ૧૭૮।
સુખ ભર્યા બેસે ત્યારે તકિયાસું ટેકો દેઇયને એ
વારતા હાસ્ય તણે રસે દ્રઢતા લઇયને એ ૧૭૯।
તેહ શોભા કંઈ અભિનવી જોતા આવે બની એ
રસીયા કરે રસપાન અન્યને સોહામણી એ ૧૮૦।
એણીપેરે ગાદીએ બેસી ગોકુલમણી ગુણ ભરી એ
સેન આરતીએ ઉઠયા એહવી અનેક લીલા કરી એ ૧૮૧।
ભીતર પધારી ભીતરના કૃત્ય કરીને એ
પૃષ્ટ ભાગનું દરશન દેઈ પધાર્યા ફરીયને એ ૧૮૨।
ગાદી તકિયે બેઠા આવી સુખદ શુભ રીતસું એ
ચરીત્ર કરે પૃષ્ટ ભાગના બહુ બહુ પ્રીતસું એ ૧૨૮૩।

સેજ જે તેલ લગાવાની સેવકે સીધ કરી એ
ચાર ખીડી તે આરોગીને ઉઠયા ઉલટ ભરી એ ૧૨૮૪॥
કાછ વાલી પોઢયા ઉલટાને તેલ લગાવતા એ
ભાગ્ય ભર્યા ભરી નયણ નિરખે બહુ ભાવતા એ ૧૨૮૫॥
મુકગંધો જયારે બાંધ્યો તે પેચ સુધારીને એ
પાછલ રહી અવિલોકે છે તન મન વારીને એ ૧૨૮૬॥
પોઢોંચીને પ્રમુદિત થઇ પધારીયા રસમસી એ
દીપક જયોતે તે તેજના પુંજ રહયા લસી એ ૧૨૮૭॥
ઝલકતે પૃષ્ટને ભાગે વાહાલોજી પધારીયા એ
ચરણ ક્ષાલણ કરી સેજ બડીયે સિધારીયા એ ૧૨૮૮॥
અંહીનું ચરીત્ર અનુપમ ઉપમાને કો નહીં એ
જે રસ દ્રષ્ટ ગોચર નહીં કહું તેહ શું કહી એ ૧૨૮૯॥
હવે કહું રસિક વરેસ સુદેસ સોહામણો એ
જેહ સ્થલે રસ તણુ મુલ રસિકને મોહામણો એ ૧૨૯૦॥
ત્યાંહાં રસઅંગ રસાલ વિસાલ ભાવે ભર્યું એ
ગુઢ ગોપનીય રસે રસિક ન જાય વિસદ કર્યું એ ૧૨૯૧॥
સ્વરૂપનું મહા સુખદાયક એ અંગ અભિનવું એ
રસ રહયો અંહી અનુસરી તેહને દાન દે નિત નવું એ ૧૨૯૨॥
રસનું શરણ રસદાએક રસ ભરણી ભર એ
રસાવેશ રસોમઇ એ સર્વોપર તર એ ૧૨૯૩॥
એ રસ પરમ વરેસ સુદેશ સોહાગીયો એ
નિજ સ્વરૂપે અભિલસિત આનંદ માંહાં પાગીયો એ ૧૨૯૪॥
જે માંહાં સ્વરૂપને સુરત્ય રહે નહીં દેહની એ
અતિ અમર્યાદ અલક્ષ્ય જયાંહાં પરમિત ન જ્રેહની એ ૧૨૯૫॥
એહવા રસ તણુ જે આલયે એ અંગ સોહતું એ
પ્રતિક્ષણ પરમ ઉદાર સ્વકીયને મોહતું એ ૧૨૯૬॥
તેહનું વર્ણન વિસદ કરી ન જાયે કહ્યું એ
અનુભવીને છે અગ્યાત તો કેમ પડે લહયું એ ૧૨૯૭॥
એહનું ચરિત્ર અગાધિ સાધ્ય નહીં વચનને એ
અનુભવીયા અનુભવે કરીને તે જાણે મને એ ૧૨૯૮॥
પેડુએ રસઅંગ નિકટ ઉંચેરો તે તિલ ભલો એ
કો સમે તેલ લગાવતા દરશન દે એકલો એ ૧૨૯૯॥
હવે કહું જંધા જાનુ જુત જુગતિ જુગલ ભલા એ
રતિરણ ખંભ સુચારૂ અનુપમ અભિનવા એ ૧૩૦૦॥
મુલથી સ્થુલ ઉતરતા તે અતિશય રાજતા એ
કોટીક નલીન ઓવારીએ એહવા એ ભ્રાજતા એ ૧૩૦૧॥

દિલ્હી

જંઘાને ડાબી ઓર તિલ એક ભીતર પાસનો એ
દર્શન આપી મનોરથ પુરે ઉહલ્લાસનો એ ૧૩૦૨।
જંઘા જાનુ જુગ પૃષ્ટનું સ્પષ્ટ કરીયને એ
વર્ણન વિસદ્ધ ન થાય તે ભાવ ભરીયને એ ૧૩।
ઘુંટણની કલા પાછલીના અલંકૃત જોઈ એ
નિરખી નિરખી નયણા ભરી નિરખે તે સહુ કોઈ એ ૧૪।
ઢાંપણી ઘુંટણ તણીયનું ચલણ વિલોકતા એ
નૌતન નેહે નયણ જુએ રહે નહીં રોકતા એ ૧૫।
જાનુ ઉતરતા ઘુંટીય લગી સુખદ્ધ સોહામણા એ
કાંડા કોમલ કરણા ભર્યા દરશ દે સુખ તણા એ ૧૬।
ત્યાંહાં રોમાવલી રસ જાલ રસાલ રસે ભરી એ
નિરખતા મન પડે ફંદ્ધ તે પ્રિય તણા ફરી ફરી એ ૧૭।
જંઘા જાનુ જુગ જુગતે અદ્ભુત રાજતા એ
શોભા તણી પરમિત નહીં પ્રગટ બિરાજતા એ ૧૮।
ચાલતા વામ ચરણ દ્રિશ લહેકે। તે લટકતો એ
અનુભવ સુરતે રહે ઉરમાંહાં ઘણુ ખટકતો એ ૧૯।
પ્રાત સેજ્યાથી ઉઠે છે રસિક વર રંગમગ્યા એ
નિશાની વિહવલતાએ ચરણ ધરે ડગમગ્યા એ ૧૧૦।
નમન કરે ત્યારે લાંબા ચરણ જુગ કરીયને એ
પૃષ્ટ ભાગ જાનુ જંઘાના જોઈએ હિત ભરીયને એ ૧૧૧।
જાનુ જંઘા પરસાવતા આવતા નિરખીએ એ
સનમુખ રહી જોઈ જોઈને ઉરમાંહાં હરખીએ એ ૧૧૨।
ચરણ ક્ષાલણ તણી ચોતરી આવી બેઠા ત્યાંહાં એ
જંઘા જાનુ ઉભય મલીયા નિરખીએ સુખમાંહાં એ ૧૧૩।
ઉંચા ચરણ જુગ કરીયને ન્યારા ક્ષાલણ કરે એ
તેહ શોભા કાંઇ ન્યારી નયણે આનંદ ભરે એ ૧૧૪।
વલતા જાનુ જંઘા ભેલીને પીઠે બેઠા વેગ ફરી એ
નીચી દ્રષ્ટે તે નિહાલે છે જુવતી પ્રણય ભરી એ ૧૧૫।
ત્યાંહાંથી ઉડી તેલ ગાદ્રીએ લટકતા આવીયા એ
કાછ પરદનીનો વાલતા પરમ સોહાવીયા એ ૧૧૬।
તેલ લગાવે છે ભકત ઉભય તે ઉભય પદે એ
તેહ સમે જાનુ જંઘાની શોભા જુએ નિજ મદે એ ૧૧૭।
ડાબી જંઘાએ તિલ રાજે છે તેલ લગાવતા એ
એહ સમે દરશન આપે તે નિરખે છે ભાવતા એ ૧૧૮।
નાહવા પધાર્યા નવલ પ્રીય બેઠા ચોકીએ જઈ એ
આસન વાલ્યું અલબ્ય જુત નિરખે આનંદ મઇ એ ૧૩૧૯।

પ્રથમ ચોકી તણી આગલ ઉભા તે આવીને એ
નિહોરી કટિયે જલ ઢોલે સુખદ મન ભાવીને એ ।૩૨૦।
નિહોરતા જાનુ જંઘા જુગ જુગ તે વિરલા કર્યા એ
જલ વહી ચાલે તે શોભાને નિરખે છે રસ ભર્યા એ ।૨૧।
નાહી કરે અંગવસ્ત્ર નીચા થઇ જેહ સમે એ
જાનુ જંઘે કર ફેરવે તે સહુને ગમે એ ।૨૨।
વલતા ઉભા રહયા તેહ સમે અંગવસ્ત્ર કરીને એ
ઉપરેણો ઓઢયો અનુપમ ધોતી ધરીયને એ ।૨૩।
ધોતીએ જંઘા ને જાનુ ઉભય તે આછાદીઆ એ
અંતરથી સુખ આપે છે અતિ અમર્યાદીયા એ ।૨૪।
પીઢે બેસીને તિલક કર્યુંઅ સંધ્યા કૃત્ય એ
જાનુ જંઘાને ભેલ્યા નિરખે છે જેહને દ્રષ્ટિ વત એ ।૨૫।
વલતા પાઓધારીયા ભીતર ચાલ્યની લલકની એ
વામ અંગ તણે લટકે તે રાજે છે ઢલકની એ ।૨૬।
એહ સમે શોભા શોભા ભરી જાનુ જંઘા તણી એ
ઉભય દિશે અવિલોકીએ રાજે સોહામણી એ ।૨૭।
ભીતર ભાગ્યવાનને દર્શન દેઇયને એ
પધાર્યા બેઠક માંહાં શોભા સંગ લેઇયને એ ।૨૮।
શોભા રહી એ શ્રી અંગમાંહાં સુદ્રઢ આશ્રય લહી એ
કે રહી ભકતના નેત્ર માંહાં આનંદે ઉમહી એ ।૨૯।
ભીતેં અટકી ઉભા જેહ સમે તેહ સમે નિરખીયે એ
કેશથી નખ પર્યંત જોઈ જોઈ હરખીયે એ ।૩૦।
તેલ સબંધથી ધોતી જંઘાએ પરસી રહી એ
સ્નિગ્ધ રસમાંહાં શોભા સોહતી પ્રેમે પાગી રહી એ ।૩૧।
જાનુ ઉંચા નીચા પાલટે તેહ શોભા નવી એ
નિકટ રહયા અવિલોકે તે અનુભવે અનુભવી એ ।૩૨।
ચરણ ક્ષાલણ કરી ફરીય પધારીયા એ
ચતુર ચટાઇ બેસીને ભોજનને સિધારીયા એ ।૩૩।
ભોજન કરી અચવી આવી બેઠા તે ચોકીએ એ
જંઘા જાનુની શોભા નિરખીએ ભાંત્ય અનોખીયે એ ।૩૪।
ચોકીએ બેઠા લાંબા જુગ ચરણ કરીયને એ
જંઘા જાનુ અવિલોકીયે નયણ ભરીયને એ ।૩૫।
વલતા આવીને પોઢયા સેજ સુખદ જયાંહાં એ
વિકસિત ચરણ જુગ કર્યા તે નિરખીયે ત્યાંહાં એ ।૩૬।
બેહુ કરવટ ને ઉત્તાનના વલણ જોઈ જોઈ એ
એહ શોભા સુખરૂપને નિરખે છે સહુ કોઇ એ ।૩૩૭।

પોઢી ઉઠીને ઉથાપને ગાદીયે આવીઆ એ
જાનુ જંઘાસન ભેલીને બેઠા તે ભાવીયા એ ૧૩૮।
ક્ષણ ક્ષણ શોભા નૌતન હોય અંગને વાલતાં એ
ઉભય ચરણ તણા ભાવ તે કરવટ ચાલતા એ ।૩૯।
એહવા ચરિત્ર ચરણ તણા કરીયને ઉઠીયા એ
ભીતર સંધ્યા કરી સુખ માંહાં ઘણુ ત્રુટીયાં એ ।૪૦।
ફરી પાએધારીય લટકતા ગાદીએ ગુણ ભર્યા એ
જંઘા જાનુની શોભાએ સોહાતા ભકતસું પરવર્યા એ ।૪૧।
ગાદીએ બેઠા ગોકુલધણી ઘણીય શોભા ત્યાંહાંએ
સેજ્યાએ તેલાભ્યંગ વાહાલો કરાવે ત્યાંહાં એ ।૪૨।
જંઘા જાનુની શોભા તેહ સમે દીસે ન્યારી ઘણુ એ
ચાક ચક્ષ અને વલણ કયાંહાં લગી કહું એહો તણુ એ ।૪૩।
ઉઠી એકાંત પધારી ચરણ તે ક્ષાલણ કરી એ
પ્રમુદીતે વેગ પધારીયા સેજ ઉલટ ભરી એ ।૪૪।
સેજે પોઢયા પ્રભુ પાતલો અંગ આલસ ભરી એ
સુભગ સૌભાગ્યવતીય જે સુખ નિધિ સરવરી એ ।૪૫।
સુભગાના સુખ તણુ સુખ એ સર્વરીયને આપવા એ
આપણા વીરસ માંહે ગીધાવી નીત રતિ સ્થાપવા એ ।૪૬।
પ્રેમ પાત્ર તણા અંગ એ જાનુ મધ્યે ધરી એ
રસિક કરે રસ ભોગ ને દાન દે રસ ભરી એ ।૪૭।
જાનુ જંઘા તણા ચરિત્ર તે એ રસ માંહેંથી એ
અનેક અપમિત હોય તે કેહેવાયે કયાંહાંથી એ ।૪૮।
હવે ચરણારવિંદ ચિતે ધરીને ચીતમાંહાં ધરૂં એ
કાંઈ એક વર્ણન એહનું કરવાને અનુસરૂં એ ।૪૯।
એ મહા સ્વરૂપાત્મક અને રૂપે રસે ભર્યા એ
સ્વરૂપને અનુગ્રહે કરીયને મેં ઉરમાંહાં ધર્યા એ ।૫૦।
એણે સાધને માહા મહેદ તે માહારે ઉર વસી એ
પ્રસન્ન થયા પ્રમુદીત થઈ અંતર ઉલ્હસી એ ।૫૧।
એહ ફલે ફલ ઉભય ફલાત્મક રસ ભર્યું એ
ઉભય સ્વરૂપે મુદિત થઇ દાન મને કર્યું એ ।૫૨।
એ કૃપા બલે કરીયને જુગલ ચરણ તણુ એ
વર્ણન જુત નીત ચરીત્ર કહું તે સોહામણુ એ ।૫૩।
હીરા હાટક મણી મુકતાની જ્યોત તે જલહલે એ
નીલ અસીત સેત અરૂણ આભા તે એકત્ર ભલે એ ।૫૪।
તેજ પુંજે જગમગી રહી જ્યોત જગત માંહાં એ
કીરણ પ્રસાર પ્રગટ કહ્યો ન જાએ ત્યાંહાં એ ।૩૫૫।

વૈભવ અસમ અપમિત જે પરમીત નહીં એ
ગર્વિતની ગેહેરાઈ જુતે મેં દીઠા અહીં એ ।૩૫૬।
અનુભાવે થઈ કૃપાવાન એ દાન દ્રષ્ટિને હવું એ
દ્રષ્ટિ લહે છે એ સ્વરૂપ કહેવાયે ન તેહવું એ ।૫૭।
અંતર નેત્રે વીલોકી અને ઉરમાંહાં ધર્યા એ
એહ બલે બીજા જગતના સુખ તે તુચ્છ કર્યા એ ।૫૮।
એહ અક્ષર માંહાં આણીને શું કરૂં વાહરૂં એ
દાન કર્યું તે લહે કે લહે મન માહરૂં એ ।૫૯।
કોમલતા કમનીય ને ગૌર ગુણે ભર એ
આરત્યાનું અભિરામ વીરામ આરત હર એ ।૬૦।
આરક્તતા અતિ અભીનવી તેજમય ઝલકતી એ
સાદર સહિત વિલોકતા નયણ માંહાં સલકતી એ ।૬૧।
એ જોઇ મુકર ઓવારીએ નીરખતા જેહ માંહાં એ
ભકતના અંગ પ્રત્યંગ પ્રતિબિંબે એહ માંહાં એ ।૬૨।
પીંડુરી પરમ સુચારૂ અરૂણ રસે પરવરી એ
શોભાના સુખ તણુ રૂપ શોભાએ સદા ભરી એ ।૬૩।
પ્રપદ પરમ શુભ રૂપને ઉપમા એ એહની એ
કીજીયે ઉભયની ઉભયને અન્ય ન કેહેની એ ।૬૪।
અંગુલીયદલ સકુમાર તે મારને મોહતી એ
શોભા ભરી પ્રતિ એક તે એકથી સોહતી એ ।૬૫।
નખમણી નવ નીરૂપમ અમિત શોભા ધરે એ
ચંદ્ર કીરણ તણી જોત્ય સંજીવન રસ ભરે એ ।૬૬।
પદતલ કોમલ કાંતીની ભાંત્ય તે અભિનવી એ
મૃદુલ મનોહર માહા શુભ્ર હસે ન એહવી હવી એ ।૬૭।
લાલિમા લલીત લોકોતર લસીય રહી ત્યાંહાં એ
શોભા આલય કરી રહીય ચરણારવિંદ માંહાં એ ।૬૮।
રેખા રૂચીર રસ રૂપની ઉપમા શી કહું એ
એહનું વર્ણન વિસદ છે હું કેમ કરી લહું એ ।૬૯।
એક એક રેખ રસો મઈ સ્વરૂપ સીધ્ધાંતની એ
પીંડુરી પ્રપદ નખ નીકટથી નૌતન ભાંત્યની એ ।૭૦।
ચરણારવિંદ ઉભય અભીનવ નવ ભાંતીના એ
કારણમય કમનીય અલૌકિક જાત્યના એ ।૭૧।
જમણા ચરણ તલ પાનીયે તીલ એક રાજતો એ
સુક્ષ્મ રૂપ છે શ્યામ તે પ્રગટ બીરાજતો એ ।૭૨।
શીતલ સુખદ પરાગ કૃપા રસે વસ્સતા એ
વીરહ પ્રલય પરીતાપ શાંતા કરે નિરખતા એ ।૩૭૩।

નિર્ભય અચલ એ નીત્ય સદા પ્રફુલ્લીત રહે એ
અવની માંહાં ભવન ભવન પ્રતિ મકરંદે મહમહે એ ૧૩૭૪।
ભ્રંગાગના ગણ ભકત રહે તે આરાધતા એ
સુરજ ઉદય સુખ રૂપ રયણી રસે વાધતા એ ૧૭૫।
ઉછલ્લીત પ્રણય પરાગે પરમ અનુરાગીયા એ
પાન કરી ઉનમત્ત રહે છે સોહાગીયા એ ૧૭૬।
જે દિશનેા છે વયાર તે દીશના મધુપ બહુ એ
એ રસે લુબ્ધ થઈ કુલ સહિત આવ્યા સહુ એ ૧૭૭।
રયણીએ કમલમાંહાં અનુસર્યેા ભ્રમર ભાવે ભર્યેા એ
પ્રાત પ્રફુલ્લીત થયેથી તે સઘ બાહેર કર્યેા ૧૭૮।
આ પદકમલ પરાગ વયારે જે વસ થયા એ
દેસ દેશાંતરથીય આવી અરૂઝી રહ્યા એ ૧૭૯।
ચરણ કમલમાંહાં નિવાસ કરીયને રહ્યા અહીં એ
નિર્ભય શરણ એ છે નીત્ય ને ન્યારા કરે નહીં એ ૧૮૦।
કમલ પરાગ લેઈ અલી અન્યત્ર અનુસરે એ
પદ પરાગે જે પાગ્યા તે બીજે રસ પરહરે એ ૧૮૧।
કમલે મધુપ મકરંદ પીને તે પાછા ફરે એ
અહીં પાને તૃપ્તી ન પામે ફરી ફરીને કરે એ ૧૮૨।
જેમ જેમ કરે છે પાન ત્રિષારત વાધતી એ
પ્રતિક્ષણ રયણી દિવસે રહે શ્રષ્ટિ આરાધતી એ ૧૮૩।
એણી પેરે ચરણ કમલ વત બહુઅ પ્રકારની એ
અનુભવ પ્રગટ કરાવે તે સારના સારની એ ૧૮૫।
કમલ ઉજવલ અતિ અરૂણ નીલેાત્પલ જાતના એ
વારી નાખું પાદાંબુજ પર બહુ સહુ ભાંત્યના એ ૧૮૬।
ભજનાનંદ રસ દાયક ભજન ભાવે ભર એ
અદય દાન દેવા દક્ષ સમક્ષ એ રસ પર એ ૧૮૭।
આરાધનીય ભજનીય સેવીત સહુને સદા એ
યથા જોગ્ય દન પાત્રને દાન કરે મુદા એ ૧૮૮।
શરણ મારગીનું શરણ અને ભકિત મારગી જેહ એ
ભાવ મારગી ભર ભાવે તે અનુસરે ધરી નેહ એ ૧૮૯।
જ્ઞાતા અજ્ઞાતાનુ ભજન જોગીશ્વર એ જપે એ
નારદાદીક શીવ મુનીજન દરશનને તપે એ ૧૯૦।
પુષ્ટ પુષ્ટનું પુરૂષારથ મર્યાદા ભજનનું એ
વેદ મારગનું સારાંશ છે યજન એ યજનનું એ ૧૯૧।
જેહવા છે જેહના ભાવ તેહવા રસે તેહસું એ
ભાવભાદ્રસ સનમાને તે દાન દે નેહસું એ ૧૩૯૨।

સંસાર સમુદ્ર અગાધ્યની નાવ ક્રિપા ભારી એ
સદ્ય થાએ સહુ પાર તે અનુશરણે કરી એ ।૩૯૩।
સાધનનુ એ સાધન અને ફલ તણુ મહાફલ એ
સાધન ફલ એક રૂપ સ્વરૂપ એ ભુતલ એ ।૯૪।
ભુતલ ભકતના ભાગ્યને હેતે કૃપા કરી એ
સ્વતહથી દાન આતુર થઇ દઇ દાન આરત હરી એ ।૯૫।
એ દાન તે આપ સમાન કર્યું નિજ રસ ભારી એ
મનોરથ પ્રાર્થના અપેક્ષા તે નવિ કરી એ ।૯૬।
એહવા અદય દાન દાતા માતા રસ માંહાં ભર્યા એ
સ્વતહથી ભુતલ ભકતના શીષ ઉપર ધર્યા એ ।૯૭।
સંયેાગીનું સુખ ધામ વીરામ વીયેાગીનુ એ
એહ ચરણ જયુગ શરણ ભરણ રસ ભેાગીનું એ ।૯૮।
ભકિત રૂપ એ પાદાંબુજ સ્વરૂપાત્મક સદા એ
કારણ રૂપ કૃપા ભર કાર્ય સાધક મુદા એ ।૯૯।
સ્વરૂપથી અધિક દાનેક પાનેક એ રસ ભર એ
ભજન દાન સંજુકત એ ભકિત ઉદય કર એ ।૪૦૦।
સ્વરૂપનું દાન એથી હેાયે માર્ગનું એ ફલ એ
સારનું સર્વસ એહ સદા નીત અવીચલ એ ।૧।
કારજ રસનું એથી હેાયે પ્રભુને રસ ભરે એ
ભકતને મહા રસ દાન તે પદ પલ્લવે કરે એ ।૨।
ભકત ઉછાહા પુરક ભકત દાન દાયેક વર એ
ભકત નીરાધક બેાધક સર્વ સંશય હર એ ।૩।
જેણે એ ચરણારવિંદ શીષ ધરી પરસીયા એ
તેહ નિર્ભય થયા સહુ લેાકમાંહાં સુખમાંહાં વરસીયા એ ।૪।
તેહને હવું સામર્થ તે કિત્ય કૃતારથ તણુ એ
તેહ કરે કૃત કૃત જો કૃપા કરે અણુ એ ।૫।
મહદતા હવી તે સંપન્ન એ ચરણ પરસે કરી એ
પ્રભુ અપેક્ષા કરે તેહના રસ તણી ફરી ફરી એ ।૬।
ભકતને મનોરથે કરી જયાંહાં ચરણ આપ્યા ધરી એ
ત્યાંહાં નિજ સ્વરૂપે આવીયને સ્વતહ સ્થીતી કરી એ ।૭।
દરૂ વા વસ્ત્ર ચરણત્રાણે ચરણ પરસ કર્યો એ
ત્યાંહાં પુરૂષેાતમેાતમ તણેા અર્થ સર્વે સર્યો એ ।૮।
એહવા ચરણ જુગ જુગમાંહાં અવીચલ રાજતા એ
ભુતલ ભકતને શીષ સર્વોપર ગાજતા એ ।૯।
એહનું કહું નીત ચરીત્ર પ્રાતથી પેાઢયા લગી એ
એ ચરણારવિંદ તણા રસમાં રંગમગી એ ।૪૧૦।

સેન ઉથીત સુખરાસ વીલસના નેહયે એ
નેઈ નેઈ અંગ અંગ રૂપથી મોહીયે એ ।૪૧૧।
એક એક અંગ પ્રતિ અંગનું રૂપ પ્રણય ભર્યું એ
બુધ્ધી અનુસારે વાણીયે નવિ જાયે વિસદ કર્યું એ ।૧૨।
એહોની કૃપા કારણ મહ ને કરૂણા ભરી એ
એહ બલે ઉદ્યમ કર્યો પદ રજે અનુસરી એ ।૧૩।
નમન કરી એ પાદાંબુજ પદ રજને નમી એ
એહ પાદાંબુજ તણી કૃપા મારે મન ગમી એ ।૧૪।
એહ કૃપાએ કરી ભરી મોદે મુદિત થઈ એ
ચરણાવિંદનું ચરિત્ર જે ચરણે દંડવત કરી એ ।૧૫।
તેહ સુચનિકા માત્ર કહું અનુભવે અનુસરી એ
મારા મહેદ અનુભવને ચરણે તે શીષ ધરી એ ।૧૬।
જે માહારે અનુભવે અનુભવ કીધો નયન ભરી એ દંડવત કરી
તે કહું અનુભવને ચરણે તે શીષ ધરી એ ।૧૭।
રસવસ રસીયો સમે થયે ઉઠયા સેજ થકી એ
મદન વિહવલ લાલસા અંગે ઉભા હેજ થકી એ ।૧૮।
ડગમગતે ચરણારવિંદે ઉભા રહીયને એ
મેહેલી તનિયો પેહેરી પરદની વેગા થઇયને એ ।૧૯।
નમન કર્યું નીચા થઇયે ચરણ તે લાંબા કરી એ
તેહ સમે પદ જુગ પેખીયે પરમ ઉલટ ભરી એ ।૨૦।
અંગુલી અંગુઠાના તલ ને અરૂણતા કૂણા તણી એ પણી
સુરતાંત સઘ શ્રમે કરી લાગી સોહામણી એ ।૨૧।
રેખા રસીલી હંસી લસીય ચરણ માંહાં એ
લાલિમા સહીત નૌતન ગતીએ તે રાજે ત્યાંહાં એ ।૨૨।
ત્રજની અંગુઠાને મધ્યથી ઉર્ધ રેખા લસી એ
ચરણારવિંદ સમગ્રમાં આવીને તે વસી એ ।૨૩।
ધજ ને અંકુશ શુભ રેખ અને જે સાયેક તણી એ
વિવસ કરણી વશ કરણી વિમોહની અતિ ઘણી એ ।૨૪।
જમણે અંગુઠાને તલે તીલ સુક્ષ્મ રાજતો એ
એહ સમે સનમુખે નીરખતા પ્રગટ બિરાજતો એ ।૨૫।
અંગુલી અંગુઠાના મધ્યની રેખા રસે ભરી એ
સુક્ષ્મ દ્રષ્ટે વિલોકી વિલોકીએ ફરી ફરી એ ।૨૬।
લંકનો બંક વિલોકતા ધીરજ નવ્ય રહી એ
નયણ સંચિ ઉર રહે તે ઉરે મનને કહી એ ।૨૭।
લંક ઉભય તણી રેખા જે માંહેલી પાસની એ
નીરખતા વિવિધ પ્રકારે આશા પુરે દાસની એ ।૪૨૮।

એડીય અરૂણ અનુપને ઉપમા કેહેની એ
દેવાને ભુતલ કેાઇ નહીં ઉપમા એહને એહની એ ।૪૨૯।
ગૌર અરૂણતા અપાર તેજ મય ઝલકતી એ
ભકતના અંગ પ્રતિબિંબે છે એહવી એ ચલકતી એ ।૩૦।
શેાભા ભર્યા એ પાદાંબુજ સનમુખ કરીયને એ
નમનમાં પદ રસ દાન દે કરૂણા ભરીયને એ ।૩૧।
તે નિરખે બહુ ભકત અનુરકત ભાવે ભરી એ
વારણા લેઇ અંગ વારી ઉભા દંડવત કરી એ ।૩૨।
વલતાં વાહાલેાજી નમન કરી ફરીય ઉભા રહયા એ
ઉપરેણા શીષે લપેટીને પધાર્યા ઉમાહયા એ ।૩૩।
તેહ સમે ચરણ ચટકની લટકની ચાલ્યા તણી એ
નીચી દ્રષ્ટે અવિલેાકીએ લાગે મેાહામણી એ ।૩૪।
પધાર્યા ચરણ ક્ષાલણની ચેાતરીય તે છે જ્યાંહાં એ
પીઢે મખમલી ગાદી ધરી આવી બેઠા ત્યાંહાં એ ।૩૫।
કર પ્રક્ષાલણ કરી પ્રથમ તે ચરણ પ્રક્ષાલીયા એ
મૃતિકા લેપન કરતાં તે ભકતે નિહાલીયા એ ।૩૬।
પ્રથમ વામ પાદાંબુજને પ્રક્ષાલણ કરીયને એ
વલતા જમણેા પદ ક્ષાલણ કરે ફરી ફરીયને એ ।૩૭।
તીરછા રહયા ત્રીય જુથ આવી આવી ચાવસું એ
એહ શેાભાને વિલેાકે ભામીની ભર ભાવસું એ ।૩૮।
ત્યાંહાંથી પધાર્યા કર પુંછતા ઉપરેણા તે વડે એ
આરંદ્ર ચરણારવિંદના અંક લેાભી પડે એ ।૩૯।
પાછલ ભકત આવે તે એ પદ અંક નિરખીને એ
નીચા થઈ દંડવત કરે મનમાંહે હરખીને એ ।૪૦।
કેા ઓલંઘન ભીંતે કરીયને અલગા થઇ ફરે એ
કેા ત્યાંહાંથી મૃતિકા લેઇયને નિજ મુખમાંહાં ધરે એ ।૪૧।
કેા નિરખી નિહેારીને લે છે તે ભામણા એ
કેા એસી નિકટ નિહાલે છે પરમ સેાહામણા એ ।૪૨।
તેલગાદી તીબારી માંહાં કે હેામઘર માંહાં એ
કાછ પરદનીને વાલીને આવી બેઠા ત્યાંહાં એ ।૪૩।
પદમાસન વાલી બેઠા ને બેહુ દિશે પદતલ એ
ઝલકતા દીસે ઉદ્યોત અતિ નિર્મલ એ ।૪૪।
કેશ પ્રસારણ કરીયને કાંકસી કરી એ
વીરલે દાંતે ઓહેાલી ઓહેાલીયા ઝીણે દાંતે ફરી એ ।૪૫।
કેશ કાંકસીયે નિવારતા આવે જે ખસીયને એ
તે લેઇ કરસું લપેટીને વળ દે હંસીયને એ ।૪૪૬।

વળ દેઈ ચરણ કમલના અંગુઠા મધ્યે ધરે એ
તેહ સમે શોભા ચરણની સહુ દર્શન કરે એ ૧૪૪૭।
છોડી આસન ઉભા ચરણે તે તેલ લગાવતા એ
બલસું કૃષ્ણા ડગી જાએ તે નિરખે છે ભાવતા એ ૧૪૮।
વલતા ઉડયા નાહારા નાહેા નિપુણ ગતિએ કરી એ
તેલ અલંકૃત ચરણ તે ભેામી ઉપર ધરી એ ૧૪૯।
ભેામીને અતિ અભિલાખ આરાધતા જુગ ગયા એ
એ પદ પરસે મનેારથ સર્વ સફલ થયા એ ૧૫૦।
એમ પદ પરસ કરાવતા ચેાકીએ આવીયા એ
આસન વાલીને બેઠા તે પરમ સેાહાવીયા એ ૧૫૧।
નાહતા ચેાકીએ પદ પલ્લવ ઉભય ઉભા કરી એ
નખમણી ઉપર ઢેાલે કસેડી ભરી ભરી એ ૧૫૨।
તે જલધારા અંગુલી ઉપરે ને કૃણા મંડલે થઇ એ
રેખા ઉપર ઢલી આવીને એડી ઉપર ગઇ એ ૧૫૩।
ઘુંટી પિંડુરીએ પરસીયને વરસે કૃપા કરી એ
તે ચરણામૃત લે છે તે ભકત ઉલટ ભરી એ ૧૫૪।
કેા કસેડી કલસે લીયે ને દેાના લઇ ધરે એ
ચેાકી તલે મેહેલી ચરણામૃત એમ ભરે એ ૧૫૫।
કેા નીચા થઇ સંકુચીને લે અંજુલી માંહાં એ
લેઈ શીષ નયન હૃદયસું તે પરસે ત્યાંહાં એ ૧૫૬।
કેાઇ ઉપરેણાનેા પાલવ પેાતાનેા ભીંજવી એ
તે ઘેર લઇ આપે સર્વને જાણે છે અનુભવી એ ૧૫૭।
કેા જલ વહી ચાલે ભેામી ત્યાંહાંથી લેઇ લેઇયને એ
દુખડા લેઇ દંડવત કરે આશીષ દેઇયને એ ૧૫૮।
કેા લેઇ આપે પરસ્પર બલ કરી સુરથી એ
મલતી પાણે રહ્યા વેગલા નાવી શકે દુરથી એ ૧૫૯।
તેહને પેાહેાંચાડે આધા ધસી હાથ લાંબા કરી એ
મધ્યે કેા બીજા ઉભા તે લે હાથ એહેાનેા ધરી એ ૧૬૦।
એણી પેરે બહુ પ્રકારે ચરણામૃત ચરણનું એ
લીધું તે સમે ભકત તે આરત હરણનું એ ૧૬૧।
વલતા ચરણ સુધા કરીયને સર્વાંગે નાહતા એ
ભકત તણા બહુ જુથ તે નિરખે ઉમાહતા એ ૧૬૨।
અંગવસ્ત્ર લેઇ નિહેારી જુગ ચરણ પુંછન કર્યા એ
તેહ સમે નિરખી નિરખી ભકતે ભાવ સુંદર ધર્યા એ ૧૬૩।
ધેાતી ધરી ઓઢયેા ઉપરેણેા બેઠા પીઠેા જયાંહાં એ
ચરણ પલ્લવ ધર્યા નીચા તે ભકત નિરખે ત્યાંહાં એ ૧૪૬૪।

નખમણી પંગતની જયોત તે દીસે છે ઝલકતી એ
અંગુલી અંગુઠા ને પેની રાજે છે ચલકતી એ ।૪૬૫।
કાંડા કોમલ તણી કાંતી ને ઘુંટી સોહતી એ
પીંડુરી અરૂણ અતિ મૃદુલ તે સર્વને મોહતી એ ।૬૬।
લાસ લગાવોને અલતે અરૂણતા અપાર તે પાર પામુ નહીં એ
સુભગ રોમાવલી લસીય રહી અહીં એ ।૬૭।
તેલ લગાવીને નાહયા જે ઉસ્નોદકે કરી એ
તેહ શોભામાં શોભા તે આવીને અનુસરી એ ।૬૮।
તેહ શોભાએ શોભા ભર્યા ભકત જુએ મલી એ
તેહ સમે ચરણાર્વિંદ પુરે મન રલી એ ।૬૯।
આચમન લેઈ કરી તિલક ઉડીને વેગા થઇ એ
ચરણ ધરણી પરસાવતા પધાર્યા રસમઈ એ ।૭૦।
ચરણારવિંદના લંકના વંક અંક પડે એ
તેહ શોભા છે સાંપ્રત્ય તે અનુભવીને જડે એ ।૭૧।
એણીપેરે ચરણની ચપલતા નિરખતા સહુ કોઇ એ
આગલ પાછલ આસપાસ રીઝે જોઇ જોઈ એ ।૭૨।
ગલીમાંહાં જઇને ઉભા રહયા ચરણ જોડીયને એ
ખવાસે ક્ષાલણ કર્યા ચરણ દુરથી અંગ મોડીને એ ।૭૩।
ભીતર જઈ કાજ કરીય પધાર્યા વેગે કરી એ
તેહ સમે ચરણાર્વિંદને નિરખું નયણ ભરી એ ।૭૪।
ચાલ સુદેશ સોહામણી ચાલતા અટકતી એ
ચપલતા માંહેં ધીરાઈ એ ચાલ છે લટકતી એ ।૭૫।
એણીપેરે બેઠકે આવીને ભીંતે અલટકીયને એ
ભકતને સનમુખ મુખ કરી ઉભા તે લટકીયને એ ।૭૬।
સનમુખે ભકત રહયા તે પાદાંબુજ નિરખતા એ
નીરખતા તૃપ્તી ન પામે મલી મલી હરખતાં એ ।૭૭।
અંગુલીદલની શુભ્ર ભાંત તે ખાંત કરીયને એ
અંગુષ્ટ ઉભય તે નિરખે છે નયણ ભરીયને એ ।૭૮।
ચરણ ચાલવે વાહાલોજી અલવે ઉભા રહી એ
તેહ શોભા ઉરમાંહાં વસી કેમ શકીયે કહી એ ।૭૯।
કો સમે ચરણ ઉંચુ કરી ભીંતે પરસી અને એ
તલ પરસાવી ઉભા રહે સુખ વરસી અને એ ।૮૦।
કો સમે પદ તલ લેઈ પેની પર ધરીયને એ
એક પગ વંક કરીને ઉભા હિત ભરીયને એ ।૮૦।
વામ પદે દેઈ ભાર સમગ્ર શ્રીઅંગનો એ
અંગુઠા ભરી અધ ભાગ ટેકયો બીજો સંગનો એ ।૪૮૧।

એહ ચરીત્ર ચરણ તણ નેમ જોઈ સહુ કોઇ એ
આનંદ પામી અંતરમાંહા ને તે રહયા મોહી એ ૧૪૮૨।
પનહી પેહેરી પ્રમુદિત થઈ એકાંત સ્થળ જયાંહાં એ
તે સ્થલે જઈ ફરી પધાર્યા પનહી મુકી ત્યાંહાં એ ૧૮૩।
ચરણ સ્પરસ થયેા પનહીને ત્યાંહાં કેા જઇયને એ
શીષ સ્પરસી દંડવત કરી કરમાંહાં લેઇયિને એ ૧૮૪।
રૂદયસું દાખી એહુ કરેને નેત્રસું ધરે એ
ઉપરેણેા ઉપર ફેરીને રજ તે પહરી કરે એ ૧૮૫।
વલતાં નેત્રસું દેઇયિને ચુંબન કરીયને એ
દંડવત કરીયને મેહેલે તેણે સ્થલ ફરીયને એ ૧૮૬।
એમ કેા કેા ભાગ્યવાન એકાંત જઇયને એ
એણી પેરે કરેય વાછલ્ય સણંધ લહીયને એ ૧૮૮।
વાહાલેા પધાર્યા ચેાતરી જયાંહાં ચરણ ક્ષાલણ તણી એ
ચરણ ક્ષાલણ ચતુરાઇસું કરેય ગેાકુલ ધણી એ ૧૮૯।
કર પ્રક્ષાલી પછે ચરણ તે ઉભય પ્રક્ષાલીયા એ
તેહ સમેની શેાભા જુત તે ભકતે નિહાલીયા એ ૧૯૦।
પેાહેાંચી પ્રમુદિત થઇયને વાહાલેા બેઠા ફરી એ
ભકત કેા ચાલે પ્રદેશ તે ચરણે શીષ ધરી એ ૧૯૧।
નમન કરીને લેલાટ નયણ પદ પર ધરે એ
જેહેા પર કૃપા કરે ત્યાંહાં અંગુઠેા ઉંચેા કરે એ ૧૯૨।
અંગુઠાની સેને કરીયને નયણસું ધરીયને એ
કૃપા પીયુષનુ કરે સિંચન સર્વાંગે ભરીયને એ ૧૯૩।
ચરણ પરસથી પ્રમેાદ પ્રમેય બલ હેાએ એ
તે સુખ અનુભવીયા લહે અવર ન લહે કેાએ એ ૧૯૪।
મસ્તક તેહનુ ઉઠાવે છે શ્રીકરે કરીયને એ
કરતલ પરસે કપેાલ અંગુલી ગાલે ધરીયને એ ૧૯૫।
કનિષ્ટ અંગુલી લાગે નયણે વયણે સુખ શું કહું એ
તે સુખનું જે સ્વરૂપ તેહનુ લહું એ ૧૯૬।
ચરણ કમલ પદ પલ્લવ શીષે પરસ હવેા એ
ભકતના મનમાંહે મેાદ પ્રગટ હવેા અભિનવેા એ ૧૯૭।
એહ ચરણ પરસે થકી જોગ્યતા જે હવી એ
ઈશ્વિરેશ્વરને કહેવાનું સામર્થ ન તેહવી એ ૧૯૮।
એણી પેરે થઇથ વિદાયને ભકત ચાલ્યા જેહ એ
ચરણારવિંદ રૂદયમાંહાં સ્થીત કરીયને તેહ એ ૧૯૯।
એમ ચરણારવિંદ તણુ દાન એહને કરી એ
ઉઠયા વહાલેાજી વેગે થઇયને તે નાહ્યા ફરી એ ૨૦૦।

નાહી કર્યા અંગવસ્ત્ર પ્રથમ તણી રીતસું એ
તેહ સમે ભકત પાદાંબુજ નિરખે છે પ્રીતસું એ ।૫૦૧।
ધોતી ઉપરેણો અંગી કરી પીઠે બેઠાં જ્યાંહાં એ
સંધ્યાવંદને કર પરસે ચરણારવિંદ ત્યાંહાં એ ।૨।
આચમનને નીહોરતા ચરણ તે ભોમે દબ્યા રહે એ
તેહ શોભા કાંઈ અભિનવી વીસદ કેા કેમ કહે એ ।૩।
વલતા પોહોંચીને પધારે છે વાહાલોજી ભીતર એ
જગત કૃતારથ કૃત્ય પદ ધરતા ભોમી ઘર એ ।૪।
ગોપાલ અહીં કેા બાલ ભોગમા ભકતમાં તેહને એ
મનોરથ સેવા તણેા ઘણેા હોય તે એહને એ ।૫।
પાદુકા પરમ સુંદર શુભ સુખદ સભારીને એ
આગલ આગલ ચાલે છે સમય વિચારીને એ ।૬।
પ્રભુ પધાર્યા ભંડાર નિકટ તે ગલી માંહાં એ
ચરણ ક્ષાલ્યા તે ખવાસે કસેડીયે કરી ત્યાંહાં એ ।૭।
તેહવે વિનતી તે ભકતે કરી આગલ રહીયને એ
રાજ સેવા પધરાવું છું હું એમ કહીયને એ ।૮।
નીકે કહ્યું તે પ્રસન્ન થઇયને ઉલટે ભર્યા એ
પાદુકા આગલ મેહેલી ત્યાંહાં ચરણારવીંદ ધર્યા એ ।૯।
લટકતા ચટકતા ચાલીયા ચઢીયને ચાખડીએ એ
ધન્ય સોહાગ ભરી તે સમે જુએ આંખડી એ ।૧૦।
જેમ જેમ ચરણ ચલાવીને એક એક ડગ ભરે એ
તે ડગ ભકતના મનોરથ અધિક પુરણ કરે એ ।૧૧।
ભકત આગળથી તે ચાલે સનમુખ પાછે પગ એ
તેહેા સંબંધી રસ ભકત આવે છે પાછલ લગા એ ।૧૨।
એણી પેરે લટકતા અટકતા આઘેરા આવીને એ
પાનઘરની સીઢી પાસે ઉભા મન ભાવીને એ ।૧૩।
પાદુકાજીથી ઉતરીયને પાછા ફરીયને એ
કરની સેને કહ્યું લેહેા શ્રીમુખ હિત ભરીયને એ ।૧૪।
નયણ સયણે શ્રીમુખે કહયું લેહેા વાણીયે ઠરી એ
એ સમે ભકતે પાછલથી તે લીધા હૃદય ધરી એ ।૧૫।
તેહ સમે અંગ મોડી અને કર તણી લટકની એ
પરમ ઉદારતા સહીત નયણ મુખ મટકની એ ।૧૬।
એમ નિજ સ્વરૂપ સહીત તે દાન પાદાંબુજ તણુ એ
પ્રસન્ન થઈ સર્વાત્મના સ્વતહ કીધું ઘણુ એ ।૧૭।
મનોરથથી કેાટિ અધિક જ્યાંહાં મનોરથ ગમ્ય નહીં એ
કારણ પરમ વરેસસું દાન દીધું અહીં એ ।૫૧૮।

એ દાન આપ સમાન સ્વરૂપ રસે ભરી એ
કીધું ત્યાંહાં આવી નિરંતર પોતે તે સ્થિત કરી એ ।૫૧૯।
જેહો ઘેર આવીને બેઠા સ્વતહથી પ્રસન્ન થઈ એ
તેહનું કર્યું અંગીકૃત કરે ન રહે અલગા જઈ એ ।૨૦।
તેહવે સ્વરૂપે જેહના ઘરમાં બેસે છે સ્થીત કરી એ
સેજ્યા ભોજન ને શ્રંગાર અંગી કરે હીત ભરી એ ।૨૧।
જેહના ઘરમાંહાં સેવ્ય પદવીયે બેસે છે ફલ રૂપ એ
માર્ગ સાધન તણુ ફલ એ શ્રી ગોકુલનો ભુપ એ ।૨૨।
એહવા પામી આધુનીકમાં અંગીકાર કરવાને એ
અન્ય સંસ્કારની અપેક્ષા કરે દોષ હરવાને ।૨૩।
તેહને એ પાદાંબુજ થકી અલગા તે જાણવા એ
સ્વરૂપ ધર્મી ને અનન્ય માંહાં નહીં પ્રમાણવા એ ।૨૪।
માર્ગનુ ફલ એ ચરણ ને તે પ્રભુએ કૃપા કરી એ
આપ્યા પ્રમેય બલે પ્રગટ સ્વતહથી ઉલટ ભરી એ ।૨૫।
તેહનુ નિરાવર્ણ કરી ફરી અન્યત્ર અનુસરે એ
પ્રમાણે પ્રતીત હોય એ ત્યાંહાં કારજ શું સરે એ ।૨૬।
ઉપપત્ય સહિત સિધ્ધાંત સર્વોપર એહ તણા એ
પ્રમેય બલે તે પ્રમાણ કહયા શ્રીમુખે ઘણા એ ।૨૭।
એક સમે બેઠા બેઠકે વાહાલેા ઉથાપને એ
સોચ સહિત હીત સ્વકીયને બોલ્યા આણી મને એ ।૨૮।
કારણ સહિત કરૂણા કરી વચન પ્રગટ કર્યું એ
નિજ સેવા સ્થાપન સીધ કરી એહવું રસ ભર્યું એ ।૨૯।
ઠાકુરે ઇતની કરી જીવ અજહું ચાહત કહા એ
જાય બેઠે વાકે ધામ સેવા રૂપે કરી ચાહા એ ।૩૦।
વે જલકી લોટી ભરે તેા પાન કરી સચુ લહે એ
કબહું લોટી ન ભરે તેા એસેહી પ્યાસે રહે એ ।૩૧।
એસી ભાંતી વાકે ભવન બેઠે હે કૃપા કરી એ
યાહુતે અધિક પદારથ કાહા એ માગત ફરી એ ।૩૨।
એહવા વચન તેણે સમય તે સેવા રસે ભર્યા એ
નિજ સ્વરૂપે કર્યું દાન તેહવા તે પ્રગટ કર્યા એ ।૩૩।
વલ્લી એક સમય ભરૂચના ભાગ્યવાન ભગવદી એ
કુંખ સૌહાગીના ધણી નારાયણજી જે જગવદી એ ।૩૪।
તેહની કુંવરી રાજા બેન તે શ્રી ગોકુલ રહે એ
સાદરપણે સર્વોતમ ભાવે શ્રીમુખ ચહે એ ।૩૫।
પાદુકા પ્રાણ વલ્લભજીય તણી તે સેવા જેહ એ
તેહ રહે ગુજરાત દરશનને આવ્યા એહ એ ।૫૩૬।

મનુષ્યનુ ત્યાંહાં અસૌકર્ય સેવાને તેડાવીયા એ
પ્રાણ વલ્લભજીને પાસે વિદા થવા આવીયા એ ।૫૩૭।
ત્યારે શ્રીજીએ લહી સ્વકીય ને શ્રીમુખે એમ કહ્યું એ
તેહ સમે ભાગ્યવાને સેવાનુ સ્વરૂપ લહ્યું એ ।૩૮।
સુનિ રે સેવા મતિ જાન એ ઠાકુર જાનીયો એ
જેસે દેખે તેસે કરી એહ તું માનીયો એ ।૩૯।
અરૂ એસી ભાંતિ સેવામોં રહીયો સાવધાનસું એ
એણી પેરે શીક્ષા કરી ઘણી અતિ સનમાનસું એ ।૪૦।
વલી એક વાર સંતોષીભાઈ ભરૂચ તણા એ
શ્રી ગોકુલમાંહેં વાસ કરી રહ્યા આપણા એ ।૪૧।
ચાસણી માં એક દિવસે પકવાન કર્યું પોતાને ઘેર એ
પાએ એણે પરમ સુંદર થયું તેણે કરી અતિસે આનંદ ભેર એ ।૪૨।
પકવાન કટે મનમાંહાં મનોરથ કીધો જે પ્રભુ જો અંગી કરે એ
મારા મનોરથ કેરૂં આ કાર્ય સર્વે સરે એ ।૪૩।
સેજ્યાએ વાહાલોજી પોઢયા ને ભકત સહુ વલ્યા એ
એકાંત લઈ ગયા સામગ્રિ તે ભાગ્ય એહોના ફલ્યા એ ।૪૪।
વીનતી કરી મહારાજ સામગ્રિ મેં સદ્ય કરી એ
રાજ કને હું લાવ્યો છું તે મન મનોરથ ધરી એ ।૪૫।
શ્રીજીએ કહ્યું એ સામિગ્રી સમર્પી છે કે નાહીં એ
એણે કહ્યું રાજના પાદાંબુજ બેસે છે ઘર માંહીં એ ।૪૬।
રાજના શ્રીચરણારવિંદ બેસે છે મારા ઘર માંહાં એ
ત્યાંહાં ન સમર્પિ ને રાજ કને હું લાવ્યો આંહાં એ ।૪૭।
ત્યારે શ્રીજીએ કહયું આજ તે એસી તું મતિ કરે એ
ઉહાં સમર્પે વિના કબહું મેરે આગે તું મતિ ધરે એ ।૪૮।
એણી પેરે સેવા મુખ્ય કરી એ પાદાંબુજ તણી એ
પોતે ગૌણત્વે કરી લહયું વાત છે ઘણી ઘણી એ ।૪૯।
એક સમે મહા પ્રભુજી બેઠા ઉથાપને એ
તેહ સમે નાનો ત્રિવાડી આવ્યા દરશને એ ।૫૦।
એહ ભીતર તણા અપરસ જલની સેવા કરે એ
આવી ઉભા રહ્યા સેવાને સૌભાગ્ય મદ ભરે એ ।૫૧।
વીનતી કરી મહારાજ હું જે આ જલ ભરૂં એ
અહીં રહી આવે પ્રકારે રાજનું દરશન કરૂં એ ।૫૨।
હું તો રહું ગુજરાત ને કાંઇ પ્રીછું નહીં એ
કોણ પ્રકારે કેહી પેરે કેમ આવ્યો અહીં એ ।૫૩।
ત્યારે કૃપા કરીને કહ્યું સભા સંકોચે લહી એ
એ પ્રાચીન સંસ્કાર હે કછુ અબ જાય પાછે કહું એ ।૫૫૪।

વસ્તા બીજે દીવસે બીજી વાર નાહી ને એ
નાથજીની તીબારી માંહે બેઠા ઉમાહીને એ ૧૫૫૫
જલની ગાગર લેઈ નાનો ત્રિવાડી આવ્યા ત્યાંહાં એ
પોતે જાણીને નિકટ તેડી લીધા આંહાં એ ૧૫૬૧
કાલ પુછત હુતો પ્રશ્ન સો ઉહાં કેહેવેકો નાંહી એ
તબ હુતો બહોત સમાજ અબે કહું સુનિ આંહી એ ૧૫૭૧
પ્રાચીન સંસ્કાર કછુ નાંહી એ અબહી ભયો એ
શ્રી આચાર્યજીકી કૃપાતે ભયો હે કે એ મેરો કયોં એ ૧૫૮૧
ત્યારે એ ભાગ્યવાને કહ્યું પોતના ભાવથી એ
શ્રી આચાર્યજી શ્રી ગુંસાંઈજી તો મેં દીઠાં નથી એ ૧૫૯૧
હાથની સેને દેખાડયા એ પદ જુગ પ્રભુ તણા એ
મેં તો આ ચરણારવિંદ દીઠા છે સોહામણા એ ૧૬૦૧
ત્યારે શ્રીકરે દેખાડયા નિજ ચર્ણ ભકિત રસ ભાવે ભરે એ
હાં એહ એસે હે જો વિશ્વાસ હોય તો સબે કરે એ ૧૬૧૧
એહવા ચરણ જુગ જુગમાંહાં અવિચલ અભિનવા એ
આધુનિક માંહાં પ્રાગટ હસે ન એહવા હવા એ ૧૬૨૧
એક સમે વિશ્નુજીનો બેટો સુંદરદાસ એ
તેણે કરાવ્યું છે પ્રશ્ન સાંભલવાને ધરી આસ એ ૧૬૩૧
રાજના ચરણારવીંદની સેવા જે જે કરે એ
દેશ પ્રદેશ રહીયને મનમાંહાં ઉલટ ભરે એ ૧૬૪૧
તેહ સેવાને તે ભોગ સમર્પે એકાંતથી એ
પંચો પ્રકાર વાછલ્યના કરે છે શાંતથી એ ૧૬૫૧
નમન નિરૂપણ ભાવ તણુ કરે છે ત્યાંહાં એ
સુણીયેજી શ્રી માહારાજ રાજ જાણો છો આંહાં એ ૧૬૬૧
ત્યારે સર્વજ્ઞ શિરોમણી સર્વ અંતરઆત્મા એ
હારંદ્ર પુછયા તણુ લહ્યું તેહની વાત માંહાં એ ૧૬૭૧
ત્યારે શ્રીમુખે કહ્યું કાહેતે કયોં નહીં જાનીયે એ
જો ન જાને તો ઇશ્વર નામ કેસે પ્રમાનીયે એ ૧૬૮૧
ઇશ્વર નામ ઠાકુરકો ધર્યો હે એ જાનિકે એ
ભકતકે મનકી વાત સમુઝે ચિત આનિકે એ ૧૬૯૧
ઠાકોર કહા કૃતઘની હે જો કીયો સમુઝે નહીં એ
એહવા વચન સ્વસેવા તણા કહ્યા શ્રીમુખે અહીં એ ૧૭૦૧
એહવી સેવા એ પાદાંબુજ તણી પરમ ધન એ
સર્વોપરતર શિખર સ્વકીયનુ જીવન એ ૧૭૧૧
એહવી સેવાને એણી પેરે બેઠા સ્વતહ થકી એ
તેહની વાત અનેક સુચિનિકાને એ અહીં લણી એ ૧૫૭૨૧

કયાંહાં લગી કરૂં તે વિસ્તાર એ ચરણ ચરિત્રનો એ
જયાંહાં એ વિસદનો સમે હસે પ્રગટ કહેસું ત્યાંહાં એ ૧૫૭૩।
પ્રભુએ કૃપા કરી એહવીને જેહ જાણે નહીં એ
તેહનુ પ્રગટ અભાગ્ય હું બોધવું શું કહી એ ૧૭૪।
એણીપેરે ચરણારવિંદનું દાન અદય દેઇ એ
પધાર્યા ભીતર લટકતા પરમ કારણ કઈ એ ૧૭૫।
ભીતર જયાંહાં તિબારી ને મણિ કોઠા માંહાં જઈ એ
બંટા સ્થલે પધારીયને જલઘરે જઇ એ ૧૭૬।
રાજભોગ ઉપરાંત મહારાજ ભોગીયા એ
ફરી પધારીયા બેઠકે ભકત સંભોગીયા એ ૧૭૭।
એકાંત પાબોધારી આવીને ચરણ ક્ષાલણ કરે એ
તેહ સમે ચરણામૃત તણી સર્વ આરત ધરે એ ૧૭૮।
કોઇ તષ્ટી માંહાં લેઇયને આપે પરસ્પર એ
કોઇ નીચો હાથ કરીયને થઈ લે રસ ભર એ ૧૭૯।
કોઇ પોતા તણા પાત્ર માંહાં લેઇ લેઈ ભરે એ
પરદેશ લેઇ જાવા તણો કોઇ સંચય કરે એ ૧૮૦।
કોઇ પરસ્પર આપે છે હાથો હાથે મલી એ
કોઇ રંચ માંહાંથી રંચ તે લે છે તે પ્રેમે ભલી એ ૧૮૧।
તષ્ટી જે ચરણામૃતે ભરીયને અલગી ધરી એ
ત્યાંહાંથી ચરણામૃત લે બહુ ભકત પ્રેમે ભરી એ ૧૮૨।
ભીડ તણો નહીં પાર વીસ્તાર તે એહ તણો એ
સ્વરૂપ નિત્ય ચરીત્રે કહીસ વિસદ કરીને ઘણો એ ૧૮૩।
એણીપેરે સમય સમય ચરણામૃત ચરણનુ એ
લે છે સૌભાગીયો સાથ એ જગત આભર્ણનુ એ ૧૮૪।
પ્રેમીને પ્રેમ સંપન્ન નેહીને નેહે ભરે એ
રસિકને રસ તણુ પાન આરતની આરત હરે એ ૧૮૫।
સાત્વીકને કૃતારથ રૂપ જગત કૃતારથી એ
કણિકા પરસે કૃત કૃત કરે પરમ પરમારથી એ ૧૮૬।
શ્રી જમુનાજી નાહાવા પધારે પ્રીતમજી પ્રણય ભર્યા એ
ભકતને જુથે અલંકૃત ભકતસું પરવર્યા એ ૧૮૭।
તેહ સમે ચરણ ચપલતાની ચાતુરી જોઇએ એ
લાવણ્ય તણી માધુરી એહોને સોહીએ એ ૧૮૮।
એહ ચરીત્ર કરીયને ચટાઇએ આવીયા એ
પુંછયા ચરણવસ્ત્રે ચરણ ને બેઠા સોહાવીયા એ ૧૮૯।
આસન વાલીને બદલે છે આસન ફરી ફરી એ
તેહ સમે ચરણારવિંદને નિરખું પ્રેમે ભરી એ ૧૫૯૦।

કે૦ સમેજંઘ તલે દીપ્યા તેલનું દરશન હોએ એ
સુક્ષમ દ્રષ્ટિ નીચી કરી અવિલોકે સહુ કે૦એ એ ૧૫૯૧
કે૦ સમે જાનુ જંઘા ઉભય ચરણ ઉભા ધર્યા એ
અંગુલીદલ ને નખમણી જુત પરમ શોભા ભર્યા એ ૧૯૨
એણીપેરે અનેક પ્રકારે એસી ચટાઈ જ્યાંહાં એ
ચરણારવિંદનું ચરિત્ર કરે છે બહુ ત્યાંહાં એ ૧૯૩
વલતા પધાર્યા ભોજનને ચરણ ધરણી ધરી એ
એહો પર અભિનવ ભાંતે સ્વતહથી કૃપા કરી એ ૧૯૪
ચાલ્યાની ચપલતા જોઇયે કે જોઈયે અંગુલીદલ એ
ઝલકતા તલ જોઈએ તેહ સમે કે લંકનો બલ એ ૧૯૫
એડી અનુપમ જોઈયે અરૂણ આભા ભરી એ
ઘુંટીય ઘાટ સુઘાટને નિરખીયે ફરી ફરી એ ૧૯૬
ચરણ ચમકતે ચાલીને ભોજનશાલા છે જ્યાંહાં એ
ભોજન કરવા પધાર્યા પ્રમુદિત થઈ ત્યાંહાં એ ૧૯૭
પીઢે બેઠા તેહ સમે શોભા પાદાંબુજ તણી એ
લાગે છે લલિત લોકોતર પરમ સોહામણી એ ૧૯૮
ચોકમાંહાં પીઢે બેસીય અચવ્યા જોણે સમે એ
વહુ બેટીને ચરણામૃત આપ્યું તેણે સમે એ ૧૯૯
તે જમણુ ચરણ ઉંચુ કરીય કટોરા ઉપર ધરી એ
ઉપરથી જલ નામી કટોરો આપ્યો ભરી એ ૧૬૦૦
તેહ સમે ચરણની શોભા સૌભાગ્યવતા બહુ એ
જુએ જુગતે કરી કરીય જે અડીંય ઉભા સહુ એ ૧૧
ભોજન કરી અચવીને બેઠક માંહે આવીયા એ
ચોકીયે બેઠા તે ચરણ લાંબા કરી ભાવીયા એ ૧૨
સનમુખ સહુ ભકત વિલોકે છે રસ ભર્યા એ
ચરણારવીંદ કૃપા કરીયને સનમુખ કર્યા એ ૧૩
સુર્ય કિરણ નખ કિરણસું આવી એકત્ર હવા એ
રશ્મીના કિરણ થકી તે ઓપે અતિ અભિનવા એ ૧૪
ચરણારવિંદના પ્રપદ્ર તે ઝલકતા સોહીએ એ
કેશ ચલકતા સશોભિતા જોઇ જોઈ મોહીએ એ ૧૫
પીઠ ભુજા ભુજદંડ તે અતિસય ચલકતા એ
મુદ્રિકા નંગ અમોલ તે રાજે છે ઝલકતા એ ૧૬
જ્યોત જગમગીય રહી શ્રી અંગની રાજતી એ
જ્યાંહાં ત્યાંહાં જગમગી રહીય તે પરમ વીરાજતી એ ૧૭
નખ અંગુલીદલ પ્રપદ્ર ને વંક જે ચરણનો એ
રેખા પિંડુરી પદ્ર લંક જે આરત હરણનો એ ૧૬૦૮

નિરખી નિરખી નયણે ભરી હૃદયસું દીજીયે એ
પ્રાણ તણા અભિરામને શું શું કીજીયે એ ।૧૦૯।
વલતા પધારે સેજ ચરણ ચટકાવતા એ
લાંબા ચરણ કરી બેઠા તે પદ લટકાવતા એ ।૧૧૦।
સેવકે ચરણવસ્ત્ર લેઈને પદ પુંછીયા એ
અંગુલી ભીતર વસ્ત્ર સુખદ દાણીને અંગુછીયા એ ।૧૧૧।
ત્યાંહાં કેા ભગવની ભાગ્યભર સેવા પધરાવવા એ
મનોરથે પાદુકા ઉપર ચરણ ધરાવવા એ ।૧૧૨।
આવી ઉભા ત્યાંહાં નિકટ મોદે મુદિત થઇ એ
લાંબા ચરણ જુગ કરીયને પોઢયા છે રસ મઈ એ ।૧૧૩।
વીનતી કરી તે માની ત્યારે પાદુકા લેઇયને એ
ચરણે ધરાવ્યા ધરી રહયા ચરણસું દેઇયને એ ।૧૧૪।
અંગુઠા મધ્ય ભરાવી હલાવી ઉચર્યા એ
ઉદાર રાય શિરોમણી દાન રસે ભર્યા એ ।૧૧૫।
લેહેા કહયું શ્રીમુખે કરીયને તે કૃપા કરી એ
ભકતે ઉરસું લીધાં ધરીને ઉર તે આવ્યા ભરી એ ।૧૧૬।
ગાજતે વાજતે ગાનસું ઘેર પધરાવીયા એ
તેહને હવા મહા મંગલ અતિ મન ભાવીયા એ ।૧૧૭।
કેા લાવી વસ્ત્ર સુખાંબર શ્વેત શેાભા ભર્યું એ
રેશમી તેહ સમારી પાટ સુઘાટ ઘડી કર્યું એ ।૧૧૮।
પ્રાણ વલ્લભના પાદાંબુજ કેશરે લપેટીને એ
વસ્ત્ર ઉપર ચરણારવિંદ રહયા ચપટીને એ ।૧૧૯।
ચિન્હ ઉભય પાદાંબુજ ત્યાંહાં પીંડુરી અંગુલી તણા એ
લંક રેખા ફણા સહિત તે રાજે સેાહામણી એ ।૧૨૦।
તેહ સેવા સર્વોતમ અદય દાન માંહાં એ
કરૂણા ભરીયને ભકતને સેવા આપી ત્યાંહાં એ ।૧૨૧।
પનહી મેાજા તણીય તે રહીયે જે સેવા કરે એ
સ્વરૂપ રસે ભર તેહના સર્વ કારજ સરે એ ।૧૨૨।
સમે રામે સેવા ચરણની આપે મુદિત થઇ એ
ચરણ વસ્ત્રની આપે વલી નિજ સ્વરૂપે મઇ એ ।૧૨૩।
તેહ હવા કૃત્ય કૃત્ય અવશિષ્ઠ રહયું નહીં એ
તેહની શત તિસ્ના અકૃતાર્થ કેાએ ન રહ્યું અહીં એ ।૧૨૪।
એહ સેવાથી જગત કૃતાર્થ વલી હેાએ એ
નમન અનુશરણ સનસુખ માગે પહેાંચે રહી એ ।૧૨૫।
એહ ફલશ્રુતિ કહેવાનું સામર્થ ન કહેને એ
તેહ લહે એહ પ્રકાર જણાવે પ્રભુ જેહને એ ।૧૨૬।

એમ પદ પંકજનુ તે ચરિત્ર પોતે કરે એ
સ્વકીયને પરમ સોહાગે ભરી નિજ રસે ભરે એ ।૬૨૭।
પોઢયા સુખદ સુખસેજડી સુખસું નિંદ્રા કરી એ
સમય ઉથાપને ઉઠીયા વ્હાલો વેગા ફરી એ ।૨૮।
અરૂણ ચરણ જુગ જોઈ જોઇને નયણા ઠરે એ
ચાલતા ચટકીલી ચાલે તે પરમ આનંદ ભરે એ ।૨૯।
ચરણ ક્ષાલણ કરી ફરીને ભકતસું પરવર્યા એ
ગાદી તકીએ પધારીને બેસે છે રસ ભર્યા એ ।૩૦।
ચરણવસ્ત્રો ચરણારવિંદ તે પુંછન કર્યા એ
વલતા પાદાંબુજ લઇને ગાદી ઉપર ધર્યા એ ।૩૧।
કેા સમય ઉભય પાદાંબુજે ઉલટ ભેરસું એ
બેઠા પદ્માસન વાલી સુખાલી સુપેરસું એ ।૩૨।
કેા સમય વામ ચરણ તે ગાદીસું પરસ કરી એ
દક્ષિણ પદ અધ ભાગ રાખ્યેા તીરછેા ધરી એ ।૩૩।
તેહ પદાંબુજ ઉપર કર જમણેા ફેરે એ
પ્રેમવતાને પ્રમેાદસું પ્રણયે પેાષણ કરે એ ।૩૪।
એમ ઉભય પદ જમણી દિશાએ સનમુખ કરીને એ
બેઠા છે પરમ ઉત્સાહસું આનંદ ભરીને એ ।૩૫।
ડાબા પાદાંબુજ તલ તણુ દર્શન સમ્યક હેાએ એ
નખથી બેડી પર્યંત તે નિરખે છે સહુ કેાએ એ ।૩૬।
લાલિમા લલિત લસી રહી જયેાતમાં જગમગી એ
રેખા રસીલી રસેામઇ એક એક માંહાં પાગી એ ।૩૭।
કેા નિરખે નખમણી મનેાહર રાજતા એ
જયેાતિ જગમગી રહી અરૂણ શુભ્ર ભ્રાજતા એ ।૩૮।
કેા નિરખે અંગુલી પુટ ઉતરતીને એ
ને વલી નિરખે છે રેખા અંગુલી ફિરતીયને એ ।૩૯।
કેા ઉર્ધ્વ રેખા ઉલ્લહી રહી અંગુષ્ટ તલે થકી એ
આવી મલી બહુ રેખા માંહાં તે રહયા તકી એ ।૪૦।
કેા નિરખે ફણા ફરી ફરી દ્રિષ્ટમાંહાં ભરી એ
ત્યાંહાંના અલંકૃત જોઈ જોઇ રાખે હૃદય ધરી એ ।૪૧।
કેા રેખા કૃપામૃતે ભરી અરૂણતા માંહાં પગી એ
રહી રસીલી તે ભાંત તેજ માંહેં જગમગી એ ।૪૨।
તે માંહેં વિગત કરીયને વિલેાકે વિહવલપણે એ
જેહને જયાંહાં જેયાને રસ છે ત્યાંહાં નિરખે સાદરપણે એ ।૪૩।
લંકને કેાઇ નિશંક થઈ નિરખે વલી એ
એહ શેાભા અવિલેાકતા પેાંહેાંચે છે મન રલી એ ।૬૪૪।

ભાંત ભાંત તણી રેખ તે વિવધ પ્રકારની એ
સ્વરૂપનુ દાન દાએક એહવી પરમ ઉદારની એ ૧૬૪૫।
તે નિરખે નયણા ભરી ફરી ફરી ભાવતી એ
શોભા ભમી રસ ભરી ભર સુખ ઉપજાવતી એ ૧૪૬।
પીંડુરી અરૂણ રંગે રંજીત તે ત્રપત્રયે તેજ માંહાં એ
ઉભી રેખા અધ ભાગથી ઉર્ધ્વ રહી ત્યાંહાં એ ૧૪૭।
કોમલ મૃદુલતા તણી સીમા ન કહી થડે એ
શોભા કેહની કહી દીજીયે સમોવડ નવ જડે એ ૧૪૮।
કો નિરખે ભાગ્યવાન તે એહવી પીંડુરીને એ
નયણે કરી રૂપ પાન રાખે ઉર ધરીયને એ ૧૪૯।
જમણા ચરણ તણી ધુંટી પીંડુરીનું દરશન હોએ એ
તેહ શોભા જે સોહામણીને નિરખે કોએ એ ૧૫૦।
અલતો અંગુલી અધ ભાગ અનુરાગસું નીરખતા એ
મલી મલી પરમ સોહાગીયા અતિસય હરખતાં એ ૧૫૧।
કયાંહાં લગી કહું એ શોભા ભાગ્ય નીરખણહારના એ
ભામણા લેઉં વાહાલાજીના એ રસે અંગીકારના એ ૧૫૨।
એ રસે કર્યો અંગીકાર તે નારનું શું કહું એ
તેહના ભાગ્યનો પાર હું અણુ તે નવ લહું એ ૧૫૩।
તેહની દ્રષ્ટિ સ્વરૂપ માંહાં રહે છે રેખા લગી એ
પ્રતિ અંગે રોમ રોમ પ્રતિ જે રહયા પગી એ ૧૫૪।
તેહની વયાર લાગેથી જગત કૃત્ય કૃત્ય હોએ એ
તેહનુ ભાગ્ય સરાહીને કહે કયાંહાં લગી કોએ એ ૧૫૫।
એણીપેરે ચરણારવિંદનુ દરશન થાએ છે એ
આંગણુ ને આસપાસના નીરખી અધાએ છે એ ૧૫૬।
એક ટકે રૂપ રસાલ એ ચરણ કમલ તણુ એ
કમલનેત્રા નિરખે છે નયણ ભ્રંગી થયા પરમ સોહામણુ એ ૧૫૭।
કો સમે લાંબા ચરણ કરે ઉતર દિશ ભણી એ
તેહ સમે શોભા સી સી કહું ચરણારવિંદ તણી એ ૧૫૮।
કો સમે જમણુ પાદાંબુજ ગાદીએ પરસીને એ
વામ ચરણને ચરણ પર રહે સુખ વરસીને એ ૧૫૯।
છોટા તકીયા તણી ઓટ ઉપરે ખા ખસી રહયેા એ
ધોતી પલ્લવ પરસ્યેા તે ન ભાવ જાએ કહયેા એ ૧૬૦।
એણીપેરે ચરણ આછાદીયા દરશન હોયે નહીં એ
ઉંચા નીચા તિરછા રહી નીરખે છે કો કહીં એ ૧૬૧।
સંધ્યા વંદન સમે આગમ વાહાલોજી ત્યાંહાં થકી એ
ઉઠી ભીતર પધારે છે એઠક માંહાં થકી એ ૧૬૨।

તેહ સમે ચરણના વસ્ત્રણ વિસ્તારીએ ચાલતા એ
ચપલતાસું જે ચાલે અને ડગ ભરે મહાલતા એ ૧૬૩।
ભીતર પધાર્યા જલઘરે સંધ્યા વંદન કરે એ
પીઢા નીચે ધર્યા ચરણ તે નિરખી ઉલટ ભરે એ ૧૬૪।
ફરી પાએાધારીયા બેઠકે દીપક જયેાતસું એ
ચરણ ધરણી પર ચમકાવતા ધરે ઉદ્યોતસું એ ૧૬૫।
પ્રેમાભિશરણે કેા ભકતને ઘેર પધારવા એ
તેહ સમે ચરણ ચંચલ હેાય પ્રેમ વધારવા એ ૧૬૬।
લટકતા આવીને ગાદીએ બેઠા ગેાકુલ ધણી એ
ચરણારવીંદને નિરખે છે સભા સેાહામણી એ ૧૬૭।
કેામલ ગાદી પાદાંબુજે જાએ નમી કરી એ
બીજું પાદાંબુજ ધરતાં નમે ને ધરે ફલી એ ૧૬૮।
તેલ સેજયાનેા સમે થએ ઉડી ઉભા થયા એ
ગાદી ઉપર ચરણારવીંદ ડગમગી રહયા એ ૧૬૯।
વલ્લતાં પધારીયા તેલની સેજ રચી જયાંહાં એ
ચરણવસ્ત્રે પેાંછી ચરણ ને પેાતે પેાઢયા ત્યાંહાં એ ૧૭૦।
ચરણારવીંદ પંગત દીસ સુધી લાંબા કર્યા એ
ભગવદી ભાગ્યવાન તે નિજ કરમાંહાં ધર્યા એ ૧૭૧।
શીષ છેાડાવી ચરણ પર તેલ ઔસધ તણુ એ
લેઇ અભ્યંગે છે ચરણ કરે કરીય કેામલપણે એ ૧૭૨।
તેલ હથેલીસું મીંડીને પીંડુરી મરદે વલી એ
અંગુઠા અંગુલીયમાં પ્રવેસીને અંગુલીએ એ ૧૭૩।
જેમ જેમ પરસ ચરણ તણેા હેાયે છે ભકતને એ
પુલકી પુલકી રેામાંચિત હેાય અતિ અનુરકતને એ ૧૭૪।
ગદગદ કંઠ રેાકી રહે મન તણુ મન લહે એ
ભાગ્ય સરાહે પેાતા તણુ ને કેને કહે એ ૧૭૫।
મેાદ ભર્યા ભાગ્યવાન તે તેલ લગાવતાએ એ
ચીન્હ ચરણ તણા નીરખે છે પેાતાના ભાવતા એ ૧૭૬।
દીપકની જ્યેાતે ઉદ્યોત ચરણ નખમણી તણી એ
તેલની ચાકચક્યે કરી રાજે સેાહામણી એ ૧૭૭।
તે નિરખે સહુ ભકત વીગત કયાંહાં લગી કહું એ
બુધ્ધી તણે અનુરેાધ તે કેહી પેરે કહું એ ૧૭૮।
તેલથી પેાહેાંચી પરમ ધન ઉઠયા ઉલટ ભરી એ
ચરણારવિંદ નીચે તે આણીને ચેાકી ધરી એ ૧૭૯।
ચેાકી ઉપર ધર્યા ચરણ વાહાલેજીએ તેહ સમે એ
ત્યાંહાં ભકત બે આવી બેસીયને ચરણે નમે એ ૧૮૦।

તેહ લગાવે તેલ ચરણ પરસીયને એ
નિકટ ઉભા જે કેા ભકત હરખે દરશીયને એ ૧૬૮૧
વલતાં ઉડયાને સમય તે ચોકી પહરી કરી એ
ઉઠી ઉભા થયાં તેહ સમે આણી પનહી ધરી એ ૧૮૨
પેહેરી પનહી અને લટકતા ગડુઆ કથલે જઈ એ
વલતા પનહી ધરી ભીતર પધાર્યા રસ મઇ એ ૧૮૩
ક્ષાલી ચરણ બેઠા ફરી નિરખીયે તે ધન્ય ઘડી એ
વલતા પધારીયા વેગ જ્યાંહાં સેજયા બડી એ ૧૮૪
ચરણવસ્ત્રે પોંછી ચરણ ચોકીએ ચરણ ધરી એ
ત્યાંહાં ભગવદીય તલાસે છે પ્રેમે ઉલટ ભરી એ ૧૮૫
એહ સમે સેવા પધરાવવા મનોરથ જે કરે એ
તેહના મનોરથ તેહ સમે અધિક પુરણ કરે એ ૧૮૬
ચરણારવીંદ છેાહવાને કેા ભગવદી મોદસું એ
અભિલાખ ધરી મનમાંહેં આવે છે પ્રમોદસું એ ૧૮૭
તેહ એ ચરણ પરસીને મનોરથ બહુ કરે એ
વાહાલેા રસાનંદ દાએક આનંદ રસે ભરે એ ૧૮૮
પોઢયા પછીનું ચરિત્ર વિચિત્ર કારણ મઈ એ
અનુભવ વિન હું અયેાગ્ય વીસદ કહું શું કહી એ ૧૮૯
પોઢયા પછી અબીશરણનું કારણ અભિનવું એ
તે માંહાં ચરણ તણુ ચરીત્ર તે નિરખીયે નવનવું એ ૧૯૦
એણીપેરે નિત્ય બિરાજે છે પદ જુગ અવિચલ એ
જુગ જુગ રાજ કરેા સદા ભકતનું મહા ફલ એ ૧૯૧
ચરણારવીંદનું ચરિત્ર કહેવા કેા સમર્થ નહીં એ
એ પદ રજને પ્રતાપે સુચનિક કીધી અહીં એ ૧૯૨
એણી સુચનિકાએ કરીયને અનુભવી સહુ કેાઇ એ
ભાવ સમાન પુરીત હસે લેખને એ જોઇ એ ૧૯૩
એક એક ભકતને ભાવ અનેક પુરયા રહે એ
ભાવ સમાને સહુ કેાઈ અનુભવ કરી લહે એ ૧૯૪
ભાવ ભીન્ને અનુભવ ભીન્ન ન્યારા ન્યારા તેહ એ
એમ કરતાં અનુભવનેા સમુહ થાએ એહ એ ૧૯૫
એણી પેરે એહ સૃષ્ટીએ અનુભવ કર્યો નીતનવેા એ
એહ સ્વરૂપ સેાહાગ બલે અતિ અભિનવેા એ ૧૯૬
મેં એક માહારેા અનુભવ બુધ્ધી અનુસારનેા એ
જેહવી એ જોગ્યતા માહારી છે તે અધિકારનેા એ ૧૯૭
તે માંહેં ભાવ અક્ષરે ચઢયેા તે લખ્યેા અહીં એ
તેા મહા અનુભવી સદપાત્રને રીઝવું શું કહી એ ૧૯૯૮

એણીપેરે એહ સ્વરૂપનું શીષ થકી નખ લગી એ
અંગ અંગનું નીતચરીત્ર કહ્યું એ રસે પગી એ ।૬૯।
પ્રથમ માંગલ્યે શીખા થકી ઠોડી લગી કહ્યું એ
બીજે ગ્રીવા થકી કર લગી કહ્યું જેહવું લહ્યું એ ।૭૦।
એણે માંગલ્યે ત્રીજે હૃદયથી ચરણારવીંદનું એ
અપાર અથાહ સમુદ્ર માંહાં કહ્યું એક બીંદુનું એ ।૧।
એ ત્રણેય માંગલ્યે ત્રિવિધાત્મિક ભકત નિરોધને એ
કહ્યું કારણ મઈ એહ પ્રમેય પ્રબોધને એ
ગ્રંથ એ "સ્વરૂપ રસાવલી" આવલી અંગની એ
વિવરણ કરી વિસદ કરી મહા રસ રંગની એ ।૩।
ગાસે સુણસે ને સુણાવસે જે ચિતમાંહાં ધરી એ
સ્વરૂપનું દાન તેહને હસે પ્રમેય રસે ભરી એ ।૪।
કરૂણા આણી કરૂણાલ કૃપાલ રસમાંહાં ભરી એ
દાસ ગોપાલને સાણવો એ રસે ફરી ફરી એ ।૫।
આગલ મનોરથ એક સ્વરૂપ નીત ચરીત્રનો એ
પ્રાતથી પોઢયા લગી તે પરમ વીચીત્રનો એ ।૬।
કહેવરાવસે કરૂણા કરી સ્વતહ કૃપા કરી એ
તો કાંઈ કહેસું આગલને પ્રસંગે ઉલટ ભરી એ ।૭૦૭।

ઇતી શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ
બ્યારાના ગોપાલદાસ વિરચિતં
અંગ અંગનુ નીત્યચરીત્ર
માંગલ્ય ત્રીજું સંપુર્ણ ।

માંગલ્ય – ૪

પ્રથમ માંગલ્ય ત્રણે અંગ અંગનું નિત્ય ચરિત્ર લખ્યું
હવે આ માંગલ્યથી સમગ્ર સ્વરૂપનું નિત્ય ચરીત્ર લખીએ
'બાહેર બીજી વાર પધાર્યા' તે જાતે ગવાસે

શ્રી ગોકુલેશ ગોકુલમણી ગુણ નિધી જીવન પ્રાણ આધાર
પ્રાણ પ્રીય પ્રાણાધિક સર્વસ્વ વારૂં કોટિક મા૨ ।૧।
સુંદરતાનો સમુહ મોહતો મન અભીરામ
સોહતો સલુણો સોહાગ ભર પ્રેમદા પુરક કામ ।૨।
પ્રેમદાન દાયક પ્રેમદાને નાયક પરમ વરેસ
નખથી શીખ શિખથી નખ પર્યંત અંગઅંગ પરમ સુદેશ ।૩।
કેશ સચીકણ સરલ સોહતા મોહતા મનસિજ રૂપ
અંબોડો લટકાસું લટકી રહ્યો તે પરમ અનુપ ।૪।
લલિત લિલાટે તિલક કેશરનું લસી રહ્યું શુભ રીત
મધ્યે શ્યામ રેખ શુભ સોહતી નિરખીએ કરી બહુ પ્રીત ।૫।
ભોંહ વંક નાશીકા નિરૂપમ ઉપમાને નહીં આન
મુછ તણી શોભા પરમ જોઈ અને કેહેને કરૂં સમાન ।૬।
નયણ અધીર કરે ધીરાને રતિ પીડા ઉપજાવે
પરમ ચપલ તીક્ષ્ણ અણીઆલા પ્રતીક્ષણ દીઠા ભાવે ।૭।
સુધા ભરીત કરૂણાલ દયા ભર રસ ભર દાન વરેશ
આદરમાન ભર્યા ગેહેરે ગુણ એહવા નયણ સુદેસ ।૮।
કરણ અંગ વરણે ને વિવરજીત સદા સોહતા રાજે
કે૦ સમે મુકતામણી વિભુષિત પરમ મનોહર બ્રાજે ।૯।
અધર અરૂણ રંગે રસ પુર્યો પ્રમુદિત પરમ ઉદાર
નમીય નવલ ગતિસું સનમુખ થઈ આવ્યો રસને ભાર ।૧૦।
વાણી મધુર વિલાસ વિલસતા મુસકાતા મૃદુલ બોલે
મુખ વિકસિત ને ફરકતા અધર કરૂં કોણ સમતોલે ।૧૧।
ગલ સ્થલ શુભ ઉભય શોભતા લોભતા લોભાયમાન
પરમ ગૌર અરૂણાઈ લીધે ઉનમત કરવા દાન ।૧૨।
ઠોડી ને ગ્રીવા ગુણ નીધીની રીધી સમુહ રસ રાસ
લટકની માંહે લલિત શોભા જુત પુરે સહુની આસ ।૧૩।
માલા તુલસીની દુલરી તે કેશર રંગે પાગી
તેલાભ્યંગે સચીકણ સોહતી મોહતી અતિ અનુરાગી ।૧૪।
સંગે ગુંજા માલ મનોહર મધ્ય અરૂણ મધ્ય સેત
એ શોભા ઉપર વારૂં હું તન મન પ્રાણ સમેત ।૧૫।

ભુજદંડ કરતલ કરપલ્લવ નખમણી પરમ ઉદ્યોત
અંગુલીદલે અંગુઠી રાજે તેહની અદ્‌ભુત જ્યોત ।૧૬।
ઉદર કટિ નાભી જંઘ જુગ જુગલ જાનુ જુગ ચર્ણ
એડી ક્રણા અંગુલી શુભ નખમણી ભક્તની આરત હર્ણ ।૧૭।
પદતલની રેખા રસ પુરીત રંજીત રસ અભીરામ
ધ્વજ વજ્ર અંકુશ પંચ બાણ જુત અભીનવ પુરક કામ ।૧૮।
ધોતી ધરી સેત બાસાની ઉપરેણો એક રૂપ
એકત્ર કરી હમેલે રાખ્યો સુંદર ગોકુલ ભુપ ।૧૯।
એહ સ્વરૂપ જોઈ ઉરમાંહાં લેઈયને વલી ચરણે લાગી
ચરણ રેણુની પ્રાર્થના કરી મનમાંહાં અતી અનુરાગી ।૨૦।
એહનું નિત્ય ચરિત્ર અતિ નિરૂપમ કહું છું કરી વીચાર
સ્વરૂપ રસાવલી ગ્રંથના માંગલ્ય થાસે એ સુચાર ।૨૧।
પ્રથમ ત્રણ માંગલ્યે પ્રતિ અંગનું નિત્ય ચરિત્ર જે સાર
પ્રથુક પ્રથુક કરી બુધ્ધી અનુસારે કીધો છે વિસ્તાર ।૨૨।
હવે આ માંગલ્યે સર્વ અંગનું શ્રીઅંગ જે સુખ ધામ
શીખથી નખ પરજંત નિરૂપમ અંગ અંગનો વિશ્રામ ।૨૩।
તે એકત્ર કરી અને સર્વ અંગનું શ્રીઅંગ પ્રગટ સ્વરૂપ
સાંપ્રત્ય રૂપ પ્રમેય જલહલતું સુંદર પરમ અનુપ ।૨૪।
એહનું નિત્ય ચરીત્ર કહું છું વર્ણન સ્વરૂપ સહીત
કેવલ નિરાવર્ણ નિરૂપાધિક કલ્પીત ભાવ રહીત ।૨૫।
યથાર્થ જેહવો મેં અનુભવ કીધો છે સાંપ્રત
તેહ કહું કરૂણા જાચીને જાંહાં માહારી બુધ્ધી છે રત ।૨૬।
અનુભવ કહું છાયા માત્રે અનુભવીને ચરણે લાગી
ભાગ્યવાન ભગવદી રસ પાત્રની કેવલ કરૂણા માગી ।૨૭।
એહ બલે બલ સુચન કરીયને ભરી પરમ અનુરાગ
કહું છું ચરિત્ર ઉભય અભીનવ રસ મહેદ કૃપાને સોહાગ ।૨૮।
એ ચરીત્ર ભગવદીએ ભાગ્યભર આપાપણે સોહાગે
કહયું છે વિવરણ કરી કરી અને પ્રમુદીત અતિ અનુરાગે ।૨૯।
વિવિધ પ્રકારે વિસ્તારે કરી જેમાંહાં ભાવ અનેક
સ્વરૂપાત્મક અને સ્વરૂપ રસે ભર કયાંહાં લગી કહું વિવેક ।૩૦।
તેહની છાયાને અનુસરીયને મેં પણ ઉદ્યમ કીધો
તેહની કરૂણાને બલે કરીયને મારો મનોરથ સીધો ।૩૧।
નમન કરીને નૌતન રસમું અનુપમ એહ ચરીત્ર
જે છે સ્વરૂપ રસિકનું સરવસ તે કહું પરમ વિચિત્ર ।૩૨।
શ્રી ગોકુલમાં ભકત સહિત જે લીલા કરે પ્રકાશ
તે લીલા ઉપયોગી આવે છે કરી અને દરશન આશ ।૩૩।

પ્રાણ પ્રભુ જાગ્યાથી પહેલા ઉઠયા આરત ભરી
મહા રસના ભોગી ભગવદીઅનું કહું કાંઇ વિસદ્દ કરી ૧૩૪।
એ રસના અનુભવી અભિલાષી એ રસના રસ પાગ
એહ રસે સરવાંગ ભરીત છે પરિપુરણ સહુ ગાત્ર શરીર૧૩૫।
એ રસને હિતે પ્રગટ હવા છે સ્વરૂપ સંયોગી નીત એ
એ રસના દાતા ભોકતા જે વિશ્વહુ એહ નિમિત શરીર૧૩૬।
એહવા સ્વકીય વૃંદ સોહાગી અનુરાગી રસ રૂપ
આરાધનીય ભજનીય સર્વાત્મિક જેહને ગોકુલ ભુપ ૧૩૭।
જે સમાજ સર્વોપર અતિ તરવર વરેન્દ્ર અભીલાષી ઉપર
સ્વ પ્રગટિત સ્વરૂપ સમ શુભ કર રહ્યા સ્વતઃ રસ ચાખી રાખી ૧૩૮।
પરમ સોહાગી અતિ અનુરાગી ભાગ્ય સમુહની રાસ
જે અનુદિન વલ્લભ રસ વિલસે ભરી અંતર ઉલ્લાસ ૧૩૯।
શ્રીઅંગ સંગી અતિ ઉપયોગી સંજોગી સુખ રૂપ
રૂપ રસે પાગ્યા પરભાવિધી એહવા ભકત અનુપ ૧૪૦।
નિપુણ નેષ્ટીક પ્રેષ્ટ પરમ ધન તન મન પ્રાણ સમેત
સાધન રહીત ફલોદય જેહ ને પ્રગટ પ્રણય નિરહેત ૧૪૧।
સ્વરુપ વિના સ્થિતિ નહીં જેહની આયુષ ભુત સ્વરૂપ
અન્યાવરણ રહીત રસ માતા રાતા એણે રૂપ ૧૪૨।
ધર્મિને ધર્મે રતિ અહર્નિસ ધર્મીસું અનુરકત
જેહના ધર્મ ધર્મી ઉપયોગી એહવા ધર્મીષ ભકત ૧૪૩।
આપ સુખારથ સ્વરૂપ સ્વતઃ સ્વારથી સૃષ્ટિ જે પ્રગટી સંગ
રમણ અર્થ રસ ભોગને અર્થે સીધ કરી સમ અંગ ૧૪૪।
સુખ સમુહ આનંદદાયની તે માંહાં વિવિધિ પ્રકાર
સ્વરૂપાત્મિક રસે રસ વિલાસની થાય નહીં વિસ્તાર ૧૪૫।
સ્વરૂપાસકત રૂપ રસ વેધી એ દરશ અભીરામ
જીવન સંપન્ન એ દરશનથી નિશદિન આઠો જામ ૧૪૬।
દેહ ગેહ અને વીવીધી વિષય સુખ કુલ મર્યાદા લાજ
ત્યાગ કર્યો જેણે સહુ પ્રકારનો એ દરશનને કાજ ૧૪૭।
એહવી ભકત સૃષ્ટિ બહુ વરણી ભરણીય દાન અનેક
વિવિધ વિલાસ રસે આચરણી કયાંહાં લગી કહું વિવેક ૧૪૮।
એહના શુધ્ધ કૃત્ય લક્ષણ ભાવનો અગણિત છે વિસ્તાર
શેષ તણે સામર્થે કહું પણ કહેતાં નાવે પાર ૧૪૯।
એહ સહુ પ્રથમ રાત્રના દરશન કરી કરી આવ્યા ધામ
તે સ્વરૂપ રાખ્યું ઉરમાંહે અંતર અતિ અભીરામ ૧૫૦।
કેા સુતા કેા જાત રસે કેા વીપ્રયોગ રસમાંહાં
કેા સ્વપ્નને કેા આરતે ચોંકી ચોંકી ઉઠે ત્યાંહાં ૧૫૧।
સ્વરૂપ

એણી પેરે બહુ ભાંત જુત રયણી સવેં કરી વ્યતીત
પ્રાણ પ્રભુ જાગ્યાનો સમે લેઇ ઉઠયા નીતની રીત ૧૫૨।
સત્વરતાએ ઇરશારત જુત વેગા વેગા ધાએ
સમય તણી સંભાલ નહીં અને હૈયડે હરખ ન માય ૧૫૩।
કેા તાં નિપટ સવાર ઉઠયા તેમજ અચાનક ધાયા
રાત્ર તણુ નિર્માણ ન જાણે વીરહતાએ વેધાયા ૧૫૪।
મુખ્ય લદાવ તણે દ્વારે ગયા ભીડયા દ્વાર દીઠા તેહ
રાત્ર ઘણી જાણી અને વલીયા આરત ભરીયા એહ ૧૫૫।
કેાઇ અચાનક ઉઝકી ઉઠી ધાયા તતકાલ
અંગ વસ્ત્ર ને આભુષણ કેરી રહી નહીં તે સંભાલ ૧૫૬।
મેહ કીચ ને શીત ભય વયાર અંધિયારી જે રાત
એહેાને કાંઇ બાજેજ નહીં જે હેાએ નાના ભાંત ૧૫૭।
દેહાધ્યાસ પ્રાણ ને મન છે તે તેા પહેલા જઇ
પ્રાણ પ્રભુને સનમુખ પહેાંચ્યા થઇ રહયા સ્વરૂપ મઇ ૧૫૮।
અહીં દેહ માત્ર આરત ઉતકંઠાએ એંચ્યેા આવે એહેાને।
એહને કેાણ અવસ્થા વ્યાપે સેહેજ નિડર ભય કેને। ૧૫૯।
કેાઇ એક કાજના સાજ લેઇ લેઇ નિકટવરતી જે વહેલા
આગલથી વેગા જાએ છે શ્રીજીના ઉઠયા પહેલા ૧૬૦।
તે જેહેા ઉપર કૃપા કરે તેહને સાદ કરી જગાવે
તે બીજા સંગીયેાને જગાવી સાથે લેઇ આવે ૧૬૧।
એમ પરસ્પર ભકતીપાણે સાદ કરીય બેાલાવે
કેા સેહેજે સુતા નથી તે તેમજ ઉઠી અને આવે ૧૬૨।
જે જેમ ઉઠે તે તેમ ધાએ રહે ન કેહને કાજ
પતિ પરીવાર ને ગેહ ગુરૂજનની તૃણ વત કરી અને લાજ ૧૬૩।
ગુરૂજન ગુરૂજનને મેલેથી પુરૂષ પુરૂષને ભાવે
બાલ વૃદ્ધ સહુ કેા આરત ભર દરશન કરવા આવે ૧૬૪।
સ્વરૂપ રસે આકર્યા સહુકેા પેાતે ભાવ સમાન
જેહવું વરણ કર્યું વહાલેજીએ ને જેહવું જહાં દાન ૧૬૫।
તેહવી આરત ઉતકંઠાએ આવ્યા સહુ કેા ધસીય
કેા આવ્યા કેા આવતા જાએ ભીડ થઇ રસ મસીય ૧૬૬।
પ્રથમ લદાવને દ્વારે આવી બેઠા સહુ ત્યાંહાં
જે આવે તે જાએ બેસતા ઉલી ગલીય છે જયાંહાં ૧૬૭।
બીતર બત્રાસજી ઉઠીને કરવા લાગ્યા કાજ
દીપક જલ તાતા ગડુઆના મંદિરના સહુ સાજ ૧૬૮।
તેહવે દ્વારપાલે ઉઘાડયા દ્વાર લદાવના આવી
ત્યાંહાં સહુ કેા ધસી દ્વારે આવ્યા તેહને શીક્ષા કરી સુભાવી ૧૬૯।

પ્રાણ પ્રભુ સેજ્યા પોઢયા છે આહાટ મ કરશો કોઇ
ધીરા થઇ સિંધદ્વારે જનો બેસજો સ્થલ જોઇ જોઇ ૧૭૦।
તે અનેક જુથ અસમાતા લદાવે ઘસીયને આવ્યા સર્વ
સંકોચ મોદ આરત દરશનની સૌભાગ્યનો વલી ગર્વ ૧૭૧।
સેજ સોહાગ ભરીય સુશોભીત ત્યાંહાં સુખરાસ પોઢ્યા
મોરનલાલજી સમય જોઇય સોહાગી આવ્યા કરીયને દરશન આશ ૧૭૨।
તે સહુ સિંધદ્વાર ને લદાવે પ્રસાદી જે ભંડાર
જત ઘરને દ્વારે અટકયા છે બાલ વૃધ્ધ નર નાર ૧૭૩।
પરસ્પર સાને તે શીખવે આહાટ મા કરશો કોએ
ખાંસી છીંક તણા પ્રતિબંધની જો આશંકા હોય ૧૭૪।
આંહાંથી અલગા ઉઠીને તેહ તાંહાં નિવર્તી આવે।
ઉંચે સાદે કોએ મા બોલો મનમાંહાં વાત સમાવો ૧૭૫।
વલી માંહોમાંહાં એણીપેરે વરજે ભુષણના ઝણકાર
સહેજે કોઇ થાવાજ મ દેશો જાગસે પ્રાણ આધાર ૧૭૬।
પોતે સરૂઆ છે કરણે અને આભરણ નાદે સધ
જાગીને વિહવલ થઈ ઉઠે લેઇ એ રસ અણવધ ૧૭૭।
જે કોઇ નૌતન આવે તેહને વરજે આગલ જઈ
ખાંસી છીંક આહાટ કોઇ મ કરશો એમ શિખામણ દેઇ ૧૭૮।
વાહાલોજી નિંદ્રાવસ જાણી આણી મનમાંહાં નેહ
સંકુચાઈ સાવધાન થઇય ને મૌન ધરી રહયા એહ ૧૭૯।
તે ભાવ પ્રથુક નૌતન વિધી વિધિના સુચવે મનમાંહાં સહુઅ
નવ રસ રસ વાચી અને વલી વિપ્રયોગના બહુઅ ૧૮૦।
તેહ પ્રથુક અવસ્થા જુત કહેતા થાએ બહુ વિસ્તાર
વિસ્તારે માહારી બુધ અનુસાર કહેતા નાવે પાર ૧૮૧।
અગણિત સૃષ્ટિ માંહાં પ્રતિ એકના અગણિત ભાવ પ્રકાર
તેહ પ્રથુક ન્યારા કરી કહેતા થાયે બહુ વિસ્તાર ૧૮૨।
તે માટે સંક્ષેપે સુચન કીધું કરી વિચાર
ભકત દ્વારે બેઠા તે કરે છે પ્રબોધ તણા ઉચાર ૧૮૩।
મીઠા મધુરા શબ્દ સુખાવહ સુણતા રતિ ઉપજાવે
કામોદબોધક બોધક રસના વાચી વાહાલાજીને ભાવે ૧૮૪।
જેહ માંહાં નિજ આરત સુચનીકા સેનોથીતનું રૂપ
વિલસ્યાની વિકલતા સુચવે એહવા વચન અનુપ ૧૮૫।
મંદ ઘોર સ્વરે અતિ મૃદુ વાણી પ્રણય પ્રગટ સુખરાસ
પ્રીયને કરૂણા રસ પ્રગટાવતા પ્રગટાવે ઉલ્લાસ ૧૮૬।
જે ગોપ્ય ગુઢ સહુથી કરી વિલસ્યા તેહવું પ્રગટ સ્વરૂપ
ભાવ સબંધે કહે સ્નેહ ભર વાહાલો સમજે રૂપ ૧૮૭।

એહ વચને જગાવે વાહાલાજીને રસમાંહાં પાગી પાગી
એ રસ લહેરે નિંદ્રા આવે ને ઉઠે જાગી જાગી ૧૮૮।
તેહ કહું સુચનિકા માત્રે સુચનીકાને કાજ
થોડેથી અનુભવ થાસે સહુ અનુભવી જેહ સમાજ ૧૮૯।
જયતિ અખિલ શુભ દાયક નાયક શુભ કર મહા વરેશ
જે જે શુભ શોભાએ સુશોભિત અંગ અંગ પરમ સુદેશ ૧૯૦।
જયતિ જયતિ રસ રસિક રસોમઇ રસ રસીક નીધાન
રસાવેસ રસ દાયેક રસ વસ રસીક તણુ રસ દાન ૧૯૧।
જયતિ સકલ સુંદરીનું જીવન અંતરનુ અભિરામ
કામોદ્દીપન કામ કૌતિકી કામનું પુરક કામ ૧૯૨।
જે જે અભિનવ કેલિ માંહાં રત રયણી રસે વિલાસી
દાનો દ્રવ દનારથ રતીરસ દાન દાએક રસરાસી ૧૯૩।
જે જે ભોગ્ય વરેન્દ્ર ભોગ્યવર ભોગ રસે મહા ભોગી
ભોગાનંદ આનંદે વીલસે સદા ભોગ સંયોગી ૧૯૪।
જે જે પરકીયાને રસે પ્રમુદીત પ્રગટ પ્રેમ અભિસારી
એહ રસે વસ અહર્નિસે રાતા એ ચરિત્ર પર વારી ૧૯૫।
જે જે મનમથ મથન સુભટ નટ વિદ્યા નવ રંગ
નવ નવ કેલિ કલાએ કુશલ મતિ રતિ દાયકને સંગ ૧૯૬।
જે જે મદન કેલિ મદ માતા રાતા રયણી સંગ
રયણી રસે નયણુ સરસાયાં અલસાયા સહુ અંગ ૧૯૭।
જે જે આલસ જુત જંભા વિકસીત વદનારવીંદ
અતિ વિકલ ને શ્રમિત સુરતાંતે સોહે શ્રમ જલ વૃંદ ૧૯૮।
જે જે ચિન્હ અલંકૃત અભિનવ રાજે અંગ સુદેશ
રતિ સંગ્રામે કામ વિજય કર મહા સુભટ વર વેસ ૧૯૯।
જે જે કરૂણાવાન કૃપાનિધિ ભકતાધાર દયાલ
દરશનીયને દરશન દેવા કરો વેગ સંભાલ ૨૦૦।
જે જે સેનોથીત મંગલ વર મંગલ મઇ સ્વરૂપ
મંગલ નિધિ મંગલ દાયેક એ શ્રી ગોકુલનો ભુપ ।૧।
સેનોથીત સેનારત પુરક ચુરી વિલસ્યારત દુખ
રયણી રંગમગી પાગ્યા જાગ્યા આપી સુખ ।૨।
જે જે જગત તણા અહેલાદક જગત વિમોહક નામ
શ્રી વલ્લભ વલ્લભ સહુ કેહેને વલ્લભાનું અભિરામ ।૩।
અતિસે રસ ભેર ભરીત સેજથી ઉઠયા પ્રાણ આધાર
ભકતે પ્રબોધ કહ્યો તે સુણી અને જાગ્યા તેણી વાર ।૪।
જાગી જગમંગલે જગ મંગલ કીધું મંગલ દાન
માહા મંગલ શ્રી મુખનું સ્વકીયને કરાવ્યું રસપાન ।૧૦૫।

એહવે જલધરને દ્વારે થઇ નિકટવર્તિ જે સમાજ
કાજ હીતે કે૦ સાજ લેઇ કે૦ આવ્યા દર્શન કાજ ૧૦૬।
છાના થઇ જેમ આહાટ ન થાએ પગલું ન વાજે જેમ
એક ઓર અલગા ઉભા રહી દર્શન કરે છે તેમ ૭।
આલસ જુત અંગડાઈ અભીનવ ભાંતે કરી ઉચાર
મદન સયન સયન સુખ દાયક ઉઠયા તેણી વાર ૮।
વસતા ત્યાંહાં વામ દિશે નિહોરાઇ પેાતે પ્રાણ આધાર
શ્રી મુખથી બીડી તષ્ટી માંહાં મુકી તેણીવાર ૯।
સેજ થકી ઓહોરેરા સરકીને ચરણ તે નીચા રાખી
ઇસ ઉપર આવી બેઠા તે શેાભા કહું અભિલાખી ૧૦।
પાગ પેચ પર પીત પેચ પટ લટકિ રહયેા છે સુભાવી
પાગ સુપેચ પેચ જુત કાંઇ એક વામ દિશે ધસી આવી ૧૧।
પેચ મધ્યે આભા જે કેશની કેાઈ એક અભિનવ ભાંત્ય
મધ્યે મધ્યે સેત સુપેચ સેાહતા શેાભા કેરી પાંત્ય ૧૨।
કુંતલ ચુર્ણ કેશ કમનીય શુભ લસી રહયા જે સુભાવી
ફિરતા ફરહરતા ને થરકતા શેાભા કહેતા નાવી ૧૩।
લલિત લિલાટ લાવિમાએ જુત પાગ રહી જંહાં બસીય
તેહના પેચ તણી આભા જયાંહાં અનુપમ રહી લસીય ૧૪।
તિલક રેખ મરગજી કયાંહું રહી તે શેાભા અતિ ભ્રાજે
નયણ વિકાસી તિરછું જેતાં ત્રીવલી રેખા બિરાજે ૧૫।
ભ્રકુટી વિકટ પરમ અણીયાલી વંક વિમોહક રૂપ
જેતાં ભાવ અનેક સુચવે રાજે પરમ અનુપ ૧૬।
અતિ દીર્ઘ ઘુંઘરટયા નયણા તે ઉનિદ્રિત રસ ભરીય
મુંદી મુંદી આવે રસ માતા ને વિકસે ફરી ફરીય ૧૭।
નાસા પરમ સુવાસ લેઇ અને ફણા સહિત અતિ કુલી
અતિ અણિયાલી અરૂણ રંગ જુત કેાણ કરૂં સમતુલી ૧૮।
મુખ સ્વચ્છ મનેાહર અણીઆલી નિરખતા વાલી વાલી
રસ જુત ધીર્ય સહિત ધીરા કે૦ શકે ન આપુ સંભાલી ૧૯।
જંભા જુત પ્રમુદીત મુખ વિકસીત કર ઉલટેા દેઇ ઓટ
રંધ્રે રસના છબી નિહાલું શેાભા કેરી મોટ ૧૨૦।
અધર મધુર શેાભાએ ભર્યો રતિ રંગ ભર્યો રસ રીત
લીકે પીક ઢલી આવી સેાહતી ધસીયને મેંહ રહીત પ્રયાદ ૧૨૧।
દક્ષણ ભાગ અધરને ખુણે પીક તણેા રસ જેહ
નિંદ્રાવસ નીચેરેા ઢલીયને આવ્યેા છે વલી તેહ ૧૨૨।
નીચા લગી અલંકૃત તેણે કીધે શેાભા ભાવી
તે શેાભા શેાભાએ સુશેાભિત પ્રગટી સહેજ સુભાવી ૧૨૩।

ગ્રીવા ગુણ ગેહેરે ઉચારે રૂદય રસીલી ભાંત
તુલસી ગુંજ માલ ઉપટી કહીં સોહે શોભા પાંત ।૧૨૪।
કેા ઉંચી નીચી કેા ભુજા પર માલા અટકી રહીય
ઉપવિત અનુપમ ભાંતે રહ્યું તે શોભા જાએ ન કહીય ।૧૫।
બાહુ વિસાલ વિસ્વાસ રસે ભર રાજે પરમ અનુપ
જંધા પર જુગતે રાખ્યેા છે કહ્યું ન જાએ રૂપ ।૧૬।
તનીયા તણી તનીનુ દરશન કુણ ઉભયથી થાએ
જંધા પર ચાદર રાખી તે શોભા કહી ન જાએ ।૧૭।
જાનુ ચરણ નીચેરા લટકે ચરણવસ્ત્ર પરસીય
એણી પેરે શોભા શ્રી અંગની અંગ અંગ રહી વરસીય ।૧૮।
તેહવે ખવાસ પરદની લેઇને આગલ આવી ઉભા
વામ કરે પરદની ગ્રહી તે એહ અપરમીત શોભા ।૧૯।
દક્ષિણ કર ઉલટે અલવે કરી મુડબંધેા તે ઉતાર્યેા
તે દિવસે સેજ સિરાહણું ઉપર લેઇને પેાતે ધર્યેા ।૩૦।
મસ્તક થરકાવી અને ઝટકી કેશ અંબેાડા વાર્યેા
લાવણ્ય કર મુખ ગ્રીવાની તે સમય ન જાય સંભાલી ।૩૧।
એહુ કરે પરદની ગ્રહી અને ઉભા રહી અને પેહરે
શ્રીઅંગ ઉઘાડે ઉભા તે પ્રગટ ભાવ રસ ગેહેરે ।૩૨।
અહીં સ્વરૂપ વર્ણનનેા મનેારથ કીધેા છે મન ઘણુ
મન ઉકણે મેહેરામણ સમુહ પણ બુધ્ધી નહીં એક આણુ ।૩૩।
જથારથ જેહવા અંગ લક્ષણ ભાવ અલંકૃત જેહ
મસ તિલ લક્ષણ રેખા રસીલી કહી ન જાએ તેહ ।૩૪।
તે માટે માહારી બુધ્ધી હારી વારી ચરણે લાગી
એ સુચન કરવાને મનેારથે પ્રભુની કરૂણા માગી ।૩૫।
કરૂણા બલે માહારી બુધ્ધી અનુસાર કહું છું છાયા માત્ર
એથી શીખ નખ તણુ તે સુચન થાસે અનુભવી પાત્ર ।૩૬।
પ્રથમ અંગ અંગના નિત્યચરીત્ર માંહાં વિસદ કર્યેા વિસ્તાર
શેાભા લક્ષણ ભાવ અલંકૃત પ્રગટ કહ્યા છે સાર ।૩૭।
તે માટે અહીં સંક્ષેપે કરી કહું છું સુક્ષ્મ પેર
અનુભવ તણી સુરતિ ઉર માંહાં કરી અને ઉલટ ભેર ।૩૮।
જેહવું સ્વરૂપ નેત્ર માહારા માંહાં આવી રહ્યું સમાઇ
તે અનુકણે વચન રચી અને કહું છું અતિ મન ભાઇ ।૩૯।
પ્રથમ કહું પ્રમાણ અંગનું અંગ અંગને અનુસરીય
મહેદ તણી કૃપા સહાયથી ચરણ કમલ ચીત ધરીય ।૪૦।
માહા મંગલ નિધિના મ ગલે કરી અંગ અંગ કર્યા પ્રમાણ
તેહ વિસદ કરીને કહું છું કાંઇ મંગલનું નિર્માણ ।૧૪૧।

પ્રથમ અંગ અંગના નિત્યચરિત્ર માંહાં સ્વરૂપ વર્ણન કહ્યું એહ
વલી સમગ્ર સ્વરૂવનું નિત્યચરીત્ર જે જે આંહાં સ્વરૂપ વર્ણને કહું એહ ।૧૪૨।
સ્વરૂપ ઉંચું મંગલ ચોરાસી નિજ કર મંગલે કરીય
એકસો તેર લખ્યું વિધિ સાથે ઉંચા નીચા અંગ ભરીય ।૪૩।
નખથી શીખ પર્યંત જહાં લગી શીષ ઉપરનો મેરૂ
મેરૂથી સનમુખ નખ પર્યંતે મંગલ એકસો તેર ।૪૪।
પૃષ્ટ ભાગનું પ્રમાણ કહું હવે શીખથી નખ લગી એહ
એકસો ચાર મંગલ એમ હોય જો પુછો કરી નેહ ।૪૫।
પ્રથમે સનમુખનું વિવરણ કહું અનુભવી મંગલે માપી
સ્વરૂપ રસીકે અનુભવ કરવાવી સીધ્ધ કર્યું જે સ્થાપી ।૪૬।
મંગલ એક તે મેરૂ શીષનો જહાંથી લેલાટ લગીય
નવ મંગલ નવ નવ મંગલ ભર બેહુ દીશ કહું ઉમંગીય ।૪૭।
લેલાટ થકી શ્રીમુખ ઠોડી લગી સાડા દસ શુભ રીત
ગ્રીવા ગુણ નિધિની છ મંગલ નિરખીએ કરી બહુ પ્રીત ।૪૮।
સાડા દસ મંગલ મહા શુભ કર રૂદય રસીલુ સાર
રૂદય થકી તે નાભી પરજંતે થાએ મંગલ બાર ।૪૯।
નાભી થકી રસ સ્થલ સુધી સાડાદસ શુભ રાજે
સવાસતર જંઘા પ્રમાણ છે અનુક્રમે એણી પેરે ભ્રાજે ।૫૦।
સાડાચાર ઘુંટણની ઢાંપણી જાનુ પોણા ઓગણીસ
ચરણારવીંદ તેર મંગલ એમ એકસો તેર નખ શીષ ।૫૧।
હવે કહું પૃષ્ટ પ્રમાણ પરમ ધન મન માંહાં ધરી સ્વરૂપ
મંગલનો કૃમ કરી કહું છું જેથી જણાએ રૂપ ।૫૨।
મેરૂ શીષનો એક મંગલ વલી ગ્રીવા લગી નવ થાએ
છ મંગલ ગ્રીવા છે સોહતી રૂપ કહ્યું ન જાએ ।૫૩।
ચોવીસ મંગલ પીઠ પરમ શુભ કટી લગી નિર્માણ
દ્વાદશ મંગલ નિતંબ નિરૂપમ જાણે સ્વરૂપના જાણ ।૫૪।
જંઘન સવા સતર મંગલ છે ચાર ઘુંટણ કલા ફેર
જાનુ એડી લગી પોણા ઓગણીસ ચરણારવીંદ તે તેર ।૫૫।
એણી પેર એકસો ચાર ચરણ થકી શીષ તણો જે મેર
શીષથી ચરણ લગી એણે ક્રમે નીરખીએ ઉલટ ભેર ।૫૬।
હવે પ્રથુક અંગનું પ્રમાણ કહું જે મંગલે રાખ્યું માપી
અવીલોકી નયણ માંહાં રાખી સીધ કરૂં જે સ્થાપી ।૫૭।
શ્રી મુખ સુભગ મંડલાકારે થાએ મંગલ સોલ
તે નીરખી નીરખી નયણ ન અઘાએ પ્રગટે રસના રોલ ।૫૮।
ચાર કરણ પુટ કરણ મુલથી ભુજ મુલ મંગલ સાત
ભુજદંડ તેત્રીસ સોહીએ પોંહોંચા લગી બેહુ પાંત ।૧૫૯।

પાંચ મંગલ હથેલી રાજતી અંગુષ્ટ મંગલ ચાર
મધ્યમા અંગુલી ચાર સાડા હોય કોણુ કરૂં અનુહાર ।૧૬૦।
કક્ષા પુટ તે ત્રણ ત્રણ મંગલ ઉભયનેા અંતર ઘેર
છત્રીસ મંગલ પ્રગટ દેખીએ કટિ પાખલનેા ફેર ।૧૬૧।
હૃદયની મંગલ સેાલ સેાહતી ચેાડાઇ તે રાજે
રેામધારથી બેહુ પાસા તે નવ નવ મંગલ બ્રાજે ।૧૬૨।
નાભી થકી રસઅંગ લગી સાડાદશ સેાડષ છે વર્તુલાકાર
પીઠ તણી ચેાડાઈ વીસ મંગલનેા છે વિસ્તાર ।૧૬૩।
સવા ચાર મંગલ એડીની ચેાડાઇ છે ત્યાંહાંની
સવા પાંચ મંગલ તે સેાહીએ ચરણારવીંદની પાની ।૧૬૪।
એણી પેરે શીખ થકી નખ પર્યંત ને પ્રથુક પ્રથુક જે અંગે
મંગલે માપી અને સીધ કીધું પ્રમુદિત થઇ મન રંગે ।૧૬૫।
હવે સ્વરૂપ વર્ણન અતિ નિરૂપમ રસીક મહા ઉનમત
કહું છું વિવરણ કરી જથા મતિ શીખથી નખ પર્યંત ।૧૬૬।
કમનીય કેશ સુદેશ સેાહતા સરલા સુભગ સુઢાલ
અંબેાડેા લલકી રહ્યો તે રાજે પરમ રસાલ ।૧૬૭।
ફરતાં કુંતલ ચુર્ણ ચેાહેાંદિશે લલિત મનેાહર રાજે
વંક સરલ અને રૂક્ષ સ્નિગ્ધ કયાંહું અભીનવ શેાભા બ્રાજે ।૧૬૮।
ભાલ વિસાલ રસાલ રસીલું રાજે ઉચ્ચ સ્થલ ત્યાંહાં
તેજમઇ જ્યેાતે જલહલતું જગમગતું જગ માંહાં ।૧૬૯।
પરમ સુઘાટ લીલાટ લહલહ્યું અતિ મનેાહર સેાહે
તિરછું ઉચું જેાતા ત્રિવલી વલય તે જેાઈ મન મેાહે ।૧૭૦।
તિલક તણી અનુહાર તિલકવત સહેજે બેહુ રગ રાજે
નાસા મુલ થકી તે કેશ લગી ઉભય અનુપમ બ્રાજે ।૧૭૧।
કયાંહું એક ચંદન રેખ તિલકની રહી તે રૂચિર સુદેશ
સેહેજ આરંદ્ર સચીકણ રાજે બ્રાજે પરમ સુવેશ ।૧૭૨।
મધ્યે શ્યામ રેખા એક અંગુલ વંક વામ દિશે તેહ
રાજે રતિ શૃંગાર રચે ભર નિરખતા પ્રગટે નેહ ।૧૭૩।
જમણી પાસા ભૃકુટી ઉપર મુડી રહી રગ સેાહતી
અંક હકાર તણે આકારે તે સહુના મન મેાહતી ।૧૭૪।
ડાબી પાસા ભૃકુટી ઉંચી લવણેથી રહી લસીય
આંકડા જંજીરાવત રગ રચના રચનાસું કુંતલસું પરસીય ।૧૭૫।
તિલકે પરસ કરી રહી આડા પર્વતને આકાર
રગ એક ભ્રકુટી પરસી અહીં પરસી ટેક તણી અનુહાર ।૧૭૬।
ભ્રકુટી કુટીલ ચપલ અણીઆલી પરમ રસાલી સેાહે
રસીકાને રસ સુચન કરી અને મેાડયા માંહાં મન મેાહે ।૧૭૭।

બેહુ ભૂકુટીનું મધ્ય મનોહર તિલક તણુ જે મુલ
શોભાએ સોહતું સોહે છે નાસાને અનુકુલ ।૧૭૮।
લલિત લેલાટ પ્રાંત લવણા બેહુ એહની શોભા ન્યારી
ચલણ વલણનું ચરીત્ર જોઈને ક્ષણુ પ્રતિક્ષણુ જાઉં વારી ।૭૯।
કર્ણ કુપ શોભાએ ભર્યા તે ઉપમા કેહેની દીજે
એ સરખી આલોક લોકમાં નહિ એહની એ સમ કીજે ।૮૦।
દક્ષણ કરણ ચાંપુઆ હેઠે તીલ એક શ્યામ બિરાજે
મન રાખી નિરખે તે રીજે સમુજે નહીં અસમાજે ।૮૧।
નયણ અલોલ લોલ રસ રાતા માતા રતિ રસ સુર
કોર કટાક્ષ નિરખતા કરે તે માનનીના મદ ચુર ।૮૨।
વરૂણી કોર કટાક્ષ ચીતવની ગોલક ગુણ ગંભીર
સ્વેત અરૂણ ને વિસાલ વિમોહક નિરખી ધરે ન કો ધીર ।૮૩।
ડાબા નેત્ર પલક નીચે શ્યામ બુંદ બે સોહે
સુક્ષ્મ દ્રષ્ટે સ્વરૂપ નિહાલે તેહ તણુ મન મોહે ।૮૪।
ગાલ ગંડ સ્થલ ગલ્લ સ્થલની તે ઉભય શોભા રહી લસીય
નિરખતા નિરૂપમ રૂપ અનુપમ રહયું ઉરમાંહાં રસ મસીય ।૮૫।
પ્રમુદીત થઈ હંસતા વાહાલાજીને પડે કપોલે ગાડ ગાલ ખાડાપડે કરચલીપડે
અવીલોકી મુગ્ધાના મનને રહે ન રસની જાડ ।૮૬।
નાશીકાથી ડાબી પાસા જે ગલ કપોલને મધ્ય
મસ બે એક મોટો એક છોટો નિરૂપમ અતિ નિરવિધિ ।૮૭।
નાસા નવ શોભાએ સુશોભિત ફણા ફુલી રહ્યા ભારી
ઉભય રેખ ઉપર રાજે છે તેહની છબી કાંઇ ન્યારી ।૮૮।
મુછ મૃદુલ શોભાએ સોહતી અણીઆલી અભીરામ
બાલ વિચિત્ર ચિત્ર સમ શોભા મોહક અતિ સુખ ધામ ।૮૯।
ઓષ્ટ પરમ સંતુષ્ટ કરણ શુભ શુભ મહા વરેશ
રસ ભર અરૂણ તરૂણ નિત રાજે રસદાયક રસ વેસ ।૯૦।
મુખ સુખ દાયેકની શોભા જોઇ કોઇ ધરે નહીં ધીર
કામોદભવ ને કામ ઉદીપન વાધે અનંગની પીર ।૯૧।
રસના રસ પુંજે રસ પુરીત પોષક પ્રેમ વિલાસ
રસ અવ્યકત કોઇ અનીરવચનીયતા પ્રેમદાની પુરે આસ ।૯૨।
દાંત દસનાવલી દમકી જ્યોત જુત પીક અનુરાગે પાગી
અરૂણ શ્યામ આભાએ ઉદિત પ્રગટ પરમ અનુરાગી ।૯૩।
વાણી રસીક વિવિધ સંશય હર પટંતર નાવે આન
અતીય નિરૂપમ દ્રવિત માધુરી ભાગ્યવાન કરે પાન ।૯૪।
અધર અરૂણ જે અખિલ શોભા ભર રસ ભર રસનું ધામ
અભય દાન દાયક આરત ને વ્યાકુલનુ વિશ્રામ ।૧૯૫।

ઓષ્ટ અરૂણ માંહાં નાગવેલ રંગ પ્રગટ રહ્યો જે પાગી
પીક લીક ફીરતી વામી તે રહી પરમ અનુરાગી ૧૬૬।
લીક લીકમાંહાં પીક તણો રસ આવ્યો અનુપમ ઢલીય
તે શોભા જોતાં જુવતીની પોંહોંચે મનની રલીય ૧૬૭।
ઠોડી ઠોર સુઠાણ સોહતી હવુંરિ વાલ રસાલ તલવારજેવી મૂઠો
શ્વેત શ્યામ મધ્ય પીત આભા જુત મન આકર્ષણ જાલ ૧૬૮।
ચિબુક ઠામ વિશ્રામ ધામ રસ કામનું પુરક કામ
અધર દાન પાને પ્રમુદીત જે વનીતા તણુ વિરામ ૧૬૯।
એમ સંક્ષેપે એ શ્રીમુખ વર્ણન ઠોડી લગી તે કર્યું
કેશ થકી આરંભીને અભીનવ ભાંતે અતિ રસ ભર્યું ૧૭૦।
એ શ્રી મુખારવીંદનો રસ તે પ્રગટ પ્રમેય પ્રકાર
વાણી અક્ષર તે પ્રમાણ પ્રમાણે પ્રેમય ન થાએ વિસ્તાર ૧૧।
તે મટે મારી બુધી અનુસાર સુચનીકા મેં કરીય
આગલ ગ્રીવાથી આરંભીને કહું છું મનોરથ ભરીય ૧૭૨।
ગ્રીવા ગુણ ગેહેરી વાહારાની ઉપમા કહેતાં નનાવે
સ્વચ્છ સુદેશ સોહાગ ભરી તે પ્રતિક્ષણ રતિ ઉપજાવે ૧૩।
કંઠ તણી ઘાટી ઉપર તિલ રાજે નીલ આકાર
બીજો કંઠ મુલ ને ગાઢમાંહાં સોહે શ્યામ પ્રકાર ૧૪।
એ તિલ બેહુ સનમુખથી સોહે પૃષ્ટ ભાગ બોચી
બે મસ એક નીલો તિલ રાજે શોભા રહીય સોચી ૧૫
હૃદય વિસાલ રસાલ રસીલું પરીરંભણનું ધામ
આરતની અભિલાખા પુરક પુરક કોટિક કામ ૧૬।
ગોલક ગૌર વર્તુલાકારે અભીનવ ઉભય ઉરોજ
પરમ વિચિક્ષણ ઈક્ષણ માત્રે વારૂં કોટી મનોજ ૧૭।
એ કામ કલ્પતરૂ ફલિત ઉભય ફલ રતિ સોહાગ રસ પુર
સ્પરસે સુખદ સ્વાદ સુભગાને ઉપજાવે ભરપુર ૧૮।
ડીંટડીઓ બેહુ કોમલ અતિસે શ્રીઅંગ કેરે વર્ણ
બાલ વિચિત્ર ત્યાંહાં સોહે છે કેહનું કહું અનુકર્ણ ૧૯।
ઉભય ઉરોજને મધ્યે ઝીલમાંહાં તિલ એક નીલે રંગ
તિલ એક વામ દિશે કુચ ઉપર તે પણ રાજે સંગ ૧૧૦।
તિલ એક જમણા કુચને નીચે રાજે છે સુક્ષ્મ રૂપ
ઉર ઉંચુ કરતાં તે દરશન આપે પરમ અનુપ ૧૧૧।
બાલ રસાલ હૃદય પર રાજે કયાંહું ચંદનની રેખ
વિરક્ષા વંક મૃદુલ અણીઆલા સોહે અનુપ વેશ ૧૧૨।
માલા તુલસીની દુલરી એકલરી કેશરમાંહાં પાગી
કોઇ સમે ગુંજની માલા પહેરે અતિ અનુરાગી ૧૧૩।

એક દુલરી કંઠથી નીચી તેહ અનુપમ ભ્રાજે
બીજી અનેક સોહાગ ભરી તે હૃદયા ઉપર રાજે ૧૨૧૪।
ઉંચી દુલરી માંહાં એક અનુપમ ગ્રંથી વસ્ત્ર તણીય
હૃદય ઉપર તે રહી રસીલી ભાંતે સોહામણીય ૧૨૫।
સુભગ ભુજા ભુજમુલ મનોહર ખભાં તે રસના અંભ
દંડ કલા અંગુલીદલ નખમણી રેખા રસ આરંભ ૧૨૬।
દક્ષણ ભુજદંડની કલાએ તિલ એક મોટો શ્યામ
તે પૃષ્ટ ભાગથી પ્રગટ દેખીએ સુંદર સુખનુ ધામ ૧૨૭।
ચરણ ક્ષાલણ કરતા ગડુઆના મુખમાંહાં કોણી રાખે
તે વામ કરની કોણીનું આટણ જોવા મન અભીલાખે ૧૨૮।
હસ્ત કમલ પોંહોચલા પરમ શુભ્ર જોઈ શોભા લાજે
જમણે કર અંગુઠાનો નખ લાંબોરો કાંઈ રાજે ૧૨૯।
જમણા અંગુઠા નીચે હથેલીએ બુંદ તણો આકાર
શ્યામ છીંટ એ સોહે છબીલી કેની કહું અનુહાર ૧૩૦।
રેખ રેખથી વિશેષ સોહતી શોભાનો નહીં પાર
કર પૃષ્ટે કમનીય રોમાવલી નિરખીએ વારંવાર ૧૩૧।
હૃદય નીચે ને ઉદરને ઉપર પાન તણો આકાર
તે શોભા ન્યારી સોહતી વચને ન થાએ ઉચ્ચાર ૧૩૨।
વક્ષઃ સ્થલ વિસ્તીર્ણ વિમલ અતિ નિર્મલ અમલ અનુપ
અનિરવચની શોભાએ શોભતું રાજે પરમ અનુપ ૧૩૩।
ઉદર અધિક અદભુત શોભા ભર કોમલ મૃદુલ મૃનાલ
સોહતું સુભગ સુચાર મનોહર રસ ભર પરમ રસાલ ૧૩૪।
રોમાવલી મલી રહી તે ઉભય અનુપમ ઠામ
ઉર્ધ્વ હૃદય અધ નાભી નિરૂપમ જોતા અતિ અભિરામ ૧૩૫।
નાભિ કુપનું રૂપ રસીલું અતિ સરસીલું ભાસે
ઉપમા અનેક વિચારી વિચારે સમજ્યો જાએ ન આસે ૧૩૬।
નાભિ નિકટ બેહુ પાસે તે વામ દક્ષણ દીશે જેહ
સીપ તણો આકાર સોહીએ સુક્ષમ દીસે તેહ ૧૩૭।
માત્યરાસ કૃપા સહાએ કરી અવિલોકે તેહની દ્રષ્ટે આવે
જોહને એ સ્વરૂપ જોયા વિન બીજુ કાંઇ નવ ભાવે ૧૩૮।
પસવાડા પરમા વિધિ સુંદર દક્ષણ વામ વિશેષ
એક એકથી અનુપમ દીસે અતિસે અદભુત વેશ ૧૩૯।
કટી પ્રદેશ પ્રમુદીત થઇ જોતા જુવતી ધરે ન ધીર
અનંગ અમોઘ ઉદીપન હોય વાધે પ્રણયની પીર ૧૪૦।
લંક તણી લાઘવતાઇ ને અતિસે કોમલ કાંત
ઉભય કુંખે લંછન ધોતીના સોહે અનુપમ ભાંત ૧૪૧।

તનીયા તણી તનિ તે ઉપર સોહે સુખદ અનુપ
આગલ ગાંઠ સટકણા સાથે દીધી ગોકુલ ભૂપ ।૨૩૨।
પેડુ પરમ રસીક રસ પુરણ રસીકાનું રસ ધામ
રસ ઉદ્બોધક રસ ઉપકારી રસનું પુરણ કામ ।૩૩।
સર્વે ઇન્દ્રિયા સ્વાદનું સ્વાદીત ફલનું ફલ સંપન
અનિરવચની અદ્ભુત સ્થલ રસનો અનુભવી જાણે મન ।૩૪।
રસ સ્થલને નિકટ પેડુ પર તલ એક ડાબી પાસ
તનીયેા ફરહરતા દરશન દે ઉપજે સુખની રાસ ।૩૫।
હવે પૃષ્ટ ભાગ પરમાવિધ શોભા નીરખે છે બહુ ભકત
પાછલ રહ્યા પરમ પ્રમુદીત થઇ અતિ આતુર અનુરકત ।૩૬।
પીઠ તણી રેામાવલી રસ ભર પ્રનાલીકા રસ ધાર
સુપડવટીએ બે મસ મનોહર શોભાનેા નહીં પાર ।૩૭।
પ્રનાલીકા પાસે જમણે પાસ સુપડવટી ઉપર શ્રીઅંગ કેર વર્ણ
બીજો નાનેરેા એક રાજે નીચેરેા શુભ કર્ણ ।૩૮।
પ્રનાલિકા પર જમણે પાસે મસ એક મનોહર દીસે
કટિ ઉપર ડાબી પાસે મસ જોઇ જોઇ હૈયડું હીસે ।૩૯।
નિતંબ ઉપર કટીને નીચેરેા ગાઢ સુક્ષમ ભાસે
તનીયા તણી સુક્ષમતા માંહાંથી પ્રગટ જણાએ આસે ।૪૦।
નિતંબ નવલ શોભાએ સોહતું મોહતું મન અભિરામ
કાછ સંકેલે દરશન હેાય પ્રેમદા પુરક કામ ।૪૧।
જંઘન સઘન શોભાએ પુરણ ચુરણ અનંગનુ માન
રતિ રસ કેલી કલાએ કોવીદ અનુભવે ભાગ્યવાન ।૪૨।
ત્યાંહાં ડાબી ઓર ભીતરી પાસ તિલ એક અનુપમ દીસે
વસ્ત્ર તણી વિલક્ષણુતાએ જોઇ જોઇ હૈયડું હીસે ।૪૩।
ઘુંટણની ઢાંપણી સુભગ શુભ કલા પાછલી રાજે
રેખા રૂચિર રેામાવલીસું મલી મલી રહી અતિ ભ્રાજે ।૪૪।
જાનુ સરસ ઉતરતા સુંદર ગોલ ગુણ ગુણાધિક રૂપ
પરમ સુભગ સોહાગ ભરી તે કલા પાછલી અનુપ ।૪૫।
રેામાવલી તણી આવલી તે મલી રહી મન ભાવી
નમી રહી એક એક ઉતરતી એક એક ઉપર આવી ।૪૬।
ઘુટી ઘાટ સુઘાટ મોહતી સોહતી મન અભિરામ
અરૂણ વરણ સુખ રૂપ સોહાગી શોભા કેરૂં ધામ ।૪૭।
એડી અતિ લહલહી લાલિમા ઝલકતી તેજ મઇ
ચાક ચક્ષ ચલકની ચુચુતી શોભા રહી છાઇ ।૪૮।
પાટલી પ્રપદ પરમ કોમલ અતિ ભરે અંગ ભર દીસે
ગૌર અરૂણુતા ગેહેરે રંગે જોઇ જોઇ હૈયડું હીસે ।૨૪૯।

અંગુલીદલ ચઢતી ઉતરતી શોભા કેરી પાંત
કોમલ મૃદુલ મૃનાલ થકી તે અતિસે અભીનવી ભાંત ।૨૫૦।
નખમણી સુભગ ચંદ વિધિ વિધિના પ્રતી જ્યોતી પ્રકાશ
અરૂણાઇ લીધે અભીનવ અતિ ભકતની પુરક આસ ।૫૧।
ચરણ મુલે રેખા રસ રંજી મંજી આનંદ રંગે
ચરણ પલટતાં ચપલ દેખીએ સુખ દાયક સરવાંગે ।૫૨।
એક એક રેખા વિવિધ રચના જુત વિચિત્રતા નહીં પાર
માહાતમ સ્નેહી વિચાર વિચારે થાએ નહીં વિસ્તાર ।૫૩।
જમણે તલવે અંગુઠા તલે તિલ એક શ્યામ સ્વરૂપ
એણી પેરે પ્રાત પ્રગટ શોભા લેઇ ઉભા ગોકુલ ભુપ ।૫૪।
નિરખે નિપુણ નવનવી રૂચિસું પ્રતિ અંગ પરમ રસાલ
પ્રેમવતીને પ્રણય પુલકિત થઈ રહે ન અંગ સંભાલ ।૫૫।
વસતા મેહુ કરના લટકાસું પહેરી પરદની જેહ
નિશા તણી જે તેલ સેજયાની એણે સમે છે એહ ।૫૬।
ઉપરેણો લેઇ એકત્ર કરીયને અવલે સવલે પેચ
શીષ ઉપર છોગો મેહેલીને બાંધ્યો પેચ સુપેચ ।૫૭।
છેલ્લો પેચ છુટો નાખ્યો તે જમણે કરસું કરી
કયારે શીષ ઉપર રહયો ન્યારો કયારે સ્કંધ અનુસરીય ।૫૮।
શીતકાલમાં નીમો પેહેરે દુરતે ચાદર દોહોરી
ચોમાસે ઉપરેણો ઓઢે કરીને ભાંતિ એકહોરી ।૫૯।
રૂતુ ભેદે જેહવી રૂતુ તેહવો સાજ કરે સુખ રૂપ
ઉષ્ન કાલે એણીપેરે અનુભવી તે અનુભવ કરે અનુપ ।૬૦।
વલતાં નમન કરી નીચા થઈ એ શોભા કાંઇ ભીન્ન
અનુભવીઆ અનુભવથી જાણે સમુજે નહીં કોઇ અન્ય ।૬૧।
એમ નમન કરી અલવેસું ઉઠી પધાર્યા પ્રાણેશ
વેદીની ચોતરીએ ઉભા તે શોભા પરમ વરેશ ।૬૨।
ગડુઆને મંદિર પેહેલે જઇ ભકતે તે ભલી રીતે
ત્યાંહાંનો સાજ સીધ કરી રાખ્યો ધરી અંતર ગતિ પ્રીતે ।૬૩।
શીતલકાલ હોય ત્યારે ગડુઓ ઉષ્નોદકસું ભરી
મૃતિકા કોમલ પરમ સુવાસિત નિકટ લેઇ ત્યાંહાં ધરી ।૬૪।
જલીની ઓટે વાછલ્ય હીત અંગીઠી એક તાતી
ધવની સામગ્રીએ સોહતી રાખી ત્યાંહાં સોહાતી ।૬૫।
ભોમારંદ્ર જલીયો રોકી બાંધી બાંધીને ટેરા
એમ ઉદમ ભકતે કીધા બહુ અતિસે વાત્સલ્ય કેરા ।૬૬।
જલહલતી જ્યોતે લેઇ દીપક રાખ્યો ઉંચે ઠામ
રાત તણે ભાગે એમ હોય દિવસે નહીં કાંઇ કામ ।૨૬૭।

અગર અનુપમ બહુ સુંગધને મેહેકાવી મહા સાર
સૌરભ ફેલી રહી છે સોહતી કહેતાં નાવે પાર ૧૨૬૮।
ગરમીમાં ગુણ નાંખી ભગવદી ભાવ બલે ભર નેહ
અનેક સુખાવહના બહુ સાજ તે કરી કરી રાખ્યા એહ ।૬૯।
સમ જલસું જલપાત્ર ભરી અને મૃતિકા સુવાસ
રાખ્યા ત્યાંહાં નિકટ આણી જહાં પાઓધારે સુખ રાસ ।૭૦।
બારીઓની ખડકીયો ઉઘાડી મોખા મુગતા કીધા
જાલીરંધ્ર જલહલે જયોતે પરદા ઉંચા લીધા ।૭૧।
તે મોખા જાલીઓને રંધ્રે અનેક ભાંતિના સુવાસ
લેઇ લપેટયા વયાર મુખે જેમ આવે નિકટ સુવાસ ।૭૨।
અબીર અનુપમ બહુ સુગંધ ભર પોટલીયો કરી કરીય
પવન ગવન તણે સનમુખ લેઈ રાખ્યો છે ધરી ધરીય ।૭૩।
ગડુઆ સ્થલે લોહની જાલી કીધી વાત્સલ્યતાએ
ચલણ વલણ કરતા ચુકે તો ભીતર ખસીય ન જાએ ।૭૪।
રેશમનું રાસડું એક કોમલ કુંદણા સહિત સમારી
તેહ લટકતું ત્યાંહાં લેઈ બાંધ્યુ ગ્રહેવાને સુખકારી ।૭૫।
તે સાહી વાહાલોજી સુખસું બેસે તેણે ઠામ
ને વલી શ્રીકરે ગ્રહી અને ઉઠે એહવું સુખ અભીરામ ।૭૬।
ભોમી જલે છીરકી અને શીતલ સ્વચ્છ કરી અને રાખી
તે શોભા કયાંહાં કહી શકીએ અનુભવીનુ મન સાખી ।૭૭।
પોઢયા તણી જે સેજ સુખકારી તે તેહ સમે ઉઠાવી
જતને જુગતે કરી સંભાલી બે ભગવદીએ આવી ।૭૮।
સેજ બંધ ચાદર સરકાવી સહુ સીરાહણા સમેત
ભીતર લેઇ ડામચીએ રાખ્યા ઢાંકીને કરી હેત ।૭૯।
સેજ સહિત પડવાયા લેઈ અને રાખ્યા કોઠા માંહાં
છોટી ચોકી પ્રથમ ઉઠાવી એ સહુ રાખ્યું ત્યાંહાં ।૮૦।
ચતુરરાય ચોતરીએ ઉભા સીઢીએ કર પરસાવી
તે શોભા કહેતા નવિ આવે ભાગ્યવાન મન ભાવી ।૮૧।
નખમણી જ્યોત ઉદ્યોત અનુપમ પ્રગટ રૂપ એક એક
શોભાની પંગતિ પરમાવિધી ભાવ સુચવે અનેક ।૮૨।
અંગુલીદલ દલમલણ કામગણ અંગુઠા બેહુ સંગ
સોહે સુભગાને રતિ રાતા માતા અતિ રસ રંગ ।૮૩।
તે અરૂણ ભાવ ભાવે પુરા અને સુરા રતિ સંગ્રામ
પુરા પ્રેમદાને દાનારથ અનુપમ સુખનું ધામ ।૮૪।
પાની પાટલી સૌભાગ્ય શુભ ફણા બેસતા સોહે
એડી અરૂણ અનુપ ચલકતી નિર્મલ અમલ વિમોહે ।૨૮૫।

લંક તણી લાઘવતામાં રેખાનો પરિચાર
તે શોભા જોઇ જોઈ જોતાં કોણ કરૂં અનુહાર ।૨૮૬।
કાંડા કોમલ કાંતિ અનેરી ફરી ફરીને નિરખું
ઘુંટી પરમ સોહામણી દીસે અવિલોકીને હરખું ।૮૭।
જાનુ જુગલ જોવા સરખા કાંઇ વંક તણો વિસ્તાર
ચાલ્યા માંહાં ઉભા રહ્યા ભાસે નિરખે નિરખનહાર ।૮૮।
તેલ તણી પરદની નિશાની મરગજી મનોહર વેસ
કયાંહું કુંજલક કયાંહું તેલાભ્યંગના રાજે ચિન્હ સુદેશ ।૮૯।
કટિ પ્રદેશ માંહાં કોર પરદનીની લપટી રહી જે સુભાવી
ઉભય કુંખે તે ઉપર કાંઈ એક ઉદર થુંદ ધસી આવી ।૯૦।
નાભિ તણુ દરશન નવ થાએ ઉદર અનુપમ ભાસે
ઉર ઉરોજ અભિનવ ગતિ ગેહેરી સમજ્યો જાએ ન આસે ।૯૧।
માલા દોહોરી એકલરી લર ગુંજા માલ અનુપ
કમનીય કંઠે સોહતી દીસે તેહનું અદભુત રૂપ ।૯૨।
ભુજાદંડ મંડણ સુભગાનું ઉભયની અનુપમ ભાંત
ન્યારી ન્યારી શોભા નિરખું કરી અને મનની ખાત ।૯૩।
વામ પાણ કાંઇ એક ઉંચો કરી પગથારીએ રહયા પરસી
કર દલ અંગુલી વળી વળી રહી તે શોભા સુખ વરસી ।૯૪।
જમણે કર ઉપવીત રીતે ગ્રહી અને મુઠી વાલી
મુઠીસું ઉપરેણો ખેસવી કરણે ધરે સંભાલી ।૯૫।
કો સમે કરણે ઉપવીત ધરી અને ઉપર પેચ તે દીધો
કો સમે પેચ શીષ પર રાખે કયારે સ્કંધ પર કીધો ।૯૬।
તે કરના લટકાની લાવણ્ય ને થરકે જે ઉરોજ
માનનીઓના મન મુદીત થઇ અને વાધે વિસદ મનોજ ।૯૭।
ગ્રીવા ગૌર ગોલ ગુણ ગેહેરી સુખ લેહેરી ઉપજાવે
ઠોડી ઘાટ સુઘાટસું ઠાણી વાણીએ કેહેતા નાવે ।૯૮।
અધર અરૂણ અનુરાગ ભર્યો રતિ રંગ ભર્યો રસ રોલ
ફિરતી પીક લીક વાધી અને લીક લીક તાંબોલ ।૯૯।
ભરે રસે ઉફણી આવ્યો છે સનમુખ દાનને હેત
લોકોતર રસ સુધા સમુહનો પુંજ લેઇય સમેત ।૩૦૦।
ગલ સ્થલ ગંડ સ્થલ સોહે ગૌર ગુણે અનુરાગ્યા
અરૂણતાની આભાએ પુરીત પ્રેમદાને રસે પાગ્યા ।૧।
કર તણી કોમલતા ને વલી ચાપુંઆ ચમકે સાર
વેહ વેધે વનિતાના મનને નિરખતાં સુભગ સુચાર ।૨।
નાસા અણીઆલી રસાલી ફણા ઉપર બેહુ રેખ
વાસ સુવાસ આસ પ્રેમદાની પ્રતિક્ષણ રહે વીશેષ ।૩૦૩।

નયણ વયણ વીન વશીકરણ એ હરણ ભરણ પરીતાપ
વેધીને વેધે વિણ બાણે એહવા તીક્ષણ આપ ૧૩૦૪।
વરણી વિવસ કરણી કમનીય ને અનેક ભાવ ઉપજાવે
તે શોભા વચને નવિ આવે પ્રતિક્ષણ દીઠી ભાવે ૧૫।
ભૃકુટી વક્રણ વિલોકી વિલોકી રહે ન કેહેને ધીર
મોડયા માંહાં સહુના મન મોહે ઉપજાવે રતિ પીર ૧૬।
ભાલ વિસાલે બેહુ રગ રેખા ત્યાંહાં ચંદનની રેખ
મરગજી કયાંહું કયાંહું રહી અટકી નિરખી ન લાગે નિમેખ ૧૭।
કેટો ઉપરેણાનો રાજે પેચ લટકતે સાર
એહ સ્વરૂપ જોઈને વારૂં સર્વસ વારંવાર ૧૮।
બાહેર આહટ થએ ઉઠી કો વક્રગી રહ્યા કિવાડ
ઉઘડતે કિવાડે જઈ જોઇએ થાએ ન દરશન આડ ૧૯।
કો જાએ જલઘરને દ્વારે ત્યાંહાંથી ફરી આવે
જાણે પહેલા તે ઉઘાડસે આરત્યા એણે ભાવે ૧૧૦।
જલઘરને દ્વારે બેઠા તે રંભ થઇ અવિલોકે
આહાટ સુણી મન અકુલાએ ઘણુ રહ્યા કિવાડને રોકે ૧૧૧।
એહવે મુખ્ય કિવાડ ઉઘાડયા કરી આરત સનમાન
કરૂણા કરી મંગલ સ્વરૂપનું દીધું અબારી દાન ૧૧૨।
વલતું જલઘરનું કિવાડ ઉઘાડયું તેણીવાર
બેહુ કિવાડે સૃષ્ટિ ધસમસી આવી તેણીવાર ૧૧૩।
અહીં પેસી ન શકયા ત્યાં ધાયા ત્યાંહાંના ફરી આંહાં ધાએ
બે કીવાડ અને સૃષ્ટી અપરમીત વેગા કરી ન અવાએ ૧૧૪।
દ્વાર માંહાં ભીડાઇ નીસરે વલતાં ધસીને આવે
શ્રીમુખ જોઈ સનમુખ ઉભા રહી લોચન તાપ સમાવે ૧૧૫।
જે જે આવે તે આગલનાને કર ગલે ઠેલતા આવે
પણ ઠેલે ઠેલાય નહીં નયણા અટકયા રૂપ રસ ભાવે ૧૧૬।
ભાવે જુત જોગ્યતા સમાને જેહની આરત જેહવી
તે તેહવી આરત જુત નિરખે દ્રષ્ટી કરીને તેહવી ૧૧૭।
કેહના નયણ એક અંગ અરૂઝયા બીજે અંગ ન ચાલે
કોઇ રૂપ જોઇ ચકિત થયા છે આપ ન આપ સંભાલે ૧૧૮।
કો રૂપે કો સ્વરૂપે સોહાગી પાગી રહ્યા અનુરાગી
કો કો ચીન્હ જુએ છે નીશાના પ્રગટ કર્યા જે જાગી ૧૧૯।
કો નખથી શીખ લગી નિહાલે શીખથી નખ પરજંત
મન માંહાં મોદ ન માએ પ્રમુદિત થઇ નીરખી ભાવતો કંત ૧૨૦।
એ વિપ્રયોગી પ્રથમ રાતના પ્રાતે દર્શન પામ્યા
તે આરત જુત અભિલાષા ભર્યા શ્રીમુખ જોઇ દુઃખ સહુ વામ્યા ૧૩૨૧।

નિરખી નિરખી અને ફરી નિરખે છે હરખે અંગ અંગ જોઇ
પરમોત્કર્ષ રૂપ અવિલોકી મોહી રહયા સહુ કોઇ ।૧૨૨।
એહવે પનહી ચરણ તલે રાખી ચરણ પરસી પહેરી
મુસકાતા લટકાસું ડગલા ભરે તે શોભા ગેહેરી ।૧૨૩।
જે જે કાર ઉચારે જ્યાંહાં ત્યાંહાં આશીષ દે નરનાર
કહે મારા નેત્ર થકી અલગા એક ક્ષણ મ લાસો વાર ।૧૨૪।
એહ સમાજ માંહે થી વાહાલો બાધાને અનુરોધ
પધાર્યા ગડુઆને મંદીર કરી ભકતને નિરોધ ।૧૨૫।
તે નિરોધે નિરોધાયા સહુ કો અરૂઝી બેઠકમાંહાં
સુરઝાવ્યા સુરજે નહી મન તે અટકયાં જ્યાંહાં પ્રભુ ત્યાંહાં ।૧૨૬।
કો બેઠા વેદીની ચોતરીએ સામા સામા થઈ પાસ
વાત કરે વાહાલાજીની જે થાએ વીસદ્ન પ્રકાસ ।૧૨૭।
કો બેઠા ગડુઆને મંદીરની તે અટકી ભીંતે
ચરણ ક્ષાલણની ચોતરી સુધી ભાવ ભર્યા બહુ પ્રીત ।૧૨૮।
તે સુખદ વિચાર કરે શ્રીઅંગના શું કીધુ શું કરવું
જે કીધે વાહાલો સુખ પામે તે આચરણ આચરવું ।૧૨૯।
એહવા ભાવ વિતર્ક વિચારે બેઠા ભાગ્યવાન
સ્વરૂપના સુખ વિના અન્ય ન સમજે એહવું એહોને દાન ।૧૩૦।
કો જલઘરને દ્વારે સિઢી પર ને સીઢીથી હેઠા
ત્યાંહાં અટકી અટકી ઉભા છે કો પરનાલા ઢીંગ બેઠા ।૧૩૧।
તે કહે આંહાંથી શુભ દરશન થાસે રૂડી પેર
ચરણ ક્ષાલણ કરતાં નિરખીસું મલીયને ઉલટ ભેર ।૧૩૨।
આંગણ માંહાં ભગવદી જુથ તે બાલ વૃધ્ધ નર નાર
ભાવાંતર વારતા વિચારે ને કરે છે વિવિધ પ્રકાર ।૧૩૩।
કો આવ્યા કો કો આવતા જાએ કો પેંડે ઘર જ્યાંહાં
જેહોને દરશન થયું નથી તે ઉકતાએ મન માંહાં ।૧૩૪।
જે આવે તે પુછતા આવે કયારે પધાર્યા નાથ
સમય ઉપર પોહોંચી ન શકયા તે સકુંચી ઝુકે માથ ।૧૩૫।
સહુની દ્રષ્ટિ દ્વાર મંદિરને આહાટે ઉઝકી ઉઠે
પધારતા જાણી અને સહુને ઉરમાંહાં આનંદ ઉઠે ।૧૩૬।
નિકટવર્તિએ નવ મનોરથ કરી ચરણ ક્ષાલણને ઠામ
ગાદીસું પીઠો રાખીને ગડુઓ ધરીયો વામ ।૧૩૭।
પીત મૃતિકા પરમ સકોમલ જમણી દિશ લેઈ રાખી
સીક ટુક છોટા કરી મેહેલ્યા સાહામી છે જ્યાંહાં તાકી ।૧૩૮।
પટુકાદ્વી સકલાતનો ટુંક એક પીઢા તણે પ્રમાણે
એક કોર પીઠે દાખી છે બીજી બીછાવી બિછાણે ।૧૩૯।

પીઢે બેસીને વાહાલેા એ ઉપર ધરસે ચણું
જલ રપરસે નહીં શીત ન વાજે એહ કયું આચાર્ણ ।૩૪૦।
એક કસેડી છેટેા ગડુએા શીતલ જલસું ભરીય
આચમનને અલગેા કરીને રાખ્યેા છે તે ધરીય ।૪૧।
દંત ધાવનને ઝીંઝરટાંનુ દાંતણ રાખ્યું ધરીય
સરલ સુખદ સેાહતું મેાહતું મધ્યે ચીપ અર્ધ કરીય ।૪૨।
શીતકાલ માંહાંની સાવધાની એહેાની કહીઅ ન જાએ
સુક્ષમતા વાત્સલ્ય કારણ વચને વીસદ ન થાએ ।૪૩।
ચેાખંડી ચરણ ક્ષાલણુનીએ ટેરા રહે બેહુ પાસ
રયણી તણે ભાગે દીપક લેઈ રાખ્યેા સનમુખ પાસ ।૪૪।
પીઢા નીચા ચરણ રહ્યા સ્થલે સિલા જે શીતલ ભાસે
ત્યાંહાં અંગીઠી ધરીઅ સેાહતી કરેઅ તે એણે આસે ।૪૫।
એક અંગીઠી વામ દિસે લેઈ રાખી રચના કરીઅ
જલહલતી સેાહતી સેાહાતી સ્થલ દુર ત્યાંહાં ધરીઅ ।૪૬।
ચેામાસે ચેામાસાની વિધી કરે તે વિવિધ પ્રકાર
દેાહેાડૂ વસ્ત્ર મીણનું મનેાહર આણી ઉત્તમ સાર ।૪૭।
ગડુઆના મંદીરના દ્વારથી ચરણ ક્ષાલણ લગી જેહ
ચેહેલી છાત થકી આ છાત લગી તિરછું બાંધ્યું તેહ ।૪૮।
વરસે મેહ બુંદ નવિ પરસે વાહાલાજીને લગાર
પધારતા સુખસું પધારે પ્રીતમ પ્રાણ આધાર ।૪૯।
પ્રત્ય કાલી સકલાતના ટેરા બેહુ ઓર બહુ પ્રીત
ચરણ ક્ષાલણની ચેાતરીએ બાંધ્યા ભકતે કરી બહુ પ્રીત ।૫૦।
મેહ વિના વીંટી ઉંચેરા અટકાવી અને રાખે
મેહ બુંદ આવે જેણી વેલા ત્યારે નીચા નાખે ।૫૧।
ચરણામૃતની થેલી લેઇને વલી કાંઇ ઔસધ પાસ
મુખવસ્ત્રનેા ઉપરેણેા સાથે લેઇ ઉભા છે ખવાસ ।૫૨।
જેહ જહાંના સેવાના કાજમાંહાં તે ત્યાંહાં તત્પર થઇ
પ્રેમ સહિત પ્રમુદિત પરમાવિધી ઉભા આનંદ મઇ ।૫૩।
પધારવાનેા સમય સેાહાગી જાણીને સહુ દાસ
મનસા નયણ કરણ એકત્ર કરી ધરી અને દર્શન આસ ।૫૪।
કેા બેઠા કેા ઉભા એક ટક કેા કેા આવતાં જાએ
હવડાં પધારસે વહાલેા એહની આરત વિસદ ન થાએ ।૫૫।
એહવે પધારીને દર્શન આપ્યું પ્રાણ આધાર
તે પ્રકાર આગલને માંગલ્યે કીધેા છે વિસ્તાર ।૩૫૬।

ઇતિ શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ ૦યારાના ગેાપાલદાસ વિરચિત માંગલ્ય ।।૪।।
શ્રી અંગનું નિત્ય-ચરીત્રનેા પ્રસંગ ।। ચેાથું સમાપ્ત ।।

માંગલ્ય – ૫

શ્રી ગોકુલેશો જયતી

શ્રી સ્વરૂપ રસાવલીનું માંગલ્ય પાચમું લખીયે છીએ

રાગ 'ગોવી'દજીની ઘોડલી' એણી ચાલે ગવાસે

જે જે મહા મનોહર શુભ સુખ સ્વરૂપ સોહામણું
જે જે જગત અહેલાદીક નામ જગતને મોહામણું ।૧।
જે જે શ્રી વીઠલ સુત ગોકુલેશ સુદેશ શોભા ભર્યા
જે જે આનંદ મઇ રસાવેશ પ્રેમદા ગણે પરવર્યા ।૨।
જે જે સેન ઉથીત સુખરાસ વીલાસ રસે રસીયા
જે જે દરશન દાન દેવાને ઉઠયા અતી હુલસીયા ।૩।
ઉડી દર્શન દેઈયને રાજ સમાજમાં ઉભા
તે સ્વરૂપ વર્ણન જુત ચરીત્ર તણીય કહી શોભા ।૪।
ગડુઆને મંદીર પધાર્યા ને ભકત આંગણમાંહા
મલી બેઠા છે સર્વ સમાજ ઉલટ ભરીયા ત્યાંહા ।૫।
ભગવદીય ભાગ્ય ભરે પુરીત સુરા સેવા કરે
જહાં જેવા જોઈએ ઠર્યા સાજ તે આણીને ત્યાં ધરે ।૬।
એ કહી આવ્યા છું પહેલે માંગલ્યે હવે આગમન કહું
માહારી બુધી અનુસારે કરીયને અનુભવે જે લહું ।૭।
વડા ગડુઆનો આહાટ ભીતરથી સુણી સહુ હલફલ્યા
અભીલાખા ને આરત કેરા તે ભાગ્ય સકલ ફલ્યા ।૮।
મોટે પ્રમુદીત થયાં પધારસે વહાલો વેગા થઇ
બહુ વરણી સૃષ્ટિ સમાજ થયો તે આનંદ મઇ ।૯।
અવકાસે બેઠા હતા દુર તે આવ્યા નીકટ ધાઇ
પહેલા હાર બાંધી રહ્યા તેમાં આવી રહ્યા સમાઇ ।૧૦।
વેદીની ચોતરીથી ચોખંડી લગી બહુ થર થોકે
પહેલા ઉઠયા તે આગલથી આવી આવીને સ્થલ રોકે ।૧૧।
કેા ચોખંડીની બાંભી અટકીય રહ્યા મન ધરી આસે
કેા જલઘરની ભીંતે રહ્યા કેહે ત્યાંહાંથી દરસન થાસે ।૧૨।
ઉભી ભીંતે જે અટકી બેઠા છે તે ત્યાંહાંથી ઉઠયા નથી
મન નયણ કરણ એક રૂપે રહયા સાવધાનથી ।૧૩।
સહુ ભકતની આરત લહીય તે અસહી થઇયને
પધારીયા પ્રાણાધાર અંતરથી ઉમડીયને ।૧૪।
ચરણત્રાણ ઉતારી ભીતર ભોમીને પદ પરસતા
ડગમગતે ડગલે પધારે રૂપામૃતે વરસતાં ।૧૫।

ભીંતે અટકીને બેઠા હુતા તેણે પધારતા જોઇ
વેગા ઉઠીને સામી હારમાં રહયા ઉભા તે સહુ કોઇ ।૧૧।
જેજેકાર ઉચાર અનુપમ હોયે મધુરી વાણી
પ્રેમે પુલકીત થઇ થઇ બોલે ઉરમાંહાં આનંદ આણી ।૧૭।
વલી દુખડા લેઇને આશીષ બોલે જુગ જુગ જીવો
ધન જીવન પ્રાણ આધાર વીરહુતમનો દીવો ।૧૮।
એમ જેહને જે ભાવ છે જેમ તે તેમ આશીષ બોલે
ભાવ પ્રથક પ્રથક બહુ ભાંયે તે કેમ કરૂં સમતોલે ।૧૯।
એહવા માંહે પધારીયા રાજ કાજ સહુના સરીયા
રૂપામૃત રસે ભકતના નેત્ર તૃપ્તી કરીને ભરીયા ।૨૦।
વલી હૃદય સીંચન કરી અંગ સરવાંગ શીતલ કર્યું
નયણ મનને સીંચને સહુ સીંચન કરી રસે ભર્યું ।૨૧।
જે ઉમંગી ઉમંગી મન છેલ્યું તે ઉરમાંહાં માએ નહીં
અંગ અંગ નાથ્યા અવેવ અવીકત તે અંગમાંહાં સમાયે નહીં ।૨૨।
કેહને વીપ્રયોગે વીતી રયણી તે નયણે જોઇને
આરત્યાથી અંતરમાંહાં રૂપ લઇ રહ્યા મોહીયને ।૨૩।
કેા વ્યાકુલ વીરહીને અસહી પરીતાપ હવેા જોઇ
જવાલા ઉઠે છે ચુના માંહાં જેમ જલ છીરકે કોઇ ।૨૪।
કોઇ જોઇ રહયા દીગમુંઢ ચકિત ગતી પંગસુ
કહેને અનુસંધાન ન દેહ નેહે ભર્યા રંગસુ ।૨૫।
કેા સંયેાગીયા અંગના સંગી તે ઉભા દરશન કાજે
ઉર આનંદ ઉમંગ ના માયે દુરીય જુવે લાજે ।૨૬।
કેા વાત્સલ્યને ભાવે ભર્યા તે વાહાલાજીનું સુખ ઇચ્છે
દરશન કરી આશીષ દે છે બીજું કાંઇ નવ પ્રીછે ।૨૭।
કેા એક દરશન કરી લે ઓવારણા ને મનમાંહાં કુલે
કહે આજ મહીતલ માંહે કોઇ છે નહીં હમ તુલે ।૨૮।
કોઇ સાત્વીક ભાવે સુશીલ મલી દરશન કરે
આરંદ્રીત પુલકીત થઇને હરખે આંસુ ભરે ।૨૯।
કોઇ ધર્મ સંબંધી એ ધર્મ સ્વરૂપનેા જોઇને
કૃતારથ કરી આપ ધર્મે રહી મોહીને ।૩૦।
કોઇ ચકિત થકિત થઇ જોઇ રહયા એ સ્વરૂપને
વલી ટગર ટગર તે નીહાલે છે ગેાકુલ ભુપને ।૩૧।
કોએ તામસી તામસ ભાવે ભર્યા દરશન કરે
તે ખંડીતાપણે પ્રભુને દુઃખણ દેય પ્રેમે ભરે ।૩૨।
એહવા ભાવે ભાવીતના જે ભકત છે ભાગ્યે પુરા જેહ
માહા મંગલ નીધીનું મંગલ દર્શન કરે તેહ ।૩૩।

કોઈ નીરખે છે શ્રી મુખ ચંદ ચકોરની પેર થઇ
કોઇ રૂદય ઉરોજ નીહાલે છે રસ ભર્યા રસ મઇ ।૩૪।
કોએ બાહુ ભુજાદંડ તે લટકતાં જોઇ અને
કોઇ ઉદર નાભી કટી જોઈ જોઈ રહયા મોહી અને ।૩૫।
કોઇ ચાલ ચંચલ ને ચતુર નીરખે ચીત ધરી અને
કોઇ ચરણારવીંદ વિલોકે પરમ હિત ભરીયને ।૩૬।
કેહેને દર્શન થયું કેહેને ન થયું ઘણા પાછલ હુતા
ઉંચા નીચા થયા બલ સહિત તે પણ ભીડમાં ગુતા ।૩૭।
અંગ અંગનો પરમ સુવાસ તે સર્વત્ર ફેલ્યો
ભકતના અંગ સંગનો પરાગ તે સંગે થઈ છેલ્યો ।૩૮।
ઉભય મકરંદ એકત્ર થઇને સહુ સુવાસિત કીધું
એહોને સરવાંગનું દાન તે મકરંદ માંહાં દીધું ।૩૯।
વાત કરતાં લાગે ઘણી વાર વહાલોજી વેગા થેઇ
વામ પાસાની ખાંભીએ વામ કરે પરસ્યા જઈ ।૪૦।
ખવાસે કહયું જીરાજ તે સુણી બેઠા પીઢે આવી
ગડુઓ બેહુ જાનુ મધ્યે ધર્યો પોતાને મન ભાવી ।૪૧।
તે ઉપર કર વામની કોહોણીનો ટેકો દેઈયને
બેઠા છે રસીક વર રાય ભકતનાં મન લેઇયને ।૪૨।
જમણે કરે મૃતિકા જોઇ જે પહેલી રાખી હતી
અધકી જાણી અલગી કરીય તે આગલથી અછુતી ।૪૩।
તે ભકતે લેઇ પાછીય મહેલી છે મહેલ્યાનો સ્થલ જયાંહાં
હવે વાહાલોજી કર પ્રક્ષાલન કરે છે પોતે ત્યાંહાં ।૪૪।
જમણે કર મૃતિકા લેઇ લેઇ નાખે ડાબા કર માંહાં
અલગા થકી અલવે ઉછાલે તે શોભા કહીયે કયાંહાં ।૪૫।
વલી કોપરે ટેકીને ગડુએ થકી ત્યાંહાં જલ નામે
એ જોઈ જોઈ ભગવદી ઉભા છે તે સહુ સુખ પામે ।૪૬।
પછે ભેલી બેહુ કર ભીડીને નામે છે જલધારા
એક વાર એણી પેરે ક્ષાલીને વલતાં કર્યા ન્યારા ।૪૭।
સામી તાકીય માંહેંથી સીક જોઇને લીધી આછી
ઉપયોગી કાજને રાખી વધતી મહેલી પાછી ।૪૮।
તેણી સીકે શોધન નખનું કરે સુખદ પ્રકારસું
અનુકર્ણ તેહનું ન કહેવાયે તે કરીય વીસ્તારસું ।૪૯।
એક એક અંગુલીયનાં નખમણી મધ્ય શોધી અને
એક એક ચરિત્ર માંહાં ભકતનાં મનને નીરોધીને ।૫૦।
પુરી મૃતિકા લેય કર મીંડે છે વીવીધ પ્રકારસું
સ્વકીયને હેતે શુદ્ધતા જ્ઞાપન એહ વીચારસું ।૫૧।

કર ભીંડીય મરડી ક્ષાલીને ગડુએા જમણે કરસું
ગ્રહી જમણી પાસાએ લીધેા છે પરમ ઉલટ ભરસું ૧૫૨।
કેા અવાસે કે ભગવદ્ ડેાયે તે ગડુએા ત્યાંહાંથી તેહ
ઉઠાવીને જમણી પાસે તે રાખે છે ભરી નેહ ૧૫૩।
જમણે કરે ગડુએા ગ્રહી નામે છે જલધાર
વામ કરે વામ ચરણ પ્રક્ષાલે છે પ્રથમ તેણીવાર ૧૫૪।
મૃતીકા લેઈ ભીંડે છે ચણું આભણું જગત તણુ
વલી જલધારાએ નામી નામી કરે સેાહામણુ ૧૫૫।
પછે ભકત રૂપ પુષ્ટ પુષ્ટ પાદાંબુજ વામનેા
માટે પ્રથમ પ્રક્ષાલ્યેા ધર્મીએ પુરક કામનેા ૧૫૬।
પછે ધર્મ સહીતે ધર્મ રૂપ પાદાંબુજ જમણુ જે
પ્રક્ષાલન કીધું પેાતે પ્રમુદીત થઇને પેાતા તણુ જે ૧૫૭।
પછે વામ કરે ગડુએા ગ્રહીયને વામ દીસે લીધેા
દંત ધાવન કરવા તણેા તેહવે આરંભ કીધેા ૧૫૮।
પહેલા કેાગલા કીધા અનેક વીવેક તે કેમ લહું
કેાગલા કરી દંત ધાવન કરે હવે કાંઇ તે કહું ૧૫૯।
એહવે કર્ણ થકી જમણે કરે ઉપવીત ઉતાર્યું
કર ગ્રહી જમણી દીસે ઉકસી નીતંબ પર કસું ન્યારૂ ૧૬૦।
આચમન લેઈ કર પ્રક્ષાલન કરી મનમાંહાં હરખીયા
પછે જમણે કરણે જમણે કરે કરીને પરસીયા ૧૬૧।
ગડુઆ તણા મુખમાંહે વામ કેાપરનેા ટેકેા દેઈ
જમણે કરે દંત ધાવન તે કરે છે કારણ મઇ ૧૬૨।
ચરણારવીંદ તણા ફણાંય તે દંત ધાવન કરતા
ડગમગીય રહે અંગ સાથ તે હાથ દક્ષીણ ફરતા ૧૬૩।
પીઢા સહીત આસન ડગમગે નીતંબ સહીત ન્યારૂ
જાનુ જંઘ તે સંગથી હાલે છે તે જોઇ વારૂં ૧૬૪।
ધેાતી ઉકસીને આસન નીચે દાબી તે શેાભા સેાહે
કર લટકે છે જાનુ નીકટ તે જોઇયને સહુ મેાહે ૧૬૫।
કટી લંકનેા બંક હાલે હાલે પછવાડા પીઠ
હાલે નાભી ઉદર ને ઉરેાજ તે તીરછા પડે દીઠ ૧૬૬।
એ ડેાલતાં જોઇ ડેાલે છે મન માનની મદ માતીના
અનુકરણ રસાલ જોઇ મન કુદ્યાં સુજાતિના ૧૬૭।
માલા રૂદયને ડેાલતાં ડેાલે છે શેાભા સી દીજીયે
કર કમલ તણા લટકાને તે જોઈ જોઇ રીઝીયે ૧૬૮।
ગ્રીવાની લટકની રસાલ રસાલ અધર તણી
કર્ણ મુકતા મણી ડેાલે કેા સમે શેાભા સેાહામણી ૧૬૯।

ફેંટાનો તુરંત શીઘથી ડોલે છે ભાંતી અનોખીયે
પાછલ થકી નવલ નીહાલે તેહનાં મન પોષીયે ।૭૦।
હવે જીન્હા શોધનને સમે તણી અંગ અંગ ડોલની
અનુભવી લહે છે તે રૂપ શોભા ન કે ઈ તોલની ।૭૧।
જેહુ કર તણી લટકની સનમુખને મુખડું હાલે
રસના તે સમે લાંબી કરી તે અધર ઉપર માહાલે ।૭૨।
વલતી ચીપ અલગી કરી અને નીચેરી રાખે
ગડુઓ વામ કોપરે ટેકીને ઉપર જલ નાખે ।૭૩।
અંગુઠાની ઈસારતે કરી ને ચીપ ને ધોએ
વલી જીહ્યા શોધન તણે કાજ તે ફરી મુખમાંહાં સોહે ।૭૪।
એણીપેરે શોધન કરી જીહ્યાને કર પ્રક્ષાલીન કીધા
ભગવદીયોના ભાવ અનેકના મનોરથ ત્યાંહાં સીધા ।૭૫।
ગડુઓ બડો વામ કરે ગ્રહી મુખ પ્રક્ષાલે છે
પહેલા ઓષ્ઠ અધર ને ઠોડી લગી એહ સંભાલે છે ।૭૬।
એ પ્રક્ષાલી અને કર પ્રક્ષાલી શ્રીમુખ પ્રક્ષાલીઉં
ઉતરતે જલે અધ ભાગે તે ભકતે નીહાલીઉં ।૭૭।
કોગલા કરે અગણ અપાર ને ધારા અછન વહે
જલ નામે છે પરમ ઉદાર તે ચાલતું નવ રહે ।૭૮।
એમ કોગલા કરી અનેક તે ગડુઓ ન્યારો કીધો
બીજે ગડુઓ શીતલ જલ તણો તે આચમનને લીધો ।૭૯।
પછે આચમન લેઈ અંગુલીદલ અધર ઉપર ફેરે
જમણો કર જમણે કરણે પરસે સહુ કો હેરે ।૮૦।
જે કો થોક થોકે થરે થર થઈને દરશન કાજ
ઉભા છે અપરમીત જુતે તજી નીજ કુલ લાજ ।૮૧।
તે જુવે છે જગત આભરણને વરણના ફલ થકી
ભાવે પુરા ભાગ્યે પુરા સુરા સોહાગના બલ થકી ।૮૨।
હવે નેત્ર છીરકે નવલી પેરે કર કમલે કરી
ડાબું જમણું નેત્ર નીરૂપમ છીરકે છે ફરી ફરી ।૮૩।
તેણે સમય શીષ શુભ નયણની સુખદ જે ડોલની
કર લટકે લલીત તણી લાવણ્ય શોભા અમોલની ।૮૪।
નયણ છીરકી અધર કર ફેરી ફેરીને પ્રક્ષાલે
ત્યાંહાંથી પોહોંચી ફરીય બેસી ને ઉપરણો સંભાલે ।૮૫।
બવાસે મુખવસ્ત્ર સુશોભીત સાહું સોંપે ભયું
ખાસા તણુ સકોમલ સેત તે લેઈ આગલ ધયું ।૮૬।
જમણે કરે પાલવ ગ્રહી અને મુખ પુંછન કયું
મુખ પુંછી અને કર પુંછીઆ એહ કારજ સહુ ।૮૭।

ચરણામૃત કેરી થેલી બવાસે આગલ ધરી
વહાલાજીયે વામ કરે કરી ને તે અંગી કરી ૧૮૮।
જમણે કરે થેલી માંહાંથી લેઇ મુખમાંહાં લીધું
જન શિક્ષાને હેતે એહ તે પ્રગટ સુચન કીધું ૧૮૯।
પછે કર નયણે પરસાવીને કંઠે પરસ કરે
રસ વાચીક ભાવ છે એહમાં રસીક છે તે ઉર ધરે ૧૯૦।
કાંઇ ઔસધ કેા સમે લેઇય ઉપર કરે જલ પાન
કેા સમે ભાગ્યવાનસું કરે છે વચનામૃત દાન ૧૯૧।
ભાગ્યવાન ભગવદી કેા નેગસું આવી પ્રાત પહેલાં
પેાતી મંદીર માંજે છે પાત્ર થઇને વહેલા વહેલા ૧૯૨।
તેહવે આગલથી હેામઘર માંહાં કે રાજ તીબારી માંહાં
તેલગાદી આણીને બીછાવે છે રીતુ જેહવી ત્યાંહાં ૧૯૩।
ગરમી માંહાં તીબારીયે હેાયે ઘણુ હેામઘર એ સ્થલે
મધ્યે મનેાહર ઠામે બીછાવે છે સ્થલ અતી અવીચલે ૧૯૪।
પહેલાં છેાટી જુલીચી સેાહતી બીછાવી તેણે ઠામ
તે ઉપર ગાદી સાદી સકેામલ ધરી મન અભીરામ ૧૯૫।
બાસતાનું લપેટનું કેામલ દાબ્યું ચારે પાસ
કાંકસી સમારી પુંછીને ગ્રહીય રહયા દાસ ૧૯૬।
તેલ સુગંધરાઇના સુવાસીત સીધ કરીયને
આણી અમીનવી ભાંતે રાબ્યા છે કટેારી ભરીયને ૧૯૭।
એમ શ્રી અંગે અભ્યંગ કરવાને ન્યારૂં રાબ્યું તેહ
ચંબેલી શીતલ સુવાસે ભરી મસ્તકને એહ ૧૯૮।
પદ પુંછન કરવાને વસ્ત્ર જુલીચી સંગ ધરીયું
કેામલ કર ફેરી બીછાબ્યું છે અતી વાછલ્ય ભરીયું ૧૯૯।
ત્યાંહાં તેલ લગાવવા કાજ ભકત બે રહયા આવી
સીધ થઇ મનેારથ સહીત અતીસય મન ભાવી ૧૦૦।
શીતકાલ હેાય તેા સુહાતી અંગીઠી કરી રાખે
અભ્યંગનું તેલ તાતું કરે ને કીવાંડે ટેરેા રાખે ૧૧।
ગરમીમાં પરમ સુભગ પંબેા તે કરવાને સીધ કીધેા
ભગવદી ભાબ્ય ભર્યા પુરા તે ઠરમાંહે લીધેા ૧૨।
અહી નીકટવૃતીએ જે સમાજ તે કાજના કાજ માંહાં
આવી આગલથી સહુ તત્પર કરી રાબ્યું ત્યાંહાં ૧૩।
કેા કેા નીકટવતી ના નીકટ અને નીકટના અભીલાખી
જેણે શ્રીમુખ મધુરામૃત તણી માધુરી નીત ચાખી ૧૪।
તેણે લેાભે લેાભાયમાન આગલ થકી આવીને ત્યાં બેઠા
હેામઘર માંહાં એકાંતનેા સ્થલ જાણીને પહેલા પેઠા ૧૦૫।

ભીતરને રહેનારે કીમાડ માંડયા ધરી એ આસે
વાહાલોજી પધારે અહીં ભીડ ઘણી થાસે ।૧૦૬।
કો કો નાહયાનો સ્થલ એકાંત લેઈને ત્યાં ઉભા
હવડાં પધારસે રાજ તે દર્શનનાં લોભ્યા ।૭।
કો કો હોમઘરનું દુવાર પ્રથમ ત્યાં પહેલા આવી
બારસાખે અટકી ઉભા પાસે રહયા છે તે મન ભાવી ।૮।
કો કો ઉભા તીબારીયે હાર કરી દોહોરી તેહરી
ચરણક્ષાલણ સ્થલ થકી ભીતર ભીડ થઇ ગેહેરી ।૯।
પરસપર એમ શીખવે એમ રહો જેમ દર્શન થાયે
દર્શન રસે વીવસ થયાં થકા તેહજ આગલ થાયે ।૧૦।
કોઇ પાછલનાને ઠેલી આગલ આવે છે રસ ભર્યા
આગલ પાછલ રહે ઠેલી એક એક માંહાં અનુસર્યા ।૧૧।
આગલનાં હાથ જોડી એ બલસું રહે દ્રષ્ટે થયા
કહે હવડાં પ્રભુ પધારસે પેંડો રાખી રહ્યા ।૧૨।
હોમઘર માંહાં ભીતરના ભાવે ભર્યા અભીલાખા ધરે
વાહાલોજી આવી મનોરથ અમ તણા કયારે પુરણ કરે ।૧૩।
નાહાવાને સ્થલે ઉભા છે ભકત તે નાહોને નીરખવા
આતુરતા અંતર ગતિ ઘણી જોઇ જોઈ હરખવા ।૧૪।
હોમઘર દુવારના ને તીબારીના લોચે ઘણુ
જોવા સુંદર મન અભિરામનું રૂપ સોહામણુ ।૧૫।
જે કો ઉભા છે સનમુખે ભકત અનુરકત રસે ભર્યા
તેણે મનના સ્વરૂપ સાંપ્રત્ય એ રૂપ માંહાં ધર્યા ।૧૬।
રૂપ માંહેં થઈ રહ્યા મગ્ન તે લગ્નતાએ કરી
અંગ માંહેં પાગી રહયા અંગ જુએ નયણા ભરી ।૧૭।
ભરી ભરીય નયણ આવે રસ ભર્યા ને ભાવે ભરે
અંગ અયોગને આતુરે સંગની અભીલાખા કરે ।૧૮।
જે કોઇ જલઘરની દીશે ઉભા હતા દરશન કાજ
તે ધસીયને આ દીશે આવ્યા ફરી બેઠા રાજ ।૧૯।
હવે ઉઠવાવો સમે જોઇયને જોઇ જોઈ રહયા
પ્રેમે ભર્યા પરમ ઉદારના રૂપને ઉમહયા ।૨૦।
પીઢે બેઠા છે પરમ વરેસ સુદેશ શોભા ભર્યા
પીઢા થકીય કમલ પદ જુગલ તે લેઈ નીચા ધર્યા ।૨૧।
ત્યાંહાં નખમણીના કર ઉદ્યોતની જ્યોત તે જલહલે
જોઇ નીરખણહાર નીપુણ જે ધીરાનું ધીરજ ચલે ।૨૨।
અંગુલીદલ અવીચલ શ્રેણી કેણે નવ જાયે કહી
તેહની શોભા શોભાએ ભરી ઉર માંહાં પગી રહી ।૧૨૩।

ગૌરતાની ગેહેરાઈએ રાજતી એહુ પદ્મની પાની
એકને એકની દીજે ઉપમા બીજી દીજીયે કયાંહાંની ।૧૨૪।
ઘુંટી પદ્મ ઉભયની ઉભય અનુપમ રાજતી
એહની અરૂણતા અભીનવ જોઇ શોભા રહી લાજતી ।૧૫।
એડી અનુપમ ભાંતી રસાલી તે રહી પીઢા ઓટ
અભીલાખ કરે પણ નયણનો ત્યાં ન પડે ચોટ ।૧૬।
જાનુ ઉભય ઉભા કરી બેઠા છે પરમ શોભા ભર્યા
ભુજદંડ ઉભય જુગ જંઘા ઉપર તે આણી ધર્યા ।૧૭।
ઘુંટણને ઉપરથી નીચેરી ધોતી લટકી રહી
બાકી ઉકસી આસન તલે દાણી તે શોભા નવ જાયે કહી ।૧૮।
નાભી ઉદર નવલ રસે ભરી રહ્યું ત્રીવલી વલી
ઉર ઉરોજના ભાવ વીલોકતા સર્વ આસા ફલી ।૧૯।
પછવાડા પીઠ કોઇ નીરખે છે મીટ માંડી અને
તીરથા રહયા ગુરૂ જન માંહેથી સંકુચ છાંડીયને ।૩૦।
ગ્રીવા ગોલે સુલોકતી માલ રસાલ રસે વરી
ભકતનાં ઉરનો અનુરાગ સુવાસ ભરે ભરી ।૩૧।
ઠોડી ઠોર સુઠોર સુડાણી વખાણી હું કેમ કહું
પાને પરસ પ્રેમદા તણો પ્રથમ તે ભાવને કેમ લહું ।૩૨।
ઓષ્ટ અધર અનુપમ જોડને કોડ જોવા તણુ
દ્રષ્ટી એ પાસા અરૂઝી રહી અલગી ન થાયે અણુ ।૩૩।
પ્રાચી પીક રસની અરૂણાઇ કાંઇ એક રહી રસ લીધે
સહેજ અરૂણતાનો થયો ઉદ્યોત દંત ધાવન કીધે ।૩૪।
લીક માંહે પીક તણી આભા તે કઇ કઇ દેખીયે
તેહ સમય ઉપર વારી નયણા સફલ કરી લેખીયે ।૩૫।
મુછની મનોહર ગતી દીસે નાસીકા નમી રહી
અણીયાલી અનુપમ ભાંતી કેણે નવ જાયે કહી ।૩૬।
કર્યું કમનીય કોમલ રાજે છે સદા સોહામણા
ત્યાંહાં વીરલા બાલ રસાલ તે લાગે મોહામણા ।૩૭।
તે ઉપર ઉપરેણાના પેચ જે પરમ લસી રહ્યા
આવે સુરત સુરતિ ભુલે અંગ અંગ માંહાં વસી રહ્યા ।૩૮।
ગલ ગૌર ગોલક ને અરૂણની આભા હરે તેહવા
સમોવડ કરવાને એ ઉભય ન કોઇ એ જેહવા ।૩૯।
નયણા નવ નાયક વાયક વીન અતી રીઝવે
અણીયાલા રસાલા પ્રણય જુત પ્રેમદાને પ્રીછવે ।૪૦।
ભ્રકુટીય કટીલી કોડામણી કોડે જોવા સરખી
ભાગ્યે અનુભવ [illegible] ।૪૧।

ઉભી રેખા ઉર્ધ્વ ઉભય રંગ તણી તીલક અનુહારની
મધ્યે શ્યામ રેખા રસરૂપ શ્રીંગારના સારની ।૧૪૨।
લસીય રહ્યું લલાટ તેજમેં રૂપ રસે વરસીને
એ નીરખતાં પરમ ફલ ઉદય સ્વરૂપ દરશીયને ।૪૩।
એ નીરખી બીજું કાંઇ ન ભાવે ભાવે ભર નીરખે છે
સોહતું સલુણુ શોભા ભર્યું જોઇ જોઇ હરખે છે ।૪૪।
શ્રી ભરતકે ઉપરેણાના પેચ અવલા સવલા દીધા
એહવું સ્વરૂપ જોઇ સુભગાના મનોરથ સહુ સીધા ।૪૫।
હવે વાહાલેાજી ઉઠયા ઉતાવલા તેલાભ્યંગ કાજ
હેામઘર જ્યાંહાં ભગવદીયે ભાવસું કરી રાખ્યા સાજ ।૪૬।
જે જે બેાલે સુભગ વયણે નયણે નીરખી રહ્યા
આશીષ દે અતી અલીલાખે કેા જોઇ મેાહી રહયા ।૪૭।
જેહની આગલથી પધારે તે વારે પેાતા તણુ
તન મન ધન પ્રાણુ ને સર્વસ રાખે ન એક અણુ ।૪૮।
કેાઇ સામા જોવા ધસી આવે ને જોઇ પાછા ફરે
બેહુ હારે રહયા તેની હારે સાદર દરશન કરે ।૪૯।
કેાઇ પેંડેા કરાવવા આગલ થકી પેાતે ધસી આવે
કહે ચાલેા ચાલેા પેંડેા કરી રહેા એ મનમાંહાં ભાવે ।૫૦।
પાછલથી પ્રમુદીત થઇને વાહાલેાજી પધારે
લકટતા ચટકતા ચરણ જુગ જોઇ ભકત વારે ।૫૧।
પાછલથી આવે છે ખવાસ અને જે નીકટવર્તી
તેહની સાથે સહુ કેાએ ભીડ થતી આવે ભરતી ।૫૨।
આગલ પાછલ આસપાસ તે ભીડ બહુ માચી
કેા દરશન વીનુ સંકુચી પાછલ રહયા તેહની બુધી કાચી ।૫૩।
મધ્ય નાયક પરમ વરેસ સુદેસ સેાહામણા
પધારે પ્રેમદા ગણે પરવર્યા જગત મેાહામણા ।૫૪।
આગલના જે અંતરવર્તી તે ધસીય ભીતર ગયા
જે કેા સહેજે સંકુચ્યા ભીડ જાણી તે તે બહાર રહયા ।૫૫।
તેહવે ચરણ જાનુ જંઘા નીતંબ કટી લટકાવતા
ઉર ઉરેાજ ગ્રીવા ભુજ શ્રીમુખ દ્રગ મટકાવતા ।૫૬।
પધાર્યા ભીતર ભલી રીતે પ્રીતે પ્રેમદા નીરખે
જોઇ જગત તુછ કરી જાણે અને મન માંહાં હરખે ।૫૭।
ત્યાંહાં ઉભા રહી ઉપરેણેા ખવાસજીને આલ્યેા
પરહનીનેા બેહુ કરે કરીને કાછ તે દ્રઢ વાલ્યેા ।૫૮।
સ્કંધેથી ઉપવીત ઉતારી અને બેહુ કર લીધું
વીંટી નાભીએ પરહની પર બેાસી અને દ્રઢ કીધું ।૧૫૯।

ઉતર દીશ શ્રીમુખ કરીયને બેઠા ગાદીયે આવી
ગાદી ઉપર જમણી દીશે ભકતે કંગી મેહેલી રાખાવી ।૧૬૦।
બેહુ કર અવટા કરીયને અંબોડો છોડે
ઉર ઉરોજ ઉંચા કરી ભાવસું ને કટીલંક મોડે ।૧૧।
પછે જટકી કેશ કર વલણે કરી વીરલા કીધા
અંગુલીદલે પ્રથમ વીકસીને સરલા કીધા ।૬૨।
વામ અંગ ઉકસી ઉર મરડીને કેશ આગલે લીધા
વામ કરસું મુઠી માંહાં ગ્રહીયને રૂદય ઉપર કીધા ।૬૩।
અંગ મોડતા ચરણ જાનુ અને જંધા તણો લટકો
નાભી ઉદર સહીત કટીલંક મરોડ તણો મટકો ।૬૪।
ઉર ઉરોજ ઉતંગ કરીયને લહેકે ફરી વાલ્યુ
ભુજ ગ્રીવા શ્રીમુખ ને મસ્તકનું વલણ નવ જાયે સંભાલ્યુ ।૬૫।
એણે વલણે નયણનું જે વલણ ને ચલણ માલા તણું
ભ્રકુટીનું વલણ વીલોકતાં ધીરજ નવ રહે અણુ ।૬૬।
એમ મોહક અંગ મરોડના કોડ જોવા થાએ
અનુભવી લહે છે એ વાત વયણે કહી નવ જાએ ।૬૭।
એહવો કેશનો લેંહકો કૃીપાલ જે જોઇ અને મન લાગે
એ સ્વરૂપ અંતર સ્થિત થઇયને ઉર માંહે પાગે ।૬૮।
ઉભય કરસું સુધા સુધારીયા તે ભાંત સોહામણી
કાંકસીને વીરલે દાંતે પ્રથમ ઓલ્યા કેશના અણી ।૬૯।
ઓહોલીય પાછલ લટકાસું નાખીને પીઠે પ્રસારીયા
પહેલા વીરલે દાંતે કાંકસીને સુખદ સુધારીયા ।૭૦।
પછે જીણે દાંતે ઓહોલીને પરમ મૃદુલ કીધા
કેશ વલગ્યા આવ્યા કાંકસીયે તે ત્યાંહાં અલગા લીધા ।૭૧।
લઇ કો સમે કાંકસીયે લપેટયા લાવણ્ય પણે
કો સમે લપેટે અંગુલીદલે ભાવ સોહામણે ।૭૨।
કો સમે કાંકસીથી લેઇ કાંકસી જંધા પર ધરે
કેશને પેચ દેઇને ચરણનાં અંગુઠા મધ્યે ધરે ।૭૩।
એમ ઓહોલી અલવેસું લેઇ કાંકસી ગાદી પર રાખી
તે સમેની શોભા જોઇ અનુભવીયાનું તે મન સાખી ।૭૪।
પછે ધોતીસું કર પુંછીયને મસ્તક પર ધરીયા
તાલવા થકી ઓહોરેરા દાબી ઉભય સનમુખ કરીયા ।૭૫।
જેમ તેલ તાલુઆ માંહાં મહેલ્યા પછી લેલાટ ઢલી અને
આવે નહીં તે માટે બેહુ કર રાખ્યા ભેલીયને ।૭૬।
ખવાસે કટોરી કરમાંહાં ગ્રહીય તેલ તણી ત્યાંહાં
ચાંગલે ચાંગલે કરી મહેલે છે તેલ તાલુઆ માંહાં ।૧૭૭।

પુરણ થયે પ્રાણવલભજી હાં હાં હાં હાં કરી બોલે
એ વયન કોટી આનંદ ઉદબોધને કોણ કરૂં સમતોલે ।૧૭૮।
બેહુ કર અવલા સવલા કરી શ્રી મસ્તક ચોલે
નીચું શ્રી મસ્તક કરીને ઉંચે કરે સઘલે રોલે ।૭૯।
જેમ નીચું ધસીય ન આવે લલાટે લસીયને
તેમ મીડે છે મનોહર ભાંતે તે મન હુલસીયને ।૮૦।
જો લલાટે ધસી આવે તેલ તે લધુ લાઘવ કરી
કેશસું સમેટીને લે છે તે શીષે પાછું ફરી ।૮૧।
એમ મીડતા મનોહર કેશ સુદેશ હાલે ઘણુ
હાલે ભ્રકુટી લેલાટ નયણ યુગ લાગે સોહામણુ ।૮૨।
કર્ણે કો સમે મુકતા હીરોટી કે સાદા હાલે તેહ
ગલ કપોલ નાસા હાલે મુછ તે નીરખીયે ભરી નેહ ।૮૩।
રસ ભરથી અધર નમી આવ્યો તે હાલે છે હાલતા
તેનું રૂપ રૂદય માંહાં સંભાલી શકું ન સંભાલતાં ।૮૪।
ગ્રીવા ગોલ ગુણે ભરીય હાલે છે શોભા અમોલની
માલા ગુંજા મનોહર ભાંતીની તે સમે ડોલની ।૮૫।
ઉર ઉરોજ ઉતંગ તે થરહરે હરે મન સર્વના
જુવતીના અહંકારના આયુધ મુકાવે ગર્વના ।૮૬।
ભુજમુલ ને ભુજાદંડ કલા હાલે ઉંચા થકી
તેહની શોભા જે શોભાયમાન શકે કોણ કહી શકી ।૮૭।
નાભી ઉદર ને પછવાડા પીઠ હાલે વલી
કટી નીતંબ જંઘા જાનુ હાલતા જોઇ પોહોંચે રલી ।૮૮।
પદમાસનથી પાદાંબુજ જે ઉભય અલગા રહયા
રેખા નખમણી સહીત હાલ્યાના ચરીત્ર ન જાયે કહ્યા ।૮૯।
એણી પેરે મીડી અને કેશ સુદેશ સોહામણા
વલતા તે પાછલના સમુચ્ય સુધાર્યા મોહામણા ।૯૦।
વલી તેલ કટોરીમાંથી શ્રીકરે કરી લીધું
કેશ રૂક્ષ રહયા તેહને તે ઘણુ કરીને દીધું ।૯૧।
વામ અંગ લહેકાવીને કેશ તે વામ કરે લીધા
જમણે કરે તેલ દેઇ દેઇ મચમચતા કીધા ।૯૨।
કેશ અણી લગી તેલે સણી અને ઘણી ભાંતે કરી
પછે કરને લેહેકે લટકાસું પીઠે પ્રસાર્યા ફરી ।૯૩।
એ ઉભય કર આરંદ્ર લેઇને અન્યંગે રસ અંગ
તે નિરખી નિરખી નવવધુની મનસા થઇ પંગ ।૯૪।
કરતલ ઉભય સંકુડાવી ને પરદની પર લોહે
વલતા ઉભય કરતલ કરતલે મરદેથી મન મોહે ।૧૯૫।

મરદી અને તે કર કમલ શ્રીમુખ ઉપર ફેરે
રસીયા મુસકાઇ પરસ્પર દુર રહયા હેરે ।૧૯૬।
પાઠ કરે છે પરમ ઉદાર પોતે પ્રમુદીત થઇ
ફરકે છે અધર ને રસના તે નીરખીયે રસમઇ ।૯૭।
પાઠ કરતાં ગાન રસ સાંભલે ત્યાંહાં પોતે ચીત ધરે
રાગના વેધી રસીક સુજાણ તે પાઠને વીસરે ।૯૮।
વરજે કર ઉંચો કરીને પાઠ કર્યા લગી
કો સમે વરજે નહીં આપ ગાયે જે કોઇ રંગ મગી ।૯૯।
તેલ અભ્યંગને અંગસેવક આવી ઉભા રહયા
અવલા સવલા તે આવીને શ્રીકર બેહુ કરે થઇ ।૨૦૦।
તેલ લેઇ અભ્યંગ કરે છે અતી ઉલટ ભર્યા
કર ફેરવે કોમલ સુખદ વાત્સલ્ય રસે વર્યા ।૧।
કરતલ માહાં કરતલ ગ્રહીયને મરદે છે કરતલસું
વલી હૃદય ઉરોજે ફેરે કર સુક્ષમતા બલસું ।૨।
માલા કંઠથી ઉંચી કરીયને રાખી છે શ્રીકરણે
તેલાભ્યંગ કરે થકી હાલે છે રસ તણે અનુઠણું ।૩।
ચરણારવીંદે તેલાભ્યંગ કરે છે જે આવી
તેહના ભાગ્ય તણી પરમીત વચને કહે ન આવે ।૪।
તે ચરણે દંડવત કરી પરશીને તેલાભ્યંગ કરે
એ દરશને રસ તણુ સુખ લેઇ લેઇ ઉરમાંહાં ભરે ।૫।
ઉર ઉમરી ઉભરી આવે ભરીયને ઉમંગ માયે નહીં
મન નયણ લહે છે એ વાત કહે કહેને અહીં ।૬।
તેલ ઘુંટણ જાનુ જંઘાએ ને પીંડુરી પાની સોહે
અંગુલીદલ નખમણી પદ તલ મરદતા મન મોહે ।૭।
વલી પીઠ પ્રનાલીએ ચોલે છે રોલે છે મનરલી
કટી નિતંબે લગાવે છે નીકટવતીં એમ મલીમલી ।૮।
બેહુ કરે બેહુ ભકત લગાવે છે તેલ તે લલી લલી
કટિ નિતંબ ડીગે નહીં ભુજ બેહુ દીશ આવે ઢલી ।૯।
ભુજ સાથે ગ્રીવા તણી લલકનીયે શ્રીમુખ ડોલે
નયણ નાશીકા અધર ડોલે તે કરૂં કોણ સમતોલે ।૧૦।
સનમુખે નિશી ભાગે દીપક ધર્યા જયોતી તે જલહલે
શ્રીઅંગની જયોત ઉદ્યોત માંહાં જયોતી આવી ભલે ।૧૧।
સનમુખ આસપાસ ને પૃષ્ટે ભાગે બેઠા ભકત
નખશીખ પર્યંત નીહાલે છે થઇને અનુરકત ।૧૨।
હોધમર માંહાં નાડયાને સ્થલે જે કોઇ ઉભા છે ભગવદી
તે કીમાડને રંધ્રે નીહાલે છે ભાવ થઇ તદી ।૨૧૩।

કો નીરખે નખમણીની જ્યોતી જે તેજમેં જલકતી
અંગુલીદલ શ્રેણીની શોભા નયણમાંહાં સલકતી ।૨૧૪।
પાહાની પીંડુરીનું તેજ પ્રકાશ વીલાસે વિલસી રહ્યું
રેખા તેજમેં ઝલકી રહી તે ન જાયે વીશદ કહ્યું ।૧૫।
જાનુ ઘુંટણ જંઘાની જ્યોતી તે સોહતી સોહામણી
ઝલકે છે અનુપમ ભાંતી જગતને મોહામણી ।૧૬।
પરદનીનો કાછસું કાછ વાલીને બેઠા પોતે
કટી ઉપર ઉપવીત વીંટ્યું તે મોહી રહયા જોતે ।૧૭।
નાભી ઉદર હૃદય પસવાડા જે પ્રેમસું નીરખે છે
રૂપામૃત રસે તેજમઈ નયણમાં વરસે છે ।૧૮।
પીઠ ઉપર કેશની શ્યામ ધારા લલકી રહી
તેલને સંબંધે કેશ વિરલા કોઇ અટકી રહયા કહીં ।૧૯।
કેશના અણી કટી ઉપર જે આવી પરસી રહયા
તેલ કણીકાના બુંદની શ્રેણીએ તે વરસી રહયા ।૨૦।
પીઠે તેલની આરંદ્રતા તણી ઘણીય શોભા દીશે
ભુજમુલ સચીકણ ઝલકતા જોઇ હૈડું હીશે ।૨૧।
ઉર ઉતંગ ઉરોજની ચાક ચક્ષ ચલકે ઘણુ
સહેજ જયોતી માંહાં દીપક જોતીથી લાગે સોહામણુ ।૨૨।
બાહુદંડ કોપર કલાઇ અંગુલીદલ નખમણી
પોહોંચા કરતલ રૂચીર રેખા ચલકે છે સોહામણી ।૨૩।
ગ્રીવાની ડોલની માંહેં ચલકની તેહ તેજે ભરી
ઘાંટી ઘાટ સુઘાટને તેહ સમે નિરખું ફરી ફરી ।૨૪।
મુખ અગ્રીમ શ્રવ પ્રગટ પ્રકાશે જોતીનો તે ઉદય કર્યો
અંતરાય અયોગ ને આરત રૂપ તીમીર હર્યો ।૨૫।
તેમાં અધર અરૂણ જે અપાર તેજે રહયો તૃપ તૃપી
એહની જ્યોતી જોયેથી દીપક તણી જ્યોત જાયે છપી ।૨૬।
મુછ સ્વચ્છ સચીકણ શ્યામ તે કામ પુરણ કરે
બાલ વીવીધ તેજ તણા પુંજ તે અમીત શોભા ધરે ।૨૭।
ગલ મંડલ ઉભય ઉદિત કર તેજ તણુ ધામ
ચલકે જેમ મુકુર મનોહર નિત પુરક કામ ।૨૮।
નાસીકા અણીયાલી રસાલી તે લાલી તેજે ભરી
એહના તેજની પાબલ્યતાએ તે જ્યોતી સર્વે હરી ।૨૯।
કર્ણ પુટ કમનીય રાજે ઘણુ તેજમેં જલકતા
ઉભયના અનુપમ ભાંતી ને અભીનવ લલકતા ।૩૦।
નયણ નવલ જ્યોતી જોઇ જુવતી ન ધરે ધીર
એક ચીતવની માંહાં ચિત હરે અને ઉપજાવે પીર ।૨૩૧।

ભ્રુઅ બંકના બાલ જે બંક તે નમીય નમી રહ્યા
તેલે ચુચુતા તૃપ તૃપીને રહ્યા વચને ન જાયે કહ્યા ।૨૩૨।
એ લલાટ લવણુ અને ઉંચ સ્થલને જોઇ રહું
જ્યોતી જગત પ્રકાશક રૂપને ઉપમા સી કહું ।૩૩।
કુંતલ જે સુકોમલ સુભગ લલાટે લસ્યા રાજે
લપટી રહ્યા તેલ સબંધે તે ભાંતી ભલી ભ્રાજે ।૩૪।
કેશ કમનીય શ્યામ સોહામણા અતીસય ચલકતા
ઝલકતા જલમલી રહ્યા તેહ પીઠે સોહે લલકતા ।૩૫।
વાલ્યો અંબોડો પેચ દેઇને ઝલકતો કર વડે
લલકી રહ્યો પીઠ ઉપર તેલના તે ટીપાં પડે ।૩૬।
અંગ અંગ માંહાં દીપક જ્યોતી તે અતી જલહલી રહી
શોભા શોભાયમાન ઉદ્યોત તે અહીંએ મલી રહી ।૩૭।
ઉપમાને ઉપમા દેવા કો નહીં કો ન સમાનને
જે કોઇ આ સ્વરૂપને નીરખે શું કહું તેના દાનને ।૩૮।
એહવે સ્વરૂપે અભ્યંગ કરાવીને કરૂણા ભરીયને
કટીથી ઉપવીત લેઇ સવ્ય કર્યું તે ફરીયને ।૩૯।
માતા કણેથી ઉતારી કંઠે રાખી છે તે કરી પ્રીતે
હવે નાવાને ઉઠયાનો સમય થયો છે તે નીત રીતે ।૪૦।
ત્યાંહાં અવાસજી આવીને બાહેર જલ તે સમોએ છે
શીત ઉષ્ણ પ્રભુને સોહાએ તેહવું ત્યાંહાં જોએ છે ।૪૧।
ગગરા ત્યાંહાં સમ જલે કરી અને રાખ્યા ભરી ભરી
સીતોદક તે સમોવાને કાજ ગગરે રાખ્યું ધરી ।૪૨।
કસેડી એક સુખદ નાહાવાને તે પરમ સોહામણી
બીજી કસેડી શ્રીજીને તે ઉપર થકી જલ નાખ્યા તણી ।૪૩।
ચોકી નાહાવાની આણી સુશોભીત ત્યાંહાં રાખી તેહ
બીજી ચોકી અપરસ થેલી ધરી સીધ કરી તેહ ।૪૪।
તે થેલી હોયે ઉનની અપરસ વસ્ત્ર તેહમાં રહે
થેલી છોડે ન વસ્ત્ર છોડાવાયે એ નીતી શાસ્ત્ર કહે ।૪૫।
તેહમાં ધોતી ઉપરેણો ને અંગવસ્ત્ર ચુણી રાખ્યા ભરી
તેહ થેલી લેઇને ગવાખા માંહે અલગી ધરી ।૪૬।
પીઢો ગાદી સહીત અલગો કરીને રાખ્યો ત્યાંહાં
ચંદન સુવાસીત કેશર જુત રાખ્યું છે સીધ માંહાં ।૪૭।
ગડુઓ જલ શીતલ ભરીયને આચમનને ધર્યો
નાહાવાનો તે સાજ સહુ અહીં સાંપ્રત્ય સીધ કર્યો ।૪૮।
હોમઘર માંહાં જે ભાગ્યવાન વેગે તે બહાર આવ્યા
આવી સ્થલ રોકીને ઉભા રહયા જેહને જે મન ભાવ્યા ।૨૪૯।

જ્યાંહાંથી નાહતા ને અંગવસ્ત્ર કરતા સાંપ્રત્ય દરશન થાએ
તેણે સ્થલ જોઇ જોઇને ઉભા રહયા છે સુખદાઇ ૧૨૫૦
સ્થલ થોડામાં બહુજ સમાજ અટકી જ્યાંહાં ત્યાંહાં રહયે।
ખુણામાંહાં અને ભીંત સ્થાની થઇ થઇ તે નવ જાયે કહયે। ૧૫૧
આગલ તે આગલના રહેનારાને રાખ્યા છે રૂચી કરી
તેહની પાછલના પાછલ તે વેધી રહયા ત્યાંહાં ભરી ૧૫૨
જદપી પ્રતિષ્ઠીત વહેવારી અને મોટા ઘણુ
પણ દરશન લોભે પાછલ રહયા ભુલી પોતાપણુ ૧૫૩
તેહને આગલ પાછલસું નહીં કાજ કેા સાથે
કયાંહું રહી કેાઇ ભાંતી કરીયને કાજ જોયા સાથે ૧૫૪
વલી નીકટ રહે શું કાજ જે શ્રીમુખ માધુરી
રૂપામૃત તણુ કરવાને પાન કરણ ને નયણા ભરી ૧૫૫
એણી ભાંતી રહયા છે ભરીને નાહાવાનેા સ્થલ જ્યાંહાં
કેા કેા તેલ લગાવા સ્થલે રહયા તે ત્યાંહાંના ત્યાંહાં ૧૫૬
હેામઘર તણે દ્વારે અને વલી રાજ તીબારી માંહાં
પરમીત નહીં થાયે સૃષ્ટીની ભરીય જ્યાંહાં ત્યાંહાં ૧૫૭
બારસાએ બેહુ દિશ હારનેા પાર પામું નહીં
અગણીત ને અપરમીત તેહને શું કરી કહું અહીં ૧૫૮
સહુ સૃષ્ટીની દ્રષ્ટીની વૃષ્ટી તે નાહાવા સ્થલે થાયે
કહે વાહાલેા પધારીને વેગે એ જલે કયારે નાહે ૧૫૯
જોઇ જોઇ રૂપ રસે નયણા અમારા પખાલીએ
સ્વચ્છ કરી સેાહાગે ભરી ફરી ફરીને નીહાલીએ ૧૬૦
તે સેાહાગની વૃષ્ટી કરીયને પ્રીય ઉપર કરીયે
તે ઉભય રસનેા રસ લેઇને નયણ માંહાં ભરીયે ૧૬૧
એમ ભાવે ભર્યા બહુ મગ્ન તે અનુરકત રસે રાતા
પ્રીયના રસમાંહાં રસ લેાભી રહયા ઉનમત માતા ૧૬૨
નાહયાને સ્થલે જે રહયા તે ત્યાંહાંથી દરશન કરે
હેામઘર ને તીબારીયે જે રહયા તે આરત ધરે ૧૬૩
એહવે ઉઠયા દરશન દાન દાયક પરમ કૃપા ભરી
કાછ પરદનીનેા તે છેાડી કુંજલક સુધી કરી ૧૬૪
હવે ભીતરથી પધારીને નાહાવાને સ્થલે આવે
જૈજૈકાર કરી દરશન કરી સર્વને મન ભાવે ૧૬૫
પધારતા શ્રી પદ કમલ જે ભેાંમી ઉપર પડે
ત્યાંહાં તેલ સંબંધે તે તેલ ભર્યા પગલા પડે ૧૬૬
ઉતર દીશે સનમુખ થઇને આવી ઉભા રહયા
ભીતરના ભાગ્યવાન ભકત નીરખે અતી ઉમહયા ૧૨૬૭

આપી કસેડી ખવાસે શ્રીકર માંહાં જમણે કરે લીધી
નાહાવાને સમે જોઇ ભાગ્યવાને તે શુભ આશીષ દીધી ૧૨૬૮।
જલ ગગરે કરીયને નામ્યું ખવાસે કસેડી માંહાં
અધ ભાગ રહીયને પ્રથમ ગાછ ભીંજવે ત્યાંહાં ૧૬૯।
કટી પાછલ જલ નામીને પરદની ભીંજવે
ઉભા રહીય આગલ પાટલીએ તે જલ નામે હવે ૧૭૦।
એમ નાહયા પ્રથમ અધ ભાગ પછે બેઠા ચોકીયે
વાલ્યું આસન અલીનવ રૂપ તે ભાંતી અનોખીયે ૧૭૧।
વામ કરે અંબોડો છોડી અને કેશ તે જટકીયા
તે સરલ અતી શોભાયમાન તેલે ભર્યા લટકીયા ૧૭૨।
કેશ પીઠે આવી લટકી રહયા તેલ સંબંધથી
રાજે છે નીચા અધ ભાગ કટીની સંધથી ૧૭૩।
કસેડી માંહાં જલ તે ખવાસ નામે છે જેણે સમે
જલ તાતું હોયે છલકાવે કસેડી તેણે સમે ૧૭૪।
પછે શીતલ જલ તે ખવાસ સમોયે કસેડી માંહાં
તે સોહાતું સુખાતું જોઇ અને વાડાલો નાહે ત્યાંહાં ૧૭૫।
બેહુ ભુજ ઉપર અવલે સવલે કરે કરી નાહે છે
તે લટકાની લાવણ્ય જોઇ જોઇ ભકત ઉમાહે છે ૧૭૬।
પછે કુંટીયે ડાબો દેઇ કર ઉપર જલ નામે
ધાર ઉંચે થકી દે છે ધીરી તે જોઇ સહુ સુખ પામે ૧૭૭।
બેહુ ચરણારવિંદ ચોકી પર ઉભા કરીયને
નખમણી પર જલ ધારા નામે ફરી ફરીયને ૧૭૮।
નખમણી મધ્યે આરંદ્ર કરીને ફરી આસન દીધા
પછે વામ કરના અંગુલીદલ તેહ ઉભા કીધા ૧૭૯।
તે ઉપર જલ નામીયને તેણે કસેડી ગ્રહી
જમણે નખમણી જલ નામ્યું આરંદ્ર હીત લહી ૧૮૦।
ગ્રીવા નીચી કરી કરસું ફરી ફરી છીરકે કર્યું
વામ દક્ષણ વામ દક્ષણ કરે છીરકે આરત હરણ ૧૮૧।
નાસીકા માંહાં અંગુલી મેહેલી અને તેહ આરંદ્ર કરે
એમ સર્વે આરંદ્ર કરીયને સહુ સંદેહ હરે ૧૮૨।
પછે શીષે કસેડી ઢોલે છે તે શોભા સોહામણી
જલ પરસે થયા જે આરંદ્ર કેશ કમનીય તણી ૧૮૩।
કસેડી શીષે ઢોલતા જલ જે શીષ ઉપર છેલે
જલની ધારાએ કરી કેશ સુદેશ ત્યાંહાં ફેલે ૧૮૪।
જલને સણંધે થકી એકત્ર પીઠ પ્રનાલીએ
કેશ ઉપર થઇ જલ વહે તે ભાંતી રસાલીયે ૧૮૫।

શીરે ઢોલતા જલ સનમુખ જે આવે તે ઢલીયને
શીખ થકી નખ પરજંત ચાલે છે અંગે મલીયને ૧૨૮૬।
લલાટે લસીયને ધસી આવ્યું ભૃકુટી પરસી
ભૃકુટીની મેંડ મેટીયને વહે નયણે સરસી ૧૮૭।
વરૂણીયે વહે જલ ધાર તે નાસા અણી થઇ
કર્ણ કપોલ લવણા ગલ મંડલ થઇ રહયા જલ મંઇ ૧૮૮।
કર્ણને ચાંપુએ જલ આવીને ટપટપ ચુવે
દાઢીના બાલ માંહાં જલ ભરી વહે તે સહુ કેા જુએ ૧૮૯।
મુછ મૃદુલે મનેાહર ભાંતે થઇ અને જલ વહે
ઓષ્ટ અધર બીડયા ઉપર થઇને છેલ્લી રહે ૧૯૦।
ઠોડીયે થઇ ધારા પડે તે હૃદય ઉપર આવી
ગ્રીવા થઇ ભુજે ફેલ્યુ જલ શેાભા તે મન ભાવી ૧૯૧।
ભુજ મુલેથી કેાપરે થઇને પ્રગટ ધારા પડે
કંઠ થકીય ઢલકતું આવે રેાકાએ માલા વડે ૧૯૨।
માલા મેંડ મેટી ઉર ઉરેાજ અને હૃદયે છેલ્યું
નાભી ઉદર રેાભાવલી ને પછવાડે અતી ફેલ્યું ૧૯૩।
કટી મધ્યપ્રદેશ ને જાનુ જંઘા નીચે વહી ચાલ્યું
પદ નખમણી રેખાએ થઇ વહે તે ન જાયે સંભાલ્યું ૧૯૪।
ચેાકી ઉપર થઇ વડીયને ચરણામૃત કીધું
મહા ભાગ્ય હીતે ભગવાનને મહા દાન ત્યાં દીધું ૧૯૫।
પછે છેલ્લી કસેડીયે નાહયા શ્રીઅંગ એકત્ર કરી
જેમ મસ્તક થકી સરવાંગ ભીંજે જલસું ભરી ૧૯૬।
તે લટકેા જે ગ્રીવા સંકેાડયાનેા અંગ મેાડયા તણેા
નયણ અધ બીડયા તણેા ભાવ તે લાગે સેાહામણેા ૧૯૭।
એ અનુભવી અનુભવથી લહે કહે કેાઇ પ્રીછે નહીં
જેણે એ રસપાન કર્યું નથી પ્રીછવું શું કહી ૧૯૮।
પછે મહેલી કસેડી શ્રીકર થકી ભુમી ઉપર ફરતી
તે લાઘવતાનાં લટકા માંહે સહુ કેના મન હરતી ૧૯૯।
તેહવે આણી અવાસે આત્મા માંહાંથી અપરસની થેલી
બીજી ચેાકી તે સનમુખ નિકટ ધરી તે ઉપર મહેલી ૧૩૦૦।
થેલી ચેાકી ઉપર મેહેલી અને ચેાકી આગલ કીધી
પ્રાણ વલ્લભે કર પ્રસારીને શ્રીકર માંહાં લીધી ૧૧।
શ્રીકર બેહુ થેલી માંહાં મેહેલીને એક અંગવસ્ત્ર લીધું
વળ ભાંળી દોહરૂં કરી રાખીને શ્રીમુખ પર દીધું ૧૨।
દેહ રાખીને કર અંગુલીયની સયણે નયણ મીંડે
ભ્રુ લવણા લલાટ નાશીકા મુછ ને અધરે ભીંડે ૧૩૦૩।

ગલ કપોલ કર્ણ કમનીય દાબીને આરંદ્ર ટાલ્યું
ઠોડી ડાઢી પુંછીને વલતું તે અંગવસ્ત્ર સંભાલ્યું ।૩૦૪।
પછે તે અંગવસ્ત્ર લેઇ ગ્રહયું વામ કર માંહાં
ચોકી ઉપરથી ઉઠીયને વાહાલો ઉભા ત્યાંહાં ।૫।
તે અંગવ ત્ર લેઈ દોઢું કરીયને મસ્તક પર ધરીયું
બેહુ કોર બેહુ કરે ગ્રહીયને પીઠે એકત્ર કરીયું ।૬।
તે માંહેં ધર્યા કેશ સુદેશ પેચ વાલી લીધો
પછે બેહુ કરે બલ તે કરીયને તેહને વળ દીધો ।૭।
એક પેચ વધારી તેહવા માંહાં કંઠ પુંછન કરે
વલી વળ દેઇને પાલવ તે અંબોડા ઉપર ધરે ।૮।
તે તુર્રા સરખો રહે ઉપર ભાવ ધરીયને
અવીલોકી એ સુખ અવિલોકતા નયણા ભરીયને ।૯।
પછે નીહોરીને થેલી થકી અંગવસ્ત્ર બીજું લીધું
તેણે અંગવસ્ત્રે અંગ પુંછન તણુ કાજ સહુ સીધું ।૧૦।
કો સમે નાહીને સદ્ય ચોકીથી ઉતરી ઉભા રહે
ત્યાંહાં ખવાસજી અપરસ થેલી લેઈ ઉભા જી કહે ।૧૧।
તે થેલી માંહાંથી અંગવસ્ત્ર લઈને ઉભા અંગવસ્ત્ર કરે
ક્યારે ચોકીયે બેઠા કરે ને ચોકી આગલ ધરે ।૧૨।
પછે અંગવસ્ત્રનો વળ ભાંજીને રાખ્યું રૂદય સરસું
દાબીને રૂદય પુંછન કરીને ભુજ પુંછી કરસું ।૧૩।
માલા માંહેંનુ વસ્ત્ર તે શ્રી કરે અંગવસ્ત્ર માંહાં લીધું
અંગુઠો ને અંગુલી માંહાં દાબીને તે કોરૂં કીધું ।૧૪।
ઉર ઉરોજ ઉદર અને નાભી પુંછયા બેહુ પછવાડા
પછે ઉલટે કરે સાહીને રાખ્યું પીઠે આડા ।૧૫।
આડું રાખીને અંગ તણે લટકે પુંછે પીઠ
કટી લંકનો લહેકો નીહાલે છે રસીયા થઇ દીઠ ।૧૬।
એ લહેંકા માંહેં શ્રીમુખ ગ્રીવા બાહુ ભુજા ડોલે
ઉર ઉરોજ થરહરે રસે ભર્યા કહું કોણ સમતોલે ।૧૭।
માલા લહેંકે છે મનોહર ભાંત તે શોભાની પાંતસું
તે લટકની દક્ષણ અને વામની નીરખીયે ખાંતસું ।૧૮।
નાભી ઉદર કટી લંક પીઠ ને નીતંબ ન્યારા લટકે
જંઘા જાનુ ચરણનુ વલણ જોઈ ઉર માંહેં ખટકે ।૧૯।
પછે અંગવસ્ત્ર લેઇયને ઉપવીત અંગવસ્ત્ર માંહાં લીધું
બેહુ કરસું સરકાવીને તેહ કોરૂં કીધું ।૨૦।
પછે તે અંગવસ્ત્ર પહેરી અને ધોતી આરંદ્ર પહેલી
જાનુ જંઘાની સયને કરીયને તે ખસતી મહેલી ।૩૨૧।

નીહોરાઇને વાધતે પાલવે પદ પલવ પુંછે
ઘુંટી પીંડુરી જાનુ અને જંઘા ઉભય કરે અંગુછે ।૩૨।
વલી નીતંબ કટીય કર ફેરીને રસઅંગે ફેરે
તે રસીયા રસ ભાવે ભર્યા સનમુખ રહીને હેરે ।૩૩।
પછે નીચા નીહોરી નાશીકા માંહે અંગુલી ધરીયને
લેાહે છે લલીત લટકાસું તે અંગવસ્ત્ર કરીયને ।૩૪।
શેલો અપરસ માંહેથી ધેાતી ને ઉપરેણેા લીધેા
જમણે કરે ઉપરેણેા ગ્રહીયને વામ ભુજે દીધેા ।૩૫।
ધેાતી વામ કર કમલે ગ્રહીયને તે મુકલીત કીધી
અવલે કરે નીતંબ પાછલ થઇને આગલ લીધી ।૩૬।
કસણા તણા ઉભય પાલવ એક કરમાંહાં ગ્રહી
પહેલેા કાછ તણેા પાલવ જોઇને તે કીધેા સહી ।૩૭।
નીચેા હેાય તેા ઉચેા રાખે ઉંચેા હેાય તેા નીચેા કરે
પછે કસવટના બેહુ પાલવ બેાંસીને દ્રઢ કરે ।૩૮।
અંગવસ્ત્ર જે પ્રથમ પહેર્યું તે ધેાતી પહેરતા માંહાં
છેાડી બસતું મેલ્યું ચરણારવીંદે અલગું ત્યાંહાં ।૩૯।
પછે પાટલીનેા પાલવ ગ્રહી તેહનું સટકણુ
છેાડી અવલેા સવલેા જોઇ સુધેા કર્યેા ઘણુ ।૪૦।
તેહનેા છેાગેા સુધારીને તે બેાંસી લીધેા
પછે કાછ તણેા પાલવ ગ્રહીયને સુધેા કીધેા ।૪૧।
તેહનુ સટકણુ છેાડી નીહોરીયને બેહુ કરસું લેઇ
જાનુ જંઘા મુકલીત કરીયને પેાંછયા કાછ દેઇ ।૪૨।
પછે નીચે થકી બેહુ પાસે બેહુ કરે કરીયને
કાછની તે કેાર સુધારે ઉલટે કરે ફરીયને ।૪૩।
વામ કરસું ધેાતીનેા પાલવ લીધેા ગ્રહીયને
વામ દીશે કસવટ લેઇ બેાંસ્યેા ફરકતેા લેઇયને ।૪૪।
ઉપરેણેા શ્રીકરે કરી લીધેા તે પેાતે શ્રી કંધથી
ગ્રહી વીરલેા કરીયને ઝટક્યેા તે વળને સંબંધથી ।૪૫।
અલવે કરી ઓઢયેા અનુપમ અભીનવ ભાંતસું
કંઠ આગલ પાલવે ગ્રંથી કરી કરી ખાંતસું ।૪૬।
વલતાં બેહુ કર ઉંચા કરી અંગવસ્ત્ર છેાડીયું
મસ્તક થરકાવીને ગ્રીવા શ્રી અંગ તે મેાડીયું ।૪૭।
અંગ મેાડતા ઉર ને ઉરેાજ ઉતંગ થઇ થરકીયા
મુખ વીકસીત કર્યું અને અધર અનુપમ ફરકીયા ।૪૮।
પછવાડા ને પીઠ ઉંચી કરી શ્વાસ ઉંચેા લેઇ
નાભી નીતંબ કટી તણેા લહેકેા જે ભાર પીઠે દેઇ ।૪૯।

જંઘા જાનુ અને ફણા ફરકતા હાલ્યા તે સમે જોઇ
ભગવદ્ અનેક સમાજ તે જોઇ રહ્યા મોહી ।૩૪૦।
પછે બેહુ કરે કેશ સંકેલીને જુડો જુગતે દીધો
પેચ વાલ્યા પરમ સુખરૂપ ઉપર છોગો કીધો ।૪૧।
પુર્વ મુખ સનમુખ થઇને પીઢાસું અટકીને
આવી બેઠા બેસવાની જે બાણ તેણી પેરે લટકીયને ।૪૨।
ગડુઓ જલ શીતલનો જે પ્રથમ ભરી સીધ કીધો
તે ત્યાંહાં આચમન કરવાને કાજ વામ કરમાંહાં લીધો ।૪૩।
અહીં પ્રથમ પખાલી કરાંબુજ ને આચમન કરે
તે સ્વરૂપનું દાન કરીને નયણની આરત હરે ।૪૪।
આચમન કરે અંગનું વલણ ને ચલણ જે કર તણું
તે શોભા કહેવા મારી બુધીને બલ નહીં એક અણુ ।૪૫।
નીહોરી કરે આચમન તેથી પદ તણા નખમણી
બલ પહોંચે અરૂણ અતી થાયે તે શોભા સોહામણી ।૪૬।
અંગુલીદલ દબી દબી જાય અને તે દબે પાની
પાટલી ઘુંટી એડી અરૂણની શોભા તે કહું કયાંહાંની ।૪૭।
જાનુ જાંઘા ને લંક કટી તણો તેહ સમે જે હાલે
તેહનું જોઇ જોઇ રસ અનુકર્ષ માનુનીના મન માહાલે ।૪૮।
નાભી ઉદર અને પછવાડા પીઠનો લહેંકો જ્યાંહાં
ઉર ઉરોજનો લહેકો નીહાલીને મોહી રહયાં ત્યાંહાં ।૪૯।
વામ કરે ગડુઓ જલ ધાર નામે અદ્ધ ફરી ફરી
દક્ષીણ કરતલ માંહે લે છે તે અંજુલી ભરી ભરી ।૫૦।
માલા શ્રી કંઠની સનમુખ ડોલી ડોલી રૂદય પરસે
ગ્રીવા ડોલતા શ્રીમુખ ડોલે તે અતીસય સુખ વરસે ।૫૧।
કર્ણ ઉભયના ચાંપુઆ ચારૂ ચમકતા ડોલે વલી
કેા સમે મુકતા મણી હેાએ તે જોઇ પહોંચે રલી ।૫૨।
ઠોડી ડાઢી ભોંહનો લટકેા રસાલ બાલે જ્યાંહાં જલ અટકે
તે ત્રજની અંગુલીએ નીરવારે શોભા ઉરમાંહાં ખટકે ।૫૩।
મુખ વીકસતાં વીકસે છે નયણ વયણે કહી પેરે કહું
અધરથી અધરે જલ લે છે તે શોભા જોઇ રહું ।૫૪।
નયણ વીકસતા વીકસે ભ્રકુટી અને લેલાટ તણી ત્રીવલી
તે માંહે થકી ઉભય ઉર્ધ્વ રગ વીકસે અવલી સવલી ।૫૫।
લવણા લસી લસી રહ્યા લલીત ગતે ભાવ તે સુચવે
ઉચ્ચ સ્થલની ઝલકની રસાલ તે અનુભવી અનુભવે ।૫૬।
કેશ કુંતલ પરમ રસાલ તે શ્રીમુખ લલકતા
ફરહરે છે ફરતાં સુદેશ સુંદર દીસે ચલકતા ।૩૫૭।

એહવી અભીનવ શોભાની પાંત ઉઠે ભાંત અનેાખીયે
આચમન કરી પહેાંચ્યા તે જોઇ મન ભકતના પેાષીયે ।૩૫૮।
કર ક્ષાલી પાછા ઉકસીને બેઠા પીઠે આવી
સીપ તીલક તણી કરમાંહે ગ્રહી અતી મન ભાવી ।૫૯।
પહેલાં ત્રજની અંગુલીયે ઉગાલીયું ચંદન ચીત ધરી
સરસું જો ન હેાય તેા તેહ સમે જલ મહેલે ફરી ।૬૦।
જમણે કરસું જલ પરસી ઉભેા કરતલ કરી
શીપ તણી તે કેારે લેાહે ઉભેા કરતલ ફરીફરી ।૬૧।
એમ જલનેા સબંધ કરી અને ચંદન આરંદ્ર કીધું
આરંદ્ર કરી ત્રજની અંગુલી માંહાં તે ચંદન લીધું ।૬૨।
કરે તીલક સેાહાગ સુભાલે સુભગ લટકા સાથે
ઉલટે કરે તેહ સુધારીને ચીર રચ્યું નાથે ।૬૩।
અધ ભાગે ભ્રકુટીયનું મધ્ય તે નાશીકા મુલથી
ઉર્ધ્વ અભીનવ ભાંતની રેખ ઉભય અનુકુલથી ।૬૪।
મધ્યે શ્યામ રેખા શુભ ઉદય કર્યેા છે સૃંગારનેા
બંક વામ દીશે એક અંગુલ રસ વીસ્તારનેા ।૬૫।
ઉંચેા ઉદય ઉચ સ્થલનેા તે ભાલે ભલેા રાજતેા
તેજોમધ તૃપી તૃપી રહયેા તે રેખા મધ્યે ભ્રાજતેા ।૬૬।
કેશ કુંતલે ચંદન અટકયું તે પીત આભા ધરે
રેખા રગ વૃત સહજ અનુપમ રતી રસે ભરે ।૬૭।
ભગવત ધર્મનું એ આલય સુભાલે તે સુદ્રઢ રચ્યું
ધર્મ નેષ્ટીકનેા એ સુહાગ અનુરાગે કરી સંચ્યું ।૬૮।
જેહની રક્ષાને લક્ષ ઉપાય કરીને ઉદ્યમ કીધેા
જુગ જુગ અચીચલ કીધું એહ સ્નેહ ભર વર દીધેા ।૬૯।
નીરખતા રસે અંગ અલંકૃતનેા તે ધરી આસે
એ પરમ પ્રીય લહીયને શીષ ચઢાવી રાખ્યું પાસે ।૭૦।
જોતા જગત મેાહક ને મેાહામણુ રૂપ રસે ભર્યું
એક એકથી શેાભા અનેક એહવું તે તીલક ધર્યું ।૭૧।
એહવું તીલક અનુપ રસીલું સુભાલે ધરીયને
પછે ઠર્યું હૃદય ભુજ તાલુ પીઠે અનુસરી અને ।૭૨।
મેહલી શીપ ચંદન તણી ભેામી ને કર પ્રક્ષાલીયા
થયેા ઉઠવા કેરેા સમય ને સેવક તે સંભાલીયા ।૭૩।
સંધ્યા બીજી વાર પધારીને બેહુ સમય તણી
એકત્ર કરી કરસે તેણે સમે પરમ સેાહામણી ।૭૪।
જે જે સ્થલે જે જે અટકી રહયા તે હલમલી એકત્ર થયા
કેા પેંડા કરી તીરછા રહ્યા કેા ધસીને આગલ ગયા ।૩૭૫।

કો આંગણમાં આવી રહયા કો કો સીઢીની સામી ગલીએ
કો ભંડાર લગી ઉભી હારે રહયા મનની રલીયે ૧૭૬।
જે ભીતર હતા તે આવ્યા બાહેર અહીં એ આગલ થવા
અંતર અનુમોદન ભાવ પ્રગટ કરી નવ નવા ૧૭૭।
આપાપણે થોકે મલીયને ઉભા છે જે જયાંહાં
ચોંકી ચોંકી ઉઠે છે નીરખવાને નાહને તે ત્યાંહાં ૧૭૮।
તન નેત્ર આત્મિક થઈ ને તે નીહાલે પેંડો રહયા
ભાવે પુરા ભાવાત્મક થઈને અંતર અતી ઉમહયા ૧૭૯।
અહીં ઉઠયા પ્રાણવલ્લભ પધારવા કાજ
જેહવી રીતુ તેહવો શણગાર ને તેહવો કરી સાજ ૧૮૦।
પણ ધોતી ઉપરેણો શ્રીંગાર જે આઘથી કહી આવ્યો
એ છે મુલ શ્રીંગાર મનોહર ઉભયને મન ભાવ્યો ૧૮૧।
તે માટે કહયો એહ શ્રીગાર સ્વરૂપ રસે ભર્યો
સહુ શોભાએ શોભાયમાન વડાલેજીએ નીત્ય ધર્યો ૧૮૨।
એહવે શ્રંગારે શ્રંગાર રૂપ રસ ભરી પરવર્યા
મોટે મુદીત થઈ મન માંહે આનંદ રસ ભર્યા ૧૮૩।
આગલથી ખવાસ કસેડી લેઈને જલ તણી
ચાલ્યા ચરણ ક્ષાલણ કરાવાને શ્રી મંદીર ભણી ૧૮૪।
જે જે દેખે ખવાસજીને તે ત્યાંહાં આતુર થાએ
પધારતા જાણીને નાથ ઉલટ અંગ નવ માયે ૧૮૫।
મહારાજા રાજેશ્વર રાજ પધાર્યા હોમધર થકી
તે શોભા અતી શોભાયમાન જાયે નવ કહી શકી ૧૮૬।
તીબારીના તે વારે છે તન જોઈ જોઈ આપણુ
આરત્યા નીરખે ભરી નયણુ રૂપ સોહામણુ ૧૮૭।
આંગણુના અનુપમ ભાવ ભરી નયણે ભરી
નીરખે છે નીપુણ નવ નાહને ચાહ કરી કરી ૧૮૮।
અટાલી કુલઘરની મુંડેરી અને સીઢી પર ઉભા
જોઈ જોઈ એ સ્વરૂપ રસાલને રૂપ રસે લોભ્યા ૧૮૯।
ડોઢીના દ્રઢ કરીને મન ઉભા છે ધીરજ ધરી
પધારતા નીકટ જાણી ચાલ્યા જોતા ફરી ફરી ૧૯૦।
ગલીના ને લદાવના સનમુખ રહયા પેંડો રાખી
ત્યાંહાં પધારીયા પ્રાણાધાર તે નીરખતા મન સાથ રાખી ૧૯૧।
દ્વાર આગલ ને પ્રસાદી જે ભંડારે ને ઉભી ગલીય
વાહાલાજીને વીહવલ થકા નીરખે છે અતી મનની રલીય ૧૯૨।
કો જે જે કરી દુખડા લે છે તે કર ચટકાવીને
કો કો શ્રીમુખ નીરખે છે નીપટ નીકટ આવી આવીને ૧૩૯૩।

નયણ ઉપર આડો હાથ દેઇ નયણ તીક્ષણ કરી
દ્રષ્ટી મંદના ઘણી તે ધણીને નીરખે નયણા ભરી ૧૩૯૪।
લટકાસું લલીત ગતે ચાલતા અટકતા લટકતા
દ્રષ્ટી તણીય વૃષ્ટી સહુ ઉપર કરીયને મટકતા ૧૯૫।
કરતાં ભાવનો અંગીકાર ને નીજ ભાવે પુરતા
પધારે છે ભીતર રાજ તે આરત ચુરતા ૧૯૬।
જગમોહન માંહાં જગમોહન જગમોહતા પધાર્યા જયારે
અતી આનંદ મોદ ઉછાહ પ્રગટ તે હવો ત્યારે ૧૯૭।
અહીં દોહોરી હાર કરી રહયા હતા તે થયા એક પાસે
અપરસ પ્રીય પ્રાણાધાર છે તે મન ધરી આસે ૧૯૮।
વામ દીશે વામાનો નહીં પાર અપાર સૃષ્ટી ભરી
રસ પુરીત રસ ઉદબોધની રસીકે રસે વરી ૧૯૯।
તે નીહાલે છે નવલ નાહોને ઉભાહી ભર્યા પોતે
પ્રાણ પ્રીયને પ્રમુદીત થઇ તૃપ્તી ન પામે જોતે ૧૪૦૦।
શ્રી ભંડારની આગલ ભાવ ભર્યા જે જે ભગવદી
તે નીહાલે છે સ્વરૂપ રસ ભર સ્વરૂપ માંહાં થઇ તદી ૧।
તેહને દાન કરી ભાગ્યવાનને દાન તે કરવાને
પધાર્યા આગલ ગલી માંહે રૂપરસ ભરવાને ૨।
ત્યાંહાં ખવાસ કસેડી લેઈયને ઉભા છે જલ તણી
ગલી માંહે પેસતા ઉભા રહયા આવી ગોકુલ ધણી ૩।
અલગાથી કસેડી ઢોલીને ચરણ તે ક્ષાલણ કીધા
તેણે સમય સ્વરૂપ નીહાલ્યું કાજ તેહોના સીધા ૪।
મુંડેરી ને પાનઘર સીઢીએ આવી જે રહયા
રૂપ રસ તણી માધુરી પાન કરીને ઉમહયા ૫।
જલઘરાના જગત મોહકને જોઇ મોહયા ઘણું
અટકી રહયા રૂપ રસાલે ભુલ્યા પોતાપણું ૬।
સામી બારી રસોઇની ગલીયે જે મલી મલીય નીરખે
આનંદ ન અંગે સમાયે પરસ્પર અતી હરખે ૭।
જેમ જેમ પધારતા આવે ભાવે મન તેહને
ધન્ય ધન્ય પોતા તણુ માની નમન કરે એહને ૮।
ભીતરની તીબારીના ભકત આતુર થઇ મલી
આરત્યા દરશન તણે કાજ તેહની તે આરત ટલી ૯।
એમ રૂપે રસ ઉછલતી થઇ દરશન આપતા
મન લેઇ મનમાંહાં નીજ સ્વરૂપને રસ ભર સ્થાપતા ૧૦।
પ્રથમ એમ નાહી પધારીયા ભકતસું પરવર્યા
ભકત ભાગ્ય ભરે બહુ ભાંતે મનોરથ બહુ કર્યા ૧૪૧૧।

વાહાલો પધાર્યા ભીતર ઠાજને કાજ ઉભય કરવા
ભકતની ને મારગ યુકત સેવ્યની અતી આરત હરવા ।૪૧૨।
ભકત અટકી રહયા મંગલા આરતીના દરશન કાજ
આરતી મીસે દરશન આપસે શ્રી વલ્લભ રાજ ।૧૩।
એણી લાલસાયે લલચાઈ રહ્યા સહુ કેા ત્યાંહાં
આવી આવી એકત્ર થઇ ઉભા છે જગમેાહન માંહાં ।૧૪।
પેંડેા જુએ છે પ્રમુદીત થઇ કીમાડ ખેાલ્યા તણેા
અભીલાષ કરે કયારે આવે એ સમય સેાહામણેા ।૧૫।
ચરણારવીંદ તણી પાની પ્રેમે ભર્યા ભાવસું
કહે આરતી કરતા પાછલ થકી પીંડુરી નીહાલસું ।૧૬।
ઘુંટી ઉભય યુગલ પાદાંબુજ તણી તેજમેં જલકતી
દીપ જ્યેાતીથી અતિ ઉદ્યેાત નીરખસું ચલકતી ।૧૭।
સાંડાં કેામલ ગૌર ગુણે ભર અતિસય રાજતા
જાનુ ઉભય ખંભ ઉલટા અભીનવ પેરે ભ્રાજતા ।૧૮।
ધેાતી કાછસું કાછ શેાભા ભર્યેા પરમ સેાહામણેા
જંઘા નિતંબ કટી અલંકૃત અતિ પરમ મેાહામણેા ।૧૯।
ધેાતી મહીન સેત કેામલ અતી અંગ પરસી રહી
તે નીરખસું નયણા ભરી ભરી જે શેાભા વરસી રહી ।૨૦।
કહે થુંદના વાંટ જે વલી રહ્યા ઢલી ધેાતી પરે
તે પાછલ થકી અમેા અવીલેાકસું અતિ આનંદ ભરે ।૨૧।
પછવાડા આડા અવલા જોસું જગત વીમેાહના
પીઠના શુભ ચીન્હ અવીલેાકું આનંદ સંદેાહના ।૨૨।
ઉપરેણેા આડેા દેાદેા કરીયને ઓઢયેા જે શ્રીઅંગે
ફરહરતેા પરમ શેાભીતેા રૂપ સેાંધે ભર્યેા રસ રંગે ।૨૩।
કેશ પાસ સુવાસે ભર્યેા જે અંબેાડેા ઢલકતેા
કયારે નીરખસું નયણ ભરી રૂપ રસે ચલકતેા ।૨૪।
આરતી ફેરીને ફેરી શ્રીમુખ અહીં અવીલેાકસે
જોવા તૃષીત અમારા જે નેત્ર તેહને ઘણું પેાષસે ।૨૫।
કરસું મુસકનીનું પાન દાન અમને હસે
એહવા મનેારથ કરી મનમાંહાં ને મન અતી હુલસે ।૨૬।
મનેારથના મનેારથ રૂપ મનેારથના જ્ઞાતા
મનેારથ જુત આપ મનેારથી મનેારથના દાતા ।૨૭।
ચતુર ભર્યા થેાક અપાર કેા જઇ કઠેડે અટકયા
બારીથી તીબારીય આવ્યા રહયા નહીં અટકયા ।૨૮।
જેહને જયાંહાં રહ્યા દરશન થાએ તે ત્યાંહાં આવી રહ્યા
મેાહયા મેાહક રૂપ સ્વરૂપે તે આનંદે ઉમહયા ।૪૨૯।

લહી આરત આરતના તે કીમાડ ખોલાવીયા
જોવા આરતહરને ધસી સહુ ભીતર આવીયા ।૪૩૦।
પ્રભુ પૃષ્ટ ભાગે તે ઉભા રહયા આરતી લેઇયને
એડીથી તે અંબોડા લગીયનું દરશન દેઇયને ।૩૧।
એડી અરૂણ અનુપમ ભાંતની ચલક જલક કરે
અરૂણોદય અરૂણ ઉદય કરી અરૂણ રસે ભરે ।૩૨।
પાની ઉભય અવની પરસી રહી રૂપ રસે વરસી
પુંઠે થકી અવીલોકે છે પ્રેમદાની આંખ આરત તરસી ।૩૩।
દીપ જયોતે જુગલ પાદાંબુજ તે અંબુજની આરત હરે
શીતલ મૃદુલ અરૂણ મકરંદે ભરીત ઉર માંહાં ધરે ।૩૪।
જાનુ જંઘા કલા કમનીય રમણીય અતી રસ ભર્યા
રસ રમણ તણા બેહુ ખંભ અવની પર એ ધર્યા ।૩૫।
ધોતી સ્વચ્છ કાછે આછાદીયા જંઘ જુગલ સોહે
એહવી શોભા પાછલ થકી નીરખી નીરખીને મન મોહે ।૩૬।
નીતંબે નૌતન છબી રાજતી નીરખે છે સહુ મલીય
કાછ તણી જે કોર ઉભય દીશની તે રહી ભલી ।૩૭।
કટી લંકસું કોર ધોતી તણી કુખમાંહાં મલી રહી
કુખ ઉભયની થુંદ તે કોર ઉપર ત્યાં વલી રહી ।૩૮।
ત્યાંહાં ઉપવીત દક્ષણ ભાગે પીઠ થકી ધસીયને
આવી રહ્યું એ થુંદ ઉપર તે અનુપમ લસીયને ।૩૯।
ઉપરેણો હમેલનો પેચ જે પીઠ ઉપર રહયો
છોગા પીઠ ઉપર રહ્યા ઉભય તે ભાવ ન જાયે કહયો ।૪૦।
પછવાડા બેહુ પાસે જલકે ને પીઠ પ્રનાલીકા
અતી સુક્ષ્મ રૂપ રોમાવલી પરમ રસાલીકા ।૪૧।
ભુજદંડે મૃદુલ કર કમલે ધરીય જે આરતી
તે નીરખી નવલા તન મન ધન પ્રાણ ઓવારતી ।૪૨।
માલા તુલસી ને ગુંજા તણી ઘણીય સોહામણી
કેા સમે સોહે હેમ જડાવ અને મુકતામણી ।૪૩।
તે ગ્રીવાયે પૃષ્ટ થકી પેખી એ પરમ વીસેખીએ
અંબોડા થકી દક્ષણ વામ તે શોભાને દેખીયે ।૪૪।
અંબોડો રહયો અભીનવ ભાંતે તેજમેં જલકતો
લલી ઢલી રહયો પીઠ ઉપર સુંદર ઢલકતો ।૪૫।
આરતી લેઇ આપી સેવકને સેવકે કરમાંહાં લીધી
નિરાંજન કરી શ્રીમુખ ઉપર તે અલગી કીધી ।૪૬।
પલ એક રાખી રહયો સનમુખ ને મુખડું જુવે
તેહના તે સમય તણા ભાગ્યને સમ નવ આવે કોયે ।૪૪૭।

આરતીથી પોંચીને આરત લહી આરત ભરીયને
ત્યાંહાં ઉભા ઉભા કરૂણા કરી જોયું તે ફરીયને ।૪૪૮।
દ્વાદશ અરૂણ તણી જ્યોતી જુગતે કરીને કહું
અતી અલૌકીક પરમ સુખાવહ પાર તે નવ લહું ।૪૯।
મુખ સુખદ પ્રભાકર પ્રગટનુ પ્રાત પ્રાચી દીશે
સનમુખ કરી દરશન આપીયું સ્વકીય સૃષ્ટી વીસે ।૫૦।
અરૂણોદયે કીરણાવલી જુત કોટી કલા સાથે
ભાંતી અભીનવે ઉષા સમે દરશન આપ્યું નાથે ।૫૧।
કોએક અભીનવ ભાંતસું આનન અર્ક ઉદય કર્યો
પ્રેમારત ભરી સૃષ્ટીનો વીરહ તીમીર તતક્ષણ હર્યો ।૫૨।
કેશ કમનીય શ્યામ સુશોભીત સુભગ રહયા લસી
સચીકણ સોહે તેજમેં જલકતા હંસી રહયા રસમસી ।૫૩।
ભાલે ઉદય તેજ તણા પુંજની જ્યોત તે વીસ્તરી
તે તો અખીલ બ્રહ્માંડમાં ફેલી દસે દીશ રહી ભરી ।૫૪।
લવણાની ચાકચક્ષ સોહીયે મોહીયે તે જોઇ
તેની જોતીની આભા અનુપમ કહી ન શકે કોઇ ।૫૫।
શુભ્ર લલીત લલાટ લસી રહયું પ્રગટ જ્યોતે ભર્યું
ત્યાં કેશર રેખ રસાલનુ ઉર્ધ્વ તીલક ધર્યું ।૫૬।
નયણાની જ્યોતી પ્રકાશ વીલાસ રસે કરી
કોઇ અનુપ અમીની વૃષ્ટી હોયે કરૂણા ભરી ।૫૭।
નાસીકા નવ નવલી ભાંત્યની જ્યોત પ્રગટ હવી
કાંઇ તેજ તણો નહીં પાર અપાર જે અભીનવી ।૫૮।
ગલમંડલ મંડલાકારની જ્યોતી જે જગમગે
તેનુ તેજ તે આ સમુદ્રાંત સકલ પૃથ્વી લગે ।૫૯।
અતી ઝલકતા ઉભય કપોલ તે પરમ તેજોમઇ
તે ઉપર ઉદય કરને ઓવારીયે શોભા દેઇ દેઇ ।૬૦।
કર્ણ સુભગ ચાંપુઆ સહીતની જ્યોતી જે મહી તલે
તેની શોભા કહી નવ જાયે સ્થાપીત કરી તે અવીચલે ।૬૧।
ત્યાંહાં હીરોટી હેમની જડાવ ને હીરે જહીત ઘણુ
તેહનુ તેજ ન્યારૂં અતી અનુપ પરમ સોહામણુ ।૬૨।
આરતી કરણ હરણ એ અધર પુટ પ્રગટ જ્યોતી લીધે
આધીદૈવીક અખીલ અરૂણતા તણો તે ઉદય કીધે ।૬૩।
ઠોડી તણી સોહામણી જ્યોતી તે અતી ઝગમગી રહી
તેહની શોભા સરાહી સરાહીને કહીયે તે શું કહી ।૬૪।
એમ દ્વાદશાત્મક જે દીવાકર દ્વાદસ જ્યોતસું
શુભ્ર આનન ઉદય પ્રકાસ કર્યો ઉદ્યોતસું ।૪૬૫।

એ માંહાં મુસકની અધર ફરકની વીલોકની અલીનવી
ભ્રકુટીના ભાવ કટાક્ષની શોભા જે નવનવી ૧૪૬૬।
એમ અંગે અંગના બહુ ભાવની શ્રેણી સોહામણી
એહવી કીરણાવલી સોહે સહસ્ત્ર વીધી નવ જાયે ગણી ૧૬૭।
જેહના કુમુદ બંધુના કીરણ થકી કીરણ શીતલ કારી
શુભ કરણ હરણ પરીતાપ અને આરત હારી ૧૬૮।
એહવું ઝલહલતું ઝગમગતું જે પરમ શોભા ભર્યું
મુખ સુખનીધી ભકતને ભાગ્યે તે ત્યાંહાં સનમુખ કર્યું ૧૬૯।
સનમુખ કરી ફરીને બાહેર પધાર્યા પોતે
ભકત આનંદ આતમીક થઇ અને મુદીત થયા જોતે ૧૭૦।
તેહ સમેના હર્ષ અપારનો પાર પામું નહીં
તેહને ન્યામીક કરી અને લેખન માંહાં શું કહું અહીં ૧૭૧।
પ્રાણ પ્રભુ થયા પરમ પ્રસન્ન મન અતી હરખીયાં
આવી સનમુખ વચનામૃત રસે અતીસય વરખીયાં ૧૭૨।
કહયું ચલો રે કર જમણો તે ત્યાંહાં ઉંચો કરી
તે લાવણ્ય અને લટકો શ્રીકર તણો સોચતા ફરી ફરી ૧૭૩।
મનમાંહે નમન કરી કરી અને આશીષ દેઇ દેઇ
વલ્યા ઘર દીશે એહ સ્વરૂપને ઉરમાંહે લેઇ લેઇ ૧૭૪।
હવે આગલને માંગલ્યે જે દાન વાહાલો કરસે
તેહવું કહીસે તે ભાવ સમાન જેહવું હું ને રસ ભરસે ૧૭૫।
કહે દાસ ગોપાલ વીનય કરી વિનતી કરીયને
રાજ કીજે કૃપા કરી દાન સ્વત: ચીત ધરીયને ૧૪૭૬।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ
વ્યારાના ગોપાલદાસ વીરચીત
સરવે અંગનુ નીત્ય ચરીત્ર
પ્રથમ નાહી ભીતર પધાર્યાનો પ્રસંગ
માંગલ્ય પાંચમું સમાપ્ત

માંગલ્ય – ૬

શ્રી ગોકુલેશો જય જયતી

શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનું માંગલ્ય છઠું લખીએ છીએ

જાતઃ આવ માલણ બેસ પાટે નવી વેલ ગુંથાવીએ

પ્રથમ નાહીને માહા પ્રભુજી પધાર્યા મંદીર ભણી
ગોકુલૈક જન જીવન ધન ગોકુલ રસીક ગોકુલ ધણી ।૧।
મંગલ સમે મંગલ મહોદધી મંગલ રૂપ મોહામણુ
આરતી મંગલને મીસે મંગલ સ્વરૂપ સોહામણુ ।૨।
કરૂણા કરી કરૂણાલે કરૂણા ભરે દરશન આપીયું
નીજ સ્વકીયને નીજ સ્વરૂપ પરમ રસાલ ઉરમાંહાં સ્થાપીયું ।૩।
ઉર માંહાં લેઈ ભગવદી ભાગ્યવાન વલીયા ઘર દીશે
થયા લીન પરમ અધીન એહ સ્વરૂપ ઉર માંહેં રસ વસે ।૪।
અહીં લગી અનુભવ તણો આસય કહયો કાંઇ સુચન કરી
હવે આગલ એહ પ્રસંગ કાંઈ એક કહું છું ઉલટ ભરી ।૫।
માહા ભાગ્યવાન જે ઘેર વલ્યા દરશન કરી ફુલ્યા ફલ્યા
મલતી પાણે પરસપર એક એકને આવી મલ્યા ।૬।
મલી મલી અને ચાલ્યા ઘર દીશે એકત્ર થઈ
ત્યાંહાં વાત વાહાલાજીની કરતાં તે ચાલે રસ મઈ ।૭।
કોઈ કહે અમો સવારે આવ્યા રાત્રી ત્યારે હતી ઘણી
આવી લદાવની આગલ બેઠા પોઢીયા ગોકુલ ઘણી ।૮।
કો કહે લદાવને ઉઘડે અમો સિંઘદ્વાર આવી રહયા
વાહાલો પોઢયા સેજ બેઠા તે આહાટ સુણવા ઉમહયા ।૯।
કો કહે આજ અવેર અમને થઈ નીંદ પડી ગઇ
કાંઈ કાજ ભગવદ સબંધે સુવાને ઘણી અવેર થઇ ।૧૦।
એમ જાગી સવતઃ શકયા નહીં અને જગાડયા કેણે નહીં
તેણે કરીને સેજયાથી ઉઠયા સમય નવ પોંહોંચ્યા અહીં ।૧૧।
કો કહે તમો ઉપકાર કીધો સાદ જે અમને કર્યો
તે શબ્દ શ્રવણ દ્વારા થઇને રૂદય પ્રસર્યો રસ ભર્યો ।૧૨।
અમો સદ્ય ઉઠી શણગટ થઇ આવીને તમને મલ્યા
રાજની કાણે રાજ માટે ભાગ્ય મારા એ ફલ્યા ।૧૩।
કો કહે રોજ તમો નિત્ય જાતા જગાડો છો અમને
ઉપકાર એહોનાનું અરૂણી અમો થાઉં કેમે નહીં તમને ।૧૪।
કો કહે પ્રથમ એક વાર આજ સવારે અમો ઉઠયા હતા
ને રાત્રી ઘણી લઈ અને પછે વરઝીયા તે સમે જાતાં ।૧૫।

બેસી રહયા નીંદ્રા તેા નાવે નક્ષત્ર ફરી ફરી જોઈ એ
હવેલી માંહાંનેા આહાટ જોઉં જાગે નહીં તે કેાઇ એ ૧૧૬।
વલતા તે સમય લેઈ જાગ્યા આવીયા અમેા તેહ સંગે
સેજથી ઉઠતા દરશન પામીયા અમેા રસ રંગે ૧૧૭।
કેા કહે અમેાને તેા તેડી રેાજ લાવેા છેા સંગે
રેાજના અમેા રૂણી છું અરૂણી ન થાઉં એ અંગે ૧૧૮।
કેા કહે અમેા વાત વાહાલાજીની કરતા માંહાં
રાત્રી સંપુરણ બીતી સમે થએ આવ્યા આંહાં ૧૧૯।
કેા કહે અમને તે નીંદ્રા અણુય નથી આવતી
સેાચ મન માંહેં રહે એ દેહ પણ નથી ભાવતી ૧૨૦।
જે ક્ષણે આવીને શ્રીમુખ જોઇએ છીએ જે સમે
અલભ્ય લાભ કરીને અમેા માનીએ છીએ તેહ સમે ૧૨૧।
અષ્ટ પ્રહર અધીરતા મનને રહે છે પ્રતીક્ષણ
એ ભીરૂતાએ જીવને તે ચેન નથી પડતું અણ ૧૨૨।
કેા કહે નીંદ્રા માંહેં અમને લીલાનેા અનુભવ હવેા
તે પ્રગટ કરી કહેવાયે નહીં આનંદ ભર અતી અભીનવેા ૧૨૩।
તે માંહેં જાણ્યું જે વાહાલેાજી જાગ્યા એહ સમે
દંતધાવન કરે છે અમેા ચેાંકી ઉઠયા તે સમે ૧૨૪।
તેહવાજ આવ્યા અકુલાયા અમેા ધસી અને મંદીર માંહાં
જેવેા મેં નીશી અનુભવ કર્યેા તેહવા સ્વરૂપસું જોયા અહીં ૧૨૫।
કેા કહે અમેા ચેાંકી ઉઠયા જાણ્યુ અવાર થઈ ઘણી
જાણી શકયા નહીં સમય તે ઉઠયા હશે ગેાકુલ ધણી ૧૨૬।
તે અકુલાયા એકલા ધાયા ધીરજ મન માંહાં ધરી
જોઉં તેા મુખ્ય કીમાડ માંડયા જોઇને આવ્યા ફરી ૧૨૭।
ફરી આવીને વલી સુતા રાત્રી તેા જાયે નહીં
વલતા તે ઉઘડતે કીમાડે તેહ સમે આવ્યા અહીં ૧૨૮।
કેા કહે અમેા પ્રાણવલ્લભ ઉઠયા જ્યારે સેજથી
તે સમે આવીને જોયા પ્રણય ભર અતી હેજથી ૧૨૯।
કેા કહે મેં પધારતા દીઠા તે નયણ ભરીયને
વેદીની ચેાતરીએ તે ઉભા સીઢી પરસીયને ૧૩૦।
ચરણ ક્ષાલણને સમે આવીને જોયા કેા કહે
કેા કહે મેં પણ એ સમય જોયા પરસ્પર એમ લહે ૧૩૧।
દંતધાવનને સમે મેં નીરખ્યા આવી અને
કેા કહે મેં પણ તે સમે નીરખીઆ ભાવી અને ૧૩૨।
કેા કહે વાહાલેાજી બેઠા પીઢા ઉપર ફરીયને
તેહ સમે આવીને જોયા પરમ ઉલટ ભરીયને ૧૩૩।

કો કહે તેલ લગાવવાને પધારે જેહ સમે
તીબારીમાં લટકતા જોયા મેં આવી તેહ સમે ।૩૪।
કોઈ કહે કેશ નીવારતા અને કાંકસી કર ફેરતાં
હોમઘરને દ્વારથી નીરખ્યા તે રંધે હેરતાં ।૩૫।
કો કહે મેં નાહ નાહતા નીહાલ્યા નયણા ભરી
કો કહે અંગવસ્ત્ર કરીયને જેહ સમે ધોતી ધરી ।૩૬।
કો કહે નાહી પધારીયા જ્યારે લટકતા આંગણુ માંહાં
અમો ધસીયને ડેઢી માંહાં આવ્યા તેહ સમે જોયા ત્યાંહાં ।૩૭।
એણી પેરે આપાપણો અનુભવ પ્રથમના દરશન તણો
તે પરસ્પર કહેતાં તે આવે સુખદ પરમ સોહામણો ।૩૮।
એ માંહેં રસના અનુભવી જેણે માહા રસ અનુભવ્યો
જે નિશી સંયોગી ભોગ્યવસ્તું ભોગ્ય રસ અંગે શ્રવ્યો ।૩૯।
અલગા રહ્યા એક આણુ નહીં અને નિશી સંપુરણ રસ રમ્યા
જે ભાવ પ્રણય રસે રસીલા મહા નાયકને મન ગમ્યા ।૪૦।
રસભર્યા રસ રંગે તે પાગ્યા જાગ્યા જે જામીની ભરી
તે સંકુચી અંગ દુરાવીને એહો સાથે થઇ આવે ફરી ।૪૧।
તેહો પાસ પરમ સુવાસ મકરંદ અભીનવો ફેલી રહ્યો
સૃંગાર ઘુંઘટ માંહાં દુરાવ્યો સુજાતીએ તે લહ્યો ।૪૨।
તે પરસપર મુસકાતા સેન દેખાડતા સાથ થઇ
ટોંકતા કાંઈ પુછતા ચાલે છે હંસતા રસમઈ ।૪૩।
અને નીકટવર્તી અંગસેવક જે સુખદ સેવા કરે
તે કાજ પર તત્પર થઇને રહ્યા ભીતર જલઘરે ।૪૪।
તેહ જે ઉપયોગ આવે છે ને આવશે જે વલી
તેહ ચેાંત વીચારની તે વારતા કરે મલી મલી ।૪૫।
સુખદ સામગ્રી ઋતુ ઉપયોગની જે જે લહે
તેહનો ઉદ્યમ કરે અને એહ કારજમાં રહે ।૪૬।
જે ઘેર વલીયા છે ભગવદીય વાત અનુભવની કરે
તે સહુ વાતને રસે વીવસ પણ નીજ ચરણ તે વેગા ધરે ।૪૭।
જાણે જે રખે અવાર થાએ વેગ પોંહોંચી લીજીયે
શરીર કૃત ને ગ્રહ કાજ કરીયને આવી દરશન કીજીયે ।૪૮।
વાહાલોજી તો વેગા થઇ પધારસે બહાર ફરી
તે સમય આવી પહોંચીએ એવા વચન કહે ઉલટ ભરી ।૪૯।
એણી ભાંતે ચાલ્યા જાએ સહુ કો થોકે થોક એકત્ર થયા
રતન ચોક આગલ થકી તે આપ આપણે ભવને ગયા ।૫૦।
કેહેના જશોદા ઘાટ ઘર કોઇ હવેલી બાલક તણી
કે બડી હવેલી ભાગ્યવાન સમૃદ્ધ રહે ત્યાં અતી ઘણી ।૫૧।

કેા કરણવેધ તણી હવેલી ને જે રહે છે બરીક માંહાં
આપાપણે સ્થલે અતી રસીક ઉતાવલા પહેાંચ્યા ત્યાંહાં ।૫૨।
પ્રાણવલ્લભજીએ ભીતર કાજ નીત્યના આચર્યા
ભગવદી આવ્યા ઘેર પણ મન રહે ત્યાંહાં આરત ભર્યા ।૫૩।
ઘેર આવીને ઘર તણા કારજ કર્યા કેણે નવ કર્યા
મનની લગને મગ્ન થયા તે રહ્યા સહુ એમજ ધર્યા ।૫૪।
આપાપણા અનુભવ તણી સુરતે સુરતી ભુલી ગઇ
અને સ્વરૂપ હૃદયારૂઢથી થયાં શુદ્ધ ભાવે રસમઈ ।૫૫।
તે ભાવ બલથી આરત્યા નીરખવા આરત હરણને
મન વીચારે વેગા થઇ અવીલેાકું પ્રાણ આભરણને ।૫૬।
ગ્રહ કાજ તેા ભુલી ગયા હવે સાજ અંગ તણા કરે
આભરણ અંગ આભરણ હીત વલી આચરણ તે આચરે ।૫૭।
કેા નાહયા નિજ ઘર સેવ્યની સેવા હિતે વેગા કરી
પેાંહેાંચી ત્યાંહાંથી ઉતાવલા સૃંગાર કરે ઉલટ ભરી ।૫૮।
એ સૃંગાર હું કહેતેા નથી એ તેા સહજ શ્રીંગાર નીતના
સર્વદા પહેર્યા રહે તે સુચવું એ નીમીતના ।૫૯।
શ્રીંગાર કહેસું ઉથાપને જે વાહાલાજીની રૂચી હસે
કહેવરાવસે કરૂણા કરી એહવું માહારે મન વસે ।૬૦।
કેા અંગ અંગુછી અનુપમ બેઠા જે શ્રીંગારને
ઉછાહ મન માંહાં અતી ઘણેા નીરખવા પ્રાણ આધારને ।૬૧।
ચમેલી ચુવા રસ અનુપમે નેહે હિરદે શુભ કેશને
કાંકસીયે સમારી ગુંથે તે પરમ સુદેશને ।૬૨।
ત્યાંહાં ગેાફણે ઘુઘરી ઘમકે કેણે સંગી અંગી કરી
કેાહેાની સાદી ચેાટી સુશેાભીત કેણે ત્યાં ચમરી ધરી ।૬૩।
ચાક નેત્ર સેંથીયે શીષફુલ કેહેને સેાહીએ
કેહેને માંગે મેાતી તણી લર તે ઉભય જોઇ મન મેાહીયે ।૬૪।
એ પ્રથમ હીંગલે ભરી તે ઉપર લર મુકતા તણી
કેહેને સાદી કેા હીંગળેા ભરી એમ સેાહે માંગ સેાહામણી ।૬૫।
મચકેાડીઆ સેંથાના ને ફુલી નંગ નવનવ જાતના
હીરા ને માણેક પાંચ ચુની જડયા જુગતે ખાંત્યના ।૬૬।
મુખ તેલ અભ્યંગીને પ્રક્ષાલણ તે જલસું કરે
અંગુછી સ્વચ્છ કરીયને શ્રંગાર મુખ મુદ્રીતે કરે ।૬૭।
લલાટે લલીત લસી રહ્યા જે ચાંદલા રહયા બહુ દેશના
તે જડાવ નાના ભાંતના અને સાદા ભાવ વીસેશના ।૬૮।
કેા મેાતીની લર કરી અને સીકર્યા શીષે કેશસું
તે ગુંદની સરસાઇએ લપટી રહયા છે સુવેસસું ।૬૯।

એહના નામ જાત ને દેશ શોભા પ્રથુક જે હું વીસહ કહું
તો પાર પામું નહીં અને કહેતા માંહાં અરૂજી રહું ૧૭૦।
કેહને હીંગળો સીંદુરના ને તેને સરકી ભરે
સૌભાગ્યવતી વરેસ નિત કુમકુમ તણો અંગીકાર કરે ૧૭૧।
અખરખ ને કાગલના સુકોમલ હેમ ચીત્રે જલકતા
કો ગોલ ટીકી ને તલે સાદ્ધી અતી અનુપમ ચલકતા ૧૭૨।
ત્યાંહાં છીરકી સોંઘા તણી અને એક બીન્દુ તે ઉપર ધરે
તે ભાવ જુત અતી ચાવસું ભાવતા કેરૂં મન હરે ૧૭૩।
નયણે તે કાજલ સારીયા આરસી સનમુખ ધરીયને
પાતલી લીક પ્રવીગુતાએ બેહુ ખુણા ભરીયને ૧૭૪।
કેણે ચીકણે કાજલે ભરી કજરોટીથી અંજન સારીઆ
કેણે કોરે કાજલે આંજી વસ્ત્રે કરી તેહ સુધારીયા ૧૭૫।
કેહેના નયણ સાદ્ધા સોહતા અંજન વીના અંજન કર્યા
પ્રેમ અંજને પાગીઆ સલુણા સોહાગે ભર્યા ૧૭૬।
એ નયણ કહેવા વયણને શકય નહિ વીચરણ કરીયને
જેણે નયણે મારા નાહને નીરખસે નયણા ભરીયને ૧૭૭।
ધન્ય નયણ નયણવતીયનાં જેણે નયણે નયણ અભીરામને
નીરખ્યા છે નીરખે છે ને વલી નીરખસે પુરણ કામને ૧૭૮।
જે નયણ માંહાં નીવાસ કરીયને સ્વરૂપ વહાલાનું રહ્યું
તે નયણ પર હું પ્રાણ વારૂં વચને કેમ જાયે કહ્યું ૧૭૯।
નાશીકાએ નવ જડીત મુરલી મનોહર ભાંતની
મધ્ય હીરા અતી મનોહર રંગ નાના ખાંતની ૧૮૦।
અર્ધ પાંત મુકતા તણી ઓષ્ટની લાલીમાએ લસી રહી
તે લાલીમા મુકતાની ઉજવલ જ્યોતી માંહે વસી રહી ૧૮૧।
ઉરમ મુકતા બે મનોહરે હરે મન મહારાજનું
દરશાવ્યા જેમને જેણે હર્યું મન સર્વ સમાજનું ૧૮૨।
કેહેને નકબેસર એક નંગી બે મુકતાનું અતી લટકણ
શ્યામાને મુખ પર સોહીએ નંગ જડીત કુંદને ચટકતું ૧૮૩।
મુકતા મહા નીર્મલ અમોલક જ્યોતી જેહની વાધતી
ઉજવલ અધીક ઉદ્યોતને જોઇ રહે રતી આરાધતી ૧૮૪।
એહવું એક નંગી બહુ ભાવ જુત ગમતી પ્રીતે પહેરીયું
શ્રંગારનો શ્રગાર એ શ્રંગાર માંહાં અતી ગહેરીયું ૧૮૫।
કહેને નકકુલી નંગ જડી અતી સુભગા કમલાકારની
રહી રસ રીતે ઉદ્યોત કરી કો નહીં એ અનુહારની ૧૮૬।
કુલીઆ દાલ મસુરીયા અને ચોપડે મોતી જડયા
તે ચાર ખુટે ચાર અતી શુભ્ર પરસ્પર રહયા અડયા ૧૮૭।

વાલીયેા ને નથ નીરૂપમ ઉપમા કેા સમ કીજીએ
માંહેં ઉભય મુકતા મધ્યે નીલ ને અરૂણ મણી જોઇ રીજીએ ૧૮૮।
પરમ કેામલ કામીનીના કરણ આભરણે ભર્યા
ત્રેાટીએા તાટક ડેઢી કેાટા ઉતમ ધર્યા ૧૮૯।
મેાર મનેાહર ભાંતના મુકતા ને લટકે પાનડી
સીકર્યા સાંકલીયે કરી રહયા ગલ મંડલસું અડી ૧૯૦।
મેાગરેા વલી પીપલ પતા એલચી દાણા વલી
ગુલર મુકતા ભર્યા રાજે નીરખતા પહેાંચે રલી ૧૯૧।
કેહને સાદી તલપ સુવર્ણની ને અકેાટી રજત તણી
પહેરી પ્રમુદીત થઇ થઇને રાજે પરમ સેાહામણી ૧૯૨।
કેહેના સાદા કર્ણ સેાહામણા સેાભાગ્ય ભુસણસું ભર્યા
તેહને મન તણે શ્રંગાર ભુષણે વાહાલાજીયે અંગી કર્યા ૧૯૩।
કેા સાદા મુખ શ્રંગાર વિન શ્રીંગાર તેહેાને ઉર વસે
સૌભાગ્યવરને સેાહાગે સૌભાગ્યતા મુખ પર લસે ૧૯૪।
એણી ભાંતે બહુ ભાંતના ભકત તે બહુ બહુ ભાવે ભરે
નીરખવા શ્રીમુખ સીધ થઇ થઇ વેગે વહેલા પરવરે ૧૯૫।
કંઠના ભુષણ સેાહતા તે સમય સમય ધરે નવ નવા
કેમ કરી કહું વીસદ કરી કહીં હસે નહીં એહવા હવા ૧૯૬।
ચક્ષણી પેાત પ્રવીણતાએ પ્રમુદીત થઇયને રચી
માંહેં મેાતીના ખાના કરી અતી ખાંતે કરીને તે ખચી ૧૯૭।
વરીય ભરી સેાહાગ રસ માંહેં તીનમનીયા કંચન તણા
કરકરી ભાંતે જડાવ જડીઆ રાજે પરમ સેાહમણા ૧૯૮।
ગલુબ ધે પરકાલા પ્રગટ અતી સુઘટ ઘાટ સેાહામણા
જડીયા તે સંગ સગ નંગ પચરંગ મેાહતા મેાહામણા ૧૯૯।
તેહની પાંતી ઉતરતી ઉભય દીશ મધ્ય નાયક મહામણી
ચાવકી રેશમનીએ રચીઆ રીઝવવા ગેાકુલ ધણી ૧૨૦૦।
પ્રાણ વલ્લભ પ્રથમ નાહીને પધાર્યા ભીતર જયાંહાં
અવીલેાકવા આતુર થયા શ્રંગાર કરે વેગા ત્યાંહાં ૧।
છેાટી લર મેાતી તણી ઉતરતી એક એક અનુક્રમે
કેહને સાદી તીલરી હેમની અને મધ્ય માદલીયું ગમે ૨।
છેાટી મેાટી મેાહનમાલા સાદી કેને જડાવની
સાંકલી સુખદ સુવર્ણની બહુ જાત નાના ભાંતની ૩।
ચંપકલી મલી મલી રહી મનેાહર ભાંતે તેહ
તુલસીની માલા કેશરી દુલરી પહેરી ધરી નેહ ૪।
ચંદ્રહાર સેાહામણેા વલી પદક પ્રમુદીત થઇ ધરે
કજરેાટી કાજલ ભરી રાખી નીરખતા મનડું હરે ૧૦૫।

એહવા અનેક ભુષણ ભાવતા ભાવતાને ભાવે ધર્યાં
૨વારથ ૨હિત સેવાને અર્થ પ્રભુ હિત અંગી કર્યાં ।૧૦૬।
કરકમલ કેડામણે મોહામણા ભુષણ ધર્યા
મોરી મનોહર ભાંતની ગજરાએ ગજ મોતી ભર્યાં ।૭।
જવ જડાવ ને ઝાંઝરી કહેને છુટી લર મોતી તણી
કંકણ સાદા ને જડીત વલી નવગ્રહી સોહામણી ।૮।
કેહેને પોંચી પરમ જડાવની પોંચલે ચોક રતન તણા
તેહની જ્યોત અતી જગમગી રહી જાતકાર દીસે અતી ઘણા ।૯।
કેહેને ચુડી ચુડા તે હેમના કે ઉર કંકણ ગેરખી
કેહેને સાદે કરે હેમની ચુડી હેમની પહેરે સેરખી ।૧૦।
થરકે થરક સકડાના હેરા નૌતન સદા
ચઢતી ચુડી પ્રૌઢ શ્યામ ને તેજમઇ ઝલકે તદા ।૧૧।
અંગુડી નંગ જડાવની અંગુલીદલે પેહેરી વલી
ભાંતી ભાંતીની જડાવ સાદી નીરખતાં પોંચે રલી ।૧૨।
અંગુઠે અંગુઠી જડાવ ત્યાંહાં આરસી ઓપે ઘણુ
તેણે કરી કેા ભાવસું નીજ મુખ જુએ પરમ સોહામણુ ।૧૩।
ચોલીઓ પહેરી ચમકતી સાદી ને મલકુટ જાતની
વલી દેશ રીતે ને રવદેશી પરદેશી બહુ ભાંતની ।૧૪।
દરીયાઇ અતલસ બહુ વરણી ધરણી માંહાં જે નીપજે
તે ભાગ્ય બલે તેહોને થકી અહીં સેવા માંહે સંપજે ।૧૫।
ભાંતી ભાંતીના વસ્ત્રની વલી કસીદા જરતારની
કસુંબી બહુરંગી પહેરી નહીં કેા એ અનુહારની ।૧૬।
તે ઇતની સુશોભીતી બેસતી બેહુ દીશે ભરીયને
ઉરોજે અતી લપટી રહી સોહતી શોભા ધરીને ।૧૭।
ધન્ય કંચુકી એ હૃદય ઉપર આવીને પરસી રહી
જ્યાંહાં રમણ સ્થલ આરામ પ્રભુનો વીસદ કેમ જાએ કહી ।૧૮।
જેહના હૃદય માંહાં અંતર રમણે અને બાહાજય પ્રભુ જે રસ ભરે
તે બાહ્યાભ્યંતરનેા રસ કંચુકી ઉર અનુભવ કરે ।૧૯।
એહવી કંચુકી રસપાત્રને ઉપમા કેહેની દીજીએ
જેહની ઉપમાને કેા નહીં કેહેની સમતા કીજીયે ।૨૦।
શ્રીંગાર કરતાં ઉઝકી ઉઠે બાહેર પધાર્યાં લહી
કેા ભીતર જઇ આવ્યા ફરી તેને પુછે એમ કહી ।૨૧।
વાડાલેાજી પધાર્યાં કે કાંઇ એક વીલંબ છે અમને કહેા
તે કહે અજ સવાર છે હવે ચાલીએ ક્ષણુ એક રહી ।૨૨।
લેંગા બહુ લલીત બહુ મેાલના રંગ રંગ નાના ભાંતિના
અતી સકેામલ સુખાવહ પટ સુત્ર ને શુભ જાતના ।૧૨૩।

ચરણના ભુષણ ધર્યા ભાવે ભર્યા મન માંહાં ધરી
અંગુઠે અણવટ સોહતા ને છવીટીઆ અંગુલી ભરી ।૧૨૪।
વીંછીઆ પાયલ અને નેપુર ઝમકતા રાજે વલી
પોઢરા સાદા અને જેહર નીરખતા પોહોંચે રલી ।૧૨૫।
કડલા ને કાંબી ઝલકતાં પરદેશી ઓપે પગે ગુજરી
ઘુઘરા કેને ઘમકતાં એહવા ભુષણ બહુ ચરણે ધરી ।૧૨૬।
કેહેા સાદા ચરણ સશોભીતા પ્રીય સોહાગે ભુષીત કર્યા
રાજે છે અતી અનુરાગીયા ભુષણ વીના ભુષણ ભર્યા ।૧૨૭।
જેહવું પ્રાગટ પરમોત્કર્ષ ઉદભટ અતી ઉદાર મહા મણી
તેહવી સૃષ્ટી સ્વરૂપ રસે વરી ઉતકર્ષ પરમ સોહામણી ।૧૨૮।
એહના ભુષણ ને સૃંગારનું કયાંહાં લગી કહીયે માન તે
અનેક સામર્થે કહું પણ થાએ નહીં નીર્માણ તે ।૧૨૯।
તેમાં વય કૃમે અને દેશ રીતે ભેદ રીતુએ નવનવા
પ્રાત ઉથાપન અને પ્રતી સમે કરે તે જુજવા ।૧૩૦।
સાડી સોહતી મોહતી મન પ્રાણ વલ્લભનું સદા
ભાંતી ભાંતી દેશ પ્રદેશની જરકસી જુત પહેરી તદા ।૧૩૧।
દેશ દેશ પ્રદેશ માંહાં જે વસ્ત્ર નામે વરવર્યા
પટવસ્ત્ર સુત્ર ને જરકસી તે એહેાએ અંગી કર્યા ।૧૩૨।
એહેાના અંગીકારથી થયા સારથક સહુ જગત માંહાં
જયાંહાં પરસ કરી રસ ભરીને વલ્લભજીએ જોયું ત્યાંહાં ।૧૩૩।
કેા પ્રગટ મુખ વીહસંતા ને સંકેાચ મન આણે નહીં
ગુરૂજન સહીત સહુ જગતને તે મનમાંહે કાંઇ જાણે નહીં ।૧૩૪।
કેાઇ સાદી તરેાટી પહેરે કેાઇ ઓઢે ઉપર પામરી
કેા ચાદર ખાસાની દુપટી પટી જુત ડેાડી કરી ।૧૩૫।
તે ભાંત ઓઢયાની અનુપમ ઉપમાને આવે નહીં
વહુ બેટીઓના અનુકર્ણથી અનુપમ દીસે અહીં ।૧૩૬।
નયણના ભાવ લહયા પડે નાશીકા ડાંડી સોડીયે
મેારલીના મેાતી અધર પર લટકે તે જોઇ મન મેાહીયે ।૧૩૭।
એમ બની બની ઘણી ભાંતે પાંત સુંદરીઓ તણી
આવ્યા તે અતી ઉતાવલા દરશન રસે રસમાં સણી ।૧૩૮।
ભાંતી ભાંતીના જુથ ન્યારા ન્યારા રસ એક એકના
તે પ્રાણપ્રભુ અંગી કરે મહા રસીક કરી વીવેકના ।૧૩૯।
મહા ભગવદીય ભાવે ભર્યા મહા ભકત રાજ શીરેામણી
આભરણ દીવ્યાંબર ધર્યા શી કહું શેાભા એહેા તણી ।૧૪૦।
પાગ ખાસાની અને કહેને તે પાલવ જરકસી
કેહેને જરતારી પાગ તે શીષ ઉપર રહી લસી ।૧૪૧।

કેાચકીય શ્રીશાફ ચેવટ ને વલી પંચતેાલીયા
સેત સેલા સુશેાભીત કેામલ ઘણુ બહુ મેાલીયા ।૧૪૨।
મલમલ અને તનસુખ સકેામલ મીહીન પરમ મૃદુલ ઘણી
તેહની પાગ સુખદ અનુપમ દીસે રાજે સેાહામણી ।૪૩।
સાદી ને કેહેને રંગ રંગી પચરંગી બાંધે વલી
જુજુવી ભાંતી જેહ ને એણી પેરે મન પહેાંચે રલી ।૪૪।
બાંધે આપાપણી ઢલણે વલણસું ભાવે ભરી
તેહની શેાભા અનેક ભાંત તે જાએ નહિ વીસદ કરી ।૪૫।
તીલક કેશરના અનુપમ ભાલ સુભગે લસી રહયા
સૌભાગ્ય સુચક સેાહતા અનુરાગ ભર તે હંસી રહયા ।૪૬।
કર્ણે તે મુકતા અતી અમેાલક ગેાલ ગાભાના સેાહે
મધ્યે લાલ કેાઇમાં નીલમણી તે નીરખતાં મનડું મેાહે ।૪૭।
કેહેને જેડ વીરવલી અને કરકરીય કેહેને રાજતી
કેહેને ગંઠેાડા ને જડાવ કડીયેા કર્ણ માંહે બ્રાજતી ।૪૮।
કેહેને લાસી કડીયેા જેડ સેાહે ને એકહેારી કડી
કેહેને નીપટ છેાટી કરકરી જુત કર્ણસું રહી અડી ।૪૯।
કેહેના સાદા કર્ણ સુશેાભીત તે વીવર જુત વીલસી રહ્યા
આભરણ વીન આભરણ ભરીયા વીસદ કેમ જાએ કહયા ।૫૦।
આનન તે અનુરાગ જુત સેાહાગ ભર અતી ચલકતા
અંગ અંગ રૂપ લસી રહયા તેહના તેજ મુખ પર ઝલકતા ।૫૧।
કંઠ કમનીયે તે માલા કેશરી દુલરી ધરી
શ્રી પ્રભુના શ્રી કંઠની જે પ્રસાદી પ્રેમે વરી ।૫૨।
તે કંઠમાંહે ભરીય પેહેરી સચીકણ અતી ચલકતી
કેા કંઠથી ઉતરતી ને કેા હૃદય ઉપર લલકતી ।૫૩।
કેહેને સાંકલી ઉતરીય ને ધુગધુગી ત્યાંહાં જડાવની
કેહેને છેાટી મેાટી મેાહનમાલા સાદી ઝડી બહુ ભાવની ।૫૪।
કેહેને કર કમલે પેાહેાંચી સુંદર સાંકલી જુત સેાહતી
હીરા ને માણેક પાંચ ખચીયા જ્યેાતી તેહની મેાહતી ।૫૫।
કેહેને અંગુટી અંગુલીદલે અતી સુભગ નંગ જડાવની
એક નંગી હીરા ને પન્ના ગેાલ સાદા ભાવની ।૫૬।
સેત ખાસા તણી ધેાતી મીહીન અતી કેામલ ઘણી
પહેરી અતી રચના કરી તે લાગે પરમ સેાહામણી ।૫૭।
પાતલી ચીપે પાટલી છેાગા બેહુ દીશે લટકતા
કાછ સ્વચ્છ સુદેશ ને પાલવ તે પાહાની અટકતા ।૫૮।
કેહેને કાળી કેાર તણીય ધેાતી વટ વરી લટકી રહી
કેાણે લાલ કેાર ને ધારી જુત સાદી તે પહેરી સહી ।૧૫૯।

દક્ષણ ને વાણારસી તણી વલી પુરવ માંહાં પ્રગટી જ્યાંહાં
ચાહ જોઇને અડીંની સેવા હીતે આવી આંહાં ।૧૬૦।
તે પહેરી પ્રમુદીત થઇને પ્રભુને તે અનુકણે કરી
નીજ દેશનાં અનુકર્ણ મેહેલ્યા એ સ્વરૂપ ઉરમાંહાં ધરી ।૧૬૧।
તે લલાવની સીઢીએ રોલતા તે પાલવ દેખીએ
એ અનુભવી નીરખીને તે જન્મ સફલ લેખીયે ।૧૬૨।
ઉપરેણા અભીનવ ભાંતીના બહુ જાતના ને દેશના
ઘણુ મીહીન ને અતી સકોમલ સુખદ મોલ વીસેસના ।૧૬૩।
જરકસી આલમદાર ને ઝરકસી કોર કીનારના
માલદાઇ મીહીન ઘણુ કો નહીં એ અનુહારના ।૧૬૪।
ખાસા ને મલમલ અતી મૃદુલ વલી સુખદ ગામ સુનારના
જુજવી જાતે ભાંતી બહુ અહીંના ને અંબુદ્વીપ પારના ।૧૬૫।
એકવરા દો પટા અને દોઢ પટા કરીને
ઓઢે સહુ ભાવતી ભાંતે પરમ ઉલટ ભરીને ।૧૬૬।
રીતુ ભેદે વલી ચોલણા પહેરે ખાસા ને ચોતારના
બાસતા ભરૂચના ભલા ને વલી ગંગા પારના ।૧૬૭।
કછીઅ પરમ કોમલ સુખદ અતી મીહીન મલતી પોતના
વરદાર બેહુ પાસે તે આલમ અધીક ઉજવલ જ્યોતના ।૧૬૮।
તેહના ચોલણા ચતુરાઇસું કીધા તે કમનીય દેખીએ
કટાવે કુલ ને વેલ ધારી પરમ સુંદર પેખીએ ।૧૬૯।
કેતકી કમનીય ભાંતની તે વીચીત્ર ચીત્ર સહીત કરી
બંધ એકવડા ને નાગફણી જુત રહ્યા અનુસરી ।૧૭૦।
વલી એલાચા ઉતમ અમોલક અનેક જાત તણા જેહ
મછલીપટણ તણી છીંટો કમલકારી છે તેહ ।૧૭૧।
એહવી દેશ દેશની છીંટના ચોલણા ને દતો કરે
બંધ દરીયાઇ સુજાતી નીરખતા ઉલટ ભરે ।૧૭૨।
વલી શીતકાલે કભાઇ નીમા રંગી ને પટવસ્ત્રના
તેહ મગજી બંધ સુશોભીતા અને કંસુભીના અસ્ત્રના ।૧૭૩।
કેહને પામરી સુપેત સાદી મલાઇ બહુ મોલની
કેહેને રંગ રંગની એકોહોરી નહીં કોએ એહના તોલની ।૧૭૪।
કેહેને દોહોરી રંગ વિસેસની ઓઢે તે જોડા કરીને
કેણે તોસ અતી સંતોષ કરી ઓઢી તે અતી ઉલટ ભરીયને ।૧૭૫।
થીરમાં જે સુભગ કીનારના અનુહારના બીજા નહીં
બહુ મોલના ને રંગના ભગવદી તે ઓઢે અહીં ।૧૭૬।
છાપેલા ને હેમ રજત તણા પાલવ ને કોર કીનારના
અને મધ્ય બુટી મનોહર ને વલી વડા ચુલદારના ।૧૭૭।

એણી ભાંતે અનેક સમૃદ્ધ વૈભવ જુત સુખાનંદે ભર્યા
સૌભાગ્ય મદે પુરીત થકા આરત સહીત સહુ પરવર્યા ।૧૭૮।
એ મહા ભાગ્યવાન સૌભાગીયા તો લોક સંગ્રહ અર્થને
તે વસ્ત્ર ભુષણ ધરે પણ મન લહે એ સહુ વ્યર્થને ।૭૯।
એ સ્વરૂપ રસમાં પાગીઆ ને સ્વરૂપ ભુષણ જેહને
બાહ્યાભ્યંતર રસ મઇ ઉપહાર રૂચે ન એહને ।૮૦।
કરે સર્વ કારજ ચીત ધરી મનમાંહે માને અણકર્યું
વીનયોગ વીન વૈભવ ને ઘર તે રહ્યું સહુ એમજ ધર્યું ।૮૧।
એહવા ભગવદી ભાવે તે પુરા સ્નેહે સુરા શુભ મતિ
જગતને તુચ્છ કરી જાણે નિજ સોહાગ તણી રતી ।૮૨।
કેહને સાદા વસ્ત્ર સુશોભીત નિજ વીતને અનુસારના
કેહેને સહેજ સાદાની જાણ તે ધરે તેહ વીચારના ।૮૩।
એક ભાગ્ય બલના ભાવતાનો ભાવ ભાવીને ગમે
પ્રભુને છે અતીસય પરમ પ્રીય તે નીરંતર ઉરમાંહાં રમે ।૮૪।
નેષ્ટીક નીપુણ નવરસ ભર્યા ને સ્વરૂપ સાદ્રસ્ય કૃત કરે
સ્વરૂપ સુખ અનુકર્ષ જોઈને તેહ રસ ઉરમાંહાં ધરે ।૮૫।
પ્રસન્ને તે પ્રસન્ન રહે અપ્રસન્ને અપ્રસન્ન લેખીએ
શરીરને સુખ દુખે સુખ દુ:ખ કયારે એ નહીં દેખીએ ।૮૬।
વીષયની વાસના નહીં ઇન્દ્રીય એકેકને રસે
સેહેજમા સહુ પ્રભુ સનમુખ રહે એહજ રસ વસે ।૮૭।
અહીંય અણ ઉપયોગી જાણી ત્યાગ સર્વ તણો કરે
જો ભોગ્યવરને ભોગ નાવે ભોગ તે સહુ પરહરે ।૮૮।
અસાધારણ હીત તણો તે કલેશ મન માંહાં જ રહે
તે કલેશ પરમ સોહાગણો એતદ રસીકનું મન લહે ।૮૯।
દરશન તણી આરતે આરત દરશન વિનું ક્ષણ નવ રહે
દરશન તણે લોભે તે ભાવ વીજાતીનું સર્વ સહે ।૯૦।
વાંછીતા રસની અલભ્યતાએ ઉદાસી મન એહના
તેહવેજ અનુકરણે રહે સરવાંગ પાગ્યા તેહના ।૯૧।
આયુષભુત સ્વરૂપ જેહને સ્વરૂપે સ્થીતી દેહની
ફલ સીધે સાધન સીધ માને અવધી નહીં તેહના નેહની ।૯૨।
પ્રગટ વીષનત્વે તે વીલસે ભાવને બલે કરી અહીં
અનેક લક્ષણ એહના તે કયાંહાં લગી કહીયે કહી ।૯૩।
એણે સ્વરૂપ રૂપી આભરણ પહેર્યું તે પ્રમુદીત થઇને
ત્યાંહાં આરત ને અભીલાષ રૂપી નંગ જયોતી મઇને ।૯૪।
એહવા આભરણ અંગ અંગ પહેર્યા શીખ થકીય તે નખ લગી
તે મનોરથ કુંદને જડીયા જયોતી રહી છે જગમગી ।૧૯૫।

ભાવ રૂપી વસ્ત્ર નાના ભાંતી ને બહુ મોલના
તેણે અલંકૃત નવ નવી રીતે નહીં એકો એ તોલના ।૧૯૬।
એણીપેરે આવ્યા ઉતાવલા સર્વથી પહેલા થઇને
કો ઘેરથી આવી રહયા છે નીરખવા રસ મઇને ।૯૭।
એક નીકટવર્તીનો સમાજ જે કાજને તત્પર રહે
હારંદ્ર પ્રભુના મન તણુ ને હીત તણુ સર્વે લહે ।૯૮।
પ્રભુના તે સુખનો વીચાર અહરનીસ આશા એ સુખની રહે
એહ સુખમાંહે પાગીઆ ને પ્રભુ સુખે નિજ સુખ લહે ।૯૯।
ઉપયોગ શું આવ્યું ને આવે છે ને વલી જે આવસે
શી રૂચી શું શું રૂચે અને શું એહોને ભાવસે ।૨૦૦।
કોણ સામગ્રી સુખાવહ એહોને મન ભાવતી
તેહ કરીએ જે રૂચે વાહાલાને વીનીયોગ આવતી ।૧।
પ્રાતથી પોઢયા લગી આલોચ માંહોં માંહે કહે
સ્વરૂપ સુખનો સોચ તે આરૂઢ ઉર અંતર રહે ।૨।
એહ આરતે આરત્યા આઠે પ્રહર એ સાજ માંહાં
સંધાન રહિત તે સોચ માંહે રહે એહજ કાજ માંહાં ।૩।
સ્વરૂપ સુખ વાંછીત પરાયણ સ્વરૂપ રસે અનુરાગીયા
સ્વરૂપના સુખથી સુખી એહવા પરમ સૌભાગીયા ।૪।
એહને ખાન પાન ને વસ્ત્ર વાગા દેહ સુખ મન માંહાં નહીં
મહાપ્રભુના સુખને ઇચ્છતા તે કાજ માંહાં વીચરે અહીં ।૫।
શ્રીજી ભીતર છે ને એમ તત્પર રહયા જલઘર માંહાં
એહના સાજ તે સીધ કર્યા જાણ્યુ પધારી બેસે અહીં ।૬।
એ માંહેથી કોઇ જઇ બેઠકે સાજ ત્યાંહાં તણા કર્યા
ગડુઆને મંદીરે જઇને ત્યાંહાં જલ તણા ગડુઆ ભર્યા ।૭।
મૃતીકા લેઇને નીકટ રાખી જયાંહાં સ્થલ રાખ્યા તણો
ગરમી શીત તણો સુખદ ઉપચાર ત્યાંહાં કીધો છે ઘણો ।૮।
જલઘરે બેઠા ને કો ઉભા છે સનમુખ બારીએ
વાહાલાજીને નીરખે છે જાતા આવતા તે તીબારીએ ।૯।
કો ઔસધ લેઇ ઉભા છે ને કોઇ ગડુઓ લેઇ જલપાનનો
સહુ સમે જોઇ સાવધાન છે એહવો ભાવ ભાગ્યવાનનો ।૧૦।
અવાસજીએ સાજ સંધ્યા તણો અહીં કરી ધર્યો
કદાચીત અવકાસે સંધ્યા કરે માટે સીધ કર્યો ।૧૧।
હવે ભાગ્યવાન જે ભગવદીય ભાગ્યે ભર્યા પુરા સદા
સીધ થયા સહુ કોઇ તે આવતા જાએ મન મુદા ।૧૨।
વાહાલોજી બીજીવાર બાહેર પધારતા જાણીયને
ચાલે છે વેગા થઇ સત્વરતા તે મન આણીયને ।૨૧૩।

બડી હવેલી કણ્વેધ ને ઘાટ જશોદાના જેહ
ખરીક ખોર ને જ્યાંહાં ત્યાંહાંના ઉલટી ચાલ્યા તેહ ।૨૧૪।
તે મલી મલી મલી રસમાંહાં મુસકાતા મંદીર ભણી
ચાલ્યા તે અતી ઉતાવલા સહુ નીરખવા ગોકુલ ધણી ।૧૫।
પાજ વાલા પોહીસીયા કસ્તુરીના વેણુ ભરી
બુગચા ને પેટીયે માંહે વસ્ત્ર તે સુવાસીત રાખ્યા કરી ।૧૬।
તેલ ઉવટણાના વાસ સુવાસ જે નિજ અંગના
એક એકથી અતી અધીક મકરંદ કેલીયા અંગ સંગના ।૧૭।
તેણે સુવાસીત શેરીઓ આંગણુ ચોક ચોપાસે કર્યું
ને વયાર જે દીશનો વહે ત્યાંહાં ત્યાંહાં મકરંદ ભર્યું ।૧૮।
વીંછીયા નેપુર ઝમકતા ઘમકતા ઘુંઘર સોહીએ
કાંણી કડલાં પોરલાં તે ઠમકતા મન મોહીયે ।૧૯।
કર તણા કંકણ ચુડા ચુડી જાંજરીના રાવ તે
ગોકણે ઘુઘરી ઘમકે ઉપજે બહુ ભાવ તે ।૨૦।
કો વેલડી વલગ્યા ને આંગલીયે તે વલગી કો વલી
કો આગલ પાછલ વાત કરતા જાય છે મનની રલી ।૨૧।
ગલી માંહે ભીડની પરમીત તે નવ થાએ કરી
સનમુખે આવે તે નીકસી શકે નહીં ચાલે ફરી ।૨૨।
આગલના આગલથી ચાલે પાછલના પાછલ અહીં
મધ્યનાં ભીડ માંહાં કો આગલ થઇ શકે નહીં ।૨૩।
એમ મહા રસમાંહાં પાગીયા અનુરાગીયા આનંદ ભર્યા
નવલ નેહ નાહોને નીરખવા મંદીર પરવર્યા ।૨૪।
કોઇ ભગવદી જલઘરે સીધા પધાર્યા પ્રેમે ભરી
કોઇ પાન ઘરની સીઢીએ રહયા આશ દરશનની કરી ।૨૫।
કો અટાલી પર ચઢી અને મુંડેરીએ રહયા ઝાંકતા
એ ગલીમાંહાં પધારસે નીરખસું એમ અભીલાખતા ।૨૬।
ભંડાર આગલથી તે સિંઘદ્વાર સુધી થર થઇ
ઉભા છે દરશન કાજ આરત ભર્યા સહુ કોઇ રસમઇ ।૨૭।
કો લદાવની સીઢી ઉપરે સાહામી ગલી કો રહયા
કોઇ બેઠકને દ્વારે તે ઉભા જુવે સનમુખ ઉમહયા ।૨૮।
કોઇ બેઠક માંહાં પહેલાજ આવ્યા ઠોર રોકે સહુ કોઇ
સ્થલ લેઇ ઉભા રહયા જેહને જ્યાંહાંથી દરશન હોયે ।૨૯।
કોએ કુલઘરની અટાલીયે રહયા હાર દોહોરી કરીયને
કોઇ મુંડેરી ઉપર તે બેઠા આસ ઉરમાંહાં ધરીયને ।૩૦।
વલી મુંડેરી તે લદાવ પરની અહીં કો બેઠા તેહ
લઘુ વેસના નૌતન રસીક દરશન રસે પાગ્યા તેહ ।૨૩૧।

કે૦ ભીંતરથી પધારતા અને બેઠક માંહાં આવતા
ભીંતે અટકી ઉભા રહે તે નીરખે પ્રીયને ભાવતા ।૧૩૩।
કે૦ જલઘરને દ્વાર ને વલી ભીતર મલી અને
પધારતા જોસે તે સહુ એકત્ર થઇ ભલીયને ।૧૩૩।
કે૦ રહયા પરનાલા દીશે કે૦ ચરણ ક્ષાલણ ચોતરી
કે૦ ઉંભી ભીંતે રહયા ઉભા એણીપેરે ઉલટ ભરી ।૧૩૪।
કે૦ વેદીની ચોતરીયે ચીત ધરી ઉભા રહયાં
કોઇ તીણારી આંગણ ભયું કયાં લગીય તે જાએ કહયા ।૧૩૫।
કે૦ કુલઘરની સીઢી ઉતરતે ક્રમે પગથારીએ
કે૦ સીઢીને નીચા રહયા છે કયાં લગી વીસ્તારીએ ।૧૩૬।
કોઇ ભીતરના બેઠકે આવે બેઠકના જાએ ત્યાંહાં
શુભ ઠોર જોઇ ઉભા રહે દરશન તે થાયે જયાંહાં ।૧૩૭।
કોઇ ઘર થકી આવતા જાયે કાજથી પોહોચીયને
તેહ પણ ઉભા રહે સ્થલ જોઇ મન લોચીયને ।૧૩૮।
બેઠા છે કે૦ ઉભા રહયા કેહેને ચેન પડે નહીં
વેધ્યું જે મન મનોહર સ્વરૂપે થાએ નહિ અલગું કહીં ।૧૩૯।
સર્વ કે૦ આરત ભર્યા સર્વની દ્રષ્ટી પ્રભુ ભણી
એમ વીચારે મન માંહે કયારે પધારે ગોકુલ ધણી ।૧૪૦।
કોઇ જઇ જઇ ત્યાંહાં જોઇ આવે સમે પધાર્યા તણો
કહે હવે વેગ પધારસે હમણા ને વીલંબ નથી ઘણો ।૧૪૧।
એ સુણી માંહોં માંહે વાતો કરે વીવીધ પ્રકારની
તે વીસદ કરતા વીસદ થાએ ભાવ બહુ વીસ્તારની ।૧૪૨।
કે૦ ભીતરથી કાજને આવે વેગ વહેલા થઇને
તેહને જોઇને સહુ ચોકી ઉઠે પધાર્યા પ્રભુ લેઇને ।૧૪૩।
મન નીરોધાયા આરતે તે બાલ વૃદ્ધ ને તરૂણના
જથા જોગ્ય અધિકાર ને વલી જેહ જેહવા વરણના ।૧૪૪।
તેહને તેહવા ભાવ જુત આરત તે પ્રગટી અતી ઘણી
તે વીસદ કહેવા શકય નહીં એ જાણવા ગોકુલ ધણી ।૧૫૫।
તેહવે તે આવી વધામણી પધાર્યા વાહાલો જલઘરે
તે સાંભલી સહુ કુલીયા ને મનોરથ જોવા કરે ।૧૪૬।
અકુલાયે મનમાંહાં ઘણુ અને મોદ મન માયે નહીં
દરશન તણે આગમે આગમ એહોને પ્રગટયા અહીં ।૧૪૭।
તે બુધી વાણીને અગોચર ભાવ પોહોંચે નહીં જયાંહાં
તે વીસદ કેમ થાએ ને વીસદે પાર પણ પામું કયાંહાં ।૧૪૮।
ભીતરના રસ વેધીયા ભીતર આભ્યાંતરને રસે
તે દુરી દ્રષ્ટી કરી નીરખે આનંદીત થઇ રસ વસે ।૧૪૯।

તેહના દરશન મનોરથ પુરણ કરીને પધાર્યા બાહેર ફરી
ભગવદીય જે જલઘરે હતા તે ઉઠીયા મનોરથ ભરી ।૨૫૦।
જલઘરે પધાર્યા અને ક્ષણ એક ત્યાંહાં ઉભા રહયા
ત્યાંહાં ભાગ્ય કેરી રાસ તે સહુ દાસ નીરખે ઉમહ્યા ।૫૧।
બવાસે સખ્યા તણી વીનતી કરી એમ કહીને
રાજ ત્યાંહાં પધારવું કે કરસો અહીંયા રહીયને ।૫૨।
ત્યારે આગ્યા એહોને કરી ગતવ્ય છે માહારે ત્યાંહાં
તે સાંભલી સહુ સાજ લીધા કરી રાખ્યા જે અહીંયા ।૫૩।
તે શીતકાલ હોયે તો નીમો પેરે તે બદલી અને
પ્રથમ અપરસ તણો મેહેલી ધરે ભાંત ભલી અને ।૫૪।
પેચ ઉપરેણા તણો તે શીષ પર વાલી અને
કંઠ આગલ ગ્રંથી દે તે સુખદ સંભાલી અને ।૫૫।
નીમા તે બહુ ભાંતના છીંટ ને રંગીયો તણા
લાવે તે ઉતમ સંગના સંગી મનોરથ કરી ઘણા ।૫૬।
તેહમાં એ દીવસે એહ નીમો પહેરીયો પ્રમુદીત થઇ
ભાગ્યવાનને ભાગ્યે કરીને થયા મહા પ્રભુ મનોરથ મઇ ।૫૭।
સોસની નીમા લાલ મગજી બંધ દરીયાઇ તણા
રંગ તેહના ગુલેનાર ફરહરે સોહામણા ।૫૮।
ઉતુ અનુપમ ભાંતની તે ખાંત કરી કરીય રચી
તે નીરખતાં નયણા ન મટકે સોહાગે શોભા સચી ।૫૯।
તેહની તની બે આગલ તણી બાંધી ને છુટી ચાલસું
લટકતા અટકતા પધારે છે ભાવ રસાલસું ।૬૦।
શીતકાલે સેહેજ માંહે તે સદા નીરંતર એમ કરે
પટવસ્ત્ર પટુ છીંટ ને રંગીના નીમા ધરે ।૬૧।
પણ નીત્ય ધોતી ને ઉપરેણો તે શ્રી અંગે લસ્યો
સ્વેત બાસાનો સુકોમલ તે મારે મન વસ્યો ।૬૨।
અંગ અંગ નીરાવર્ણ ધોતી ને ઉપરેણો ધરે
ઉઘાડે અંગે અંગનાને સર્વ અંગનો રસ ભરે ।૬૩।
એહ શ્રીંગારે સુશોભીત પધારે પ્રમુદીત થઇ
ઉદાર રસનુ દાન દેવા સૃષ્ટી છે જે રસ મઇ ।૬૪।
કો આગલથી ચાલે ને કો પાછલથી ચાલે મલી મલી
મધ્ય મધ્ય નાયક પધારે મલપતા મનની રલી ।૬૫।
સીઢી માંહાં સૌભાગીયા અને અટારીએ જે રહયા
તે ગલીમાંહાં પધારતા નીરખે છે નીહોરી ઉમહયા ।૬૬।
દુખડા લેઇ જે જે કહે અને પધારે વાહાલો વલી
તેમ ધાઇ આગલના તે આવે નીરખવા મનની રલી ।૨૬૭।

નીચા થઈ થઈ જુએ સનમુખ મુંડેરીએ મુખ ધરી અને
લટકતા ડગલા ભરે તે નીરખે નયણા ભરી અને ૧૨૬૮।
જગમોહન માંહેના હરખ્યા જગમોહનને આવતા
કો ઘસી બારીએ આવ્યા ભાવતાના ભાવતા ૧૬૯।
તેહને ઉતાવલ માંહાં થયું દરશન કેહેને થયું અહીં
ભીડ જુત વાહાલો પધાર્યા ઉભા રહેવાણુ નહીં ૧૭૦।
અહીં જગમોહનમાં ભીડ ભગવદીયોની કાંઇ માયે નહીં
બુધીને અનુસારે કહું પણ વીસદ તે થાયે નહીં ૧૭૧।
કો જે જે કરી દુખડા લે કો સનમુખે જોઈ રહયાં
કો નીરખતા સંગ સંગ ચાલે આનંદ ભર ઉમહયા ૧૭૨।
કો આગલથી ચાલે ને શ્રીમુખ ફરી ફરી જુએ વલી
કો ભીડને સંકોચે પાછલ રહે છે સહુમાં મલી ૧૭૩।
આગલના પેંડો કરાવે ચાલો ચાલો કહીયને
કો સકુંચી પેંડો કરી રહયા છે આપ મનમાંહાં લેઇને ૧૭૪।
મધ્યે પધારે પ્રભુ લટકતે અંગે ઢલકતા
મુસકાતા મધુર રસીક મન માંહેં અતીસય મલકતા ૧૭૫।
નયણની કોરે રસે ભરી જુએ નીરખતા કરી દ્રષ્ટીને
જથા જોગ્ય અધીકારે સીંચન કરે છે નિજ સૃષ્ટીને ૧૭૬।
સૃષ્ટીની દ્રષ્ટીની વૃષ્ટી થાએ અભીષ્ટ રૂપે અભીનવી
ઉભયતા અનુપમ રસે કહીં હુસે ન એહવી હવી ૧૭૭।
પાન કરી કરાવી એ રસદાનને રસવસ થઇ
પધારીયા સિંઘદ્વાર આગલ મહા મનોહર રસ મઇ ૧૭૮।
પ્રસાદી ભંડારના અને સિંઘદ્વાર તણા જેહ
લદાવની સીઢી અને સનમુખ ગલીએ ઉભા તેહ ૧૭૯।
બેઠકને બારણે ડોઢી માંહેં અટકી જે રહયાં
અને ઉપર મુંડેરીના નીરખે પ્રભુને ઉમહયા ૧૮૦।
તે જે જે કરી દુખડા લેઇ અને નીહાલે નયણા ભરી
આશીષ દે અંતર હીતે પ્રેમસું પ્રેમે અનુસરી ૧૮૧।
તેણે દરશન રસે અનુભવ કર્યો જે અંગે અરૂજયા તેહનો
મુસકાતા વેગ પધારીઆ કરી પુર્ણ મનોરથ એહનો ૧૮૨।
બેઠક કેરી દ્વારની શાખાએ કર પરસાવતા
બેઠક માંહાં પધારીયા રસ રૂપામૃત વરસાવતા ૧૮૩।
એ રૂપામૃતે લોભ્યા ને લોભી પાન કરી કરીને કરે
નયણ માંહાં સાંચી મનમાંહાં સાંચી ઉર અંતર ભરે ૧૮૪।
ઉર માંહેંથી ઉછલીત થઇ થઇ રસ અંગ અંગે ફેલીયે।
મેંડ મરજાદા ન માની બાહયાભ્યંતર છેલીઓ। ૧૨૮૫।

સર્વાંગ વ્યાપક થઈને પ્રભુ તણા તે અંગમાંહાં મહ્યેા
અલગેા ન થાએ એક ક્ષણુ રસીયાના રસ માંહાં મહ્યેા ।૨૮૬।
તે ઉભય ભાવે ભાવ ભર મહા રસ તણેા સંચય કરી
સર્વે ઇન્દ્રીય નયણાત્મક કરીયને રુપ નીરખે ફરી ફરી ।૮૭।
ફે ફે કરી દુખડા લે ચેાંહેાં દીશ કર ચટકાવતા
આશીષ દે ભાવે ભર્યા તે ભાવતાના ભાવતાં ।૮૮।
જેમ જેમ પ્રભુ પધારે તેમ તેમ વધારે મન સાથથી
મુખ નયણુ મન સંગ અંગ રહે અલગા રહે નહીં નાથથી ।૮૯।
જેમ જેમ શ્રીમુખ ફેરતા ઘેરતાં મન એહેાના રહે
દ્રષ્ટી એતન સૃષ્ટીની તે રૂપ એહેાનાને ચહે ।૯૦।
એહુ દીશે ચેંડેા કરી દ્રષ્ટી ભરી ભરી નીહાલે છે
પાછે પગે દ્રઢ થઇ રહયા અને અંગ આપ સંભાલે છે ।૯૧।
પ્રાણ પ્રભુ ક્રમે ક્રમે ડગલા ભરે રસ ભરીયને
દ્રષ્ટી ચેાંહેાં દીશ ફેરતા હેરતા સૃષ્ટી વરીયને ।૯૨।
પધારીયા લટકા સહીત ભીંતે અટકી ઉભા રહયા
તેહ સમે નીરખી ભાવ અંગ અંગના તે નવ જાએ કહયા ।૯૫।
હરખાતુર હરખે ભર્યા હરખ ને મેાઢે પાગીયા
શ્રીમુખ જુવે સેાભાગીયા અંતર પરમ અનુરાગીયા ।૯૪।
જેહને જયાંહાં રહી દરશન થાય છે નીકે કરી
તેહ ત્યાંહાં ભીડ માંહાં અટકી રહયાં છે ધીરજ ધરી ।૯૫।
થર થરે થેાક થેાકે જુથ જુથે મલી અને
અવિછિન્ન દ્રષ્ટે કરીયને અવીલેાકે રસમાંહાં ભરી અને ।૯૬।
અભીજીત નક્ષત્રથી સુક્ષમ સમે જાણી અને
આરત્યા અતી અભીલાખ માંહાં નીરખે છે મન સાણી અને ।૯૭।
મુખ્ય મુંડેરીએ બેઠા જેહ જે લઘુવેશના
તે સનમુખ રહીને તે દરશન કરે પરમ વરેસના ।૯૮।
કુલઘરની અટાલીએ જે રહયા તાંહેારે થર કરી
કેા બેઠા કેા અધભાગ ને કેાઇ ઉભા છે ઉલટ ભરી ।૯૯।
તે ભીડ જુત પણ નીરાવરણે રહીને દરશન કરે
રૂપ વહાલાજીનુ નયણે ભરી ઉરમાંહાં ભરે ।૩૦૦।
કુલઘરના કુલ કરતાં કુલસું સનમુખ થઈ
કુલ કર માંહે રહયા નીરખે છે સાદર રસમઇ ।૧।
સીઢીના સેાહાગીયા પગથારીએ ક્રમે ક્રમે રહયા
રસ ભર્યા રસીઆ તણુ તે રૂપ નીરખે ઉમહયા ।૨।
જલઘરે ચેાતરી અને દેહરી ભીતરના વલી
સીઢી ઉતરતીએ ઉભા તેહ નીરખે મલી મલી ।૩૦૩।

ચરણ ક્ષાલણની ચોતરી નીકટ ભીડ ભરી રહી
અને વેદીની ચોતરીએ ભીડ તે જાએ નહીં વીસદ કહી ૧૩૦૪।
નીકટથી શ્રીમુખ વચન સાંભલે પરમ પ્રમોદસું
સાદરથી શ્રીમુખ સુખ અનુભવે આરત ભરે મહા મોદસું ૧૫।
એણી પેર બેઠક માંહે મહા સૌભાગ્ય ભીડ ઘણી ભરી
જે જ્યાંહાં તે ત્યાંહાં અટકયા શકે નહીં હીંડી ફીરી ૧૬।
કો નીહોરી કો તે ઉપર નીહોરી કોઇ ઉંચા થઇને
કો કણા ભર ઉંચા થઇ થઇ નીરખે આનંદ મઇને ૧૭।
કોઇ ભીડે ભીડાયા પણ તે મન માંહાં નવ ધરે
કો અંગુલી નયણનો ચેંડો કરાવી દરશન કરે ૧૮।
કો પાછલના તે નીશંક થઇ ઢલી આગલ અનુસરે
બલ કરી દ્રઢ ઉભા રહી પરીતાપ નયણા તણો હરે ૧૯।
કો મલતી પાણની કાન રાખી નિકટ તેડી લેઇને
આગલ કરી દરશન કરાવે ધીરજ તેહોને દેઇને ૧૧૦।
કેહેને પાછલથી દરશન ન થાય અને મનમાંહાં સંકોચી ઘણુ
તે આગલનાને વીનય કરે છે મેહેલીને પોતા પણુ ૧૧૧।
કો પાછલથી આવ્યા ને પાછલ રહી ગયા એમજ અહીં
સર્વની પાછલ ફર્યા પણ ભીડ માંહાં પેસાણુ નહીં ૧૧૨।
તે ઉંચું નીચું જોઇને મનમાંહાં અકુલાયા બહુ
ઉંચા તો ચઢી શકે નહીં સીઢીયો રોકાણી સહુ ૧૧૩।
કો કાંઇ છલબલ સહીત નીહોરી કરી ભીતર પેસી અને
ઉભા તો રહેવાએ નહીં દરશન કરે તે બેસી અને ૧૧૪।
એમ ભાંતી ભાંતી જેહોને જેણી પેરે જેમ દરશન હોએ
અબાલ પર્યંત અટાલી અને નીચા રહી કરે સહુ કોદએ ૧૧૫।
ભગવદી ભાવે ભર્યા દરશન કરે નયણા ભરી
પ્રાણ પ્રભુ સનમાને દરશન માન દાન દે રૂચી કરી ૧૧૬।
ભાવ સમ યોગ્યતા સમ અધીકાર ભેદે રસ ભરી
ભકત ભાવાંતર તણે તે મનોરથ પુરણ કરી ૧૧૭।
એમ ભીંતે અટકીને રહયા છે અંગ અંગ રસે ભરી
તે શીખ થકી નખ લગી નીરખે સૃષ્ટી જે રસે વરી ૧૧૮।
અંબોડલો લલકી રહયો કેશની આભા ઝલકતી
ભાલે મધ્યે ઉંચસ્થલ તેહની શોભા ચલકતી ૧૧૯।
સુભગ ભાલ સોહાગનું શુભ તીલક કેશરનુ કર્યું
અરૂણ રેખા ઉભય શુભ નીરખતાં સ્ત્રીયનુ મન હર્યું ૧૨૦।
શ્યામ રેખા મધ્યે મનોહર વામ દીશ તે વલી રહી
તેહનુ રૂપ ને ઉપમાં ને શોભા તે નવ જાએ કહી ૧૩૨૧।

ભોંહ વંક વીકટ કટીલી ઉભય અભીનવ ભાંતની
બાલ વંક વલી રહયા સોહતી શોભા પાંતની ।૨૨।
નયણ વયણ વીના વીવીધ રસ સુચવે સુંદરીયને
ચીતવની કેાર કટાક્ષ ધક્ષણે ઉભય ભાવ ભરીયને ।૨૩।
તીક્ષણ તરલ અણીયાલા સુભગ પ્રતાપવાન પ્રણય ભર્યા
ને વીસાલ રસીક રસાલ રસ ભર નીરખતાં મનડાં હર્યા ।૨૪।
નાશીકા નવલ શોભા ધરે અણીયાલી અતી ઉલાસની
ત્રીયગણ ત્રીવીધાના જુથની જેહને આશ અંગ સુવાસની ।૨૫।
ગલમંડલ ઉભય અભીનવ ગૌર અરૂણાઇ ધરે
અંતરનેા અનુમેાદ પ્રગટ જણાયે છે એહેા ઉપરે ।૨૬।
શ્રવણ ભુષણ વીના ભુષીત ઉભય સુંદર સેાહતા
વીવર જુત વિહવલ કરે મન માનનીના મેાહતા ।૨૭।
કેા સમે મુકતા પરમ ઉજવલ ગેાલ ગાભાના તેહ
બહુ મેાલ તેાલ ન કેાએ એહની માણેક સહીત ધર્યા તેહ ।૨૮।
અનુભવને અનુમેાદને સુચવ્યા સ્વપને જેહવા
તેણે કરી અનુભવ સહીત મેં લખ્યા છે તે એહવા ।૨૯।
મુછ મૃદુલ મહા મનેાહર ભરી રસે લસી રહી
સચીકણ શેાભા ભરી શ્રીમુખ ઉપર તે હંસી રહી ।૩૦।
એાષ્ટ અતી સંતુષ્ટ કરની લાલીમા લેાકેાતરી
અધર અરૂણ અતિ મધુર મહા ઉદાર દાન રસ રાખ્યેા ભરી ।૭૧।
તે દાનની અછન્ન પરનાલીક લીકે થઇ વહે
એ સ્વાદ અનુભવીયા લહે વચને કરી કેા કેમ કહે ।૩૨।
મુસકની મધુર વચન અને ફરકની અધર તણી જેહ
રસનાનેા રસ કહેતા ન આવે કયાંહાં લગી કહીએ તેહ ।૩૩।
ઠેાડી ઠામ સુદામનુ વખાણ્યુ કયાંહાં લગી કીજીએ
જયાંહાં રહી રસીયાસું રસ માંહેં અધરે એ રસ લીજીએ ।૩૪।
શ્રીવા ગુણાલયની ગુણ ભરી હીત ભરી શેાભા ભરી
લલકતી ભાવ અનેક ભર કહી જાયે નહીં વીસદ કરી ।૩૫।
કંઠ માંહાં માલા મનેાહર દુલરી તુલસીની ઘણી
કેશરી કેાઇ સાદી કંઠી સચીકણ સેાહામણી ।૩૬।
એક માંહેં વસ્ત્રના ટુકડી તે ગાંઠ સુક્ષ્મ પેખીએ
સચીકણ સેાહામણી તે હૃદય ઉપર દેખીએ ।૩૭।
વલી ગુંજ માલા સેત ને પાંતે અરૂણ શુભ રંગની
એહને જોઇ અપેક્ષા ઉપજે રહવાને એહના સંગની ।૩૮।
એમ મનેારથ કેા કેા કરે ગુંજ અમેા ન હવા આંહાં
પ્રહસીત થઇ પ્રેમસું પ્રીતમ ધરત અમને કંઠ માંહાં ।૩૩૯।

એણે હૃદય વીલસત નીત હમેા ન્યારા ન રહેતા એક અણુ
એહનું ભાગ્ય સરાહીને નાંદે છે નીજ પેાતાપણુ ।૩૪૦।
બાહુદંડ પ્રચંડ પરમ અખંડ રસના ભેાગીઆ
નીત નવા નૌતન રસીક અગ્રણી રસ સંયેાગીઆ ।૪૧।
ભુજદંડ કેાણી ને કલાઇ પેાહેાંચલા સેાહે વલી
સુક્ષમ પરમ કેામલ વલી રહે રાજતી રેામાવલી ।૪૨।
ભુજા ઉપર રેખા ચંદનની આરંદ્ર તેલાભ્યંગથી
મધ્યે તે અરૂણાઇ લીધે રાજતી સંગ સંગથી ।૪૩।
અંગુલીદલ દલ મલણ કામને ધામથી પેાષણ કરે
સ્પર્શ માત્રે ઉભય સ્વરૂપને સદ્ય સંતેાષણ કરે ।૪૪।
નખમણી પર નભચંદ્રની જ્યેાતીને જોઇ ઓવારીએ
અરૂણતા લીધે ઉર માંહેંથી એ નવ વીસારીએ ।૪૫।
કરતલ તણી રેખા રસીલી અરૂણ રંગે રસમસી
તેહના વલણ વંક વિવીધ મેાહક હુલસી રહી લસી ।૪૬।
મુદ્રીકા સુખદ સુઢાલ ગેાલક બીજી ગેહેરા રંગની
તે તેજમય ઝલકી રહી છે શ્યામ પન્ના નંગની ।૪૭।
ઉરેાજ કેાટી મનેાજ વીજય કરણ હરણ દુખ દાનનું
નીરખતા મન અભીમાન રહે નહીં માનનીના માનનું ।૪૮।
ડીંટડીય એહુ શેાભા ધરે તે રંગ ભીને વાનની
અરૂણાઇ લીધે અતી અનુપમ નહીં કેા એ સમાનની ।૪૯।
ત્યાંહાં બાલ પરમ રસાલ કેામલ નમી નમી રહયા જેહ
સુક્ષમ સુદ્રષ્ટે જુએ સનમુખ અનુભવે એ સુખ તેહ ।૫૦।
હૃદય સર ગંભીર ઝીલે બાલ ચંદનસું પગ્યા
કેા સેહજ શ્રેણી સેાહતી રાજે તે રસ ભર રંગમગ્યા ।૫૧।
ઉપવીત અનુપમ ભાંતનું સવ્યે રહયું શેાભા લેઇ
તેહને સરાહું શું કહીને ઉપમા કહેની દેઇ ।૫૨।
ઉપરેણેા એકત્ર કરી ઓઢયેા હમેલે અતી હરખતેા
પાલવ વયારે ફરકતેા શેાભાએ અતીસય વરસતેા ।૫૩।
શુભ ઉદર અતી સેાહામણુ અને નાભી પર ધેાતી ધરી
નાભીનુ દરશન ન હેાએ નીરખીએ જો ફરી ફરી ।૫૪।
ઉદર થુંદ ઢલકી રહી કાંઇ એક ધેાતીની કેારથી
તે નાભી અ છાદી અને રાજે છે બેહુ ઓરથી ।૫૫।
પછવાડા બેહુ પાસાના તે ભરીય રસે સેાહતા
નીરખતા નહીં વીરામીએ એમ સહેજ માંહેં મેાહતા ।૫૬।
પૃષ્ટ ભાગના ભાવ તે જાએ નહીં વીસદ કહયા
પ્રાણ વલ્લભ પીઠ દેઇને ભીતસું અટકી રહયા ।૩૫૭।

સેત ખાસાની ધોતી મહીન અતી કોમલ ઘણુ
તે આછાદન કરી રહી રસીકઅંગ સોહામણુ ।૩૫૮।
જંઘા ઘુંટણ લગી અંગ આછાદીયા તે વિસેખીએ
મહીનની સુક્ષમે આભા અંગની સહુ દેખીએ ।૫૯।
જાનુ જુગલ પરમ અનુપમ ગોલ ગૌર ગુણે ભર્યા
ઉતરતા રોમાવલી જુત વંક વીસ્તારે ધર્યા ।૧૦।
કાંડા અતી કોમલ સુશોભીત ઘુંટી ઘાટ સુઘાટની
એડી અરુણ રંગે પગી કહેવા ન કો એ સાટની ।૧૧।
કૃણા ને પાટલી સોહે ભરે અંગે રાજતી
અંગુલીદલ અરૂણાઈ જુત નખમણીએ શોભા ભ્રાજતી ।૧૨।
ઉભય અંગુઠાને મુલે ગૌરતા સોહે વલી
એ જાણે જે તેહ સુક્ષમપણે નીરખે મલી ।૧૩।
પદકમલ તલની રેખા રસીલી બહુ ભાંતની
તે કયાંહાં લગી વર્ણન કરૂં સોહતી નાના પાંતની ।૧૪।
કો સમે જમણુ પદકમલ પાછું ભીંતે પરસી અને
વામ પદ ધરણીયે પરસી ઉભા આનંદ વરખી અને ।૧૫।
કયારે વામ પદની પાની ઉપર જમણુ પદતલ દેઈ અને
ઉભા છે અતિ આનંદ ભર અંગ અનેક શોભા લેઈ અને ।૧૬।
ત્યાં ભકત સહુ સાદરપણે નીરખે છે એક ટક થઈને
મટકે નહિ નયણા તે અટકયા થઈ સ્વરૂપ મઈને ।૧૭।
તેણે સમે જેતસી વાંચે પતડું વાર દીન શુભ ઘડી લહી
વાહાલોજી વલી દીનમાન પુછે હાસ્ય વચને કહી કહી ।૧૮।
વલી હાંસી ટોક નરક વચન તેણે હંસી હંસીને કહી
પ્રસન્નતા પ્રભુની જોઈ ભગવદીય માહા ફલ એ લહી ।૧૯।
પેચ ઉપરેણાના શીરે અવલા સવલા દેઈ અને
ઉપવીત જમણે કર્ણે રાખ્યું જમણે કરસું લેઈ અને ।૭૦।
અંગુડી કરથી ઉતારીને આપી ત્યાંહાં ખવાસને
ખવાસે કરમાંહાં લેઈ અને રાખી પોતા પાસને ।૭૧।
એ સમય સુક્ષમ એક ઘડી વા અધ ઘડી ઉભા રહી
ગડુઆને મંદીર પધાર્યા મુસકાતા મન માંહાં ઉમહી ।૭૨।
જે જે કરી અને ભકત સહુકો નીહાલી નયણા ભરી
ભીતર પધારતા નીરખે નીકટ આવી ફરી ફરી ।૭૩।
પનહી ચરણ ધરીને સ્થલ એકાંતે પરવર્યા
ભકત સહુ આશીષ દેઇ ત્યાં રહ્યા છે પ્રેમે ભર્યા ।૭૪।
કો જઇ રાજ તીબારી માંહાં બેઠા છે ભરીને
કો વેદીની ચોતરીએ અને કોઈ ભીંતસું અનુસરીને ।૩૭૫।

કોઇ જલઘરે ભીતર ગયા કોઇ કુલઘર સીઢી ત્યાંહાં
અટાલીના અટાલીએ જે જયાંહાંના તે ત્યાંહાં ।૩૭૬।
કોએ આગલ આંગણમાં બેસી ગયા છે એમજ સહુ ઘેરા કરી
કોઇ છાત નીચે હાર કરી બેઠા તે માંહેાં માંહે ફરી ।૭૭।
કોઇ અટાલીથી ઉતરે કોઇ નીચેથી ચઢે ત્યાંહાં
કોઇ ઘેરથી આવતા જાએ જે પ્રથમ નહીં પોંહચ્યા આંહયાં ।૭૮।
જે જયાંહાં તે ત્યાંહાં થકી રોકી સ્થલ આપાપણે
બેઠા છે સહુ મલતીપાણે વાત કરે ઉલટ ઘણે ।૭૯।
જે જેહ સમે આવ્યા ને દરશન કયું છે જેણે સમે
તેહ વાર્તા કરે છે પોતા તણે મનને ગમે ।૮૦।
કોએ શ્રીમુખ વચને કરીને વાતો કહી છે હંસી હંસી
તેહનું અનુમોદન કરીને ફરી કહે છે હુલસી ।૮૧।
કોએ શ્રીઅંગની શોભા સરાહે શીખ થકી નખ લગી
જેહના મન જે અંગે અરઝયા તેહ ત્યાંહાં રહ્યા પગી ।૮૨।
તેહ અંગ તણી તેહ સરાહણા કરી કહે
અને તેહ તે અંગને મન માંહેં તે ફરી જોવા ચહે ।૮૩।
કોએ પ્રાણ વલ્લભજીની વાતે વાત્સલ્યની વાતો કરે
કહે સુખાવહ શું હોએ તેહજ કરીએ તેહવું મન ધરે ।૮૪।
કોએ સહેજ સ્વરૂપનું હિત વીચારી બેહ મન પામી રહે
મન માંહેં અકુલાએ ઘણુ પણ વાત એ કહેને કહે ।૮૫।
કો કહે આજ અવાર થઇ વાહાલાજીને પધારતાં
કોએ ભાંતી ભાંતીની વાત કહે છે અનેક ભાવ વીચારતા ।૮૬।
કેહેને કાજ ઘેર ઉતાવલું તે ઘેર જાએ કાજને
વેગા થઇ પોહોંચી આવે નીરખવા મહારાજને ।૮૭।
અહીં ગાન કીરતનીયા કરે છે રાગ સાધીને
તાન રૂપ રસાલ મનમાંહાં સ્વરૂપ આરાધીને ।૮૮।
મીઠે સ્વરે જેમ મહા પ્રભુજી સાંભલે ભીતર થકી
નવ ભાવ યુકત અનેક ગાએ એહ શરણાગત તકી ।૮૯।
એણી પેરે અતી ઉંમગ્યા તે ગાએ માએ નહીં મોદે ભર્યા
ભીતર થકી સાંભલીય પદના ભાવ સહુ અંગી કર્યા ।૯૦।
સારંગી સ્વર રંગી બોલે તોલે કો આવે નહીં
મધુર પરમ સોહામણી ઉપયોગ જે આવી અહીં ।૯૧।
જેહ માંહાં તાન રૂપ ને સ્વર તણી પરમીત ન થાએ સોહામણી
જેહના ભીતરથી સાંભલી સ્વર રીજે તે ગોકુલનો ધણી ।૯૨।
એ ધન્ય ગુણી અને ધન્ય વાજા ધન્ય એ રાગ રસે ભર્યા
તે ધન્ય કવીતા ધન્ય ભાવ જે પ્રભુજીએ અંગી કર્યા ।૩૯૩।

એ વીસદ્ધ કરી અને ઉથાપનને સમે કહેસું ચીત ધરી
આંહાં સમય સુક્ષમ માટે કાંઇ એક કહ્યા છે સુચન કરી ।૩૯૪।
અહીં સેવાને હીતે નીકટ રહે છે હીત પરાયણ હીત ભર્યા
તેણે ચરણ ક્ષાલણને તે ઠામે સાજ સહુ તત્પર કર્યા ।૯૫।
બડો ગડુઓ ભરી રાખ્યો રીતુ સમાન જલે કરી
એક છોટો ગડુઓ ને કસેડી તેહ ભરી ન્યારી ધરી ।૯૬।
પીઢે તે ગાદી મખમલી કોમલ થકી કોમલ ઘણુ
રૂઈ ને મખમલે સુખદ હીત નથી રાખ્યું પોતાતણુ ।૯૭।
પ્રભુના તે અંગ કોમલ લહી અને કોમલ એણે કરી
વાહાલોજી અંગીકાર કરશે મનોરથ મન માંહાં ધરી ।૯૮।
મૃતીકા કોમલ અતીસે સુવાસીત તેહ જમણી દીશે ધરી
અહીંની સામથી જોઇએ તે સહુ એ સીધ કરી ।૯૯।
એમ લેદે રીતુને શીત ગરમી સમય જોઇએ જેહવું
વાત્સલ્ય દ્યુત વૈભવ સહીત સહુ કરી રાખ્યું તેહવું ।૪૦૦।
પ્રાણ વલ્લભનો તે પેંડો જુવે પધાર્યા તણો
ભાગ્યવાન સમય તે કયારે આવસે સોહામણો ।૧।
જે સમયની સુરતે કરી સુરતી વાહાલાની રહે
એ સમય વેગે કરી આવો સર્વ કો એણીપેરે કહે ।૨।
સર્વ બાલક વૃધ્ધ તરૂણને આશા એ સમય તણી
જે સમય વાહાલજીને નીરખું તેહ સમય તણા રૂણી ।૩।
તેહ સમય ઉપર પ્રાણ ધન સર્વસ્વ તે ન્યાછાવર કરૂં
લોકીક અલૌકીક પરહરી એ સમયને ઉર માંહાં ધરૂં ।૪।
મન પ્રાણ ઇન્દ્રીય દેહ સર્વ એ સમયમાં આવી રહયું
તે સમયની સુરતે સુરતી ભુલે કહેને ન જાએ કહયું ।૫।
જે સમયની સુરત સ્વાભાવીક એ હમારા મન હર્યા
તે ભાગ્યવાન સમય તણો પેંડો જુએ છે રસ ભર્યા ।૬।
અતી ઉદાર કૃપાલ કારણ મહ એહ સમય વલ્લી
ઉપકાર રૂપ છે હમ તણો જેણે પોંહોંચસે મનની રલ્લી ।૭।
વીચારતા એમ વાર લાગી લોચતા જાણી અને
પધારવા આગમ થયો કરૂણા તે મન આણી અને ।૮।
આહાટ ગડુઆનો સુણી સાવધાન થયા સહુ
સર્વ ઠામેથી ધસીય આવ્યા નીકટ ભકત મલ્યા બહુ ।૯।
જે જયાંહાં તે ત્યાંહાંથી જેણી પેરે જેમ દરશન હોએ
તેહ સ્થલ આપાપણા રોકી રહયા તે સહુ કોએ ।૧૦।
વેદીની ચોતરીએથી અને ચરણ ક્ષાલણ સ્થલ જયાંહાં
જલઘર અને ભીંત અડતી ભગવદી અટકયાં ત્યાંહાં ।૪૧૧।

થર થર થઈ થોક થોક હાર ચોહોરી કરી અને
રહયા છે દરશન તણી તે આશ મનમાંહાં ધરી અને ।૪૧૨।
સ્થલ સ્થલે સહુ રોકી રહયા પણ દ્રષ્ટી પધારવા દીશે
મન ત્યાંહાં અટકી રહયા છે આહીં રહયા સ્થલ રોકયા મીસે ।૧૩।
એહવે તો વાહાલોજી પધાર્યા જેજેકાર હવો વલી
આશીષ દે દુખડા લે નીરખે સહુ મનની રલી ।૧૪।
પનહી ભીતરના તે બુણામાંહાં ઉતારી અને
સર્વના ભાગ્ય ઉદય કર્યા તે બહાર પધારીયને ।૧૫।
ભીતસું પરસીય પધારે છે પ્રમુદીત થઈયને
સ્વરૂપ રસનુ દાન દેતા સૃષ્ટી સ્વરૂપ મઈયને ।૧૬।
ચરણ ક્ષાલણને સ્થલે પીઢા ઉપર આવી ને
બેઠા તે બાન સોહામણી સેહેજમાં મન ભાવીયને ।૧૭।
અહીં જુમી જુમી રહયા તે રસીક નીરખે છે નયણાભીરામને
નયણ માંહાં ધરી ઉર માંહાં ધરે પુરણ કામને ।૧૮।
દાહીણી દીશ જે રહયા શ્રીમુખ જોએ ઉલટ ભરે
પશ્ચીમ જે પીઠ દીશે રહયા તે પૃષ્ટનુ દરશન કરે ।૧૯।
જલઘરાની દોહરી ચોતરી સીઢી અનુસરી
ભીંતે ભીંતને સનમુખ અહીં ભીડ ઘણી ભરી ।૨૦।
કોઈ ભીતર પરનાલા નીકટ બેસી ગયા હાર થઈ
કો તેહોની પાછલ તે ઉભા નીરખવા આનંદ મઈ ।૨૧।
અટાલીના નિપટ ઉંચા તેહોને એ સ્થલ થકી
છાતથી દરશન થાયે તે ત્યાંહાં રહયા સહુ અક ઠકી ।૨૨।
એણી ભાંતે જેહોને જેહ રીતે જેણીપેરે દરશન હોએ
બાલ વૃદ્ધ તરૂણ જુવા દરશન કરે છે સહુ કોઇએ ।૨૩।
વાહાલેજીએ ગડુઓ બડો તે ચરણ બેહુ વચ્ચે ધર્યો
કોપરે ટેકી ચરણ ક્ષાલણનો તે અહીં આરંભ કર્યો ।૨૪।
પ્રથમ અહીં મૃતીકા જોઈતી જમણે કરસું કરી અને
આવસ્યકની જોઈ રાખી વાધતી ઠરી પહરી અને ।૨૫।
પછે કોપરની સેને કરી ગડુઆ થકી જલ નામીને
વામ કર ન્યારો પખાલે તે કહું મન અભીરામીને ।૨૬।
જમણે કરે લેઇ મૃતીકા છુટી નાખે ફરી ફરી
એમ વામ કર મૃતીકાએ જલસું પ્રથમ લીધો શુદ્ધ કરી ।૨૭
પછે મૃતીકા લેઇ લેઇ મરદે ઉભય કર ભેલીને
નખમણી કરતલ પીઠ કરની મીડે એમ ભેલી અને ।૨૮।
નખ સોધન સીકે કરી વલી ફરીયને મીડયા ફરી
જલધાર નામી અતી ઘણી કર અંબુજ લીધા શુધ્ધ કરી ।૪૨૯।

પછે ગડુએા ત્યાંહાંથી ઉઠાવીને જમણી દીશ મહેલ્યેા તેહ
કે ખવાસે કે કેાઇ ભગવદીએ આણીને મનમાં નેહ ।૪૩૦।
તે જમણે કરે ગડુએા અહી જલધાર નામે છે વલી
વામ પાદાંબુજ પખાલે મૃતીકા લેઇ મલી મલી ।૩૧।
શ્રી અંગ દક્ષીણ દીશે મરેાડી વામ કરસું કરી અને
જમણી દીશેથી મૃતીકા લે નીરખું નયણ ભરીને ।૩૨।
એ અ ગનેા લહેકેા અને વલી વલણ જે શ્રીકર તણુ
તે સમય જોતા સ્વરૂપવાનને રહે નહીં પેાતા પણુ ।૩૩।
પછે તેહજ રીતે પાદાંબુજ જમણુ પ્રક્ષાલણ કર્યું
એ સમય અચીલેાકતાં સર્વનું મન ઉલટ ભર્યું ।૩૪।
ખવાસે તષ્ટી લેઇ અને ચરણને નીચે ધરી
કરૂણાવતાએ સ્વકીયને હિત સદ્ય ચરણામૃતે ભરી ।૩૫।
તે લઇયને ન્યારી રાખી ચેાતરી ખુણા ભણી
તે સમે વેહેંચ્યું નહીં નહીં ભીડ મચે અતી ઘણી ।૩૬।
નિહેારી નીહેારીને નીકટવતીએ તે ચરણામૃત ધર્યું
અંજુલીથી આનંદ ભર તે પાન પ્રમુદીત થઇ કર્યું ।૩૭।
તે કર ઉભય નેત્રે પરસીયને શીષે પરસી હૃદય ધર્યેા
લેતા માત્રે અંગ અંગે પરસ શ્રી અંગનેા કર્યેા ।૩૮।
કેા ભાગ્યવાન નિકટ રહયા તે તેહેા કને માંગે વલી
તે પરમ પ્રસન્ન થઇ લેઇયને આપે મનની રલી ।૩૯।
એમ પરસ્પર મલતી પાણે કેા કેા લેઇ શકયા અહીં
એ સમય સુક્ષમ અતી ઘણેા સવેને પેાહેાંચે નહીં ।૪૦।
કેણે કસેડી ને લેાટી ને ધર્યા દેાના ત્યાંહાં
અવકાસ ક્ષાલણ ચરણનેા તે સર્વને પેાહેાંચે કયાંહાં ।૪૧।
હવે વામ કરસું વામ દીશ ગડુએા તે લીધેા ફરીયને
કરે કેાગલા જમણે કરાંબુજે અંજુલી ભરી ભરી અને ।૪૨।
જમણી દીશે તીરછું જુએ કેાગલા કરતા માંહેંથી
નયણ રસનુ દાન દેઇને દાન લે છે ત્યાંહાંથી ।૪૩।
અછત ધારા ઉદારતાએ જલ તણી ધારા વહે
કેાગલા ફરી ફરી કરે તે અનુભવીનુ મન લહે ।૪૪।
એહ ગડુએા પુરણ થયેા તે લેઇને અલગેા કર્યેા
બીજો જે શીતલ જલ તણેા ગડુએા તે લઇને ત્યાંહાં ધર્યેા ।૪૫।
ઉપવીત ઉતાર્યું કર્ણથી તેહ સમે સુખ વરસી અને
પછે આચમન વીધીસું કરી કર્ણે તે કર પરસી અને ।૪૬।
વલી કેાગલા કરી કરી અને કરદલ અધર પર ફેરવે
તેહ સમય રસીયા રસ ભર્યા તેહ એહ સુખને અનુભવે ।૪૪૭।

વલી કસેડી ઉંચી કરીને જલધારા નામે મુખમાંહાં
કેાગલા ફરી ફરી કરે અતી મુદીત થઇ એ સુખ માંહાં ।૪૪૮।
શ્રીમુખ ઉંચું કરીયને ચાંગલે જલ તે ચુવાવે છે
વલી તેહ જલ મુખ થકી મહેલે એ લીલા ભાવે છે ।૪૯।
એણીપેર ક્રીડા જલ તણી વાહાલેજીએ ત્યાંહાં કરી અને
ત્યાંહાં થકી પ્રાણ પ્રભુ પેાંચી તે બેઠા સનમુખ ફરી અને ।૫૦।
પેચ ઉપરેણા તણેા શીષથી લીધેા કરમાંહાં
તેણે તે મુખ પુંછન કરી તેણે સમે બેસી ત્યાંહાં ।૫૧।
વલી ઉભય કર પુંછન કરીને વસ્ત્ર કર માંહાં ધરી અને
ફરી અધર ઠેાડીયે ફેરવી મસ્તકે નાખ્યેા ફરીયને ।૫૨।
બેઠા છે પરમ ઉલટ ભર્યા અતી પ્રણય જુત પ્રમુદીત થઇ
નીહાલે નવ નવ મનેારથે સૃષ્ટી છે જે રસમઇ ।૫૩।
અહીં કેા આગરે કે પરદેશ ચાલ્યાનુ કરે
તે સનમુખ ઉભા રહયા છે ચરણ છેાત્રા મન ધરે ।૫૪।
વીનતી કરી માહારાજ ચાલસુ આ ગામને
પરદેશ વા વહેવાર અર્થ કે પેાતાના ધામને ।૫૫।
ત્યારે પ્રાણ પ્રભુ અવસ્ય કહીને સદ્ય ત્યાંહાં વીદાઇ કરે
ભગવદીય સાત્વીક ભાવસુ નીજ શીષ ચરણાંબુજે ધરે ।૫૬।
કરૂણાસ પ્રભુ કર પરસ કરી અને ઉઠાવે છે શીષને
વલી જોઇ શ્રીમુખ ફરીય દંડવત કરે ગેાકુલા ધીસને ।૫૭।
પરદેશના જનારને આપે તે વસ્ત્ર પરસાદના
બેહુ કરે કરીયને કંઠ માંહાં ધરે હીત મરીયાદના ।૫૮।
સમાધાન કરી કહયું ચીંતા કછુ મતી કીજ્યેા
અરૂ જેસે ઠાકુર દેખે હે તુમ તેસે ઉર માંહાં લીજ્યેા ।૫૯।
પ્રસાદ તેહેાને અપાવી ને સદ્ય તે વીદાય કર્યા
સીંચન કરી મધુરે વચને કરૂણા રસે પુરણ ભર્યા ।૬૦।
બીજા જે આગરા આદીના ચાલે છે કેા કેા તેહ સમે
વીનતી કરી ચરણ છેાહવાને હીત ચરણે નમે ।૬૧।
લલાટ નયણ ને નાશીકા ચરણારવીંદ પરસીયા
અધર અંગુલી દલે પરસીયે। સરવાંગે સુખ વરસીયા ।૬૨।
અલીનવી પરમ અલભ્ય એ ક્ષણ અણ અંતર સુક્ષમ ઘણુ
એ ક્ષણ ઉપર ક્ષણ ઓવારૂં સર્વ સહીત પેાતાપણુ ।૬૩।
એ ક્ષણ પર કેાટી સુકૃીત કેાટી શુભ ઓવારીએ
કેાટી સાધન કેાટી ફલ ન્યેાછાવર કરી ડારીએ ।૬૪।
એ ક્ષણને અતી લેાચતા પ્રતીક્ષણ પ્રમુદીત થેઇને
મહદની કરૂણાલતા આવી તે એ ક્ષણ લેઇને ।૪૬૫।

એ ક્ષણ પ્રભુ ઇક્ષણ પ્રભાવે એહ સમય પામ્યા અહીં
એ કૃપાલની કરૂણાલતા અન્યનુ અહીં સામર્થ નહીં ।૪૬૬।
એ પદ પરસે થકી ચોગ્યતા જે એહોને હવી
તે જ્ઞાનને ગોચર નહીં સમજાવી કહું આ જેહવી ।૬૭।
પુરાણ શાસ્ત્રને સંમતે કરી સી ધ્યાંતથી કો લહે નહીં
ગુરૂ જ્ઞાન સુજ્ઞાને થકી જાણી એ કોઇ કહે નહીં ।૬૮।
ચોગ્યતા એ ચોગ્યતા જાણ્યા તણી નહીં કેહેને
મહેદ કરૂણા કરી જણાવે તેહ જાણે એહને ।૬૯।
જેહને આપ પ્રસન્ન થઇને પદ કમલ પરસાવીયા
ત્યાંહાં સ્વરૂપ બલ સંપન્ન કરી અને નિજ રસે સરસાવીયા ।૭૦।
નિજ રસે તે સરસ કીધા દાન દીધા અતી ઘણા
ભાગ્યનું નીર્માણ કાંઇ કહેતાં ન આવે તે તણા ।૭૧।
તેહ જ્યાંહાં પ્રસન્ન થઇને કૃપા જેઓ ઉપર કરે
રસ રૂપ રસ પ્રભુ વીરીક તેહના કાર્ય તે સવે સરે ।૭૨।
એહવા અનેક સામર્થ અનેક મહાતમ અનેક ગુણની રાસ જે
એ ફલ થકી ફલરૂપ થયાં નવ જાએ કર્યા પ્રકાસ તે ।૭૩।
વલતા કૃપા કરીને ત્યાંહાં તેહને પ્રસાદ અપાવીયે
કો ભાગ્યવાન છે ત્યાંહાં તેહને આશીરવાદ તે કહાવીયે ।૭૪।
એહોમાં જે પ્રતિષ્ઠીત કે સ્વકીયકે ઇચ્છાથી મનને ગમે
તેહને બીડું લઇને શ્રીકરે આપ્યું તે તેણે સમે ।૭૫।
એમ કરીય તે વીદાય કર્યા પણ ઉભા છે સનમુખ અહીં
નાહી પ્રભુ પધારસે ત્યાંહા લગી એ ચાલે નહીં ।૭૬।
નાહયા તણો સહુ સાજ આંગણ માંહે આણીને કર્યો
શ્રી પ્રભુજી ચોકમાંહાં નાસે તેહ માટે ત્યાં ધર્યો ।૭૭।
ગગરા તે જલ ઉષ્ણોદકે સમ જલ કરી ભરી ધર્યા
એક શીતલ જલનો નીકટ રાખ્યો બીજા સાજ તે સીધ કર્યા ।૭૮।
એક કસેડી નાહાવાના કાજને બીજી જલ નાખ્યા તણી
એ બેહુ ગગરા ઉપરે રાખી તે પરમ સોહામણી ।૭૯।
ચોકી એક નાહયા તણી સોહામણી સુંદર ઘણુ
જે ઉપર બેસી નાહ નાહાસે કયાંહાં લગી કહું તેહ તણુ ।૮૦।
બીજી ચોકીએ તે રાખી થેલી અપરસ સાજને
પીઢા ઉપર મખમલી ગાદી બેસવા મહારાજને ।૮૧।
ગાદીની નીચે ચાર ખુંટે ચાદર દોહરી પાટની
પીઢાને પાયે તે ભરાવી ગાદી રહીય સુઘાટની ।૮૨।
ગડુઓ તે જલ આચમન તણો વલી ત્યાંહાં રાખ્યો સીધ કરી
ચંદન સુવાસીત તણી સીપ તે આણી ત્યાંહા નીકટ ધરી ।૪૮૩।

સાજ તરપણુનેા કરી અને ધરી રાખ્યેા છે વલી
એણીપેરે સહુ સીધ કરી રાખ્યું આગમ મનની રલી ૧૪૮૪।
આંગણુ માંહાં નાહયાનુ જણ્યુ સર્વ થયા આનંદ મઇ
દરશન તણા સંકેાચની તે ભીતી સહુ કેાને ગઇ ૧૮૫।
હેામઘર જલઘરે નાહતાં ભીડ ત્યાંહાં થાએ ઘણી
સમ્યક દરશન થાયે નહીં અતી આરત મન માંહાં તેહ તણી ૧૮૬।
અહીં આંગણુ માંહાં નાહતાં તે સુખસું સર્વને દરશન હેાએ
આખાલ પર્યંત એ સુણીને કુલીયા મન સહુ કેાઇએ ૧૮૭।
આપાપણી તાકે અટાલી મુંડેરી નીચે રહયા
વલી નીકટ ને આસપાસના તે રહ્યાં દરશનને ઉભહ્યા ૧૮૮।
તેહવે તે વહાલેાજી પધાર્યા લટકતા નાહવા સ્થલે
જે જે કરી આશીષ દે ભાવે તે ભાવ જે અવીચલે ૧૮૯।
ઉપરેણેા શીષથી લઇને આપ્યેા ત્યાંહાં ખવાસને
નાહવાને આવી ઉભા રહયા છે કરી મન હુલાસને ૧૯૧।
કટેારે ભરી તેલ શુભ શ્રીજીની આગલ ધર્યું
નાતકાર કરતા નીજ કરે કરી શ્રી મસતક માંહે ધર્યું ૧૯૧।
પછે સતવરતાએ સૌભાગીયા ભગવદીય ભાગ્યવાન જે
તેલ વેગા થઇ લગાયે ઉતાવલ કરી કરી તે ૧૯૨।
મહાપ્રભુ ઉભા છે ને ત્યાંહાં કર પરસ હેાએ
તેલને સ્પરસે ના કહી ને રેાસ જણાવે અતી ઘણેા ૧૯૩।
પગુ નીકટવર્તી નિપુણ જે લઘુ લાઘવે કરી કરીયને
તેલ શ્રીઅંગે અભ્યંગે વેગ થઇ ચીત ધરીયને ૧૯૪।
એણીપેરે ઉભા રહીય તેલાભ્યંગ કર્યું કાંઇ નવ કર્યું
કસેડી માગી લેઇને સ્નાન કરવા ચીત ધર્યું ૧૯૫।
ચેાકીની આગલ ઉભા રહી અધભાગ નીહેારાઇ અને
કસેડી કટી ઉપર ઢેાલે રેાલે જલ મન ભાવીયને ૧૯૬।
કાછ સ્વચ્છ કરીય આરંદ્ર ફરતી કટી પર ફેરવે
ઉભા રહી ધેાતીનેા પાલવ કર ગ્રહી જલસું ભરે ૧૯૭।
પાલવ કેાર ને કાછ સર્વે પ્રથમ એ આરંદ્ર કરી
પાછે પગે ચેાકીએ બેઠા કસેડી કર માંહાં ધરી ૧૯૮।
અવલે કરે અંબેાડેા છેાડી ઝટકી કેશ સુધારીયા
મસ્તક થરકાવી ને બેઠા જોઇ ભકત ઓવારીયા ૧૯૯।
કેા સમય કેશરે નાહે છે તે ભકતને મનેારથે ભરી
તે લીલા અતી વીસ્તાર છે અહીં સંક્ષેપે સુચન કરી ૧૫૦૦।
વલી જમણા કરમાં જલ લેઇને લલાટસું પરસીયને
તિલક પ્રથમ તણુ મીટાવ્યું રૂપ રહયું વરસીયને ૧૫૦૧।

અવાસજી ગગરે થકી જલ કસેડી માંહાં લેઇને
શ્રીજીના કરની કસેડી માંહાં ભરે છે ચીત દેઇને ।૫૦૨।
કસેડીમાં તાતુ જલ જાણે તે પોતે જેહ સમે
છલકાવી જલ રાખી રહે સેવક સમોએ તેહ સમે ।૩।
વાહાલોજી નાહે મોદસું કરને તે લટકે કરીયને
અવલી સવલી બેહુ ભુજે ઢોલે કસેડી ભરીયને ।૪।
તે લટકની કરની કહું કે ગ્રીવા કેરી લટકની
વલણ અંગ તણું કહું કે નયણ કેરી મટકની ।૫।
વામ કરસું વામ કરણ તે પ્રથમ છીરકયો સોહતો
પછે વામ કરે કસેડી લેઇને દક્ષીણ છીરકયો મોહતો ।૬।
નાસીકા માંહાં અંગુલીદલ મેહેલી એ આરંદ્ર કરીયને
પછે તેહ કર પ્રક્ષાલીયો તેહ સમે ન્યારો ધરીયને ।૭।
ઉભય કરના નખમણી ઉભા તે અનુક્રમસું કરી
તે ઉપર જલ નાખીને આરંદ્ર કરે તે ફરી ફરી ।૮।
વલી વામ કર નાભીને મેંડ કરી રાખ્યો જ્યાંહાં
જમણે કરે ઉંચે થકી જલ ધારા નામે છે ત્યાહાં ।૯।
તે ધાર ઉદર ને નાભી ઉપરથી નામે જેહ
ત્યાંહાં પ્રસરી પ્રબલ પ્રવાહ પ્રસરે ઉછલીત થઇ થઇ તેહ ।૧૦।
કસેડી બે ત્રણ જલ નામી એમ ક્રીડા કરે
એક એહ શોભા અભીનવી તે ભકતને આનંદ ભરે ।૧૧।
પછે કારૂણીક કરૂણા ભર્યા મહા કૃતારથી કૃત્ય જગતના
ઉપકાર રૂપ અનુપ અદભુત અદેય દાન દાયક ભકતના ।૧૨।
એહવા ચરણ જુગ અંગુલીદલ નખમણી જુત ચોકી ધરે
ઉભા કરી તે તેહ ઉપર જલ નમાવે શ્રીકરે ।૧૩।
ચરણામૃતને તેહ ચોકી તલે ચોંહાં પાસ ભરી
લોટી દોના ને કસેડી લઇ લઇયને ત્યાંહાં ધરી ।૧૪।
કેા નીકટ જઇ નીકટવર્તી તેણે નીચો કર કરી
લઘુ લાઘવે સંકુચાઇ લીધું ચરણામૃત અંજુલી ભરી ।૧૫।
તે માંહેંથી ઉપકાર કરી અને પરસપર આપે વલી
રંચ માંહેંથી રંચ વહેંચી લે તે સર્વ મલી મલી ।૧૭।
નાહતા જે જલ ચાલે વહી તેણે પાસ ઉભા જેહ
એ ચરણામૃત લોભીથી લે છે મુદીત થઇ થઇને તેહ ।૧૭
કેા ભકતી પાણે દુર છે કે પરસપર માંગે જેહ
હાથ લાંબા કરી કરીને તેહને આપે તેહ ।૧૮।
કેા કસેડી કલસ દોના ત્યાંહાંથી લેઇ લેઇ ભરે
કેા ઉપરેણાનો ખુંટ આરંદ્ર કરીયને કરમાંહાં ધરે ।૫૧૯।

કે૦ નાહી ઉઠયા પછી લે છે ચરણામૃત ધોતી તણુ
કે૦ તપ્ટી માંહાંથી લેસે રાખ્યું છે જેહ સોહામણુ ।૫૧૭।
કે૦ ચોકી હેઠલ પાત્ર રાખ્યા ત્યાંહાંથી લેસે તેહ
કે૦ રાજભોગ સમે પધારે તેહ સમે લે કરી સ્નેહ ।૧૮।
એ ચરણામૃત છે સ્વરૂપવાચી કૃતારથી કૃત જગતનું
ઉદ્ધાર સ્વરૂપ સમ એ સદા જીવન ભકતનું ।૧૯।
સરવાંગ રસના દાન કેરૂ પાન લેઈ પ્રમુદીત થઇ
કરે પાન ચરણામૃત કે૦ એણીપેરે થઇને તે સ્વરૂપ મઇ ।૨૦।
કે૦એ રસ વાચીક સર્વાંગ રસ લહી પાન કરે પ્રેમે ભર્યા
પ્રેમ રસે પુરીત પ્રણય જુત રસીકે જે રસ માંહાં વર્યા ।૨૧।
કહેને લેતા માત્ર સ્વરૂપ રસ મઇ દાન જીવનનું હોએ
સ્વાદ લેતા રૂપ વાહાલાજીનુ ઉર માંહાં જુએ ।૨૨।
કહેને તે લેતા માત્રે સ્વરૂપનું સુખ સર્વ અંગે સંપજે
કે૦ કૃતારથ અર્થ તે લે માહાતમ જાણી જે ભજે ।૨૩।
ઉદ્ધાર રૂપ સ્વરૂપ કે૦ જાણી એ ચરણામૃતે
કે૦ કૃત્ય કૃતારથતા લઇને લે છે એણી રતે ।૨૪।
કોઈ પતીવૃતાનો ધર્મ લેઇ પ્રભુને તે પ્રભુ જાણીયને
લે ચરણામૃત સાદરપણે મન ભાવ એ આણીયને ।૨૫।
કે૦ ગુરૂ તણી પદવી લહી શીષ્યતા નીજ ઉર માંહાં ધરી
લે ચરણામૃત મોદે ભર્યા તે એણીપેરે ઉલટ ભરી ।૨૬।
કે૦ આચાર્ય પદવી લહી માહાતમે મોટા જાણીને
લે છે તે ચરણામૃત કૃતારથ હેત મન આણીને ।૨૭।
એમ અનેક ભાંતે અનેક રીતે ભાવ મનમાંહાં લહીયને
લે છે તે ચરણામૃત અહીં કરૂં વીસદ કયાંહાં લગી કહી અને ।૨૮।
ભાવ ભેદે લે છે પણ માહાતમ જથારથ લહે નહીં
ફલ ભાવ સમ યોગ્યતા સમ અધીકાર ભેદે હોએ અહીં ।૨૯।
અણાલ પર્યંત એણીપેરે સર્વે તે પોંહોંચે નીત્ય અહીં
ચરણામૃત લીધા વીના જલપાન કોઇ કરે નહીં ।૩૦।
સનમુખે નીચા રહયા અને અટાલી બેઠક તણી
છાત ઉપર ભગવદીની ભીડ થઇ ત્યાંહાં અતી ઘણી ।૩૧।
સામા સામી અટાલી છાત ને નીચેના વલી
નાહને નીરખે છે નાહતા મોહસું મનની રલી ।૩૨।
પાછલ રહયા અકુલાએ જેહ દરશન ન થાએ ભીડ માંહાં
તીબારી માંહાં બાંલીની ખુંભીએ ચઢી નીરખે છે ત્યાંહાં ।૩૩।
નખમણીય પાદાંબુજ તણા જલ રેડી આરંદ્ર કરી અને
વલતાં ચરણ સંકોડી આસનં વાલી બેઠા ફરી અને ।૫૩૪।

જલ લેઇ જમણા તે કર માંહાં લેલાટે આણી ધર્યું
પ્રથમનું જે તીલક હતું તે તેહ સમે ક્ષાલણ કર્યું ।૫૩૫।
કસેડી શીષ પર ઢોલે વહે જલ ચોંહોં પાસથી
તે શોભાને સૌભાગીઆ નીરખે તે પરમ ઉલાસથી ।૩૬।
જલને સબંધે કેશ લપટયા શીષ પીઠ પ્રનાલીએ
લલાટે લપટી રહયા કુચ અને વહી કર્યું વચાલીએ ।૩૭।
ધારા જે શ્રીમુખ પર વહે જલ તે ભ્રકુટી પર થઇ
લવણે કરણે અને પૃષ્ટ ભાગે વહે છે થઇ જલ મઇ ।૩૮।
ભ્રકુટી મધ્યે પ્રનાલીકા નાસીકા ડાંડીએ લસી અને
વરૂણીએ ઠણીકા તે વરસે નીચે આવે ધસી અને ।૩૯।
મુખ પર થઇ અધર ણીડયા તે ઉપર પરસી અને
ગલ મંડલે થઇ થઇને દાઢીએ અતી વરસી અને ।૪૦।
દાઢીએ થઇ જલ ધારા વહે ગ્રીવાએ કરી ફરી ફરી
રૂદય ઉપર વહી ચાલે માલા માંહાં ઘેરા કરી ।૪૧।
ઉચ સ્થલ ઉપર અને ભુજદંડ કોણીએ વહે
પછવાડા ઉદર ને નાભી કટી ધોતીની મેંડે રહે ।૪૨।
જંઘા જાનુ ને પદ કમલ નખમણી રેખા જલ ભરી
ચોકી નીચે થઇ વહયું તેણે જગત સહુ કૃત્ય કૃત્ય કરી ।૩૪।
એમ નાહ નાહતા તણી એ જલ કેલીની શોભા ઘણી
અનુભવી ભાગ્યવાન તે નીરખે છે પરમ સોહામણી ।૪૪।
શીષ ઉપર ઢોલે કસેડી ફરી ધરે જલ કાજને
શીષ થરકાવે તે સમય જોઇએ મહારાજને ।૪૫।
વહી કેશ કોઇ લેલાટ ઉપર ખસી આવે જલ ભરી
તે વામ કરમું કેશ માંહાં એકત્ર કરે અંગુલીએ કરી ।૪૬।
છેલ્લી કસેડી પુર્ણ જલમું ભરાવી પોતે જેહ
સર્વાંગ એકત્ર કરી અને શ્રીજી મસ્તકે ઢોલે તેહ ।૪૭।
એકે સમે સર્વાંગ આરદ્ર થયું તેણે કરીને
લટકે કસેડી ભોમી મહેલી ભોમી પર રહી ફરીને ।૪૮।
પછે બેહુ કરની અંગુલીએ કેશ સુભગ સુંવારીયા
લલાટ લવણે લટકા આવ્યા તે પ્રથમ નીરવારીયા ।૪૯।
ખવાસે ચોકી ઉપર થેલી અપરસની ધરી
તે ચોકી કરમું ખેસવીને શ્રીજીની આગલ કરી ।૫૦।
શ્રીજીએ થેલી ગ્રહી અંગવસ્ત્ર લીધું કરમાંહાં
દોહોરૂં કરી અને શ્રીમુખ આગલ બેહુ કરે રાખ્યું ત્યાંહાં ।૫૧।
એક ક્ષણ રાખી અને મુખ નેત્ર ઉપર તે ધરે
નેત્રા અંગુલીએ કરી મીડે પછે મુખ પુંછન કરે ।૫૫૨।

લેલાટ લવણા કર્ણ જુગ ને કપોલ ગલસ્થલ વલી
નાસીકા ડાંડી ઓષ્ટ અધર ને મુછ પુંછે મન રલી ।૫૫૩।
વલતું તે અધ એવડું કરી અને શીષ ઉપર તે ધર્યું
મધ્ય કેશ ભરી અને તે બેહુ કરે એકત્ર કર્યું ।૫૪।
વસ્ત્ર દેઇને એક પાલવે પછે કંઠ પુંછે તેહ સમે
પછે પેચ દઇ પાલવ તે બોરસ્યો જેણી પેરે મનને ગમે ।૫૫।
વલી થેલીથી અંગવસ્ત્ર બીજું લીધું તે શ્રી કરમાંહાં
કરમાંહાં લઇ ચોકીથી ઉભા રહયા છે પોતે ત્યાંહાં ।૫૬।
અંગવસ્ત્ર તે વળ ભાંજીને મોકળું કરી એવડું કર્યું
બેહુ કરમાંહાં ગ્રહીયને હૃદય ઉપર લેઇ ધર્યું ।૫૭।
હૃદયસું દાણી પુંછી બેહુ ભુજ પુંછન કરે
ઉદર નાભી ફેરવી અને પીઠ પર ઉલટું ધરે ।૫૮।
ઉલટે કરે નીહોરાઇ લહેકા સહીત પુંછે ફરી ફરી
ત્યાંથી અંગવસ્ત્ર લેઇને ઉભા તે બેહુ કરમાંહાં ધરી ।૫૯।
ઉપવીત અંગવસ્ત્ર માંહાં લઇયને લુહે છે લહેકે અંગને
માલા માંહાંનું વસ્ત્ર દાણી કોરૂં કરે તે સંગને ।૬૦।
પછે એકવડું અંગવસ્ત્ર કરી અને પહેરીયું પ્રમુદીત થઇ
ધોતી નાહયા તણી મેહેલી હતી જે આરંદ્ર મઇ ।૬૧।
કટી નિતંબે ફેરવી કર જંધાએ વલી ફેરવે
વાધતે પાલવે જાનુ પુંછે અનુભવી સુખ અનુભવે ।૬૨।
નિહોરાઇ નીચા થઇને જુગ પદ કમલ પુંછે વલી
એડી ઘુંટી ફણા નખમણી અંગુલીદલ તે મલી મલી ।૬૩।
અંગુલીદલે અંગવસ્ત્ર લેઇ નાશીકા પુંછે નીહોરાઇ અને
એમ કાજ અંગવસ્ત્રનુ કરી ઉભા તે આનંદ ભરી અને ।૬૪।
તેહ સમે કો ભાગ્યવાન તે ધોતી ઉપરેણો લઇ
સુવાસીત સોંઘે ભર્યા નૌનન નિરૂપમ સુખ મઇ ।૬૫।
કરમાંહે લેઇ ઉભા રહયા છે મનોરથ મનમાંહાં ધરી
ખવાસજીએ લેઇને ત્યાંહાં પ્રભુને વીનતી કરી ।૬૬।
મહારાજ મનોરથ એહનો ધોતી પહેરાવ્યા તણો
તે સાંભળીને પ્રસન્ન થયા સદભાવ જાણી એહો તણો ।૬૭।
માંગી લીધા મુદીત થઇ તે ખવાસે તીલકની સીપથી
કેશર તણી એક છીંટ છીરકી મરીયાદાને સમીપથી ।૬૮।
વલતા તે શ્રીકર માંહે આપ્યા હૃદયસું તે પરસ કર્યા
હૃદય પરસાવી અને પછે પ્રેમસું અંગી કર્યા ।૬૯।
પ્રાત જેમ પેહેરી ધોતી તેમજ પહેરી રીતસું
ઉપરેણો તે હમલે ઓઢયો કરી અતીસે પ્રીતસું ।૫૭૦।

એ ધોતી ઉપરેણાને ઉપમાં કોણ ભાંતી દીજેએ
એહના ભાગ્ય સરાહીને કેહેની સમતા કીજીયે ।૫૭૧।
જેહને નીરંતર અંતર રહીતે વાહાલોજી પેહેરે નેમસું
જે સુખાવહ સર્વ રીતે અંગીકર્યા છે પ્રેમસું ।૭૨।
ધન્ય તે દેશ જે દેશે વસ્ત્ર એહ પ્રગટ હવા
તે વણાવટને શું કહું જેણે સીધ કીધા અભીનવા ।૭૩।
ખાસા જે નામ ધર્યું તે આહાં ઉપયોગ આવે તેહથી
તેહની બુધીને કચાંહાં લગી સરાહું નામ ધરીયું નેહથી ।૭૪।
મીહીન મૃદુલ પરમ ઘણુ વરદાર ગઝ પરગી રહેના
અઢોઆ તેહનું નામ ઉતમ અને ઉતમ તરેહના ।૭૫।
ધન્ય મન જેણે મનોરથ કરી એહ લીધા મન ધરી
ઉપયોગને ધોતી ને ઉપરેણા કર્યા ઉલટ ભરી ।૭૬।
તે ધન્ય જેહના પેહેરીયાં પ્રભુજીએ અતી પ્રમુદીત થઇ
પહેરાવનહાર આરંદ્ર થઇ અને તેહ સમય થયા સ્વરૂપ મઇ ।૭૭।
એહવી ધોતી ઉપર ધન ભવન દેહ ને પ્રાણ ઓવારીએ
એહનો ગુણ અને ઉપકાર મહીમાં કયાં લગી વીસ્તારીયે ।૭૮।
સહુ રીતે સુભ ઉજ્જવલ એ અનુપમ અને જે બહુ મોલના
રૂચી સહીત અંગીકર્યા નહીં કેા એહોની તોલના ।૭૯।
જે નીત્ય પ્રભુએ નીત્યત્વે કરી નીત્ય જે અંગી કર્યા
નીત્ય નૌતન પેરના નીત્ય નવ મનોરથ ભર્યા ।૮૦।
સ્રંગારનેા સ્રંગાર એ ભુષણનું ભુષણ સેાહતું
ધોતી ઉપરેણાનું રૂપ તે જગતના મન મેાહતું ।૮૧।
એહ સમય જેહ ભાગ્યવાનના પહેરીયા ઉલટ ભરી
ભકત ત્યાંહાં પ્રમુદીત થઇ ઉભા રહ્યા દંડવત કરી ।૮૨।
પછે બેહુ કર ઉંચા કરી શીષનું અંગવસ્ત્ર છેાડીયું
કેશ જટકીને અંબેાડેા વાલતા અંગ મેાડીયું ।૮૩।
વાલી અંબેાડેા લટકતા પીઢા નિકટ આવી અને
બેઠા તે પીઠે અનુસરી પુરવ શ્રીમુખ ભાવી અને ।૮૪।
જેહોની દીશ એ કરીયને બેઠા છે પ્રભુ શેાભા મઇ
તેહોનેા આનંદ સુખ સંપતી સહુ સનમુખ થઇ ।૮૫।
કહે સકલ નીધી પામ્યા અમેા રીધી માંહાં કાંઇ રહયું નહીં
અવશીષ્ટ એકેા ભાંતનું તે રહયું નહીં અમને અહીં ।૮૬।
ઉમંગ્યા થકા શ્રીમુખ જુવે ફુલ્યા તે પ્રફુલીત થઈ અને
જેમ સુર્યને ઉદય કમલ ફુલે સકલ કલાને લઇને ।૮૭।
એણી ભાંતે આનંદયા થકા શ્રીમુખ જુએ હરખે ભર્યા
જગત માંહાંના સાર સુખ એ જોઇને તુચ્છ કર્યા ।૫૮૮।

વામ દીશ ગડુએા ધર્યો ત્યાંહાંથી કર પ્રક્ષાલન કરે
આચમન લેઇ કર કરણે પરસી બેઠા પીઢા ઉપરે ।૫૮૯।
સીપ ચંદન તણી લીધી વામ કરમાં ધરીને
દક્ષિણ કરે તે જોયું ત્રજની અંગુલીએ કરીયને ।૯૦।
કાંઇ રૂક્ષ હોયે આર્દ્ર કરવા જલ લે જમણા કરમાંહાં
ણુંદ અંગુલીએ કરી ચુવાવે તીલકના ચંદન માંહાં ।૯૧।
વલી અંગુલીયેા ઉભી કરીને સીપ કેરી કોરસું
હથેલી લુહે તે નીરખે ભગવદીય અહું ઓરસું ।૯૨।
એમ તિલક સરસુ કરી અને ત્રજની અંગુલીયે લઇને
જમણેા તે કર ઉંચેા કરીને શીષ ઉપર દેઇને ।૯૩।
તીલક ત્રજનીએ કર્યું તે કર તણે લટકે કરી
પછે સનમુખે કર લાવીને સુધારે તે ચીત ધરી ।૯૪।
નાશીકા મુલ થકી ભ્રકુટી મધ્ય થઇય ઉરધ ધર્યું
લેલાટે તે લસીય શીષે પરસીયું ઉલટ ભર્યું ।૯૫।
ઉભય રેખા પીત પ્રમુદીત થઇને લસી રહી
લસી રહી લેલાટ પર ભકતને તે ઉર વસી રહી ।૯૬।
સહેજ રેખા ઉભય રંગની તીલકવત જે મુલની
તે કયાંહું કયાંહું તીલકે દર્શી કયાંહું દરશન દે અનુકુલની ।૯૭।
મધ્યે શ્યામ રેખા સોહીયે શ્રીંગાર રસનું ધામ જે
તે એક અંગુલ અતી સુભગ વંક છે કાંઇ દીશ વામ તે ।૯૮।
વલી તીલક મધ્યે ઉચ સ્થલ તૃપતૃપ છે તેજમઇ
સૌભાગ્યનેા એ ઉદય કે સોહાગને બેઠેા લઇ ।૯૮।
કુંતલના કાંઇ એક કેશ ચંદનસું તે લપટાયા અહીં
એમ અવિચલ કરી નીત્યે ધરે ઉપમાં કહું શું શું કહી ।૯૦૦।
વલી લેઇને તે હૃદય રચ્યું ફીરતું તે કમલાકારનું
ઉભય ભુજે અભીનવ સુધાર્યું વંશ પત્રાકારનું ।૧।
નાભી કંઠે કર્યું મુલે તાલુએ તે તીલક ધરે
ચપલાઇસું લે પૃષ્ટ ભાગે દ્વાદસ એણી પેરે કરે ।૨।
વામ કરથી સીપ ગડુઆ નીકટ રાખી ધરી અને
ઉભય કર પ્રક્ષાલીયા ગડુએથી જલ કરી અને ।૩।
ખવાસે એણે સમે અંગુઠી આપી છે ત્યાંહાં
શ્રીજીએ કર માંહાં લેઇયને ધરીય અંગુલીદલ માંહાં ।૪।
સંધ્યા તણેા આરંભ કરવાને તે અહીંએ મન ધર્યું
વામ કરે ગડુએા ગ્રહી જમણે કરે આચમન કર્યું ।૫।
અંગુલી માંહાં જલધાર લેઇને ઉછાલે અલવે કરી
અધરથી અધરે કરી લે આચમન એમ ફરી ફરી ।૯૦૬।

તેહ સમે લાવણ્ય ભાવ ને ચપલતા શ્રીકર તણી
ગ્રીવાની લટકની સોહે અધર પાંતી સોહામણી ૧૬૦૭।
નયણ વીકસી વીકસી આવે કુંતલ ફરકે તેહ સમે
અંબોડો ઢલકતો સોહે નીહારતા નીહારી નમે ૧૮।
શ્રીમુખ નીહારી ઝુકી ઝુકી આવે ભાવે તે ભાવેણ ભલાં
કરણના ચાંપુઆ લલકે નીરખતાં પોંચે રલી ૧૯।
માલા લટકી આવે ને પાછી ફરી પરસે હૃદયસું
ઉરોજ લલકે સોહતા સુંદરી નીરખે મોહસું ૧૧૦।
ઉદર નાભી નીતંબ કટી પછવાડા ને પૃષ્ટ ભાગ જે
જંઘા જાનુ ને પદ કમલ નખમણી જુત હાલ તે ૧૧૧।
આચમન લેતા મુંહ જલનું ઠોડીએ અટકી રહે
તે વ્રજની અંગુલીએ કરી નીવારે એ સહુ જાણતી હશે ૧૧૨।
એમ આચમન કરી કરણે કર પરસી જલ લે હરસાંહાં
જમણે કરે કરી જલ ઉછલે લટકો તે કહીએ કયાંહાં ૧૧૩।
વલી આચમન કરી પદ કમલ ઘુંટણ નાભી હૃદય મુખ
મસ્તકે એમ દ્વાદશ અંગ પરસતા જોઇ હોએ સુખ ૧૧૪।
ગડુઆ તણા ઢાંકણ ઉપર જલ ધરી જમણે કરે
ઉછલે લટકા સહીત તે નીરખતાં મનડાં હરે ૧૧૫।
થાપડી બેહુ કરની દેઇને જમણો કર ઉંચો કરી
મસ્તક પાછલ ફેરવી અને નાશીકા સુણસું ધરી ૧૧૬।
નાશીકા ગ્રહીયને નયણા મુંદી સ્મરણ કાંઇ મનમાંહાં કરે
તે અધરની ફરકની જોઇને અંતર માંહાં ઉલટ ભરે ૧૧૭।
પછે પ્રસારી બેહુ કર કમલ સનમુણ કરી રાણ્યા હૃદય
કર તલ અંગુલી રેખા રૂચીર શોભાએ શુભ કીધો ઉદય ૧૧૮।
વલી બેહુ કર બેહુ ભુજાએ એક ક્ષણ તે પરસ કર્યા
પછે પીઢેથી ઉઠીને વાહાલો પીઢાની આગલે ફર્યા ૧૧૯।
અહીં એક પ્રસંગ લખું છું તે સાંભલો ચીત ધરી અને
મહા ભાગ્યવાનની કૃત્ય કહું એહોના પદે અનુસરી અને ૧૨૦।
ગોકુલમાંઇ અતી ગુણ ભર્યા નીર્દોષ નીષ્કલંકી સદા
સ્વરૂપાનંદે રસે રસીક રસપાત્ર પ્રભુ પ્રમુદીત મુદા ૧૨૧।
નીરપેક્ષ નીરહેતુક અને નીરૂપાધી ભજન છે જેહનું
નીસાધન નીર્લોભ પરાયણ સ્વરૂપ દીહુ એહનું ૧૨૨।
જેહના દેહ કૃત્ય ને ધર્મ આચરણ સ્વરૂપાત્મિક સ્વરૂપ મઇ
વાસના મનોરથ ભાવ જેહના રહયા છે તદમઇ થઇ ૧૨૩।
સ્વરૂપના સુણે સુખી અને સ્વરૂપને હીતે હીત લહે
પ્રસન્નતાએ પ્રસન્ન અતીસે દુઃખ જોઇ અંતર દહે ૧૬૨૪।

જેહને લેસ સ્વારથનો નહીં પરમારથ નવ પરસે જ્યાંહાં
પરમારથ સ્વારથ અર્થ સાધક ફલ પ્રભુના મુખમાંહાં ।૬૨૫।
વીસમારક રસ પ્રગટી કરણ અને સેવા રસ સંજોગીયા
આચરણ જેહના જગત શીક્ષક ભાવાત્મક રસ ભોગીયા ।૨૬।
એહવા અનેક ગુણ સુક્ષ્મ સ્થલે કયાંહાં લગી લખું વીસદ કરી
એક કારણને હીત અહીં લખું છું મનમાં ધરી ।૨૭।
જે બાહેર બીજી વાર પ્રભુ પધારીને સંધ્યા કરે
સંધ્યા માંહાં ઉભા થઇ અને પીઢાની આગલ ફરે ।૨૮।
તે શ્રમ જોઇ એ ભાગ્યવાનને કરુણ ઉરમાંહાં રહે
ઉદ્વર્ત અંતરમાંહાં ઘણુ પણ એહ દુઃખ કેહેને કહે ।૨૯।
વીચારે મન માંહાં જે કો સમય આવે એહવો
એહની પ્રાર્થના પ્રભુને કરી માંગી લહું હું તેહવો ।૩૦।
તેહવે એહની આરત મનોરથે સમય શુભ સાંપ્રત્ય હવો
તેહનો છે બહુ વીરતાર પણ હું કહું છું કરી એક લવો ।૩૧।
જે વૈશ્રનવાગ્રણી અને અતી ગુંજ પાત્ર પ્રભુ તણુ
નાથભાઇના પુત્ર જે હરીદાસ નામ સોહામણુ ।૩૨।
જેહનો દ્રવ્ય ઉદ્યમ ભાવ જે વીનીયોગ અંગીકારથી
સ્વરૂપ હીતે ભગવદી હીતે જે આપ પરમ પરમારથી ।૩૩।
ગુજરાતીને નાતે કરીને શીક્ષા દેવાનું લહે
સમુદાઇ માંહાં એક એહોને તેડીને પ્રભુજી કહે ।૩૪।
પ્રભુને રસ તણી વીનંતી કરે તે એકાંતે જઇ
રસ તણો તે દુરાવ એહોથી કરે નહીં માની લેઇ ।૩૫।
જેણે થાલ સોવર્ણનીએ ભોજન કરાવ્યું મહાપ્રભુને
એહવા મનોરથ સહુ મલી કર્યા બહુ ભાંતના આણી મને ।૩૬।
મહીમાંએ મહીમાવંત ને પ્રભુ ઠાન રાખે અતી ઘણી
સ્વકીય માંહાંથી એક એહસુ અપનાયત કરે ગોકુલ ઘણી ।૩૭।
એહને પ્રાણ પ્રભુએ પુત્રનુ સાંપ્રત્ય દાન કર્યું જોઇ
વાત એહની વીદ છે અનુભવી જાણે સહુ કોઇ ।૩૮।
ભોજન કરીને ભોમીની સેજયાએ પ્રભુ બેઠા અહીં
ત્યાંહાં ભગવદી સ્ત્રી પુરૂષની કાંઇ ભીડની પરમીત નહીં ।૩૯।
તેહ સમે પરમ પ્રસન્ન પ્રભુ થઇ રહયા છે આનંદ મઇ
ઇતર અનુસંધાન નહીં બીજી સુરતી ભુલી ગઇ ।૪૦।
હરીભાઇને દાન દીધું દાન રસમાંહાં પાગીયા
ગોકુલભાઇએ ત્યાંહાં તે દીહું ઉમંગસુ અનુરાગીયા ।૪૧।
એ સમય લેઇને પ્રારથીયા ઉદાર રાય શીરોમણી
મહારાજ એક માંગુ છું તે આપીએ ગોકુલ ધણી ।૬૪૨।

આનંદ રસમાંહાં આવર્યા પ્રભુ ઉચર્યા તેણે સમે
શ્રીમુખે કહયું માંગત કહા હે માંગ જે તોકું ગમે ।૧૪૩।
ત્યારે પ્રબલ બુધ્ધીના ધણી ઘણી વીભુતી તુચ્છ કરીયને
એક પ્રાણ પ્રભુનુ હીત વીચારી હેત મન ધરીયને ।૧૪૪।
કહયું રાજ સંધ્યાવંદન કરતાં ઉભા થઇ જે ફેરા ફરો
તે આજથી ફરવા નહીં એ દાન તે મુજને કરો ।૧૪૫।
ત્યારે પ્રાણ પ્રભુ હારંદ્ર એહેાનું હીત બયું જાણીયને
કહયું જા દીયેા એ વચન બોલ્યા કરૂણા મન આણીયને ।૧૪૬।
એહવા ભગવદી ભુતેા ન ભાવી વર્તમાને એહવા
જેહવું એ પ્રાગટય પરમેાતત્કર્ષ તેહ છે પણ તેહવા ।૧૪૭।
જેણે જગત તુચ્છ કરી જાણીયું લૌકીક અલૌકીક નવ ગણ્યું
વૈભવ ને સુખ પેાતા તણુ તે ધર્યું નહીં મનમાં અણુ ।૧૪૮।
શ્રી ગેાકુલેશ મહા વીભેા તે પ્રસન્ન થઇ કહયું માંગ તું
અને માંગ્યુ ત્યારે પ્રભુનુ સુખ અંતરમાં સુખ લાગતું ।૧૪૯।
એહને ઉપમા દેવા કેા નહીં એ જેહવા
એ સરખા એહજ અને વલી એહજ છે તે એહવા ।૧૫૦।
બીજે દીવસે બીજી વાર નાહી હેામઘર પ્રભુ સંધ્યા કરે
સંધ્યા તણા ત્યાં અનુકરણ સર્વ તે સમે પણ આચરે ।૧૫૧।
ઉભા થઇ ને પીઢા આગલ ફર્યાનેા આવ્યેા સમે
પ્રભુ ઉઠવા તત્પર થયાં તે ભાગ્યવાનને કેમ ગમે ।૧૫૨।
ત્યાંહાં વિઠલદાસ સૌભાગીયા માહા ભાગીયા ભાવે ભર્યા
જેણે પ્રતિક્ષણું એ પ્રભુસું વાત્સલ્યના મનેારથ કર્યા ।૧૫૩।
જેને લૌકિક અલૌકિક અને સ્વારથ પરમારથ પરસે નહીં
ફલ અપેક્ષા સ્વપને ન ઇચ્છે સ્વરૂપલગી અભિલાષ નહીં ।૧૫૪।
જેહના દેહ ઇંદ્રિય પ્રાણ જુત વાત્સલ્યમાં પાગ્યાં રહે
બીજુ સહુ તુચ્છ કરી જાણે પ્રભુ સુખે કરી સુખ લહે ।૧૫૫।
પ્રભુના જે સુખના હેત પ્રાણ સમેત ન્યેાછાવરી કરે
એતદધર્મનાં ધણીની સાથે સનમુખ થઇ અનુસરે ।૧૫૬।
પ્રભુનાં જે સુખ વાત્સલ્યતાની દીનતા અહનીંશ દેખીયે
એ રસમાં સાણ્યું રહે મન કયાંહાં લગી વિશેખીયે ।૧૫૭।
જેણે મેાટમ ને મહાત્મય પ્રભુનું જાણ્યું નહીં તે મનમાંહાં
પ્રભુનેજ હેતે ઉપકાર કીધેા કહી કહી કહીયે કયાંહાં ।૧૫૮।
જેણે સેવા માંહે શરીરનું સુખ દુઃખ એકેા નવ ગણ્યું
સર્વે કર્યું અણ કર્યું માન્યું મનેારથ સમ નવ ણણ્યું ।૧૫૯।
તેહેાના ભાવની પરમીત નહીં મીત નહીં એહેાના ગુણ તણી
એ ગુઢ રસના પાત્રતાની વાત એહેાની છે અતી ઘણી ।૧૬૦।
એવા વિઠલદાસ તે એ સમે ઉભા છે પાછલ પ્રભુને
પ્રભુ ઉઠવા તત્પર થયાં ત્યારે બેાલીયાં આણી મને ।૧૬૧।

કહ્યું રાજ રાજ એતેા દાન રાજે કર્યું ગેાકુલભાઇને
તે સાંભલી પ્રભુ સત્ય સંકલ્પ રહ્યાં મન સંકુચાઇ ને ૧૬૨।
તે દીવસથી પ્રભુ સત્ય સંકલ્પ પ્રભુ દાન તે મનમાં ધરે
ફીરે નહીં ઉભા થઇ બેઠા સુખદ સંધ્યા કરે ૧૬૩।
હવે કહું પુર્વ પ્રસંગ જે બેઠા પ્રભુ પીઢા પરે
સંધ્યા વંદન કરતાં માંહાં બેહુ કર તણુ સંપુટ કરે ૧૬૪।
પછે તેહ સંપુટ છેાડી સવ્ય અપસવ્ય કરવું જે સમે
તેહ મધ્યે મધ્યે કરે કરે ઉપયેાગ જાણ્યા તે સમે ૧૬૫।
વામ પાણુ તે વામ સ્કંધે ટેકી કેાણી ઘુંટણે
જમણેા હૃદય રાખી ઢાંકયેા ઉપરેણે। સેાહામણે। ૧૬૬।
નયણ સુંદીને શ્રીમુખથી સ્મરણ તેહ સમે કરે
અધર પલવ ફરકતા જોઇ સ્વકીયને ઉલટ ભરે ૧૬૭।
તેહ સમયનું સ્વરૂપ શેાભા કયાંહાં લગી કહીએ તેહ
મારા વયણનુ તે નયણ મન સાક્ષી છે અનુભવીનું એહ ૧૬૮।
અંગુલી જે નામ અનામીકા તે ભેામીસું પરસી અને
પછી લેાઇ સુધી કરી અને તે લલાટે પરસી અને ૧૬૯।
ઉભય કર ઉલટા કરી અને ગલમંડલે પરસીયા
પછે કર કરણે પરસી મનમાંહે અતીસે હરખીયાં ૧૭૦।
તર્પણ તણેા ત્યાંહાં સાજ રાખીયેા છે સીધ કરી
પરદની આરંદ્ર નાહયાની તે જમણી દીસે ધરી ૧૭૧।
તરભાણુ ત્રાંબાનું તરપણને તે આણી સીધ કર્યું
આગલ પ્રભુને ધરી અને શીતલ જલ તેહમાં ધર્યું ૧૭૨।
હવે સંધ્યાથી પેાહેાંચી અને અહીં પ્રાણ પ્રભુ તર્પણ કરે
તે પ્રકાર કહું વીસદ જે એણીપેરે એમ આચરે ૧૭૩।
જમણી દીશ ઉપવીત રહયું છે જંઘ પર સવ્ય કરી
લેઈ લેઈને જલ ફરી મહેલે પેાસ માંહે ભરી ભરી ૧૭૪।
તે સમે કેશ ને નયણ શ્રીમુખ ગ્રીવાની ડેલની
અધરની ફરકની સેાહે રસીક ભાવ અમેાલની ૧૭૫।
ઉરેાજ થરકે ઉર સહીત માલા તણી જે લટકની
કર કમલ કમનીય લટકે ઉદર નાભીની મટકની ૧૭૬।
પૃષ્ટ ભાગ ને કટી પ્રદેશ સુદેશ અનુકર્યું એહનું
તે જોઇ જોઇ જુવતીય હરખે રૂપ પ્રગટે નેહનું ૧૭૭।
જંઘા જાનુ ને પદ કમલ ડેાલતા ડેાલે સંગથી
એમ શીખ થકી પરજંત નખ શેાભા તે પ્રગટે અંગથી ૧૭૮।
એમ દેવ ઋષી ને પીતૃની પશલીય ભરી ભરીને ધરી
અનુક્રમે એમ એકસેા બત્રીસ તે પુરી કરી ૧૭૯।
પછે છેલ્લી પસલી જમણી દીશે ભેામી પર નાખી તે ત્યાંહાં
પરદની નાહયા તણી આરંદ્ર ધરી રાખી છે જ્યાંહાં ૧૮૦।

જમણો કર ઉલટો કરીને પાલવ જે પરહની તણો
અંગુઠા ત્રજની મધ્યે નીચોયો તે સોહામણો ૧૬૮૧
એમ કાજ તરપણનું કરી અને ઉભય કર લાંબા ધર્યા
બવાસે ઉપર થકી જલ નાખીયુ ક્ષાલણ કર્યા ૧૮૨
પછે ઉપરેણાના પાલવે પુંછન કરી કરને વલી
શોભા તે એહ સમે તણી ભકત નીરખે મન રલી ૧૮૩
હવે ઉઠવાનો સમય થયો સાવધાન થયા સહુ
આગલ પાછલ ચલવીચલ આંદુલમાન હવા બહુ ૧૮૪
નીકટવર્તી તેહ સમે સહુ કેહને કહે એણીપેરે
વૈશ્નવો પેંડો કરી રહો કરી રહો ઉલટ ભરે ૧૮૫
વલી સાજ લેઇ આગલ થકી ચાલે કો તે વેગા થઇ
કો ગાદી ને તકીયો તે અપરસ બીછાવે જલઘરે જઈ ૧૮૬
જલ પાનનો ગડુઓ ને બીજો ગડુઓ શીતલ જલ તણો
તષ્ટી આણી ત્યાંહાં રાખી સાજ વલી ઔષધ તણો ૧૮૭
ભગવદી જે બ્રાહ્મણ હોયે તેહને કર મુઠો રહે
કો આગલથી આવીને આપાપણા તે સ્થલ ગ્રહે ૧૮૮
ભીતર તીબારી નાથજીની ત્યાંહાં બેઠા કાજને
ગાદી તે સાદી તે અપરસ બીછાવી મહારાજને ૧૮૯
પ્રથમ અહીં પધારીને બેસસે વાહાલો પ્રેમસું
કેશ નીવારણ તે કરસે નીત્ય કેરા નેમસું ૧૯૦
એમ મનોરથે સાંપ્રત્ય કર્યું સહુ અને મન મનોરથ ધરે
કહે વેગ વાહાલોજી પધારી મનોરથ પુરણ કરે ૧૯૧
અહીં વહાલોજી તર્પણ કરીય સીધ થયા પધારવા
તે સમયના સુચન હીતે મન ધરૂં વીસ્તારવા ૧૯૨
ગડુઆ તણા ઢાંપણ ઉપર વામ કરે ટેકો દેઇ
દક્ષણ કર ઘુંટણે જમણે પરસી ઉઠયા રસ મઇ ૧૯૩
તેહ સમે જૈજૈકારના ઉચ્ચાર મધુરા ઉચર્યા
આશીષ વાત્સલ્ય સ્નેહે સણીય રસ સહીત ઉલટ ભર્યા ૧૯૪
કો દુખડા લેઇ લેઇને દીસે તે કર ચટકાવતાં
સાત્વીક ભાવે બાહયાભ્યંતર વચન કહે છે ભાવતાં ૧૯૫
જેમ જેમ વાહાલોજી ડગલા ભરે છે લટકતાં
તેમ તેમ નયણા સર્વના તે સંગ ચાલે અટકતાં ૧૯૬
સર્વની દ્રષ્ટી એણે સમે એકત્ર થઇ પ્રભુ પર રહે
વલી ફરીય પધાર્યા લગીનો વીપ્રયોગ તે નવ સહે ૧૯૭
તે આરત્યા નયણા નયણ ભરી ભરીય રૂપ જુએ વલી
નયણા મન માંહે મલી કે મન તે નયણ માંહે મલી ૧૯૮
વ્યાવર્ત ઇન્દ્રીય સર્વની તે નયણ ઇન્દ્રીય માંહાં વસે
તે નયણ રહે છે સ્વરૂપ માંહાં અને સ્વરૂપ નયણ માંહાં લસે ૧૯૯

તે સર્વ ઇન્દ્રીય આસ્વાદ રસનો એક નયણ થકી લહે
જથા જોગ્યે તૃપ્તી થઈ થઈ અને વલી ફરી ફરી ચહે ।૭૦૦।
એણી પેરે નીરખે નાહોને બહુ ભાંત્ય ને ભાવે કરી
એહોનાં મનની વૃત કાંઇ કહેવાયે નહીં વીસદ કરી ।૧।
સમજીને પ્રાણાધાર તે સતકાર નયણ માંહાં કરે
માની લઇ મનુહારસું હીત ભરી અને આરત હરે ।૨।
એમ પધારે પ્રાણેસ પરમ વરેસ શોભાએ ભર્યા
માહા ભાગ્યવાનની ભીડ માંહાં સહુ સ્વકીય જુથે પરવર્યા ।૩।
કેા ભીડને સંકોચે તે સીંહદ્વાર માંહાં અટકી રહયા
કેાઇ બેઠક માંહેં ભર્યા રહયા જઇ શકયા નહીં જે ઉમહયા ।૪।
છત મુંડેરીના ને અટાલીના તે અટાલીએ
સેહેજે રેાકાયા રહયા કેમ પેાંચે એવા ચાલીએ ।૫।
જલધરાના સહુ ધસી આવ્યા પ્રસાદી ભંડાર જ્યાંહાં
એણી ગલીયે એાલંઘતા દરશન કરીયને કીધું ત્યાંહાં ।૬।
એણે વામ અંગ નીહાલીઉ વામાએ વીવસ થઇ અને
તે અંગ ઉર માંહાં લેઇ થઇ રહયા તે સ્વરૂપ મઇ અને ।૭।
લડાવની મુંડેરીના સહુ ફરીય બેઠા તે દીશે
એણે ફરી નાહેા નીહાલીયા પધારતા અહીં રસ વસે ।૮।
પૃષ્ટ ભાગનુ દરશન એણે કર્યું પરમ કૃપાલનુ
ઉંચા થકી અલીલેાકતા સુખ અનુભવ્યું રસાલનું ।૯।
કેા આગલ ચાલ્યા જાય છે ને ફરી ફરી શ્રીમુખ જુવે
જગમેાહનમાં બાંઇ દીશે સંગ ચાલતા નીરખે કેાએ ।૧૦।
ખવાસજી જલની કસેડી લેઇને આગલ થયા
ભંડાર આગલ ગલીય ભીતર જઇને ઉભા રહયા ।૧૧।
પાછલથી ચાલ્યા જે આવે અટકતા તે પરસપરે
પ્રાણ પ્રભુ અપરસે પધારે ત્યાંહાં છેાહયાને ડરે ।૧૨।
ગલી માંહાં ગુણ નીધી મનેાહર પધાર્યા પ્રમુદીત થઇ
ખવાસે જલ નામીયું પદ ક્ષાલીયા આનંદ મઇ ।૧૩।
જલધરે જે આવી રહયા તે સનમુખે ત્યાં રહીયને
રૂપ વાહાલાનું નીરખે આનંદ માંહાં ઉમહી અને ।૧૪।
જલધરા ભીતર પધાર્યા સહુ રહયા પેંડેા કરીયને
તીબારીના બારીએ આવ્યા તે ઉલટ ભરીયને ।૧૫।
તેહ પેંડેા કરી રહયા ભીતર પધાર્યા ભાવસું
ક્ષણ એક ત્યાંહાં ઉભા રહયા કેા કાજ માંહેં ચાવસું ।૧૬।
તીબારીને દ્વાર ત્રીજે ખાંભીસું અટકી અને
ગાદી ઉપર ત્યાંહાં બેઠા ભાવ જુત લટકી અને ।૧૭।
અહીં બેઠાનું ચરીત્ર જે વાહાજીનું સેાહતું
આગલને માંગલ્યે કહીસ સ્વકીયના મન મેાહતું ।૭૧૮।

માંગલ્ય ૬ છઠું સંપુરણમ્

માંગલ્ય – ૭

શ્રી ગોકુલેશો જય જયતી

શ્રી સ્વરૂપ રસાવલીનું માંગલ્ય સાતમું લખીએ છીએ

"કરણાતે કરીને પધાર્યાજી" એમ ગવાસે

બેઠકથી ભીતર પધારીયા નાહીને બીજીય વારજી
તે સમે કાંઇ એક સુચન કર્યો અનુભવને અનુસારજી ।૧।
બેઠા શ્રી નાથજીની તીબારી માંહ્યાં વલીયો તે શ્રીમુખ જોઇ સહુ સાથજી
આશીષ દેઇ દેઇ કર ચટકાવતાં નામી નામીયને નીજ માથજી ।૨।
અહીં શ્રંગારને ઘણો અવકાસ છે અણ અવસર ત્યાંહાં લગી દરશનનેજી
સમય ઉપર સીધ થઇ અને આવીયે તે વેગા નીરખવા પ્રાણ જીવનજી ।૩।
એમ કહી કહીયને અહીંથી વલ્યા સહુ જે આવ્યા હતા વહાલાને સંગજી
એહ સ્વરૂપ ઉરમાંહ્યાં લેઇને ઘર દીશે વલીયા તે મનને રંગજી ।૩।
બેઠક માંહે રહયા હતા પ્રથમથી ને જે અટાલીયેથી ઉતરીયાજી
તે મનને રંગ લહીયને ઉતાવલા આપણે ભવને પરવરીયાજી ।૫।
રોચતા સોચતા એહ સ્વરૂપને ઉરમાંહે લોચતા આરત ભેરજી
અનુભવનું અવગાહન ઉરમાંહે કરતા તે આવ્યા છે નીજ ઘેરજી ।૬।
ઘેર જઇ કરે કાજ તે ઘર તણા પરમ સોહામણા મંદીર સાજેજી
ચોકા ને પાત્ર સમારે છે સોહતા સ્વચ્છતા સર્વોપર તે રાજેજી ।૭।
કોક જલ લાવે શ્રી જમુનાજી થકી ને વલી કુપનું વર્તવા કાજજી
પ્રથમ તે રાવલા જલ ન્યારા ઘરે બીજો વૈશ્નવનો ન્યારો સાજજી ।૮।
સ્વચ્છતા ઉજવલતા ને પવીત્રતા આચાર ધર્મનું જે તારતમ્યજી
એહો ઘર એ સહુ નિત સેવા કરે એ માંહ્યાં ઇતરને નહીં કાંઇ ગમ્યજી ।૯।
કોઇ તો સીધા રસોઇના સીધ કરે જે છે ગ્રહસ્થી ને સેવાના ધણીયજી
તે સહુ કરી કરી રાખે છે પ્રથમથી પોંહોંચી ને આરત દર્શન તણીયજી ।૧૦।
કોએ તે કારજ થકે સૌકર્જનું વેગા વેગા કરે ઉલટ ભરીયજી
આપાપણે અવકાસે પોંહોંચે સહુ દરશનને જાવું છે વેગા કરીયજી ।૧૧।
સમય સમય દરશન કરવું સદા ને વલી કરવું તે ઘર તણુ કાજજી
તેણે તે અવકાશે પોંહોંચી રહે એહવો એ માહા ભાગ્યવાન સમાજજી ।૧૨।
કાજ માંહ્યાં કેહેને ચેન પડે નહીં કરે તે અણ કર્યું જાણી એહજી
મન વેધાયું છે વાહાલાજીના રૂપમાહ્યાં અંગ અંગ પાગી રહયો છે નેહજી ।૧૩।
પેડો જુએ છે સહુ શુભ સમયનો જે સમય હોએ દરશન દાનજી
તેહ સમય માંહ્યાં મન મેલી રહયા એહોને રૂચે નહીં કાંઇ આનજી ।૧૪।
મન માંહ્યાં સોચ શ્રંગારના સમયનો દરશનને જે જાવું છે તે ત્યાંહાંજી
સમય ઉપર વેગા જઇ પોંહોંચીએ વાહાલોજી બીરાજે છે ત્યાંહાંજી ।૧૫।

ભવને નીવાસ લોકવત કરી રહયા પણ છે સ્વરૂપ માંહાં એહોનો નીવાસજી
ગીણે ન ઘર પરીવાર પ્રાણ લગી મન માંહે એક વાહાલાજીની આસજી ।૧૬।
એણીપેરે એણી રીતે અને એમ સહુ પ્રથુક પ્રથુક ભવને અનુસારજી
રૂપ રસે માતા ઉનમત રહે તેહનો થાએ નહીં વીસ્તારજી ।૧૭।
કાજ પરાયણ જે જલઘરે રહયા જલઘર બેઠાનો કરી સાજજી
વાહાલોજી ભીતરથી પધારસે તે સમે આવસે જે અહીં કાજજી ।૧૮।
એહમાંથી અવાસે કો ઘેર આવીયા દેહ કૃત કરવાને તેણી વારજી
પાછલી રાતના એ અહીંએ હતા પોઢયા હતા જયારે પ્રાણ આધારજી ।૧૯।
તેહ સમયના સેવા માંહાં સાવધાનથી કાજ માંહાં તત્પર હુતા જેહજી
તે હવડા અવકાસ લેઈને કોઇ કોઇ ઘર દીશ વલીયા તેહજી ।૨૦।
બીજા સહુ અહીં જલઘર માંહાં રહયા સુખદ સોહાગીયો જે છે સાથજી
કોઇ કોઇ તીબારીની બારીએ રહી જુએ સુંદર પરમ સોહામણા નાથજી ।૨૧।
કોઈ કોઈ જલઘરના વેધી છે દરસ વચન રસ કરવા પાનજી
તે ઘેરથી પોંહોંચીને ઉતાવલા આવીને બેસે છે માહા ભાગ્યવાનજી ।૨૨।
જે જે પોંહોંચે છે તે તેમ આવતા જાએ છે મંદીર મંઝારજી
કોએ અટાલીયે ચઢી દુરી રહયા નીરખવા પ્રીતમ પ્રાણાધારજી ।૨૩।
ઘર તણા કાજ કર્યા કેણે નવ કર્યા એમજ ધર્યા રહયા એણી પેરજી
વેધે વેધાયા ધાયા તે ઉતાવલા રહી શકાયું નહીં કેણે ઘેરજી ।૨૪।
જે જે આવ્યા તે રહયા જગમોહને સમય શ્રીંગાર તણો મન જાણીજી
ઉઘડતે કીંવાડે વાહાલાજીનુ દરશન થાસે એહ મનમાંહાં આણીજી ।૨૫।
કો કો પાનઘરની સીઢીએ થઈ ચઢી અટાલી મુંડેરીએ અટકયાજી
છજે ધસી આવ્યાનો મનોરથ કર્યો પણ અણ અવસર લહીને હટકયાજી ।૨૬।
જલઘર જગમોહન ને અટાલીએ ભીડ તણો પામું નહીં પારજી
ઠામ ઠામે સહુ કો ગહેગહી ભર્યું તેહનો નહીં વીસ્તારજી ।૨૭।
વાહાલોજી ભીતર તીબારી માંહાં ખાંભીએ અટકીને બેઠા છે આપજી
આરત હરની ઉદારતાએ કરી હરે તે ભકત તણા પરીતાપજી ।૨૮।
અહીં અવકાસ લઈને કેશને નીવારણ કરે વાહાલોજી
તે ભાગ્યવાન કો કો ત્યાંહાં નીરખે છે હરખે અતી મનમાંહાં રીઝીજી ।૨૯।
ચરણ કમલ જુગ ઉતર દીશ શુભ રેખા સહીત સ્ફુટ દરશન થાએજી
વામ ચરણ તલ દક્ષીણ પાટલી અનુસરી રહી તે કહી ન જાયેજી ।૩૦।
ઉભય જાનુ જંઘા એકત્ર મેહલીને ભેલીને બેઠા છે સુખ વરસીયજી
જમણા જાનુ જંઘ ગાદીએ પરસીને વામ રહયા તેહને પરસીયજી ।૩૧।
ધોતી ઘુંટણ પરમ આછાદીને લટકી રહી છે તે નવલી રીતજી
પાટલી જંઘા નીતંબ ને કટી તટ કાછને નીરખીએ કરી બહુ પ્રીતજી ।૩૨।
બેઠા છે નૈરૂત્ય દીશ નીહારીને ઉદર શુંદ ધોતી પર ઢલી આવીજી
ઉદરની ત્રીવલી તેહ સમે રાજતી તે સહુને મન અતીસે ભાવીજી ।૩૩।

હૃદય ઉરોજ રસીલા રાજતા લટકી રહ્યા છે તે અધ ભાગજી
માલા તે નીહોરેથી નીહોરી આવી છે ઉરથી અલગી લટકી અનુરાગજી ।૩૪।
પીઠ ઇસાન અને નૈરૂત મુખ તીરછા બેઠા છે તે તીબારીજી
વામ ભુજા પર કેશ પ્રસારીયા એહ ણાનીક પર હું ઔવારીજી ।૩૫।
શ્રીમુખ વામ દીશે પરસી અને લસી રહ્યા છે તે કેશ સુભાવીજી
અધ લેલાટ ભ્રકુટી નયણ નાસીક ગલમંડલથી નીચા રહ્યા આવીજી ।૩૬।
ઠોડી ગ્રીવાને આછાદન કરી રહ્યા જંધા નીતંબે પરસી રહ્યા અથજી
કર કમલે કરી તે નીવારે છે વાહાલોજી તે કેશ સમુથજી ।૩૭।
વામ કરની અંગુલીઓ ભીતર થકી કરણ લમણે લેલાટે પસરાવીજી
પ્રવેસ કેશમાં કરી નિવારે છે તેહની ઉપમા કહેતા ન આવીજી ।૩૮।
ઉલટી અંગુલીઓ કેશ મધ્યે થઇ બહાર પ્રગટી છે શોભાની રાસજી
ચાકચક્ષ સચીકણુતાએ સોહતો નખમણી ચંદ્રે કર્યો પ્રકાસજી ।૩૯।
મુલ થકી અગ્ર લગી સુધારે છે બધ તે વીરલા કરી અને કેશજી
જહાં ઉલજે ત્યાંહાં જમણે કરે કરી સુલજાવે છે તે પરમ સુદેશજી ।૪૦।
કેશ ખસે તે શ્રી કરમાં લેઇને પેચ દેઇ દેઇ રાખે હાથજી
એમ કેશ નીવારણની લીલા કરે પ્રમુદીત થઇને મારો નાથજી ।૪૧।
તે દર્શન કરે કો કો સોહાગીયા ત્યાંહાં સહુ કેહનો નહીં પરીચારજી
ઉપર નીચો કો આવી શકે નહીં ભીતર સરીયો નથી શ્રીંગારજી ।૪૨।
ત્યાંહાં લગી વાહાલોજી બેઠા એણે સ્થલે અવકાસે નીરવારે છે કેશજી
કો ભાગ્યવાન અપરસ માંહાં તેહસું વારતા કરે છે સુદેશજી ।૪૩।
માહાત્મે મીશ્ર સ્વરૂપ વીસઇકની પ્રાચીન વા પ્રમાણ સીધ તણીયજી
પુછી વા અણપુછી કરૂણા કરી વારતા ચાલે છે કો સમે ઘણીયજી ।૪૪।
જગમોહન માંહાં ભકત ભરી રહ્યા ને વલી પોંહોંચીને આવતા જાયેજી
મુક્ષ ભંડાર પ્રસાદી ભંડારે સીંઘદ્વાર લગી ભીડ ન માયેજી ।૪૫।
અતીસય ભીડ ભરી રહી જલઘરે જલઘરીઆ તે આવી શકે નહીંયજી
સીંઘદ્વારથી પેંડો કરવાવતા કેમ કેમ કરી પોહોંચે છે તે અહીંયજી ।૪૬।
તેટલી ભીડ અટાલી પર ભરી ને ભીડ બેઠક માંહે ભરીયજી
ભીડની પરમીત તે થાએ નહીં કોએ શકે ન હીંડી ફીરીયજી ।૪૭।
જગમોહન માંહે કો કીર્તન કરે વાજીંત્ર તાલ બંધાન સહીતજી
કો સહેજે કીરતન કરે મલી અને ઉંમગ્યા તે અનુસંધાન રહીતજી ।૪૮।
કો ગાએ ધોલ રસીલા તે રસ ભર્યા માધવદાસના મનોહર વાણીજી
તે સુણી અનુભવની તે સુરતે કરી રીજે છે વાહાલોજી પરમ સુજાણજી ।૪૯।
કો વારતા કરે વાહાલાજીની મલી ભાંતી ભાંતીની તે અનેક પ્રકારજી
જેહવું વરણ જે રસે જે અંગી કર્યા આપાપણા ભાવને અનુસારજી ।૫૦।
વાત કરે છે વચને વીહવલ થઇ પણ મનમાંહાં તે આરત ઘણીયજી
કયારે ઉઘડતે કીંવાડે નીરખસું પ્રાણનું જીવન ગોકુલ ધણીજી ।૫૧।

ભકત અનેક મનોરથે આરત્યા દર્શન કેરે કાજજી
ભાવ તે વચને વીશદ કેમ કરી શકું અનેક ભાંતનો એ અનેક સમાજજી ।૫૨।
એહવે તે સમય થયો શ્રીંગારનો વાહાલોજી સંકેલી અને કેશજી
બેહુ કરે ઝટકીને અંબોડો વાલીયો ઢલકતો રાજે પરમ સુદેશજી ।૫૩।
ઉપરેણો ઓઢી હુમેલે ઉભા થયા ઉદારતાએ ઉઘાડયા કીંવાડજી
અદય દાન સ્વરૂપાનંદે આપીયું રાખી ન આરતની કેહને આરજી ।૫૪।
સહુ કોએ ધસી અને ભીતર આવીયા આવી રહયા છે તે કઠેડાને અટકીજી
ઉપરના છજે ધસી આવ્યા સહુ કોણ શકે હવે એહોને હટકીજી ।૫૫।
જલઘરના બારીના કો કો તીબારીએ ભીતર આવીને વાહાલાને નીરખેજી
બેઠક માંહાંના ને જે જયાંહાં ત્યાંહાંના આવી જુએ અને મન માંહે હરખેજી ।૫૬।
ચોક ચોંહોંદીશ ચતુરાએ ભર્યો છાત ઉપર ભીડ સનમુખ ભરીયજી
દરશન આપ્યું પ્રભુ પ્રમુદીત થઈ આરત આરત હરણે હરીયજી ।૫૭।
ભીતર પધાર્યા છે લટકતાં દર્પણ ગ્રહીયને ઉભા હાથજી
નિજ મુખ જોયું તે દર્પણ માંહાં ત્યાંહાં તે નીરખે છે સઘલો સાથજી ।૫૮।
નીજ મુખ જોઇને વીસ્મય થયા નીજરૂપ અનુપમ માહા જાણીજી
એ જોઇ સર્વ મોહે કહો કેમ નહીં એમ કરીને કરૂણા ઘણી આણીજી ।૫૯।
આરતી શ્રીંગારની કરીયને ફરીયને જુએ છે શ્રી માહારાજજી
અમીય સમોહની વૃષ્ટી કરી અને સીંચન કીધો સર્વ સમાજજી ।૬૦।
પછે કર પ્રક્ષાલન કરીને તેહ સમે બાહેર પધાર્યા તે તીબારીજી
વેગ ચલો કહયું કર ઉંચો કરી તે લટકા ઉપર ઓવારીજી ।૬૧।
ભકત તે વલીયા છે ઘર દીશ વલી ઉભા રહી રહી જુએ છે ફરીયજી
ચલો ચલો કહે ડગ ચાર ચાલે છે બાહેર આવ્યા તે કેમ કેમ કરીયજી ।૬૨।
ભીતરના જે કોઇ દરશન વેધીયા તે દર્શન કરે થઇ નીશંકજી
ઓટે રહીને ઘુંઘટ માંહેથી નયણ કરે નહીં કેહની શંકજી ।૬૩।
કનક કટોરી કરમાંહે લેઇને ભીતર જઇ મઠો શીખરણ જોઇજી
ફરી અને વેગે આવ્યા પ્રભુ પાતલો આપ ઉભા રહયા શ્રીકર ધોઇજી ।૬૪।
હવે રાજભોગ તે મહા સંયોગયું આવ્યો અનુપમ થાલો ભરીયજી
નીત નીત નૌતન નૌતન ભાંતીનો તે કહેવાએ નહીં વીસદ કરીયજી ।૬૫।
ભોગ દેઇ અને ભોગ વરેન્દ્ર તે બાહેર પધાર્યા ચીત ધરીયજી
જલઘરે બેઠા છે જે ભગવદી તેહોને દર્શન દેવા ફરીયજી ।૬૬।
જેહના ભાગ્ય ત્યાંહાં વીસ્તારીયા વેગ તે આવ્યા જલઘર ભણીયજી
જે જે કરી સહુ કોઇ દરશન કરે આશીષ દે છે તે મનમાંહાં ઘણીયજી ।૬૭।
ત્યાંહાં ઉપધાન અને ગાદી ધરી મખમલ તણી તે અપરસ સાજજી
પ્રથમ આણી અહીં સીધ કરી ધર્યા વહાલાજીને બેસવા કાજજી ।૬૮।
ત્યાંહાં આવીને બેઠા ઉલટ ભરી ભગવદી બેઠા તે ત્યાંહાંજી
શ્રીમુખ જુએ છે સહુ કોએ મલી અને આપાપણે મન ઉલટ માંહાંજી ।૬૯।

સર્વ થકી તે એકાંતે થઇને એકાંતે એ સ્વરૂપને લેઇજી
જાણે જે નીધી પામ્યા ત્રીલોકની લેઇ બેઠા છું હૃદય દેઇજી ।૭૦।
જાણે અમારાજ પ્રભુ અમો એહના એહોને અમો ને અમારે એહજી
અમને એકાંત મલ્યા છે એણીપેરે અમ સાથેજ છે એહોને નેહજી ।૭૧।
લાભ અલભ્ય લહી મન માંહાં ઘણો સાચું કે સ્વપ્ન લહી મન માંહેંજી
વીસ્મય થઇ થઇને શ્રીમુખ જુએ જલધરે બેઠા છે તે ત્યાંહાંજી ।૭૨।
ભાગ્ય સરાહી પોતા તણુ પોતાને માની મનમાંહાં ધન્યજી
આજ કો અમ સમાન ભુતલ માંહે છેજ નહીં સમ કરવા અન્યજી ।૭૩।
એણીપેરે બેઠા જુએ છે જલધરે વાહાલાજીનું સલુણુ સ્વરૂપજી
શીખ થકી નખ લગી નખ શીખ નીરખે છે પરમ રસાત્મક રૂપ અનુપજી ।૭૪।
અહીં એકાંત સમે તે સોહામણો અહીં છે રહિત અન્ય આવરણુજી
ઇતર કેનો પ્રવેશ નહીં એ સ્થલ છે અતીસય નીરાવરણુજી ।૭૫।
એકાંતી ભગવદી એકત્ર થઇ એક ચીત બેઠા છે અહીંયજી
સાદરપણે તે સુખનિધીને જુએ બીજું તે અનુસંધાન નહીંજી ।૭૬।
વાહાલોજી પ્રહસીત મુખે પ્રમુદીત થઈ બેઠા છે આસને આનંદ મઇજી
શ્રષ્ટી સોહાગ ભરી સોહાગે વરી તેહોને તેહ સ્થલે સનમુખ લઇજી ।૭૭।
ગડુઓ ને તપ્ટી તે જમણી દીશ ધર્યા માખી રાખે છે મુઠે કરીયજી
કો ઉભા છે નિકટ સનમુખ જોઇ મનમાં ભાવ અનેક ધરીયજી ।૭૮।
કો કો બેઠા છે પરસપર અનુસરી ભીડ માંહાં ભીડાઇને એમજી
સંકોચ રહીત મન એમ જાણે છે બેસવા પામીએ અહીં જેમ તેમજી ।૭૯।
નહીં નહીં કરતાં ભીડ ઘણી થઈ જલધરીઆ કેમ કેમ કરી આવેજી
તે કાંઇ બોલે મુખ થકી તેહ સમે કો વલી વીનય કરી સમજાવેજી ।૮૦।
ભંડાર આગલ બારી ગલી તથી ત્યાંહાં એક તે સમે રહે દ્વારપાલજી
તે ભીતર જવા કેને દે નહીં એતદઅર્થ રહ્યો રખેવાલજી ।૮૧।
જેણે પ્રથમ દરશન તે કર્યું નથી ને આવ્યા છે તેણી વારજી
તે આવીને અહીં ઉભા રહ્યાં એહની કીધી બહુ મનુહારજી ।૮૨।
વલતા તે ચાર ચાર પાંચ પાંચને ભીતર જવા દે દરશન કાજજી
તે આવે સંકુચાતા મોઢ ભર્યા થકા વલી બીજા આવે જોવા મહારાજજી ।૮૩।
એમ આવી દરશન કરી કરી જાએ છે સનમુખ ગલી માંહાં રહી રહીયજી
ભીડ જાણીને વેગા વલે ફરી ચાલો ચાલો તે પરસપર કહીયજી ।૮૪।
ત્યારે અહીં ભીડ થાએ અતી ઘણી ત્યારે ખવાસ કહે ચાલો રે ભાઇજી
આંહાં સંકોચ છે બેઠાનો અતી ઘણો કયાંહાંથી તમો શકસો તે સમાઇજી ।૮૫।
એહ સુણીને કો ઉઠી ઉભા રહે ભીડ લહીને બહાર જાયજી
પણ એ રસમાંથી જે કો નીસરે તેહને શાંતા કેમે ન થાયજી ।૮૬।
એ સમે પુછે ખવાસજી પ્રભુને ઔષધ આરોગસો કંઇ રાજજી
જે માંગે તે લેઇ આગલ ધરે કરીને લેવાનો સહુ સાજજી ।૮૭।

ચુરણ અવલેહ ગુટીકા લેવાના પ્રથુક પ્રકાર છે તે કાંઇ ભીનજી
તે ત્યાંહાંના અનુભવી સહુ લહે અનુભવી વીણ ન જાણે કેા અન્યજી ૧૮૮।
સીપ તે હેમ તણી કે રજત તણી તેમાંહે ચુરણ આર્ણીને મેહેલેજી
વાધતું પાછું આપે તે ઘવાસને રૂચતું રાખીને વાહાલેાજી તે લેજી ૧૮૯।
સીપ તે વાલી શ્રી કરમાંહાં ઉંચી કરીને નમાવી શ્રીમુખ માંહેજી
જમણે કર તે ટેકેા પાછલ દેઇ લે તે લેહેકેા દીઠે ણની આવે ત્યાંહાંજી ૧૯૦।
બેહુ કરે સીપ ઉંચી કરી ઉચું શ્રીમુખ કરી મુખ માંહાંજી
ચુરણ લેઇને સીપ ન્યારી ધરે કર માંહે ગડુઓ લે છે તે ત્યાંહાંજી ૧૯૧।
તે ઉપર જલ ધાર લેઇને નીચું મુખ ગ્રીવા તે નમાવીજી
ફરી ઉંચેા લેહેકેા કરી તેહ સમે એમ ઔષધ લે છે મન ભાવીજી ૧૯૨।
અવલેહ લે વાહાલેાજી સીપ માંહાં ભાંત વીચીત્ર કરી તેણી વારજી
અંગુલીને ફેરે અંગુલી જુઠી કરે જુઠી કરે ન સીપ લગારજી ૧૯૩।
એણીપેરે ઔષધ લઇ કર ક્ષાલીને કેાગલા કરે તે તષ્ટી માંહાંજી
પછે ઉપરેણાસું કર પુંછીને ઉપધાને અટકી બેઠા ત્યાંહાંજી ૧૯૩।
કેા સમે બાલકને ત્યાંહાં ભણાવે છે ઉંચ સ્વરે કરીને ઉચ્ચારજી
ગુઢ ભાવ ગેાપનીય ગુણે ભર્યા તે પ્રગટ કરી કહે વીસ્તારજી ૧૯૪।
એહ સુબેાધની બેાધક એહને એહ છે સર્વ નીરેાધક આપજી
પરમ પ્રબેાધક પ્રાણાધાર એ હરે તે સર્વના પરીતાપજી ૧૯૫।
તે માટે સહુ અહીં અનુસરી અને મનમાંહાં અભીલાષ કરીયજી
આધીદૈવીક સમુલ પેાતા તણુ આવી ઉભા રહે સ્વરૂપ ધરીયજી ૧૯૬।
એક એકથી એક ભાવ એમ તે લહે મારેા કરે પ્રભુ અંગીકારજી
એમ શ્રીમુખથી મનેારથે બીલસવા મનેારથ કરે છે તેણી વારજી ૧૯૭।
તે સહુ લેખન અક્ષર ભાવના મનેારથ પુરણ કરી કરીયજી
કહે છે કથા વાહાલેા કારણ મઇ મેાદસું ઉલટ ભરી ભરીયજી ૧૯૮।
જે ભાગ્યવાન ભણે અહીં આવીને તેહને થાયે છે વસ્તુનુ જ્ઞાનજી
એહ અગમ્ય માંહાં કેહેનેા ગમ્ય નહીં તેહ લહે જેહને એ કરે દાનજી ૧૯૯।
કેા સમે પ્રશ્ન કરે કેા આપથી કે કેનુ કરવાવ્યું કરેજી
તેહને પુછયા થકી કેાટી ગણુ કહીને સંદેહ તેના હરેજી ૨૦૦।
જે જે વીચારી રહયા છે મનમાંહાં જે સંદેહ જેહના મન માંહાંજી
એક વચને સમાધાન તે સર્વનુ અંતરયામી કરે છે ત્યાંહાંજી ૧।
કેા સમે સ્વતઃથી કરૂણા કરી કેા કારણે પ્રસંગ ચલાવે છે આપજી
સંદેહ સહુના દુર કરી સંદેહીના પરીતાપીના હરે પરીતાપજી ૨।
જેહવું વરણ ને જે જેમ અંગીકૃત કર્યા જેહને જેહવા સ્વરૂપનુ દાનજી
યેાગ્યતા ભાવ સમાને પાન કરે વચનામૃત રસ મહા ભાગ્યવાનજી ૩।
એહવા પ્રસંગ અનેક પ્રકારના ગુઢ ગેાપનીય ચાલે બહુયજી
ગુઢ આસે લહી અને વાહાલેા કહે નીજ અનુભવ સમ સમજે સહુયજી ૪।

એક એક વચન અનેક સીધાંતના સીધાંતે તે નવ પામીએ પારજી
કોટી સીધ્ધાંત જે ઉપર વારીએ એહવા વચનનો કરે છે ઉચ્ચારજી ।૧૦૫।
અહીંયે છે નામ નીવેદનનો સમય કરવાને આવે છે મહા ભાગ્વાનજી
તેહોને કારણ મઇ કરૂણા કરી કરે છે પરમ અલૌકીક દાનજી ।૬।
નામને પામવા આવે છે જે કોઇ નાહીને વીનતી કરે તેણે ઠામજી
સનમુખ બેસાડીને ફેરા કરી શ્રીમુખથી તેહને આપે છે નામજી ।૭।
ફેરવી ફેરવી નામ કહી અને કયોંરે આયો એમ પુછે ફરીયજી
દાન અપરમીત અતીસય રસ ભર્યું નામ વ્યાજે કર્યું કરૂણા ભરીયજી ।૮।
નામ એ કામ પુરક સહુ સર્વદા જયાંહાં હવી દાનની વૃષ્ટીજી
અલૌકીક સાધન ફલ પરજંત તે તેહોને રહયું નહીં અવસીષ્ટજી ।૯।
જે ભાગ્યવાન નીવેદન કરવાને સનમુખ થઇ આવે છે જેહજી
તેહને કરૂણા કરીને સનમુખ બેસાડે છે કરીને નેહજી ।૧૦।
પરમ ઉદારતાએ તેહને દરશન નિજ સ્વરૂપ તણુ દે છે અભીષ્ટજી
તે દરશન દાને કરી તેહને રહેતું નથી કાંઇ અવસીષ્ટજી ।૧૧।
પણ ભારગ તણી પીડીકાએ કરી નીમીત કરે છે નીવેદન તણુયજી
નીમીત વીના જીવને સંસય રહે સંસય રાખ્યો નથી પ્રભુએ અણુયજી ।૧૨।
અપરસ કરીને તેહ સમે એકને કરાવે છે તે નીવેદનજી
ભીડ હોય ત્યારે એકત્ર કરીને બેસાડે તેહ કહું કાંઇ ભીનજી ।૧૩।
દસ દસ વીસ એકત્ર થઇને બેસે છે વાહાલાજીને પાસજી
એક શ્લોક કાંઇ શ્રીમુખે કહી અને સર્વની પુરે છે તેહ સમે આસજી ।૧૪।
એક વચન માંહાં ભેદ અનેક તે વરણ ભીન્ન ભીન્ન અંગીકારજી
ભાવ ભીન્ન જોગ્યતા ભીન્ન એ કર્યા પ્રથુક પ્રથુક બહુ વીસ્તારજી ।૧૫।
વચને ને મંત્રે ને અક્ષરે લહે કહે ન સમુજે એ નીપટ અજાણુજી
સ્વરૂપ બલે એહનું સર્વ સ્વતઃ થયું સનમુખ બેસાડયાની કરી કાણેજી ।૧૬।
અહીં શ્રીમુખે આજ્ઞા દીધી છે તેહ વચન લખું એ સીધ કરવાજી
નવરત્ન વીવરણ માંહે વીસદ કર્યું તે કહું અન્યનો દોષ તે હરવાજી ।૧૭।
શ્રી પુરૂષોતમને નીવદને કૃત્યે ચિંતા ત્યાજ્યા નતુ અન્યથા બીજેજી
બીજે નીવેદને ચીંતા હરે નહીં કારજ બીજેથી કાંઇ ન સીજેજી ।૧૮।
જીવને સાધન એહ સ્વરૂપનું કેવલ સ્વરૂપ બલે હોએ અર્થજી
એહ સ્વરૂપ સબંધ વીના સહુ ઉદ્યમ બીજે તે સર્વ વ્યર્થજી ।૧૯।
ફલાત્મક એહ સ્વરૂપ ફલોદય ફલ રૂપ કેવલ ફલ સંપન્નજી
એ ફલ સીધ કર્યું નીવેદન માંહાં તે જાણે છે પ્રભુજીનું મનજી ।૨૦।
એ ફલ સીધ તેહોા થકી હોએ એ ફલના દાતા એ અહીંયજી
એ દાન કરવાની જોગ્યતા નહીં કેને એ વરણ વીન લેવાની નહીંયજી ।૨૧।
આગ્યા કરી અન્યાશ્રય મતી કરો અરૂ અસમર્પીત લેનો નાહીંયજી
જેસે દેખે હે તેસે મનમાં ધરો સકલ સીધ્ધાંત કહયું એહ માંહે જી ।૧૨૨।

તું એસે જાન હું ભગવદ્ગી ભયેા ભગવદ્ગી કેા કરીયેા નીત્ય સંગજી
લૌકીક અલૌકીક ચીંતા તું મતી કરે એહવી શીક્ષા કરી કરીને અંગજી ।૧૨૩।
જોગ્યતા સ્વરૂપ સમાન એહની કરીને કહયું ભગવદ્ગી ભયેા જાનજી
એ પદવી એહેાને અહીં સીધ્ધ કરી એ કરે તે થાએ સ્વરૂપ સમાનજી ।૧૨૪।
અહીં એક પુર્વપક્ષને ઉપજયું પ્રશ્ન તે એહ સમે તેણી વારજી
તે થેાડા માંહાં વીસદ કરી કહું પણ તેહનેા છે બહુ વીસ્તારજી ।૧૨૫।
કહે છે જે નવરત્ન માંહાં એમ કરી કહયું નીવેદીતાત્મીકે ચીંતા ન કરવીજી
એહને તેા પ્રભુએ નીવેદન કરાવ્યું એહની તેા ચીંતા જોએ સહુ હરવીજી ।૧૬।
ને એહને તેા ચીંતા ઉપજે છે ઘણી ને પામે છે ઘણું ચ કલેશજી
ને અંતરાય જે હેાય છે સ્વરૂપથી તેહનુ કારણ કેાણ વીશેષજી ।૧૭।
પ્રાચીન ભેાગનેા ભેાગ એ ભેાગવે કે એહનું શું છે તે સમજયું ન જાએજી
એહનુ કારણ વીસદ કરીને કહેા જેથી સમાધાન મારૂં થાએજી ।૧૮।
ત્યાંહાં પ્રતીઉતર કહું છું સાંભલેા ભગવદ્ગીઓની સહાએ થકીયજી
ભાગ્યવાનની કૃપાએ વીસદ કરૂં અન્યથા હું ન શકું કહી શકીયજી ।૧૯।
જે જે આગ્યા પ્રભુ શ્રીમુખથી કરી તે માંહે એક ઓલંધાએ જયારેજી
તેહજ ભેાગ થઇ અને સંપજે તેહજ દેાષ બાજે છે ત્યારેજી ।૩૦।
ભગવદ્ગીએ રહેવું એ વીચારમાં શ્રીમુખે જે જે કહયા છે પ્રકારજી
તેહનું ઉલંઘન હુંથી રખે હેાએ મારૂં એ સર્વેાપર સારજી ।૩૧।
પ્રથમ કહયું અન્ય આશ્રય મતી કરે તેહનેા વીચારે ભાવ તે મનજી
કેાણ પ્રકારે અન્યાશ્રય સંપજે ને આશ્રય કેમ હેાએ સંપન્નજી ।૩૨।
ભાવ સુજાતીથી ભાવ વીજાતીનેા આયુર્ભાવ તે થાએ જયારેજી
ત્યાંહાં લગી અન્યાશ્રય કરી જાણવા બીજા અન્યાશ્રયનું શું કહું ત્યારેજી ।૩૩।
કહયું અસમરપીત કછું લેનેા નાહીં તે મનમાંહાં નીશ્ચય જાણેજી
પ્રભુ અણવીનીયેાગી જ્યાવદ વસ્તુ છે તે પેાતે બીનીયેાગ ન આણેજી ।૩૪।
જેસે દેખે તેસે મન માંહાં રાખીયેા શ્રીમુખે આગ્યા કરી છે એહજી
તે આગ્યાએ કરી શઠતેા નથી એ અપરાધ છે મેાટેા એહજી ।૩૫।
તેં નીવેદન કેાણ સ્વરૂપ સાથે કર્યું તુંને કેણે કર્યું મહા દાનજી
તેં અનુભવ કેાણ સ્વરૂપ તણેા કર્યેા પ્રમેય સ્વરૂપે કર્યું સનમાનજી ।૩૬।
તુંને સેવા કેણે આપી કૃપા કરી તે જેસે તારા ઘર માંહાંજી
તેહની તું સેવા કરે છે સદા લગી ને તારૂ મન જે હેાએ કયાંયેજી ।૩૭।
એહવું લેઇને પ્રમાણે કે અનુસરે તેા તેણે આગ્યા તેા માની નહીંયજી
એ દેાષે અંતરાય તેહને અતી ઘણેા તેા ફલ સીધ થાએ કેમ અહીંયજી ।૩૮।
વલી કહયું ભગવદ્ગી ભયેા તું યેાં જાનીયેા તે જાણવાનું કારણ છે ભીન્નજી
દાન અસાધારણ પ્રભુએ કર્યું પણ જણ્યું જોએ તે મનજી ।૩૯।
આઠ પ્રહર રહેવું એ વીચાર માંહાં જે ભગવદ્ગીયનેા કેવેા ધર્મજી
તેણે પ્રકારે મારે રહયું જોઇએ એહ વીચારતેા રહે મન મર્મજી ।૧૪૦।

એહ વીચાર રહેતો નથી મન માંહાંને વીપરીત થઇ આવે છે જ્યારેજી
તે અપરાધ માંહાં કોણ સંદેહ હવો દોષ સો કાઢીએ ત્યારેજી ।૧૪૧।
વલી કહયું લૌકીક અલૌકીક તું કછુ કાહુ ભાંતી કોઉ પ્રકારજી
તું મનમાં ચિંતા કછુ મતી કરે શ્રીમુખે કહયું હિત ભર ણહુ વારજી ।૪૨।
એહની ચીંતાના ઘણી પોતે થયા આગ્યા કરી ણહુ કરૂણા ભરીયજી
ને તે આગ્યાનું ઓલંઘન કરી અને ચીંતા કરે છે પોતે ફરી ફરીજી ।૪૩।
તો અવગ્યા જેણે આગ્યા તણી કરી સાંપ્રત્ય અનુભવ જોઇ અને જાણીજી
એ અપરાધનો દોષ હું સો કહું કહેતા નવ આવે વાણીજી ।૪૪।
વલી કહયું વૈશ્નવનો સંગ સર્વદા કરત રહીયો તું આઠો જામજી
મહા પુરૂસારથ શીક્ષા એ કહી જેથી સરે સહુ એહના કામજી ।૪૫।
ને જીવને તો એ વૈશ્નવ ઉપરે દોષ ને દ્વેષ રહે મન માંહેંજી
દ્રોહ ભગવદીયનો કરે તો પાછે સીધ શું હોય ત્યાંહેંજી ।૪૬।
એહને દયા ને દંડ દેવા તણા ધણી તો આપ શ્રી ગોકુલરાયજી
તો તું એહનો દોષ મન માંહાં ધરે તારે કહે એને શું થાએજી ।૪૭।
પણ જીવ જીવપણુ મહેલે નહીં પ્રભુનો લહે નહીં મન ઉપકારજી
એ સહુ બાજે છે દોષ એહને ઘણા તે કયાંહાં લગી કહીયે વીસ્તારજી ।૪૮।
એહનુ સમાધાન એ થકી જાણવું એ દોષે ઉપજે બહુ દોષજી
જીવને પ્રાચીન ભોગ રહયો નથી ને નીવેદન છે સદા નીરદોષજી ।૪૯।
એહવા એ દોષ બાજે છે અતી ઘણા પણ પ્રભુજીની કૃપા પરમ કૃપાલજી
તે કૃપાની સહાએ ઉતમ થયું ને ઉતમ થાસે સહુ કાલજી ।૫૦।
હવે કહું ચાર પ્રકારે કરી અને નીવેદન કરાવ્યું જેહજી
પ્રથુક કરી તે પ્રકાર કહું હવે કાંઇ એક વીસદ કરીને તેહજી ।૫૧।
કેહને તે સનમુખ બેસાડી કર્યું કેનું પત્ર દ્વારા કાજ સીધું જી
કેને સ્વપ્ન દ્વારા એ સહુ સીધ કર્યું કેહેને આજ્ઞા દેઇ સ્થાપીત કીધું જી ।૫૨।
એ પણ કેવલ સ્વરૂપ બલે કર્યું એ થકી અધીઠ પ્રકાર છે અન્યજી
ભકતનો સ્નેહ ને સનમુખતા વલી પ્રભુની અપનાયત કાંઇ ભીન્નજી ।૫૩।
એ સ્વરૂપેજ એ એણી પેરે કર્યું એ સ્વરૂપ વીન કોયી ન થાએજી
એ સહુ અનુભવ સીધ પ્રમાણ છે પણ તે વીસદ કરી કહયું નવ જાએજી ।૫૪।
જે એ સ્વરૂપ બલે અંગીકૃત કર્યા જેહને સર્વસ એહ સ્વરૂપજી
જેહને હેતે એ પ્રાગટય કર્યું તે લહે છે એ વસ્તુનું રૂપજી ।૫૫।
જે પ્રમાણે નીરોધી ને બોધવ્યા જેહને કરાવ્યો પ્રમાણે સબંધજી
તે પ્રમાણ અક્ષરમાંહાં અરૂજીયા પ્રમેય સ્વરૂપની જાણે નહીં ગંધજી ।૫૬।
તો એ સ્વરૂપના કૃત્યને શું લહે એહનાં ચરીત્રને જાણે ન તેહજી
એહનુ માતમ મોટમ ઉચલા યથારથ જેહવું છે જેહજી ।૫૭।
જેહવું સ્વરૂપ તેહવું એ નીવેદન સ્વરૂપાત્મિક રસ ભર રસ દાનજી
જીવના વરણ કરી રસે ભર્યા ભીન્ન ભીન્ન રસે અને પાત્ર સમાનજી ।૧૫૮।

વલી કોઈ વીનતી કરે છે તેહ સમે કો સમય પામી અને ત્યાંહાંજી
પોતાના સ્વકીય જે આવી શકયા નથી તેહની આરત ધરી મન માંહેંજી ।૧૫૯।
રાજ મારે બેટી કે જમાઈ કે ભાઇ રહે પરદેશજી
કો અસૌકર્યથી આવી શકયા નથી તેહને આરત રહે છે વીશેષજી ।૧૬૦।
રાજે તે ઉપર કરૂણા કરી અને તેહનો કરવો અંગીકારજી
વીનંતી સુણી અને પરમ પ્રસન્ન થયા અવશ્ય કહયું વહાલે તેણી વારજી ।૧૬૧।
પત્ર લખી અને શ્રી કરમાંહાં ગ્રહી આપ્યું તે ભકત તણા કર માંહેંજી
શ્રીમુખથી આજ્ઞા એણીપેરે કરી એ પત્ર મોકલો તેહને ત્યાંહાંજી ।૧૬૨।
નાહીને સ્વચ્છ થઇ સનમુખ રહે ને વાંચી સંભલાવે કો ભકતજી
એહથી નીવેદન તેહને થયું એવું વચન કહયું થઇ અનુરકતજી ।૧૬૩।
પત્ર દ્વારા નીવેદન સીધ કરવાને શ્રીમુખે કરી કહયું છે જે સીદ્ધાંતજી
તે લખું છું હું અહીં ઉપપત્યને જે કર્યું આચર્યું આદ્ય ને પ્રાંતજી ।૧૬૪।
એક સમે એણીપેરે એણે સમે છીપણીયા જે છે ગોવીંદદાસજી
તેણે આવીને ત્યાંહાં વીનંતી કરી કરી વાહાલાજીની મનમાંહાં આસજી ।૧૬૫।
રાજ મારે દેશમાંહાં એક બેટી છે તે રહે તેનાં સાસરા માંહાંજી
તેહ સ્માર્તને અનુરોધથી આવી શકાતું નથી તે આંહાંજી ।૧૬૬।
વીનતી માનીને પત્ર તે આપીયું આજ્ઞા કરી શ્રીમુખે નીરવીધજી
એ પત્ર વાંચીને ત્યાંહાં સંભલાવજો એહથી નીવેદન થયું તેહનું સીધજી ।૧૬૭।
તેહ સમે માલજી પંચોલી ત્યાંહાં હતા તે એણે ત્યાં પ્રશ્ન કર્યું એક એમજી
સાક્ષાત ને પત્ર દ્વારા નીવેદન બેમાં છે કાંઇ તારતમયજી ।૧૬૮।
ત્યારે મહા પ્રભુજીએ તે એમ કહયું સ્વરૂપની ઉગ્રતા પ્રગટ કરીયજી
સ્વકીયને દાનની સુચનીકા કરી સ્વરૂપ રસે તેહ સહુને ભરીયજી ।૧૬૯।
કહયું સુન માલજી રાજકો લૌકીક હોત હે તાકું વીવાહકું કાજજી
કન્યા પરદેશ હે તાંહાં વીવાહકું જાય શકે નહીં આપ લે સાજજી ।૧૭૦।
તબ ખાંડા પઠવત હે વીવાહકું ખાંડોઇ વીવાહ કરી લાવત વાકોજી
તબ રાજા ઓહોતેક પ્રસન્ન થઈ અતી સનમાન કરત હે તાકોજી ।૧૭૧।
જો ઈનમેં ગુન હોવે આપતે તો એઇ પટરાણી હોએજી
જેસે એ લૌકીક તેસે અલૌકીક એમ એ સમાનતા દેઇ કહયું સોએજી ।૧૭૨।
જેહવું એ કૃત્ય કર્યું અને આચર્યું તે સહુ નીત્ય કર્યું છે પ્રમાણજી
ચાર પ્રકારે અંગીકાર કરી કહયો તે સહુ જાણે સ્વરૂપના જાણજી ।૧૭૩।
એક સાક્ષાત તેવુંજ સ્વપ્ન દ્વારા ને વા પત્ર દ્વારા વલી થાએજી
ભગવદી દ્વારા અંગીકૃત્ય એ ચારે ન્યારા કર્યા એ કેણે નવ જાએજી ।૧૭૪।
પ્રાગટયની દસાએ અહીં પ્રગટ તે જે કરે તે સહુ પોતેથી થાયજી
અપ્રાગટે તે છે અધીકાર નામથી મરજાદા મારગે સબંધ કહેવાએજી ।૧૭૫।
એનું સીધ્ધાંત શ્રીજીએ શ્રી મુખથી કરી લખ્યું છે પત્ર દ્વારા તે પ્રસીધ્ધજી
વારાણસી ને બેલસે ભકતને કારણ જુત કરીને નીરવીધજી ।૧૭૬।

એહવું એ પત્ર દ્વારાનું નીવેદન પોતે પ્રમાણ સીધ કર્યું એહજી
વલી વચને આગ્યા દેઇ અને કર્યું હવે કાંઇ સુચન કરૂં છું તેહજી ।૧૭૭।
જ્યારે પધાર્યા પ્રભુ ગુજરાત માંહાં ત્યાંહાં ખંભાત માંહાં રહયા ત્યારેજી
ત્યાંહાં જરૂચના નારાયણજી આવીયા નામ પામી નીવેદનને જ્યારેજી ।૧૭૮।
તેહ સમે સ્વરૂપ બલે શ્રીમુખે કહયું જાઓ તુમારો નીવેદન ભયોજી
નીત્ય અચલ કૃતીરથ તે થયું ને સંદેહ તે સર્વદા ગયોજી ।૧૭૮।
એહ તો અનુભવ સીધ પ્રમાણ છે મેં લખ્યું વચન આગ્યાનુ સામર્થજી
કેવલ સ્વરૂપના બલને પ્રભાવથી સહજમાં સરે સ્વકીયનો અર્થજી ।૧૭૯।
અહીં જલઘરમાં બેસીને એક સમે ભેલસાના છે જે દયાલદાસજી
તેણે પોતા તણા અલૌકર્યની તે વીનતી કરીને આસજી ।૧૮૦।
રાજ મારે છે સેવા આપી રાજની સેવાના કાજને કોઇ નથી ત્યાંહાંજી
રાજનો સેવક બીજો કો છે નહીં ઉપયોગ આવે તેવો ગામમાંજી ।૧૮૧।
ત્યાં હરીવંશજીના સેવક છે ઘણા ને વલી બાલકના છે જેહજી
રાજ આજ્ઞા કરો જલ પાનનો કો સમે ગડુઓ ભરી ઘરે તેહજી ।૧૮૨।
ત્યારે અંગીકૃતનું અંગ લેઇ કહયું તેરે તો બેટા હે તો એમ કરીયજી
સેવાકો કાજ વે કેસે કરત નાહીં વે કયોં ન રાખત ગડુઆ ભરીયજી ।૧૮૩।
પ્રભુના વચન તણા રૂપનું હારદ્ર એ સમુજ્યો નહીં ચીતમાં ધરીયજી
તે અજ્ઞાનપણે ત્યાં તેહ સમે વ્હાલાને વીનતી કીધી ફરીયજી ।૧૮૪।
રાજ તે બેટાને નીવેદન નથી તો તે કને કેમ ગડુઓ ભરાવું જી
ત્યારે સ્વરૂપ બલે શ્રીમુખે કહયું જા મેં તેહને નીવેદન કરાવ્યું જી ।૧૮૫।
એહ વચન માથે ધરીને વલ્યા આવ્યા તે પોતા તણે ત્યાં દેશજી
કાજ કરાવ્યું બેટા કને ત્યારથી સંદેહ રહયો નહીં મનમાં લેસજી ।૧૮૬।
કો દિવસ પછે બેટાને લઇને જ્યારે આવ્યા શ્રી ગોકુલ ફરીયજી
ત્યારે બેટાને નીવેદન કરવાની વિનંતી મહાપ્રભુ આગલ કરીયજી ।૧૮૭।
ત્યારે સત્ય સંકલ્પ વચનાચલ જેહની આજ્ઞા નીત પ્રમાણજી
ચતુર શીરોમણી ને ચીંતામણી બોલ્યા જાણુ શીરોમણી જાણુજી ।૧૮૮।
ઇનકું તો મેં નિવેદન કરવાયો હે પ્રથમ વચન કહયું તે કર્યું સીધજી
અહીં એક વચન સામર્થે સહુ કર્યું વચનમાં આપી અલૌકીક નીધીજી ।૧૮૯।
એહ વચન ફલ રૂપ ફલાત્મિક ફલ તણુ ફલ છે એ વચન વીવેકજી
વચનનું સામર્થ વચને ન કહી શકું વચને તે કૃત્ય કૃત્ય કર્યા અનેકજી ।૧૯૦।
કેને સ્વરૂપ દ્વારા સ્વરૂપ બલે કરી નીવેદન કરવાવે છે આપજી
દેશ પરદેશ વિચર્યા જે જીવ છે તેહનો લહી મનમાં પરીતાપજી ।૧૯૧।
ભગવદી બીજાને આજ્ઞા દેઇને તેહને કરી સાક્ષી ભુતજી
ને નિવેદન તેહનુ સીધ કરે એણીપેરે ચરીત્ર કરે અદભુતજી ।૧૯૨।
સાંપ્રત્ય દર્શન કેહને આપીને સનમુખ બેસાડી તેહને ઠામજી
અનુભવ કરવાવીને તેહના પુરણ કરે છે કામજી ।૧૯૩।

એ સંસ્કાર અલૌકીક અભીનવો અલૌકીકતાએ કર્યા સહુ સીધજી
જીવના ઉદ્યમ વીન એ સ્વતહ થકી જીવને આપી અલૌકીક નીધજી ।૧૬૪।
જે સ્વરૂપે વર્યા અને જેહને કેવલ સ્વરૂપનું કરવું છે દાનજી
અન્ય વીનીયોગ થાવા ન દે તેહને સ્વ નીરોધીયા તે ભાગ્યવાનજી ।૬૫।
તે ભાગ્યવાન આવે અહીં દરશને ઉગ્ર અંગીકારને બલે જયારેજી
જેહવું સ્વપન માંહાં દરશન કર્યું છે તેહવું એ સાંપ્રત્ય દેખે ત્યારેજી ।૬૬।
તે પ્રભુને કહે રાજ મેં રાજને એણે સ્વરૂપે દીઠા છે અહીંયજી
તે સુણીને સતકાર કરે પ્રભુ મુસકાઇને હાંહાં કહીયજી ।૬૭।
તેહ સમે ભકતના મોહનું શું કહું પ્રભુનો મોહ કહેયો ન જાએજી
ઉભય પરસપરની જે પ્રસન્નતા વચને કરી અને ન કહેવાએજી ।૬૮।
એણીપેરે અનેક સમાજનો એમ કરી સ્વપ્ન દ્વારા એ કરે અંગીકારજી
તેહના નામ વીસદ કરીને લખું પણ થાએ નહીં તે વીસ્તારજી ।૬૯।
વૈશ્નવ દ્વારા નીવેદન ચારમું પ્રસીધ કરી લખ્યું છે પોતેજી
સીધ્ધાંત સરવોપર શીખર બીજું સીધ્ધાંત ન આવે જોતેજી ।૨૦૦।
ભેલસે પત્ર લખ્યું છે શ્રી પ્રભુજીએ તેહમાં સીધાંત લખ્યું છે સીધજી
ચાર પ્રકારે અંગીકાર નામથી ભગવદ સબંધ હોએ માહા નીધજી ।૧।
સાક્ષાતે સાક્ષાત હોય નીવેદન પુરષોતમ વીના સીધ ન થાએજી
બીજે પ્રકારે અંગીકાર નામથી ભગવદ સબંધ તે કહેવાયેજી ।૨।
અડી વીધી ન્યામીક ને પર પીઠીકા અક્ષર અધીકારે કાજ ન સરીયુંજી
જોગ્યતા જીવની એકે ગીણી નહીં સ્વરૂપ બલે સર્વ સીધ કરીયુંજી ।૩।
ત્યાંહાં વલી સેવાના મનોરથ જેહને સેવા તે પધરાવવાને કાજજી
તે પાદુકા સીધ કરી અને લાવે છે ને વલી સઘલો સાજજી ।૪।
આવીને વીનંતી કરી મહા પ્રભુને સેવાનો મનોરથ અમને છે રાજજી
સાંભલી અવસ્ય કહી અને તેહ સમે મનમાંહાં પ્રમુદીત થયા મહારાજજી ।૫।
પાદુકા પ્રભુને આગલ મહેલી અને દંડવત કરી ઉભા રહયા ભકતજી
પ્રભુજીએ પ્રસન્ન પણે પદ કમલ તે ત્યાંહાં ધર્યા થઇ અતી અનુરકતજી ।૬।
એ ચરણાર્વીંદ સ્વરૂપાત્મિક સ્વરૂપનુ દાન એહનું કર્યું થાએજી
સ્વરૂપથી અધીક તે ધર્મ છે એહના અદેય દાન એહનું આપ્યું અપાયેજી ।૭।
એહનું કૃત્ય સ્વરૂપ ને ઉગ્રતા મહીમા પ્રતાપ તે પ્રગટ કરીયજી
તે લખ્યું છે મેં ચરણ ચરીત્ર માંહાં ત્રીજે માંગલ્યે તે ઉલટ ભરીયજી ।૮।
એહવા પાદાંબુજ પરસ કરીને પાદુકા પ્રમુદીત થઈને આપ્યાજી
શ્રીમુખે આજ્ઞા કરી કહયું લેહુ એ લેહુ કહયા માંહાં સકલ શુભ સ્થાપ્યાજી ।૯।
લેહુ કહી અને દાન અદય કર્યું પરમ રસોમય સ્વરૂપ સમેતજી
તેહો ઘેર આપ જઇને રથીતી કરી ત્યાંહાં રસ વસ થયા ભકતને હેતજી ।૧૦।
ભકતે તે નીકટ આવીને તેહ સમે માલા પહેરાવી હેમ તણીયજી
ભેટ રાખીને સેવા લેઇ વલ્યા કરણા તે કીધી પ્રભુજીએ ઘણીયજી ।૨૧૧।

વાજતે ગાજતે ગાન અનેકસું પધરાવ્યા પોતા તણે ઘેરજી
આસને બેસાડીને આનંદીયા કીધી તે વાત્સલ્યની બહુ પેરજી ।૧૧૨।
ભોગ સમર્પીને કીધી આરતી ભેટ ન્યોછાવરી વારી ઘણીજી
વૈષ્ણવને પ્રસાદ લેવરાવીઓ કુલ કયાં લગી કહું તેહ તણીયજી ।૧૩।
એહ સેવા રસના રસ ભોગીઆ સેવા સુખે હોએ સુખ સપન્નજી
જેહ સમર્યે તે આપ અંગી કરે થઇ થઇ પ્રમુદીત પરમ પ્રસંન્નજી ।૧૪।
તેહથી કાજ સરે સહુ ભકતના એહથી જગત કૃતારથ થાએજી
એહથી લૌકીક અલૌકીક સંપજે એહનો મહીમા તે કહયો ન જતએજી ।૧૫।
એહોથી ધર્મ અર્થ ને કામ જે મોક્ષ અપાંગ કહીએ છીએ જેહજી
એહવા પદારથ ચાર અલૌકીક સાંપ્રત્ય સીધ થાએ વલી તેહજી ।૧૬।
એહથી સ્વરૂપ રસે રસ વસ હોએ દાન અમોઘ તણી હોએ વૃષ્ટીજી
મનોરથ અંતથી અધીક થઇને એહો રહે નહીં અહીં અવસીષ્ટજી ।૧૭।
એહથી એહવા પ્રકાર અનેક તે સેવાનો ધર્મ આચરતા માંહેજી
ફલીતારથ થાય છે સફલ થઇ તો એ સ્વરૂપનું પ્રાણલ્ય કયાંહાંજી ।૧૮।
એહવા પદારથ સેવાએ સીધ હોએ પણ પુષ્ટ પુષ્ટે જેહનુ હોએ વરણુજી
તે અલીલાખ સ્વારથનો કરે નહીં વાછલ્ય સહીત રહે એ આચરણુજી ।૧૯।
એહવી સેવાનું સ્વરૂપ સહીત તે દાન કર્યું કરૂણા કરી રાજજી
દાન કરીને પ્રસન્ન થયા ઘણુ ભકતના ભાગ્ય વીસ્તારવા કાજજી ।૨૦।
એમ માહા પ્રભુ તે બેસીને જલઘરે દાન અલૌકીકની કરે વૃષ્ટીજી
અલૌકીક રસમઇ પાગી પુરણ હોયે ભરી સોહાગે સોહાગી સૃષ્ટીજી ।૨૧।
સૃષ્ટી વીચારી ને અણુવીચારી ઉધારી અંગીકૃત કરીયજી
રસે વરી અને રસ માંહાં પાગી વીવીધ પ્રકાર તણે રસે ભરીયજી ।૨૨।
એણીપેરે જલઘરે બેસીને કરે છે અનેક ચરીત્ર લીલાનો પ્રકાસજી
ભાવ પોષણ કરવા બહુ ભકતના બહુ વીધી કરે છે વચન વીલાસજી ।૨૩।
મહા ભાગ્યવાન બેઠા છે ત્યાંહાં ફરીને તેહસું કરે છે હાસ્ય વીનોદજી
પ્રસંગ ચાલે છે તે બહુ બહુ ભાંતના ઉપજે છે વાહાલાને મન અતી મોદજી ।૨૪।
ત્યાંહાં સેવા સુખદાયક સુખ પરાયણ સેવા પરાયણ સુખના રૂપજી
સ્નેહ સહીત સુખ વાંછીત પ્રભુના જેહના પ્રભુ સુખમઇ સ્વરૂપજી ।૨૫।
તે ત્યાંહાંથી ઉઠીને બેઠકમાં ગયા બેઠક તણો કરવાને સાજજી
જેહવો સમે જેહવી રીતુ જેહવો વાહાલાજીને સુખાવહ કાજજી ।૨૬।
અહીં પહેલા ગરમીનો સમય તે સુચન કરૂં છું છાયા માત્રજી
સહેજ મારા વચનથી તેહને રકુરસે જેહ એ સમયના અનુભવી પાત્રજી ।૨૭।
પ્રથમ તે સમીયાના આણીને સીધ કર્યા બેઠક ઉપર બાંધવા કાજજી
સામ સામી તે અટાલીએ તે ચઢયા સમીઆનાના લેઇને સાજજી ।૨૮।
રાયજીની અટાલીની છાતથી તે અહીં કુલઘરની તે છાતજી
પુર્વ પશ્ચીમ એમ કસણુ કહ્યા ને વલી ઉતર એણી ભાંતજી ।૨૯।

સંપુરણ બેઠક ને અટાલીઓ છાઇ રહયેા વ્યેામ સ્થાની થઇજી
ફરતી ફરાવે જે ત્યાંહાં ફરહરે જોઇ સહુ થાએ આનંદ મઇજી ।૨૩૦।
ગેાડીયા લાલનેા અતી ઉતમ ઘણુ દેાહેારી દેારંગી આલર રાજેજી
તેહ વયારથી અતીસય ફરહરે જોઇ સુરેખ વીતાન તે લાજેજી ।૩૧।
તેહને નીચે બીજે સમીયાનેા તે તાણીયેા તેણી રીતજી
ઘામ પ્રવેશ કરી શકે નહીં વાત્સલ્ય ભર કીધેા કરી પ્રીતજી ।૩૨।
મહા ભાગ્યવાને મનેારથ કરી અને ધર્યા છે તે સેવા નીમીતજી
ગરમી માંહાં દીવસે ને શીત માંહાં રયણીય સેવાને ઉપયેાગ આવે છે નીત્યજી ।૩૩।
એમ દેાહરા સમીયાના તે તાણીયા શીતલતા થઇ રહી સર્વત્રજી
રશ્મીના કીરણ તણી આભા તણેા નહીં પ્રવેશ તે કહીં અન્યત્રજી ।૩૪।
સહેજ સમીર ચહુંદીશે સંચરે થરહરે મધ્ય ને આલર ઘણુયજી
વલી ઉદ્યોત થઇ થઇ અને દ્રબે મેાહીએ કૌતીક જોઇ તેહ તણુંજી ।૩૫।
નીચે તે જલ છીરકે સૌભાગીઆ વાત્સલ્ય પાગીઆ પરમ સુજાણુજી
શીતલતા કરવાનેા ઉદ્યમ કરે સુખ પરાયણ પ્રભુના સુખ જાણુજી ।૩૬।
ગગરા ભરી ભરીને છીરકે વલી ને છીરકે છે ફરી ફરીયજી
ફરી ફરી છીરકેથી શીતલ હેાએ એ મનેારથ મનમાં ધરીયજી ।૩૭।
ગડુઆના મંદીરમાં છીરકી અને શીતલતા પ્રગટાવી ઘણીયજી
ભીતર ભીંત ને મેાખા છીરકીયા શેાભા શી કહું તે એહ સમે તણીયજી ।૩૮।
મેાખાને રંધ્રે સુવાસ સંચારીઆ ને મહેકાવીયા મધ્યે અબીરજી
તે સુવાસ સમીર લેઇ વહે અનુભવતા ન રહે કેહનુ ધીરજી ।૩૯।
આગલ ગલી અને ગલીની ભીંત જે ને વેદી તણી જે ચેાતરીજી
ને વલી ચરણ ક્ષાલણુની ચેાતરી તે સહુ ફરી ફરી જલસું ભરીજી ।૪૦।
બહીં બ્હાલેાજી ચટાઇએ બેસસે ભીંતે અટકીને ગલીની મધ્યજી
તે માટે છીરકી છીરકી અને સ્થલ શીતલ કરી રાખ્યેા સીધજી ।૪૧।
ચેાક ચેાહેાંદીશ છીરકયેા છે અતી ભીંત તે સઘલી દીશા તણીજી
સહેજ શીતલતા ત્યાં પ્રગટ હેાએ જાણે રાખ્યું સહુ શીતલે સણીજી ।૪૨।
કેાઇ અટાલી ચઢે ગગરા લેઈ છાત ઉપર દે છે જલધારજી
સંપુર્ણ છબ્બવટી થઇ જલ વહે તે શેાભાનેા પામું નહીં પારજી ।૪૩।
ઉપરથી જલ શ્રેણી ચાદર વત ઢલી ઢલી આવે છે આગણ માંહાંજી
તેની કણીકા તે ઉડે છે અતિ ઘણી સર્વત્ર ફેલી રહી જ્યાંહાં ત્યાંહાંજી ।૪૪।
બાંલી ને ખુંભીઓ છીરકે છે જુકત યુકતસું તે અતિ શીતલ કરીજી
જલ ચેાહેાં દીશથી ઢલીને સંચરે પરનાલે તે વહે છે ભરીયજી ।૪૫।
કેાઇ કેાઇ પરદની દેાહેારી કરી ભેામીસું સાણીને આરંદ્ર કરીયજી
તે નીચેાએ છે પરનાલે જઇ એમ જલ સુકવે ફરી ફરીયજી ।૪૬।
એમ જલ લેઇ લેઇ ભેામી કેારી કરે હરે આરંદ્રતાનેા પરીચારજી
તે ઉપર પંખા કરે સેાહતા શીતલતા પ્રગટે છે અપારજી ।૨૪૭।

ઠામ ઠામે પંખા કરે ભોમીને ભગવદીયે। મલી મલીને સંગજી
તે સમય ત્યાં પદ્મ પરસાવતા શીતલતા પ્રગટે સર્વાંગજી ।૨૪૮।
ત્રણેય તીબારીના ટેરા લેઈ ઉપર સરકાવીને કસીયાજી
તેહની શોભા સુશોભીત રાજતી હંસી રહ્યા છે અતિ હુલસીજી ।૪૯।
ગડુઆને મંદીરે ગડુઆ ભરી ધર્યા મૃતીકા ધરી ઉપયોગને કાજજી
વલી અહીં તેહ સમે જે જે પ્રકારના જોઇએ તેહવા કર્યા સહુ સાજજી ।૫૦।
પનહી લેઇ ઉરસું ચાંપીને નેત્રે દેઈ કરમાંહાં તે ધરીજી
ઉપરણે પુંછીને ત્યાંહાં ફરી ધરી શીષ ચઢાવીને દંડવત કરીજી ।૫૧।
ચરણ ક્ષાલણને સ્થલે ગડુઓ બડો વલી છોટો ને કસેડી ભરીજી
પીઢા ઉપર ગાદી મખમલ તણી તેહ આણીને ત્યાંહાં રાખી છે ધરીજી ।૫૨।
કોએ અલીનવ રચના બેઠક તણી ઘણી ઘણી ભાંત્યની રાજે અનુપજી
મુખી બલે કહેવાને અશકય છે એ શોભાની છાયાનું રૂપજી ।૫૩।
એમ સહુ સાજ બેઠક તણો કરીને ફરીને આવ્યા તે વાહાલાજી પાસજી
હવે અહીં તે રાજ ભોગ સર્યા તણો થોડો રહ્યો છે ત્યાંહાં અવકાસજી ।૫૪।
વાહાલોજી હાસ્ય વીનોદ પ્રસન્નસુ બેઠા છે જલઘરે પરમ ઉદારજી
અદય દાન દે સ્વરૂપ રસે ભરી તે કહેતા નવ પામું હું પારજી ।૫૫।
બેઠક મંદીર ને સીઢીઓ વલી જગમોહન ને અટાલીઓ ભરીયજી
આસપાસ ને નીકટ ગહગહી રહી ભીડ ન જાએ તે વીસદ કરીયજી ।૫૬।
એહવે રાજભોગ થયો અને આરતી કીધાનો સમય થયો તેણીવારજી
તે સુણી વેગા વેગા થઈ ઉઠીને પધારે છે તે પ્રાણ આધારજી ।૫૭।
વાહાલોજી ઉઠતા સહુ કોએ ઉઠીયા જૈજૈ કરી મુખથી ઉચારજી
હવે વ્હાલોજી વેગા પધારસે મુદીત થયા સહુ કો નર નારજી ।૫૮।
ભીતર પધાર્યા વહાલોજી લટકતા ને ઉઘાડયા મંદીર તણા દ્વારજી
ભીતર ભીડ થઇ ભગવદીની તે તણો કાંઇ નવ આવે પારજી ।૫૯।
જગમોહનના તે આ થા ધસીને હુલસીને આવ્યા તે જલઘર તણાજી
બેઠકના તે બેઠક માંહાં રચી રહ્યા જયાંહાંના ત્યાંહાં રહ્યા છે અતી ઘણાજી ।૬૦।
જેહને જયાંહાં રહીને દરશન હોએ તેહ અટકી રહ્યા છે તેણે ઠામજી
આન પદારથ તે સમજે નહીં તેહને દરસન સાથે કામજી ।૬૧।
જે કોઈ આવ્યા છે ભીતર ધસીને તે માંહે પ્રમેય પ્રમાણે જુકતજી
જેણે પ્રકારે જે કોઇ નીરોધાયા તેહ દરશન કરે તેહવી ઉકતજી ।૬૨।
ભાવ વીસદ ન થાએ તેહ તણા પ્રતી એકના ન્યારા છે રૂપજી
તે માંહે કેવલ સ્વરૂપ સબંધીયા તેહને જાણે છે ગોકુલભુપજી ।૬૩।
જે બેઠકમાં સૃષ્ટી રચી રહીને દરશનને જે અટકયા છે ત્યાંહાંજી
ત્યાંહાં રહી વાટ જુએ વ્હાલા તણી નીરખવાને ભર્યા આરત માંહાંજી ।૬૪।
કહે છે હવે રાજભોગ સરી રહ્યો વાહાલોજી પધારસે અહીંયા વહેલાજી
કાજને ભગવદી કો કો ઉતાવલા વાહાલાજીથી તે તો આવસે પહેલાજી ।૨૬૫।

તેહ થકી વાહાલાજીનું પધારવું આપણે જાણીસું તે નીરધારજી
એમ આલોચ કરે છે આરત ભર્યા મન માંહાં કરી કરીને તે વીચારજી ।૨૬૬।
સર્વની દ્રષ્ટી એથી પાસ રહે ને ઉઠે ઉઝકી ઉઝકીયજી
કેા ઘાઇ આવતા જોઇ વીહવલ હેાએ પધારવા વહાલાના થકીયજી ।૬૭।
રાજભેાગ તણુ કાજ કરી અને ફરીને ણહાર પધારે છે રાજજી
નીજ સ્વરૂપ સુખદાન દેઇને ભકતના કરવાને સહુ કાજજી ।૬૮।
જલઘરે પધાર્યા વાહાલાજી લટકતાં પધારે એેઠક ભણીયજી
ણુધી પ્રમાણે કયાં લગી કહી શકું શેાભા પ્રગટ હેાએ તેહ સમે તણીયજી ।૬૯।
અતી તાપત અને રૂપ ત્રપીત ઘણુ ભકતના નયણુ જે લેાભાયમાનજી
સાદર એેઠ ટક રહી આરત ભરી પ્રતી અંગ રૂપનું કરે છે પાનજી ।૭૦।
અંગઅંગ રૂપ રસે ભર વરસતા આનંદ રસ તે ઉદારજી
નેત્ર તૃસારત ભર સહુ ભકતના તેહને તૃપ્ત કરે તેહ વારજી ।૭૧।
અંગઅંગ સીંચન કરી શીતલ કરે ભરે છે રૂપ રસે રસ મસીયજી
ભાગ્યવાન ભાવે ભર રસ ભર્યા પાન કરે અતીસે હુલસીજી ।૭૨।
અંગ અંગનેા જે અવ્યકત વીરલ રસ તેહનેા ન્યારેા ન્યારેા છે સ્વાદજી
પધારતા તેહનુ પાન કરાવે છે ભકતને હીત કરી રહીત મરીયાદજી ।૭૩।
તે અંગ અંગની સુચનીકા કહું કાંઇ એક ભાવ તણે અનુસારજી
પણ એ અગાધી રસે રસ પુરીત તે કહેતા નવ પામું પારજી ।૭૪।
કેાઇ તાં કેશ સકેામલ સેાહતા સરલ સચીકણુ શેાભાયમાનજી
શ્રીંગાર રસનું સ્વરૂપ સેાહામણું એ રસનું કરે ભગવદી પાનજી ।૭૫।
કેાઇ કપેાલ ને સુભગ લલાટનેા ઉપર ભાગ જે પરમ અનુપજી
તેહનું તેજ ને જ્યેાતી પ્રસરી રહી પાન કરે છે રહયા તેહનુ રૂપજી ।૭૬।
તીલકની રેખ પીત રસે પાગી જે સુંદરીનાં સૌભાગ્યનું ધામજી
કેાઇ એક એ રસ પાન કરી અને થાય છે પેાતે તે પુરણ કામજી ।૭૭।
તીલકને મધ્યે જે શ્યામ રેખ રહી વંક વામ દીશ તે કાંઇ સેાહેજી
ભકત સેાહાગ રસે રસ પુરી એ રસપાન કરી કેાએ મેાહેજી ।૭૮।
ભ્રકુટી વિકટ નિપટ અણીયાલી રસાલી વાલી વાલી અને નીરખેજી
ભાવ સુચન રસ એ માંહે અલીનવેા પાન કરીને વલી પરખેજી ।૭૯।
નેત્ર નીરૂપમ નવ નવ રસ ભર્યા હાવ ભાવાદીક અનેક પ્રકારજી
કરૂણા રસ પુરીત કરૂણામય એ રસ પાનનેા રસ અનીવારજી ।૮૦।
સુંદર રૂપ અનુપમ નાસીકા ઉપર અલીનવ ઉભય છે રેખજી
આમેાદ રસ ઉછલીત પ્રગટી રહયેા પાન કરે છે કેા ભાવ વીશેષજી ।૮૧।
કરણ કેામલ અતી કમનીય પાતલા સરૂઆ સુખાનંદ દાએક સારજી
ભકતના વચનનેા રસ પ્રીય એહને કેા પાન કરીને કરે સતકારજી ।૮૨।
મુખ સ્વચ્છ કમનીય કેાડામણી વંક વીમેાહક સુંદર બાલજી
શેાભા રસે ભર શેાભાએ સેાહતી પાન કરે રસીયા કેા રસાલજી ।૨૮૩।

અધર અવ્યકત મધુર કલ માધુરી અતી ઉછલીત રસ પરમ ઉદારજી
પ્રતીક્ષણ રસ તરંગ ઉપજાવતા પાન કરે ન કેા પામે પારજી ૧૨૮૪।
મુખ સુવાસ મકરંદ રસે ભર્યું વાણી રસ અતી મધુર વીલાસજી
હાસ્ય રસે રસ વાધે છે અતી ઘણેા પાન કરે પ્રમુદીત થઈ દાસજી ૧૮૫।
ગલ કપેાલ તે પરમ સુભગમાં પ્રગટે છે અંતરનેા ઉલ્લાસજી
સૌંદર્ય રસ વીલસે છે સદા ત્યાંહાં પાન કરે કેા કરી ત્યાંહાં આસજી ૧૮૬।
ઠેાડી સુડાણી વખાણીને કેમ કહું ચીબુક સુચારૂ મનેાહર સેાહેજી
ઉદબેાધ રસ અહીં રહીને પ્રગટ હેાએ એ રસ પાન કરી કેા મેાહેજી ૧૮૭।
ગ્રીવા ગુણજ્ઞ ગુણે ભર સેાહતી મેાહતી મનસીજ તણુ તે મનજી
ગંભીર રસ અહીં નીત અનુસરી રહે ભકતને એ રસનું હેાયે દાનજી ૧૮૮।
ભુજ શુભ ઉભય અનુપમ સેાહતા પરીર ભણુ રસદાએક દક્ષજી
ભકત રહયા સનમુખ અવીલેાકીને એ રસ પાન કરે સમક્ષજી ૧૮૯।
કર અંબુજ કમનીય કેાડામણા નખમણી નવલ નીરૂપમ રૂપજી
દાન અદય ને અભય બહુ ભાંતના એ રસ પાન કરાવે અનુપજી ૧૯૦।
દક્ષિણ કર અંગુલીદલ મુદ્રિકા દક્ષ નાએકની અતી સેાહેજી
દક્ષણ દીશની પંગતી જે ઉભા રહયા તે નીરખી નીરખીને મેાહેજી ૧૯૧।
હૃદય ઉદય કર ભાવ રસેામય સ્નેહ કૃપા ભર આનંદ મયજી
ભાંતી ભાંતી રસ અમીત પ્રગટ હેાએ પાન કરે સહુ આતુર થયજી ૧૯૨।
ઉચ ઉરેાજ મનેાજ રસે ભર્યા ઠામેાદબેાધક નીરેાધક મનજી
એ રસે વીવસ થઇ વીહવલ થયા નીરખીને આકર્ષ્યા છે તનજી ૧૯૩।
તુલસી ને ગુંજની માલા લસી રહી હંસી રહી છે તે અતી અનુરાગીજી
લટકતી ચાલે તે દીસે છે લટકતી જોઇ રસપાન કરે છે સૌભાગીજી ૧૯૪।
ઉપરેણેા અભીનવ ભાંતી સેાહામણેા પરમ સેાહામણેા મનેાહર ભાંતીજી
ઓઢયેા હમેલે તે જોઇ જોઈ મેાહે છે ઉભી જે ભકત રસીક તણી પાંતજી ૧૯૫।
ઉદર અમેાઘ રસે હુલસી રહયું રેામાવલી વલી રહી રસ જાલજી
પધારતા ભાગ્યવાન નીહાલીને એ રસ પાન કરે તે રસાલજી ૧૯૬।
નાભી નીરૂપમ કમલ પ્રકાશક એ રસ ગેાપ્ય પ્રગટ સુખદાયજી
કેા સમે પ્રગટ દરશન તણું દાન દે કેા સમે ધેાતી કરે અંતરાયજી ૧૯૭।
મધ્ય મનેાહર સ્વચ્છ જે વીલાસનેા રસ અવ્યકત ને અપરમીત સારજી
નીરખતા અનુભવતા ને મનેારથે પાન કરેથી ન પામે કેા પારજી ૧૯૮।
પૃષ્ટ પારસ્વ પાછલ થકી નીરખતા હરખતા એ રસ કરે છે પાનજી
જોતા તે નયણ નીમેષ કરે નહીં મેાહ ભર્યા મહા ભાગ્યવાનજી ૧૯૯।
ધેાતી સુભ્ર શેાભા જુત સેાહતી રસ આછાદનનેા શ્રીંગારજી
એ સુખ રસ માંહે નયણ પગી રહયા શેાભાનેા પામે નહીં કેા પારજી ૧૩૦૦।
જંઘા જાનુ અતી સુભગ સેાહામણા પરમ મેાહામણા રંગ તણુ મુલજી
ભકતને સુખ રસ પાન કરાવે છે નીકટ રહી થઇને સાનુકુલજી ૧૧।

ભકિત રૂપ પાદાંબુજ નીરખે છે અભય દાન રસનું છે શરણુજી
ભાંતી ભાંતી રસ આશ્રય એહ ને એ રસ આદ્યથી આરત હરણુજી ।૩૦૨।
નખમણી અંગુલીદલ નીરખે કોઇ નખ થકી શીખ નીરખે છે ફરીયજી
રસપાન કરે પ્રમુદીત થઇને નયણ કરાંબુજે કરી કરીયજી ।૩।
રોમ રોમ પ્રતી રૂપની માધુરી પાન કરેથી કોએ ન અધાયેજી
ભકતના નયણ રૂપાત્મિક થઈ રહયા અરૂજયા તે અલગા કર્યા નવ જાએજી ।૪।
એમ નખ શીખ થકી એ સર્વાંગ તે રસનો સમોહ ને રસ તણી ખાણુજી
અતી અમોધ રસ પ્રતીક્ષણ વાધતો જેહનું થાએ નહીં નીરમાણુજી ।૫।
એમ રસ પાન કરાવતાં ભકતને ભકત કરે છે એ રસ પાનજી
બેઠકે પધારે વાહાલોજી એણીપેરે કરતા તે મહા રસનુ રસ દાનજી ।૬।
અંગ પ્રતીઅંગના ભાવ પ્રકાશસું ચંચલ ગવનની લાઘવ તાઇજી
એમ પધારતા જોઇ કોઇ ભગવદી આગલથી લાવ્યા તે વધાઇજી ।૭।
તેહોના અંગ અંગ અતી ઉમંગી રહયા પ્રમુદીત મનમાંહાં મોદ ન માયેજી
નયણ સ્વરૂપ રસે રસ પાગીઆ અતી અનુરાગીયા અંગ ન સમાએજી ।૮।
એહના નયન વયણ અને શયણમાં દેખીને મન તણો અતી ઉલાસજી
જાણે એ સાંપ્રત્ય રૂપ સોહામણુ લેઇ આવ્યા છે એહોને પાસજી ।૯।
દેખી એ નયનમાં સ્વરૂપ તે નાચતું રાચતું અંગ અંગ રહયું ભરપુરજી
એણીપેરે આવ્યા બેઠક માંહાં આગલ થકી આરત સર્વની કરતા તે ચુરજી ।૧૦।
કહેતા આવ્યા વાહાલોજી પધારે છે નયણ વયણ કરી ગ્રીવાને લટકેજી
તે જોઇ અંગ અંગ પ્રાણ સીંચન કર્યા વારી ફેરી એહો પર કર ચટકેજી ।૧૧।
તેહોને જોઇ જોઇ સહુ વીહવલ થયા નીરખતાં દ્રષ્ટી તે અલગી નવ ખાંચેજી
અંગ માંહાં રૂપ વહાલાજીનું જોઇ અને ઉરમાં લેઇ લેઇ અંતર સાંચેજી ।૧૨।
દેહથી પ્રાણથી લાગે અધીક પ્રીય પ્રાણપ્રીયને પ્રસંગે કરીજી
જયાંહાં જયાંહાં ફરે છે એ આવ્યા જે કાજને ત્યાંહાં જુવે સહુ નયણ ભરીજી ।૧૩।
સહુ કેનાં મન અતી આરત ભર્યા કયારે પધારે વાહાલોજી તે આંહીંજી
ઉકતાઇ રહયા અવીલોકવા કો ધસી જાય છે સામા ત્યાંહાંજી ।૧૪।
કો બેઠા તે ઉઠીને ઉભા રહે કો સ્થલ બદલી રહે છે વેગાજી
કો ભીડ માંહેથી અલગા થઇ રહે કો અલગા થકી થાએ છે ભેગાજી ।૧૫।
કો પેંડો કરીને ઉભા રહે ઉભી બેઠકે દોહોરી હારજી
પેંડો નીહાલે છે અતી પ્રમુદીત થઇ હવડાં પધારસે પ્રાણ આધારજી ।૧૬।
જલઘરના ધસીને આગલ ગયા મહેલી પ્રસાદી ભંડારનું દ્વારજી
બેઠક માંહાં પધારતાં નીરખસું મનમાં ધરીને એહ વીચારજી ।૧૭।
બેઠકને દ્વારે કો મલી રહયાં ગલીને સનમુખ થઇને જોહજી
તે પધારતા નીરખે છે પ્રેમસું અનુસંધાન રહીત દેહજી ।૧૮।
સામી ગલી અને લદાવની સીઢીના ઉભા રહયા છે તે દરશન કાજજી
ઉંચા નીચા થએ દરશન નવ થયું આગલ આવ્યો તે બહુ સમાજજી ।૩૧૯।

ભીડ આગલથી ભગવદીની ઘણી ધસીને તે આવી બેઠક માંહે જી
મધ્ય મધ્ય નાયેક આવે છે લટકતાં પાછલ ભીડ ભરી જ્યાંહાં ત્યાંહાં જી ।૩૨૦।
જેઓ આગલ થઇ વાહાલેાજી પરવરે તેહ કરે જૈજૈ ઉચારજી
આશીષ દે સહુકેા જ્યાં ત્યાંથી અનેક મનેારથે તેણી વારજી ।૨૧।
બેઠકે બેહુ દીશના પેંડેા કરી કરી રહયા છે તે વ્હાલાજીને કાજજી
તે મધ્યે થઇ લટકતા અટકતા પધારે છે શ્રી મહારાજજી ।૨૨।
આતુરની આતુરતા રહી નહીં અભિલાષીના મીટયા અભિલાષજી
દર્શન તૃષીતેાની તૃષા તતક્ષણ ટલી મનેારથ તરૂ ફલ્યા સત સાખજી ।૨૪।
અંગ આમેાદ અમેાઘ પ્રગટ હવેા મકરંદે મહેમહી રહયું નિજધામજી
સર્વને સુખ ચીચન કર્યા સહેજમાં સહુના કર્યા પુરણ કામજી ।૨૫।
મુસકાતા મૃદુ વચનામૃત વરસતા હરખતાં આવ્યા આંગણુમાં આધારજી
નેત્રે નિહાલી નિહાલીને કરે છે ભકતના ભાવનેા અતિ સતકારજી ।૨૬।
જેમ જેમ પધારે વ્હાલેાજી મલપતા તે શ્રીમુખ નીરખતા આવે છે ભકતજી
કેા સનમુખ રહયા તે ત્યાંથી જુએ સ્વરૂપ મઇ થઇને અનુરકતજી ।૨૭।
એણીપેરે અંગ અંગનેા ઉનમત રસ પ્રગટ કરાવતા પેાતે તે પાનજી
પાન કરી અતિસય ઉનમત રહે સ્વરૂપ સબંધીયા મહા ભાગ્યવાનજી ।૨૮।
ઉપરેણેા લેઇ હમેલેથી બેહુ કરે લટકે લપટે છે શીષે સુવેશજી
ઉપવીત જમણે કરે કરી તે સમે દક્ષણુ કરણે ધરે છે સુદેશજી ।૨૯।
વેગા થઇને વહાલેા પધારીયા ભકતે તે પનહી આણી ધર્યા ત્યાંહાંજી
ચરણારવિંદે ધરીને ચપલ ગતીએ પહેાંચ્યા છે સ્થલ એકાંત છે જ્યાંહાંજી ।૩૦।
ભગવદી અંતરગતી આશીષ દેઇ મનમાં નામ લેઇ ગેાકુલેશજી
કહે ચીરંજીવેા બહુ જીવેા સત જીવેા એમ શુભ શુભ કહે ભાવ વરેસજી ।૩૧।
સ્થલ આપાપણે રેાકી રહયા સહુ જ્યાંહાં રહી રહીને દરશન થાએજી
અનેક આવ્યા ગ્રહ કાજથી પેાહેાંચીને વલી પેાહેાંચીને આવતા જાએજી ।૩૧।
સ્ત્રીજન અનેક ચઢયા છે અટારીએ જ્યાંહાં સમીઆનાની છાયા છે ગેહેરીજી
શીતલતા સર્વત્ર સેાહામણી સુખદ પવન તણી આવે છે લહેરીજી ।૩૨।
કેા બેઠકની અટાલી ઉપર ચઢયા છાત મુંડેરીએ તે બેઠા ભરીયજી
આંગણુમાં ચટાઇ બીછાવસે દરશન કરસું એ આશા ધરીયજી ।૩૩।
ભવન ભવન થકી ભગવદી ભાવસું ચાવસું ચતુરા તણેા નહીં પારજી
આવી આવીને ભાગ્યવાને ભવન ભર્યું કયાંહાં લગી કહું તેહનેા વીસ્તારજી ।૩૪।
નીકટવર્તી જે સાજ સેાહામણેા મેાહામણેા ને મનેારથ કેરજી
તેણે ચરણ ક્ષાલણ તણી ચેાતરી ત્યાંહાંનેા પ્રથમ કરી રાખ્યેા છે સાજજી ।૩૫।
સહુ કેાઇ વાટ જુએ છે વાહાલાજીની હવડાં પધારસે વેગા તે ફરીજી
દ્વારને સનમુખ સહુ જોઇ રહયાં નયણ કરણ મન એકત્ર કરીજી ।૩૬।
વાહાલેાજી પેાંચીને વેગા પધારીઆ જૈ જૈ કહે કેાએ જૈ મહારાજજી
કેાએ વેલાએલું એણીપેરે ઉચરે ચીરંજીવેા બહુજીવેા કહે છે સમાજજી ।૩૩૭।

હરખતા નીરખતાં સૃષ્ટી રસોમઇ વરપતા રૂપામૃત રસ સારજી
સ્વકીયને સ્નેહસું પાન કરાવતા પધારે છે પ્રાણ આધારજી ।૩૩૮।
આવીને ચરણ ક્ષાલણની ચોતરી ત્યાંહાં પીઠે બેઠા હીત ભરીજી
બડો ગડુઓ જે ચરણ ક્ષાલણ તણો તેહને બેહુ ચરણ મધ્યે ધરીજી ।૩૯।
કરની કલાઇસું કોપર ટેકીને ગડુઓ નમાવીને નમાવે છે ધારજી
મૃતીકા લેઇ લેઇ કર મીડીને ચરણ ક્ષાલણ કરે ત્યાંહાં આધારજી ।૪૦।
ભગવદી ભાવ ભર્યા આરત ભર્યા આનંદ ભરીઆ પરમ અનુપજી
જયાંહાં ત્યાંહાંથી જેણીપેરે દરશન હોએ તેણીપેરે નીરખે વહાલાજીનું રૂપજી ।૪૧।
એ અવકાસમા સીધ કરીને આણ્યો તે વેગે ચટાઇનો સાજજી
આંગણમાં બીછાવે છે સોહતી પ્રાણ વલ્લભજીને બેસવા કાજજી ।૪૨।
શીતકાલે તે બીછાવે તીબારીમાં જયાંહાં છે ઘામ તણો પરીચારજી
તેહ કહયું છે કાંઇ એક ચરીત્રમાં વીસદ કરી તેહનો વીસ્તારજી ।૪૩।
અહીં ગરમીનો પ્રસંગ કહું હવે કાંઇ એક અનુભવને અનુસરીજી
જે મારે અનુભવે અનુભવ કર્યો તેહની પદ રજ શીષ ધરીયજી ।૪૪।
ગડુઆના મંદીર દ્વારની ભીંત જે ચરણ ક્ષાલણની ચોતરી લગી જેહજી
તેહને મધ્યે તે ભીતસું ટેકીને ત્યાંહાં બીછાવે છે ધરી મન નેહજી ।૪૫।
જયાંહાં રહીને જે પ્રાણી માત્રને સહેજમાં સર્વને દરશન થાયજી
ત્યાંહાં બીછાવે છે મહા બોદ ભર્યા ઉલટ અંગ અંગમાં ન સમાએજી ।૪૬।
પ્રથમ ચટાઇ બીછાવી સમારીને ગાદી તે શીતલ પાટ તણીયજી
અસ્તર મખમલ ને પરસુ ભરી ઉપર ધરી છે તે સોહામણીજી ।૪૭।
એક બાલીસ્ત તે બુદ્ધી પ્રકાશથી કીધો છે કરીને નવલી રીતજી
મધ્યે તે તકતો દેઇ અને રૂઇ ભરી મખમલસું તે મઢયો બહુ પ્રીતજી ।૪૮.
શીતલ પાટ સકોમલ બેહુ દીસે ફીરતી મગજી જે મખમલ તણીયજી
તે સમારીને ગાદી નીકટ ધર્યો ઉભયની શોભા તે સોહામણીજી ।૪૯।
ચરણવસ્ત્રને ઝુલચી સકોમલ સાદી વસ્ત્ર વીના તે બીછાવીજી
અપરસ સાજ સહુ એણી પેરે કર્યો વાહાલોજી અપરસ બેસસે આવીજી ।૫૦।
ત્યાંહાં કસેડી જલસું ભરીને રાખી છે કર બુગ ક્ષાલણ કરવાજી
કેશ નીવારણ કરી કર ક્ષાલસે સંસયનો સંદેહ તે હરવાજી ।૫૧।
કો મુઠો લેઇને તે ઉભા રહયા કો પંખો લેઇ ઉભા છે હાથજી
મુખવસ્ત્ર લેઇ ગુલાબ જલમાં ભીંજવીને કેણે રાખ્યું છે હાથજી ।૫૨।
મીસરીના ટુક સુખાવહ કરીને તે અવાસજીને રહે પાસજી
સુંઠ ને મીસરીની બુકણી તેહ સમે સીદ્ધ કરીને લેઇ રહયા દાસજી ।૫૩।
દાન સામગ્રી જે લૌકીક કાજની તેહનો સાજ કર્યો સહુ સીધજી
દાન દેવાને ચટાઇ સમે લહી આવી ઉભી રહી રીધી સમૃધીજી ।૫૪।
ભંડારેથી જે જે દાનના અર્થને મંગવાવે પ્રભુ પોતે ત્યાંહાંજી
ભંડારીની બુધીને અનુરોધથી વીલંબ થાએ જે મંગાવ્યા માંહાંજી ।૩૫૫।

વીલંબે વીલંબ હોએ ભોજનને ઘણુ અણુ ન તે ભકતે સહેવાયજી
એ આરત મનમાં ધરીને કીધો સૌભાગી એહ વીચારજી ૧૩૫૬।
ભંડારે સામર્થ્ય બહુ ભાંતની પણ એ મનોરથ ભગવદ્ની તણોજી
જેમ જેમ વિનિયોગ બ્હાલાજીને હોએ તેમ તેમ વાધે છે સત ગણોજી ૧૫૭।
જેહને પ્રેાજ્યા છે ભાવ ગુઢે કરી પ્રાણ પ્રભુજીએ પ્રણય સહીતજી
તેહને સર્વસ ધન એ સ્વરૂપ છે ઇતર વાસના થકી તે રહીતજી ૧૫૮।
અડરનીશ અંતરમાં એહજ રહે જીવન ધન અને વૈભવ સાજજી
વાહાલાજીના સુખ હીત વીનીયેાગ તે આવે અમારૂં જે એ સહુ કાજજી ૧૫૯।
પ્રભુની મનવૃત લેઈ મન મેલવે કેવલ ઇચ્છાના એહ સ્વરૂપજી
ઇચ્છા અંતરવર્તી થઈ અનુસરે ભાવ પ્રભુ પર પરમ અનુપજી ૧૬૦।
મન ઇચ્છીત જે પદારથ પ્રભુને તેહ કહે એહોને લહી પાત્રજી
ગેાપ્ય ને પ્રગટ જે બહુ ભાંતના પુરણ કરે એ મનોરથ માત્રજી ૧૬૧।
એહોને કહેતા પ્રભુ સંકોચે નહીં એહોને વિલંબ નહીં તે લગારજી
આગલ આગલથી સહુ સીધ કરે ઇચ્છાથી પહેલા કરી વિચારજી ૧૬૨।
બંટમાં ન્યારા ન્યારા ધરી કરી અને ભરી રાખ્યા છે દાનને કાજજી
મધ્યે રૂપૈયા અધેરી પાવલી ગુજરાતી મેાહરેા આઠસનેા સાજજી ૧૬૩।
વસ્ત્ર તે સ્ત્રી પુરૂષ તણા અતી ઘણા આણીને રાખ્યા છે દાનને કાજજી
પાત્ર વીવીધ બહુ જેહને જે જોઇએ તેહના કરી રાખ્યા છે સાજજી ૧૬૪।
ઔષધ અનેક પ્રકારના ને વલી તેલ તે જાત અનેકના હોએજી
વ્યાધી વ્યાજે કોએ જે આવે માંગવા આંહીંથી તે નીરમુખ ન જાએ કોએજી ૧૬૫।
એણી પેરે દ્રવ્ય વસ્ત્ર અને પાત્ર જે વલી ઔષધ દાનને જેહજી
સ્વરૂપ સબંધીયા સાજ બીજા સહુ સીધ કરીને રાખ્યા છે તેહજી ૧૬૬।
ઓડાલેાજી ચરણ ક્ષાલણ કરી પેાહોંચીને કોગલા કરી પેાહોંચ્યા તેણી વારજી
ઉપવીત કણ્ઠથી ઉતારી અને આચમન કરે છે પ્રાણ આધારજી ૧૬૭।
ચરણ ક્ષાલણ તણુ કાજ કરીને હીત ભરી પીઢે તે બેઠા ફરીજી
તેણે સમે મુખવસ્ત્ર ખવાસજી રાખી રહયા છે તે આગલ ધરીયજી ૧૬૮।
મુખવસ્ત્રસું મનોહર મુખ પુંછીને કર પુંછે પરમ કરૂણાલજી
મસ્તકથી ઉપરેણેા તે લેઈને રાખ્યેા હમેલે ભાંત રસાલજી ૧૬૯।
ત્યાંથી ઉઠયા અનુપમ ભાંતસું ભકતને મનોરથે મનોરથ ભરીજી
મનોરથાંત કર્યા સહુ પ્રતીક્ષણે મનોરથની સહુ આરત હરીજી ૧૭૦।
તે ફરી મનોરથ પ્રગટયા સત ગણા મનોરથ બહુ થાએજી
મનોરથને મન મનોરથ અતી ઘણા તે કાંઇ વચને કહ્યાં ન જાએજી ૧૭૧।
મનોરથથી ફલ સીધ હોએ અને તે ફલથી વલી મનોરથ વાધેજી
મનોરથમાં ફલ અનેક ફલે મનોરથ હોએ ઉભયતાએ એક એકને આરાધેજી ૧૭૨।
રસ મનોરથ વીસે રસ વાધે ઘણેા જ્યાંહાં ફલ એકજ નહીં સંપન્નજી
ફલથી ફલાત્મિક મનોરથ અતી ઘણા ન્યામીક કરી શકે ન મનજી ૧૩૭૩।

મનોરથ પ્રગટી કરણ ગોકુલપતિ અતી અખુટ અને જે અપારજી
બહુ મનોરથે કરી આવ્યું મનોરથીને દાન મનોરથનો નહીં પારજી ।૭૭૪।
એણીપેરે અનેક મનોરથ પુરતા ને પ્રગટાવતા પરમ અનુપજી
ઉઠી ચટાઇએ પધારે ચતુર વર મનોરથના તે મનોરથ રૂપજી ।૭૫।
કોઇક અનીરવચની શોભા લેઇ પ્રમુદીત થઇ ઉઠયા આધારજી
અંગ પ્રતીઅંગ સુખાનંદે હરખતા વરષતા રોમ રોમ રસધારજી ।૭૬।
સૃષ્ટી સોહાગ ભરીને સોહાગસું આપ સોહાગના દાનને અર્થજી
પરમ સોહાગીઆ ભોગીઆ રસ તણા લેઇ સોહાગ તણું સામર્થજી ।૭૭।
નખ શીખથી જે શ્રી અંગ પ્રત્યંગને દાન મનોરથ મન અપારજી
પ્રથુક પ્રથુક પ્રથુકને રસ વાધતો તે કહેતાં નાવે પારજી ।૭૮।
દાન રસે છેલી અંગ ઉભર્યા આપ સામર્થથી રોકયા ન જાએજી
આપ એ રસમઢ થઇ રસબસ થયાંએ શોભા કાંઇ વીસદ નવ થાએજી ।૭૯।
એ શોભા ને સમય મારૂં મન લહે કે મારા જે સોહાગી નયણજી
કે મહા ભાગ્યવાન અનુભવી લહે પણ સમુજે નહીં કે કહે વયણજી ।૮૦
એહવી શોભાએ શોભા જુત સોહતા મોહતા મોહતા ભકતના મનજી
ફરી ઉપરણાસું કર મુખ પુંછતા પધારે છે પ્રાણ જીવનજી ।૮૧।
ચરણ ક્ષાલણની ચોતરીથી ઉતરી અને ચરણ ઝુલીચીએ પુંછી ચરણજી
આવી ચટાઇએ ચરણ ધરી ફરી સનમુખ બેઠા તે આરત હરણજી ।૮૨।
સર્વ કે સનમુખ જે જયાંહાં ત્યાંહા રહયા ઓસરા ઓસરી સ્થલ લેઇ લેઇજી
ભીટ ભરી ભરીને તે નીહાલે છે સ્વરૂપના રૂપમાંહાં મન દેઇ દેઇજી ।૮૩।
નેત્રનું ચલણ વલણ સ્થીર કરીને નયણ ભરી નીહાલે છે રૂપજી
ચંચલ નયણે ચતુરવર ચહુંદીશે નીરખીને હરખે છે ગોકુલ ભુપજી ।૮૪।
સેવા પરાયણ ચહુંદીશે તત્પર રહયા આપાપણા કાર્ય વીધાનજી
સેવા સુખારમ્ભની લેઇ લેઇ અને નીકટ ઉભા છે મહા ભાગ્યવાનજી ।૮૫।
કે મુઠો લેઇને ઉભા રહયા ઉપવીતના અધીકારી જેહજી
અપરસ થઇને મક્ષીકા રાખે છે અંગ સંકોરીને ઉભા છે તેહજી ।૮૬।
કોએ તે દુર રહી પંખો કરે લહેકતે હાથે ને મન સ્થીર કરીજી
પવન ગવન કરે મૃદુલ ગતે કરી પંખા સહીત ડોલે ફરી ફરીજી ।૮૭।
કોએ તે મુખવસ્ત્રનો પાલવ લેઇ આગલ રાખે ગુલાબે ભરીયજી
વાહાલોજી બેહુ કરે ગ્રહીને તેહ સમે ક્ષણ એક રાખે તે નયણે ધરીજી ।૮૮।
કે સમે મુંઠ મીસરી બુકણી કરી સીપ માંહાં મેહેલીને લે છે તે જયારેજી
ઉપરેણા અપરસનો ટેરો કર્યો ઓટ માંહાં અવીલોકીએ ત્યારેજી ।૮૯।
વામ કરે કરી સીપ થઇ રહે દક્ષીણ કરે લે ચીમટી ભરીજી
શ્રીમુખ ઉંચું કરીને ઉંચે કરે મેહેલે છે મુખમાં ફરી ફરીજી ।૯૦।
પછે કર ક્ષાલણ કરી તટીમાં આરંદ્ર કર મુખ ઉપર ફેરેજી
કોગલા કરે નીજ કરે ગડુઓ લઇ ભાગ્યવાન ભગવદીય તે હેરેજી ।૩૯૧।

કે૦ સમે મીસરી ખવાસ દુરાવી કરમાં આણીને આપે છે ત્યાંહાંજી
આપુ લેઇ કર ઓટ કરીને મહેલે છે શ્રીકરે શ્રીમુખ માંહેંજી ।૩૯૨।
કીર્તનીયા કીરતન કરે તેહ સમે તાન ણંધાન રાગ રસમઇજી
સારંગી સુર સોહે છે સોહામણા બેઠા છે સનમુખ થઇજી ।૯૩।
ગાનને માન દેઇ રીઝીને વ્હાલેાજી કરે તેહનેા સતકારજી
તેહ સતકારમાં સત ગુણ થઇને ગુણી તે થાએ છે ભાગ્યને પારજી ।૯૪।
જે બેઠકમાં શ્રી ગેાકુલ ધણી ધણી રૂચી કરી બેસે છે નીતજી
તે બેઠક તણુ કાંઇ વરણુન કરૂં જ્યાંહાં મારી સ્થીતી ને મનવૃતજી ।૯૫।
બેઠક મહા શેાભા ભર સેાહતી મેાહતી મેાહક મન અભીરામજી
અલીલાખ પુરક અલીલાખીની ચુરક વીરહ ને પુરક કામજી ।૯૬।
કામેાદીપક ઉધબેાધક રસ ફલ સંપન્ન તણુ એ દ્વારજી
કેવલ ફલ રૂપ ફલ દાયક નીત વીસદ કહે નવ પામુ પારજી ।૯૭।
વીવીધ વીલાસ તણુ આલય અને સુખ સમેાહ દાયક રસ રૂપજી
ભેાગ્ય રસે ભર પરમ વીલાસની જ્યાંહાં નીત વીલસે છે ગેાકુલ ભુપજી ।૯૮।
જ્યાંહાં સેજ્યાએ તે નીસી પેાઢીને વીલસી વીલાસ રસે જુત રયણીજી
આનંદીત પ્રમુદીત મેાદે ભરી સુરતે સુખાનંદીત મૃગનયણીજી ।૯૯।
જ્યાંહાં પેાઢી ઉઠી મંગલ સમે મંગલનીધી તે દરશન દેઇજી
સ્વરૂપ હૃદયમાં સ્થાપન કરીને ભકતના હૃદયમાં લેઇજી ।૪૦૦।
જ્યાંહાં ગડુઆના મંદીર તણા સ્થલ શુભ વાહાલેાજી લટકતા પધારેજી
પનહી આગલ ધરી તે ચરણે ધરીને પધારતા ભકત ઓવારેજી ।૪૦૧।
ફરી પધાર્યા ચરણ ક્ષાલણ તણા સ્થલ જે અનુપમ સુંદર દીસેજી
કર પદ ક્ષાલીને દંતધાવન કરે મુખ પ્રક્ષાલતા મનડું તે હીસેજી ।૨।
જ્યાંહાં ફરી બેસીને મુખ પુંછન કરે ફરી પધાર્યાના તે સુદેશજી
તેલગાદી બીછાવવાના સ્થલ બેહુ હેામઘર કે તીબારી વરેસજી ।૩।
ત્યાંહાં બેસીને તેલાભ્યંગ કરે નાહયા તણા અતી સુંદર ઠામજી
હેામઘરે કે આંગણુમાં જલધરે મન હુલસે છે તે કહેતા નામજી ।૪।
જ્યાંહાં નાહે તે નાહેા સેાહામણેા ને અનુપમ અંગે અંગવસ્ત્ર કરેજી
ઉભા રહીને અલવે ઉદાર તે ધેાતી ઉપરેણેા શ્રીઅંગે ધરેજી ।૫।
જ્યાંહાં ભગવદી રહીને દરશન કરે એહવા અનુપમ સ્થલ તે અનેકજી
આંગણુ જલધર સીઢી અટાલીએા છાત મુંડેરી સુખદ પ્રતી એકજી ।૬।
રાજતીબારી અને છજા તલે વેદીનેા સ્થલ સુંદર સેાહેજી
ચરણ ક્ષાલણ તણી ચેાતરીએ રહી વાહાલાજીને જોઇ જોઇ સહુ મેાહેજી ।૭।
જ્યાંહાં એવા સ્થલ અનેક તે અભીનવા હવા ન હેાસે કંહી અન્યત્રજી
સંપતી સૌકર્ય શુભ સૌભાગ્ય જે સુખ વૈભવ કર્યો અહીં એકત્રજી ।૮।
એહવી એ બેઠક મહા શેાભા ભરી રસે વરી રસનું તે સ્વરૂપજી
વીસદ વચને રચના થાએ નહીં જ્યાંહાં વીલસે છે ગેાકુલ ભુપજી ।૪૦૯।

જયાંહાં નાહીને પીઢા તણા સ્થલ લટકતાં આવીને બેસે ત્યાંહાંજી
આચમન તીલક સંધ્યાવંદન કરી ભીતર પધારસે મંદીર માંહાંજી ।૪૧૦।
ફરી પધાર્યાના સ્થલ તે સુશોભીતા ભીંતે અટકી ઉભા રહે ત્યાંહાંજી
સનમુખ રહીને સહુ દરશન કરે જેહ જયાંહાં રહયા તે ત્યાંહાંજી ।૧૧।
જયાંહાં એકાંત પધારી પધારે છે ફરી પધારી પધારે છે વેગજી
ચરણ ક્ષાલણ વીધી પુર્વક કરીને કરે છે જેમ કરવા નીત નેગજી ।૧૨।
જયાંહાં સ્થલ ઉતમ ઉભય ચટાઇના શીત સમે તે તીબારી માંહાંજી
ગરમીમાં આંગણે ગલીની ભીંતસું અટકીને બેસે છે વાહાલોજી ત્યાંહાંજી ।૧૩।
લૌકીક અલૌકીક દાનના પાત્ર તે આવીને તેહ સમે ત્યાંહાં ભરીએજી
અગણીત ભીડ ત્યાંહાં મચી રહી વલી સમાએ જે આવતા જાએજી ।૧૪।
જેહવું એ પ્રાગટય અગણીતાનંદનું તેહવું એ પ્રાબલ્ય બેઠક તણુજી
અગણીતાનંદ રૂપ છે ભકતના સર્વ સમાએ છે સત સત ગણુજી ।૧૫।
ભોજનને પધારી ભોજન કરીને ફરી પધારે છે બેઠકે વલીજી
આંગણમાં અનુપમ ચોકી ધરી ચોકીએ બેસે છે મન તણી રલીજી ।૧૬।
ભોમીની સેજ તે પરમ સોહામણી અતી મોહામણી સુખદ રસાલજી
ત્યાંહાં પોઢીને વીવીધ લીલા કરે પ્રમુદીત થઇને ગોકુલ પાલજી ।૧૭।
ત્યાંહાં ઉથાપને ગાદીના સ્થલ મુઢા મનોહર રચનાએ કરીયજી
ત્યાંહાં બીછાવીને રાખ્યું સહુ ભગવદીએ અતી ઉલટ ભરીયજી ।૧૮।
ત્યાંહાં આવીને બેસે સુંદર વર ભરી આશાએ નીહાલે છે ભકતજી
ભટ બ્રાહ્મણ બેઠા તણા સ્થલ ઘણા ગુણીજન ગાયે છે અનુરકતજી ।૧૯।
સંધ્યાવંદન તણા સ્થલ અતી સોહતા ગાદી ને તકીયાના આંગણ જયાંહાંજી
ગરમીએ તેલની સેજયા અહીં રહે વલી બેઠકે તીબારી માંહાંજી ।૨૦।
જયાંહાં બડભાગી બડી સેજયા રહે ભગવદીઓના ભાગ્યને કાજજી
જે બડભાગી એ ભાગ્ય ઉદય કરી વરી સોહાગ ભર્યો છે સમાજજી ।૨૧।
તેહવી એ સેજયાના સ્થલ જે તીબારીમાં તે તીબારી ઉપર મારો દેહજી
ત્યાંહાંની રજ કણીકા પર વારી વારીને નાખું તે પ્રાણ ને ગેહજી ।૨૨।
જયાંહાં સ્થલ સુખદ રસીક અભીસારના ને પ્રેમસું અભીશરણ તણાજી
તે સંકેત સુભગ સુભગાઓના એહવા સ્થલ એકાંત ઘણાજી ।૨૩।
ભકત અનેક જે અનેક પ્રકારના એ પ્રકારમાં મનોરથ બહુજી
તે પ્રતી એકને પ્રતીક્ષણે વાધતા એહવી એ બેઠક પુરે સહુજી ।૨૪।
પરમ રસીક રસમય રસદાઇની આનંદ સંદોહની રસ રૂપજી
જે બેઠક જગત પર રાજતી ત્યાંહાં વીલસે નીત્ય ગોકુલ ભુપજી ।૨૫।
શીતલ મંદ અને સુંગધસું પવન પ્રમોદે વહે છે સુભાવીજી
ઉપયોગનો અભીલાખ કરીને મનોરથ ભરી ભરી અહીં આવીજી ।૨૬।
લહેર લહેર જે વયારની લહેર તે મહર મહર મકરંદે ભરીજી
આવે છે ચોંહોંદીશથી ઘેરો કરીને સર્વત્ર રહી પ્રસરીજી ।૪૨૭।

બેઠકની શીતલતાની લહેર તે ગઇ લહાવના દ્વાર લગીજી
સીંઘદ્વારને ગલીએા ગલીમાં મેહેકી રહી છે અતી રંગમગીજી ।૪૨૮।
કામેાદ્દીપન અતી રતી રસ વર્ધન માનીની નીરંકુશનું વશીકરણુજી
આનંદ સંદેાહનું આલય સદા પરમ રસાલય આરત હરણુજી ।૨૯।
સુગધાને રસ મનેારથ પ્રગટી કરણ મધ્યાના મન તણું એ અભીરામજી
અબાલ પર્યંત સર્વનું જીવન પ્રગટભાનુ એ પુરણ કામજી ।૩૦।
રમકતી ઝમકતી અંગ સમર્પતી વીવીધ સમે કરી વીવીધ શ્રીંગારજી
વીવીધ સ્વરૂપે વીવીધ મનેારથ કરી રસ ભરી રીઝવે પ્રાણુ આધારજી ।૩૧।
રતી ઉદબેાધક રસ ઉપજાવતી બેાધક સકલ કલાનુ નિધાનજી
પ્રાણુ સહીત ઇંદ્રીનું નીરેાધક કારૂણીક અતી કરૂણા વાનજી ।૩૨।
સ્વરૂપાત્મિક એ સ્વરૂપ રસે ભરી સ્વરૂપે અલંકૃત બેઠક સારજી
સ્વરૂપાંકીત શેાભાએ સુશેાભીત જ્યાંહાં જોએ ત્યાંહાં સ્વરૂપ સુચારજી ।૩૩।
જેહનું સ્વકીયને ધ્યાન સદા રહે સુરતે સુરત આવે સ્વરૂપ તણીયજી
સુરતે ને સાંપ્રત્યે સ્વરૂપનું દાન દે એહવી એ બેઠક અતી રમણીયજી ।૩૪।
સ્વરૂપ રસે ભર સ્વરૂપ અભિલાખતી સ્વરૂપને જેહનેા છે અભીલાખજી
તે કહેવાને એ શકય ન મારી અનુભવીનું મન છે ત્યાંહાં સાખજી ।૩૫।
એહવી એ બેઠક બહુ ભાવે ભરી ગુણ ભરી ભરી ભગવદી સેાહેજી
બહુ રચનાએ રચી ને સચી સુખ જોઇ જોઇ જે જગત તણા મન મેાહેજી ।૩૬।
શેાભા ભરી અને માન ભરી દાન ભરી કરૂણાએ ભરીજી
રીદ્ધ ને સીદ્ધ ભરી કૃપા ભરી નેહે ભરી અને ઉલટ ભરીજી ।૩૭।
અતી સૌભાગ્ય ભરી અને સુખ ભરી ગુણ ભરી ભાગ્ય ભરી રસ ભરીજી
ભાવ ભરી ઉછાંહે ભરી સદા મેાદ આનંદ રસે પરવરીજી ।૩૮।
કયાંહાં લગી એહનું હું વરણુન કરૂં બુધી ને વચન તણે અનુસારજી
જેહનેા મહીમા ને જસ વીસ્તારતાં શેષ સહસ્ત્ર મુખે પામે ન પારજી ।૩૯।
જ્યાંહાં પ્રભુ ત્યાંહાં એ બેઠક એમ સેાહતી પ્રાગટય દીસાએ જે પ્રગટ સ્વરૂપજી
અન્યથા સ્થલ સ્થાની ભાવાનુસારણી ભાવે પ્રગટ દીસે મન માંહે રૂપજી ।૪૦।
અનુભવી ભાવે લીલાનુ સુચન કરે અંતર રમણે એ બેઠક તણુજી
જ્યાંહાં ફલીતારથ થાએ અંતરમા અણુ અનુભવી ન સમજે કેાઇ અણુજી ।૪૧।
એહવી એ બેઠકે અતિ ઉછાહસું રાજે રાજેશ્વર ગેાકુલ ભુપજી
બેઠા ચટાઇએ રાજે રસીકવર સદા દર્શન આપે છે પરમ અનુપજી ।૪૨।
ઉપરેણેા અલવેસું અલગેા કરી ને અવલે કરે તે અંબેાડલેા છેાડીજી
કેશ સુદેશ ફરલા કરી સેાહતા નીરવારે છે નીપુણ અંગ મેાડીજી ।૪૩।
કર અંગુલીદલ વીરલ કરીને કેશ માંહે તે કરી પ્રવેશજી
કર ઉંચેા કરી ઉર ઉકસાવી અને નીરવારે છે તે પરમ સુદેશજી ।૪૪।
તેહ સમે દાનપાત્ર પરમ અદભુત પરમેાત્કર્ષ રસ પરમ રસ રૂપજી
દાનારત થકા આવી ઉભા ત્યાંહાં પ્રથુક પ્રથુક એક એક અનુપજી ।૪૪૫।

પ્રભુના અંગ અંગ રૂપ વીત્યારતે આરત્યા આરત અંગ અંગ થકીજી
આવીને સનમુખ સહુ ઉભા રહ્યા પણ વચને ન શકે કહી શકીજી ।૪૪૬।
ટગર ટગર રહ્યા રૂપ નીહાલે છે મનની અપેક્ષાએ સાદરપણેજી
કામ પ્રબોધથી ભાવ વીનય કરી અંતરગત માંહાં આશીષ ભણેજી ।૪૭।
દાને તૃપ્ત કર્યા છે તેણે લોભે લોભથી લોભાઇને તૃષા તે વાધીજી
પ્રતીઅંગમાં અસહી આરત હવી અંગ અંગને તે રહયા છે આરાધીજી ।૪૮।
કેા કયાંહાં કયાંહાં થકી એ જસ સુણીને આવ્યા છે ધરી મન મનોરથ ઘણેાજી
આશાએ ભર આરત ભર પ્રેમસું કરી અભીલાખ એ સ્વરૂપ તણેાજી ।૪૯।
એ દાનને હીત સહુ સુખ પરહર્યા સહુ ઇન્દ્રીયના સુખ પરહરીજી
પ્રાણ જીવનને સુખે સુખ કરી લહ્યું એ સુખ વીન સુખ ત્યાગ કરીજી ।૫૦।
એ દાનને હીત લૌકીક અલૌકીક ને વલી જગત તુચ્છ ગણ્યુ જેણેજી
લોક મરીયાદની શૃંખલા નવ ગણી ગુરૂજન કાન ગીણી નવ કેણેજી ।૫૧।
વીવીધ દેશ તણા વીવીધી વેશ ધરી વીવીધ ભાવે થઇ થઇ આરૂઢજી
આવ્યા ઉદાર સ્વરૂપને જાચવા મનમાંહે કરી મનોરથ ગુઢજી ।૫૨।
એ સદપાત્રની પાત્રતા પ્રગટ છે દાન કરે થકી ફલ સીધ થાએજી
દાતાને સત ગણુ સુખ તતક્ષણ હેાએ જે સુખ અંગ અંગમાં ન સમાયેજી ।૫૩।
રસ તણી દીનતા કરી કરી પ્રાર્થે રસદાયક લહી અંગ ઉદારજી
અંગ પ્રતીઅંગ પ્રત્યે પ્રતી એકને જાચવા નયણ કરે મનુહારજી ।૫૪।
એ દાન લેઇને ભકતના નેત્ર તે પરમ ઉદાર નેહે ભરીજી
કુશલ આશીષ તે પ્રભુના અંગને પલક પલકે આપે કરૂણા કરીજી ।૫૫।
એ દાનથી પ્રભુના અંગ અંગને પરમ કુશલ પેાષક સુખ થાએજી
ને વલી પ્રતીક્ષણે રસ વાધે ઘણેા ઉછલીત થઇ અંગમાં ન સમાઇજી ।૫૬।
ભકતના દાનથી આયુષ જશ ઘણેા પ્રતીક્ષણે ક્ષણ પ્રતી પામે છે વૃદ્ધીજી
એ દાનથી અંગ નવપલવ હેાએ એહવી આશીષ દે છે દાન સમૃધજી ।૫૭।
ભકતનું દાન તે પ્રભુ પેાષક હેાએ ભકતને પેાષક પ્રભુનુ દાનજી
ઉભયને સામર્થ ઉભયના દાનનુ પ્રસન્ને પ્રસન્ન હેાએ ઉભય સમાનજી ।૫૮।
અહીં અખુટ ઘટે નહીં આપતા એહેાને લેતા તે તૃપ્તી નવ થાએજી
ઉભય અગાધીતાથી નહીં ઓસરે પ્રતીક્ષણ ક્ષણ રસ વાધતેા જાએજી ।૫૯।
શ્રી અંગના અંગ અંગની અક્ષય અમીત ઉદારતાએ કરી કરીજી
ભકતના અંગને દાન દેતા રહે લેાભી અત્રપ્ત અઘાયે નહીં ભરીજી ।૬૦।
અંગને વાંછના અંગના દાનની અંગ તે ઇચ્છે છે અંગને ઘણુયજી
ઉભય પરસપરનેા રસ રસ ભર્યેા શું કહું વીસદ કરી તેહ તણુયજી ।૬૧।
ઉભય અગાધી ઉદારતાએ કરી દાન ઉભયનેા અમીત રસ વાધ્યેાજી
ઉભય પાત્ર માંહાં અસમાતેા થયેા દાન પાત્રે નવ જાએ તે સાધ્યેાજી ।૬૨।
દાન ને પાત્ર એ ઉભયના રસ માંહાં મન પ્રવેશ કરી શકતું નથીજી
જયાંહાં જોઉં ત્યાંહાં રસની અગાધીતા કેમ કરીયને કહું હું કથીયજી ।૪૬૩।

કે૦ ઉભા રહયા ચરણ ક્ષાલણ સ્થલે કે૦ વેદીની ચોતરીએ ભરીયજી
કે૦ સનમુખ આંગણા માંહાં ઉભા રહયા કે૦ વામ દક્ષણ દીશે રહયા ફરીજી ।૪૬૪।
કે૦એ છજા તલે રાજતીબારીમાં કે૦એ જલઘરાની સીઢીને દુવારજી
કે૦ કુલઘરની સીઢીએ ચઢી રહયા કે૦ રહયા ડોઢી આગલ કરી હારજી ।૬૫।
કે૦ બેઠક ઉપરની છજાવટી ભીડે ભરાઇને બેઠા છે ત્યાંહાંજી
કે૦ઇ જલઘરની અટાલી ઉપર રહયા ભીડ ભરાઇ કહું કયાંહાં કયાંહાંજી ।૬૬।
સિંઘદ્વાર ઉપરની મુંડેરીએ હાર કરી બેઠા એક એકજી
છાત નીકટની એ સનમુખ કે૦ રહયા કયાંહાં લગી કહું તે વીવેકજી ।૬૭।
દ્રષ્ટી પ્રસારો અને પ્રહસીત થઇ સનમુખ મુખ કરી આશાએ ભરીયજી
રસીક વરેંદ્ર ઉદારને નીરખે છે નયણ ભરી ભરી ફરી ફરીયજી ।૬૮।
દાન તણી તે ઉદારતાએ કરી ભકતના નેત્ર રૂપી કરમાંહાંજી
અંગ અંગ રૂપ અદય નીધીનું તે દાન કરે રસ વીવસથી ત્યાંહાંજી ।૬૯।
બેઠા ચટાઇએ પરમ ચતુરવર રસ ભર નીરવારે છે કેશજી
કેશ સુદેસ કૃપા કરી ભકતને નીજ રસ દાન કરે છે વરેસજી ।૭૦।
કે૦ નીરવાર્યા માંહાં અરૂજી રહયા કહેના લટમાંહાં અટકયા મનજી
કે૦ શ્યામતા ચક્ષ ચાક્ષ જોઇ રહયા કહેના સુભગતાએ ભુલ્યા છે તનજી ।૭૧।
કે૦એ સરલ ને સચીકણુતા જુએ કે૦એ જુએ જે રહી લટ વાધીજી
કે૦એ ઉભય કરસું નીરવારતા જોઇ જોઇ અને રહયા છે આરાધીજી ।૭૨।
કેશ ખસ્યા અરૂજે કર અંગુલીએ લેઇ લપેટે તે પેચ દેઇજી
ને મુસકની કર લટકની ભાવસું કે૦ જોઇ રીઝયા તે એ દાન લેઇજી ।૭૩।
કહેને પખાને વયારે કરીને કુંતલ ફરફરતાં કરે દાનજી
ને વદી ચંદન ત્યાંહાં અટકી રહ્યા તે અવીલોકે છે ભાગ્યવાનજી ।૭૪।
કેહને કપોલ ને કેહને ઉયતા જયાંહાં છે તેજ તણો તે પ્રકાશજી
કહેને લીલાટ ને તીલક રેખા માંહાં દાન કરી કરી પુરે છે આશજી ।૭૫।
કેહને રેખા જે શ્યામ રસે ભરી કાંઇ એક વામ દીશે રહી વંકજી
પરમ સોહાગ ભરી સહુ સ્વકીયને દાન કરે છે થેઇ થેઇ નીશંકજી ।૭૬।
ભ્રકુટી વીકટ કુટીલ અણીયાલી રસાલી વાલી વાલીને નીરખેજી
દાનના ભાવ અનેક તે સુચવે તે નીરખી નીરખી મન હરખેજી ।૭૭।
નાસીકા આશ પુરક અબલાઓની શુભ સુવાસ મકરંદે ભરીજી
ને મકરંદના પાનનું પાત્ર એ દાન દે ઉભય રસે તે કરીજી ।૭૮।
એ બેહુ નયણના દાન રસે ભર્યા વયણે કરી કહયા નવ જાએજી
એ માંહે પ્રતીક્ષણ રસ પ્રગટે નવો પાન કરે થી ન કે૦એ અઘાયેજી ।૭૯।
કહેને પલક જોઇ પલક લાગે નહીં કે૦ વરૂણી જોઇ વીહવલ થાએજી
કે૦ ગોલક ગુણ ભરીય જોઇ જોઇ તૃપ્તી કરે કે૦એ તૃપ્તી ન માએજી ।૮૦।
કહેને સયણ માંહે સુખ તણુ દાન દે કેહને વલણે વીવીધ રસ ભરેજી
કેહને સાદર અવીલોકન કરી ભરી દાન રસે આરત હરેજી ।૪૮૧।

મુછ મનોહરનું શુભ વલણ ને એક એક બાલ તે પરમ રસાલજી
તે એક એકને દાન દે અભીનવું નીરખીને પ્રમુદીત થાએ છે બાલજી ૧૪૮૨।
અધર મધુર રસ માધુરી પાનને દાન દેઈ કર્યું કેનુ સનમાનજી
ફરી ફરીને એ રસે અરૂજી રહયા એ રસ વિન ન રૂચે આનજી ૧૮૩।
કે। એક અરૂણતા અખિલ સૌભાગ્યની ભાગ્યે અચલ કરી છે જે એ નિત્યજી
આપુ સુખાર્થ ને હિત ભકતને પ્રગટ કરી છે ભકત નિમિતજી ૧૮૪।
અદય દાન ભર દાનાતુર થઈ ધસીને સનમુખ આવ્યેા ઉદારજી
જે રસપાત્ર અપેક્ષિત દાનના તેને ક્ષણ ન લાગે વારજી ૧૮૫।
રેખાની શ્રેણી રસીલી હંસી રહી છે વસી રહી છે તે વશીકરણુજી
વીવીધ વીલાસમાં આશ પુરણ કરે આશ પુરણ કરી રસ ભરણીયજી ૧૮૬।
એહ અધર રસે રસીઆને રસ ભરે રસ ભરથી વલી મનોરથ થાએજી
નામ લેાભાત્મિક એહનું તેહથી દાન કરે ફરી મન લલચાએજી ૧૮૭।
એહવેા અગાધ અખુટ અપરમીત જેહની પરમીત કહી ન જાએજી
અવ્યકત માધુરી અદય દાન રસ દાન કરે તે વીસદ નવ થાએજી ૧૮૮।
રસના રસીક જે મધુર રસે ભરી શ્રીમુખમાં હેાએ લેાલાયમાનજી
વચન વીલાસ વીલાસ રસે ભરી વચન માધુરીનું કરે છે દાનજી ૧૮૯।
દાન અનેક અનેક પ્રકારના હેાએ છે મૃદુ મૃદુ મુસકની માંહેંજી
એ રસ ભેાગીઆ નીત્ય સંયેાગીઆ તે અનુભવ કરે ઉભા છે ત્યાંહાંજી ૧૯૦।
એ દાન લેઈને દાન રસે ભરી ફરીને પ્રભુને કરે છે દાનજી
ઉભયને ઉભય દીશે પેાષણ હેાએ સ્નેહે ભરીને કરી સનમાનજી ૧૯૧।
કરણ ભરણી રસ વાકય વીલાસનાં ભકતને દાને હેાએ સંતુષ્ટજી
એ સતકારથી સતગણુ થઈને ભકતના ભાવ હેાએ રસ પુષ્ટજી ૧૯૨।
કેહેને મેાહે છે કરણના ચાંપુઆ કેહેના વીવર વેધે છે મનજી
કયારેક મુકતા મણી જોઈ લલકતા હેાએ છે દાન સકલ સંપન્નજી ૧૯૩।
ગાલ ગુણે ભર પ્રફુલીત થાએ છે અંતર ભાવારૂઢજી
ગેાપ્ય રસે રસ બાહાજય પ્રગટ કરે સ્વકીયને દાન કરે મહા ગુઢજી ૧૯૪।
વાહાલેાજી અંતર આયુર્ભાવથી અંતરના અંતર મુસકાએજી
ગલસ્થલ ઉમંગીને અરૂણ હેાએ તેથી મનવૃત બાહાજય જણાએજી ૧૯૫।
ચીબુક ચતુર ચપલા રસે રંજીત મંજીત ચીબુકે ચીબુક અનુસરીયજી
એ નીરખી અનુભવ સુરતે કરી દાનનુ પાન કરે ફરી ફરીયજી ૧૯૬।
શ્રીવા ગુણાલય મહા ગુણરાસની આશ કરી કરીને સહુ નીરખેજી
કેશ નીરવારતા સમયની લટકની દાન કરે તે લેઈ હરખેજી ૧૯૭।
કંઠે મનોહર માલ મેાહામણી પરમ સેાહામણી તુલસીની રાજેજી
દુલરી અરૂણ ને સચીકણ લલકતી ઢલકતી પરમ વરેસ ધીરાજેજી ૧૯૮।
પ્રથમ દુલરી એક કંઠ નીકટ રહે બીજી ઉતરતી રહે તેહની પાસજી
તે માંહે વસ્ત્ર તણેા એક ટુક તે બાંધ્યેા છે પરમ સુભગ સુખરાસજી ૧૪૯૯।

વલતી ઉતરતી દુલરી એક લરી તે ભરી મનોરથ પરમ રસાલજી
પહેરાવે છે પ્રમુદીત થઇ સ્વકીય સોહાગ ભર્યા બહુ માલજી ।૫૦૦।
વલી ગુંજા તણી ત્યાંહાં નીકટ રહી કહી ન જાએ તે પરમ અનુપજી
સેત સમુગ્ર ને અગ્રે અરૂણ છબી તેહનું રાજે છે અભીનવ રૂપજી ।૧।
કેને માલાએ મોહીત દાન દે કહેના એક મણકે મન હરેજી
કહેના ચલક ઝલક લલકનીમાં મન હરીને ત્યાંહાં નીજ રસ ભરેજી ।૨।
કહેના દુલરીએ મન દોહારાવીઆ કહેના થંથીત કીધાજી
કેહેને ગુંજાએ પુંજ રસે ભરી દાન અનેક પ્રકારના દીધાજી ।૩।
ભુજા બેહુ ભામીનીના રસ ભરણ ને બાહુદંડ કોહોણીનું વલણુજી
ચોંહોંચા અંગુલીદલ રેખા રસે ભરી નખમણી સુચવે સુભાગને મીલણુજી ।૪।
જમણે કરે કરી કેશ નીરવારે છે શોભા કાંઇ કહી નવ જાએજી
એક લટકનીએ જે લર સુધી કરે તે વચને કરી વીસદ ન થાએજી ।૫।
અંગુલી અનામીકાએ જે અંગુઠી ગોલ ને નંગની ઉભય અનપજી
ચલકતા ઝલકતાં દાન અનેક દે અંગુલીના વલણમાં એહનુ રૂપજી ।૬।
વામા વીમોહક વામ કર કમનીય તે વામ જંઘા પર બેઠા છે દેઇજી
વામ અંગ ઉર ઉકસાવીને વામાને દરશન દે રસમઇજી ।૭।
એ અંગ પ્રતીઅંગ દાન રસે ભર્યા અંગના ધર્મ સુચનમાં દાનજી
વલણ વલણમા અગણીત દાન દે સીંચે છે અંગના અંગ સમાનજી ।૮।
ઉભય ઉરોજ અનુપમ ભાંતસું ઉકસીને બેઠા છે ઉન્નત ગતીએજી
દાન અદય દે છે ઉરવતીને તે અનુભવ કરી ભુલે છે મતીજી ।૯।
હૃદયને મધ્યે રોમાવલી રસ ભરી નાભને રંજીત રાજે છે તેહજી
પ્રતીએક એકનું રૂપ રસે ભર્યું દાન રૂપામૃતનું કરે એહજી ।૧૦।
ઉપવીત સવ્ય સુભવ્યતાએ રહ્યું સ્કંધ હૃદય પરસી શુભ રીતજી
પારસ્વે પરસીને જંઘ જમણી પર રહ્યું તે નીરખીએ કરી બહુ પ્રીતજી ।૧૧।
નાભી ઉદર પરસીને હૃદય લગી રૂચીર રોમાવલીની જે ધારજી
સ્વકીય સનમુખ દાન સમે લેહી ઉલહીને રહી છે કરી વીચારજી ।૧૧।
ઉદર અનુપમ અમોઘ રસે ભર્યું રસાલ રસે રસ ભરીજી
કુંજલક ત્રીવલીની વલી રહી તે નીરખે સહુ ફરી ફરીજી ।૧૩।
નાભી નિરૂપમને ઉપમા નહીં સમ કોઉ કરવાને નહીં આનજી
એ અંગના અલીલાખી જે અ ગ છે તે અલીલાખે છે એહનું દાનજી ।૧૪।
પારસ્વ ઉભય અનુપમ સોહતા મોહતા માનુનીના મન હરીયજી
કર તણે ચલણ વલણે ચલકે ઘણુ દાન દે માનસું મનોરથ ભરીયજી ।૧૫।
પૃષ્ટનું રપષ્ટ તે દરશન હોએ નહીં ભીંતસું અટકીને બેઠા છે રાજજી
સનમુખ રહી અલીલાખ કરે ઘણો આરત્યા દાન લેવાને કાજજી ।૧૬।
કટી નીતંબ કમનીય મધ્યસ્થલ અચલ સોહાગ રસે ભરપુરજી
આદ્ય હરણ એ અગાધી રસે ભરી ફરી ફરી કરે આરત ચુરજી ।૧૭।

તેમ તેમ આરત વાધે છે અતી ઘણી તપ્તી કરે કોએ તૃપ્તી ન થાએજી
દાન અમોઘની જે ઉદારતા તેહની પરમીત કહી ન જાએજી ।૫૧૮।
ધોતી સોહતી સેત ધરી અંગ રંગ ભરે અંગ આછાદીયજી
અંતરથી અંગ અનુમોદન કરે ભરે દાન રસે રસ સ્વાદીજી ।૧૯।
જંઘા ઉપર ઉપરેણાના પેચ તે ઉભય દીસે રહયા ઉભય ઢલીયજી
તે શોભા જોઈને સુંદરીઓની આનંદીત થઇ આશ ફલીયજી ।૨૦।
જંઘા જાનુ પીંડુરી પ્રમુદીત થઇ રસમઇ દાન કરે ફરી ફરીજી
દાન લેવા રહયા દાનાતુર થકા તે લે છે નયણ પાત્ર ભરી ભરીજી ।૨૧।
શીતલ પાટનો બાલીસ્ત તે જમણી જાનુ તલે બેઠા છે તે દેઇજી
તે શોભા દે દાન સોહામણા મોહી રહયા સહુ એ દરશન લેઇજી ।૨૨।
ઘુંટી સુઘાટ ઉભય પદની ઉભય અરૂણ ઉદીત તરણી વાનજી
ચરણ કમલ જે અચલ શીતલ શુભ શુભ કર આરત હરે દે દાનજી ।૨૩।
એડી અનુપમ ભાંત રસીલી હંસી રહી છે તે મન હરણીજી
અરૂણ તેજમય ઝલકતી સોહીએ સ્વકીયને દાન રસે ભરણીજી ।૨૪।
પાટલી પાની પરમ સોહામણી અંગુલીદલ નખમણી સુદેશજી
એક એકથી આરકત તે અધીક શોભા ધરે એકથી એક છે દાન વરેશજી ।૨૫।
પદ તલ રેખા રસીલી રસે ભરી એક એકનું છે ન્યારૂ રૂપજી
એક એક રૂપે અનેકને દાન દે એહવી પ્રતીએક પરમ અનુપજી ।૨૬।
એહવા એ અંગ પ્રતીઅંગ રસે ભર્યા રોમાવલી રૂપ રસધારજી
અછન્ન ધારાએ દાન અમોઘની વૃષ્ટી કરે છે પરમ ઉદારજી ।૨૭।
કરૂણા સીંધુ કૃપા ભર થઈને દાન રસે ઉમંગ્યો તે અપારજી
પાત્ર જોયા કંહી પાત્રાપાત્રનો દાતુર્યતાએ કર્યો ન વીચારજી ।૨૮।
અનેક સૃષ્ટીને અનેક પ્રકારસું ભાંત ભાંતનું અપાય છે દાનજી
મુખ્ય વરણ થકી ઘુર લગી તે એમાંહેં સમજે નહીં કો આનજી ।૨૯।
શ્રીઅંગ અંગથી દાન નીરંતર હોએ અખુટ અને અનીવારજી
દાનના પાત્ર પુરણ હોએ સહેજમાં દાતા લહે નહીં નીજ ઉપકારજી ।૩૦।
જેમ જલનીધીથી જલ ભરી ભરીને લે છે તે પોતાના પાત્ર સમાનજી
જલનીધી માંહેંથી રંચ ઘટે નહીં પાત્ર અપુરણ રહે નહીં એ બાનજી ।૩૧।
અહરનીસે પ્રતીક્ષણ ક્ષણપ્રતી એણીપેરે અદય દાન તણી હોએ છે વૃષ્ટીજી
તૃપ્ત કરીને તૃપ્ત થાએ વલી તૃપ્તી ન માને એ આરતી સૃષ્ટીજી ।૩૨।
કો દાન લેઇ રહયા છે આપથી કોએ તે તૃપ્તી થયા અંગ અંગજી
કોઈ લેઇ આશીષ દે આનંદ ભર્યા કો દાન લેઇ ગતી પંગજી ।૩૩।
કો દાન નેત્રથી લેઇ રૂદયમાં પરખી પરખીને રીજે છે આપજી
કો એ વીતારતે આરત ભરમાં મહા દાન સમાગમે યોગ્ય પરીતાપજી ।૩૪।
કો લોભી અને અતીશય લાલચી ફરી ફરી માંગે છે આરત કરીજી
ઉદારવર દાન રસે ઉનમત થકા આપી આપીને આપે છે ફરીજી ।૫૩૫।

કો લેતા તે તૃપ્તી પામે નહીં પુરણ કરે નહીં પુરણ થાએજી
જેમ જેમ પુરણ કરે પ્રમુદીત થેઇ થેઇ તેમ તેમ આરત વાધતી જાયજી ।૫૩૬।
એમાંહે કોઇ એક દાન અપેક્ષીત કોઇ દાન અપેક્ષીત નહીંયજી
દાન વાત્સલ્યનું પ્રભુને કરવાને પ્રેમે પુરીત થઇ ઉભા છે અહીંયજી ।૩૭।
તે શુભ વાંછે છે વાહાલાજીનું પ્રતીક્ષાણુ ને સુખ ઇચ્છે છે અંગ અંગ તણુજી
પ્રાણ પ્રભુને સુખે સુખ કરી લહે પોતાનું સુખ ન ગીણે એક અણુજી ।૩૮।
પાત્રાપાત્ર ને ભાવની જોગ્યતા ને ઢલણી પ્રભુજીની જેહજી
એ કહેવા કેનુ સામર્થ નહીં એ તારતમ્ય તે જાણે છે એહજી ।૩૯।
એક એક અંગમાં સામર્થ સ્વરૂપનું એક એક અંગ તે સ્વરૂપ સમાનજી
સાંપ્રત્ય દાન જે સ્વરૂપ થકી હોએ તે અંગ પ્રતીઅંગ કરે છે દાનજી ।૪૦।
એહ સ્વરૂપ ને એહના અંગ અંગ પ્રતીઅંગના વલી ધર્મ છે જેહજી
એહનું દાન ને દાનપાત્ર પર વારી નાખું મારા પ્રાણ ને દેહજી ।૪૧।
અલૌકીક દ્રષ્ટીએ જે અનુભવ મેં કર્યો તે હવે વીપ્રયોગે થઇ દીનજી
વીનવું છું હું તે ઉભય સ્વરુપને ભોગ વસે થઇને આધીનજી ।૪૨।
એ દાનપાત્રને પાસે હું એ હતો એ અનુભવીની કરૂણાએ કરીયજી
પ્રભુજીએ પાત્ર સમાને પુરણ કર્યો અનુપમ દાન રસે તે ભરીજી ।૪૩।
પણ મારા દોષ રૂપી વીવરે થઇ પાત્રથી દ્રવીત થયો રસ સારજી
ભગ્ન પાત્રમાં કાંઇ રહ્યું નહીં ફરી પુરણ કરે પરમ ઉદારજી ।૪૪।
એણીપેરે અલૌકીક પાત્રને અલૌકીક અંગ અંગથી કરીને દાનજી
સનમુખ મુસકની સેન રૂપ રસે સતકાર કરી કર્યા સનમાનજી ।૪૫।
એહ અલૌકીક દાનની વૃષ્ટી જેહવી પરસપરે પરમ વરેશજી
દાતા લહે કે એ પાત્રના મન લહે અવર ન સમજે કો એમાં લેસજી ।૪૬।
હવે એ અલૌકીક દાન ગોપન હીત ને એ આછાદીત કરવા કાજજી
લૌકીક લોકવતે મહા દાન તે તે સમે કરે છે શ્રી મહારાજજી ।૪૭।
ઠામ ઠામ થકી નામ સુણીને પંડીત વૈદીક વેદના પાત્રજી
કવી ગુણી અને ગાયક ગુણ જુત એણીપેરે આવ્યા છે જાચક માત્રજી ।૪૮।
દ્રાવીડીઆ ને જે દેશ તીલંગના દક્ષણાએત ને તીરહોતીઆ જેહજી
માહારાષ્ટ્ર ને વલી મધ્યદેશ તણા દેશ વીદેશ તણા આવે છે તેહજી ।૪૯।
પ્રભુનો દાન સમે તે લહીને ગુણ આપાપણા પ્રગટ કરેજી
પ્રભુજીની સહેજ ઉદારતાની રીત તેહોના દરીદ્ર દુઃખ સહુ હરેજી ।૫૦।
દ્રાવીડ દેશના વૈદીક આર્વીને ઉભા કે બેસીને તેણીવારજી
સ્વામી નમસ્કાર કહીએ અહંકારસું વેદના કરે છે ઉચારજી ।૫૧।
તેહોની સાથે વાહાલો સ્વર સાધીને કર જમણો મુખ આગલ ધરીજી
ચલણ વલણ અંગુલીદલના કરે ઉચરે પ્રગટ ઉચારે કરીજી ।૫૨।
તે સ્વર માત્રા અક્ષર સ્વર કે જયાંહાં ભુલે ત્યાંહાં હાંહાં કરીને વરજે તે સઘજી
તે વરજયું લહીને છાના રહે સમજી પોતા તણી ભુલનું ગધજી ।૫૫૩।

તેહોને આપવા કાંઈ આજ્ઞા કરે ભગવદી લેઇને ઉભા છે પાસજી
તેડીને કર ઉલટો મુખ પર દેઇ નીહોરી નીકટ આવી કહે સુખરાસજી ।૫૫૪।
તે બંટે થકી આપે શ્રીકરમાં લે છે તે કર તણી ઓટ કરીયજી
ઉપરથી મહેલે તેના હાથમાં તેહ આશીષ દે ઉલટ ભરીજી ।૫૫।
દેશ તીલંગીકો તાલ લેઈ અને અષ્ટ પદીનું કરે છે ગાનજી
તેહને પાત્ર જોઇ કરૂણા કરી નીજ કરે કરીને આપે છે દાનજી ।૫૬।
કો પંડીત કવીકુલ કે વૈદીક જેહ છે સહેજથી મહીમાવાનજી
તેહને ચાદર ઉપરેણામાંહાં દ્રવ્ય મુકી આપે કરી સનમાનજી ।૫૭।
કો ભીન્ન મારગના સ્વામી જે આપ આચાર્ય નામ ધરાવેજી
પોતાના માર્ગનો ગર્વ કરી અને ધર્મ પ્રતારણાને અહીં આવેજી ।૫૮।
નમન કરીને નિકટ ઉભા રહે તેહ સમે કરી તેહનો સતકારજી
કર ઉંચો કરી સ્થલ દેખાડીને સનમુખ બેસાડે તેણીવારજી ।૫૯।
કુશલ પુછી મનુહાર કરીને સીધા સામગ્રી જોએ જેહજી
આદર કરી અપાવે તેહને સંતુષ્ટ થાએ છે મનમાંહાં તેહજી ।૬૦।
વલતા તે વીનય સહીત વીનતી કરે અમો આવ્યા છું ગોષ્ટીને કાજજી
અબ ડેરા લ્યો ઉથાપને આઇયો એમ કહી વીદાઇ કરે મહારાજજી ।૬૧।
કો વેરાગી આવી ઉભા રહે કહે અપુરવ છું ધુર ધ્યાનજી
ત્યારે પ્રભુ મુસકાઇને એમ કહે કહી અપુરવ કયોં ભએ હમ જાનેજી ।૬૨।
તેહને દાન અવારી માંહેંથી ચુન અપાવે છે નીતને નેગજી
એકને દાન દેઇને વળાવીએ બીજા તે આવે છે તેહ સમે વેગજી ।૬૩।
કો માગે ચાદર અને પરદની કો માગે પટુ અને કભાઇજી
શીત નીવારણને ડગલી અને કંબલ માગે છે વલી કોઇજી ।૬૪।
દ્રાવડ ને વલી દેશ તીલંગના શીતકાલમાંહાં આવે જે સહુજી
તેહને ડગલા નવા કરી કરીને નીત્ય અપાવે છે નેગના બહુજી ।૬૫।
કહેને નૌતન નીમા જે છીંટના કેહેને પટવસ્ત્ર તણી કભાઈજી
કહેને પામરીઓ પ્રમુદીત થઇ આદર સહીત તે એમ અપાએજી ।૬૬।
વલી કોઇ બ્રાહ્મણ આવીને પ્રારથે હું છું નીષ્કંચન શ્રીમહારાજજી
કન્યાનો કાલ વીતીત થયો ઘણો ને મારે છે વીવાહનું કાજજી ।૬૭।
તેહના કાજ સમાન વીચારીને કરૂણા ભરી તેહને આપે છે દાનજી
તે અભીલાખથી અધીક પુરણ થઇ આશીષ દેઇ વલે ભાગ્યવાનજી ।૬૮।
ચીરણજીવો બહુજીવો સતજીવો કહી કહે આયુષ વૃધ્ધી હો પુરણ કામજી
રીધી સીધી સંપતી અલૌકીક લક્ષ્મી રહો નીરંતર એણે ધામજી ।૬૯।
કોએ કસેડી તપેલા ને કલસીઆ કોએ કટોરા તે લોહ તણાજી
માગે મનોરથ હોએ જે જેહનો સદ્ય અપાવે તે તેહોને ઘણાજી ।૭૦।
બ્રાહ્મણીયો આવે જે તૈલંગીની સામી સામી કહી પ્રાર્થે જેહજી
તેહને વસ્ત્ર પાત્ર અને દ્રવ્ય જે જે અપેક્ષીત આપે તેહજી ।૫૭૧।

કહેને ગોપ્ય દાન બહુ દ્રવ્યનુ ગોપ્યતાએ કરી આપે છે એમજી
તેડી આદર પુર્વક ગોપન કરીને કોઇ અવર ન જાણે તેમજી ।૫૭૨।
કો વ્યાધી કો વ્યાધીના કાજને ઔષધ માગવા આવે છે અહીંજી
તેહને તેલ ઔષધ ઉપયોગનું સદ્ય અપાવે છે શ્રીમુખે કહીજી ।૭૩।
વ્યાધી અનાથ અન્યાશ્રીત અકીંચન આવે છે આતુર થઇને અહીંજી
કહે છે જે રાજ હું રોગે ગ્રસીત થયો મારે ઉપાય છે ને કાંઇ નહીંજી ।૭૪।
તેહની વીનતી સુણીને તેહ સમે સ્થલ આપીને કરે સમાધાનજી
ઔષધ જોઇએ તે કરે ચાલતું ને નીત્ય નેગ કર્યો જાનપાનજી ।૭૫।
એક પરીચારક પોતેથી રાખીને મોકલે તે કાજને તેહની પાસજી
જે જોઇએ તે અપાવે તેહને પુરે આરત ભરની એમ આશજી ।૭૬।
રોગથી મુકત થયા પછી તેહને ખરચ આપી સમાધાન કરીજી
વીદાય કરે તે આશીષ દે અભીનવી સુખ પામી ઘેર જાએ છે ફરીજી ।૭૭।
કો પાણીના પાત્ર માંગે છે તુંબડુ કો કમંડલ માંગે બ્રહમચારજી
વાઘ ને મૃગ તણા ચર્મ માંગે કો તે અપાવે છે તેણી વારજી ।૭૮।
જે કો જે આશા જે પ્રકારની કરીને આવે છે માગવા અહીંજી
તેહના મનોરથ પુરણ થાય છે રહે નહીં વાસના જાવાની કહીંજી ।૭૯।
માંગણહારને વીલંબ માગ્યા તણો દાન કર્તાને ન વીલંબ લગારજી
લૌકીક અલૌકીક દાન સમોહની પરમ ઉદારતાએ વહે ધારજી ।૮૦।
એણીપેરે બેસી ચટાઇએ તે સમે પરમ ચતુર વરદાન વરેસજી
લીલા અનેક પ્રકારની કરીને પહોંચ્યા છે નીરવારી અને કેશજી ।૮૧।
કેશ તે ઝટકી બેહ કરે કરીને વાલ્યો અંબોડલો તેણીવારજી
નીહારી કસેડીથી જલ નામીને કર પ્રાક્ષાલ્યા તે પ્રાણાધારજી ।૮૨।
ઉપરણો ગોદથી કરમાં લઇને કર પુંછન કરી લીધો હમેલજી
સરકીને સનમુખ પ્રમુદીત થઇને અટકીને બેઠા તે મોહન વેલજી ।૮૩।
કોઇસું હાંસી વીનોદની વારતા કેહને પ્રશ્નનો ઉતર કરેજી
કયારેક સતકાર કરે છે ગાનનો ભકતન વીવીધ ભાંત રસ ભરેજી ।૮૪।
સમય ભોજન તણો લહીને ભકતને મનમાંહે સોચ ઉભય ન સમાએજી
વીપ્રયોગ તણો આગમ મન દેહને ભોજનને અવાર જે થાએજી ।૮૫।
જે કોઇ નોતર્યા છે તેહને ભગવદી વેગા તેડી લાવે તેણી વારજી
વેગા તેડીને સીધ કરે જાણે રંગે થાએ પ્રભુને અવારજી ।૮૬।
ભોજનનો સમય લહીને રાયજીની સીઢી ઉપર રહે દ્રષ્ટી તે મનનેજી
કયારે વેગા આવીને પધરાવસે ભોજન કરવાને પ્રાણજીવનનેજી ।૮૭।
ભાગ્યવાન ભીતર જઇ જઇને વહુ બેટીને ત્યાં એમ પુછેજી
આજ અવેર થઇ શા કાજને તેહનું કહીએ કારણ શું છેજી ।૮૮।
તે કુલવધુઓ કહે જે વીલંબ નથી અહીં તો સીધ છે સહુ પ્રકારજી
વેગા વેગા કરીને પધરાવજો રંચ મારે નથી કાંઇ વારજી ।૫૮૯।

ભોજનશાલામાં સહુ સીધ કર્યું જે જે સામગ્રી જોઇએ જે જેમજી
ભાવતી રૂચતી સોહાતી સમારીને રાખે છે તતપર કરીને તેમજી ।૫૯૦।
પોતે પ્રથમ તણા વસ્ત્ર મહેલીને બીજા અણાવીયા અપરસ સારજી
તે પહેરી અતી પ્રમુદીત થઇને સોહતો સહેજ કરે તે સૃંગારજી ।૯૧।
પ્રેમે પરોસવાને મોદે ભર્યા મન વેધાયા વાહાલાજી પાસજી
આરત એહોને મત વાધી ઘણી ક્યારે પધારસે મહા સુખરાસજી ।૯૨।
મહાનશ આગલની જે તીબારી તે પર વારી નાખીયે તનજી
જયાંહાં પધારી પ્રમુદીત થઈને નીત કરે છે પ્રભુ ભોજનજી ।૯૩।
ત્યાંહાં ઉતર દીશે લેઇ પીઢો ધર્યો પડઘી તે આગલ ધરી અનુપજી
તકીયો તે ટેકવાને કાજ વામ દીશે રાખ્યો છે બેસવા ગોકુલ ભુપજી ।૯૪।
થાલ સોવર્ણની પરમ વીશાલ જે માંહેં કટોરા સુવર્ણ તણાજી
ને વલી રજત તણા તે સોહામણા ફીરતા તે મેહેલ્યા છે ત્યાંહાં અતી ઘણાજી ।૯૫।
એક કટોરો જલે તે ભરીને જમણી દીશે રાખ્યો ભોમી સુદેશજી
વીવીધ સ્વાદ તારતમ્યના ભોગ્યતા ફરી કર ક્ષાલસે ચતુર વરેસજી ।૯૬।
વામ દીશે ગડુઓ જલ પાનનો નેવરો છીરકી શીતલ જલે ભરીજી
પીઢો કોરી ચોંહોંફેર જલે ભરી તે મધ્યે લઇ ગડુઓ ધરીજી ।૯૭।
પુત્ર પૌત્ર પૌત્ર દીક તણી સનમુખ થાલો ધરીય છે ફરતીજી
જેહને જયાંહાં બેઠા તણી જોગ્યતા તેહને ત્યાંહાં ધરી અનુસરતીજી ।૯૮।
ત્યાંહાં વાત્સલ્યસું જતન કર્યા બહુ ને વલી મક્ષીકા ત્યાંહાં નીવારીજી
અગર ઉખેવીઓ મોદ ભરીને ચક નાખી તે ભરી છે તીબારીજી ।૯૯।
બાહેરની તીબારી ઉભય શુભ પુરવ પશ્ચિમ સનમુખે જેહજી
પુરવ દીશાનીએ ભીતરીઆ સહુ ઉપવીતના અધિકારી તેહજી ।૬૦૦।
તેહની પતલીઓ ત્યાંહાં લેઇને બેઠા છે આપાપણે ઠામજી
પશ્ચિમની તીબારીએ વૈશ્નવ તેડી બેસાડયા છે લેઇ લેઇ નામજી ।૧।
જેણે નીવેદન તે દીવસે કર્યા તેહ પ્રસાદને બેઠા છે આવીજી
વલી કોએ રાજસી કે કો પ્રદેશના કે કોઈ નેગના આવ્યા સુભાવીજી ।૨।
અહીં વાહાલોજી બેઠા મોદસું ગોદમાં બાલીસ્ત ઉભો તે ધરીજી
ઉલટા ઉભય કર તે ઉપર કરીને વલી રૂદયસું પરસ કરીજી ।૩।
વલી કો સમે તે બાલીસ્તને દે ભીંતસું તે ત્યાંહાં અટકીને બેસે છે પોતેજી
જેણે એ બાલીસ્તનો મનોરથ કર્યો છે મનોરથ અંત થયા તે જોતાજી ।૪।
એણી પેરે અનેક આનંદ ભરી બેઠા ચટાઈએ પ્રાણાધારજી
ભોજનને પધરાવવાને ત્યાંહાં રાયજી આવ્યા તે તેણી વારજી ।૫।
ભાષામાં લેચડજી કહીને ઉભા રહ્યા છે તે સનમુખ આવીજી
વાહાલોજી તેહ સુણીને કર થકી અંગુઠી ઉતારી સુભાવીજી ।૬।
અંગુઠી લેઇને ઉપવીતમાં ધરી એક અંગુઠીએ પેચ દીધોજી
તે ઉપવીત તણો પેચ લેઇને કટીસું ધોતીએ ખોંસીને લીધોજી ।૬૦૭।

પુછયું જે વૈષ્ણવ જો આયે હુતે વે સબે બોલે પ્રસાદ કે કાજજી
વીનતી કરી તે સહુ આવીને આગલથી બેઠા મહારાજજી ।૬૦૮।
કર પ્રક્ષાલન કરી કર પુંછીને ઉઠી ઉભા રહયા પ્રાણ આધારજી
ભટ બ્રાહ્મણ કે પ્રતીષ્ઠીત તેહને વીદાય કર્યા કરીને મનુહારજી ।૯।
રાયજીના કર ઉપર કર ધરીને પધારે છે તે ભોજન કાજજી
ભગવદી સર્વ કે ઉઠી ઉભા થયા જ્યાંહાં ત્યાંહાંથી કરે જે મહારાજજી ।૧૦।
આપથી સર્વ કે ઓસરા ઓસરી પેંડો કરી રહ્યા બેહુ હારજી
મધ્યે પધારે ઉરધ અર્ધ નીરખતા હરખતા કરતા તે બહુ સતકારજી ।૧૧।
જે દીશે નયણ મયણ રસે ભરીને ફરી ફરીને નીહાલતા ચાલેજી
તે દીશના નયણ રસ ભોગીયા તેહને તે ચીતવની ઉર સાલેજી ।૧૨।
વીપ્રયોગ આગમ તણી આરત્યે આરૂત્યા આરત હરણને નીરખેજી
ચીત ચંચલ અને ચલ દ્રષ્ટીએ કરી ચાલતા નખશીખ જોઇ જોઇ હરખેજી ।૧૩।
કે આગલથી આગલ ઉભા રહયા કે આગલ થકી ચાલતા જાએજી
તે ફરી ફરીને શ્રીમુખ નીરખે છે તેહને ઉલટ અંગ ન માએજી ।૧૪।
કે બેહુ હારના હારીને રહયા ભીડ ઘણીનો કરીને સોચજી
છજે અટાલીના અટકી રહયા ધરી દર્શન તણી મનમાં લોચજી ।૧૫।
કે આગલ પેંડો કરાવતા ચાલે તે ફરી ફરી શ્રીમુખ જોતાજી
કે પાછલના પાછે પગે અટકતા ભીંત છોહતા આવે છે સોહતાજી ।૧૬।
કે જગમોહનમાં જુગતે કરી વામ દીશે વામાઓની હારજી
તે નીજ નયણને શીતલ કરે છે પધારતા જોઈ પ્રાણ આધારજી ।૧૭।
ગલીના રલીસું મલી મલી જુએ કુલી પ્રકુલીત થઇને આશજી
મલી મલી રસ અંગમાં વસ થઇ ઇચ્છે છે એ અંગમાં નિત વાસજી ।૧૮।
જલઘરાના જોઇ જોઈ અને અહીં રહયા આગલના આવી અહીં અટકયજી
હાલો ભોજનશાલાએ પધાર્યા ભગવદી સર્વ અહીં રહયા ઠઠકયાજી ।૧૯।
ભીતરની ગલીએ થઇ ભીતર ભોજનશાલાએ પધારે મહારાજજી
વહુ બેટી લજ્યા મેટીને નીરખતા માત્રે સર્યા બહુ કાજજી ।૨૦।
પરમ મુદીત મનમાંહે થયાં ઘણુ અણુ ન આરત્ય બાહાજય જણાએજી
સંગીન ધર્મ થકી ભાવ ગોપન કરે પણ મન સ્વરૂપ માંહાં સહેજ સણાએજી ।૨૧।
તે મનમાં જૈજૈ કરી જોઇને નમન કરી ભાવે ભર થઇજી
શણગટ કરી સંકુચી ઉભા રહયા અંતરમાં થયા આનંદ મઇજી ।૨૨।
પરીવાર ભટ ભાણેજ જમાઇ જે પંગતે પ્રથમથી બેઠા આવીજી
રાજ રાજેશ્વર આવ્યા તે જોઇને ઉઠી ઉભા થયા સહેજ સુભાવીજી ।૨૩।
તેહને માન દેઇ સનમાનસું બેસાડયા તે આપાપણે ઠામજી
પોતે આવી પ્રમુદીત થઇને પીઢા ઉપર બેઠા પુરણ કામજી ।૨૪।
ઉતર પીઠ કરી દક્ષણ મુખ દ્વાર રસોઇના ઉપર દ્રષ્ટીજી
બીજે દ્વારે જે આવી ઉભા રહયા તેહોસું હોએ છે રસ તણી વૃષ્ટીજી ।૬૨૫।

અણસખડીનો સાજ જયાંહાં રહે તે પરોસવા પ્રમુદીત થઇજી
નાગરી નીપુણ સુખાનદે ભરી સનમુખ ઉભા રહા રસમઇજી ।૨૬।
મુદીત થયા ત્યાં બેટી અને વહુ બહુ મનોરથ મનમાં ધરીજી
શાક પાક સખડી બહુ ભાંતની પરોસવા આવે છે ફરી ફરીજી ।૨૭।
પ્રથમ મુદીત થઇ મોદે ભરી વ્યંજન વીવીધ ત્યાંહાં મુકાયજી
નિત્યપ્રતી નૌતન હોએ તેના નામ ન્યામીક કરી કહ્યા ન જાએજી ।૨૮।
સુરણ સખડીમાં સુધારીઉ આંબળાની બુકણી દેઇ સારજી
હલદી વેસણનું આલણ કરી પરમ સુવાસિત કરી વઘારેજી ।૨૯।
તે લાવ્યા લાવણ્ય જુત ઝમકતા કનક કટોરામાં રાખ્યું સણીજી
ને બીજુ ઘૃતમાં ભુંજી કર્યું વાહાલાજીની રૂચી એહો પર ઘણીજી ।૩૦।
ભાઠા તે ભાંત અનેક તણા કર્યા એ કસેડીમાં ચાકર્યા ચાર ચીરજી
તેમાં લુણ દેઇ રાખીને વલતા નીચોઇને કાઢયું તે નીરજી ।૩૧।
તેમા ધાણા હલદી જીરૂ તજ મીરચ લવીંગની બુકણી ભરીજી
સરસીએ હીંગ લવીંગસું છોંકીને ઉછાલ્યા તે ફરી ફરીજી ।૩૨।
આદાનો છીર ને નીંબુની ફાંકસું લેઇને આવ્યા પરોસવા કાજજી
તેહ સડીચા સુવર્ણ કટોરામાં મેલ્યા જે રૂચતા જોઇ મહારાજજી ।૩૩।
એક વનારી ચીર કરીને બુકણીસું છોંકી સીધ કર્યાજી
મીરચ લુણ નીંબુની ખટાઇસું આણી રજતના કટોરામાં ધર્યાજી ।૩૪।
એક વેસણનુ આલણ હલદી દેઇ એક અમચુરની તે મેલી ખટાઇજી
સાદી છોંકણીએ છોંકીને મેલી મીરચ અને દીધા અટાઇજી ।૩૫।
એક ગલેફ્યા વેસણ હલદીમાં એક ગલેફી મઠામાં બોલ્યાજી
એક તે સાદા વનારી ભુંજીને રાઇ મઠામા લેઇને રોલ્યાજી ।૩૬।
એકના ભડથ કરી સમારીને હીંગે સરસીયાની છોંકણી દીધીજી
આદાનો છીર વનારી તેમાં ધર્યો લીંબુની ભાવના તેમાં કીધીજી ।૩૭।
એક ભડથ કરીને લુણ દેઇને તે માંહેં સરસીયું કાચું મેહેલીજી
એ ઉપર વાહાલાજીની રૂચી ઘણી પ્રેમ સહીત પ્રમુદીત થઇ તે લેજી ।૩૮।
એક ભડથમાં દહીં મેહેલીને એણીપેરે ભાટા તે ભાંતી અનેકજી
કરી સુધારી સમારીને લાવે છે તેહનો કયાંહાં લગી કહું વીવેકજી ।૩૯।
પેઠા સમાર્યા તે ઉભય પ્રકારના એકના ટુક મોટા કરીજી
પાગ્યા તે ખાંડમાં ખાંતે કરી પ્રસન્ન થયા પ્રભુ આગલ ધરીજી ।૪૦।
બીજા તે નાના વનારીને છોંકીઆ હલદી લુણ સંયોગીજી
તેહ આણીને પરોસ્યા પ્રેમસું આરોગવાને તે પ્રાણાધારજી ।૪૧।
શાક એ પરમ સુખાવહ એહવું ગુણદાયક અને અતી રૂચીકારીજી
શીતલતા સર્વાંગ પ્રગટ કરે તે પરોસ્યું છે મન વીચારીજી ।૪૨।
મટર ખાંસખુંટ બહુ ભાંત્યના વાલ મીરચ લાગે મુખ પ્રીયજી
છોંકી સચીકણ રાખ્યા સોહતા શું કહું એહના સ્વાદ તણુજી ।૬૪૩।

વડી તે અડદ ચોરીઠા ને મગ તણી તીલવડી કોડવડી મહા સારજી
પાપડ કોમલ કાચરીઓ બહુ કયાંહાં લગી કહું તેનો વીસ્તારજી ।૪૪।
સીમ સકોમલ ઘણુ સુધારી વલી કચનારજી
ઓસરા ઓસરી લાવે તે ઉતાવલા પરમ ઉલટ ભર્યા તેણીવારજી ।૪૫।
પરમ ચતુર ચતુરાએ ચીત ધરી ભાવે ભરીને શાક સુધાર્યાજી
ભાવનો સ્વાદ લેઈનો સરાહીઆ તે સુણીને એ ભકત ઓવાર્યાજી ।૪૬।
મુગ તાતા કોમલ અને મરમરશા ભાત સુવાસીત સુંદર જેહજી
ઘૃત સોંધા તાવ્યા તતકાલના થાલે પરોસીઆ આણીને તેહજી ।૪૭।
એહવે સમે વાહાલેજીએ પુછયું વૈશ્નવને પરોસાઈ છે પતલીજી
ઉતર દીધો પરોસી રહયા સહુને પરોસીએ છીએ જોએ વલીજી ।૪૮।
વૈશ્નવને આજ્ઞા એણીપેરે હવી તમો આગલથી પ્રસાદ લ્યો વેગજી
વૈશ્નવને લેવરાવી અને આપ લે એ વાહાલાને નીરંતર નેગજી ।૪૯।
તેહોને આજ્ઞા દેઈ આચમન લેઈને વલતુ કર્યુ પોતે અપોષણુજી
સર્વ સહીત ભોજન કરે ભાવસું ને પરોસે છે તે મહા ભાગ્યવાનજી ।૫૦।
કઢી મીરચ તણી અતી સુંદર વલી પાતલી મલી ઉકાલી ઘણુજી
તાતી પરોસી કટોરા રજતમાં સ્વાદનું શું કહું તેહ તણુજી ।૫૧।
તુરઇ તુરત તાતી કરી ફરીને રાઈની છોંકણીયે છોંકીજી
લીંબુની ફાંક સહીત સણગટ કરી મીરચ સહીત કટોરે મુકીજી ।૫૨।
મોટા કારેલા અને કોમલ ઘણુ છીલ્યા ઉપર થકી સુક્ષ્મ પેરજી
મધ્યેથી ટુક ઉભય તેહના કર્યા હલદી લવણ દીધું ઉલટ ભેરજી ।૫૩।
ઘૃત સીંધુ જીરા તણી છોંકણી કીધા કરકરા ને કોમલ ઘણુજી
મુખ પ્રીય શાક સુખાવહ એહનું ને વલી શું કહું સ્વાદ તણુજી ।૫૪।
બથુઆનુ શાક સમારી વનારીને હીંગ સરસીઆમાં તે લેઈ છોંકયુંજી
ચડયું નીપટ ચડવા દીધુ નહીં તેહવું તાતુ આણીને મુકયુંજી ।૫૫।
શાક ચોલાઈનું અતી સુંદર ઘણુ તેહ પરોસ્યું છે પ્રમુદીત થઈજી
સ્વાદ સરાહી સરાહીને તેહ સમે આરોગે છે તે આનંદ મઈજી ।૫૬।
રોટી ગેહુંની જે અતી કોમલ ઘણુ સઘના ઘૃતમાં તે રહી સણીજી
તે પ્રેમદાએ પરોસી પ્રેમસું વલી પંચધાનની અતીશય વણીજી ।૫૭।
લેટી અતીસે પકવ કોમલ ઘણુ મુખ પ્રીય સ્વાદ તણો નહીં પારજી
તે આવી પરોસે છે તેહ સમે આરોગે છે પ્રાણાધારજી ।૫૮।
અમરસ ઉજવલ મીસરીનો કર્યો કટોરા રજતના માંહેંજી
સ્વચ્છતા અમરસની ઉજવલ થકી જાણીએ ઠાલો કટોરો છે ત્યાંહેંજી ।૫૯।
રોટીને નીકટ બુરૂ આણી ધર્યુ રોટી આરોગે છે બુરામાં સણીજી
સ્નિગ્ધતા સહેજ રૂચે વાહાલાજીને વલી મીઠાઇ ઉપર રૂચી ઘણીજી ।૬૦।
દુધપાક સંજાવ સોહામણો તેહ પરોસ્યો છે સઘલે ઠામજી
બાલક ભટ ભાણેજ જમાઇને વીસદ કયાંહાં લગી કરીએ નામજી ।૬૧।
તીનકુડા રૂડા લાગે ઘણુ પકવડા રાઇ મઠામાં સણ્યાજી
રાઇ ઘણી ચઢી જાણીને રૂચતા જોઇ વલી ફરીને આણ્યાજી ।૬૨।

લુણ કટોરીમાંહાં ન્યારૂ ધર્યું જીરૂ સેકી બુકણી કરી રાખીજી
ભીનાવડા મેલ્યા મન ભાવતા તે શ્રીકરે લેઇ જોયા છે ચાખીજી ।૬૬૩।
એક વ્યંજનમાં કર મહેલીને તે કર ક્ષાલે કટોરા માંહાંજી
પ્રથુક સ્વાદના મહા રસ ભોકતા પરમ પ્રવીણ આરોગે ત્યાંહાંજી ।૬૪।
અનેક પ્રકારના વ્યંજન અનેક ને અનેક ભાંત સખડી સામગરીજી
તે પરોસે છે ફરી ફરીને રૂચતું જોઇ જોઇ પ્રેમ ભરીજી ।૬૫।
તેહ પરોસે છે તેમાંથી રૂચી ભર આરોગે છે કરી અને કાણજી
પણ પોતે રૂચતું જુઇ માંગવું એહ પ્રભુને નહીં એ બાણજી ।૬૬।
વલી જલપાન કરે ગડુએ થકી મધ્યે મધ્યે અતી મુદીત થઇજી
હાસ્ય પ્રમોદે વારતા કરી કરી ભોજન કરે છે આનંદમઇજી ।૬૭।
અણસખડી સહુ સ્થલ અલગે રહે ને અલગેથી પરોસે છે લેઇજી
મુખ મુસકાઈને અતી રસ ભાવસું થઇ થઇ અંતરમાંહાં રસમઇજી ।૬૮।
ભોજન કરતાં મહાપ્રભુ પાતલો દ્રષ્ટી દુરાવીને જુએ છે ત્યાંહાંજી
ઉભય અનુપમ દ્રષ્ટીની વૃષ્ટી તે હોએ પરસપર અતી રસ માંહેંજી ।૬૯।
સીખરણ બાંધ્યા ધ્ધી તણુ કર્યું મહેલીને મેવા એલચી ને બરાસજી
તેહ પરોસ્યું છે પ્રેમદાએ પ્રેમસું મધુર અવ્યકત છે પરમ સુવાસજી ।૭૦।
સંધાણા બહુ ભાંત્ય તણા ઘણા કો સાદા કો રાઇ સમેતજી
કો લીંબુની ખટાઇમાંહાં પાગીઆ તે મહેલ્યા કરી કરી બહુ હેતજી ।૭૧।
ભાત વલી લાવ્યા છે પરોસવાને રૂચતો જોઇ માગી લીધોજી
કાંઇ એક વાધ્યો પરોસતાં તે લેઇ થાલ વીસાલે વીશેષ તે કીધોજી ।૭૨।
મઠો મનોહર મધુર સુવાસીત તે રૂચે વહાલાને વીશેષજી
એહ પ્રભુનો સુભાવ સદા લગી નિપટ ખટાઈ રૂચે નહીં લેસજી ।૭૩।
એહવે કો શાક પરોસતા માંહેંથી ભુલી ગયા એક સુરત ન આવ્યુજી
મહેલ્યું તે સંકુચાતા મુસકાતા લજાતા મુસકાઇ પ્રભુને મન ભાવ્યુજી ।૭૪।
ભાત મઠો આરોગે છે પ્રેમસું લુણ જીરા તણી બુકણીએ જુકતજી
વારતા ચાલે છે અનેક પ્રકારની જેહવો સમય તેહવી કરી ઉકતજી ।૭૫।
ચક ઓટે થઇને ચતુરા જુએ ચોકમાં ચક તણે નીકટ રહીયજી
જમણુ અંગ નીરખે છે નેહસું અંતરમાં અતીસે ઉમહીજી ।૭૬।
થાલ સંપુરણનુ દરશન હોએ કેવલ આરોગતા કર અવીલોકેજી
અંગની આભા અનુપમ દેખીએ નયણ રહયા કાંઇ ચક તણી રોકેજી ।૭૭।
જમણી દીશે ઘુંટણે તકીયો ધર્યો તે અંગ મોડીને ડાબે કરસુંજી
લેઇને ડાબા ઘુંટણ તલે રાખે છે સુખદાયક હીત આનંદ ભરસુંજી ।૭૮।
એણીપેરે આરોગે છે પ્રભુ પાતલો તેહવે ખવાસ અચવવાને કાજજી
જે ઉપયોગને જોઇએ તે આણીને ચોકમાં કરી રાખે છે સાજજી ।૭૯।
પીઢો આણીને પ્રથમ ધર્યો ત્યાંહાં દક્ષીણ પીઠ ઉતર મુખ કરીયજી
તષ્ટીમાં તૃણ મહેલીને આગલ ધરી ગડુઓ બડો જલસું ભરીયજી ।૮૦।
છોટો ગડુઓ શુધ્ધ આચમનને વલી ખલી કરી રાખી છે તે સીદ્ધજી
સીક સમારી ધરી શુધ્ધતા હિત અંગીકૃત કરસે મહા નીધજી ।૬૮૧।

મુખવસ્ત્ર લેઇને કેા ઈભા રહયા કર પુંછન કરવા ત્યાંહાંજી
માખી નીવારણને તેણે સમે મુઠેા લઇ રહયા કેા કર માંહાંજી ૧૬૮૨।
કેા ભગવદી ચટાઇનું દર્શન કરીને પાક કર્યા ઘેર જઇજી
કેાએ એકાકી ઉતાવલા જઇને આવ્યા છે વેગ પ્રસાદ લેઇજી ૧૮૩।
જેહેાને ઘેર સેવાના પ્રકાર તે પાક કરીને ત્યાંહાં આરેાગાવીજી
ઢાંકી પ્રસાદ જતન ધરના કરી કુટુંબ સહીત આંહીંઆ ઉભા આવીજી ૧૮૪।
ગ્રહસ્થ કેા પાક કરી પેાંચ્યા નથી તે કરે વેગા થઈ થઇજી
આવશ્યક લહીને સહુ એ કરે પણ મન થઇ રહયા સ્વરૂપ મઇજી ૧૮૫।
કેણે તે વૈશ્નવ નીજ ઘેર નેાતર્યા તે ઉછાહે કરે સહુ સાજજી
મને વેધાયા છે વાહાલાને દર્શને પણ ઘરના તે કરે છે કાજજી ૧૮૬।
પ્રાણ પ્રભુ પેાઢયા પછી સર્વકેા વૈશ્નવ આવીને લેસે પ્રસાદજી
કેાઇ રસેાઇ કરે પેાઢયા પછી કેા નીત એમ રહે મરીયાદજી ૧૮૭।
કેા ચટાઇ સમેના અહીં રહયા પેાઢયા પછી કેા આવસે ઘેરજી
કેા પેાઢયા પછે રહેસે તે કાજમાં એાસરા એાસરી ઉલટ ભેરજી ૧૮૮।
કેા પહેાંચ્યા અણપેાંચ્યા થકા રહયા કાજને ભવન મંજારજી
ભેાજન કરી પેાંચ્યાનેા સમે લહી વીહવલ થયા સહુ નર અને નારજી ૧૮૯।
જે પેાંહેાંચે તે પેાહેાંચી પેાહેાંચીને મંદીરમાં તે આવતા જાએજી
જ્યાં જ્યાં રહી જેહેાને દર્શન હેાએ તે ત્યાં આવીને ભીડ ભરાઇજી ૧૯૦।
ભીડ થઇ છે તે ભેાજન ભવનમાં આવી આવીને ઉભા તે ભકતજી
નાહેાને નીરખવાને આરત ભર્યા ભર્યા મનેારથે અતી અનુરકતજી ૧૯૧।
સર્વકેા તત્પર થઇ થઇ રહયા દેહ કરીને નયણ મઇજી
નયણ પધારવાને પેંડે રહયા ઇંદ્રીય સકલને સનમુખ લેઇજી ૧૯૨।
એણીપેરે અનેક અનેક પ્રકારના ભગવદી ઉભા છે ભાવાપન્નજી
પ્રભુ પધાર્યા તણેા પેંડેા જુએ કયારે પધારસે પ્રાણજીવનજી ૧૯૩।
વ્હાલેાજી ભેાજન કરે છે ભાવસું ભાવ તણેા કરી અંગીકારજી
રૂચીસું આરેાગી ખટ રસ ભેાગીયા ઉઠીયા તેહ સમે અલવે આધારજી ૧૯૪।
ચક ઉંચેા કરી ભકતને તીબારીએ પ્રગટ પધારીને દરશન દીધુ જી
આશીષ દે છે સહુ આશા ભર્યા કાજ તે સર્વ પ્રકારનું સીધુજી ૧૯૫।
મુખ વીકસીત મૃદુ મુસકાતા અધરે મઠા તણી લાગી છે છીંટજી
કર ઉંચેા અધ મુઠીસું ધર્યેા તે અવીલેાકીએ કરીને મીટજી ૧૯૬।
ઉપરેણેા એકત્ર કરી હમેલસું રાખ્યેા છે ભાંતી અનુપમ ધરીજી
ધેાતી સેાહતી સેત સેાહામણી તેહ નીહાલીએ ફરી ફરીજી ૧૯૭।
સ્વરૂપાનંદ રસે ભર વરસતાં સીંચન કરતાં તે સર્વના નયણુજી
આનંદ સીંધુ હૃદય પ્રગટાવતા પધાર્યા ઉપજાવતાં મયણુજી ૧૯૮।
પીઢે પધાર્યા પ્રભુ પ્રમુદીત થઇ બેસીને તે અચવે છે પ્રાણ આધારજી
તે આગલને માંગલ્યે કહું વલી વીસદ કરી કાંઇ એક વીસ્તારજી ૧૯૯।
પ્રાણ પ્રભુને પદે અનુસરીને વીનતી કરે છે દાસ ગેાપાલજી
રાજને જોએ વીલંબ ઘણેા થયેા દરશન આપીયે પરમ દયાલજી ૨૦૦।

ઇતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ વ્યારાના ગેાપાલદાસ વીરચીત
ચટાઇ ભેાજન વર્ણનનેા નામ માંગલ્ય-૭-સાતમું સંપુર્ણ

માંગલ્ય – ૮

શ્રી ગોકુલેશો જયતી

શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનુ માંગલ્ય આઠમુ લખીએ છીએ
તે ગાવાને લૌકીક ગીત ગોણાની 'આવ માલણ બેસ પાટ નવી વેલ ગુંથાવીયે'

શ્રી ગોકુલેશ વરેશ ગુણનીધી રસીકવર ઉલટ ભર્યા
પુત્ર પૌત્રાદીક અનેક તે કુટુંબ વર્ગે પરવર્યા ।૧।
લેજ્ય પેજ્ય ને ચોસ્ય રસ ખટરસ રસીક ભોજન કરી
ભીતર સહુને સુખ દેઇ પધાર્યા બાહેર ફરી ।૨।
બાહેર પધારી ચોકમાં પીઢે તે બેઠા આવીને
અચવતા અચલ સોહાગીયા નીરખે છે અતી મન ભાવીને ।૩।
રાજ રાજેશ્વર પ્રથમ પધાર્યા જયારે ભોજને
ત્યારે અંગ સેવક અતી નીપુણ અવકાશ લહી જાણીને ।૪।
પોઢવાનો સાજ પ્રમુદીત થઇને સહુ સીધ કરે
ગરમીની રીતુ તે ગુણનીધી તીબારીમાં કરી ધરે ।૫।
પ્રથમ સોહીનીએ કરીને કરી સર્વ સોહતી
જે તીબારી ત્રીલોક પર ત્રીવીધાઓના મન મોહતી ।૬।
તે તીબારીમાં તૃતીય ભાગે ઉતર દીશે અભીનવ જ્યાં
રમણીક સ્થલ રચના કરીને ભોમીસેજ રચે ત્યાં ।૭।
ભગવદી ભાગ્યવાન બે તે સમાન કો એહોની નહીં
સીરાહણે પશ્ચિમ ને પુર્વ પંગતે બેઠા અહીં ।૮।
પ્રથમ જાજમ જુગતસું નીચે બીછાવી સોહતી
અવરોને અસ્તરે ગોડીઉ ફીરતી નીવારે મોહતી ।૯।
તલાઇ તે ઉપર બીછાવી અતી સુખદ રૂઇ ભરી
સનમુખે ઉભય સૌભાગીયા કર ફેરવે તે ફરી ફરી ।૧૦।
રૂઇ અતી ઉજ્જવલ અનુપમ ઉપમાને બીજી નહિં
નૌતન મૃદુલ મહા સુખદ જોઇ અતી નીપુણ તે લાવ્યા અહીં ।૧૧।
તે વીણી વનીતા વૃંદ મલીને ભગવદીએ ભાવે કરી
કીટી કસ્તર રજ નીવારી સુપેતી તેણે ભરી ।૧૨।
મલમલ મલાઇ બાંધણુ ને કસુંબી કોમલ ઘણી
મનોરથ કરી મહાભાગીયા લાવ્યાં તે પરમ સોહામણી ।૧૩।
તે બીછાવે સનમુખ રહી એક એક ઉપર ભાવતી
ચાર ખુંટે સુધારીને સમારીને શોભા ભાવતી ।૧૪।
સુખદ ભાવ વીચારની મર્યાદ મન આણીને
બીછાવે રીતુ ભેદે લહી નીજ નીપુણ જાણીને ।૧૫।

પંગતે એક સીરાહણુ અતી કોમલ શોભા ભયુ
સાહુ સુખદ સુપેર કરીને સુપેતી નીચે ધર્યું ।૧૬।
ગરમીએ ખાસતા કોમલ ને વલી બહુ મુલનુ
શીતમાં ખાસા સકોમલ અન્ય નહીં એ તોલનુ ।૧૭।
તેવી ચાદરો ચતુરાઈએ કીધી તે મનની ખાંતસું
જેની શીવણ શ્રીઅંગે ન પરસે કરી એવી ભાંતસું ।૧૮।
તે ખીછાવી બેહુ દીશે દાખી સીરાણે પંગતી વલી
કર ફેરવી ફેરવીને તે સમારી મનની રલી ।૧૯।
સીરાણુ મખમલ દુકાવાનું તે આણી ધર્યું
ઝાંવા કનક મફતુલ જુત અતી સુવાસીત જે પેરે ભર્યું ।૨૦।
દોહોરૂં વસ્ત્ર મહા સકોમલ લપેટયું બેહુ દીશે રહી
તે અનુભવે જાણ્યુ પડે સમજાવું તેને શું કહી ।૨૧।
અતી ગોલ ગાલમસુરીઆ ભર્યા તે પર કોમલ ઘણા
કમલ અમોલક જાતના મગજીસું કર્યા તે તણા ।૨૨।
ગલેફ ગાદાના સુખદ કોમલ કમલના દલ થકી
તે સમારીને શીરાણે ધર્યા કૃપાને તે બલ થકી ।૨૩।
શીતકાલમાં સુપેતી અતી સુખદ રાખે ધરી
જેમાં રૂઈની પહેલા ભીતર અંબર કસ્તુરી ભરી ।૨૪।
અને તોસ અતી બહુ મોલની જે અંગુઠીમાં નીસરે
તેનું અસ્તર કર્યું ભીતર કસુંણી ઉપર કરે ।૨૫।
તેને ખોલ ખાસાની સકોમલ કે વલી મલમલ તણી
સોડને ચાદર સોહાતી ધરી પરમ સોહામણી ।૨૬।
પ્રથમ ધુપમાં ધરી ઉષ્ણમાં ઉભય દીશે કરી
સુખભર સોહાતી કરીને પછે સેજ ઉપર લેઇ ધરી ।૨૭।
તે જોડ દેઇ જુગતે કરી ઢાંકી સજ્યા ઉપરે
પંગતી દીશે વાલી કુંદણા સમારી ઉલટે ભરી ।૨૮।
ગરમીએ ખાસા તણી ચાદર કે વલી પંચતોલીયા
મલમલ તણી મહા મનોહર ઉતમ રહે બહુ મોલીયા ।૨૯।
સેજ ખીછાવે શીતલ પાટી કોમલતા પરમીત નહીં
કર પરસતા ઠહેરાઇ નહીં એવી સુખદ સુભગતા અહીં ।૩૦।
ચતુરાઇસું ચહુદીશે દાખી અતી આનંદ સહાયની
છીરકી ગુલાબે શીતલને શીતલ કરી સુખદાયની ।૩૧।
પલંગપોસ મહા મનોહર ઉપર આછાદન કરી
એવી સુજ સુંદર સમારી સુખ ભરી અતી ઉલટ ભરી ।૩૨।
નીચે જુલીચી ચરણવસ્ત્રને ખીછાવ્યું બહુ જુગતસું
કર ફેરવી વાત્સલ્ય ભર રાખ્યું તે મનની ઉકતસું ।૩૩।

સીરાહણે જમણી દીશે પીઠા તે એક આણી ધર્યો
ત્યાંહાં બીડી તણો સાજ ને રાખસે ગડુઓ ભર્યો ।૩૪।
સીરાહણાની ભીંતસું ઠાડી સુંદર સોહતી
મછલીપટણની સુભગ હાંસીયા જુત મન મોહતી ।૩૫।
ત્યાં વૃક્ષની રચના રચીત ને હરણ મયુર સુશોભીતા
એક એક ચીત્રને ચીતવતાં મન રહે અતીસય લોભતા ।૩૬।
ડાબી દીશની ભીંતને પંગતી દીશે ખુણે જયાં
ઠાડી બાંધી ઢલકતી અતી ચીત્ર જુત સોહે ત્યાં ।૩૭।
અને ચંદરવા ચતુરાઇ જુત ચોપસું બાંધ્યા ચીત ધરી
મહા ભાગ્યવાને ભાવે આણ્યા તે મનોરથ કરી કરી ।૩૮।
દેશ દક્ષીણના સુભગ કર્ણાટકી જે વીચીત્ર છે
તે દેશને અનુકરણના નારી પુરૂષના માંહે ચીત્ર છે ।૩૯।
રંગ તેનો અતી અમોલક કલમકારી કામ જે
દરીઆઇ દોહરી જાલરે નીરખતાં મન અભીરામને ।૪૦।
ચીત્ર ભીંતે ભલી રીતે ભાવતા બહુ ભાંતીના
તાકે ગવાખે રચી રાખ્યા ખાંત કરી શુભ પાંતીના ।૪૧।
ઉરતી પરીયે પરમ સુંદર દેખતા મન મોહીએ
હરણીયે કયાંહું કયાંહું લખી તે જોઇ જોઇને જોઇએ ।૪૨।
વૃક્ષ છોટા ને મોટા ઉપર પોપટ રાજતા
સાખાએ તે સોહે સુભગ ફલ ઉપર બેઠા બ્રાજતા ।૪૩।
કેકીય કેાએક ભાંતની જે કલા પુરીને રહયા
નીરખે છે નયનાભીરામને નાચતા અતીસે ઉમહ્યા ।૪૪।
કયાંહુ હસ્તીઓની ઠાટ ઠોડીમાં દીસે અતી ઘણી
તેને પ્રાંતે સુદ્ધમતા ને સંખ્યા ન આવે મુખ તણી ।૪૫।
એવા દેશાંતરના ચીત્ર ચતુરાઇ કરી લખ્યાં ત્યાંહાં
ઉપમા દેવા કેા નહીં તેા વીસદ કરી કહીએ કયાંહાં ।૪૬।
તે અષ્ટ પ્રહર અનીમેખતા એ પ્રાણવલભને જુએ
એના ભાગ્ય સરાહીને વલી એ સભ કરીએ કેાએ ।૪૭।
હેામઘરના દ્વાર ઉપરની લેલાટી જયાંહાં
પ્રાંત પુસ્તકની ધરી છે એક એક ઉપર ત્યાંહાં ।૪૮।
માંહે તાડપત્ર તણા ઘણા દક્ષીણ ને દેશ તેલંગના
સીધ્ધાંત અનેક પ્રકાર સહીત રાખ્યા તે ત્યાં સંગ સંગના ।૪૯।
તેના બાંધણા પર નામ તેના લખ્યા છે તે વીસદ કરી
તે શેાભા અતી સુખદ નીરખીએ અતી ઉલટ ભરી ।૫૦।
એવા ચીત્ર અનુપમ ભાંતનાએ તીબારી ઝગમગી રહી
અલૌકીક સામર્થે કહું પણ શેાભા નવ જાએ કહી ।૫૧।

એ તીબારી ત્રીવીધાઓના મન તૃપ્ત કરીને મોહતી
એ જગતમાં જગતી તલે જગ ઉપર અભીનવ સોહતી ।૫૨।
જે તીબારી ત્રીયગણ સમુહ સમાન ભાવ ભરે ભરી
પ્રેમની પરમ વીધી પ્રેમદા પ્રચારે પરવરી ।૫૩।
ભોજન સ્થલે અચવે પ્રભુ આંગણે બેઠા મોદસું
ભગવદ્ની ભાગ્યવાન સહુ નીરખે છે પરમ પ્રમોદસું ।૫૪।
અહીં હોમઘરમાં ચોકીએ કુંજા ધર્યા જલપાનને
નેવરા છીરકયા સુખદ હીત મનોરથ એ ભાગ્યવાનને ।૫૫।
તેને આપ કરી બાંધીને પંખો કરે પ્રમુદીત થઇ
જલ શીતલને વાત્સલ્ય જુત એવા ભગવદ્ની અતી હીતમઇ ।૫૬।
કો આંગણુને છીરકે ફરી કો ફરીને કોરૂ કરે
કો ગડુઆને મંદીર જઇને જલ તણું ગડુઆ ભરે ।૫૭।
કો મૃતીકા જ્યાં સકોમલ ત્યાંથી આણીને
નીજઘર લેઇ જઇ સોહતી સમારી છાણીને ।૫૮।
તે કુસુમમાં વાસી સુવાસીત કરીને લાવે અહીં
તે ગડુઆને મંદીર કર ક્ષાલવા મોહેલે ત્યાંહાં ।૫૯।
કો સ્વતઃથી વાત્સલ્ય હીતે લાવે તે ગગરા જલ ભરી
ગડુઆના મંદીરમાં સ્થલે રહે તે ભાવ મન ધરી ।૬૦।
કો ચોકમાં ચતુરાઇસું પંખા કરે મોટે ભરી
જાણે પ્રભુ પધારતા પહેલા રાખીએ શીતલ કરી ।૬૧।
ઉપર અભીનવ ભાંતના અતી સુખદ સભીયાના લસે
ભકતના પ્રોજ્યા ભકત રૂપે મન મનોરથ ધરી હાસે ।૬૨।
પ્રાણ વલ્લભને પધાર્યાનો તે સમય લહીને
આનંદે અતી હુલસી રહયા સુખ સેવા હીત ઉમહીને ।૬૩।
તે ધામને રોકી રહયા રશ્મીના રસણ ન સંચરે
ત્યાંહાં ચહુંદીશે શીતલ સુખદ અતી પ્રબલ પવન ગવન કરે ।૬૪।
આંગણામાં કયાંહું કયાંહું જલ સંચય થઇ રહયા જ્યાંહાં
ઉપર સભીઆના તણી આંધ પડે છે તે માંહાં ।૬૫।
વયારને વસ ઘણી ચોહોંદીશ તણી જાલર હરફરે
મધ્ય મૃદુલ ગતે હીંદોલા દેઇ દેઇને થરહરે ।૬૬।
મહદ મનોરથ ધરીને કીધા જે સેવા કાજને
તે મનોરથ રૂપે થઇ ઉપયોગ આવે રાજને ।૬૭।
ટેરા તીબારીના લેઇને બાંધ્યા ઉપર કસી
તેણે તીબારીમાં જ્યોતી અતી ઉદ્યોત થઇને હુલસી ।૬૮।
ટાટી વાળાની લેઇને ભીંજવે ભાવે ભરી
લેહેર શીતલતા તણી ને સુવાસનો મનોરથ કરી ।૬૯।

તે તીબારીને પ્રથમ દ્વારે હોમઘરને નિકટ ત્યાંહાં
વાહલોજી પોઢયા પછી ધરસે આણી તે ત્યાંહાં ।૭૦।
કો સોંધા સીધ કરી રાખે લગાવે પોઢયા સમે
અતર અનુપમ ભાંતના જેવો મનોરથને ગમે ।૭૧।
કો ગુલાબના સીસા સુવાસીત ઉતમ ઇજદી અભીનવા
તે નીવેડી ન્યારા કરી રાખે સમે હીત એહવા ।૭૨।
કો હાર કુસુમ તણા સુવાસીત ને વલી સોંધે ભરી
તે લેઈ ગાલમસુરીઆ તલે સીરાણે દાબી ધરે ।૭૩।
એમ સાજ ગરમીના સુખાવહ કર્યા સહુ મનમાં ધરી
શીતકાલે તે ચોકી બેસવાને સીધ કરી ।૭૪।
ડોઢી કેરા દ્વારની દીશે અતી સુભગ આંગણ માંહાં
મોદે ભર્યા ભગવદી ભાગ્યવાન સીધ કરે ત્યાંહાં ।૭૫।
સ્થલ સમારી તે ઉપર આણીને ચોકી ધરી
જે ચોકી ચતુરાગણ સમુહ સમાન ભાવ ભરે ભરી ।૭૬।
મન મનોરથ અભીલાખતી ચાખતી રસ પ્રભુ પરસનો
શ્રીઅંગ પરસી વીલસવા મન મનોરથ પ્રીય દરશનો ।૭૭।
જે ઉપર બેસી અંગ સ્પર્શી નાહે વાહાલો મોદસું
વલી કેશ નીવારણ કરે બેસી પરમ પ્રમોદસું ।૭૮।
ઉર આસને બેસાડીને વાહાલાજીને વીલસાવતી
એવી એ પરમ સુખદ સુભગ ભગવદીને મન ભાવતી ।૭૯।
સાદી સુખદ નિજ રંગની જાળી ફરતી સોહીએ
તેને ચીપ રંગીત ચોંહોંદીશ તે જોઇ મન મોહીએ ।૮૦।
ત્યાંહાં અરૂણ ગાદી મખમલ હાંસીઆ હરીતે રાજતી
તે સમારી ચોકી ઉપર ધરી સુખદ બીરાજતી ।૮૧।
નીચે જુલીચી ચરણવસ્ત્રને સમારી જે બીછાવી
કર ફેરવી વાત્સલ્યે જેવી ભકતને મન ભાવી ।૮૨।
રશ્મીના રસણ ઉદ્યોત કરી આવીને ચોકી પર રહયાં
સેવા સુખદ મનોરથ કરી મનમાંહેં અતીસે ઉમહયા ।૮૩।
સ્વરસ પરસ શ્રીઅંગનો થાસે તે અમને એ સમે
વીનીયોગ સેવા અમારી આવસે એમ મનને ગમે ।૮૪।
પીઢો પરમ સુંદર ત્યાંહાં આણીને જમણી દીશ ધર્યો
ત્યાંહાં ખવાસજી આણી ધરસે ગડુઓ જલપાન ભર્યો ।૮૫।
કો ભકત છાયા લેઇ રહયા છે વીશેષ ધામ નીવારવા
ભકત સહુ પેંડો જુએ છે સમય થયો પધારવા ।૮૬।
જેણે સેવા પધરાવવા તણા મનોરથ ધર્યા છે મનમાંહાં
તે સાજ સામગ્રી લેઇ તત્પર રહયાં આવી ત્યાંહાં ।૮૭।

ભગવદી ઘરના કાજથી પોંચીને આવે સહુ
કે કાજ મેલી આવ્યા એમ સમૃધ્ધ અહીં મલી ણહુ ૧૮૮।
રસોઈથી પહોંચ્યા નથી કે કાજ તે ઘરના કરી
ઉકતાઈને પુછે પ્રભુ પધાર્યા એમ ફરી ફરી ૧૮૯।
કે આવતા જાએ કે આવ્યા ઘેર ઘેરથી નીસર્યા
કે મારગે કે આવી પોંચ્યા કાજ ઘરના વીસર્યા ૧૯૦।
કે તીબારીમાં રહયા ઉભા સ્થલ લઈને હરખસું
ચોકીએ બેઠા પ્રાણપ્રીયને સનમુખ રહી નીરખસું ૧૯૧।
જેહને જયાંહાં રહયાં દર્શન થાએ તે ઉભા ત્યાંહાં
એ અનુભવે અનુભવી જાણે વીસદ કરી કહીએ કયાંહાં ૧૯૨।
કે સીંઘદ્વારે રહયા ઉભા સનમુખે સાદર થઈ
પેંડો નીહાલે પ્રાણપ્રીયનો થઈને આરત મઈ ૧૯૩।
કે ગલી મલીમલી સમારે નીરવારે રજ કાંકરી
જાણે રખે શ્રી ચણવીંદે સ્પર્સ હોએ એમ મન ધરી ૧૯૪।
એ ગલી ગુણની રાસ જે છે આશા પુરક ભકતની
મનોરથે મનોરથ પુરવે આરત હરે અનુરકતની ૧૯૫।
અભીલાખીના અભીલાષ પુરક ચુરક દુઃખ વીપ્રયોગનું
સંયોગ સુખનું દાન દાયક સાંપ્રત્ય સ્વરૂપ સંયોગનું ૧૯૬।
જયાંહાં આશ અભિશારણીની પહોંચે તે પ્રેમે કરીને
અને પ્રેમનું અભીશરણ પોતે કરે છે રસ ભરીને ૧૯૭।
જેહને દીઠે સ્વરૂપ રૂદયારૂઢ થાએ પ્રતીક્ષણે
સનમુખ રહીને નીરખતાં અભીલાષ પુરે તતક્ષણે ૧૯૮।
એ ગલી ભાગ્યે ફલી જયાંહાં પધારવું પ્રાણેસનું
તે સોહાગે સોહાગ બલ કયાં લગી કહું એ વરેસનું ૧૯૯।
સૌભાગ્યે ભર ભાગ્યે ભરી આનંદ ભર એ શુભ ગલી
પધારતા પ્રાણેસ પલવીત કુસુમીત થઈને ફલી ૨૦૦।
રલીયામણી મોહામણી સોહામણી શુભ દેખીએ
સ્વરૂપ અલંકૃત સૌભાગી મહાભાગ્યે પેખીએ ૧।
જે ગલીમાં ગોકુલધણી પધારે છે પ્રેમે ભરી
તે ગલી પર શોભા ને સર્વસ્વ પ્રાણ ન્યોછાવર કરી ૨।
જે ગલી ભગવદીએ ભરી છે ઠોકેઠોક મલીમલી
નીરખવા નયણ અભીરામને ઉભા છે રસ ભાવે ભલી ૩।
ભોજન તણી શાલાને દ્વારે કે જઈ જે ત્યાંહાં રહયાં
કે અચવતા સનમુખે શ્રીમુખ જોઇ પ્રેમે ઉમહ્યા ૪।
નિરખી નીરખીને ફરીને નીરખે તે નખ થકી તે શીખ લગી
કેએક અંગ અરૂજયા એક ટક રહયા રૂપે પગી ૫।

ચક ઓટેથી વહુ બેટીઓ નીરખે તે નયણાભીરામને
ચોહોંદીશ થકી ચતુરા નીહાલે પ્રગટ પુરણ કામને ।૧૦૬।
ઉતર મુખે અચવે પ્રભુ દક્ષીણે પીઠ કરીને
તે વીસદ કરી કાંઈ એક કહું મારી બુધીને અનુસરીને ।૭।
પીઢે પ્રમુદીત થઇ બેઠા ચરણ નીચા ધરીને
ધોતી સેત સોહામણી નીરખીએ નયણા ભરીને ।૮।
ઉપરેણો એકત્ર કરીને જે હમેલે રાખ્યો સોહતો
અને બેહુ પાલવ પૃષ્ટ ભાગે નીરખતાં મન મોહતો ।૯।
માલા તે તુલસીની અને ગુંજાની કંઠે રાજતી
ઉર ઉપર આંદુલમાન હોએ શોભા ભરી બીરાજતી ।૧૦।
ત્યાંહાં કરકમલ પર જલધાર નામે ખવાસજી
બડો ગડુઓ લેઈ કરમાં ઉભા જમણી પાસજી ।૧૧।
પ્રથમ જમણી ધારસું જમણો તે કર ન્યારો ધરી
પ્રક્ષાલ્યો પ્રહસીત થઇ સંદેહ ભોજનનો હરી ।૧૨।
પછે ખલીસું કરકમલ મરદીને ધાર જલનીએ કરી
ઉભય અંબુજ દલ સુધારી કોગલા કરે ફરી ફરી ।૧૩।
તેહ સમે કરની ચપલતા કે ગ્રીવાની કહું લટકની
અધરની માધુર્યતા કે નયણની કહું મટકની ।૧૪।
શીષ કુંતલ ફરકની અને કેશ કેરી ચલકની
પીઠની ઝલકની કહું કે અંબોડાની ઢલકની ।૧૫।
ગડુક કરતાં ગલ્લમંડલ ફુલી આવે રસ ભરી
કરણ પુટ લવણા લલીત ગતી હોએ ચપલાઇ કરી ।૧૬।
પછે સીક દોહોરી ચોહોરી કરી ગ્રહી દક્ષીણ કરમાં
અવાલું અને દંત ઉપર તેને ફેરે ત્યાંહાં ।૧૭।
પછે તે તષ્ટીમાં નાખીને ગડુક કરે
અધર પર કર ફેરવી પછે ડુંટી ઉપર કર ધરે ।૧૮।
ડુંટી ઉપર કર ફેરવી કાંઇ મંત્ર મનમાં ભણે
તે અનુભવી અનુભવે સમુજે કે વલી દીઠે બને ।૧૯।
કરતલમાં જલ લઇને કરતલ બેહુ મરદે ત્યાંહાં
મરદી મુખ ઉંચું કરીને ચુવાવે બુંદ નયણમાંહાં ।૨૦।
ચરણ ક્ષાલણ તલે કટોરો ધર્યો ચર્ણામૃત હીતે
વહુ બેટીઓનો નેગ એહ સમે તે લેવાને નીતે ।૨૧।
ચરણામૃત તોહોને આપ્યું કટોરે કરૂણા ભરી
વલતા પ્રભુ બેઠા ત્યાંહાં અચવ્યા થકી પોહોંચી કરી ।૨૨।
પાલવ ઉપરેણાનો લેઇ સ્કંધથી શ્રી કરમાંહાં
મુખકમલ પુંછન કરીને પછે ઉભય કર પુંછે ત્યાંહાં ।૧૨૩।

ખવાસજી આગલ થયા ગડુઓ લઈ જલપાનનો
એહોને જોઇને પ્રગટ થઓ જે મોદ ભાગ્યવાનનો ।૧૨૪।
નખશીખ થકી અંગ અંગમાં ઉફણ્યો છે ઉછલીત થઇને
આનંદની પરમાવીધી ઉત્સાહ અગણીત લેઇને ।૨૫।
તેણે અંગ અંગના ધર્મ વીસ્મારક કર્યા આગમ થકી
સુન્ય ભાવે મૌન થઇ શકે નહીં કાંઇ કહી શકી ।૨૬।
આગમન આરત હરણને આરત પ્રગટ થઇ અતી ઘણી
અને મોદનું નીર્માણ નહીં પરમીત ન આવે બેહુ તણી ।૨૭।
કરણ લોચે નયણને નયણ લોચે રૂપને
મન મનોરથ લોચે ઘણા અને રૂદય રૂદય અનુપને ।૨૮।
એમ અંગ અંગને લોચતાં પ્રતીઅંગે આરત વાધતી
મનોરથ ભરી રસ ભરી તે પ્રતીક્ષણે રહે આરાધતી ।૨૯।
જેને આગલ થઇ ખવાસજી ચાલ્યા તે આવે મોદસું
ચાલો રે ભાઇ એમ વચન કહે તે સુણી સર્વ પ્રમોદસું ।૩૦।
મુસકાઇ હુલસીને તે ફુલે ફુલ્યા મન માયે નહીં
ઉત્સાહ અનીરવચની સમે વચને કહયો જાયે નહીં ।૩૧।
બેઠકે આવી ચોકી આગલ જયાંહાં પીઢો સીધ કર્યો
ખવાસજી જલપાનનો ગડુઓ તે આણી ત્યાંહાં ધર્યો ।૩૨।
બીડા ચુનોટી કપુરદાની રાખી પીઢા પરે
ગડુઆ ઉપર લેઇ હાર કુસુમ તણો ધર્યો ઉલટ ભરે ।૩૩।
ચોકી આગલના સહુ હલીમલીને એકત્ર થયા
કો રહયા સ્થલ આપાપણે કો ધાઇને સનમુખ ગયા ।૩૪।
પ્રસાદી ભંડારના સહુ સીધ થઇ આગલ રહ્યા
સીંઘદ્વાર તણા સોહાગી સનમુખ રહયા ઉમહયા ।૩૫।
જે ગલીમાં મલી રહયા તેઓ સર્યા પાછે પગે
પધારતા પ્રીતમ લહી ભીતર તણા તે રહયા વગે ।૩૬।
આરત્યા સહુ આરત ધરે આરત હરણને નીરખવા
બહુ ભાંત્યના મનોરથ કરે મનમાં મુદીત થઇ હરખવા ।૩૭।
આરત્યાના આરતહરણ રસભરણ રસ વાંછીત તણા
અભીલાખીઓની આશ પુરક મનોરથી મનોરથ તણા ।૩૮।
તે ઉઠયા પીઢે થકી પ્રમુદીત થેઇ મોદે ભર્યા
નીજ બેઠકે પધારે છે તે સ્વકીય જુથે પરવર્યા ।૩૯।
લલીત લાવણ્યે લટકતા અભીનવ ભાંતસું
નેહી નયણ વીકસાંવતા સોહતી શોભા પાંતસું ।૪૦।
ભગવદી એક છાયા લેઈ પાછલ થકી આવે ધરી
ધામનો પરીચાર નિરવારે તે અતી ઉલટ ભરી ।૧૪૧।

જેમ જેમ ચરણ ઝમઝમ ભરે તેમ હરે મન માનીની તણા
મન હરીને નીજ રસ ભરે તેહને ઉદ્દીપન હોએ સતગણા ।૧૪૨।
એમ અનેક રસ પ્રગટાવતા પધારે બેઠકે સોહતા
એક લટકનીની લલીત ગતીમાં જગતના મન મોહતા ।૪૩।
ચરણાવીંદ ચપલ ગતે પલટે પરમ ઉલટ ભર્યા
એડી ઘુંટી પાટલી નખમણી શોભાએ પરવર્યા ।૪૪।
કાંડા પરમ કમનીય ને પીંડુરી પરમ સોહામણી
પૃષ્ટથી અધ ભાગે દર્શને દેખીએ શોભા ઘણી ।૪૫।
જાનુજંઘ નીતંબ કટીતટ ધોતી અંતર પુટમાં
લટકતા લાવણ્ય સહીત દીસે ફરી ફરી નીરખું ત્યાંહાં ।૪૬।
ધોતીનો પાલવ જે નીચો જાનુથી લટકી રહયો
તેની લટકની ચાલતા દીશે ભાવ નવ જાએ કહયો ।૪૭।
ઉપવીતમાં અંગુઠીઓ રાખી જે પેચ દેઇને
તે જમણી દીશ કસવટે ખોસી નીજ કરે તે લેઇને ।૪૮।
તે કટી ઉપર લટકતી તે દીસે ગોલ ને વલી નંગની
નીરખતા નયણ રસે ભરે આરત ટલે અંગ અંગની ।૪૯।
નાભીનો સ્થલ અતી અમલ ધોતીએ આછાદન કર્યો
તેણે દ્રષ્ટી પંથ આવે નહીં નીરખવાને મનોરથ ધર્યો ।૫૦।
ઉદર થુંદ ઉકસી આવી હંસી રહી સુખમાં ભલી
એણે મેંડ ત્રીવલી તણી મેટી ધોતી પર આવે ઢલી ।૫૧।
ઉરોજ અતી ઉનમત અનુપમ સુખદ શોભાએ વરયતાં
નીરખતાં નયણે અમી ઝરે ચાલતા દીસે થરકતાં ।૫૨।
માલા તે તુલસી ને ગુંજ તણી લટકી રહી
ઢલકતી ચાલે લટકતી શોભા તે નવ જાએ કહી ।૫૩।
આજાનુદંડ વીસાલ પરમ રસાલ રસના અનુભવી
જેહના કૃત્ય કારણ રૂપ લીલા પ્રતીક્ષણે હોએ નવનવી ।૫૪।
ભુજદંડ કોણી અંગુલીદલ અને નખમણી
રેખા રૂચીર રોમાવલી પ્રતીએક શોભા સતગણી ।૫૫।
ગલીમાં ઉભી ભીંતે જમણો કર પરસાવતાં
લટકતા લાવણ્ય ભર સનમુખે દીસે આવતાં ।૫૬।
ગ્રીવા તણી લટકની તે લટકતી ચાલે સોહાએ
લટકતાં લટકે અંગ અંગીકૃત તણાં મન મોહીએ ।૫૭।
ઠોડી પરમ સોહામણી સોહામણી મનને હરે
અનુભવીને અનુભવે સુરત કરી પ્રેમરસ ઉરમાં ભરે ।૫૮।
સહેજ અરૂણાઇ અધરની જોઇ જોઇને રીઝીએ
રેખા રૂચીર શોભા ભરી ઉપમાં કોણ સમ દીજીએ ।૧૫૯।

અખીલ અમિત ઉદારતાએ નમીને આવ્યો ધસી
દાન ને રસપાન હીત અંતરમાં અતી હુલ્લસી ।૧૬૦।
એહવે ફરકતે અધરે ને વચન વીલાસે આશા પુરતાં
પધારે છે પ્રમુદીત થઈ આરત્યા આરત ચુરતા ।૬૧।
ઉભય ગલ્લ તણી ઉભયતા અતી મનોહર સોહીએ
એ અંગને અંગના નીરખી મનમાં મોહીએ ।૬૨।
કરણપુટ કોમલ અને ચાંપુઆ દીસે ચલકતાં
શોભતા શોભાયમાન એ ઢલકતી ચાલે ઢલકતા ।૬૩।
મુછ મનોહર ભાંત્યની જે પાંત કેશ તણી રહી
બંક વલી વલી વીમોહક કેણે નવ જાએ કહી ।૬૪।
નાસીકા ડાંડી નીપુણની શ્રીંગાર શ્રીમુખનો એહ
તીલક સમ તેલ ધાર શુક મુખ વારીએ ઉર ધરી નેહ ।૬૫।
નવવીધી નીપુણ શ્રીંગાર વર શી કહું શોભા નયણની
સયણમાં વીસદ કરી સુચવે શીક્ષા મયણની ।૬૬।
મુગ્ધાને મનોરથ પ્રગટ કરણ ભરણ રસ અવીલોકની
કરૂણા કટાક્ષ કલા કોટીક શીખવે જે કોકની ।૬૭।
એવા નયણ વયણ વીના વીવસ કર વસ કરણ ચંચલપણુ
આરત ઉદય કર અતી રસીક અને હરણ દુખ આરત તણુ ।૬૮।
ભ્રકુટી ઉભય અભીનવ રસીક રસીકાઓના મન મોહતી
બંક વીવીધ વીલાસ સુચક મુખ સુખદ પર સોહતી ।૬૯।
તેના ભાવની પરમીત નહીં મોહ્યામાં મનડા હરે
મોહક ઉચાટન અવસ્તા પ્રગટ કરીને વશ કરે ।૭૦।
ભાલ પરમ વીસાલ તીલક કેશરનું રચ્યું
ઉભય રેખા રૂચીરમાં સૌભાગ્ય સુંદરીનુ સચ્યું ।૭૧।
મધ્ય રેખા શ્યામ શુભવર બંક વામ વલી રહી
અનુભવી અનુભવે લહે શોભા તે નવ જાએ કહી ।૭૨।
ભાલ ઉપર ઉદય અદભુત તેજપુંજ લસી રહ્યો
તેની જ્યોત જગતે વીસ્તરી તે કયાં લગી જાએ કહ્યો ।૭૪।
ત્રીવલી ત્રીવીધ પ્રકારની ત્રીવીધા તણા મન તે હરે
ભ્રકુટી નયણાના વલણમાં મીલણ રસ સુચન કરે ।૭૪।
કેશ કમનીય ચલકતાં લટકે અંબોડો થરકતો
વાત રસે અટકતા ચાલે અધર દીસે ફરકતો ।૭૫।
મંદ પવન સુગંધવત આવે તે ગલીએ મેહેરેસું
તેણે ખુંટ ઉપરેણા તણો ફરકે તે તેની લહેરસું ।૭૬।
શ્રીઅંગનો આમોદ મોદાતુર મોદે ભર્યો
તેણે પવન સહીત ગવન કરી આમોદ ભકત તણો કર્યો ।૧૭૭।

અંગ રસે ઉદ્બોધ રસ થઇ દાન કીધું અંગનુ
એક એ રસે રસ પાગીઆ અને સુખ હવું અંગ અંગનુ ।૧૭૮।
એમ નખ થકી શીખ લગી અંગ અવેવ ભાવે પુરતા
પધારે છે પ્રમુદીત થઇ તે વીવીધ આરત ચુરતા ।૭૯।
સનમુખે સૌભાગીઆ ઉભા જે દરશાતુર થઇ
તે નયણ તૃપારત ભરી નીરખે છે પ્રેમે રસમઇ ।૮૦।
આનંદ વદની પ્રેમ સદની અતી સુશીલા કુલવતી
મન વચન કરત્યે અનન્ય અતી સુભગ શીરોમણી શુભમતી ।૮૧।
દાન પાત્ર પરમ રસીલી રૂપની પરમાવીધી
શ્રીંગાર સાર શીરોમણી આનંદ અગણીતની નીધી ।૮૨।
આનંદ અગણીતદાયની સુખદાઈની રસદાઇની
પ્રેમાનંદે પ્રતીક્ષણ મહા મનોરથ દાઇની ।૨૩
સાધન અને ફલે સીધની સંભાવના જેહને નહીં
રૂપરસે રાતા રસીક સહુ તુચ્છ થયું અરૂજ્યા અહીં ।૮૪।
જેણે દેહ એતદ અર્થ ધરી આચરણ કૃત્ય અહરનીસે
રૂપમાં પાગ્યા રહે થઇ એ સ્વરૂપને રસવસે ।૮૫।
ઇંદ્રીના વ્યસન જેહના અંગને રપસેં નહીં
સર્વાંગની વ્યાપ્તે એ સ્વરૂપમું વીલસે અહીં ।૮૬।
નયણ મયણ રસે ભર્યા આરત્યા આરત ભરીને
અતી ચપલ ગતીએ ચતુરવરને નીરખવા ફરી ફરીને ।૮૭।
એ નયણ ઉપર કોકનદ અલી મીન ખંજન ને વલી
નવદીક ઉપમા ઓવારૂં પ્રેમ રસમાં ભલી ।૮૮।
જેણે નયણે નયણાભીરામને નીરખે છે સાદર થઇને
જે અંગ અંગે તૃપ્ત હોયે અંગનો રસ લેઇને ।૮૯।
એહવા નયણમાં ભકતના અંગ અંગ જે રસે ભર્યા
તે અંગ ઉપર મારા સર્વાંગ ન્યોછવર કર્યા ।૯૦।
નખ થકી શીખ પર્યંત ભુષણ ભાવતાને હીતે ધર્યા
અને વસ્ત્ર વીવીધ પ્રકારના તે જાએ નહીં વીસદ કર્યા ।૯૧।
દાનપાત્ર પરમ રસીલા સોહાગે સોહાગીઆ
દર્શન હીતે સનમુખ રહયા છે જુથ મલી મહા ભાગીયા ।૯૨।
એ માંહે જેહને સહેજ સુખ મધ્યાનનો મનોરથ ઘણા
શ્રીંગાર આરત ઉલટ કયાં લગી કહું તેહ તણો ।૯૩।
એહવા જુથ જુથ અનેક અનેક પ્રકાર ને ભાવે ભરી
પધારતા પ્રાણેશનું દર્શન કરી મનોરથ ધરી ।૯૪।
એહવા ભકતનું સ્વરૂપ જોઇને પ્રભુને તેણે સમે
નીરખી અનુસંધાન વીસ્મારક થઇ એહજ ગમે ।૧૯૫।

એહ રસમાં પાગીયા અનુરાગીયા આરત ભર્યા
દરશ રસવસ થયા પધારે ભક્ત જુથે પરવરીયા ।૧૯૬।
ભક્તના પ્રભુ રસે અનુસંધાન વીસમારક થયા
સંકોચ સર્વ રહીત થઇને રૂપમાં પાગી રહયા ।૯૭।
રૂપ ને લાવણ્ય અમૃત નેત્ર આદી દેઇને
સકલ ઈંદ્રીય અનુભવે છે સ્વરૂપ ઉરમાં લેઇને ।૯૮।
એમાં કેા કેા ભગવદી જે ભાગ્યના પુરા ઘણા
સ્વારથ રહીત નીરહેતુક હેત પ્રભુસું એહ તણા ।૯૯।
તે પ્રકાર વાત્સલ્યના અનેક વીચારતાં મનમાં રહે
તેણે દેહ મન અને પ્રાણ કંપાયમાન હેાએ કેને કહે ।૨૦૦।
કેા રસીક ભાવે આતુરીયા કેા રૂપના લેાલ્યા રહ્યાં
કેા કૃતાર્થ માહાતમેં મેાહયા કયાં લગી જએ કહયાં ।૧।
તે સમયનું સુખ અને શેાભા પરસ્પરના રસ જેહ
આનંદનેા ઉદય તે નવ જએ વીસદ કર્યો તેહ ।૨।
એમ અનેક ભાંતી તણેા મહારસ પાન કરી કરવાવતા
પધારે છે પ્રમુદીત થઇ પ્રીય ભાવતાના ભાવતા ।૩।
લદાવની સીઢીના સરકીને આવ્યા ધસી
નીચા થકી ઉંચા થઇ નીરખે તે શ્રીમુખ હુલ્લસી ।૪।
જે જે કહી આશીષ દે કેા વારી કર ચટકાવતા
આશીષ કેા અંતરગત દે પ્રાણપ્રીયને આવતા ।૫।
સીંઘદ્વારે પ્રથમ જે દર્શન હીતે તે ઉભાં રહયા
દર્શન કરી ઉતાવલા ભીતર ગયા સહુ ઉમહયા ।૬।
ભીતર તણા હલમલીને સહુ સ્થલ થકે આપાપણા
બેઠા તે ઉઠયા નીરખવા પ્રગટયા મનેારથ સત ગણા ।૭।
કેા આંગણ થકી તીબારીએ આવીને સનમુખ રહે
કેાઇ તીબારીથી આંગણે સનમુખ જઇ શ્રી મુખ ચહે ।૮।
આગલ થકી આનંદીયા જે ભક્ત આવ્યા ધસીને
તેણે પ્રેમ જુત પેંડેા કરાવ્યેા મેાદસું હુલ્લસીને ।૯।
એહવે પ્રાણ વલ્લભ પધાર્યા બહુ ભક્ત જુથે પરવર્યા
બેઠકમાંના ભગવદી ઉચાર જે જે ઉચર્યા ।૧૦।
ઋતુ ગરમીએ પધાર્યા પ્રભુજી તીબારીએ સંચરે
અને ભક્ત ભાગ્યવાન તે આંગણમાં છાયા ધરે ।૧૧।
અને શીતકાલે ચેાકીએ બેઠા તણી લીલા જેહ
સમયનું સુચન કરીને છાયા માત્ર કહું તેહ ।૧૨।
રીતુ ભેદના અનુભવ કર્યા તે સુરતે ઉર આવે ભરી
માટે ગરમીમાં શીતનેા રસ લખ્યેા કહી વીસદ કરી ।૧૨૧૩।

સમય સુચનને હીતે અનુભવનું આલુંટન હોાએ
તે માટે મેં એમ લખ્યું છે દોષ મ દેસો કોઇ ।૧૧૪।
ચોકી આગલ પધાર્યા જે પ્રથમથી રાખી રચી
ભગવદ્ ભાગ્યવાને મનોરથ કરી કરી ધરી સચી ।૧૫।
ત્યાંહાં ચરણુવસ્ત્ર ઉપર ચરણ ધરી નિકટ આવ્યા ચોકીએ
પૃષ્ટ ભાગ પુર્વ દીશા કરી બેઠા તે ભાંત અનોખીએ ।૧૬।
ત્યાંહાં ખવાસજી નીચા નીકટ બેસી બીડું લઇ
છોડીને કરમાં આપ્યું આરોગે છે રસમઇ ।૧૭।
અંગુષ્ઠ તર્જની મધ્યમાં ને અનામીકા એકત્ર કરી
કનીષ્ટ ઉંચી કરીને બીડું રહ્યા એણીપેરે ધરી ।૧૮।
તે અંગુલીદલના વલણ ને રેખા રૂચીર જે સોહીએ
નખમણીની શોભા અનુપમ જોઇ જોઇને મોહીએ ।૧૯।
તે કનીષ્ટ જે ઉંચી ધરી છે તેહને કોા સમ કરૂં
અનુભવે જે અનુભવ કર્યો તે સુરતી કરી ઉરમાં ધરૂં ।૨૦।
શ્રીમુખ મુદ્રીત વીકસાવીને બીડું જે લીધું મુખમાં
તે નીરખી સુખદ સૌભાગીયા પાગ્યા તે એ સુખ રસમાં ।૨૧।
તે કર તણી લટકની મુખની મટકની કહી પેરે કહું
નયણુની ચટકની જોઇને ઉર ખટકની ઉરમાં સહુ ।૨૨।
પછે તેહ કર જંઘા ઉપર ધરી ધોતીસું પુંછન કરે
ત્યાંહાં ખવાસજી તે બરાસની બંટી લેઇ આગલ ધરે ।૨૩।
તે બંટીમાં કર મેલીને તર્જની અંગુઠે કરીને
બરાસ કેરી હાંક લે ચુગટી પોતે ભરીને ।૨૪।
તે શ્રીમુખમાં અલગા થકી લે ચીમટીએ કરી
તેહવે ખવાસે ચુનોટી ત્યાંહાં લેઇને આગલ ધરી ।૨૫।
ને ચુનોટીથી લઇ ચુનો ફેરવી ગોલી કરે
મુખકમલ ઉંચું કરીને તે ભાવસું મુખમાં ધરે ।૨૬।
કોા સમે તે ખવાસજી ચુનો અંગુલીએ કરીને
આગલ ધરે ત્યાંથી વાહાલો લે તે કરૂણા ભરીને ।૨૭।
કોા સમે ચુનો ચુનોટીમાં આરંદ્ર હોાએ
તે અંગુલીદલે લેઇ ધોતીસું દાબીને કોરો કરે ।૨૮।
ધોતી કે પાલવ ઉપરેણાને દાબી કોરો કરીને
નીજ કરે ગોલી વાલી લે તે શ્રીમુખ ધરીને ।૨૯।
તે અંગુઠો અંગુલી પખાલી ખવાસે જલ નામીને
કે નીકટવર્તી જે રહ્યા તેહોાએ સમેયો પામીને ।૩૦।
પછી ઉપરેણાની ગ્રંથી કંઠ આગલથી છોડીને
વીરલો કરીને પીઠ ઉપર ઓઢયો અંગ મોડીને ।૩૧।

ઉલટે કરે અંબોડલો છોડીઓ લટકે કરીને
શીષ થરકાવીને પછે કેશ ઝટકયા કર ધરીને ।૨૩૨।
મોકલા કરી પીઠે પ્રસાર્યા ચલકતા અને ઝલકતા
આરંદ્રતાના ભાવથી કુંજલક સહીત લલકતા ।૩૩।
કટીદેશ ઉલંઘન કરીને જઈ નીતંબ પરસતા
ગાદ્દી થકી નીચા રહયા છે રૂપ રસમાં વરસતા ।૩૪।
તે નીરવારે નીપુણ નૌતન રસે રસ ભરીને
પ્રવેસી અંગુલીદલ કર ફેરવે ફરી ફરીને ।૩૫।
બ્રહદ લટ આરંદ્રતાએ તેહ નીરવારણ કરી
રશ્મીએ રસણે કરીને આરંદ્રતા તેહની હરી ।૩૬।
એ તરૂણી તેહ સમે જે અહીં આવીને પીઠે રહ્યો
સુખદ સેવાને હીતે અવકાશ એ અનુપમ લહયો ।૩૭।
જયાં લગી ચોકીનો સમય ત્યાંહાં લગી રહ્યો સ્થીર થઈને
સેવા હીતે પરીકર સુખદ સર્વને સાથે લેઈને ।૩૮।
એહના ભાગ્યને કયાંહાં લગી સરાહું કેની ઉપમા લાવીને
જેહની સેવાના સતકારને ચોકીએ બેઠા આવીને ।૩૯।
કેશમાં કર જયાંહાં અટકે ત્યાંહાં બીજો કર ધરી
નીરવારે વીરલા કરીને વલી સુધારે છે ફરી ફરી ।૪૦।
નીરવારતા કર અંગુલીમાં કેશ તે આવે ખસીને
તે કરમાંથી ભગવદીય કોઇ લે છે અતી હુલ્લસીને ।૪૧।
એમ કેશ નીરવારણ તણી લીલા કરે લોકોતરી
આનંદ સીંધુ સમોહ જુત ઉલટ અગાધી રસે ભરી ।૪૨।
ચોકીએ બેઠા સાંભલી ભગવદી સહુ જયાંહાં ત્યાંહાં થકી
ધાયા તે અતી અકુલાઈને દર્શન તણો એ સમય તકી ।૪૩।
કે। સ્વઘર સેવા આગલ ભોગ ધરી વેગે આવીયા
કે। પોંહોંચી આગલ થકી ઉતાવલા મન ભાવીયા ।૪૪।
કે। એમજ સહુ અમથુ મેહેલી ધાઇ આવે વેગ થઈ
કેણે રસોઈ કરી નથી તે બેઠકે રહયા રસમઇ ।૪૫।
કે। પ્રથમથી નીકટ પ્રભુને રહયા છે સેવા માંહાં
દેહની વ્યાવૃત રહીતે કરે છે કારજ ત્યાંહાં ।૪૬।
કે। પ્રભુ ભોજન કરવાના અવકાશમાં ઘેર જઈને
દર્શને આવે વેગે થઈ પોતે પ્રસાદ લેઈને ।૪૭।
કેણે ભગવદી ઘેર નોતર્યા કે રસોઈથી પોંહોંચ્યા નથી
વેગ થઇ ઉકલાયે પણ અટકી રહયા છે સહેજથી ।૪૮।
કે। રસોઇ કરતા એમજ મેહેલી આવ્યા આરત ભરી
પોઢતા પ્રભુને જોઇ ઘેર આવીને નાહસે ફરી ।૪૯।

એણીપેરે સહુ ઉતાવલા આવ્યા તે મંદીર ધસમસ્યા
આરત ભર્યા અનુરાગ ભર દરશન હીતે અતી હુલસ્યા ।૨૫૦।
કે। શ્રીંગાર સાદે સહેજમાં કેણે વસ્ત્ર બદલી પહેરીયા
કે। એમજ ધાયા ઉતાવલા આંતરીક ભાવે ગેહેરીયા ।૫૧।
કે। રસોઇમાંથી નીસરીને એમજ આવ્યા ધસમસ્યા
કંચુકી વીણ શણગટ રૂદય કરી મુસકાતા અતી હુલસ્યા ।૫૨।
કે। કેશને તે સુધારતા કંચુકી કરમાં લેઇને
પહેરતા ચાલે વેગા થઇ ઉર ઉપર શણગટ દેઇને ।૫૩।
ધસમસ્યા ધાયા ધામથી ધરણી પગ લાગે કયાંહાં
મન મનોરથમાં પાગીયા નીરખવા નાહેા નીપુણ ત્યાંહાં ।૫૪।
ગુરૂજન તે ગુરૂજનને જમેલે વહુ ભેટી આપથી
સંકેાચ રહીત ધાઇઆ અંતર વીરહના તાપથી ।૫૫।
પેાલરા કરલા અને કાંણી ઠમકતા મેાહીએ
જેહર નેપુર ઝમકતા ધમકતા ઘુઘર સેાહીએ ।૫૬।
ચુડી ચુડાને કંકણી કંકણ તે ઝલકતા કર માંહાં
ગેાફણે ઘુઘરડી ધમકે આવે ઉલટ ભર માંહાં ।૫૭।
સંભાલ નહીં કેની કેને આગલ ને પાછલ તણી
સંધાન રહીતે સેાહાગી આવે છે સહુ મંદીર ભણી ।૫૮।
માંહે પુરૂષ દેહે ભગવદી તે પણ સમભાવે ભર્યા
મનેારથ ભર્યા ઉલટ ભર્યા એકત્ર થઇ સહુ પરવર્યા ।૫૯।
કે। પ્રથમથી નાહી રહયા તે વસ્ત્ર પહેરી આવીયા
કે। નાહી ધેાતી ઉપરેણા સહીત અતી મન ભાવીયા ।૬૦।
કે। નાહી ધેાતી પહેરીને તીલક કેશરનુ કરી
વાળ છુટયા એમજ મેલ્યા પાગ તે કરમાં ધરી ।૬૧।
કે। અંબેાડલેા વાલીને વલી પાગ શીષ ઉપર ધરી
કે। પાગ પેચ સુધારતા ઉતાવલા ડગલા ભરે ।૬૨।
કેાઇ ધરી ધેાતી ને ઉપેરણેા લેઇ સ્કંધે ધર્યો
અંબેાડલા જુત એમજ આવ્યા દર્શનનેા મનેારથ કર્યો ।૬૩।
શ્રીંગાર લાવણ્ય રૂપ ધર્મ ને ભાવ એહેાના જે કહું
તેા વીસદવર્તી તે વીસદથી પાર એહનેા નવ લહું ।૬૪।
રીતુ લેદે જેહવેા સમય તેહવેા સાજ અંગે કરીને
ભાગ્યવાન સૌભાગીઆ આવે તે ઉલટ ભરીને ।૬૫।
ભીતર થકી આવે કે। તેહને પુછે પ્રભુજી શું કરે
તે કહે છે ચેાકીએ બેઠા સુણી વેગા પરવરે ।૬૬।
સનમુખે આવે તેહને કેમ કેમ કરી પેંડેા જડે
સંકુચાતા એાસરી રહેતા નીસરે નીજ બલ વડે ।૬૭।

નહીંતેા ધકેલાઇને પાછા ફરે સાથે થઇ
આડી ગલીએ નીસરી ઉભા રહે ધીરજ લઇ ।૨૬૮।
ગલીએ અસમાતા એ આવે સૃષ્ટી સહસ્ત્ર વીંધી બહુ
એક સમે જવા કરે તે સમાએ કયાંહાં થકી સહુ ।૬૯।
આરત ને ઉત્કંઠા ને લગની મન તણી
કહેવાને કેાઇ સામર્થ નહીં જાણવા ગેાકુલ ધણી ।૭૦।
એમ ભાગ્યરાસ સેાહાગીયા આવ્યા તે દર્શન કાજને
મનમાનતે સ્થલે રહીને નીરખે છે શ્રી મહારાજને ।૭૧।
કેાઈ પાછલથી પ્રમુદીત થઇ ઉભા છે તે થેાકેથેાક થઇ
કેા વામ દક્ષણ કર થઇ ઘેરા કરી રહયા રસમઇ ।૭૨।
કેા કુલઘરની સીઢીએ કેા અટાલી ઉપર સેાહતા
પૃષ્ટથી પ્રમુદીત થઇ જોઇ જોઇ રૂપે મેાહતા ।૭૩।
કેા સનમુખે સીઢી નીકટ ભીંતે અટકી ઉભા રહયા
કેા ચેાકી આગલ સનમુખે બેઠા તે અતીસે ઉમહયા ।૭૪।
કેા હેામઘર આગલ અને કેાઇ તીબારીમાં ઉભા રહયા
કેા બાંબી ઉપર ચઢી જુએ કયાં લગી જાએ કહયા ।૭૫।
જે વરણ ભેદે ને દીસા ભાવે અવસ્તાએ આવર્યા
દર્શન કરે છે પ્રથુક કરી જાએ નહીં વીસદ કર્યા ।૭૬।
પુષ્પ કેરા હારવત ફરતા રહયા છે ફરી ફરીને
ચેાકીએ બેઠા ચતુરવર નીરખે છે નયણા ભરીને ।૭૭।
ત્યાંહાં હાસ્ય રસ વારતા ચાલે સમયના અનુસારની
પ્રભુજી પ્રમુદીત થઇ કરે આનંદના વીસ્તારની ।૭૮।
તે સુણીને ભગવદી ભાગ્યવાન રીઝે મનમાંહાં
રીઝ મન ન સમાએ ઉફણીત થઇ આવે તનમાંહાં ।૭૯।
કેા જોઇ મેાહી રહયા કેા નીરખી રૂપ રસે ભર્યા
કેને આરત પ્રગટ કરીને સઘ મન કેહેના હર્યા ।૮૦।
કહેને અંગની સંભાલ નહીં દીગમુઢ ઝકીત થકીત રહયા
કેહેને ટગટગી લાગી રહી આંતરીક ભાવે મન ગ્રહયા ।૮૧।
હરદયારૂઢ સ્વરૂપ કેહેને કેા ઉભા ચીત્રવત થઇ
કેહેને અંતર રમણ રસ કેા થઇ રહયા છે સ્વરૂપ મઇ ।૮૨।
કેા આરત્યા રૂપ તૃષારત તે તૃપ્ત થઇને રૂપનુ
સ્વરૂપ રસ સંયુકત પાન કરે છે પરમ અનુપનુ ।૮૩।
સ્વરૂપે લપેટયું અંગ સ્વરૂપને રસ ભર નેત્રે કરી
તે રસ ભર્યા સ્વરૂપને નીરખે નીરખી નીરખી રસ ભરી ।૮૪।
કેને ભાવ ઉદીપન હેાએ રસ ભર્યા અનેક પ્રકારના
અંગ અંગના અંગે મનેારથ કરે બહુ વીસ્તારના ।૨૮૫।

ગુણ તણેા આયુર્ભાવ કેા સાત્વીક ભાવે આવર્યા
દર્શન થકી નીરપેક્ષ કેા કેા એ રસે પુરણ ભર્યા ૧૨૮૬।
વાત્સલ્ય વાહાલાજીનુ કેા એ રસે રાતા ઘણુ
સુખ ઇચ્છતા પ્રતીક્ષણ રહે પેાતાપણુ ન રહયું અણુ ૧૮૭।
કેા વીવસ વ્યસનત્વે થયા સંભાલ અંગ રહી નહીં
આયુષ્ય રૂપ સ્વરૂપ ને વલી સ્વરૂપે સ્થીતી થઇ અહીં ૧૮૮।
જેહને સેહેજ ચરણ છેાહયા તણેા મનેારથ છે મનમાં અતી ઘણેા
વીલસ્યા રસે તે પ્રગટ થાએ ન એહ તણેા ૧૮૯।
કેા પ્રસાદી માલા કરાવે તેહ સમે આવીને
તે પ્રસાદી કરી આપે શ્રીઅંગે પરસાવીને ૯૦।
કેા સેવા પધરાવવા રહયા તેણે વીનતી પ્રભુને કરી
આજ્ઞા લેઇ આનંદભર તેણે પાદુકા આગલ ધરી ૧૯૧।
ત્યાં પાદાંબુજ જે ઉભય સ્વરૂપે તે લેઇ પરસાવીઆ
સેવા સ્થાપીત કરી આપ્યા દાન એ મન ભાવીઆ ૧૯૨।
ભકતે નમન કરીને બેસાડયા પેટારી ઢાંપણુ માંહાં
અને આપ અનુસંધાન રહિત દર્શન કરે છે ત્યાંહાં ૧૯૩।
ક્ષણુ એક એમ વીતી ગઇ ત્યારે પ્રભુએ જોયું અહીં
ત્યાં ધામનેા પરીચાર જોઇને આપ સહેવાય નહીં ૧૯૪।
ત્યારે શ્રીમુખથી એમ બેાલ્યા અરે ધામ લાગત હે ઇહાં
એ સેવા રાખે રહેા પધરાએા અપને ઘર જયાંહાં ૧૯૫।
પેાતાની આપી સેવાનું કર્યું વાત્સલ્ય મન ધરી
એનેા અર્થ અનીર્વચની છે કહેવાયે નહીં વિસદ કરી ૧૯૬।
એમાં પ્રાગટયનેા સિધ્ધાંત તે શુધ્ધ પુષ્ટ માર્ગે જે કહયેા
જે અસાધારણ કહી લીલા સર્વ એહ થકી લહે ૧૯૭।
સિધ્ધાંતનું સિદ્ધાંત છે સ્નેહનુ સાર છે તે એહ
જાણવા કેને શકય નહીં જાણસે પ્રભુ જણાવે તેહ ૧૯૮।
કેા છાહયા લેઇ ઉપર ધરે છે વીશેષ ધામ લેઇને
તેહને વાહાલેાજી વરજે સેન કરની કરીને ૧૯૧।
એહવી સૃષ્ટી અનેક પ્રકારની અનેક પ્રકારને ભાવે ભરી
દર્શન કરે તેહ સમે તે જાયે નહીં વીસદ કરી ૧૯૨।
વાહાલેાજી બેઠા ચેાકીએ તે ચરણ જુગ લાંબા કરી
ચરણારવીંદ તલે તે ગાદી મખમલી આણી ધરી ૧૯૩।
તે ઉપર બેઠી ઉભય ટેકી સનમુખ કરીને
કેા સમે વામ ચરણ ઉપર જમણુ ચરણ તે ધરીને ૧૯૪।
ત્યાંહા નિકટ જે ભગવદી બેઠા તેહ રેખા ચરણની
એક એક અભીનવ ભાંતની નીરખે રસ આભરણની ૧૯૫।

વલી ચાક ચક્ષ ને અરૂણુતા તેજમઈ દીસે સોહતી
નીરખેથી નીરખનહારના મન વસ કરીને મોહતી ।૩૯૬।
નખમણીની ઘણી જ્યોતી તરૂણી કીરણ સનમુખ થઇ મલી
તેણે અભ્ર અતી આનંદ પામ્યેા અભીનવી આશા ફલી ।૯૭।
પાટલી પરમ સોહામણી કાંડા તે કેામલ રાજતા
તરૂણી તેજે તૃપતૃપે જલકતા પરમ ણીરાજતા ।૨૯૮।
ધેાતીનેા પાલવ જે જાનુએ પરસી ઘુંટણ પર થઇ
લટકી રહ્યેા છે લલીત ગતી કેા અલૌકીક શેાભા લેઇ ।૯૯।
જંધા જુગલ ને નીતંબ કટી શુભ નાભી આછાદન કરી
તે ધેાતી અંતરપુટમા રાજે છે શેાભા રસ ભરી ।૩૦૦।
ઉદર કાંઇ ઉપસી રહ્યું ધેાતી ઉપર ઢલીને
તેહ શેાભાને સેાહાગી સર્વકેા જુવે મલીને ।૧।
સ્કંધેથી ઉપવીત વામ દીશ તીરછુ ઉર પરસીને
સવ્ય દક્ષીણ દીશે રહ્યું કટીએ સ્વરસ પરસીને ।૨।
ત્યાંહાં મુદ્રીકા જે જડાવ સાદી પેચ દઇ ઉપવીત માંહાં
ધેાતીની કસવટે ણેાંસી લટકતી દીસે ત્યાંહાં ।૩।
પછવાડા ઉભય અધિક અનુપમ સ્વરૂપ રસ ભર શેાભતા
ઉભય દીશ ઉભા તે નીરખણુહારના મન લેાભતા ।૪।
પીઠ ઉપર ઉપરેણેા વીરલેા રહ્યેા છે છેલીને
તે ઉપર કેશ સેાહામણા મેાહામણા રહ્યા ફેલીને ।૫।
રૂદય રસભર રાજતું ને ઉરેાજ ઉન્નત અભીનવા
ત્રીયગણ સમુહને નીરખતા પટંતર નહીં એ જેહવાં ।૬।
ઝીલ માંહાં બાલ રસાલ મૃદુલ ગતે તે મલી મલી રહ્યા
રેખા ચંદનની માંહેં લપટાયા તે નવ જાએ કહ્યા ।૭।
કંઠ કમનીયે તે માલા સેાહતી તુલસી તણી
છેાટી મેાટી એકલરી દુલરી પરમ સેાહામણી ।૮।
તે અરૂણ કેશર માંહેં પાગી સેાહાગે સેાંધે ભરી
ગુંજની માલા અતી મનેાહર મધ્ય રહી છે અતુસરી ।૯।
ભુજ ઉભય હરણ કામ વીરામ ધામ સુંદરી તણા
દીગ્વીજય સુખ દાન દાયક રસીક પરમ મેાહામણા ।૧૦।
બાહુ કેાપર ને કલા પેાહેાંચા રૂચીર અતી રાજતા
કરતલ રસીલી રેખ અંગુલીદલ ને નખમણી ભ્રાજતા ।૧૧।
ગ્રીવાનુ વલણ વીચીત્ર દીસે કેશ નીરવારણ થકી
ઠેાડીની છણી તેહ સમે તે વીસદ કરી ન કહું શકી ।૧૨।
અધર મુખ મૃદુ હાસ્ય જુત વાણી વીલાસ વીલસતું
પ્રગટ પરમાનંદ કંદ આનંદનેા તે ઉદય થતુ ।૩૧૩।

આરંદ્ર અરૂણ રસ અભીનવો માંહે પીક રસ પાગી રહ્યો
લીકલીકે ભરી આવ્યો અનુભવ વિન ન જાએ લહ્યો ।૩૧૪।
ગાલની ગોરાઇ માંહાં અરૂણાઇ આભા અતી લસે
અને તેજના પરીચાર જુત આંતરીક ભાવે હુલ્લસે ।૧૫।
મુછ મદુલ મહા મનોહર ફરકતી અને થરકતી
વરખતી અતી આનંદભર તે સમય સુરતે કરખતી ।૧૬।
નાસીકા દાંડી ચલકતી ઝલકતી તેજે તૃપતૃપે
આધીદૈવીક અતુલ શોભા જેહને જોઇને છીપે ।૧૭।
નયણની ગતી નીરખતાં સહુ દેહ ગતી ભુલી ગઇ
નયણને ભાવે આકર્ષી કર્યા સર્વ નયણ મઇ ।૧૮।
ભૃકુટી વીકટ અતી નીકટ અતી નયણને મયણ ઉપજાવતી
એક ભાવે ઉભય વીલસે ભામીનીને ભાવતી ।૧૯।
કરણ જગ આભરણના આભરણ વીન સોહે ઘણું
વીવર જુત વીલસી રહ્યા એહવું રૂપ પરમ સોહામણું ।૨૦।
ભાલ પરમ વીસાલે કેશરનુ જે તીલક રહ્યું લસી
ઉભય રેખા રાજતી અનંગ રસે રહી છે રસમસી ।૨૧।
શ્યામ રેખ નીમેખ થાવા દે નહીં કેના નયણને
અંતર આકર્ષણ કરીને જગવે તે પ્રતીક્ષણ મયણને ।૨૨।
લેલાટ ઉપર ઉચ્ચ સ્થલ તૃપતૃપે અતી તેજોમઇ
સુહાગ શુભકર અચલ પ્રગટયો ભાગ્યનો ઉદય લેઇ ।૨૩।
કેશ સંકેલીને જુડો જે દીધો તેહ સમે
તે ચટકતો ગ્રીવાની પૃ'ટે લટકતો સહુને ગમે ।૨૪।
જુડો દેઇને પ્રાણપ્રભુ જ્યારે ઉઠવા તત્પર થયા
ત્યારે તીબારીના ભગવદી સરકીને સેજ્યા લગી ગયા ।૨૫।
આગલ જઇને સ્થલ થહે ઉભા રહે અટકીને
કેા મધ્યની તે તીબારી પેઠો કરી રહયા ઠઠકીને ।૨૬।
અવકાશ બેહાનો હોએ જો સુખાવહ તેણે સમે
બીજું બીડું ત્યાંહાં આરોગે રૂચી સહીત મનને ગમે ।૨૭।
જ્યારે ધામનો પરચાર અસહી લહી ઉઠે વેગસું
ત્યારે બીડું શ્રીમુખ માંહાં થકી મેલે તે ત્યાંહાં નીત નેગસું ।૨૮।
શ્રીમુખ કમલ નીહોરાવીને મુકયું મુદીત થઇને ત્યાંહાં
તે અધરામૃત ભગવદી ભાગ્યવાન લીધું કરમાંહાં ।૨૯।
તે ખવાસજી જલપાનનો ગડુઓ ને સાજ સહુ લેઇ
આવ્યા તીબારી માંહાં સેજ્યા આગલે ત્યાંહાં ચીત દેઇ ।૩૦।
પીઢા તે ઉપર આણીને જલપાનનો ગડુઓ કર્યો
ને કપુરદાની ચુનોટી અને હાર પુષ્પ તહેા ધર્યો ।૩૩૧।

બીડું સીધ કરી રાખ્યું પીઢા ઉપર કાજને
સેજયા ઉપર બેઠા પછી આરોગવા મહારાજને ।૩૩૨।
એહવે પ્રાણવલ્લભ ઉઠીયા પીઠેથી ઉપરે ગ્યા લેઇ
સંકેલી તે હમેલ રાખ્યો પેચસું રકંધે દેઇ ।૩૩।
શીતમાંહાં ચોકીએ બેઠાની લીલા એહવી
સંક્ષેપમાં સુચન કરી છે વીસદ્ધ લહસે અનુભવી ।૩૩૪।
ગરમીએ ગુણનીધી પધારે છે ભોજન કરીને
તીબારીને મધ્યે ભાગે થઇ ઉલટ ભરીને ।૩૩૫।
ચરણવસ્ત્ર ઉપર ઉભા રહી ચરણ લોહયા ફરીફરી
એહવે સેજ ઢાંકયાની ચાદર ખવાસે તે પહરી કરી ।૩૬।
સોંઘો લેઇ સૌભાગીયા ઉભા તે મનોરથ કરીને
તેહણે ગ્રહીય ગાલમસુરીયા સેજયાએ અલગ ધરીને ।૩૭।
ત્યાંહાં શીરાહણાને લપેટયો સોંઘો લપેટયો જુગતસું
પછે ફરી ગાલમસુરીયા રાખે તે ઉપર ઉગતસું ।૩૮।
પછે સેજ પર ચરણારવીંદ ધરીને સનમુખ ફરી
સીરાહણા દીશે પીઠ ને પુર્વ દીશે શ્રીમુખ કરી ।૩૯।
બેઠા તે સેજયા ઉપર આનંદ ભર્યા ઉલટ ભર્યા
રસ ભર્યા રસીક શીરોમણી રસીયાને જુથે પરવર્યા ।૪૦।
ત્યાંહાં ખવાસજી આવી બેઠા નીકટ બીડું લેઇને
જમણી દીશ જુગતે કરીને સનમુખ ચીત દેઇને ।૪૧।
ત્યાંહાં પ્રાણપ્રભુ કર કમલ નીહોરાઇને લાંબા ધર્યા
ગડુએથી જલ નામ્યું સેવકે તપટી માંહાં ક્ષાલણ કર્યા ।૪૨।
વસ્ત્રતા તે ઉપરેણાસું કર પુંછીને બીડું ધર્યું
તે લટકની અનુપમ સહીત શ્રીકર થકી મુખમાં કર્યું ।૪૩।
લેતા થકા રંચક કયારે અધર રપર્સીયા રહે
ત્યારે શ્રીમુખ ઉંચુ ધરી લહેકો કરીને મુખમાં ગ્રહે ।૪૪।
એ સમય સુચન તણુ દાન કર્યું છે લખવા સમે
એ વીચારતા સોચતા સુરત આવે નહીં ઉરમાં કેમે ।૪૫।
પછે ખવાસે તે બરાસદાની લેઇને આગલ ધરી
તેમાં કર મેહેલી ને લીધું તે ચીમટીએ કરી ।૪૬।
વલી ચુનોટીથી લેઇ ચુનો તેહ તણી ભાંતીસું
કર મુખકમલ ઉંચા કરીને લે છે તે શોભા પાંતસું ।૪૭।
ચુના તણી આભા જે અંગુલી અંગુઠે પરસી રહી
જલધારે ધોવરાવી લીધી બકતે વાત્સલ્યતા લહી ।૪૮।
ધોતીની કસવટ થકી ઉપવીત અલગ કરીને
અંગુઠીઓ ત્યાંહાં થકી છોડી પહેરી ઉલટ ભરીને ।૩૪૯।

બેઠા પ્રસન્ન થઇ કરે હાંસી વીનોદની વારતા
એક એક અંગ તણા ચલણમાં કોટી સુખ વીસ્તારતા ।૩૫૦।
પંગતી દીશેથી લેઇ ચાદર કટી પર્યંત તે લેઇ
જાનુજંઘ આછાદીઆ એણીપેરે બેઠા રસમઇ ।૫૧।
કો સમય તે કો સેવકે પદકમલ કરમાં ગ્રહીને
વસ્ત્રે કરી અંગુલી ભીતર લોહે છે મન લહીને ।૩૫૨।
નાભી ઉદર રૂદય રસીક ઠરકમલ કમનીય સોહીએ
અંગુલીદલ મુદ્રીકા મનોહર નીરખતા મન મોહીએ ।૩૫૩।
માલા રસાલી ભાવ જુત લટકી રહી અતી લસીને
એ ઉરોજને સોંધે પરસી ઉર શરણ લેઇ રહી વસીને ।૫૪।
અધર મધુરામૃત તણુ દાન દે દાને ભરીને
તાંબુલ રસ વીલસી રહયો છે નીરખીએ ફરી ફરીને ।૫૫।
મુસકની મૃદુલ વચન વીલાસ રસ ઉપજાવતા
અવીલોકતા ઉદબોધ રસ પ્રગટે તે નીરખે ભાવતા ।૫૬।
નયણ મયણ રસે ભર્યા રસ આગમન સુચન કરે
રસ વાંછીતા રસવાન ઉભા તેહને રસમાં ભરે ।૫૭।
ભૃકુટી કટીલી બંક વસકરણીય ભરણી રસ માંહાં
વલણમાં વીશ્વને મોહક કરે તે કહીએ કયાંહાં ।૫૮।
તીલકની રેખા રસીલી વસીલી રસ ધામની
પ્રેમે જે આકર્શણ કરી આશા તે પુરે કામની ।૫૯।
ઝલકતું કપોલ ને ઝલકતા કેશ સોહામણા
અને ઝલકતે અંબોડલે રાજે તે પરમ મોહામણા ।૬૦।
તે રૂપ રૂપાશકત થઇ નીરખે તે વેધી રૂપના
સરવાંગ રસ અનુભવ કરે રસીઆ જે ગોકુલ ભુપના ।૬૧।
કો ચોકી આગલ થકી ખાંભી લગી હાર કરીને
સેજ્યા નીકટ બેસી ગયા એક એકને અનુસરીને ।૬૨।
પછવાડાની ભીંતસુ કો દ્વારની સાખા ગ્રહીને
કો દ્વારની દેહેરી ઉપર રહયા દરશન લહીને ।૬૩।
કોઇ તીબારી ઉભીએ ઉભા ભીડ ઘણી કરીને
કો આગલ પાછલ રહયા અવીલોકે નયણ ભરીને ।૬૪।
કો ભીડમાં ફણા ભેર નીરખે તે ઉંચા થઇથઇ
કો તીબારીની ખાંભી ઉપર ચઢી જુએ રસમઇ ।૬૫।
કો આંગણમાં અભીલાષ ભરીયા ત્યાંહાં રહી દરશન કરે
નીરખી નીરખી નવનાહને નયણ નીપટ શીતલ કરે ।૬૬।
તીબારી આંગણમાં કાંઇ ભીડની પરમીત નહીં
તે અનુભવી અનુભવે સમજ્યું જાય નહીં વચને કહી ।૩૬૭।

પંગતી દીશે ખુણે જે ઉભા તે ઘણુ નીધરક રહયા
તે પરસપર અનુસરીને દર્શન કરે અતી ઉમહયા ।૬૬૮।
વામ ભુજ દીશ ભીંતની ઠાડીએ જે અટકયા અહીં
તેહના નયણ રૂપે પાગીયા અને ભાવની પરમીત નહિં ।૬૬।
તે ભાગ્યવાન ભર્યા રસે ઉપકાર રૂપ પ્રભુ તણા
વાત્સલ્ય વાહાલાને હીતે મનોરથ વીચારે અતી ઘણા ।૩૭૦।
સર્વની દ્રષ્ટની વૃષ્ટી વાહાલાજી ઉપર પેખીએ
અંતર અનુસંધાન ન કેને નહીં અલગું દેખીએ ।૭૧।
કે૦ ગરભીમાં બહુ ભીડનું તે જતન કરે જુગતે કરીને
મુગતાસ રાખે સર્વને વીનય જુત ભાવે ભરી ।૭૨।
વલી ઠેલી અલગા કરે પણ એકઠા થાએ ફરીને
વાત્સલ્ય મનમાં લહે પણ મન વીવસ દરશને કરીને ।૭૩।
તેણે જ્ઞાન સહુ ઇંદ્રીયનુ આધીન થયું છે મન તણુ
મન નેત્ર ઇક્ષણે વશ થયું તેણે વીસરે પોતાપણુ ।૭૪।
નેત્રે ને જ્ઞાને જ્ઞાન અંગઅંગનું તે વીસરાવક કર્યું
ચૈતન્ય બુધ્ધી ને વીધી નીધી ન્યાનીક એમજ સર્વ રહયું ધર્યું ।૭૫।
તેણે કરી કુલ ગુરૂજનની લજ્યા શીખવ્યું નાવે કેમે
એક નયણ ઇન્દ્રીયનું તે જ્ઞાન પ્રણલ રહે તેણે સમે ।૭૬।
પંખો કરે કે૦ પ્રમોદસું મોહે ભર્યા અનુરાગીયા
વાત્સલ્ય વાહાલાજીને હીતે સુખ લહી સોહાગીયા ।૭૭।
તેણે કટી ઉપર ઉપરેણો બાંધી પંખો કરમાં લેઇને
રૂપ રાખી નયણમાં અને સ્વરૂપમાં મન દેઇને ।૭૮।
લટકતે હાથે લટકની ગ્રીવા તણી સંગ દેખીએ
પોતાપણુ નહીં એહોને જન્મ સાંફલ્ય લેખીએ ।૭૯।
શ્રીઅંગ સુખ ઉપકારણી સેવા કરે હીત ભરીને
તે ઉપર સર્વસ્વ વારીએ ન્યોછાવર કરી કરીને ।૮૦।
સમીઆના શુભ શોભા ધરે ફરહરે પવન પ્રચારથી
તેણે પવન ભવન ગવન કરે સેવા સુખદના સારથી ।૮૧।
તે પવન મંદ મંદસું શીતલ શીતલતા પ્રગટાવતો
સર્વને શીતલતા પ્રગટ કર પ્રભુને મન ભાવતો ।૮૨।
ભોમીની શીતલતાએ શીતલતા થઇ છીરકે થકી
સર્વાંગે શીતલતા પ્રગટ હોય જાએ નહીં કાંઇ કહી શકી ।૮૩।
નયણ અંબુજ ભકતના જે પરાગ પ્રેમ રસ ભર્યા
એક ટકે વીકસીત કરીને તે પ્રભુને સનમુખ કર્યા ।૮૪।
તેહની શીતલતા શુભ સુખદ સૌરભ સહીત આનંદ ભરે
આંતરીક રસ ઉદબોધ કરી પ્રતી રોમ શીતલતા કરે ।૩૮૫।

અહીં પ્રભુની કરૂણા કૃપા રસ સુધા શુભ દ્રષ્ટીએ કરી
રૂપામૃત પ્રતી રોમ ધારા વૃષ્ટી હોએ ફરી ફરી ૧૩૮૬।
તેણે ભકતનાં અંતરીક ઇંદ્રીય સર્વ સંતર્પણ હોએ
આધી વ્યાધી ને પરીતાપ આરત અંગમાં નવ રહે કોઇ ૧૮૭।
સર્વ કે। શીતલ રસે પાગીઆ પ્રમુદીત થઇ અહીં
ધામ ને ગરમીની સંભાવના કેને નહીં ૧૮૮।
એહવે અરગજે અભીનવો ઉતમ સુવાસીત સોંઘે ભર્યો
જાવદ કસ્તુરી અંબર શુલાએ સાણી કર્યો ૧૮૯।
અતર અનુપમ ભાંતના માંહે ચંદને આણ્યેા ઘસી
સૌરભ સુભગ બહુ જાતના મહેકી રહ્યા છે હુલ્લસી ૧૯૦।
કટોરો રકાણીમાં ધરીને રકાણી ધરી કર માંહાં
તે કરતલે ઢાંકીને સદપુત્ર એમ લાવ્યા ત્યાંહાં ૧૯૧।
વીનતી ચંદનની કરી સતકાર પ્રભુજીએ કર્યો
સતકારથી સતગણું થઇ અંગ અંગ માંહાં ઉલટ ભર્યો ૧૯૨।
ચંદન લગાવાને નીકટ બેસી ઉર ઉરોજ અને વલી
કરણ મુલ થકી ગ્રીવા ઉભય દીશ મનની રલી ૧૯૩।
કંઠ ભુજ પરસીને વલી બાહુદંડ ઉભય રચે
હૃદય રચીને પીઠ પસવાડા ને નાભી લગી મચે ૧૯૪।
પછે પુરેપુરે કહી અને વાહાલાજીએ કીધી દયા
ચંદન લગાવી નમન કરી નીજ બેઠકે તે ફરી ગયા ૧૯૫।
અંગના મકરંદમાં મકરંદ ચંદનનેા મીલ્યેા
તેણે સાર્થક મકરંદ થઈને મનોરથ એહનેા ફલ્યેા ૧૯૬।
પંખાને પવને પરસ કરી આમોદ અતીસે છેલીયેા
આમોદ કેરેા મોદ તે ભકતને અંગઅંગ ફેલીયેા ૧૯૭।
મોદે તે મોદાનંદ થયું ત્યાંહાં સર્વકે। પ્રમુદીત થઇ
સ્વરૂપના મકરંદથી મન થયા છે મકરંદ મઇ ૧૯૮।
હવે એહ સમે કે। ભગવદી સેવા પધરાવા તણી
વીનતી વાહાલાજીને ત્યાંહાં કરે છે તે સોહામણી ૧૯૯।
ત્યારે સેવારસ પ્રીય પ્રાણ પ્રભુ ઉદારરાય શીરોમણી
સ્વરૂપ શુભ હીત દાન દાયક સ્વકીયના હીતનેા ધણી ૧૪૦૦।
સર્વ રસ સેવા રસે વીનીયેાગ કરવા કાજને
ભકતને ઘેર રસ વસ બેસવા મનોરથ રાજને ૧।
મનોરથે મનોરથ પ્રગટ કરી ભકતને એમ આણીયું
તે ગુઢ આસય વીનતીનું વચન આપ પ્રમાણીયું ૨।
ત્યારે પાદુકા પ્રમુદીત થઇ આગલ ધર્યા આણીને
ત્યાંહાં કૃતારથ કૃત પાદાંબુજ પરસાવીઆ જાણી અને ૩।

અને અંગ અંગને ઉલટે ઉછલીત થઇ આજ્ઞા કરી
એ લેહુ એહવું વચન શ્રીમુખથી કહયું કરૂણા ભરી ૧૪૦૪।
ભકતે તે ભામનડા લેઇને વાત્સલ્ય જુત ઉરસું ધર્યા
કરૂણાલતા પ્રભુની જોઇ નયણ તે હરખસું ભર્યા ૧૫।
પછે પટારીમાં લેઇને પધરાવીઆ પ્રમુદીત થઇ
વાહાલાજીસું બહુ વીધી મનોરથ કર્યા અતીશે હીતમઇ ૧૬।
ચરણે લેટ કરીને માલા મુદ્રીકા પહેરામણી
ભકતે તે નીજ મન વીત સમાન તેહ સમે કીધી ઘણી ૧૭।
વલી સામગ્રી વૈશ્નવને આપ્યાનો તે મનોરથ ધર્યો
તેહની વીનતી વીનય સહીત કરી સતકાર પ્રભુજીએ કર્યો ૧૮।
સખડીના ઉછવનો મનોરથ કો સમે કેહેને હોએ
તે વીનય વૈશ્નવના સહીત સંમત કરી સમય જુએ ૧૯।
તે એ સમે અતી નીકટ આવી વીનતી પ્રભુને કરે
કહે રાજ આ ભગવદીય મન સખડીનો મનોરથ ધરે ૧૧૦।
ત્યારે પ્રાણપ્રભુ શ્રીમુખ થકી કહે એહ તુમ કરીહો કબે
વૈશ્નવ સબનકો મનમાંહાં એ વાત આઇ હે અબે ૧૧૧।
પછે ભકત તે વીનતી કરે એમ આજ એ ઉછવ થસે
વૈશ્નવ ઘણુજ પ્રસન્ન છે એ સાંભલી પ્રભુ હુલસે ૧૧૨।
પછે લેટ ચરણે ધરી અને આજ્ઞા માંગી તેહ સમે
શ્રી મુખે કહે અવશ્ય લ્યો તે સાંભળી ચરણે નમે ૧૧૩।
જે ભકતને મનોરથ મહા રસ ભોગનો મનમાંહાં ઘણો
હીત ભાવ રસ ભાવે લપટયો વીસદ થાએ નહીં તેહ તણો ૧૧૪।
શ્રીંગાર વીવીધ વીલાસ રસના વસ્ત્ર સોંઘે સણીને
આભુષણે ભુષણ કર્યું અંગ અંગે બનીને ૧૧૫।
ઓઢી ચાદર સેત ઘુંઘટ માંહે અંગ દુરાવીયા
દીવાનુ અભીશરણ માટે સર્વ સાથે આવીયા ૧૧૬।
સર્વ માંહાં ઉભા રહી દરશન કરે કોડે ભર્યા
રૂખાઇસું નિજ રસ દુરાવી એણીપેરે અહીં અનુસર્યા ૧૧૭।
શ્રીંગાર ને અંગઅંગ ઘુંઘટ માંહાં દુરાવ્યા ચીત ધરી
પણ નયણ મન ઉછાહ આનંદને દુરાવે કેમ કરી ૧૧૮।
અભીલાખના અભીનવા આનંદ માંહાં મન ફુલ્યુ ફરે
વીવીધ રસ અભીલાખ લાખેક ભાંતના મન માંહાં ધરે ૧૧૯।
જેમ વીલંબ વાહાલાજીને પોઢવાને થાયે અહીં
તેમ તેમ એહોના મન માંહાં તે ચેન રંચ પડે નહિં ૧૨૦।
ભગવદીયના તે સમાજને અભીલાખતા જાણે ચલે
તે રસ તણે અતુરાયે જાણે ઘર દીશે કયારે વલે ૧૪૨૧।

હવે અણુ અંતર નવ સહે મલવા રહે મન સોચતું
પરસ પ્રાર્થન કરે અંગ અંગને અંગ લોચતું ।૪૨૨।
અયોગે અસહી થયું આરત પ્રગટ થઈ અતી ઘણી
પ્રતી અંગઅંગ તણી દીશા કાંઈ કહી ન જાએ તેહ તણી ।૨૩।
એહોની આરત અંતરગત અંતર મન જાણીને
પોઢવાને સીધ થયા રસ સહીત કરૂણા આણીને ।૨૪।
બીડી જે શ્રીમુખ માંહાં હતી તે તેહ સમે મહેલી ત્યાંહાં
ભગવદીય એહુ કર પસારીને તેહ લીધી કરમાંહાં ।૨૫।
કો સમે રૂચી હોએ તો જલપાન ગંડુએથી કરે
બહુધા એ બાધુ પ્રભુને પાચન સમે અંગી કરે ।૨૬।
બીડી કરમાંહાં લેઇને આરોગ્યા પહેલી રીતસું
ઉપરેણો મોકળો કરીને ગ્રહયો કરમાંહાં પ્રીતસું ।૨૭।
અંબોડલો છોડી અને શુભ કેશ તે વીરલા કર્યા
શીષ થરકાવી અંગ ઉકસાવી અને પીઠે ધર્યા ।૨૮।
પછે ઉપરેણો અલબે ઓઢી શીષ ઉપર ધર્યા
એહુ કરે એહુ દીશથી સમારીને એકત્ર કર્યા ।૨૯।
તે ઉપરેણા માંહાં કેશ ભરી અને પેચ દીધા જુગતસું
અવલો ને સબલો મોકલો કરી પીઠે રાખ્યો ઉગતસું ।૩૦।
તે સમે કો ભટ પ્રતીષ્ઠિત હોએ તેહને આજ્ઞા કરે
એહ મીસે મુસકાયા જોઇ સર્વને કરૂણા રસ ભરે ।૩૧।
પછે સીરાહણુ કરે જોઇ કરતલ સેજ ઉપર દેઇને
પોઢ્યા પ્રમુદીત થઈને કરમાંહાં ચાદર લેઇને ।૩૨।
શીતમાં સુપેતી ઓઢે પ્રથમ જે આવ્યા કહી
અને ગરમીએ ચાદર સુખદ જેહવો સમય તેહવી લહી ।૩૩।
પોઢવાની પ્રીત પ્રભુને પ્રથમ ઉતાના થઇ
પછે જમણી દીશે પોઢી પોઢે વામ દીશે કરવટ લેઇ ।૩૪।
તે ઉતાના પોઢયા છે શ્રીમુખ સર્વને સનમુખ કરી
ભકત સહુ જે જે કહી વલીયા તે જોતા ફરી ફરી ।૩૫।
ત્યાંહાં અવાસજી ચાલો રે ભાઇ કહે પોઢવાને અવાર થઇ
અટકતા મુસકતા ફરી નીરખતા ચાલે રસમઇ ।૩૬।
પરસપર સયનમાં સમજાવે તે ચાલો કહીને
અસોકવર્ય ગરમીનુ કહે તે જોઇ ચાલે લહીને ।૩૭।
એ બીડમાં લઘુલાઘવે રસ તણા અલીલાખી જેહ
જેણે મનોરથ મધ્યાનનો મનમાં ધરી રાખ્યો તેહ ।૩૮।
તે હોમઘર બીતર માંહાં બેઠા તે એકાંતે જઇ
ત્યાંહાં તેહોના મનોરથ સહાયક રહ્યા છે સાંકલ દેઇ ।૪૩૯।

કેા કહેતા માત્ર ચાલે ચાલીયા કેા નીરખતા પાછે પગે
કેા અટકીને ઉભા રહયા કેા રહે સહુ ચાલ્યા લગે ।૪૪૦।
પછે પ્રાણપ્રભુજી પેાઢીયા જમણી કરવટે થઇને
શીતે સુપેતી ગરમીએ ચાદર શ્રીમુખ પર લેઇને ।૪૧।
ટેરા ઉપરથી છેાડીયા તે લેાભી પર પરસી રહયા
એક એક ઉપર દાણી અને સેવા સુખદ વરસી રહયા ।૪૨।
મેાટેા જે ટેરેા કડીનેા તે હજી સરકાવ્યેા નહીં
તેથી વયાર તે સંચરે માટે એમજ રાખ્યેા અહીં ।૪૩।
એક ભગવદી સેવા હીતે તે રહે ભીતર કાજને
પંખેા કરે પ્રસુદીત થઇ જેમ રૂચે શ્રી મહારાજને ।૪૪।
જલપાનનેા ગડુએા જે ભેાજન સમેનેા તે ઠાલવી અને
પંખા વડે શીતલ કર્યા જલ ભર્યા તે લાવીને ।૪૫।
જલપાનના ગડુઆ તણા પીઢા નીકટ આણીને
તષ્ટી અને ગડુએા તે રાખ્યા કાજને જાણીને ।૪૬।
બીડા સમારી સીદ્ધ કરીને પીઢા ઉપર તે ધર્યા
જે સેજથી ઉઠીને આરેાગસે ઉલટ ભર્યા ।૪૭।
ગુલાબ જલસું ભીંજવી મુખવસ્ત્ર આણી ધર્યું
સીરહાણા ઉપર નીકટ અતિ સુવાસીત સેાંપે ભર્યું ।૪૮।
ત્યારે જે જે કહી સહુકેા વલ્યા આશીષ દેતા હરખસું
વેગા તે દર્શન આપજો અમે વેગ આવી નીરખસું ।૪૯।
અહીં યેાગ્યતા અધિકાર ભાવ ને વરણ જેહનું જેહવું
તે તેહજ ભાવારૂઢ થઇ વિચારતા તે તેહવું ।૫૦।
કેા સિંધદ્વારે થઇ વલ્યા જલઘરેથી કેા વલે
બાહેર લદાવની સીઢી આગલ સર્વ કેા ટેાલે મલે ।૫૧।
ત્યાંહાં થાલનેા તે પ્રસાદ લેવા જાએ છે કેા કેા વલી
ઘરને પ્રસંગે એક જણ કેા પરસ્પર એકત્ર મલી ।૫૨।
મલતી પાણે મેાકલે કહે લાવજો તમે ચીત ધરી
અને રંચ માંહેંથી રંચ અમને આપજો કરૂણા કરી ।૫૩।
કેા પરસ્પર વીનતી કરે સંકેાચ મનના જે ઘણી
તમે રંચ અમને આપજો અમ આવે ભીડ થશે ઘણી ।૫૪।
તે ભાગ્યવાન ત્યાં ગયા થાલના દર્શન હીતે
ત્યાંહાં ભીતર બહુ સત્કાર કરી સર્વ કેા આવેા નિતે ।૫૫।
આદર કરી આરંદ્ર થઇ પ્રસાદ આપ્યેા પ્રેમસું
વલી વિનય કરીને એમ કહયું તમેા આવજો નિત નેમસું ।૫૬।
એ તમારા ભાગ્યનેા એહના અધિકારી તમેા
તમારે ભાગ્યે કરી એ પ્રસાદ પામું છું અમેા ।૪૫૭।

કો પાતમાં કો કરમાં લેઇ લેઇને નિજ ઘેર વલ્યા
પોતે થકી તેહને આપ્યો જે માંગવા માર્ગે મલ્યા ।૪૫૮।
જેણે પ્રસાદી બીડી લીધી લેઈ ધરી છે કરમાંહાં
તે પરસ્પર માંગતા આવે વહેંચી આપે છે ત્યાંહાં ।૫૯।
એકને આપતા દસ સતહ સહસ્ત્ર ત્યાં આવી પડે
એક રંચ કણીકા આપીએ પણ સર્વને કયાંથી જડે ।૬૦।
પધરાવી છે સેવા જેણે પોતાને ઘેર મનોરથ કરી
તેણે ભગવદી તેડાવ્યા છે સામગ્રી લેવા હીત ભરી ।૬૧।
અને સખડી આપ્યાનો મનોરથ જેના મનમાં ઘણો
પરીવાર જુત ઉછાહા આનંદ કયાં લગી કહું તેહ તણો ।૬૨।
તેણે પ્રથમ દીવસે જઇને વીનતી વ્હાલાને કરી
ઉત્થાપને એકાંત સમયો લેઇને ઉલટ ભરી ।૬૩।
રાજ ભીતરની રસોઈ ને પ્રસાદી વૈશ્નવ તણી
ત્યાંહાં આજ મનોરથ એમ છે સામગ્રી આવે અમ તણી ।૬૪।
પ્રાણ પ્રભુએ અવશ્ય કહી આજ્ઞા દીધી એહોને
તે ચરણે લાગી તેહ સમે ઘેર આવીને જાણી મને ।૬૫।
સીધા અનેક અનેક વીધી ઉતમ થકી ઉતમ ઘણુ
મોકલ્યા મુદીત થઇને કયાંહાં લગી કહું તેહ તણુ ।૬૬।
સ્ત્રીજન એહોનાએ જઇને વહુ બેટીઓને વીનય કર્યો
શાક સામગ્રી સહીત સીધો લેઈ અને ત્યાંહાં ધર્યો ।૬૭।
વહુ બેટીઓ તે પ્રસન્ન થઇને વચન મધુરા ઉચર્યા
એમ સીધો બેહુ સ્થલે આપીને ઘેર આવીયા ઉલટ ભર્યા ।૬૮।
ઘેર સાજ સામગ્રી ઉતમથી ઉતમ કરી ધરી
અને પાકની પ્રવીણતા કાંઇ જાએ નહીં વીસદ કરી ।૬૯।
તેણે પ્રથમ પ્રાતકાલ જઈ ઘેર ઘેર જે દીધા નોતરા
દીનતા ભાવે વિનયસું કહયું આવજો ત્યાંહાં સહુ સરા ।૭૦।
આજ મારો મનોરથ તે તમ થકી પુરણ થસે
તમો આવે સહુ થસે એહવું મારે મન વસે ।૭૧।
માટે કૃપા કરી પધારસોજી પ્રસાદ લેવા કાંજને
સર્વને લઇ આવજો હું વીનવું છું રાજને ।૭૨।
ત્યાંહાં તેહોનો સતકાર કરી કહયું સર્વથા અમો આવસું
અને મારા મેળના છે તેહને સાથે લાવસું ।૭૩।
વલી કાજ અમ સરખું હોએ વેગે અમોને દીજીએ
અમો ઘેર આવી અને જે તમો કહો તે કીજીએ ।૭૪।
ત્યારે એહ એમ વીનતી કરે કાજ તો સહુ છે તમ તણુ
તમારે ભાગ્યે કરી થાસે તે ઉતમ અમ તણુ ।૪૭૫।

એમ પ્રતીઘરે પ્રતીએક ભગવદ્દીને ત્યાંહાં વનતી કરી
સાત્વીક ભાવે નોતરા સર્વને દેઈ આવ્યા ફરી ।૪૭૬।
પછે પ્રાણપ્રભુ પોઢયા પછી આગલ થકી આવ્યા ઘસી
મારગમાં પેંડો ગ્રહી ઉભા રહયા છે હુલ્લસી ।૭૭।
જેહ કેા આવતા જાએ વીનય કરી કહે તેહને
તમેા વેગ નાહીને પોંહોંચીને આવજો મારા ગૃહને ।૭૮।
વસ્ત્રી સેવા પધરાવા તણો સામગ્રી જેહોને ઘેર કરી
તે પણ તેડવા ત્યાંહાં ઉભા રહયા ઉલટ ભરી ।૭૯।
કહે પર લગી આવી અને એક રંચ કરમાં લીજીએ
સહુ સીધ છે ને વીલંબ નથી વીનતી માની લીજીએ ।૮૦।
તેહ કહે અમેા સીધ છુ ઘરની દીશ થઇ
અમારે પાસે છે કેાઇ તે સર્વને સાથે લેઇ ।૮૧।
કેા તેમજ ત્યાંહાંથી ચાલીયા તેહેા ઘેર જે બેઠા સહુ
કેા આવ્યા કેા આવતા જાએ સૃષ્ટીની પરમીત બહુ ।૮૨।
કેા પરસપર ભાવના વલી વાત માંહેાં માંહાં કરે
જેહ રસ અનુભવી આવ્યા પરસપર ભાવે ભરે ।૮૩।
પ્રથુક એક એકનેા અનુભવ એક એક પ્રત્યે કહે
પ્રબલ ભાવ સમાન પુષ્ટ કરી મન જાણી રહે ।૮૪।
કેા વીનેાદ કેા વારતા કેા હાંસીને રસે પાગીઆ
દર્શન કરીને સર્વકેા ઘેર આવીયા સૌભાગીઆ ।૮૫।
ત્યાંહાં નીકટવર્તી અતી નીપુણ ગુણ જાણ ગુણવંતા જેહ
હીત પ્રીતનું હારંદ્ર લહે બેઠક માંહાં રહયા તેહ ।૮૬।
ડાઢીના વડા કીમાડમાં જલઘરે આવ્યા ફરી
ભીડની ગરમી સહુ પંખે કરી પ્રહરી કરી ।૮૭।
ટેરેા બડેા જે કડીનેા સરકાવીએા શુભ રીતસું
વાળા તણી ટાટી ધરી ત્રીજી તીબારીએ પ્રીતસું ।૮૮।
પછે તેહ સહુ સરકીને જલઘરાને ભીતર ગયા
કેા કાજને ઘેર આવીયા કેા કીમાડ માંડી ત્યાંહાં રહયા ।૮૯।
હવે એહ સમે એકાંત લહી એકાંતના અભીલાષીયા
એકાંત રસ વીનીયેાગને એકાંત લઇ જઇ રાખીયા ।૯૦।
તેહનેા રસ પ્રભુ ઉપયેાગ કરવા ભાવના સહાયક જેહ
શુંગપાત્ર પ્રભુ તથા આવ્યા પ્રભુને નીકટ તેહ ।૯૧।
મનમાં જાણે છે જેહ પ્રભુ પોઢયા નથી નીંદ્રા માંહાં
મધ્યપાતી અતી નીપુણ પ્રભુને નીકટ આવ્યા ત્યાંહાં ।૯૨।
એહોને દેખીને કહ્યું જે એતી બીરીયા તુમ માંહાં
કહ્યું કાં નહીં અમેા આવીયે જે રાજ પોઢેા છેા જ્યાંહાં ।૪૯૩।

માહારાજ એક ભકતને મનોરથ મનમાં છે અતી ઘણો
રાજ અંગીકૃત કરે છે રાજના અંગ સંગ તણો ।૪૯૪।
દીવસ કેક અંતર થયા અંતર હવે સહેતા નથી
નીરંતર આરત રહે છે રાજ હું શું કહું કથી ।૯૫।
સુકીંત મનોજને ઉદય કર એહવા વચન શુભ બોલ્યા એહ
તે રસીકરાય શીરોમણીએ શુભ સમય સુણીયા તેહ ।૯૬।
પણ ભાવને વીસ્તારવા રસ પુષ્ટ કરવાને તદા
માનથી મનોરથ ફલે એ બાણ એહોની છે સદા ।૯૭।
તુમ કહેત હો શો સત્ય પે અબ દીવસ કયેં આવન બને
લોકકો પરીચાર રહે જાનત હો તુમ અપને મને ।૯૮।
સંકોચ ભય લજ્યા દેખાડી રૂખાઇ મુખ આણીને
રસ વાધવા એમ વચન બોલ્યા અંતર હીત જાણીને ।૯૯।
ભકતે કહ્યું મહારાજ તે આવી રહયા છે પ્રથમથી
લોકની સંભાવના સંકોચ તો એકો નથી ।૫૦૦।
એ વચન સુણી મુસકાઇ મનમાં મૌન ગ્રહી બોલ્યા નહીં
પણ નયણની રૂચી જોઇ અને વીનતી વલી કીધી અહીં ।૧।
મનમાં વીચારી શું રહયા નીજ વચનને સંભારીએ
પદકમલ પરસાવીને પરીતાપ એહોનો ટાળીએ ।૨।
રસીકવર રસ કૌતીક અને રસે રૂચી ફરી ફરી અને
વીનતીનો સતકાર કીધો નયણ સયણે કરી અને ।૩।
દંડવત કરીને ત્યાંહાં ગયા વીનતી તેહો આગલ કરી
તે સુણીને સાત્વીક ભાવે નયણ આવ્યા રસ ભરી ।૪।
વચન એહોના સાંભલી અંગ અંગમાં અમી ઢલ્યા
ઉદબોધ રસ પ્રગટયો પ્રગટ સર્વાંગ ઉદીપન કર્યા ।૫।
વસ્ત્ર ને ભુષણ અનેક શ્રીંગાર અનેક તે અલીનવા
સોંધા અનેક સુવાસ જુત અને ભાવ અનેક તે જુજવા ।૬।
અનેક મનોરથ સ્નેહ ભર્યા વલી અનેક વાંછલ્ય ભર્યા
એહવી અનેક સામગ્રી સુખદ અંગની લેઇને પરવર્યા ।૭।
ભાવના સાગર તરંગની લહેર ઉઠે છે ઘણી
નવ નવી નૌતન ભાંત્યની પરમીન ન આવે તેહ તણી ।૮।
જે કોણ ભાંતે મનોરથ પુરણ કરસે અમ તણા
એક માંહે અનેક પ્રગટે છે તે પ્રતીક્ષણ સતગણા ।૯।
પ્રતીઅંગ તે અંગસું વાત કરે છે માંહો માંહાં મલી
ને પ્રતારણા એક એકની બહુ કરે છે રસ માંહાં ભલી ।૧૦।
એક કહે આગલ થકી હું મલીસ મારા નાથને
એક કહે હું મલીસ ત્યાંહાં તું હશે મારા સાથને ।૫૧૧।

એક કહે હું ને મહ્યામાં રકુરણા સહુ વીસરે
એ સ્વાદને આસ્વાદે કરીને સ્વાદ ણીજ પરહરે ।૫૧૨।
એક કહે તમે અગ્ર ભોગી તમ સમાન કોએ નહીં
તમને પ્રથમ અપનાવસે હમ લગી તો આવે કંઈ ।૧૩।
એક કહે એ રસીક આગલ ચાલશે નહીં ગર્વનું
સર્વને રસદાન કરી રસપાન કરસે સર્વનું ।૧૪।
એક કહે મારા મહ્યામાં સર્વ સંતર્પણ થસે
એમ સર્વ સોહાગે ભર્યા ઇંદ્રીય અંગ અતી હુલ્લસે ।૧૫।
શીખ થકી નખ લગી અંગઅંગ આપાપણો રસ લેઇને
શ્રીંગાર ભાવ અનેક જુત સીધ થવા શીક્ષા દેઇને ।૧૬।
સુરત્વસું આવ્યા સકલ ઇંદ્રીય રસ ઉકૃણીને
શું જાણીએ કોણ પ્રણલ થાસે ત્યાંહાં સનમુખ ધણીને ।૧૭।
કેનો પ્રભુ સતકાર કરસે કેને અપનાવસે
કેના ભાગ્ય સફલ ફલે અને કોણ પ્રભુને ભાવસે ।૧૮।
એમ અંગ પ્રતીઅંગ મનોરથના વીર્તક કરે ઘણું
અને મનોરથ માંહે પાગ્યુ વીસર્યું પોતાપણું ।૧૯।
એણીપેરે મનોરથ ભર્યા આવ્યા રસ ભર્યા ભાવે ભર્યા
સેજ્યા નીકટથી નીકટ આવી ચરણ કમલે અનુસર્યા ।૨૦।
ધોતી ઉપરેણો ને મલા સાજ ભેટ તણા જેહ
વિનિયોગ કરવાને જે આણી ચોકી પર રાખ્યા તેહ ।૨૧।
ચરણારવીંદ છોહીને સેજ્યા નીકટ ઉભા રહયા
ભયભીત થઈ સંકુચાઇને મુખ વચન નવ જાએ કહયા ।૨૧।
બીડી મુખમાં હતી તે તો તેહ સમે વેગા ગલી
હૃદય કંપીત ધુકધુકી અંતરમાં અતીસે રલી ।૨૨।
તેટલે રસનાયકજીએ રસ ભરી દ્રષ્ટી કરીને
સીંચન કરીને સનમુખ નીહાલ્યું પરમ કરૂણા ભરી ।૨૩।
પોઢયા થકી પ્રમુદીત થેઇને હાવભાવાદીક કરે
ત્યાંહાં ભકત પણ નીજ રસે મન નાયક તણું વીહવલ કરે ।૨૪।
નયણ મયણ વશીકરણ મનહરણ પરમ મોહામણા
રસ ભર્યા આરત ભર્યા અભીલાષે ભરીત સોહામણા ।૨૫।
એહવે નયણે દ્રષ્ટી ફેરવીને પ્રભુજીને સનમુખ ધરે
જ્યારે પ્રભુજી સનમુખ જુવે ત્યારે દ્રષ્ટી એ નીચી કરે ।૨૬।
પણ નાયકની દ્રષ્ટીસું દ્રષ્ટી તે એક કરી જોડે નહીં
ઘુંઘટ સહીત માનસું પ્રભુના નયણ વસ કીધા અહીં ।૨૭।
એક નયણ વસમાં વસ કર્યા મહા રસીકરાય શીરોમણી
તેણે કરી ત્યાંહાં મીલણ ઉત્કંઠા થઈ અતી ઘણી ।૫૨૮।

એહવી દૃષ્ટી કરૂણા ભરી પ્રભુની જોઇ તે જોઇ સમે
ત્યારે બીક અંતકરણની છુટી ગઇ તેણે સમે ।૫૨૯।
અંગઅંગે રસ તણી આરત પ્રગટ થઇ અતી ઘણી
તે આરત આરતહરણે અંતર લહી ચતુર શીરોમણી ।૩૦।
પોઢયા થકી પ્રમુદીત થઇ પદકમલ લાંબુ કરીને
ભકતને અંગે પરસ કીધો તે ઉલટ ભરી અને ।૩૧।
જે પરસ જોઇ માન ને મોટ્ટે ખસીને અલગા રહ્યા
ભાવ શબળગટ સહીત અંતરમાં અતી ઉમટ્ટયા ।૩૨।
ત્યારે શીરાહથી સેજ ઉપર સરકીને આવ્યા બ્રસી
વલી ચરણ લાંબુ કરીને મનમાં અતીસે હુલ્લસી ।૩૩।
ઉંચુ કરી અંગુલી અંગુઠામાં સાડી ગ્રહી
તે છોડાવીને વલી સરકયા ભકત મનમાં લહી ।૩૪।
જ્યારે સેજ પર બેસી કરસું ખુંટ સાડીનો ધર્યો
ખેંચતા આધા ન આવે મન મનોરથ બહુ કર્યો ।૩૫।
વચનના તે વીલાસ પ્રગટે ઉભય દીશથી અભીનવા
ભય રહીત તે ભકત ઉતર પ્રતીઉતર કરે નવનવા ।૩૬।
તે વચન રસ વીહવલ કરે વાહાલાજીના સર્વાંગને
અધ વચન આરત અધીક પ્રગટાવતા અંગ અંગને ।૩૭।
હાવભાવ ને મુસકની મોહીની મોહીત કરે
તે રસ તણા અભીલાખની આરતી ને આનંદ ભરે ।૩૮।
અંગઅંગ ઉદબોધ રસ ઉફણી અને આવ્યો અહીં
પણ નાયકા ગોપન કરીને બાહાજય કાંઇ જણાવે નહીં ।૩૯।
તેમ તેમ નાયકને તે આરત અધીક પ્રગટી અંગમાંહાં
ઇતર અનુસંધાન રહીતે મન રહયું અંગ સંગમાંહાં ।૪૦।
મુસકાઇ કર લાંબો કરીને કર ગ્રહયો જ્યારે હંસીને
ત્યારે માન જુત મુસકાઇને કર છોડાવી રહયા બ્રસીને ।૪૧।
ત્યારે અધીક આરતે સેજથી ઉઠી અને ઉભા થયા
મુસકાતા મૃદુલ વચન સહીત એમ ભકતને સનમુખ ગયા ।૪૨।
મધુર વયન અવ્યકતની માધુરીએ સીંચન કર્યા
તેણે મરમ વચન ને માન એહોના એમજ સર્વ રહ્યા ધર્યા ।૪૩।
પછે બાંહ કંઠે ધરીને વલી પરસ અંગઅંગે કરી
બીડી શ્રીમુખ થકી તે એહોના મુખમાં ધરી ।૪૪।
અને ભાવ ભર આલીંધીયા તે ઉભય આનંદે ભર્યા
એહ રસ અભીલાષીયા અંગ કાજ તેહો તણા સર્યા ।૪૫।
નયણ નાસા અધર રસના વયણ ને દશનાવલી
કંઠ પીઠ ઉરોજ ઉર ભુજ એહોની આશા ફલી ।૫૪૬।

ફલીતથી વલી અધીક પ્રગટી પ્રથમથી તે સતગણી
જેમ અગ્ની ધૃત સીંચન કરે જવાલા પ્રગટ હોએ અતી ઘણી ।૫૪૭।
તેમ પ્રેમની આરત પ્રગટ જે સ્વરૂપના અભીલાષની
તે પ્રતીક્ષણે પ્રગટે અધીક નીત થઇને સત સાખની ।૪૮।
પછે સેજ ઉપર કર ગ્રહીને પધરાવીયા મુદીત થઇ
રસીકવર એહોના રસમાંહાં થઇ રહયા છે રસમઇ ।૪૯।
ત્યાંહાં નીકટ બેસાડીને શ્રીમુખે પુછયું એમ કરી
કહો આણી વેલા આંહાં કેમ આવ્યા તમો છો કેમ કરી ।૫૦।
ભરથાર ને ગુરૂજન તમારા બીજસે નહીં તમને
માટે હવે ઘેર જાઓ નહીંતર દોષ દેશો અમને ।૫૧।
ત્યારે નાયકા નીચી દ્રષ્ટી કરી રહયા પોતે અહીં
નાયક તણા નયણસું ત્યાંહાં નીજ નયણું તે જોડે નહીં ।૫૨।
નાયકજીએ તેણે સમે કંઠ માંહેં બાંહય ધરીને
બીજે કરે ઠોડી ઉઠાવી વદન સનમુખ કરીને ।૫૩।
તે કર નાયકાએ ઠેલીને અલગો કર્યો
ઘેર મોકલ્યાનું વચન કહ્યું તે રોષ મન માહેં ધર્યો ।૫૪।
વલી બોલાવે મનુહાર કરીને વચન રસદાયક કહે
પરસ ઉર અધરે કરે તે સહીને છાના રહે ।૫૫।
કામ વીદ્યામાં કુશલ મહા ચતુર શીરોમણી
ઉપમા એહો આગલે શી ભરત વાછાએન તણી ।૫૬।
અહુ રસ તણે ભેદે રસાવેસે કરી સનમુખ કર્યા
લજયા સંકોચ અલગા ધરી આલીંઘીયા ઉલટ ભર્યા ।૫૭।
સનમુખે બેસી હાસ્ય કોતુક હાવ ભાવાદીક કરે
નેહસું નીજ રસે કરી અને પ્રભુના રસને ભરે ।૫૮।
જે અંગને જે જે મનોરથ પ્રગટ હોએ ફરીફરી
સીધ કરે છે આપાપણા ત્યાંહાં તેહ સમે મોદે ભરી ।૫૯।
ચોકી ઉપર થકી બીડુ લેઇ આપ્યું ભકતને
તે આરોગાવીને આરોગ્યા રસીકવર અનુરકતને ।૬૦।
નીપટ નીજ કોચસું રસ પ્રગટ કરીને રસ રમે
ઉભયતા રસ દાન હોએ વીસદ થાએ ન એહ સમે ।૬૧।
તે સમે નાયકાને સ્ફુરતું નથી પોતાપણુ
અને નાયક પણ નાયકપણુ જાણે નહીં મનમાં અણુ ।૬૨।
નાયક જાણે છે જે હુ નાયકા છું એણે સમે
અને નાયકા નાયક સ્વરૂપ થઇને એણીપેરે રમે ।૬૩।
એમ તદાત્મક થઇ એક રૂપે સ્વરૂપ ભેદ ના કો લહે
એહવા અનીરવચનીય સમયને વીસ્તાર કરી કો કેમ કહે ।૫૬૪।

જ્યાંહાં બુધ્ધી મન બહુ ચાતુરી ને વીવેક લજ્યા ને વલી
ધીરજ મોટમ આદે દેઈ સહુ મગ્ન થયા રસમાં ભલી ।૫૬૫।
એ અગાધી રસ એક બુંદવત મેં લખ્યો છે મન આણવા
એહ લીલા તણો પેંડો એહથી સહુ જાણવો ।૬૬।
એમ ભકતના મનોરથ થકી મનોરથાંત કર્યા ઘણા
અને ભકત ભાગ્યવાને મનોરથ પુરણ કીધા પ્રભુ તણા ।૬૭।
પછે ભકતે વીનય કરી વીનતી વાત્સલ્ય તણી
શ્રમ થયો છે અને પોઢવાને અવેર થઈ છે અતી ઘણી ।૬૮।
એમ કહી અને આજ્ઞા માગે વચન ચાતુરી કરી
ચાલવા મન ચાલે નહીં અને નયણ તે આવે ભરી ।૬૯।
ધોતી ઉપરણો ધરાવ્યા હીત ભર્યા સોંપે ભર્યા
નેહ એહોનો લઈ પ્રભુએ તેહ સમે અંગી કર્યા ।૭૦।
માલા તુલસીની ધરાવી પ્રાણ પ્રભુજીને ત્યાંહાં
અને પ્રભુજીએ શ્રીકંઠથી એહોને આપી હીત માંહાં ।૭૧।
અધર નયણે અધર પરસી ગાઢ આલીંગન દેઈ
ભકત પણ તેહ સમે પ્રભુને રહયા ઉર સાથે લઈ ।૭૨।
બીડી શ્રીમુખ થકી આપી એહોના કરમાંહાં
સતકાર સનમાન કરીને વીદાય કર્યા રસભર માંહાં ।૭૩।
ચરણાવીંદે શીષ પરસાવી અને તે વીદાય થયા
વલી વચન તેહ સમે કહયાના ઉભય દીશથી તે કહયા ।૭૪।
શ્રીમુખ કમલ જોતા થકા પાછા પગે ડગલા ભરે
અને પોઢવાની અવેરનું વાત્સલ્ય મનમાં ધરે ।૭૫।
હવે પ્રાણપ્રભુજી પોઢીયા વીદાય થયા તેણે સમે
જલઘરે આવ્યા ત્યાં સહુ કેના મનમાં ગમે ।૭૬।
મધ્યવર્તી સાથ અહીં ઉભો રહયો છે હીત ભરી
તેણે જોઈને એહોના ભાગ્ય સરાહીયા દંડવત કરી ।૭૭।
બીડી પ્રસાદી લેઈ આવ્યા તેહ આપી એહોને
વલી વાધતી અલગી રાખી સખીગણ છે તેહોને ।૭૮।
સીથીલ આભુષણ અને અંગ અંગ સીથીલ તે દેખીએ
ધુણીત નયણ વીલસ્યા રત્યા જોઈ જન્મ સફલ લેખીએ ।૭૯।
ઘુંઘટ કરી ઓઢી ચાદર અંગ સર્વ દુરાવીયા
ભય સહીત ચોંકતા ભાગ્યવાન ભવને આવીયા ।૮૦।
ઘેર આવીયા ઉકટ ભર્યા અને મોદ મન માયે નહીં
આલોચ ને આતુર ઘણુ પણ કહયું કાંઇ જાએ નહીં ।૮૧।
સખીગણ જે સમાન વય પેંડો જુવે એકત્ર થઇ
તેણે નીકટ ઓટે લેઇ ભીડયા ઉર સાથે લેઇ ।૫૮૨।

વાત્સલ્ય અનેક પ્રકારના તેહને કીધા ફરી ફરી
એહોનો બહુ વીસ્તાર છે કયાંહાં લગી કહું વીસદ કરી ।૫૮૩।

એમ નીત્ય નૌતન ભાંતના રસ પ્રગટ હોએ છે જેહ
અનુભવે ભાગ્યવાન વચને વીસદ નવ થાએ તેહ ।૮૪।

એણીપેરે શ્રીમુખ જોઇ જોઇ સહુ આવીયા ઘેર આપણે
ઘર તણા તે કાજ સમાજ સર્વ તે કરે છે ઉલટ ઘણે ।૮૫।

એ આગલે માંગલ્યે તે કાંઇ વીસદ કરીને તે કહું
યથામતી અધીકાર સમ કરૂણા બલે જેહવું લહું ।૮૬।

કૃપાને અનુસરી અને આરંભ એ રસનો કર્યો
ગોપાલદાસને કરી કરૂણા સ્વરૂપ રસ વૃષ્ટીએ ભર્યો ।૫૮૭।

ઈતીશ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથ
વ્યારાના ગોપાલદાસ વીરચીતં
માંગલ્ય ૮ આઠમું
સંપુર્ણ

અનુક્રમણિકા

માંગલ્ય	વિષય	પાના
૯	ભક્તો ઘેર આવી પ્રસાદ લેઈ, વિશ્રામ કરી શ્રીંગાર કરી ઉથાપને બેઠકજી જાય છે તે પ્રસંગ	૨૯૪
૧૦	ઉથાપને ગાદી તકીએ બિરાજ્યા તે સભા વર્ણનો નામ	૩૩૧
૧૧	ઉથાપનના વિષય વર્ણનો નામ	૩૫૭
૧૨	ઉથાપનને દેશ દેશની ભેટ અંગીકાર વર્ણનો નામ	૩૮૮
૧૩	ઉથાપને પત્ર વાંચન અને પત્રના ઉત્તર વર્ણનો નામ	૪૧૧
૧૪	ઉથાપને શ્રી બેઠકજીમાં વસંતખેલ વર્ણનો નામ	૪૪૧
૧૫	ઉથાપને શ્રી હવેલીમાં વસંતખેલ વર્ણનો નામ	૪૫૩
૧૬	ઉથાપને રૂછી બાગે અને ડાનતરાયે વસંત ખેલાવ્યા તે પ્રસંગ	૪૬૩
૧૭	ઉથાપનથી સેન પર્યંત કુલમાલાનો પ્રસંગ અને સાય સંધ્યા તથા તબકડી વર્ણનો નામ	૪૭૩
૧૮	સેન આરતીથી પહોંચી તેલ સેન્યાનો પ્રસંગ શીતકાલનો	૪૯૦
૧૯	તેલ સેન્યાનો ઉષ્ણકાલનો તથા સુખ સેન્યાએ પોઢયાનો પ્રસંગ	૫૦૬
૨૦	નીશી વીલસ્યા વર્ણનો નામ તથા ફલશ્રુતી	૫૩૬
૨૧	ઉપસંહાર વર્ણનો નામ	૫૫૬

સમર્પણ

જેના પ્રેમ અને તન મન ધનની સહાયતા સિવાય આ ગ્રંથ પ્રકાશિત કરવો અશકય નહીં તો મુશ્કેલજ હતું

તે

"શુધ્ધાદ્વૈત" સમાજને

— રમણીકભાઈ સોનેચા

માંગલ્ય-૯

શ્રી ગોકુલેશ જયતી

શ્રી સ્વરૂપ રસાવલી ગ્રંથનું માંગલ્ય નવમું લખીએ છીએ

રાગજાત :- ઝાર ઝમરક દિવડો થરહરે, એમ દોહરાવીને ગવાસે

પ્રભુ રસીક વરેસ રસે ભર્યા ઉલટ ભર્યા આનંદ ભર્યાજી
મનોરથ ભર આપ મનોરથી મનોરથ રસે અતી પરવર્યાજી ।૧।
ને વિલાસ રસે રસ અભીનવો વીલસે રસ ભોગી વરેશજી
દાન અદય દક્ષ પરમાવીધી મહાનાયક વર ગોકુલેશજી ।૨।
કરી ભોજન ચોકીએ બેસીને દાન સ્વરૂપ રૂપામૃતે રસ પાગીજી
દીધા જોગ્યતા સમ જુગતે કરી ભકતને અતીસે અનુરાગીજી ।૩।
પછે સેજ બેસી સુખાનંદસું આનંદીત પરમ ઉલાસજી
ભાગ્યવાનને દાન અદય કર્યું લીલા અનીરવચનીય સુખરાસજી ।૪।
એહવી લીલાનો રસ અનુભવીને પોઢયા પરમ સુખદ સેજજી
ભકત વલીયા આશીષ દેઇ દેઇને મન વચન કૃતે કરી હેજજી ।૫।
ભાવે જોગ્યતા સમ અનુભવ કરી આવ્યા સહુકો આપાપણે ધામજી
પ્રાણ પ્રભુનું સ્વરૂપ રૂદયમાં લેઇ આવ્યા પરમ અભીરામજી ।૭।
ત્યાંહાં નીકટ રાખ્યુ મન મેલવી હેલવીઉં તે હારદ માંહેંજી
અલગું નવ થાએ એક ક્ષણુ નીરંતર રહે સનમુખ ત્યાંહાંજી ।૮।
જેમ શીશામાં સ્વરૂપ આકારને લેઇ ફરે છે તેમ તેહની પેરજી
એમ સ્વરૂપ હૃદયમાં લેઇને આવ્યા સ્વરૂપાત્મક થઇ ઘેરજી ।૮।
જેમ શીશામાં જે રસ મહેલીએ તેવો બાહ્યાજ્ય જણાએ તે રંગજી
તેમ સ્વરૂપ અંતરે બાહયાજ્ય ભીતર દીસે સ્વરૂપ મઇ સર્વ અંગજી ।૯।
એહના રૂદયમાંથી સ્વરૂપ તે દીસે જલકતું સર્વાંગ માંહેંજી
એમ સ્વરૂપ રસે ભર આવીયા ભાવે ભરીત થઇને ત્યાંહેંજી ।૧૦।
પ્રભુ નિજ રસે રસ આધીનથી રહયા ભકતને રુદય સમાઇજી
તેહને નીરોધે નીરોધાઇને કરી નીરોધ રહયા અરૂઝાઇજી ।૧૧।
ભકત નીરખે અંતર દ્રીષ્ટે ઠરીને આરત ભર્યા અતી અભીલાખીજી
તે તો પ્રાણપ્રભુજી પોતે લહે કે અનુભવીના મન સાખીજી ।૧૨।
એણી પેરે આવ્યારે સૌભાગીઆ માહા ભાગીયા પરમ વરેશજી
જેહનુ અલૌકીકાધીક તે વરણ કરી વર્યા ગોકુલપતી નરેશજી ।૧૩।
એમ આવ્યા ભવને ભાવારૂઢથી ગુઢ ભાવે ભરીત સર્વાંગજી
સહુ પોતા તે ભવન એણીપેરે આવીને સ્ત્રી પુરૂષ થઇને સંગજી ।૧૪।
ઘેર આવી આવીને ઘર તણા કાજ કરે છે ઉલટ ભેરજી
તે સુચનીકા સંક્ષેપે કરી કહું પણ અનુભવી લહે તે પેરજી ।૧૫।

એ છે શ્રષ્ટી સહસ્ત્રાવીધી અભીનવી એક એકના અભીનવા ભાવજી
ભાવ સમ કૃત કરે છે અભીનવા તેહનો વચનમાં નહીં સમાવજી ।૧૬।
તો એ માહારી બુધ્ધે કરીને વીસદ કરી કયાં લગી કહું જી
માહા સમુદ્રની એક કણીકા જેમ તેમ કહું છું જેહ વું લહું જી ।૧૭।
એવી કણીકામાં અણુનો અનુભવ જે મેં કીધો છે કરૂણા સહાયજી
તેહનો ભાવ અક્ષર વાણીયે કરીને વીસદ કર્યો વીસદ ન થાએજી ।૧૮।
લખવાને તે મન લલચે ઘણુ પણ એતો સમુદ્રની રાસજી
ઘેરતા ઘેરી જાએ કેણે નહીં તે મેં આણુતર કર્યો પ્રકાસજી ।૧૯।
જે હવેલીમાં આવ્યા રસ ભર્યા આપાપણે ઘેર સોહાગીજી
કાજ કરે છે આપાપણા સર્વકો અંતરમાં અતી અનુરાગીજી ।૨૦।
એહના સ્વાર્થમાં પરમાર્થ પરમાર્થ સ્વાર્થ રૂપજી
પરમાર્થ સ્વાર્થ એહના સર્વોપર પરમ અનુપજી ।૨૧।
દેહ કૃત લગી કાજ જે જે કરે આવે સેવામાં ઉપયોગજી
ખાન પાન વૈભવ સુખ ઇંદ્રીયના સહુ આવે છે ભગવદ ભોગજી ।૨૨।
લૌકીક તે અલૌકીક એહને ભાવે સર્વ થયું સાનુકુલજી
સેવા રસમાં એ સહુ સીધ છે આદ્ય થકી તે આમુલ મુલજી ।૨૩।
ફલે સાધન સાધને ફલ હોયે ફલ સાધન એહોને એકજી
પુષ્ટ પુષ્ટ રસે પાગ્યા જે હોએ તે લહે એહનો સર્વ વીવેકજી ।૨૪।
હવે કો પોઢયા પ્રભુને જોઇને ઘેર આવી કરે છે પાકજી
જેણે પાક તે પ્રથમ કર્યા નથી પ્રભુ પોઢયા પહેલા અવાકજી ।૨૫।
કોએ પાક કરી પોંચીને દર્શન કરી આવ્યા છે જેહજી
તે પ્રસાદ લે વેગા તેણે સમે ભગવદીય સહીત કરી નેહજી ।૨૬।
જેણે વૈશ્નવ ઘેર બહુજ નોતર્યા તેહને પાક તે કરવો છે ઘણોજી
પોતે પોંહોંચી રહ્યા નથી પાકથી ને મનોરથ દર્શન તણોજી ।૨૭।
તે તો પાક એમજ મેહેલી અને છોડી દર્શને આવ્યા તે ભકતજી
ફરી આવીઆ પરમ સોહાગીઆ ફરી નાહયા થઇ અનુરકતજી ।૨૮।
કોએ પાક એમજ મેહેલી આવીયા છોત ગીણે ન વૈશ્નવ તણીજી
દર્શન કરી આવી પ્રસાદ લે જે છે ઉતમ ભાવના ધણીજી ।૨૯।
કો પ્રભુ રાજભોગ ભીતર હતા ત્યારે પાક કરી રહયા પહેલાજી
પછે પ્રભુજી ભોજને પધાર્યા લીધો પ્રસાદ તેહ સમે વહેલા વહેલાજી ।૩૦।
જે કો સેજયાએ મનોરથ કરીને રસ અનુભવી આવ્યા છે ઘેરજી
તેણે રસ ઉપયોગી આ પાત્રને મનોરથ કરીને એહુ ઘેરજી ।૩૧।
તેડયા લેવા પ્રસાદ પ્રમોદસું ને તે આવ્યા મનોરથ કરીજી
તેહ કને સદ્ય પ્રસાદી કરે કરી પરોસાવે તે ઉલટ ભરીજી ।૩૨।
પહેર્યા વસ્ત્ર પ્રસાદી આભુષણ અંગ અંગ રસે અલંકૃત દીસેજી
મહદ સૌભાગ્ય ભરીત મોદે ભર્યા પરોસે તેથી હૈયડુ હીસેજી ।૩૩।

એહોની કરી પ્રશંશા ઘણી ઘણી ને ભાગ્ય સરાહી સરાહીજી
વલી વાછલ્ય અનેક કરીને શુભ વચન કહે સુખદાઇજી ।૩૪।
પરોસાવીને સાથે બેસાડયા પહેલા લેવરાવી લે સહુ કોઇજી
એ ઉછવ એકાંતે એણીપેરે હવો ઘણુ વીસ્મય થયા સહુ જોઇજી ।૩૫।
બીડાં બહુ લેવરાવ્યા સુવાસના ને સુવાસીત ભરીયા તેલજી
હાસ્ય વીનોદ પ્રમોદ હુલ્લાસસું હવી રંગ તણી બહુ રેલજી ।૩૬।
અહીં ગમ્ય નહીં બીજા કેની અંતરંગ સુજાતીનો સાથજી
એ ઉછવ અલૌકીકતર એમ હવો કૃપા સાધ્ય નહીં કેહેને હાથજી ।૩૭।
જેણે સ્વ ઘેર સેવા પધાવી છે તેણે ઉછવ સામગ્રી તણોજી
અનસખડી અનેક પ્રકારની કરી દીધો મનોરથ ઘણોજી ।૩૮।
તેડયા ભગવદી બહુ ઉલટ ભર્યા ભરી ભરી પરોસે છે પતલીજી
પકવાન મીઠાઇ ગોરસ ઘણા શાક સંધાના મન તણીય રલીજી ।૩૯।
વીનય વીવેકે ઠઠાઇએ હંસી હંસીને મનોરથ પરોસ્યા તણોજી
અતી આનંદ પ્રમુદીત થઇને પ્રસાદ લેવરાવે છે ઘણોજી ।૪૦।
ઘટતી સામગ્રીનો આદર કરી માગે તેહ સમે એહો કને તેહજી
એહવી શ્રષ્ટીમાંતે પોહોંચે કયાંહાં ત્યાંહાં હંસી હંસી વાધે છે નેહજી ।૪૧।
અતી ઉછાહે ભેટ ત્યાંહાં કરે વલી મોદ તણુ નહીં માનજી
એહવે ઉછવે અતી આનંદ ભર્યા લેવરાવે લે ભાગ્યવાનજી ।૪૨।
કેહેની પતલી માંહેં લેતા માંહાં તે વાધે જ્યારે ઘણો પ્રસાદજી
ત્યારે હાંસીનો સ્થલ જોઇને કોઇ કરે તે સનમુખે વાદજી ।૪૩।
કહે મુકો તો ભેટ કરો તમો ને લો તો હું કરૂં છું ભેટજી
એક કહે તમો એટલું લો તો હું લેઉં બેહુ ભેટ કરે છે નેટજી ।૪૪।
એમ હાંસી અનેક પ્રકારસું સહુ ઉઠયા તે ઉલટે લેઇજી
બીડા આપી વીનયસું વીદાય કર્યા ઘેર વલીયા તે થઇ રસ મઇજી ।૪૫।
કોઇ સેહેજ મનોરથ કરી અને ભગવદીઓને તેડે છે ઘેરજી
અતી ઉતમ સામગ્રી કરી કરી આદર બહુ બહુ પેરજી ।૪૬।
બેસાડી પરોસે પ્રમુદીત થઇ ભગવદ તણે ભાવેજી
થાલનો પ્રસાદ મેહેલી પતલીમાં ને પ્રથમ તેહોને લેવરાવેજી ।૪૭।
વલી ફરી ફરી શાક સામગ્રી પુછી અણપુછી મેહેલે આણીજી
વાત્સલ્યે વીવેક કરીને રૂચી મનવૃત તેહોની જાણીજી ।૪૮।
એમ ઉઠે પ્રસાદ લેઇ અને તે ઉભય મન ઉલટ ભેરજી
આ કહે ધન્ય અમો લીધુ એહોને આ કહે ધન્ય અમે આવ્યાએ ઘેરજી ।૪૯।
એમ નમ્ર સ્વરે કરી અને બીડા આપી તે કરે વીદાઇજી
કહે કૃપા કરી તમો સ્વતઃથી એમ વચન કહ્યા સમુદાએજી ।૫૦।
કેહેને સેવ્ય આરોગી રહ્યા પછી સામગ્રી જોઇ મનોરથ થાએજી
તેહ સમે કો ભગવદીને તેડવા આરત ભરીને જાએજી ।૫૧।

જોગ્યતા સબંધી ભાવનો એહોને મલે મારગે જ્યાંહાંજી
ઉભા રાખી વીનય બહુ કરી કહે મુને મનોરથ છે આવો ત્યાંહાંજી ।૫૨।
તે કહે ઘેર પાક થયો ઘણો એ કહે હું કહી આવું છું તેહનેજી
મારે ઘેર તમો જાઓ ઉતાવલા તે વલી તેડસે બીજા કેનેજી ।૫૩।
એમ કહી એહોને ઘેર મોકલે પોતે હંસતા તેહોને ઘેર જાએજી
કહે તમારા વૈશ્નવ અમો નોતર્યા તે સુણીને મન હરણ ન માએજી ।૫૪।
એમ કહીને ઘેર આવે આપણે તેહોસું લે તે પ્રસાદજી
ઇચ્છા ને ઉપકાર માની અને સુખ પામે ઉભય મર્યાદજી ।૫૫।
કોએ સમય થએ તે પ્રસન્ન થેઇ અપનાયતનો લહી મર્મજી
ભગવદીનો ઉચ્ચ ધર્મ જોઇ અને પોતાનો વિચારી ધર્મજી ।૫૬।
તેહોને ઘેર લેવા પ્રસાદનો સમે લહી અને આવે ત્યાંહાંજી
કહે આવ્યા પ્રસાદ લેવા અમો તેથી પ્રસન્ન થાએ મન માંહેંજી ।૫૭।
કૃતારથતા માને એક એકની ને આરંદ્ર ઉભય દીશે થાએજી
વધુ તેડયા આવ્યા કૃપા બલ થકી એમ ઉલટ અંગ ન માયેજી ।૫૮।
દ્રવ્યસંપતી ને મનસંપતે ભાવ સંપતે ધર્મ સમાનજી
નેહે સબંધે આવશ્યકે કરી અને તેડે જાએ ભોજને ભાગ્યવાનજી ।૫૮।
સખડી લેવાને જેણે સર્વ કોા તેડયા છે તે કરી બહુ નેહજી
તેહનો પ્રસંગ પાછલના માંગલ્યમાં કહી આવ્યા તે બીસદ કરી તેહજી ।૫૯।
પ્રભુ પોઢયા પછી આડા વલીને તેડી ભગવદી આવ્યા છે ઘેરજી
અને જે કોા આવ્યા નથી તેહને તેડી લાવે છે કરી બહુ પેરજી ।૬૧।
કોાએ ઘેર નાહે તે આપાપણે તેલાભ્યંગે તાતે જલે કરીજી
કોાએ તેલ સહીત ઘેર નાહીને જમુનાએ નાહે તે ફરીજી ।૬૨।
કોાએ તેલાભ્યંગ વીના જઇ જમુનાજીએ નાહીને વેગજી
અપરસ થેઇ થેઇને ઉતાવલા આવી સર્વ થયા ત્યાંહાં ભેગજી ।૬૩।
કોાએ પાતલીયો માંડે પ્રમોદસું કોાએ જલે ધોવરાવે હાથજી
કોા વીવેક કરી વીનય કરીને બેસાડે સઘલેડો સાથજી ।૬૪।
જેહને જ્યાંહાં બેઠા તણી જોગ્યતા જેહને જેહસું ભલતી પાણુજી
જે જે ભાવ સામ્ય સમતા જોઇ બેસાડે તારતમ્યના જાણુજી ।૬૫।
સ્થલ લેઇ બેઠા છે ત્યાં થકી ધોલ ગાએ છે પરમ અનુપજી
ભાવે ભરીત રસે ભરી અને રસમગ્ન થઇ રસ રૂપજી ।૬૬।
કોા પ્રતિષ્ઠિત અલગા મલી અને બેઠા છે તે તેણી વારજી
કહેને લોટી આપ્યા તણી વારતા કેહને કરવો સામગ્રી વહેવારજી ।૬૭।
કોાએ પ્રાણુ પ્રભુને પોઢયા લગી જોઇ આવ્યા છે માધુરી રૂપજી
તેહની વારતા કરી કરીને તેહ સરાહે છે પ્રગટ રૂપજી ।૬૮।
કોાએ પ્રભુના સુખ તણી વારતા કે પોતાના સુખ તણી વાતજી
કોાએ ધોલ સુણે છે સાદરપણે એમ હોાએ છે નાના-ભાંતજી ।૬૯।

હવે પરોસનાર તે પ્રમોદસું કરી કરીને અનુપમ સાજજી
વસ્ત્ર નૌતન નવનવ ભાંતના જે આવે અપરસમાં કાજજી ૧૭૦।
ચોલીઓ પટવસ્ત્ર વા સુત્રની ધોઇ અપરસ રાખી છે જેહજી
પાક કરી રહ્યા પછે આણીને સમે પરોસવા પહેરી છે તેહજી ૧૭૧।
કર પદ મુખ ક્ષાલન કરીને શીષ તણા સુધારી કેશજી
ફરી કાજલ ટીકી સમારીને ધરે ભુષણ પરમ સુદેશજી ૧૭૨।
મોટે મુદીત પ્રમુદીત મનમાંહાં ઉલટ અતી અંગ ન માએજી
આવા ભગવદીયને અમો પરોસસું અંગ અંગપ્રતી પુલકીત થાયેજી ૧૭૩।
સામગ્રી જે ઉતમથી ઉતમ ઘણુ ધરી રાખી કો સમયને કાજજી
તે ઉત્સાહની ઉદારતાએ કરી રાખે નહીં વરે સહુ આજજી ૧૭૪।
હવે અણુસખડીની આજ્ઞા કરી લાવે શાક વીવીધ અનેકજી
એ ઉછવને મનોરથે કરી કર્યા તેહનો કયાંલગી કહું તે વીવેકજી ૧૭૫।
પછે સખડી લાવ્યા રે સૌભાગીયા રસપાગીયા અતી હીત ભરીજી
આજ્ઞા માગીને તે પરોસે છે ભગવદીઓને તે દંડવત કરીજી ૧૭૬।
સખડી આવી એમ સહુને કહયું હવે બેસો આપાપણી પતલીજી
ઉઠી આવ્યા તે સ્થલ આપાપણે બેઠા મલતીપાણે મલી મલીજી ૧૭૭।
રોટી સુંદર દુપડી તવા તણી ચોપડી સોંધા ઘૃતમાંહાં પાગીજી
તે પરોસે છે પ્રેમદા પ્રમોદસું મુખકની જુત અતી અનુરાગીજી ૧૭૮।
ખાંડ અમરસ આણી ધરે ભરે દોના તે શીખરણે કરીજી
વલી દુધપાક જે ઉતમ ઘણુ તે મુકે મોદસું ફરી ફરીજી ૧૭૯।
પછે ઘૃત પરોસ્યું તે જેણે સમે તેણે સમે થયા સહુ સાવધાનજી
આપઆપણી પતલી છોડીને લેવા તત્પર થયા ભાગ્યવાનજી ૧૮૦।
અહીં પહેલા કેહેને લેવરાવીએ તેહનો કરી મનમાંહે વીચારજી
જેહનો સર્વકો ભાર આણે ઘણો તેહને લેવા કહે તેણી વારજી ૧૮૧।
તે પોતાનું દીનત્વ કરી કહે બીજાને એ આજ્ઞા દીજેજી
ત્યારે કહે પહેલા તમોને કહ્યું હવે આજ પ્રથમ તમો લીજેજી ૧૮૨।
એમ કહી દંડવત કરીને આ પુરૂષ સખડીના ધણીજી
કાંઇ પ્રથમ ભેટ વીચારી છે તેથી કુલની કરે કાંઇ ઘણીજી ૧૮૩।
થાલનો પ્રસાદ જે લાવ્યા અહીં ને ચરણામૃત લોટીએ ભરીજી
તેમાંથી રંચ રંચ સહુ કેને આપે પતલીએ ફરીજી ૧૮૪।
પછે પ્રથમ તેહોને લેવરાવીને જે જે કરીને લે સહુ કોઇજી
વલી વેગલા છે તેહોને કહે લીધું કયો હવે શું રહ્યા જોઇજી ૧૮૫।
હવે લે છે પ્રસાદ મોટે ભર્યા હંસી હંસીને પ્રમુદીત થઇજી
વલી જે જે સામગ્રી પરોસવી તે આવે છે વેગા લઇ લઇજી ૧૮૬।
મુખકની માંહે મધુર વચન કહી વીનય કરી પરોસે છે આવીજી
કો પ્રસન્ન થઈને માગે છે રૂચતું હોએ તે મન ભાવીજી ૧૮૭।

જલ ગડુઆ કસેડીએ ભરી ભરી રાખે છે તે મધ્ય મધ્ય પાસેજી
તૃષા હોએ તે માંગી અને જલપાન કરે છે હુલાસેજી ૧૮૮।
ત્યાંહાં સ્ત્રીજન મલતી પાણના આવી સનમુખ બેઠા છે તેહજી
ગાન કરે છે પરમ સોહામણા આસય શુદ્ધ સહીત ભર નેહજી ૧૮૯।
ટોક તરક વચન કહી અને હંસી હંસીને મુખ થકી બોલેજી
તેહને જોઈને ભગવદ્દી પ્રસાદ લે ઉભગ્યા અતી કહું કોણ તોલેજી ૧૯૦।
લેતામાં કૌતીક મીસે કરી અને કહયું આ વસ્તુ છે એહને થોડીજી
એ માંગીને છેડા કટવાવીએ તે મંગાવી લજ્યા છોડીજી ૧૯૧।
કહ્યું અમુક સામગ્રી લાવોજી તે પરોસો વેગા થઇજી
તે લાવી પરોસે છે એકને તેહવે બીજા રહે છે તે લેઇજી ૧૯૨।
તેહવે ચોંહોંદીશથી માગે સર્વકો લાવો લાવો કરીને તેહજી
ભરી ભરી સામગ્રી પરોસે છે પણ કહાં લગી પહોંચે એહજી ૧૯૩।
કો કહે હમ લગી તો આવે નહીં તમો લેઇ રહો છો તહીંજી
ઘરમાં હોય તો આંહ મોકલો નહીં તો અમને કહો નહીંજી ૧૯૪।
જે કો અલગી અટાલીએ બેઠા છે તેહો લગી પોંહોંચે કયાંથીજી
અહીંના સહુ માગે ઉતાવલા જઇ શકે નહીં કોએ આંહીંથીજી ૧૯૫।
તે તો લાવો લાવો ત્યાંથી કરે એમ હોએ છે પરમ વીનોદજી
જેહને લીધાનું કાંઇ સામર્થ નહીં તેણે અનંત લીધું એણે મોદેજી ૧૯૬।
લેતા એક એકની પતલીનુ કાંઇ લહ્યું નહી વીજ્ઞાનજી
જુંઠ સખડીના સંદેહનું કેહેને ન રહ્યું કાંઇ જ્ઞાનજી ૧૯૭।
જે કો પરોસવા આવે છે તેહનો છેડો બ્રહી કહે આંહાં મેલોજી
દુરથી પોકારે કો એમ કરી અમને પરોસો એહને મેહેલોજી ૧૯૮।
એમ પરમ કોલાહલ થઇ રહ્યો કાંઇ ઉછાહનું નહીં માનજી
જે કો સ્ત્રીજન કૌતીકે આવીઆ હંસી હંસી કરે છે ગાનજી ૧૯૯।
એણે કૌતીકે કૌતીક જોવાનો જે કો સંભાલે તે આવે ધસીજી
આ આનંદને જોઇ વીસ્મય હોએ રસ મગ્ન થાયે હંસી હંસીજી ૨૦૦।
સખડીના ધણીની કુલ ને ફલ પ્રગટ થયું રસાવેસજી
દેહ ધર્મ ને આપ પોતાપણ રહ્યું નહીં તે મનમાં લેસજી ૧।
પુલકીત પ્રતીઅંગ રોમાંચીત ને આરંદ્રતા મન તણી જેહજી
આનંદના સાગર ઉરમાં ઉલટીને ચાલ્યા તેહજી ૨।
કંઠ કંપીતે ગદગદ થેઇને ભાવ સાત્વીકે આવ્યા ભરીજી
કહે હાયું આમો હાયું અમો એમ કહી રહ્યા દંડવત કરીજી ૩।
વલી નાચે અતી ઉંમગ્યા થકા અંગ ભુષણ ભેટ કરેજી
તે તો સચ ઉતારીને ત્યાંહાં ભગવદ્દીયની આગલ ધરેજી ૪।
કો સર્વસ્વ ભેટ કરીને ન્યારા રહે પરદની ભેરજી
ઘર વૈભવ સહીત તે તેહ સમે આપે છે પ્રભુજીને ઘેરજી ૧૦૫।

કેાએ ભેટ અનંત કરી રહે અશ દર્શન જ્ઞાન રહીતજી
અતી આનંદમાં ઉનમત થયા ઉપકાર પ્રભુના સહીતજી ૧૧૦૬।
ધન્ય ધન્ય કરી કહે આપણુ ફરી ફરી કહે અમેા ધન્યજી
હવે અવશીષ્ઠ મારે રહ્યું નહીં કહે અમ સમાન નહીં અન્યજી ૧૭।
સ્વરૂપાત્મિક સ્વરૂપા રૂઢથી વીધી ન્યામીક ભુલ્યુ એહનેજી
તેણે સમય જે કેા તેણે સ્થલે હતાં ન રહયાં અનુસંધાન કેનેજી ૧૮।
કેાએ જોઇને ચકીત થઇ રહ્યા કેાતેા આશ્ચર્ય પામ્યા ઘણુજી
કેાતેા વીસ્મય થઇ એમજ રહ્યા કેા તાં ભાગ્ય સરાહે એ તણુજી ૧૯।
કેા પ્રભુની પ્રભુતા સરાહે છે જો આવું કર્યું એહેાને દાનજી
કેા એ દાનનેા મનેારથ કરીને ભાવે પ્રભુસું માંગે માનજી ૧૧૦।
કેહેને નયણ ધાર આંસુ વહે કેા તેા થઇ રહયા દીગમુઢજી
કેા એ આનંદને રસે પાગીયા કેહને સ્વરૂપ તે રૂદયા રૂઢજી ૧૧૧।
કેહને હાસ્ય રસે રસ અલીનવેા કેહેના કેાતીકે ભુલ્યા મનજી
કેાઇ ટગર ટગર ટગર તે જોઇ રહ્યા કેહેના શુન્ય થઇ તનજી ૧૧૨।
ભગવદીય જે ભેાજન કરે છે તેણે ભેટ કરી ત્યાંહાં ઘણીજી
પેાત પેાતા તણી ઉમંગે કરે તે તેા જાએ નહીં કેણે ગણીજી ૧૧૩।
એ ઉછાહની વાત ઉત્થાપને પ્રભુ આગલ થઇ છે જ્યારેજી
પ્રાણપ્રભુજી પ્રસન્ન થઇ અને મનમાં હુલરયા ઘણુ ત્યારેજી ૧૧૪।
અતી કરૂણા રસે ભરી આવ્યા ભગવદીઅના સુણીને કૃત્યજી
આંતરીકમાં અતી ઉલટ ભર્યા લહી સ્વકીય તણી મનવૃતજી ૧૧૫।
ભેટ ભાંત ભાંત તણી સાંભલી એહના ભાવ સરાહ્યા ઘણુજી
ચાલ્યેા પ્રસંગ પ્રભુ આગલ ઘણેા હું કહાં લગી કહું તે તણુજી ૧૧૬।
એમ અનેક આનંદ વીનેાદસું લે પ્રસાદ પરમ રૂચીકારીજી
શાક સામગ્રી બહુ ભાંતની પરેાસે કરી કરી મનુહારજી ૧૧૭।
એમ અનેક આનંદ વિનેાદસું ભાવે ભરીત રસાવેસ થઇજી
પાતલથી પેાહેાંચી અને ઉઠીયા સહુ કેાએ પ્રસાદ લેઇજી ૧૧૮।
અચવાવે છે અતી આદર કરી તે સમે જલ ખલી સમેતજી
સ્ત્રી પુરૂષ તે પાત્ર ભરી ભરી વાત્સલ્ય જુત બહુ હેતજી ૧૨૦।
કેા પેતા તણે ઘેર જઇ અચવે કેાઇ કહાં કેાઇ કાંહાં એમ કરીજી
અચવી અચવી આવીને સહુ એહેા ઘેર આવે તે ફરીજી ૧૨૧।
તેલ પરમ સુવાસીત આણીને ભગવદીયેાને મસ્તકે ભરેજી
બીડા આપે વીનય જુત તેહ સમે કરી નમન વીદાઇ કરેજી ૧૨૨।
વલી સાત્વીક ભાવે ભરી અને નયણે વહી ચાલે નીરજી
કર જોડીને વીનતી કરે કહી વચન પરમ ગંભીરજી ૧૨૩।
એક ઉગ્ર ધર્મ ભગવદીયનેા ખાનપાનનેા લખું છું અહીંજી
તેહનેા સુક્ષ્મ ભાવ છે અતી ઘણેા સ્થુલ ભાવી જાણે તે નહીંજી ૧૨૪।

સ્થુલ ભાવીને મન લેવરાવવું એજ સમજે મન માંહે'જી
નીજ પાત્ર લખ લેવરાવવું એહ વિજ્ઞાન સમજે કયાંહાંજી ।૧૨૫।
જેહને અહંકાર મહાતમ અને સ્વારથ પ્રતિષ્ઠા દેખા દેખીજી
અને કરવું એ ધદમીત કરી લડે તે લેવાડે છે એહવું લેખીજી ।૨૬।
પણ જે કેા ભગવદ્દીના સ્વરૂપને અને પેાતાના સ્વરૂપને જાણેજી
અને જેહને હાથે લેવડાવવું તેહના સ્વરૂપને પેાતે પ્રમાણેજી ।૨૭।
ઘેર સ્ત્રી કે વહુ બેટી હેાએ તેહની જોગ્યતા જાણે મનજી
એહને હાથે ભગવદ્દીને આપીએ તેથી થાએ જે મન પ્રસન્નજી ।૨૮।
તેા તેહને હાથે લેવરાવીયે નીરદેાષતા મનમાં આણીજી
ને અયેાગ્યતા જાણીએ તેહ તણી તે તેા મનમાં રહીએ જાણીજી ।૨૯।
પણ ઉતમ જે ભગવદ્દીને લેવરાવીયે નહીં હાથે તેહનેજી
ભગવદ્દી તેા લે એહને કહે તેહનેા અપરાધ બેસે તે એહનેજી ।૩૦।
જેમ છેાહી સામગ્રી દુરાવીને લેવરાવીયે સ્વકીયને અહીંજી
તેનેા દેાષ તે એહેાને સંપજે ભગવદ્દી તેા જાણે નહીંયજી ।૩૧।
એમ એણી ભાંતે ભગવદ્દીયને સમજી ભેાજન કરવાવેજી
એહમાં ઉચ્ચતા દીનતા શુધ્ધતા એહવા ભાવ તે કહેતા ના આવેજી ।૩૨।
એમ ઉછવ અનેક પ્રકારસું પ્રતીદીન પ્રતી એકને થાયેજી
નીત નૌતન બહુ ભાવે ભર્યા તે વીસદ કરી કહયા નવ જાએજી ।૩૩।
સામગ્રી અનેક પ્રકારની અનસખડી અનુપમ ભાંતજી
લેવરાવે ને લે બહુ પ્રીતસું સમુદાય ને વલી એકાંતજી ।૩૪।
કેા ઉછવને નીમીતે કરીને કેા સેવા પધરાવવા નીમીતજી
કેા આપાપણે સેહેજ મનેારથે કેહને બાણુ લેવરાવ્યાની નીત્યજી ।૩૫।
કેા સ્નેહ કરી સ્વકીયને તેડે છે કેા સબંધે કરી લેવરાવેજી
કેા તેા ભાવ એતાદર્શ કરીને કેા તેડે અનુભવ અનુભાવેજી ।૩૬।
કેા સ્વપ્ન શુભ જોઇ તેણે મનેારથે કેા પ્રભુની પ્રસન્નતા જોઇ જોઇજી
પ્રભુનેા શુભ દીવસ સુચન કરી ભગવદ્દીને તેડે કેાઇ કેાઇજી ।૩૭।
કેા બેઠા ઘેર ભગવદ વારતામાં રસ પડે ત્યારેજી
તેણે ઉલટે ભગવદ્દી તેડીને તે પ્રસાદ લેવાડે છે ત્યારેજી ।૩૮।
કેણે મનેારથ પ્રભુ સાથે કર્યો બહુ ભાંતનેા બહુપેરે કરીજી
તે ભેાજન કરવાવે ભગવદ્દીને અતી આનંદે ઉલટ ભરીયજી ।૩૯।
એહવે અનેક નીમીતે નીમીત વીના ભાવે સ્નેહે ભેાજન કરવાવેજી
એ અગાધીતા એહેાને ઉછવ તણી તે વીસદ કરે પાર ન આવેજી ।૪૦।
ખાનપાનમાં રસ અભિનવેા ખાનપાનમાં સુખ સંપન્નજી
ખાનપાનમાં એકયતા અતિ ઘણી ખાનપાને જણાએ પ્રસન્નજી ।૪૦।
ખાનપાનથી સબંધ સુચન હેાએ ખાનપાન તે સ્નેહનું ધામજી
ખાનપાને સ્વકીયતા સંભવે ખાનપાને પુરણ હેાએ કામજી ।૧૪૧।

ખાનપાનથી મન સનમુખ રહે વલી વીગત જણાએ અનુપજી
ખાનપાન તે વૈશ્નવ ઘરમમાં હોએ એક પુરૂષારથજી ।૧૪૨।
નુન ભાવી અધીક ભાવીના હાથે જો સાદરથી કરે ખાનપાનજી
તો તે પ્રસાદ બલે કરીને થાએ તે અધીક સમાનજી ।૪૩।
મહા મહેદ કૃપા કરી કો સમે ભોજન કરે ભાગ્યે કરીજી
હીન ભાવીને ઉતમતા હોએ હોએ સ્વરૂપ રસ દાન ભરીયજી ।૪૪।
ખાનપાનથી હીત વધે ઘણુ વલી જાણ્યો પડે મન ધર્મજી
ખાનપાને અલૌકીકતા હોએ ખાનપાનના અનેક છે મર્મજી ।૪૫।
ખાનપાન તણા તારતમ્યનો વીરલા જાણે એ ભેદજી
લીધા દીધાના અનેક પ્રકાર છે નવ જાણે તે બુદ્ધી અભેદજી ।૪૬।
જે કો ભોજન કરે ભગવદીય ઘેર તેના ભાગ્ય તણો નહી પારજી
ને કરાવે ભોજન ભગવદીયને તે તો મહા ભાગ્યવાન ઉદારજી ।૪૭।
લેવરાવ્યાથી લેવાના ઘણીનો ઉપકાર તે જાણવો ઘણોયજી
લીધા લેવરાવ્યા ઉભય પ્રકારનો મહીમા પ્રભુજીએ કહ્યો તેહ તણોજી ।૪૮।
એમ ખાનપાનાદી પરસપરે કરી કરી રહ્યા સૌભાગીજી
કોએ આગલ કો પાછલ થકી પોંહોંચ્યા તે પરમ અનુરાગીજી ।૪૯।
કેહને સુવાની આણ સદા લગી તેણે વીશ્રામ કીધા છે વેગજી
ઉદવું છે ઉથાપન આગમે એહવો જેહોને નીત્ય નેગજી ।૫૦।
કેને દર્શન કરતાં માંહેથી કયારે નીંદ્રા આવે નયણ ભરીજી
અનુરોધ તે મનમાંહાં લેઇને ઉઠે વીશ્રામ વેગ કરીજી ।૫૧।
કોઇ મન્નતીપાણે એકઠા થઇ સુવે કરી પથારી તેહજી
કહેનુ મુગતાસ સ્થલ ઘરનો જોઇને આવી વીશ્રામ કરે ભરી નેહજી ।૫૨।
કેહેને આણ સુતાની સદા નહીં તે તો બેઠા કરે છે વાતજી
નખશીખ લગી સ્વરૂપના અંગની મલી મલીને નાના ભાંતજી ।૫૩।
કોએ કારજ ગ્રહ સૌકર્યના કરી રાખે છે અવકાસ લહીજી
કોએ જમુનાજી પુલીને બેસીને વાતો કરે છે પરમ ઉમહીજી ।૫૪।
કુલ વીણવા દરશન માંહેંથી જાવું પડે છે તેહ સમે જેહનેજી
તેહને દરશનના અંતરાયની મનમાંહેં તે આરત તેહનેજી ।૫૫।
તેણે અનુરોધે એણે સમે જોઇ મલી મન્નતીપાણે થઇ લેગજી
આગમાં જઇ કુલ વીણી અને સમે ઉપર આવે છે વેગજી ।૫૬।
જેણે વૈશ્નવ તેડયા પ્રસાદને તે પોંહોંચીને બેઠા છે ઘેરજી
અનુભવના આનંદની વારતા મલી મલી કરે બહુ પેરજી ।૫૭।
જે કો સ્વરૂપનો રસ અનુભવ કરી આવી વીશ્રામ કીધો છે જ્યાંહાંજી
તેહને પાસે સ્વકીય બેઠા ઘણા વારતા રસની કરે ત્યાંહાંજી ।૫૮।
કેહને સેજ બડી વીલસ્યા તણો નીશી મનોરથ મનમાં ઘણોજી
તેહનો આનંદ ઉછાહાં મન તણો કહ્યો જાએ નહીં સોહામણોજી ।૧૫૯।

તે તો તેહજ કાર્ય વીચારી રહયા ને વીતર્ક તે ભાવના કરેજી
વસ્ત્ર ભુષણ સોંધા સામગ્રી બીડા પુષ્પ આણીને ધરેજી ।૧૬૦।
કે૦ તો બેઠા વીનોદની વારતા શ્રીમુખ થકી કહી છે જેહજી
તેણે ફેરી દોહરાવી દોહરાવીને હંસી હંસી કહે છે તેહજી ।૬૧।
કે૦ બેઠા ત્યાંહાં માર્ગ વીષઈકની કે૦ આચાર્યજી ગુંસાઇજીની વાતજી
કે૦ આચાર વીચારની વારતા મલી કરે છે નાના ભાંતજી ।૬૨।
કે૦ શ્રીઅંગની શોભા સૌભાગીયા જોઇ આવ્યા તે સોચે છે મનજી
સુખ પરાયણ સુખના વીચારની કરે વારતા બેઠા તે ભીન્નજી ।૬૩।
જે કે૦ કાજ પરાયણ કાજમાં પ્રભુના ઉપયોગી જે કાજજી
અવકાસમાં સીધ કરી ધરે શ્રીઅંગને વીનીયોગના સાજજી ।૬૪।
કે૦ તો વાછલ્ય રસે વીહવલ રહે જે છે પ્રૌઢ પ્રણય તણા ધણીજી
ચીંતા અણછતી મનમાં સ્થાપીત કરે તેણે આરત રહે છે ઘણીજી ।૬૫।
એહના મન તે વેધાયા રહે સર્વદા ચેન નહીં ચતુર તણી લોચેજી
દીઠે અણદીઠે ચેન પડે નહીં જવાલા ઉઠે સ્વરૂપને સોચેજી ।૬૬।
અંગ અંગમાં પીડા અતી ઘણી તે તો સાલે છે જેમ નટસાલજી
વલી શ્વાસ મહેલી કહે કુશલ હોા એહવી આશીષ દે છે રસાલજી ।૬૭।
કેહને પલ ક્ષણ જુગ સમ હોએ અંતરાય સહયા નવ જાએજી
ઉથાપનના આગમની આરત ઘણી તે તો વચને વીસદ નવ થાએજી ।૬૮।
કેણે છાહયા અટકલી રાખી છે ઉથાપન સમે મનમાં ધરીજી
તે સમે થાએ તે ઉકતાઇને આવી આવી જુએ ફરી ફરીજી ।૬૯।
એહવા અનેક ભાવાપન ભગવદી જેહના કૃત્ય ન્યામીક ન થાએજી
એણે અવકાસે એમ અવલંબીયા તે વીસદ કરી કેમ કહેવાયેજી ।૭૦।
પ્રાણ પ્રભુ ઉઠે જલપાનને ઉથાપન થકી કાંઇ એક વહેલાજી
કાજ પરાયણ તેહ સમે લહી આવી રહે છે અહીં સર્વ થકી પહેલાજી ।૭૧।
કે૦ કે૦ તે સમેના વેધી છે તે એ સમે અતી સુક્ષમ જાણીજી
છાના કે૦ રહી તે કે૦ જઇને બેસે જલઘરે મનમાં આણીજી ।૭૨।
વેણુનાદે થઇને જુએ છે વન્ની પોઢયા તે તણો આહાટ ભાલેજી
છાના શ્વાસ ઉસાસ કરે નહીં પોતા તણો તે આહાટ સંભાલેજી ।૭૩।
મૌન ગ્રહીને બેઠા રહે મલીને વાત સમજાવે સાને કરીજી
ત્યાંહાં ઉચાર કે૦ કરી શકે નહીં રંધ્રે જુએ છે ફરી ફરીજી ।૭૪।
કાજ પરાયણ જગમોહને થઇ પાનઘરની સીઢીએ ચઢી આવીજી
એણે પેંડે થઇ નીચા ઉતર્યા શ્રી બેઠકમાં આવ્યા મન ભાવીજી ।૭૫।
છાના થઇ ગડુઆના મંદીર ભણી કે ડોઢીના કમાડને પાસજી
બેઠા અહાટ જુએ છે ઉઠયા તણો મનમાં ધરી દર્શન આસજી ।૭૬।
એહવે પ્રાણપ્રભુજી જાગીયા અનુરાગીયા અતી રસ માંહે જી
સુણી આહાટ આનંદીયા ભગવદી તે ટેરો ઉકસીને આવ્યા તે ત્યાંહે જી ।૧૭૭।

ટાટી વાલાની તે તો પહરી કરી ટેરો સરકાવ્યો ખુણે થકીજી
જેમ ઉદ્યોત અતિ ઘણો હોયે નહીં ન શકે કોઈ આવી શકીજી ।૧૭૮।
જલઘરના તે અતી અકુલાએ છે આવી શકે નહીં કીમાડની આડેજી
કહીપેરે આવે કોઈ કેહેને પુકારી શકે નહીં ગાઢેજી ।૭૯।
પછે ભાગ્યવાન કો જઇને સાંકળી ઉઘાડે છે છાનાજી
કહે નીપટ હલવા તમો આવજો તે તેમજ આવે આજ્ઞા માનીજી ।૮૦।
છાના છાના ને પગલું વાજે નહીં જેમ આહાટ ન થાએ લગારજી
ટેરા ઓટે પેસી દરશન કરે હોએ નીપટ થોડા તેણી વારજી ।૮૧।
પ્રાણપ્રભુ ઉઠી બેઠા સેજડી ઉનીંદ્રીત રસે અંગ અંગ પાગીજી
રસ વીલસી વીલાસે આનંદીયા રસે રંગ મગ્યા અતી અનુરાગીજી ।૮૨।
પંખો કરે છે મૃદુલ ગતે કરીને તેહથી કુંતલ ફરહરે સોહતાજી
ઉપરેણોજે પાછલ ખસી રહયો કેશ ઝલકે છે અતી મન મોહતાજી ।૮૩।
વંક ભૃકુટીના ભાવ મોહયામાં સનમુખના સીથીલ ગતી થાએજી
નયણ ઘુંઘરટયા ને અરૂણ ઘણુ રૂપ તે તણુ કહયું નવ જાયેજી ।૮૪।
નાસા સુગંધ સુવાસ રસે ભરી પાન કરી પ્રમુદીત થઇજી
ભકતને તે સુવાસનુ દાન દે પુરીત હવી મકરંદ લેઈજી ।૮૫।
મુખકમલથી બીડી તે તેહ સમે નીહોરી મહેલી તષ્ટી માંહેંજી
ગડુઓ જલપાનનો લેઈને જલપાન તે કર્યું ત્યાંહેંજી ।૮૬।
રાખી રાખી ધારા સુક્ષ્મે કરી નાલવે અધ અંગુઠો ધરીજી
સ્વાદ લઈ વીરામસું જલપાન કર્યું ફરી ફરીજી ।૮૭।
બીડુ આરોગ્યા વેગે કરી અધરે રંગ રહયો રસ ભરીજી
અંગ અંગ આનંદ રસે ભરી રહયો આનંદ અહીં અનુસરીજી ।૮૮।
અરગજે અલંકૃત અંગે દેખી ટેરા ઓટથી ઘોઘરી માંહેંજી
જંભા જુત વીકસીત મુખે વીલસીને પછે ઉચર્યા એણીપેરે ત્યાંહાંજી ।૮૯।
ઉથાપન તણો અવકાસ પુછીયો ભકતે કહ્યું જે અવાર છે ઘણીજી
રાજ પોઢીએ અવકાસ છે ઘણો બોલ્યા વાત્સલ્ય ભાવના ધણીજી ।૯૦।
એમ કહી અને ઉઠયા આગલ થકી બીજાઓને તે સાન કરીજી
ટેરો તાણ્યો ને પ્રભુ ફરી પોઢીયા સેજ પર સુખાનંદે ભરીજી ।૯૧।
એ વલ્યા મનમાં નમન કરી આવ્યા જલઘરે દેતા આશીષજી
ચીરંજીવો સતજીવો બહુ જીવો વેગા દર્શન દયો ગોકુલાધીશજી ।૯૨।
કો તો જલઘરે બેઠા એમજ રહયા કો આવ્યા ઘેર કાજને ફરીજી
કાજ પરાયણ કો તે ભીતર રહયા સેવા સુખદને હીત અનુસરીજી ।૯૩।
જલઘરના કીવાંડ ભીતર થકી દેઇ સાંકલ ને બેઠા છે આવીજી
ગડુઆના મંદીર દીશે ખુણામાં છાના વાત કરે મન ભાવીજી ।૯૪।
કાંઇ નયણ સયણે કર સયનસું વલી નીહોરી કહે કર્ણ માંહેંજી
ગાઢે શ્વાસ ઉચાર ન એ કરે રખે સાંભલે પ્રભુજી ત્યાંહેંજી ।૧૯૫।

કર્યું સરખા છે વાહાલો તેહથી આહાર સાંભલે નીંદ્રા નવ આવેજી
એણે કારણે વાત છાની કરે સુખ ઇચ્છીત વાત્સલ્ય ભાવેજી ૧૧૬૬।
એક ભગવદી ભીતર રહીને કરે પંખો પ્રમુદીત થઇજી
જેથી પવન ગવન મૃદુલ ગતે કરે તેણીપેરે કરે હીત મઇજી ૧૬૭।
અંગ સંકુચાવી સાત્વીક ભાવસું નયણ માંહે સ્વરૂપ તે રાખીજી
જાણ્યું જાએ ન તેમ પંખો કરે શ્રી અંગના હીત અભીલાખીજી ૧૬૮।
પ્રાણ પ્રભુને બાધ નીંદ્રા તણી પોઢતા વાર નીંદ્રા તે આણેજી
ઘોર બાજે મધુર સુર સાંભલે તેહ સમેના અનુભવી જાણેજી ૧૬૯।
એણીપેરે વાહાલો પોઢીને નીંદ્રા નાયકાસું વીલસેજી
અભ્યંતર જે અંતરના રમણ થકી અંતરમાં અતી હુલસેજી ૧૨૦૦।
નીંદ્રાનાયકા આપ રમણ કરી કરે પ્રભુ તણો અતી ઉપકારજી
નવનાયકા પરમ અગમ્ય જે તેને મેલવે ત્યાંહાં તેણીવારજી ૧૧।
નીંદ્રા દ્વારા એ તે આવીને અનુભવ કરે શ્રીઅંગ સંગજી
વીલસીને વીલાસ રસે ભર ઉર અંતર રાખે રંગજી ૧૨।
એમ પ્રભુના મનોરથ તેહ સમે અને નીદ્રાના મનોરથ જેહજી
મનોરથ જે નવલ નાયકા તણા સહુ પુરણ થાએ છે તેહજી ૧૩।
નીંદ્રા ઓટમાં મનોરથ અનેકના અનુભાવે તે પુરણ કરેજી
તેમાં સાંપ્રત્યથી અધીક રસ એમ સર્વની આરત હરેજી ૧૪।
તેમાં પોતાની આરત અતી ઘણી તે તૃપ્ત કરે તેણીવારજી
નીંદ્રાનાયકા સંગે પોઢીને કરે લીલા તે અનેક પ્રકારજી ૧૫।
હવે ભગવદી જે છે હવેલીમાં પેંડો જુએ ઉથાપન તણોજી
નાહો નીપુણ નરેશને નીરખવા મનોરથ મનમાં અતી ઘણોજી ૧૬।
એમ ઉકતાયા રે આરત ભર્યા દર્શન કર્યા થઇ છે અવારજી
કયારે સમય અપોઢયાનો સંપજે કયારે નીરખીએ પ્રાણઆધારજી ૧૭।
એમ સોચતા લોચતા રોચતા વલી મોચતા નયણે કો નીરજી
હવે વીલંબ થએ વીલંબે નહીં આરતે ભર થયા અધીરજી ૧૮।
નયણ તૃપીત રૂપામૃત પાન ને દાન લેવા આરત અંગ અંગજી
મન તરસે મનોરથ બહુ ધરી કરી આસ વીલાસની સંગજી ૧૯।
એમ આશ ભર્યા રે રસે ભર્યા હરખે ભર્યા મનોરથ ભેરજી
અભીલાખ ભર્યા ને ભાવે ભર્યા અવીલોકવા કરી બહુ પેરજી ૧૧૦।
હવે ક્ષણ પ્રતી વીલંબ અસહીય સહયો જાએ નહીં ક્ષણ એકજી
શુભ દર્શનીઓને દર્શન વીના જાણે જુગ સમ એક નીમેષજી ૧૧૧।
કો તો જઇ જોઇ આવે મંદીર લગી વલી પુછે છે મારગે કોનેજી
ફરી પોઢયા તે પ્રાણપ્રભુ એહને વાર કેટલીક થઇજી ૧૧૨।
જલપાન કરી પોઢયા છે કે ગડુએ પધારીજી
અવકાસ ઉથાપનનો લહી ચેન પડે ન મન વીચારીજી ૧૧૧૩।

છાંહ્યા અટકલી રાખી છે ભીંતસું ઉથાપનનો સમય તે પ્રમાણીજી
ત્યાંહાં જુવે તો કાંઇ અવકાસ છે પણ સ્વસ્થ નહીં મન જાણીજી ।૨૧૪।
એમ ચેન નહીં ચતુરાઓને ચીત ચોર્યું છે ચતુર વરેસજી
દેહને અભીલાખે લેઇ ફીરી મન જઇ રહ્યુ નીકટ સુદેશજી ।૧૫।
ત્યાંહાંથી આકર્ષણ કરે અંગનુ જોવા સાંપ્રત્ય ઇંદ્રી સમેતજી
સર્વે ઇંદ્રી અધીપતી મન છે તે વીચારે છે પોતાનુ હેતજી ।૧૬।
સહુ ઇંદ્રીયને અનુભવે કરી મનને સુખ અનુભવ થાએજી
ઇંદ્રીયને સુખે સ્વાદ તે મન લહે મને સ્વતંત્ર રસ ન ચખાએજી ।૧૭।
મન એકલુ અનુભવ શો કરે જ્યાંહાં ઇંદ્રીયનો નહીં જોગજી
ઇંદ્રી પોષણે મન પોષણ હોએ તે આકરસે છે કરવા સંજોગજી ।૧૮।
તેણે આકરસણથી આરત ઘણી અંગ અંગને વાધે અપારજી
અભિલાખ સદા એવાલે કરી વેગે નિરખવા પ્રાણઆધારજી ।૧૯।
મનોરથ મનમાં માયે નહીં અંગ અંગ અભીલાખ ભરીજી
પ્રતી એકના પ્રતી રસ જુજવા પ્રતીક્ષણ નૌતન રસે કરીજી ।૨૦।
એહ સમે દર્શન દર્શનીયોને વીનીયોગ કરાવા કાજજી
પ્રતીઅંગ પ્રત્યંગ પ્રમોદસું વેગા સીધ કરે કરી સાજજી ।૨૧।
એહના પ્રથુક મનોરથ અભીનવા અભીનવ રસ ભાવે ભરીજી
મનોરથાંત અંતર દાયક પ્રભુના ક્ષણુ ક્ષણુ પ્રતે ફરીજી ।૨૨।
પ્રભુના પ્રતીઅંગ ને ભકતના અંગ અંગ નખશીખ પર્યંતજી
ઉભય એક એકને મનોરથે ભરી અને કરે છે મનોરથ અંતજી ।૨૩।
નયણે જોયામાં સુખ સંપજે સ્પર્સે સુખનો નહીં પારજી
અનુભવે અભિનવ સુખ અતી ઘણુ તેહનો થાએ નહીં વીસ્તારજી ।૨૪।
સુખરૂપ સુખાનંદે ભર્યા નખશીખ લગી અંગ વરેસજી
પરમારથે સ્વારથે પ્રભુને સીધ કરે છે પરમ સુદેશજી ।૨૫।
જે જે અંગે જે ભુષણ સોહીએ જે પ્રતીઅંગ જેણે શુભ દીસેજી
તેહને તેમજ કરી અલંકૃત કરે જેમ વાહાલાનું જોઇ મન હીસેજી ।૨૬।
અંગનાઓના અંગનું શું કહું નખશીખ લગી પ્રીય ઉપયોગીજી
૨સ વીલસતા સ્પર્સંતા નીરખતા સહુ ભાંતે હોએ વીનીયોગજી ।૨૭।
જેહની આરત આરતહરણના અંગ અંગને અંગ તણીજી
અંગ અંગ વાંછે રસ અંગનો અભીલાખી એ ગોકુલ ધણીજી ।૨૮।
એહવા અંગ પ્રતીઅંગને પ્રભુના અંગ અંગસું અનુભવ કાજજી
મન મનોરથ અનેક પ્રકારના કરી કરે છે સઘલા સાજજી ।૨૯।
એહવા ભાવ બહુ મનોરથ ભર્યા શ્રીંગાર અનેકનું ધામજી
ભાવ અલંકૃતે તે અંગ અતી સોહીએ ભાવ રસ તણા પુરક કામજી ।૩૦।
ભાવાધીન રસે થઇ થઇ અને દર્શનમાં ઉભયતા હેતજી
ઉથાપન સમે નીકટ લહી કરે સુંગાર ભાવ સમેતજી ।૩૧।

હવે ભકતનુ સ્વરૂપ વર્ણન કહું પ્રતીઅંગના કહું છું ધર્મજી
અભીલાખ શ્રીંગાર ને મનોરથ કહું એકત્ર કરીને મર્મજી ।૨૩૨।
બેઠા આપાપણે ભવને સહુ કોઇ આવ્યા તે કેને ઘેરજી
સમભાવે સમાગમ હીત ભર્યા કરે શ્રીંગાર બહુપેરજી ।૩૩।
શુભ શીષને પદ પરસ્યા તણી શ્રીકરે ઉઠાવ્યા તણી આસજી
પરીરંભણે પ્રગટ પરસ હોએ એહવા ધરી મનમાં ઉલાસજી ।૩૪।
પહેલો શ્રીંગાર રસ શ્રીંગારનો જેહનું શ્રીંગાર રસ સમ રૂપજી
સૌભાગ્ય સોહાગ ભર્યા લસે એહવા કેશ જે પરમ અનુપજી ।૩૫।
કમનીય સકોમલ પાતલા સરલા ને સચીકણ શ્યામજી
આવી નીતંબ થકી નીચા રહે અવીલોકતા અતી અભીરામજી ।૩૬।
તે તો સનમુખ જોવાને સીધ કર્યા મુખમંડણ મનોહર રૂપજી
તેલાભ્યંગે વીચીત્ર ચીત્ર કરી શ્રીંગારીયા પરમ અનુપજી ।૩૭।
ચાક ચમરી અને ત્રસેથીઆ મચરોડીયા ને શીષ કુલજી
માંગે સીંદુર પર બેહુ લર ધરી મુકતાફલની બહુ મોલજી ।૩૮।
શુભ ભાલ રસાલ સોહામણુ સૌભાગ્યનુ સુચક કામજી
ત્યાંહાં તીલક નાના વીધીના કર્યા તેહના કયાં લગી કહીએ નામજી ।૩૯।
કુમકુમ કેશર સીંદુર હીંગલો તણા વલી સરકીયો સોંધા તણીજી
ચાંદલા વલી દેશ વીદેશના તેહની જાત જાએ નહીં ગીણીજી ।૪૦।
જેમાં પ્રતીબીંબ પ્રાણપ્રભુનુ ઝલકે છે તે સાંપ્રત્યજી
જેહને જોઇ જોઇને જોઇ રહે મોહી રહે તે ગોકુલભુપજી ।૪૧।
વંક ભૃકુટી વીકટ વસકરણી મન હરણી હરણ મન તણુજી
નયણે નીરખતા ઉરમાં અરૂજી રહે સુરજાવા સામર્થ નહીં અણુજી ।૪૨।
ભૃકુટી માંહિં ભાવ તે સુચવે રસ મીલણ તણા બહુ ભાંતજી
મોડયા માંહાં મોહીત કરી વસ કરે સુખ ભરે શોભા તણી પાંત્યજી ।૪૩।
એહવી ભૃકુટી જે ધનુષ આકારની અનુહારની ઉભય પ્રવીણજી
ભાવના સહુ અંગ લેઇ અને સીધ થઇ કરવા ભાવાધીનજી ।૪૪।
નયણ મયણ રસે ભર રસે ભર્યા અણીયાલા વીશાલ રસાલજી
વચ્છીવત થઇ મન મીનને નીરખતા બેંચે તતકાલજી ।૪૫।
એક સહેજ સાયક તીક્ષણ ઘણુ તેમાં કાજલ ગરલ ભરીજી
સીધ કીધા ત્યાંહાં નયણા તે નયણસું કોણ શકે તે સનમુખ કરીજી ।૪૬।
નવનાયકને નવરસ તણા રસ ભાવ તે સુચન કરેજી
વલી ઉરપ તીરપ નટ ગતીસું ચપલાઇમાં ચીત હરેજી ।૪૭।
ક્ષણુ એકમાં વસ થઇ મલે ક્ષણુ એકમાં વસ કરી મહેલેજી
ક્ષણુ પ્રતીક્ષણુ ભાવ તે જુજવા ચતુર શીરોમણી તે લહેજી ।૪૮।
એક એક કટાક્ષની સાક્ષને નહીં કોઇ તે ભુતલ માંહાંજી
ન ભુતો ન ભાવી એકો સમે એહની સામગ્રી સીધ આંહાંજી ।૨૪૯।

અગ્રભોગી રૂપ રસ પાનના સંયોગ ને અયોગે સમાનજી
વીયોગે વીકલ થઈ જલ વહે એહની સમ નહીં કો ભાગ્યવાનજી ।૨૫૦।
એહના ભાગ્ય તણુ કયાંહાં લગી કહું જે જે એહોને હોએ છે દાનજી
જેહને ભાગ્યે ભાગ્ય સહુ અંગના થાએ ફલીત સહીત સનમાનજી ।૫૧।
એહવા નયણ જે નયણવતીના શુભમતીએ કરી કર્યા સીધજી
આરત્યા અભીલાખ ભરીને જોવા નખશીખ રૂપની રીધજી ।૫૨।
નાસીકાની નવલ શોભા અભીનવી હવી હસે ન કો એ સમાનજી
જે સુવાસ સ્વરૂપના અંગનો લેવા સીધ થઇ છે એ દાનજી ।૫૩।
જે છે અંગ મકરંદે માતી સદા એહ રસ વીન રૂચે ન આનજી
એ સુવાસથી વાસ સહુ તજાએ એ સુવાસનુ કરી રહે પાનજી ।૫૪।
જેહને આહાર એ અંગ સુવાસનો આશ એ મકરંદ તણીજી
તે એ ભાગ્યવાને મનોરથ કરી સણગારી પરમ સોહામણીજી ।૫૫।
કેણે મોરલી મનોહર ભાંતની જે છે મયુર તણે આકારજી
વલી જડીત મોલ બહુ નંગ ને નવ મુકતાએ રચી સુચારજી ।૫૬।
કેણે વેસર એક નંગી અભીનવું મુકતા વે મનોહર રૂપજી
કેણે નાકફુલી ચક્રાકારની કેણે ચોખુંટી પરમ અનુપજી ।૫૭।
એહવા અનેક શ્રંગાર ધરાવીઆ નાસીકાને નીરૂપમ સારજી
પ્રતીએકે પ્રથુક પ્રથુકે કરી સમે નીરખવા પ્રાણઆધારજી ।૫૮।
એ અધરને અધર રસપાનનું દાન કરવા મનોરથ ઘણોજી
દાન લેવાને આરત વાધતી રસ કેમ કહું ઉભય તણોજી ।૬૦।
ઉભય રસના લોભ્યા એ લોભાત્મિક રસાત્મિક એ મધુર રસરૂપજી
વલી તાંબોલને રસે રંજીયા મનોરથ ભર્યા અનુપજી ।૬૧।
વલી દંતપંકતી દસનાવલી રસઆવલી પરમ સુદેશજી
કેહને સેત અરૂણ કેહેને સોહીએ કેહને જલકતી શ્યામ સુવેસજી ।૬૨।
કેહને સનસુખે રેખ સુવર્ણની મુખ વીકસતા ઝલકતી દીસેજી
એહવે મનોરથે મુદીત થઈ રહી દર્શન તણો સમય તે જાણીજી ।૬૪।
વાણી રસે વસ વાહાલાજીને કરે ચારૂ વાકય અવ્યકત રસાલજી
ટોક તરક વચન છલબલ લહે સુણતા ન રહે તે સંભાલજી ।૬૫।
વાણીના તે વીતર્ક વીચારી ને ભાવે ફલીત ભાવ ધરીજી
પ્રતીઉતરનાં મનોરથ ધરી સીધ થઇ રહી ઉલટ ભરીજી ।૬૬।
મુસકની માંહેં મન વીહવલ કરે મન હરે મન તે મુસકની કરીજી
મુસકનીયે તે રસ વસ થઇને પ્રીય શકે ન ધીરજ ધરીજી ।૬૭।
મુસકનીએ તે વાહાલાને રીઝવે મુસકની માંહેં દે સુખદાનજી
મુસકની માંહેં રસ સીંચન કરે એહવી મુસકની એ ભાગ્યવાનજી ।૬૮।
એહવી મુસકની રસ પુરીત કરી ભાવે ભરીને પરમ ઉદારજી
સીધ થઇ સંયોગે સોહામણી દર્શન સમે તેણીવારજી ।૨૬૯।

ગાલ ગૌર ગુણાલય રસ ભર્યા ઉલટ ભર્યા પરમ અનુપજી
અરૂણાઈ તણી આભા લસે એ ઉભયનુ તે અભીનવ રૂપજી ।૨૬૯।
ઉર અંતરમા રસારૂઢ થઇ ગુઢ ભાવે રહે હુલસીજી
તે એ ગલમંડલથી સુચન હોએ એમાં પ્રગટ હોય છે હંસીજી ।૭૧।
વામ ગાલ ઉપર કેને છુંદણુ તે તો લીલે નવલ રંગ દીસેજી
તેહની શોભા શોભાએ લસી રહી જોઇ જોઇને હૈયલડું હીસેજી ।૭૨।
પ્રેમે પ્રહસીત પ્રફુલ્લીત થઇ રહ્યા પુલકીત પરમાવીધી ભાવજી
એહને વાંછના વાંછીત રસ તણી તેહના અનુભવનો અતી થાવજી ।૭૩।
કર્ણ કમનીય ઉભય કોડામણા મોહામણા મનોહર દીસેજી
અતી ગૌર અરૂણ શોભા સચી રૂપ જોઇ જોઇ હૈયડું હીસેજી ।૭૪।
એહને વાકય સુધા રસપાનનો મનોરથ મનમાં છે ઘણોજી
એકાંતે પ્રાણપ્રભુસું મલીને ગુંજ સુણીને સંચય તણોજી ।૭૫।
ગુંજપાત્ર પ્રભુના સર્વદા વલી વચન રસના રસ ભોગીજી
એહને એહ વીના અન્ય રૂચે નહીં સદા સ્વરૂપને નીકટ સંચે ગીજી ।૭૬।
શ્રીંગાર સુભગ એહોને ધર્યા જાલ તાટક ઠેડી અનુપજી
કર્ણકુલ અકોટીઓ રજતની વલી સુવર્ણની સુખ રૂપજી ।૭૭।
ખીટલા ખીટલી ને મોગરા વલી પીપલ પતા સુદેશજી
ઓગનીઆ ગુલર મોતી જુમખા અને એલચી દાણા વીશેષજી ।૭૮।
નાગફણી ઝડાવની ઝગમગે ઓગનીઆ જડાવ તે સારજી
એહવા અનેક શ્રીંગાર ધરાવી જાએ નીરખ્વા પ્રાણુઆધારજી ।૭૯।
ચોકો ચીબુક ચારૂ ચતુરાઓનો ચતુરાઇ કરી કર્યો સોહતોજી
જેહને પરસ પ્રમોદ પ્રણય ભર્યો અવીલોકની માંહાં મન મોહતોજી ।૮૦।
ઠોડી ઠામ સુડાણી વખાણીને તેહનું કયાંહાં કહું રૂપજી
જે ઠોડીએ ઠોડી પરસી અને મધુ પાન કરે છે અનુપજી ।૮૧।
એ તો એ રસ અભીલાખે ભરી અને ફરીફરી રસ ઇચ્છેજી
એહને મનોરથ એહ સુખદાનનો એહ વીન કાંઇ બીજું નવ પ્રીછેજી ।૮૨।
એહવું મુખ સુખાનંદ રસે ભર્યું મનોરથ ભર્યું પરમ અનુપજી
પ્રતીઅંગની આરત અભીનવી તેહનું જાએ કહયું નહીં રૂપજી ।૮૩।
કંઠ કમનીય ગૌર સોહામણો મોહામણો મનોહર દીસેજી
કબુ કંઠ કપોત ઓવારીએ જોઇ જોઇ ને હૈયડું હીસેજી ।૮૪।
એહને બાંહે આરોપણનો સદા મનોરથ મનમાં તે ઘણોજી
અને કંઠસુ કંઠ પરસ તણો અભીલાખ તે એહ તણોજી ।૮૫।
એણે મનોરથે મન મનોરથ ધરી કરી આશ તે અનેક પ્રકારજી
એહવે વીવીધ ભાંતી ભાવે ભરીને કરાવે છે અનેક શ્રીંગારજી ।૮૬।
કંઠ દુલરી તુલસીની સોહતી ચછણી તીમનીયા પોતજી
તીલરી ચોલરી માલા હેમની ગલુબંધની અનુપમ જયોતજી ।૨૮૭।

કહેને મુકતા તણી લર સોહીએ છુટી માલા સોહામણી રાજેજી
એવા ભુષણ અનેક પ્રકારના રીતુ ભેદે તે નૌતન બ્રાજેજી ૧૨૮૮।
ભુજ બાંહો ઉભાહો ધરી રહ્યા કહ્યા ન જાએ મનોરથ એહનાજી
નીરભર પરીરંભણ પ્રીય હૃદય કરવા અભીલાખ છે જેહનાજી ૧૮૯।
જેહને પરસે પરમ પ્રમુદીત થઇ રસ મુદ્રી મોદ ન માએજી
અભીલાખ કરે એહના પરસનો એહનુ ભાગ્ય કહયું ન જાએજી ૧૯૦।
શુભ ગોલ ઉતરતા સોહામણા ભરે અંગ ગૌર રંગ સોહેજી
કોમલ કમનીય કોડામણા જોઇ વાહાલાજીનુ મન માંહે મોહેજી ૧૯૧।
કેહને હેમ રજત તણા કાંકણા કેહને જવ જડાવ નંગ જડીયાજી
કેહને ભેરખી અતી બહુ ભોલની ગજરા રહે આગલ અડીયાજી ૧૯૨।
કેહને ભોરલી મનોહર ભાંતની ઝાંઝરીનો ઉતમ ઘાટજી
કેને ચુડી ચુડ સોહામણી તે તો ઘડી છે ઘાટ સુઘાટજી ૧૯૩।
કેહને થર મધ્યે ચુડી સુવર્ણની કેહને જડીત પાછલ તણી ચુડીજી
કેહને કાંકણી સુભગ જડાવની કેહને કરે ચુડી દીસે છે રૂડીજી ૧૯૪।
કરકમલ અંગુલીદલ રાજતી બ્રાજતી ભામીનીઓને અંગજી
અતી પાતલી મલી મલી રહી ચઢતી ઉતરતી સંગજી ૧૯૫।
ગૌર અરૂણ આભા અતી અભીનવી અને નખમણી સુભગ અનુપજી
કરતલની કોમલતા લસી રહી કાંહાં લગી કહું તેહનું રૂપજી ૧૯૬।
અંગુલીએ અંગુઠીઓ રાજતી કેહેને સાદી નંગે જડી કેહનેજી
અંગુઠે આરસી કેહેને સોહીએ સાદે કરે શોભા સોહીએ કેનેજી ૧૯૭।
આરસી જે અંગુઠે ધરી છે તેહને મન અભીલાખ ન માએજી
એ અંગુઠે મુખ એ માંહે જોઇશ એણે મોદે તે પુલકીત થાએજી ૧૯૮।
એહવા કર કમલના મનોરથ અતી ઘણા અંગ પરસના પ્રમુદીત થઇજી
એણે મનોરથે બેહુ લસી રહ્યા બહુ ભાવ ભર્યા રસમઇજી ૧૯૯।
શુભ હૃદય રસીલીના રસ ભર્યા ભર્યા પ્રણય રસે તે રસાલજી
પ્રેમપાત્ર પ્રેમાનંદે પુરીયા પ્રેમે પુલકીત રહે ન સંભાલજી ૧૩૦૦।
ગુઢપાત્ર ગુઢાસય ગુણ ભર્યા તે વીસદ કર્યા વિસદ ન થાએજી
પ્રાણપ્રભુના આનંદનો ઉદય તે એ હૃદયમાં રહયો છે સમાઇજી ૧૧।
એ હૃદયને મનોરથ હૃદયનો પરસી પરમાનંદ ભરીજી
વાંછીત પરીરંભણ રસ ભર્યા પ્રીયને હૃદય તે અનુસરીજી ૧૨।
વલી બેસાડીને ઉર આસને સુખરાસને સુખ તણે હેતજી
પ્રતીક્ષણે સરવસ રહે વારતા તન મન ધન પ્રાણ સમેતજી ૧૩।
એણેભાવે આરત ભર્યા આરત્યા હૃદય રહી ન રંચ સંભાલજી
પ્રેમે પરમ દરસ રસે આવર્યા સીધ થયા જોવા ગોકુલપાલજી ૧૪।
ધન્ય ધન્ય એ ઉર ઉરવતીના શુભમતીના મનોરથ રૂપજી
દીઠે અનંગ ઉદીપન પ્રભુને એહવા સુંદર પરમ અનુપજી ૧૩૦૫।

મનમોહક મુદ્રીત મનોજનુ એ ઉરોજ આનંદનું અંગજી
અવીલોકતા નવલ કુંવર તણી ગતી મતીને કરે જે પંગજી ।૩૦૬।
એ રસે તે રસીકવર લોભીઆ એહ રસ લેઇ ઉરમાં સાંચેજી
એ રસે વસ વીવસ થઇ રહે એહને નીરખતા નયણ ન ખાંચેજી ।૭।
એહવા ઉનમત અંગ અંગીકૃત એહની કૃત્ય સમ કરવા ન આનજી
અયોગી સંયોગી શ્રીઅંગના એ ઉભયને કો ન આવે સમાનજી ।૮।
એ મનોરથે પુલકીત થઇ રહયા પરસ્યા પરસાવ્યાની આશજી
એણે આરતે અતીસે ઉતાવલા સીધ થાએ છે કરી ઉલ્લાસજી ।૯।
પહેરી કંચુકી કમનીય સંગની બહુ રંગની જાત અમોલજી
તે વીસદ કરે પાર પામુ નહિં ન કોઇ ભુતલ એહોની તોલજી ।૧૦।
સાદી સોહતી ને મલકુટ ભાંતની દેશ રીતની રીતુ સમાનજી
જરકસી કસીદા કીર કીરીની પેહેરી સીધ થયા ભાગ્યવાનજી ।૧૧।
જે કંચુકીમાંથી આભા તે કુચ તણી અંતર પુટે પ્રગટ તે દીશેજી
તેહની શોભા સોહામણી શી કહું જોઇ જોઇ મન વાહાલાનું હીસેજી ।૧૨।
શુભ ઉદર સુભગ સુભગાઓના ગૌર પાતલા ગોલ સુઢાલજી
અધ ઉતરતા તે સોહામણા ઉર્ધ રોમાવલી રસાલજી ।૧૩।
એ કૃશોદરીને શુભ ઉદરના પરસ્યાનો મનોરથ ઘણોજી
એણી આરતે પુલકીત થયા તે વીસદ કેમ કહું તે તણુજી ।૧૪।
નવ નાભી નવલ રસસું ભરી નૌતન રસ ભાવે ભરીયજી
એહને ચાવ સુજાતીના પરસનો પ્રમુદીત થઇ ફરી ફરીજી ।૧૫।
પૃષ્ટ સ્પષ્ટ સોહાગે સુશોભીતું રસ લોભીતુ લોભાયમાનજી
પરીરંભણે શ્રીકર પરસનુ પ્રતીક્ષણુ ક્ષણુ ઇરછે છે દાનજી ।૧૬।
ચોટી ચમકતી ચમરીએ સોહીએ મોહીએ મન મનસીજ તણુજી
તે તો પીઠ પ્રનાલીકાએ લસે વસે ઉરમાં ક્ષણુ પ્રતીક્ષણુજી ।૧૭।
એહને રસમાં કર ગ્રહી કરણનો મનોરથ મનમાં રસાલજી
એણી આરતે આરત ભરીને વેગા સીધ થયા તતકાલજી ।૧૮।
કંચુકીબંધ ઉભય ઉભય દીશે કરી ગ્રંથી ગુણે રસ ભરી ભરીજી
તે તો કરકમલે તે છોડયા તણી રસમાં રહયા આરત ધરીજી ।૧૯।
કૃશોદરીની કટીલંક તે વીસદ કરી કહયું નવ જાએજી
એહના ગુઢ મનોરથ રસ ભર્યા તે તો વીસદે વીસદ ન થાએજી ।૨૦।
મધ્ય ભાગ સોહાગ ભર્યો સદા અનુરાગ ભર્યો રસ રીતજી
મનોરથ ભર્યો ભાવ ભર્યો એહ અભીલાખ ભર્યો કરી પ્રીતજી ।૨૧।
કામોદીપન કામકલા રસે અતિ કોવીદ કામનુ ધામજી
ત્યાંહાં કોટી કલા સંપુર્ણ પુરીત રસે પુરણ કામજી ।૨૨।
રસ અંગને રસવર અંગની રહે આરતી રસીક વરેસજી
એણી આરતે આરત તે વીસતરી સર્વાંગ તે પરમ સુદેશજી ।૩૨૩।

એહના મનોરથ અનીરવચનીય સદા તદારમઠ રસ ભાવે ભરીજી
એક પોંહોંચે અનેક આરત ભર્યા પ્રગટે છે તે ફરી ફરીયજી ।૩૨૪।
જેહના રસ થકી રસ સહુ અંગમાં પુરીત હોએ પરમાનંદજી
તેણે રસેથી રસાવેસે થઇને રસ ઇચ્છે છે આનંદ કંદજી ।૨૫।
એ તો અનેક મનોરથે આવર્યા ભર્યા ભાવે મહા રસ રૂપજી
ગુઢ આસય ગુઢ રસોમઇ લેઇ સીધ થયા અંગ અનુપજી ।૨૬।
બીંબ નીતંબ વીસ્મારક સોહતા રહેવા સ્થીત રસે ધીર ધરીજી
એણે મનોરથે મનોરથાંતનો મનોરથ કરે ફરી ફરીજી ।૨૭।
લહેંગા સુખદ અનેક પ્રકારના રસ આછાદવાને રસાલજી
પહેરી પ્રમુદીત થયા પધારવા વેગે નીરખવા ગોકુલ પાલજી ।૨૮।
જંઘ ઉભયને ઉપમા ઉભયની અન્ય દેવાને નહીંજી
ખંભ કદલીની ઉપમા દે કોઇ પણ એહો આગલ કહીંજી ।૨૯।
એહને સુખદ સુજાતીના મીલનનો મનોરથ ગુઢ આશાએ ભરીજી
એણી ઉત્કંઠાએ એ સીધ થયા મન માંહાં અતી આરત ધરીજી ।૩૦।
જાનુ જુગલ ઉતરતા તે અભીનવા કાંડે કમનીય જેહ રસાલજી
કેહને ગુજરી કરલા ને પોલરા કેહેને ઝાંઝરના ઝમકારજી ।૩૧
કેણે અલતે ચરણ અલંકૃત કર્યા કેના સાદા ચરણ શુભ રાજેજી
અંગુલીદલ નખ નવ જ્યોતી રેખા ભાગ્યવતી અતી રાજેજી ।૩૨।
કેને અંગુલીદલે ઉભય ચરણમાં વીંછીઆનાં વીવીધ ઝંકારજી
કેહેને અણવટ ને છે જે વીંછીયા એવી શોભા તણો નહીં પારજી ।૩૩।
એ ચરણને જગત આભરણસું અભીસરણનો મનોરથ ઘણુજી
કર પરસી ઉતમ અંગ પરસનો તે તો પ્રગટ કેહેવાએ ન અણુજી ।૩૪।
વલી બંધ વીશેષે વીશેષતા રસ વીપરીતમાં વીપરીતજી
એહવે અનેક મનોરથે સીધ થયા રસ ભરીયા તે ધરી મન પ્રીતજી ।૩૫।
એમ શીખ થકી અંગ પ્રતીઅંગને નખ લગી રોમ રસ ધારજી
પ્રતીએકના નવ ભાંતના કાંઇ મનોરથનો નહીં પારજી ।૩૬।
મહા મનોરથ રૂપ શ્રીંગાર તે આરતે આરત ઉત્કંઠાએ ઓપ્યાજી
પ્રેમ હિલગનો નંગ અતી ઝગમગે એણે શ્રીંગારે લોકીક લોપ્યાજી ।૩૭।
એહવા અગણીત શ્રીંગારે સોહતા મન મોહતા મોહક રૂપજી
ચાલ્યા ભવન ભવનથી ઉતાવલા વેગા નીરખવા ગોકુલભુપજી ।૩૮।
પહેર્યા વીવીધ વસ્ત્ર વનીતા બહુ બહુ નામ જાત અનેકજી
રીતુ ભેદે ને વય વૈભવ સમ તેહનો કાંહાં લગીય કરૂં વીવેકજી ।૩૯।
કેણે ચાદરો ઓઢી સુશોભીતી શુભ અંગ દુરાવવા કાજજી
જે દુરાવે આરત અંગ પ્રભુને પ્રગટાવા કર્યા એમ સાજજી ।૪૦।
વલી પુરૂષ ભગવદી ભાવે ભર્યા એતદભાવાપન્નજી
રસ મનોરથ મન ઇચ્છે ઘણા જેહને એ રસ છે સંપન્નજી ।૩૪૧।

તેહને આરત અંગ અયોગ્યની પણ સેવા રસે રસ ભરીજી
સીધ થયા છે સહુકો તે સમે દર્શન રસ મનમાં ધરીજી ।૩૪૨।
એવા પ્રણુક મનોરથ અંગના અને અંગે કર્યા જે શ્રીંગારજી
તે તો સંક્ષે માં સુચન કર્યું અનુભવી લહેસે વીસ્તારજી ।૪૩।
એમ સ્ત્રી પુરૂષ સહુ સાંચર્યા કો આગલ કો પાછલ થઇ વેગજી
કોઇ કોઇ કેને પડખે નહીં કોઇ આવે છે થઇ થઇ લેગજી ।૪૪।
રસમાતા મહા રસ પાનથી દાન લેવાને આતુર થઇજી
રૂપ વીસને વીવસ થયા ઉતાવલા આવે ધસમસ્યા આનંદમઇજી ।૪૫।
ઉથાપનનો સમય તે લેઇયને આગમથી તે ઉલટ ભરીજી
ચાલે વચન વીલાસે તે વીલસતા મુસકતા જોતા ફરીફરીજી ।૪૬।
કોએ હંસી હંસી તાલી દે સ્વકીયમાં કોએ બેલડી વલગી તે આવેજી
પ્રાણપ્રભુને ઉઠયાને અવાર છે માટે રૂચતી ચાલ સોહાવેજી ।૪૭।
અતી અરૂણ અધર મૃગ લોચની રોચની પ્રભુને અંગઅંગજી
મોચની દુખ કોટી મનોજનું ચાલ્યા જુથ મલીમલી સંગજી ।૪૮।
શેરી પરમ સુખદ સોહામણી રલીયામણી પરમ સુદેશજી
તેહની ઉપમાંશી કહીને કહું પદ અંકીત પરમ વરેસજી ।૪૯।
આશ પુરક આરતવંતની પ્રેમનું હોએ જહાં અલીસરણુજી
જેણી ગલીએ આવી અને નીરખીયે શ્રીગોકુલ તણુ સુખદ આભરણુજી ।૫૦।
જ્યાંહાં પવન ગવન પરીચારથી મેહેકી રહયા અંગ પરાગજી
અને વીવીધ સુવાસ ફેલી રહયો કહયો ન જાએ એ અનુરાગજી ।૫૧।
તે તો ભરી ભામીનીઓની ભીડમું તીલ પડવા નહીં કહીં ઠામજી
આવાગવન ભવન ભવને થકી પરવરી રહે આઠે જામજી ।૫૨।
જે ગલી રસ ભકતને લુધણે ને ચરણુને આઘાતે કરીજી
ગર્જના કરી કરી રહી છે અતીસે મન ઉલટ ભરીજી ।૫૩।
કો શ્રીંગારમાં સૌભાગીયા કો સુતા હતા તે કરી સંતોષજી
તે ઉઝકી ચેમજ ઉઠીને ધાઇઆ સુણી ગલી તણો ઉઘોષજી ।૫૪।
એહવી ગલી રસીલીએ રસ ભર્યા ભાવે ભર્યા એ ભાગ્યવાનજી
પધાર્યા તે પ્રમુદીત થઇ નયણે કરવા રૂપ રસપાનજી ।૫૪।
કો તો પહેલા આવ્યા રે આગલ થકી બેઠા છે જલધરે જઇજી
આહાટ લે છે કીમાડને રંધ્રેથી ભર્યા આરતે અતી રસમઇજી ।૫૬।
કો પ્રસાદી ભંડારની આગલ બેહુ દીશે બેઠા હાર ઠરીજી
કોએ સીંધદ્વારે સનમુખ થઇ બેઠા છે બહુ ભીડ ભરીજી ।૫૭।
કોએ સામી ગલીએ મલીને બેહુ ભીતમું અટકીજી
જગમોહનમાં કોએ જઇને ત્યાંહાં ભીંતર બેઠા છે ઠઠકીજી ।૫૮।
કો ઉતરતી સીઢી જે લદાવની ત્યાંહાં બેઠા છે મારગ રાખીજી
કો તો મલતી પાછે બેસે એકઠા અલગ ન રહે તેહો પાખીજી ।૩૫૯।